શ્રીમદ્ આચાર્યવર અમૃતચંદ્રસૂરિ વિરચિત

શ્રી

# સમયસાર-કલશ

卐

અધ્યાત્મરસિક પં. શ્રી રાજમલજી 'પાંડે' કૃત
'ખંડાન્વય સહિત અર્થ'રૂપ ઢુંઢારી ટીકાનો
ગુજરાતી અનુવાદ

卐


પ્રકાશક :

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,**

**સોનગઢ (સૌરાષ્ટ્ર)**

ભગવાનશ્રીકુંદકુંદ-કહાનજૈનશાસ્ત્રમાળા, પુષ્પ—૧૦૬

नमः समयसाराय।

શ્રીમદ્ આચાર્યવર અમૃતચંદ્રસૂરિ વિરચિત

શ્રી

# સમયસાર-કલશ

ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત સમયસારની શ્રી અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત
'આત્મખ્યાતિ' ટીકાના કલશ-શ્લોક તથા તેના પર ઢૂંઢારી
ભાષામાં અધ્યાત્મરસિક પં. શ્રી રાજમલજી 'પાંડે'એ
રચેલી 'ખંડાન્વય સહિત અર્થ'રૂપ ટીકાના
પં. ફૂલચંદ્રજી સિદ્ધાન્તશાસ્ત્રીના આધુનિક
હિંદી અનુવાદના ગુજરાતી
ભાષાંતર સહિત

સહજ ચિદાનંદ.

*

: ગુજરાતી ભાષાંતર :

બ્ર. ચંદુલાલ ખીમચંદ ઝોબાળિયા
સોનગઢ

*

: પ્રકાશક :

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ (સૌરાષ્ટ્ર)

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦**

| | | | | |
|---|---|---|---|---|
| પ્રથમ આવૃત્તિ : | પ્રત ૪૫૦૦ | વીર નિ. સં. ૨૪૯૩ | ✻ | વિ. સં. ૨૦૨૩ |
| દ્વિતીય આવૃત્તિ : | પ્રત ૧૫૦૦ | વીર નિ. સં. ૨૫૦૩ | ✻ | વિ. સં. ૨૦૩૩ |
| તૃતીય આવૃત્તિ : | પ્રત ૧૦૦૦ | વીર નિ. સં. ૨૫૨૭ | ✻ | વિ. સં. ૨૦૫૭ |
| ચતુર્થ આવૃત્તિ : | પ્રત ૨૦૦૦ | વીર નિ. સં. ૨૫૩૧ | ✻ | વિ. સં. ૨૦૬૧ |


**શ્રી સમયસાર-કલશ(ગુજરાતી)ના**
**સ્થાયી પ્રકાશન-પુરસ્કર્તા**
**શ્રી ભીખાલાલ મગનલાલ શાહ-પરિવાર (દહેગામવાળા)**
**સમરતબેન (ધર્મપત્ની) હીરાલાલ (પુત્ર) અ.સૌ. શાન્તાબેન (પુત્રવધૂ)**


આ શાસ્ત્રની પડતર કિંમત રૂા. ૫૯=૦૦ થાય છે. અનેક મુમુક્ષુઓની આર્થિક સહાયથી આ આવૃત્તિની કિંમત રૂા. ૪૦=૦૦ થાય છે. તેમાંથી ૫૦% શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ હસ્તે સ્વ. શ્રી શાંતિલાલ રતિલાલ શાહ પરિવાર તરફથી કિંમત ઘટાડવામાં આવતાં આ ગ્રંથની વેચાણ કિંમત રૂા. ૨૦=૦૦ રાખવામાં આવી છે.

**કિંમત રૂા. ૨૦=૦૦**

: મુદ્રક :
**કહાન મુદ્રણાલય**
જૈન વિદ્યાર્થી ગૃહ કંપાઉન્ડ, સોનગઢ-૩૬૪૨૫૦
Phone : (02846) 244081

**Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250**

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



પરમ પૂજ્ય અધ્યાત્મમૂર્તિ સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# અર્પણ

જેમનો આ પામર પર અકથ્ય અનંત અનંત ઉપકાર વર્તે છે, જેમની પાવન છત્રછાયામાં રહીને સમયસાર-કલશનું આ ગુજરાતી ભાષાંતર તૈયાર થયું છે, જેઓ સમયસાર કલશમાં ભરેલા પરમ કલ્યાણકારી આધ્યાત્મિક ભાવોને ખોલીને સદ્દુપદેશ દ્વારા વીતરાગ જૈનધર્મની મહાન પ્રભાવના કરી રહ્યા છે અને સમયસાર-કલશમાં ઠેકઠેકાણે ગાયેલી આત્માનુભૂતિથી વિભૂષિત સહજ જેમનું જીવન છે, તે પરમ પૂજ્ય પરમ કૃપાળુ સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનાં પવિત્ર કરકમળમાં આ અનુવાદ-પુષ્પ અત્યંત ભક્તિભાવે સમર્પણ કરું છું.

*—ભાષાંતરકાર*

# શ્રી સદ્‌ગુરુદેવ-સ્તુતિ

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો ! ગુરુ ક્‌હાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો ! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના !
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે, પરદ્રવ્ય નાતો તૂટે;
—રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં—અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર ! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર ! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી ! તને નમું હું.

(સ્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, —મનરથ મનનો; પૂરજો શક્તિશાળી !

*—હિંમતલાલ જેઠાલાલ શાહ*

ॐ

नमः समयसाराय ।

# પ્રકાશકીય નિવેદન

‘સમયસાર’ તો જગત્‌ચક્ષુ છે. તેની શ્રી અમૃતચંદ્રાચાર્યકૃત ‘આત્મખ્યાતિ’ ટીકા આત્માની વિશિષ્ટ પ્રકારે પ્રસિદ્ધિ કરે છે. તેમાં આવેલ કળશો શુદ્ધામૃતથી ભરેલા છે. તે કળશો ઉપર જૈનધર્મના મર્મી પંડિતપ્રવર શ્રી રાજમલજીએ મૂળ ઢૂંઢારી ભાષામાં ટીકા કરી છે. તેનો આધુનિક હિંદીમાં અનુવાદ પં. શ્રી ફૂલચંદ્રજી સિદ્ધાંતશાસ્ત્રીએ કરેલ છે. તેની ૩૩૦૦ પ્રત પ્રસિદ્ધ કરવામાં આવી હતી. તે બહુ અલ્પ સમયમાં ખપી જતાં, તેની બીજી આવૃત્તિરૂપે ૩૩૦૦ પ્રત છપાવવામાં આવી છે. તે ગ્રંથ કેટલો મહત્ત્વનો છે અને જિજ્ઞાસુઓને તે કેટલો પ્રિય છે તેનું માપ આ ઉપરથી નીકળી શકે છે.

મૂળ ઢૂંઢારી તથા તેના હિન્દી અનુવાદ ઉપરથી આ ગુજરાતી અનુવાદ પ્રથમ વાર જ પ્રકાશિત કરતાં હૃદય અત્યાનંદ અનુભવે છે.

સમયસારરૂપ ચૈતન્યરત્નાકરનું ઊંડું અવગાહન કરીને, આત્માનુભવી સંત પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીએ જે અધ્યાત્મનિધાન વર્તમાનકાળે જગત સમક્ષ પ્રગટ કરેલ છે તે અનેક ભવ્ય જીવોને આત્મકલ્યાણની અનોખી પ્રેરણા આપે છે; તે તેમનો મહા ઉપકાર છે. તેથી તેમનાં પાવન ચરણારવિંદમાં અત્યંત ભક્તિભાવે નમસ્કાર કરીએ છીએ.

લગભગ છવ્વીશ વર્ષથી પૂજ્ય ગુરુદેવશ્રીના સાન્નિધ્યમાં નિરંતર વસી તેમની મહામૂલી સેવાનો અનુપમ લહાવો લેવાનું મહાન સદ્‌ભાગ્ય જેમને સાંપડ્યું છે તે બ્ર. શ્રી ચંદુભાઈએ આ ગુજરાતી અનુવાદ તૈયાર કરી આપ્યો છે.

શ્રી ચંદુભાઈ કુમારબ્રહ્મચારી છે. તેમણે પોતાનું સમગ્ર જીવન પૂજ્ય ગુરુદેવશ્રીનાં પાવન ચરણોમાં સમર્પણ કર્યું છે. તેમની એ અર્પણતા અનુકરણીય છે. તેઓ જૈન શાસ્ત્રોના ચારે અનુયોગના સારા અભ્યાસી છે. તેમની સ્મરણશક્તિ તીવ્ર છે અને તેથી પૂજ્ય ગુરુદેવશ્રીની આજ્ઞા થતાં તેઓ કોઈ પણ શાસ્ત્રનો આધાર તુરત જ કાઢી આપે છે. તેઓ નમ્ર, વિનયી, ભક્તિવંત, સાધર્મી પ્રત્યે વાત્સલ્ય ધરાવનાર, નિરભિમાની, મૃદુભાષી, વૈરાગ્યવંત, અધ્યાત્મરસિક સજ્જન છે. તેમણે આ શાસ્ત્રનો ગુજરાતી અનુવાદ જિનવાણી પ્રત્યેની ભક્તિ અર્થે અત્યંત ચીવટપૂર્વક, ઉલ્લસિત પરિણામે, તદ્દન નિઃસ્પૃહભાવે કરી આપ્યો છે. તે માટે આ સંસ્થા તેમની ઋણી છે અને તેમને ધન્યવાદ આપવા સાથ આભાર પ્રદર્શિત કરે છે.

આ આખાયે અનુવાદને સૂક્ષ્મતાથી તપાસી આપવામાં, યોગ્ય સલાહ-સૂચનપૂર્વક તેનું યથોચિત સંશોધન કરી આપવામાં સર્વતોમુખી સહાય સદ્ધર્મવત્સલ પં. ભાઈશ્રી હિંમતલાલ જેઠાલાલ શાહે આપી છે; તેથી તેમનો અંતરથી આભાર માનવામાં આવે છે.

અજિત મુદ્રણાલયના માલિક શ્રી મગનલાલજી જૈને કુશળતાપૂર્વક આ ગ્રંથની સુંદર છપાઈ આદિ કાર્ય કરી આપ્યું છે તે બદલ તેમનો આભાર માનીએ છીએ.

આ સમયસાર-કળશોમાં ભરેલ જ્ઞાનામૃતનું પાન કરીને ભવ્ય જીવો અમૃતસંજીવનીની પ્રાપ્તિ કરો એવી ભાવના.

સોનગઢ<br>
ફાગણ વદ દશમ,<br>
વિ. સં. ૨૦૨૩

સાહિત્યપ્રકાશનસમિતિ,<br>
શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,<br>
સોનગઢ

# પ્રકાશકીય નિવેદન

## (ચોથી આવૃત્તિ પ્રસંગે)

'સમયસાર-કલશ'ની આ ગુજરાતી ચોથી આવૃત્તિ અગાઉની ત્રીજી આવૃત્તિ પ્રમાણે જ છપાવી છે. મુદ્રણકાર્ય 'કહાન મુદ્રણાલય'ના માલિક શ્રી જ્ઞાનચંદજી જૈને અલ્પ સમયમાં કાળજીપૂર્વક સારું કરી આપ્યું છે, તે બદલ ટ્રસ્ટ તેમનો આભાર માને છે.

આ ગ્રંથના અધ્યયન વડે મુમુક્ષુઓ આત્મલક્ષી તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરી આત્માર્થને વિશેષ પુષ્ટ કરે એ જ ભાવના.

વિ. સં. ૨૦૬૧, ફાગણ વદ-૧૦,<br>
પૂ. બેનશ્રી ચંપાબેન ૭૩મી સમ્યક્ત્વજ્યંતી,<br>
તા. ૪-૪-૨૦૦૫

સાહિત્યપ્રકાશનસમિતિ,<br>
શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,<br>
સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

ॐ

नमः श्रीसद्गुरुदेवाय।

# ઉપોદ્‌ઘાત

मंगलं भगवान् वीरो मंगलं गौतमो गणी।
मंगलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मंगलम्॥

શાસનનાયક સર્વજ્ઞવીતરાગદેવ પરમ ભટ્ટારક પરમ પૂજ્ય ૧૦૦૮ ભગવાન શ્રી મહાવીરસ્વામીની ભવ્યજનકલ્યાણકારી દિવ્ય દેશનાનો જે અધ્યાત્મપ્રવાહ વિક્રમ સંવતના પ્રથમ સૈકામાં આ ભારતવર્ષને પાવન કરનાર આચાર્ય ભગવાન શ્રી કુંદકુંદ મહામુનિવરને ગુરુપરંપરાથી પ્રાપ્ત થયેલો, તે તેમણે યુક્તિ, આગમ અને પોતાના નિર્વિકલ્પ રસાસ્વાદરૂપ સ્વાનુભવના બળ વડે શ્રી સમયસાર, પ્રવચનસાર, નિયમસાર અને પંચાસ્તિકાયસંગ્રહ વગેરે અનેક પ્રાભૃતરૂપ પ્રાકૃતગાથાબદ્ધ પરમાગમોમાં ભરીને મુમુક્ષુ ભવ્ય જીવોના કલ્યાણ-અર્થે તેમને ભેટરૂપે અર્પણ કર્યો છે. ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવપ્રણીત, ઉપરોક્ત પરમાગમોમાં શ્રી સમયસાર પરમાગમ આ કાળે નિરભ્ર નભમંડળમાં તેજસ્વી સૂર્ય સમાન અધ્યાત્મતત્ત્વનો સર્વાંગ પ્રકાશનાર મહાન અદ્‌ભુત સર્વોત્કૃષ્ટ ગ્રંથ છે. તેના પ્રણેતા, જેવા ઉચ્ચ કોટિના આત્મા છે તેવો જ ઉત્તમ આ ગ્રંથ છે.

સમયસાર ગ્રંથ ઉપર, શ્રી કુંદકુંદાચાર્યદેવ પછી લગભગ એક હજાર વર્ષે પોતાનાં દિવ્ય જ્ઞાન-સંયમથી તથા અનુપમ વિદ્વત્તાથી ભારતની ભવ્ય ધરાને વિભૂષિત કરનાર શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે 'આત્મખ્યાતિ' નામની વિશદ, અર્થગંભીર, મૂળ ગાથાઓના હાર્દને ખોલનારી તથા અધ્યાત્મરસથી ઓતપ્રોત સુંદર ટીકા સંસ્કૃત ભાષામાં રચેલી છે. જેમ સમયસાર પરમાગમના મૂળ કર્તા ભગવાન કુંદકુંદાચાર્યદેવ સાતિશય અધ્યાત્મપ્રતિભાસંપન્ન, લોકોત્તર, મહાન આચાર્યપરમેષ્ઠી છે, તેમ 'આત્મખ્યાતિ' ટીકાના પ્રણેતા પણ અધ્યાત્મમસ્તીમાં મસ્ત મહા સમર્થ આચાર્ય છે. તેમણે પ્રવચનસાર તથા પંચાસ્તિકાયસંગ્રહ ઉપર પણ ટીકા લખી છે, અને તત્ત્વાર્થસાર, પુરુષાર્થસિદ્ધ્યુપાય આદિ સ્વતંત્ર ગ્રંથો પણ લખ્યા છે. તે સર્વમાં 'આત્મખ્યાતિ' ટીકા આચાર્યદેવની સર્વોત્કૃષ્ટ કૃતિ છે.

આ ટીકામાં આચાર્યદેવે, મૂળ ગાથાઓમાં ભરેલા અધ્યાત્મતત્ત્વના ગૂઢતમ આશયોને ખોલીને, જીવાદિ નવ તત્ત્વોનું શુદ્ધનયની પ્રધાનતાથી નિરૂપણ કરી મોક્ષમાર્ગનું યથાર્થ સ્વરૂપ જેમ છે તેમ બતાવ્યું છે, અને અનાદિ કાળથી ભવભ્રમણને લીધે દુઃખી થતા જીવોને દુઃખથી મુક્ત થવા માટે એક માત્ર સમજવું બાકી રહી ગયું છે એવા એકત્વ-વિભક્ત આત્માના

સ્વરૂપને યુક્તિ, આગમ અને સ્વાનુભવમૂલક નિજ આત્મવૈભવ વડે પોતાની મૌલિક શૈલીથી અત્યંત સ્પષ્ટપણે સમજાવ્યું છે. આ ટીકા વાંચતાં પરમાર્થતત્ત્વના મધુર રસાસ્વાદી ધર્મજિજ્ઞાસુઓના હૃદયમાં નિઃસંદેહ આત્માનો અપાર મહિમા આવે છે, કેમ કે આચાર્યદેવે તેમાં પરમ હિતોપદેશક, સર્વજ્ઞવીતરાગ તીર્થંકર ભગવંતોનાં હાર્દ ખોલીને અધ્યાત્મતત્ત્વનાં નિધાનો ઠાંસીઠાંસીને ભરી દીધાં છે. અધ્યાત્મતત્ત્વના હાર્દને સર્વાંગ પ્રકાશનારી આ 'આત્મખ્યાતિ' જેવી સુંદર ટીકા હજુ સુધી બીજા કોઈ જૈન અધ્યાત્મગ્રન્થની લખાયેલી નથી. આ કળિકાળમાં જેમ શાસનમાન્ય ભગવાન કુંદકુંદાચાર્યદેવે જગદ્ગુરુ તીર્થંકરદેવ જેવું કામ કર્યું છે તેમ શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે, જાણે કે તેઓ કુંદકુંદભગવાનના હૃદયમાં પેસી ગયા હોય તે રીતે તેમના ગંભીર આશયોને યથાર્થપણે વ્યક્ત કરીને, તેમના ગણધર જેવું કામ કર્યું છે.

'આત્મખ્યાતિ' ટીકાનો બહુ ભાગ તો ગદ્યાત્મક છે અને થોડો ભાગ પદ્યાત્મક છે. મૂળ ગાથા કે ગાથાજૂથની ગદ્યાત્મક ટીકાના અંતમાં આવતાં અધ્યાત્મરસથી અને આત્માનુભવની મસ્તીથી ભરપૂર આ મધુર પદ્યો જિનમંદિરના ઉન્નત ધવલ શિખર ઉપર શોભતા સુવર્ણકલશ સમાન ટીકાની શોભામાં અત્યંત અભિવૃદ્ધિ કરે છે. આ કલશ-કાવ્યો ગ્રંથમાં નિર્દિષ્ટ વિવિધ વિષયોના આત્મસ્પર્શી વિવેચનાત્મક ગદ્યાંશની ચૂલિકાસ્વરૂપ હોવા છતાં તેમને પૃથક્પણે લઈએ તોપણ તેઓ સંધિબદ્ધ, અર્થગંભીર અને પરમાર્થતત્ત્વપ્રતિપાદક એક સુંદર અધ્યાત્મગ્રંથ બને છે. તેનું નામ 'સમયસાર-કલશ' છે અને તેના પર અધ્યાત્મરસિક પંડિત શ્રી રાજમલજી 'પાંડે'એ ટીકા લખી છે, જેને આ શાસ્ત્રમાં 'ખંડાન્વય સહિત અર્થ' એ નામે આપવામાં આવી છે.

કલશ-ટીકાના રચયિતા પાંડે રાજમલજી વિક્રમ સંવતની સત્તરમી શતાબ્દિમાં થઈ ગયેલા કવિવર શ્રી બનારસીદાસજીથી થોડાંક વર્ષો પહેલાં જ થઈ ગયા હોય એમ વિદ્વાનોનું માનવું છે. તેમણે આ કલશટીકા રાજસ્થાનના ઢૂંઢાર પ્રદેશમાં બોલાતી જૂની ઢૂંઢારી ભાષામાં લખેલી છે. શ્રી અમૃતચંદ્રાચાર્યદેવનાં કલશકાવ્યોમાં અધ્યાત્મતત્ત્વનાં જે ગૂઢ રહસ્યો અતિ સંક્ષેપથી ભરેલાં છે તેને ટીકાકાર પંડિતજીએ આ ટીકામાં સામાન્ય બુદ્ધિના જિજ્ઞાસુ જીવો પણ સરળતાથી સમજી શકે એ રીતે વિસ્તારથી, સ્પષ્ટતાપૂર્વક અને જોરદાર શૈલીથી ખુલ્લાં કર્યાં છે. આ ટીકામાં સ્થાને સ્થાને નિર્વિકલ્પ સહજ સ્વાત્માનુભવનું અતિશય માહાત્મ્ય બતાવ્યું છે અને તેની પ્રાપ્તિ કરવા પ્રેરણા આપી છે. વિજ્ઞાનઘન નિજ આત્માના નિર્વિકલ્પ રસાસ્વાદરૂપ અનુભવ સિવાય જીવ જે કોઈ વ્રત-નિયમ-દયા-દાન-પૂજા-ભક્તિ વગેરે બાહ્ય ક્રિયાકાંડના આચરણસ્વરૂપ વ્યવહારચારિત્રના વિકલ્પોમાં ગૂંચાઈ રહે તે તેનો વૃથા ક્લેશ છે, તેનાથી તેને જરા પણ સ્વાત્મકલ્યાણની પ્રાપ્તિ નથી તથા તે ભવાન્તનું લેશમાત્ર પણ કારણ

નથી; સ્વાત્મકલ્યાણની પ્રાપ્તિ પરદ્રવ્ય, પરદ્રવ્યના ભાવો અને પરના સંબંધે થતા પોતાના વિકારી ભાવોથી પણ ભિન્ન, પોતાના ત્રિકાળી શુદ્ધ જ્ઞાનાનંદસ્વભાવી અભેદ આત્માના સહજ આસ્વાદથી થાય છે;—એવા સમયસાર-કલશમાં સંક્ષિપ્તરૂપે ભરેલા ભાવ આ ટીકામાં અનેક સ્થળે વિસ્તારપૂર્વક અત્યંત સ્પષ્ટતાથી વ્યક્ત કરવામાં આવ્યા છે. સમયસાર-કલશમાં ગૂઢપણે ભરેલા આધ્યાત્મિક ભાવોને સુગ્રાહ્ય થાય એ રીતે વિસ્તારીને ખુલ્લા કરે છે તે આ ટીકાની એક વિશિષ્ટતા છે. સમયસાર-કલશનો જે પ્રધાન સૂર પરથી, વિકારથી અને અપૂર્ણતાથી તથા ભેદભાવોથી રહિત પોતાના ત્રિકાળી, શુદ્ધ, ચિદાનંદમય, ભિન્ન, નિર્વિકાર, આપૂર્ણ અને અભેદ આત્માનું યથાર્થ સ્વરૂપ હૃદયગત કરાવીને તેનો સાક્ષાત્ અતીન્દ્રિય અનુભવ કરાવવાનો છે, તે પ્રયોજનને પાર પાડવામાં સહાયક થવા માટે આ ટીકામાં ટીકાકાર વિદ્વાને મૂળ ગ્રંથ સાથે સુસંગત અનેક વિષયોનું પોતાની સરળ, રોચક અને જોરદાર શૈલીથી સુંદર પ્રતિપાદન કર્યું છે.

ટીકાકાર પંડિતજીએ પ્રત્યેક શ્લોકની ટીકામાં પ્રાયઃ દરેક ખંડાન્વયનો મર્મભર્યો અર્થ ખોલ્યા પછી ટૂંકા ટૂંકા ભાવાર્થમાં તેનો અનુભવપ્રધાન સંક્ષિપ્ત સાર ભરીને વિવક્ષિત વિષયને આત્મસાત્ કરાવી આપ્યો છે. તેમાં પણ વ્યવહારને માટે અભૂતાર્થ, અસત્યાર્થ અને ગૌણ એવા શબ્દો વાપરવાને બદલે 'જૂઠો' એવા જોરદાર શબ્દનો અનેક સ્થળે ઉપયોગ કરીને તેમણે વ્યવહારની હેયતા સચોટપણે વ્યક્ત કરી છે.

વળી ટીકામાં, જીવને આત્મકલ્યાણના વાસ્તવિક ઉપાયભૂત સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રનું તથા તેના વિષયભૂત જીવાદિ નવ તત્ત્વ વગેરેનું ભૂતાર્થનયથી સરળ ભાષામાં એવું સુંદર સ્પષ્ટીકરણ કર્યું છે કે જેથી કોઈ તેનો ઢીલો-પોચો અથવા બીજો વિપરીત અર્થ કરી જ ન શકે.

સમ્યગ્દર્શન ધર્મનું મૂળ હોવા છતાં, તેના અભાવે બીજું બધું વ્યર્થ હોવા છતાં, સમ્યગ્દર્શનના અર્થ વિષે જીવોને ઘણી ભ્રાન્તિ પ્રવર્તે છે અને તેના ઘણા ઢીલા વિપરીત અર્થો કરવામાં આવે છે. કોઈ જૈનધર્મની કુળપરંપરાગત શ્રદ્ધાને, કોઈ દેવ-ગુરુ-ધર્મનાં બાહ્ય લક્ષણોની શ્રદ્ધાને અને કોઈ જીવાદિ નવતત્ત્વની અભૂતાર્થનયાનુસારી શ્રદ્ધાને સમ્યગ્દર્શન માને છે. ખરેખર તો સમયસાર-કલશમાં આચાર્યદેવે વર્ણવ્યા પ્રમાણે નવ તત્ત્વની ભૂતાર્થનયાનુસારી શ્રદ્ધા, કે જે શ્રદ્ધા શુદ્ધાત્માનુભૂતિપૂર્વક હોય છે તે જ, સમ્યગ્દર્શન છે. ટીકાની આ મૂળભૂત વાતને સ્પષ્ટ કરવા પંડિતજીએ ઠેકઠેકાણે સમ્યગ્દર્શનને "શુદ્ધ ચેતનામાત્ર વસ્તુસ્વરૂપનો આસ્વાદ", "શુદ્ધ સ્વરૂપનો અનુભવ", "સમસ્ત સંકલ્પવિકલ્પથી રહિત વસ્તુસ્વરૂપનો અનુભવ" અને "શુદ્ધ જીવવસ્તુનો પ્રત્યક્ષપણે અનુભવ"—એમ ગાયું છે. તે જ વાતને પંડિતજીએ આ ટીકામાં અન્યત્ર અનેક સ્થળે સ્ફુટ કરી છે. જેમ કે–છઠ્ઠા

કલશમાં ''इमाम् नवतत्त्वसन्ततिम् मुक्त्वा'' એ ખંડનો ભાવાર્થ ભરતાં તેઓશ્રી કહે છે કે, ''સંસાર-અવસ્થામાં જીવદ્રવ્ય નવ તત્ત્વરૂપ પરિણમ્યું છે તે તો વિભાવપરિણતિ છે, તેથી નવ તત્ત્વરૂપ વસ્તુનો અનુભવ મિથ્યાત્વ છે'' અને તે જ કલશમાં ''यदस्यात्मनः इह द्रव्यान्तरेभ्यः पृथक् दर्शनम् नियमात् एतदेव सम्यग्दर्शनम्'' એ ખંડનો અર્થ કરતાં તેમણે કહ્યું છે કે, ''કારણ કે આ જ જીવદ્રવ્ય સકળ કર્મોપાધિથી રહિત જેવું છે તેવો જ પ્રત્યક્ષપણે તેનો અનુભવ, તે જ નિશ્ચયથી સમ્યગ્દર્શન છે.''

સમ્યગ્દર્શનની માફક સમ્યગ્જ્ઞાન વિષેની વિપરીત માન્યતાઓ પણ તેમણે જોરદાર શૈલીથી દૃઢતાપૂર્વક દૂર કરી છે. કોઈ જિજ્ઞાસુ જીવ છ દ્રવ્ય, નવ પદાર્થ આદિના કે જૈન શાસ્ત્રોના કેવળ વિકલ્પપૂર્વક જાણપણાને સમ્યગ્જ્ઞાન માની લે એવો અવકાશ તેમણે રહેવા દીધો નથી. સમ્યગ્જ્ઞાનનું સ્વરૂપ બતાવતાં પંડિતજીએ અનેક સ્થળે સ્વાનુભવપ્રધાન જ્ઞાનને જ સમ્યગ્જ્ઞાન કહ્યું છે. જેમ કે—૧૩મા કલશના ''किल इयम् एव ज्ञानानुभूतिः इति बुद्ध्वा'' એ ખંડના અર્થમાં તથા ભાવાર્થમાં તેમણે તેના હાર્દનું ઉદ્‌ઘાટન કરતાં લખ્યું છે કે, ''નિશ્ચયથી આ જે અનુભૂતિ કહી તે જ જ્ઞાનાનુભૂતિ છે એટલીમાત્ર જાણીને. ભાવાર્થ આમ છે કે જીવવસ્તુનો જે પ્રત્યક્ષપણે આસ્વાદ, તેને નામથી આત્માનુભવ એમ કહેવાય અથવા જ્ઞાનાનુભવ એમ કહેવાય; નામભેદ છે, વસ્તુભેદ નથી. એમ જાણવું કે આત્માનુભવ મોક્ષમાર્ગ છે. આ પ્રસંગે બીજો પણ સંશય થાય છે કે, કોઈ જાણશે કે દ્વાદશાંગજ્ઞાન કોઈ અપૂર્વ લબ્ધિ છે. તેનું સમાધાન આમ છે કે દ્વાદશાંગજ્ઞાન પણ વિકલ્પ છે. તેમાં પણ એમ કહ્યું છે કે શુદ્ધાત્માનુભૂતિ મોક્ષમાર્ગ છે. તેથી શુદ્ધાત્માનુભૂતિ થતાં શાસ્ત્ર ભણવાની કાંઈ અટક (–બંધન) નથી.'' વળી, ૧૧૦ મા કળશના ''ज्ञान'' પદનો અર્થ ''આત્મદ્રવ્યનું શુદ્ધત્વરૂપ પરિણમન'' એમ કર્યો છે. એ રીતે તેમણે ભારપૂર્વક દૃઢ કર્યું છે કે જેને નિરાકુળતાલક્ષણ સ્વાત્માનંદરૂપે પરિણત સ્વાનુભૂતિ થઈ હોય તેને જ સત્યાર્થ સમ્યગ્જ્ઞાન હોઈ શકે; તે સિવાયનું બીજું કેવળ પરલક્ષી વિકલ્પવાળું શાસ્ત્રજ્ઞાન તે સમ્યગ્જ્ઞાન નથી.

વળી, સામાન્યપણે જીવો શુભોપયોગને જ ચારિત્ર માને છે અને શુદ્ધ પરિણતિરૂપ ચારિત્રનો તેમને કાંઈ જ ખ્યાલ હોતો નથી. એવા જીવોનું અજ્ઞાન દૂર કરવા માટે મિથ્યા ચારિત્ર અને સમ્યક્ ચારિત્ર વિષેનું સ્પષ્ટ વિવરણ આ ટીકામાં અનેક સ્થળે મળી રહે છે. જેમ કે—૧૪૨મા કલશના ''कर्मभिः क्लिश्यन्तां'' એ ખંડનો અર્થ કરતાં પંડિતજી લખે છે કે, ''વિશુદ્ધ શુભોપયોગરૂપ પરિણામ, જૈનોક્ત સૂત્રોનું અધ્યયન, જીવાદિ દ્રવ્યોના સ્વરૂપનું વારંવાર સ્મરણ, પંચપરમેષ્ઠીની ભક્તિ ઈત્યાદિ છે જે અનેક ક્રિયાભેદ તે વડે બહુ આક્ષેપ (આડંબર) કરે છે તો કરો, તથાપિ શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ થશે તે તો શુદ્ધ જ્ઞાન વડે થશે.'' તથા તે જ કલશના ''महाव्रततपोभारेण चिरं भग्नाः क्लिश्यन्तां'' એ ખંડના અર્થમાં કહે છે

કે, “હિંસા, અનૃત, સ્તેય, અબ્રહ્મ, પરિગ્રહથી રહિતપણું, મહા પરિષહોનું સહવું, તેના ઘણા બોજા વડે ઘણા કાળ પર્યંત મરીને ચૂરો થતા થકા ઘણું કષ્ટ કરે છે તો કરો, તથાપિ એવું કરતાં કર્મક્ષય તો થતો નથી.” પંડિતજી સ્વરૂપાચરણલક્ષણ ચારિત્રનું સ્પષ્ટ વિવરણ ૧૦૬ મા કલશની ટીકામાં વિસ્તારથી આ પ્રમાણે કરે છે—“શુદ્ધ વસ્તુમાત્ર, તેની સ્વરૂપનિષ્પત્તિ તેનાથી જે સ્વરૂપાચરણચારિત્ર તે જ, તે જ મોક્ષમાર્ગ છે; આ વાતમાં સંદેહ નથી. ભાવાર્થ આમ છે કે, કોઈ જાણશે કે સ્વરૂપાચરણચારિત્ર એવું કહેવાય છે કે આત્માના શુદ્ધ સ્વરૂપને વિચારે અથવા ચિંતવે અથવા એકાગ્રપણે મગ્ન થઈને અનુભવે. પણ એવું તો નથી, એમ કરતાં બંધ થાય છે, કેમ કે એવું તો સ્વરૂપાચરણચારિત્ર નથી. તો સ્વરૂપાચરણચારિત્ર કેવું છે? જેમ પાનું (સુવર્ણપત્ર) તપાવવાથી સુવર્ણમાંની કાલિમા જાય છે, સુવર્ણ શુદ્ધ થાય છે, તેમ જીવદ્રવ્યને અનાદિથી અશુદ્ધચેતનારૂપ રાગાદિ પરિણમન હતું તે જાય છે, શુદ્ધસ્વરૂપમાત્ર શુદ્ધચેતનારૂપે જીવદ્રવ્ય પરિણમે છે, તેનું નામ સ્વરૂપાચરણચારિત્ર કહેવાય છે; આવો મોક્ષમાર્ગ છે. ....આવું છે જે શુદ્ધચેતનાપરિણમનરૂપ સ્વરૂપાચરણચારિત્ર તે આત્મદ્રવ્યનું નિજસ્વરૂપ છે, શુભાશુભ ક્રિયાની માફક ઉપાધિરૂપ નથી, તેથી એક જીવદ્રવ્યસ્વરૂપ છે. ....આવું શુદ્ધપણું મોક્ષનું કારણ છે, એના વિના જે કાંઈ ક્રિયારૂપ છે તે બધું બંધનું કારણ છે.” તથા ૧૬મા કલશની ટીકામાં ચારિત્રની ટૂંકી વ્યાખ્યા કરતાં “શુદ્ધત્વશક્તિનું નામ ચારિત્ર છે” અને ૧૯મા કલશની ટીકામાં ચારિત્રને “શુદ્ધસ્વરૂપનું આચરણ”—એમ કહ્યું છે.

વળી, ચોથા ગુણસ્થાને માત્ર શ્રદ્ધા જ હોય છે, આત્માનુભવ જેવું કાંઈ હોતું નથી—એમ ઘણા જીવો માને છે, તેમનો આ ભ્રમ પંડિતજી અનેક સ્થળે અનુભવનું સ્વરૂપ સ્પષ્ટપણે વર્ણવીને દૂર કરે છે. જેમ કે—૯મા કલશના “**अस्मिन् धाम्नि अनुभवमुपयाते द्वैतमेव न भाति**” એ ખંડના ભાવાર્થમાં તેઓશ્રી કહે છે કે, “અનુભવ પ્રત્યક્ષ જ્ઞાન છે, પ્રત્યક્ષ જ્ઞાન છે એટલે વેદ્યવેદકભાવપણે આસ્વાદરૂપ છે; તે અનુભવ પરસહાયથી નિરપેક્ષપણે છે. આવો અનુભવ જોકે જ્ઞાનવિશેષ છે તોપણ સમ્યક્ત્વની સાથે અવિનાભૂત છે, કેમ કે તે સમ્યગ્દૃષ્ટિને હોય છે, મિથ્યાદૃષ્ટિને નથી હોતો એવો નિશ્ચય છે. આવો અનુભવ થતાં જીવવસ્તુ પોતાના શુદ્ધ સ્વરૂપને પ્રત્યક્ષપણે આસ્વાદે છે. તેથી જેટલા કાળ સુધી અનુભવ છે તેટલા કાળ સુધી વચનવ્યવહાર સહજ જ અટકી જાય છે, કેમ કે વચનવ્યવહાર તો પરોક્ષપણે કથક છે. આ જીવ તો પ્રત્યક્ષપણે અનુભવશીલ છે, તેથી (અનુભવકાળમાં) વચનવ્યવહાર પર્યન્ત કાંઈ રહ્યું નહિ.” તથા ૧૯મા કલશના “**मेचकामेचकत्वयोः आत्मनः चिन्तया एव अलं**” એ ખંડના ભાવાર્થમાં પંડિતજી અનુભવનું સ્વરૂપ બતાવતાં કહે છે કે, “અહીં કોઈ પ્રશ્ન કરે છે કે વિચારતાં થકાં તો અનુભવ નથી,

તો અનુભવ ક્યાં છે? ઉત્તર આમ છે કે પ્રત્યક્ષપણે વસ્તુને આસ્વાદતાં થકાં અનુભવ છે.''

વળી, સમ્યગ્દષ્ટિ જીવ અને મિથ્યાદષ્ટિ જીવની ક્રિયા એકસરખી હોવા છતાં બંનેના દ્રવ્યનો જે પરિણનભેદ હોય છે તે પંડિતજીએ સુંદર રીતે સમજાવેલ છે. જેમ કે—૬૭મા કલશના ''तु ते सर्वे अपि अज्ञानिनः अज्ञाननिर्वृत्ताः भवन्ति એ ખંડના ભાવાર્થમાં તેમણે સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે કે, ''સમ્યગ્દષ્ટિ જીવની અને મિથ્યાદષ્ટિ જીવની ક્રિયા તો એકસરખી છે, ક્રિયા સંબંધી વિષય-કષાય પણ એકસરખા છે, પરંતુ દ્રવ્યનો પરિણમનભેદ છે. વિવરણ—સમ્યગ્દષ્ટિનું દ્રવ્ય શુદ્ધત્વરૂપ પરિણમ્યું છે તેથી જે કોઈ પરિણામ બુદ્ધિપૂર્વક અનુભવરૂપ છે અથવા વિચારરૂપ છે અથવા વ્રત-ક્રિયારૂપ છે અથવા ભોગાભિલાષરૂપ છે અથવા ચારિત્રમોહના ઉદયે ક્રોધ, માન, માયા, લોભરૂપ છે તે સઘળાય પરિણામ જ્ઞાનજાતિમાં ઘટે છે, કેમ કે જે કોઈ પરિણામ છે તે સંવર-નિર્જરાનું કારણ છે;—એવો જ કોઈ દ્રવ્યપરિણમનનો વિશેષ છે. મિથ્યાદષ્ટિનું દ્રવ્ય અશુદ્ધરૂપ પરિણમ્યું છે, તેથી જે કોઈ મિથ્યાદષ્ટિના પરિણામ તે અનુભવરૂપ તો હોતા જ નથી; તેથી સૂત્રસિદ્ધાન્તના પાઠરૂપ છે અથવા વ્રત-તપશ્ચરણરૂપ છે અથવા ક્રોધ, માન, માયા, લોભરૂપ છે,—આવા સઘળા પરિણામ અજ્ઞાનજાતિના છે, કેમ કે બંધનું કારણ છે, સંવર-નિર્જરાનું કારણ નથી;—દ્રવ્યનો એવો જ પરિણમનવિશેષ છે.''

આ પ્રમાણે ટીકાકાર પં. રાજમલજીએ સમયસાર-કલશમાં અંતર્ગર્ભિત અધ્યાત્મતત્ત્વના પરમ કલ્યાણકારી વિવિધ ભાવોને અને તેના મર્મને સચોટપણે, સરળ ભાષામાં, વિશદતાપૂર્વક અને જોરદાર શૈલીથી આ ટીકામાં ખુલ્લા કર્યા છે.

ટીકાકારની આ કૃતિ એટલી મનોહર છે કે અધ્યાત્મરસિક કવિવર પંડિત બનારસીદાસજી ઉપર તેની સુંદર છાપ પડી હતી. તેના આધારે પં. બનારસીદાસજીએ 'નાટક સમયસાર' નામની હિંદી પદબદ્ધ રચના કરી છે. નાટક સમયસારમાં પાંડે રાજમલજી તથા તેમના દ્વારા રચાયેલી આ ટીકાના સંબંધમાં પં. બનારસીદાસજી લખે કે—

पांडे राजमल जिनधर्मी, समयसार नाटकके मर्मी।
तिन्हें ग्रन्थकी टीका कीन्ही, बालबोध सुगम करि दीन्ही॥
इह विधि बोध वचनिका फैली, समै पाइ अध्यातम सैली।
प्रगटी जगत मांही जिनवाणी, घर घर नाटक कथा बखानी॥

ઉપરોક્ત આ પદમાં પં. બનારસીદાસજીએ પાંડે રાજમલજી અને તેમની આ બાલાવબોધ ટીકાના સંબંધમાં જે કાંઈ કહેવું હતું તે સંક્ષેપમાં બધું કહી દીધું છે. તેમણે 'નાટક સમયસાર'ની હિન્દી ભાષામાં છંદબદ્ધ રચના આ ટીકાના આધારે કરી છે એવો ભાવ વ્યક્ત કરતાં તેઓશ્રી લખે છે કે—

नाटक समैसार हित जीका, सुगमरूप राजमली टीका।
कवितबद्ध रचना जो होई, भाषा ग्रंथ पढै सब कोई॥
तब बनारसी मनमें आनी, कीजै तो प्रगटै जिनवानी।
पंच पुरुषकी आज्ञा लीनी, कवितबद्धकी रचना कीनी॥

વળી, નાટક સમયસારના અંતમાં પં. બનારસીદાસજી લખે છે કે–

अनुभौ-रसके रसियाने, तीन प्रकार एकत्र बखानै।
समयसार कलसा अति नीका, राजमली सुगम यह टीका॥
ताके अनुक्रम भाषा कीनी, बनारसी ज्ञाता रस लीनी।
ऐसा ग्रंथ अपूरव पाया, तासैं सबका मनहिं लुभाया॥

પોતાની મંડળીના એક સદસ્ય શ્રી માનસિંહજીના આ ગ્રંથ સંબંધી ભાવો વ્યક્ત કરતાં પં. બનારસીદાસજી નાટક સમયસારમાં છેલ્લે લખે છે કે—

मानसिंघ चिन्तन कियो, क्यौं पावे यह ग्रंथ।
गोविंदसों इतनी कही, सरस सरस यह ग्रंथ॥

આ પ્રમાણે પાંડે રાજમલજી અને તેમના આ અધ્યાત્મરસભરપૂર ટીકાગ્રંથ વિષે પં. બનારસીદાસજીના ઉદ્‌ગાર છે. જેમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની પ્રવચનબંસરીનો મુખ્ય સૂર સમ્યગ્દર્શન તથા સ્વાત્માનુભવનો અચિંત્ય અદ્‌ભૂત મહિમા છે તેમ આ ટીકાનું પણ પ્રધાન કાર્ય સમયસાર-કલશમાં અંતર્ગર્ભિત સમ્યગ્દર્શન તથા સ્વાત્માનુભવનું માહાત્મ્ય સ્પષ્ટપણે હૃદયંગમ કરાવવાનું છે. સમયસાર-કલશમાં સમાયેલાં આધ્યાત્મિક ગૂઢ તત્ત્વો સામાન્ય બુદ્ધિના જીવોને પણ સુગમતાથી સમજાય તે રીતે સ્પષ્ટપણે વ્યક્ત કરીને પંડિત રાજમલજીએ અધ્યાત્મતત્ત્વના જિજ્ઞાસુઓ પર ખરેખર ઉપકાર કર્યો છે.

સમયસાર-કલશના અધ્યાત્મભાવોનાં રહસ્યને ખોલનારી આ ટીકા જો, ચાલુ દેશભાષામાં તેનો અનુવાદ થઈને, પ્રકાશિત થાય તો ઘણા જીવોને તે આધ્યાત્મિક ભાવો સુગમપણે સમજવાનો સુયોગ બને; —આવો કરુણાશીલ ઉપકારી ભાવ પૂજ્ય ગુરુદેવશ્રીને ઉદ્‌ભવવાથી તેનો અનુવાદ ચાલુ હિંદી ભાષામાં થયો અને છેવટે તેનું ગુજરાતીમાં આ ભાષાન્તર થયું.

આ રીતે આ ગ્રંથ મુમુક્ષુ ભવ્ય જીવોના હાથમાં આવવાનો સુઅવસર પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની અસીમ કૃપાનું સુખદ ફળ છે.

આ ગુજરાતી ભાષાન્તર આધુનિક હિન્દી અનુવાદના આધારે પ્રાયઃ શબ્દશઃ કરવામાં આવ્યું છે; પરંતુ કેટલેક સ્થળે વાચકોને પૂર્વાપર સંબંધ સમજવો સુગમ પડે તે હેતુથી કોઈ એકાદ શબ્દનો ઉમેરો કરવામાં આવ્યો છે; જેમ કે —૨૦મા કલશની ટીકામાં (પૃષ્ઠ ૨૧, પંક્તિ ૨) ''(आत्मज्योतिः) चैतन्यप्रकाशको'' એનું ભાષાન્તર ''(आत्मज्योतिः) આત્મજ્યોતિને અર્થાત્ ચૈતન્યપ્રકાશને''—એમ કરવામાં આવ્યું છે. વળી, કોઈક સ્થળે એક સળંગ વાક્યની વચ્ચે પંડિતજીએ વિવરણ કે ભાવાર્થ લખ્યાં હોય છે; ત્યાં વાક્યની સળંગસૂત્રતા જાળવવા માટે આ ગુજરાતી ભાષાન્તરમાં તે વિવરણ કે ભાવાર્થ [ ] આવા કૌંસમાં મૂકવામાં આવ્યાં છે (દા. ત. જુઓ પૃષ્ઠ ૫, પંક્તિ ૧૬ અને પૃષ્ઠ ૫૫, પંક્તિ ૯); તે સિવાય ત્યાં ભાષાન્તરમાં કાંઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. ભાષાન્તરમાં સર્વત્ર લેશ પણ આશયફેર ન થાય તેની પૂરેપૂરી કાળજી રાખવામાં આવી છે.

અધ્યાત્મદૃષ્ટિ તથા સ્વાનુભવસંપત્તિથી જેઓ સમૃદ્ધ છે, વીતરાગમાર્ગપ્રકાશનનો જેમને અદ્ભુત યોગ છે, જેમનો આ પામર ઉપર અનંત અનંત ઉપકાર છે, જેમનાં પવિત્ર જીવન તથા ચરણોની આનંદદાયી ઉપાસનાથી આ પામરને નિજ કલ્યાણ કરવાની ખટક જાગૃત થઈ તથા જેમના પુનીત પ્રતાપે તેઓશ્રીના શ્રીમુખથી સમયસાર આદિ અધ્યાત્મશાસ્ત્રોના કલ્યાણકારી શ્રવણનું પરમ સૌભાગ્ય પ્રાપ્ત થયું, એવા પરમ કૃપાળુ પરમ પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની મધુરી પવિત્ર છત્રછાયામાં રહીને આ ગુજરાતી અનુવાદનું સંપાદનકાર્ય થયું છે. તેથી આ પ્રસંગે પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે ઉપકારવશતાની હૃદયગત ભાવનાને વ્યક્ત કરી, તેમનાં પાવન ચરણારવિંદમાં અત્યંત ભક્તિભાવે વંદન કરું છું. આ અનુવાદમાં જે કાંઈ સારું હોય તે પૂજ્ય ગુરુદેવ પાસેથી પ્રાપ્ત થયેલું છે, અને જે કાંઈ ક્ષતિ રહી ગઈ હોય તે મારી અલ્પતાના કારણે છે, જે માટે મુમુક્ષુઓ મને ક્ષમા આપશે એમ ઈચ્છું છું.

આ ઉપરાંત, પરમ પૂજ્ય પ્રશમમૂર્તિ ભગવતી બહેનશ્રી ચંપાબેન કે જેમનો પૂજ્ય ગુરુદેવનિમિત્તક વીતરાગજિનશાસન-પ્રભાવનામાં અદ્ભુત સહયોગ છે અને જેમનો, અધ્યાત્મશાસ્ત્ર સંબંધી અનેક વિષયો સમજાવવાનો તથા વીતરાગ દેવ-ગુરુ પ્રત્યે ભક્તિપ્રેરણાનો અને અન્ય પણ, મારા ઉપર અનેકવિધ અપાર ઉપકાર છે, તેમનાં પાવનકારી ચરણોમાં પણ આ પ્રસંગે શ્રદ્ધાંજલિપૂર્વક ઉપકારવશતાની અંતરની ઊર્મિઓ વ્યક્ત કરું છું.

અધ્યાત્મતત્ત્વરુચિવાન , ઊંડા આદર્શ આત્માર્થી, વૈરાગ્યશાળી, વિદ્વાનબંધુ, પંડિતરત્ન શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહનો આ ભાષાન્તર-કાર્યમાં પૂરેપૂરો સહયોગ છે;

તેઓશ્રીએ પોતાનો કીમતી સમય આપી અથાક પરિશ્રમ લઈને અતિ પ્રસન્નતાપૂર્વક આ આખું ભાષાન્તર પાસે બેસીને બરાબર ધ્યાનપૂર્વક સાંભળ્યું છે, અનેક સ્થળોએ આવશ્યક સુધારો-વધારો કરાવ્યો છે, આખરી પ્રૂફસંશોધન કરી આપ્યું છે તથા આ ઉપોદ્દ્ઘાત પણ તપાસીને યોગ્ય સુધારો-વધારો કરાવ્યો છે. ખરેખર તેઓશ્રીના સહૃદય સહયોગથી જ આ ભાષાન્તર મુદ્રણયોગ્ય બન્યું છે; માટે તેઓશ્રીના કીમતી સહયોગને દૃષ્ટિ સમક્ષ રાખીને તેમનો સાદર અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

આ ભાષાન્તર દિગંબર જૈન સમાજના પ્રસિદ્ધ વિદ્વાન શ્રીમાન્ પં. ફૂલચંદજી સિદ્ધાન્તશાસ્ત્રી, વારાણસીવાળાના આધુનિક હિન્દી અનુવાદના આધારે કરવામાં આવ્યું છે, તેથી તેમના અનુવાદનો ઉપયોગ કરવા બદલ તેમનો પણ સાદર આભાર માનું છું.

અંતમાં, આ અનુવાદ મારફત આ સમયસાર-કલશ ગ્રંથનો આપણે સૌ અધ્યાત્મ-તત્ત્વપ્રેમી મુમુક્ષુ વર્ગ સ્વાનુભવની પ્રાપ્તિ માટે આત્મલક્ષી અભ્યાસ કરીને શ્રી પદ્મનંદી મુનિરાજના નિમ્ન શ્લોક અનુસાર પરમ દશાનાં ભાજન બનીએ એવી મંગળ ભાવના સહિત આ ઉપોદ્દ્ઘાત પૂર્ણ કરું છું :

तत्प्रति प्रीतिचित्तेन येन वार्ताऽपि हि श्रुता।
निश्चितं स भवेद्भव्यो भाविनिर्वाणभाजनम्।।२३।।

*(પદ્મનંદિપંચવિંશતિકા–એકત્વ અધિકાર)*

અર્થઃ—જે જીવે પ્રસન્ન ચિત્તથી આ ચૈતન્યસ્વરૂપ આત્માની વાત પણ સાંભળી છે તે ભવ્ય પુરુષ ભવિષ્યમાં થનારી મુક્તિનું અવશ્ય ભાજન થાય છે.

શ્રીકુંદકુંદ-આચાર્યપદારોહણ-પર્વ
(માગશર વદ આઠમ), વિ. સં. ૨૦૨૩

*—અનુવાદ*
*બ્ર. ચંદુલાલ ખી. ઝોબાળિયા.*

# જિનજીની વાણી

[રાગ-આશાભર્યા અમે આવિયા]

સીમંધર મુખથી ફૂલડાં ખરે,
એની કુંદકુંદ ગૂંથે માળ રે,
જિનજીની વાણી ભલી રે.

વાણી ભલી, મન લાગે રળી,
જેમાં સાર-સમય શિરતાજ રે,
જિનજીની વાણી ભલી રે......સીમંધર૦

ગૂંથ્યાં પાહુડ ને ગૂંથ્યું પંચાસ્તિ,
ગૂંથ્યું પ્રવચનસાર રે,
જિનજીની વાણી ભલી રે.

ગૂંથ્યું નિયમસાર, ગૂંથ્યું રયણસાર,
ગૂંથ્યો સમયનો સાર રે,
જિનજીની વાણી ભલી રે.......સીમંધર૦

સ્યાદ્‌વાદ કેરી સુવાસે ભરેલો,
જિનજીનો ૐકારનાદ રે,
જિનજીની વાણી ભલી રે.

વંદું જિનેશ્વર, વંદું હું કુંદકુંદ,
વંદું એ ૐકારનાદ રે,
જિનજીની વાણી ભલી રે.......સીમંધર૦

હૈડે હજો, મારા ભાવે હજો,
મારા ધ્યાને હજો જિનવાણ રે,
જિનજીની વાણી ભલી રે.

જિનેશ્વરદેવની વાણીના વાયરા,
વાજો મને દિનરાત રે,
જિનજીની વાણી ભલી રે.......સીમંધર૦

—હિંમતલાલ જેઠાલાલ શાહ

# શ્રી સમયસાર-સ્તુતિ

(હરિગીત)

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર ! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

(અનુષ્ટુપ)

**કુંદકુંદ** રચ્યું શાસ્ત્ર, સાથિયા **અમૃતે** પૂર્યા,
ગ્રંથાધિરાજ ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

(શિખરિણી)

અહો ! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

(શાર્દૂલવિક્રીડિત)

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા,
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

(વસંતતિલકા)

સુણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

(અનુષ્ટુપ)

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

—*હિંમતલાલ જેઠાલાલ શાહ*

ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ।
भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो॥

*(—શ્રી સમયસાર, ગાથા ૧૧)*

અર્થઃ—વ્યવહારનય અભૂતાર્થ છે અને શુદ્ધનય ભૂતાર્થ છે એમ ઋષીશ્વરોએ દર્શાવ્યું છે; જે જીવ ભૂતાર્થનો આશ્રય કરે છે તે જીવ નિશ્ચયથી સમ્યગ્દ્રષ્ટિ છે.

# શ્રી સમયસાર-કલશની વિષયાનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | જીવ અધિકાર | ૧-૩૬ |
| ૨ | અજીવ અધિકાર | ૩૭-૪૮ |
| ૩ | કર્તાકર્મ અધિકાર | ૪૯-૮૪ |
| ૪ | પુણ્ય-પાપ અધિકાર | ૮૫-૧૦૦ |
| ૫ | આસ્રવ અધિકાર | ૧૦૧-૧૧૪ |
| ૬ | સંવર અધિકાર | ૧૧૫-૧૨૧ |
| ૭ | નિર્જરા અધિકાર | ૧૨૨-૧૫૨ |
| ૮ | બંધ અધિકાર | ૧૫૩-૧૬૮ |
| ૯ | મોક્ષ અધિકાર | ૧૬૯-૧૮૨ |
| ૧૦ | સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર | ૧૮૩-૨૨૮ |
| ૧૧ | સ્યાદ્વાદ અધિકાર | ૨૨૯-૨૫૦ |
| ૧૨ | સાધ્ય-સાધક અધિકાર | ૨૫૧-૨૬૪ |


❁

ॐ

नमः श्रीसर्वज्ञवीतरागाय।

# શાસ્ત્ર-સ્વાધ્યાયનું પ્રારંભિક મંગલાચરણ

*

ओंकारं बिन्दुसंयुक्तं नित्यं ध्यायन्ति योगिनः।
कामदं मोक्षदं चैव ॐकाराय नमो नमः॥१॥

अविरलशब्दघनौघप्रक्षालितसकलभूतलकलङ्का।
मुनिभिरुपासिततीर्था सरस्वती हरतु नो दुरितान् ॥२॥

अज्ञानतिमिरान्धानां ज्ञानाञ्जनशलाकया।
चक्षुरुन्मीलितं येन तस्मै श्रीगुरवे नमः॥३॥

॥ श्रीपरमगुरवे नमः, परम्पराचार्यगुरवे नमः ॥

सकलकलुषविध्वंसकं, श्रेयसां परिवर्धकं, धर्मसम्बन्धकं, भव्यजीवमनःप्रतिबोधकारकं, पुण्यप्रकाशकं, पापप्रणाशकमिदं शास्त्रं श्री 'समयसार-कलश'नामधेयं, अस्य मूलग्रन्थकर्तारः श्रीसर्वज्ञदेवास्तदुत्तरग्रन्थकर्तारः श्रीगणधरदेवाः प्रतिगणधरदेवास्तेषां वचनानुसारमासाद्य आचार्यश्रीकुन्दकुन्दाचार्यदेवविरचितं, श्रोतारः सावधानतया शृण्वन्तु॥

मङ्गलं भगवान् वीरो मङ्गलं गौतमो गणी।
मङ्गलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मङ्गलम् ॥१॥

सर्वमङ्गलमाङ्गल्यं सर्वकल्याणकारकं।
प्रधानं सर्वधर्माणां जैनं जयतु शासनम् ॥२॥

પંડિતપ્રવર શ્રી રાજમલજી કૃત ટીકાના
ગુજરાતી અનુવાદ સહિત

## શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ વિરચિત

શ્રી

# સમયસાર-કલશ

–૧–

## જીવ અધિકાર

(અનુષ્ટુપ)

**नमः समयसाराय स्वानुभूत्या चकासते ।**
**चित्स्वभावाय भावाय सर्वभावान्तरच्छिदे ॥१॥**

**ખંડાન્વય સહિત અર્થ :—**''भावाय नमः'' (भावाय) પદાર્થ. પદાર્થ સંજ્ઞા છે સત્ત્વસ્વરૂપની. એથી આ અર્થ ઠર્યો—જે કોઈ શાશ્વત વસ્તુરૂપ, તેને મારા (नमः) નમસ્કાર. તે વસ્તુરૂપ કેવું છે? ''चित्स्वभावाय'' (चित्) જ્ઞાન–ચેતના તે જ છે (स्वभावाय) સ્વભાવ–સર્વસ્વ જેનું, તેને મારા નમસ્કાર. આ વિશેષણ કહેતાં બે સમાધાન થાય છે :—એક તો 'ભાવ' કહેતાં પદાર્થ; તે પદાર્થ કોઈ ચેતન છે, કોઈ અચેતન છે; તેમાં ચેતન પદાર્થ નમસ્કાર કરવા યોગ્ય છે એવો અર્થ ઊપજે છે. બીજું સમાધાન આમ છે કે યદ્યપિ વસ્તુનો ગુણ વસ્તુમાં ગર્ભિત છે, વસ્તુ ગુણ એક જ સત્ત્વ છે, તથાપિ ભેદ ઉપજાવીને કહેવા યોગ્ય છે; વિશેષણ કહ્યા વિના વસ્તુનું જ્ઞાન ઊપજતું નથી. વળી કેવો છે 'ભાવ'? ''समयसाराय'' જોકે 'સમય' શબ્દના ઘણા અર્થ

છે તોપણ આ અવસરે 'સમય' શબ્દથી સામાન્યપણે જીવાદિ સકળ પદાર્થ જાણવા. તેમાં જે કોઈ 'સાર' છે, 'સાર' કહેતાં ઉપાદેય છે જીવવસ્તુ, તેને મારા નમસ્કાર. આ વિશેષણનો આ ભાવાર્થ છે–સાર પદાર્થ જાણી ચેતન પદાર્થને નમસ્કાર પ્રમાણ રાખ્યા; અસારપણું જાણી અચેતન પદાર્થને નમસ્કાર નિષેધ્યા. હવે કોઈ વિતર્ક કરે કે 'બધાય પદાર્થ પોતપોતાના ગુણપર્યાયે વિરાજમાન છે, સ્વાધીન છે, કોઈ કોઈને આધીન નથી; તો જીવ પદાર્થને સારપણું કઈ રીતે ઘટે છે?' તેનું સમાધાન કરવા માટે બે વિશેષણ કહે છે :–વળી કેવો છે 'ભાવ'? "स्वानुभूत्या चकासते, सर्वभावान्तरच्छिदे" (स्वानुभूत्या) આ અવસરે 'સ્વાનુભૂતિ' કહેતાં નિરાકુલત્વ-લક્ષણ શુદ્ધાત્મપરિણમનરૂપ અતીન્દ્રિય સુખ જાણવું, તે-રૂપે (चकासते) અવસ્થા છે જેની; (सर्वभावान्तरच्छिदे) 'સર્વ ભાવ' અર્થાત્ અતીત-અનાગત-વર્તમાન પર્યાય સહિત અનન્ત ગુણે વિરાજમાન જેટલા જીવાદિ પદાર્થ, તેની 'અન્તરછેદી' અર્થાત્ એક સમયમાં યુગપદ્ પ્રત્યક્ષરૂપે જાણનશીલ જે કોઈ શુદ્ધ જીવવસ્તુ, તેને મારા નમસ્કાર. શુદ્ધ જીવને 'સાર'પણું ઘટે છે. સાર અર્થાત્ હિતકારી, અસાર અર્થાત્ અહિતકારી. ત્યાં હિતકારી સુખ જાણવું, અહિતકારી દુઃખ જાણવું; કારણ કે અજીવ પદાર્થને—પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાળને—અને સંસારી જીવને સુખ નથી, જ્ઞાન પણ નથી, અને તેમનું સ્વરૂપ જાણતાં જાણનહાર જીવને પણ સુખ નથી, જ્ઞાન પણ નથી, તેથી તેમને 'સાર'પણું ઘટતું નથી. શુદ્ધ જીવને સુખ છે, જ્ઞાન પણ છે, તેને જાણતાં—અનુભવતાં જાણનહારને સુખ છે, જ્ઞાન પણ છે, તેથી શુદ્ધ જીવને 'સાર'પણું ઘટે છે. ૧.

(અનુષ્ટુપ)

**अनन्तधर्मणस्तत्त्वं पश्यन्ती प्रत्यगात्मनः ।**
**अनेकान्तमयी मूर्तिर्नित्यमेव प्रकाशताम् ।।२।।**

**ખંડાન્વય સહિત અર્થ :**—"नित्यमेव प्रकाशताम्" (नित्यं) સદા–ત્રિકાળ (प्रकाशताम्) પ્રકાશ કરો; એટલું કહી નમસ્કાર કર્યા. તે કોણ? "अनेकान्तमयी मूर्तिः" (अनेकान्तमयी) 'न एकान्तः अनेकान्तः' અનેકાન્ત અર્થાત્ સ્યાદ્વાદ, તે-મય અર્થાત્ તે જ છે (मूर्तिः) સ્વરૂપ જેનું, એવી છે સર્વજ્ઞની વાણી અર્થાત્ દિવ્યધ્વનિ. આ અવસરે આશંકા ઊપજે છે—કોઈ જાણશે કે અનેકાન્ત તો સંશય છે, સંશય

મિથ્યા છે. તેનું આમ સમાધાન કરવું—અનેકાન્ત તો સંશયનો દૂરીકરણશીલ છે અને વસ્તુસ્વરૂપનો સાધનશીલ છે. તેનું વિવરણ—જે કોઈ સત્તાસ્વરૂપ વસ્તુ છે તે દ્રવ્ય-ગુણાત્મક છે, તેમાં જે સત્તા અભેદપણે દ્રવ્યરૂપ કહેવાય છે તે જ સત્તા ભેદપણે ગુણરૂપ કહેવાય છે; આનું નામ અનેકાન્ત છે. વસ્તુસ્વરૂપ અનાદિનિધન આવું જ છે, કોઈનો સહારો નથી, તેથી 'અનેકાન્ત' પ્રમાણ છે. હવે જે વાણીને નમસ્કાર કર્યા તે વાણી કેવી છે? ''प्रत्यगात्मनस्तत्त्वं पश्यन्ती'' (प्रत्यगात्मनः) સર્વજ્ઞ વીતરાગ, [તેનું વિવરણ—'प्रत्यक्' અર્થાત્ ભિન્ન; ભિન્ન અર્થાત્ દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મથી રહિત, એવો છે 'आत्मा' આત્મા (–જીવદ્રવ્ય) જેનો તે કહેવાય છે 'પ્રત્યગાત્મા',] તેનું (तत्त्वं) સ્વરૂપ, તેની (पश्यन्ती) અનુભવનશીલ છે. ભાવાર્થ આમ છે—કોઈ વિતર્ક કરે કે દિવ્યધ્વનિ તો પુદ્‌ગલાત્મક છે, અચેતન છે, અચેતનને નમસ્કાર નિષિદ્ધ છે. તેનું સમાધાન કરવાને માટે આ અર્થ કહ્યો કે વાણી સર્વજ્ઞસ્વરૂપ-અનુસારિણી છે, એવું માન્યા વિના પણ ચાલે નહિ. તેનું વિવરણ—વાણી તો અચેતન છે. તેને સાંભળતાં જીવાદિ પદાર્થનું સ્વરૂપજ્ઞાન જે પ્રકારે ઊપજે છે તે જ પ્રકારે જાણવું કે વાણીનું પૂજ્યપણું પણ છે. કેવા છે સર્વજ્ઞ વીતરાગ? ''अनन्तधर्मणः'' (अनन्त) અતિ ઘણા છે (धर्मणः) ગુણો જેમને એવા છે. ભાવાર્થ આમ છે—કોઈ મિથ્યાવાદી કહે છે કે પરમાત્મા નિર્ગુણ છે, ગુણનો વિનાશ થતાં પરમાત્મપણું થાય છે; પરંતુ એવું માનવું જૂઠું છે, કારણ કે ગુણોનો વિનાશ થતાં દ્રવ્યનો પણ વિનાશ છે. ૨.

(માલિની)

परपरिणतिहेतोर्मोहनाम्नोऽनुभावा-
दविरतमनुभाव्यव्याप्तिकल्माषितायाः ।
मम परमविशुद्धिः शुद्धचिन्मात्रमूर्ते-
र्भवतु समयसारव्याख्ययैवानुभूतेः ।।३।।

ખંડાન્વય સહિત અર્થઃ—''मम परमविशुद्धिः भवतु'' શાસ્ત્રકર્તા છે અમૃતચંદ્રસૂરિ. તેઓ કહે છે—(मम) મને (परमविशुद्धिः) શુદ્ધસ્વરૂપપ્રાપ્તિ (તેનું વિવરણ—પરમ–સર્વોત્કૃષ્ટ વિશુદ્ધિ–નિર્મલતા) (भवतु) થાઓ. શાથી?

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



''समयसारव्याख्यया एव'' (समयसार) શુદ્ધ જીવ, તેના (व्याख्यया एव) ઉપદેશથી જ અમને શુદ્ધસ્વરૂપની પ્રાપ્તિ થાઓ. ભાવાર્થ આમ છે—આ શાસ્ત્ર પરમાર્થરૂપ છે, વૈરાગ્ય-ઉત્પાદક છે; ભારત-રામાયણ પેઠે રાગવર્ધક નથી. કેવો છું હું? ''अनुभूतेः'' અનુભૂતિ—અતીન્દ્રિય સુખ, તે જ છે સ્વરૂપ જેનું એવો છું. વળી કેવો છું? ''शुद्धचिन्मात्रमूर्तेः'' (शुद्ध) રાગાદિ-ઉપાધિરહિત (चिन्मात्र) ચેતનામાત્ર (मूर्तेः) સ્વભાવ છે જેનો એવો છું. ભાવાર્થ આમ છે કે—દ્રવ્યાર્થિકનયથી દ્રવ્યસ્વરૂપ આવું જ છે. વળી કેવો છું હું? ''अविरतमनुभाव्यव्याप्तिकल्माषितायाः'' (अविरतं) નિરંતરપણે અનાદિ સન્તાનરૂપે (अनुभाव्य) વિષય-કષાયાદિરૂપ અશુદ્ધ ચેતના, તેની સાથે છે (व्याप्ति) વ્યાપ્તિ અર્થાત્ તે-રૂપ છે વિભાવ-પરિણમન, એવું છે (कल्माषितायाः) કલંકપણું જેને એવો છું. ભાવાર્થ આમ છે—પર્યાયાર્થિકનયથી જીવવસ્તુ અશુદ્ધપણે અનાદિની પરિણમી છે. તે અશુદ્ધતાનો વિનાશ થતાં જીવવસ્તુ જ્ઞાનસ્વરૂપ સુખસ્વરૂપ છે. હવે કોઈ પ્રશ્ન કરે છે કે જીવવસ્તુ અનાદિથી અશુદ્ધપણે પરિણમી છે, ત્યાં નિમિત્તમાત્ર કોઈ છે કે નહીં? ઉત્તર આમ છે—નિમિત્તમાત્ર પણ છે. તે કોણ? તે જ કહે છે—''मोहनाम्नोऽनुभावात्'' (मोहनाम्नः) પુદ્ગલપિંડરૂપ આઠ કર્મોમાં મોહ એક કર્મજાતિ છે, તેનો (अनुभावात्) ઉદય અર્થાત્ વિપાક-અવસ્થા. ભાવાર્થ આમ છે—રાગાદિ-અશુદ્ધ-પરિણામરૂપ જીવદ્રવ્ય વ્યાપ્ય-વ્યાપકરૂપે પરિણમે છે, પુદ્ગલપિંડરૂપ મોહકર્મનો ઉદય નિમિત્તમાત્ર છે. જેમ કોઈ ધતૂરો પીવાથી ઘૂમે છે, નિમિત્તમાત્ર ધતૂરાનું તેને છે. કેવું છે મોહનામક કર્મ? ''परपरिणतिहेतोः'' (पर) અશુદ્ધ (परिणति) જીવના પરિણામ જેનું (हेतोः) કારણ છે. ભાવાર્થ આમ છે—જીવના અશુદ્ધ પરિણામના નિમિત્તે એવા રસ સહિત મોહકર્મ બંધાય છે, પછી ઉદયસમયે નિમિત્તમાત્ર થાય છે. ૩.

(માલિની)

उभयनयविरोधध्वंसिनि स्यात्पदाङ्के
जिनवचसि रमन्ते ये स्वयं वान्तमोहाः ।
सपदि समयसारं ते परं ज्योतिरुच्चै-
रनवमनयपक्षाक्षुण्णमीक्षन्त एव ॥४॥

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



**ખંડાન્વય સહિત અર્થ** :—''ते समयसारं ईक्षन्ते एव'' (ते) આસન્નભવ્ય જીવો (समयसारं) શુદ્ધ જીવને (ईक्षन्ते एव) પ્રત્યક્ષપણે પામે છે. ''सपदि'' થોડા જ કાળમાં. કેવો છે શુદ્ધ જીવ? ''उच्चैः परं ज्योतिः'' અતિશયમાન જ્ઞાનજ્યોતિ છે. વળી કેવો છે? ''अनवम्'' અનાદિસિદ્ધ છે. વળી કેવો છે? ''अनयपक्षाक्षुण्णम्'' (अनयपक्ष) મિથ્યાવાદથી (अक्षुण्णम्) અખંડિત છે. ભાવાર્થ આમ છે—મિથ્યાવાદી બૌદ્ધાદિ જૂઠી કલ્પના ઘણા પ્રકારે કરે છે, તોપણ તેઓ જ જૂઠા છે; આત્મતત્ત્વ જેવું છે તેવું જ છે. હવે તે ભવ્ય જીવો શું કરતા થકા શુદ્ધ સ્વરૂપ પામે છે, તે જ કહે છે—''ये जिनवचसि रमन्ते'' (ये) આસન્નભવ્ય જીવો (जिनवचसि) દિવ્યધ્વનિ દ્વારા કહી છે ઉપાદેયરૂપ શુદ્ધ જીવવસ્તુ તેમાં (रमन्ते) સાવધાનપણે રુચિ-શ્રદ્ધા-પ્રતીતિ કરે છે. વિવરણ—શુદ્ધ જીવવસ્તુનો પ્રત્યક્ષપણે અનુભવ કરે છે તેનું નામ રુચિ-શ્રદ્ધા–પ્રતીતિ છે. ભાવાર્થ આમ છે—વચન પુદ્ગલ છે, તેની રુચિ કરતાં સ્વરૂપની પ્રાપ્તિ નથી; તેથી વચન દ્વારા કહેવામાં આવે છે જે કોઈ ઉપાદેય વસ્તુ, તેનો અનુભવ કરતાં ફળપ્રાપ્તિ છે. કેવું છે જિનવચન? ''उभयनयविरोधध्वंसिनि'' (उभय) બે (नय) પક્ષપાતને (विरोध) પરસ્પર વૈરભાવ, [વિવરણ—એક સત્ત્વને દ્રવ્યાર્થિકનય દ્રવ્યરૂપ, તે જ સત્ત્વને પર્યાયાર્થિકનય પર્યાયરૂપ કહે છે, તેથી પરસ્પર વિરોધ છે;] તેનું (ध्वंसिनि) મેટનશીલ છે. ભાવાર્થ આમ છે—બન્ને નય વિકલ્પ છે, શુદ્ધ જીવસ્વરૂપનો અનુભવ નિર્વિકલ્પ છે, તેથી શુદ્ધ જીવવસ્તુનો અનુભવ થતાં બંને નયવિકલ્પ જૂઠા છે. વળી કેવું છે જિનવચન? ''स्यात्पदाङ्के'' (स्यात्पद) સ્યાદ્વાદ અર્થાત્ અનેકાન્ત—જેનું સ્વરૂપ પાછળ કહ્યું છે—તે જ છે (अङ्के) ચિહ્ન જેનું, એવું છે. ભાવાર્થ આમ છે—જે કોઈ વસ્તુમાત્ર છે તે તો નિર્ભેદ છે. તે વસ્તુમાત્ર વચન દ્વારા કહેતાં જે કોઈ વચન બોલાય છે તે જ પક્ષરૂપ છે. કેવા છે આસન્નભવ્ય જીવ? ''स्वयं वान्तमोहाः'' (स्वयं) સહજપણે (वान्त) વમી નાખ્યું છે. (मोहाः) મિથ્યાત્વ–વિપરીતપણું, એવા છે. ભાવાર્થ આમ છે—અનંત સંસાર જીવોને ભમતાં થકાં જાય છે. તે સંસારી જીવ એક ભવ્યરાશિ છે, એક અભવ્યરાશિ છે. તેમાં અભવ્યરાશિ જીવ ત્રણે કાળ મોક્ષ જવાને અધિકારી નથી. ભવ્ય જીવોમાં કેટલાક જીવો મોક્ષ જવાને યોગ્ય છે. તેમને મોક્ષ પહોંચવાનું કાળપરિમાણ છે. વિવરણ—આ જીવ આટલો કાળ વીતતાં મોક્ષ જશે એવી નોંધ કેવળજ્ઞાનમાં છે.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

તે જીવ સંસારમાં ભમતાં ભમતાં જ્યારે અર્ધપુદ્ગલપરાવર્તનમાત્ર રહે છે ત્યારે જ સમ્યક્ત્વ ઊપજવાને યોગ્ય છે. આનું નામ કાળલબ્ધિ કહેવાય છે. યદ્યપિ સમ્યક્ત્વરૂપ જીવદ્રવ્ય પરિણમે છે તથાપિ કાળલબ્ધિ વિના કરોડ ઉપાય જો કરવામાં આવે તોપણ જીવ સમ્યક્ત્વરૂપ પરિણમનને યોગ્ય નથી એવો નિયમ છે. આથી જાણવું કે સમ્યક્ત્વ-વસ્તુ યત્નસાધ્ય નથી, સહજરૂપ છે. ૪.

(માલિની)

**व्यवहरणनयः स्याद्यद्यपि प्राक्पदव्या-**
**मिह निहितपदानां हन्त हस्तावलम्बः ।**
**तदपि परममर्थं चिच्चमत्कारमात्रं**
**परविरहितमन्तः पश्यतां नैष किञ्चित् ॥५॥**

**ખંડાન્વય સહિત અર્થ** :—"व्यवहरणनयः यद्यपि हस्तावलम्बः स्यात्" (व्यवहरणनयः) જેટલું કથન. તેનું વિવરણ—જીવવસ્તુ નિર્વિકલ્પ છે. તે તો જ્ઞાનગોચર છે. તે જ જીવવસ્તુને કહેવા માગે, ત્યારે એમ જ કહેવામાં આવે છે કે જેના ગુણ દર્શન-જ્ઞાન-ચારિત્ર તે જીવ. જો કોઈ બહુ સાધિક (-અધિક બુદ્ધિમાન) હોય તોપણ આમ જ કહેવું પડે. આટલું કહેવાનું નામ વ્યવહાર છે. અહીં કોઈ આશંકા કરશે કે વસ્તુ નિર્વિકલ્પ છે, તેમાં વિકલ્પ ઉપજાવવો અયુક્ત છે. ત્યાં સમાધાન આમ છે કે વ્યવહારનય હસ્તાવલમ્બ છે. (हस्तावलम्बः) જેવી રીતે કોઈ નીચે પડ્યો હોય તો હાથ પકડીને (તેને) ઊંચો લે છે તેવી જ રીતે ગુણ-ગુણીરૂપ ભેદકથન જ્ઞાન ઊપજવાનું એક અંગ છે. તેનું વિવરણ–'જીવનું લક્ષણ ચેતના' એટલું કહેતાં પુદ્ગલાદિ અચેતન દ્રવ્યથી ભિન્નપણાની પ્રતીતિ ઊપજે છે. તેથી જ્યારે અનુભવ થાય ત્યાં સુધી ગુણ-ગુણીભેદરૂપ કથન જ્ઞાનનું અંગ છે. વ્યવહારનય જેમને હસ્તાવલમ્બ છે તેઓ કેવા છે? "प्राक्पदव्यामिह निहितपदानां" (इह) વિદ્યમાન એવી જે (प्राक्पदव्याम्) જ્ઞાન ઊપજતાં પ્રારંભિક અવસ્થા, તેમાં (निहितपदानां) નિહિત–સ્થાપેલ છે પદ–સર્વસ્વ જેમણે, એવા છે. ભાવાર્થ આમ છે—જે કોઈ સહજપણે અજ્ઞાની છે, જીવાદિ પદાર્થોનું દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ જાણવાના અભિલાષી છે, તેમના માટે

ગુણ–ગુણીભેદરૂપ કથન યોગ્ય છે. ''हन्त तदपि एषः न किञ्चित्'' જોકે વ્યવહારનય હસ્તાવલમ્બ છે તોપણ કાંઈ નથી, 'નોંધ' (જ્ઞાન, સમજ) કરતાં જૂઠો છે. તે જીવો કેવા છે જેમને વ્યવહારનય જૂઠો છે? ''चिच्चमत्कारमात्रं अर्थं अन्तः पश्यतां'' (चित्) ચેતના (चमत्कार) પ્રકાશ (मात्रं) એટલી જ છે (अर्थं) શુદ્ધ જીવવસ્તુ, તેને (अन्तः पश्यतां) પ્રત્યક્ષપણે અનુભવે છે. ભાવાર્થ આમ છે—વસ્તુનો અનુભવ થતાં વચનનો વ્યવહાર સહજ જ છૂટી જાય છે. કેવી છે વસ્તુ? ''परमं'' ઉત્કૃષ્ટ છે, ઉપાદેય છે. વળી કેવી છે વસ્તુ? ''परविरहितं'' (पर) દ્રવ્યકર્મ-નોકર્મ-ભાવકર્મથી (विरहितं) ભિન્ન છે. ૫.

(શાર્દૂલવિક્રીડિત)

एकत्वे नियतस्य शुद्धनयतो व्याप्तुर्यदस्यात्मनः
पूर्णज्ञानघनस्य दर्शनमिह द्रव्यान्तरेभ्यः पृथक् ।
सम्यग्दर्शनमेतदेव नियमादात्मा च तावानयं
तन्मुक्त्वा नवतत्त्वसन्ततिमिमामात्मायमेकोऽस्तु नः ।।६।।

**ખંડાન્વય સહિત અર્થ :**—''तत् नः अयं एकः आत्मा अस्तु'' (तत्) તે કારણથી (नः) અમને (अयं) આ વિદ્યમાન (एकः) શુદ્ધ (आत्मा) ચેતનપદાર્થ (अस्तु) હો. ભાવાર્થ આમ છે—જીવવસ્તુ ચેતનાલક્ષણ તો સહજ જ છે. પરન્તુ જીવ મિથ્યાત્વપરિણામથી ભ્રમિત થયો થકો પોતાના સ્વરૂપને જાણતો નથી, તેથી અજ્ઞાની જ કહેવાય. આથી એમ કહ્યું કે મિથ્યા પરિણામ જવાથી આ જ જીવ પોતાના સ્વરૂપનો અનુભવનશીલ થાઓ. શું કરીને? ''इमाम् नवतत्त्वसन्ततिम् मुक्त्वा'' (इमाम्) આગળ કહેવામાં આવનાર (नवतत्त्व) જીવ-અજીવ-આસ્રવ-બંધ-સંવર-નિર્જરા-મોક્ષ-પુણ્ય-પાપના (सन्ततिम्) અનાદિ સંબંધને (मुक्त्वा) છોડીને. ભાવાર્થ આમ છે—સંસાર-અવસ્થામાં જીવદ્રવ્ય નવ તત્ત્વરૂપ પરિણમ્યું છે તે તો વિભાવપરિણતિ છે, તેથી નવ તત્ત્વરૂપ વસ્તુનો અનુભવ મિથ્યાત્વ છે. ''यदस्यात्मनः इह द्रव्यान्तरेभ्यः पृथक् दर्शनम् नियमात् एतदेव सम्यग्दर्शनम्'' (यत्) કારણ કે (अस्यात्मनः) આ જ જીવદ્રવ્ય (द्रव्यान्तरेभ्यः पृथक्) સકળ કર્મોપાધિથી રહિત જેવું છે (इह दर्शनम्) તેવો જ

પ્રત્યક્ષપણે તેનો અનુભવ, (एतदेव) તે જ (नियमात्) નિશ્ચયથી (सम्यग्दर्शनम्) સમ્યગ્દર્શન છે. ભાવાર્થ આમ છે—સમ્યગ્દર્શન જીવનો ગુણ છે. તે ગુણ સંસાર-અવસ્થામાં વિભાવરૂપ પરિણમ્યો છે; તે જ ગુણ જ્યારે સ્વભાવરૂપ પરિણમે ત્યારે મોક્ષમાર્ગ છે. વિવરણ—સમ્યક્ત્વભાવ થતાં નૂતન જ્ઞાનાવરણાદિ દ્રવ્ય-કર્માસ્રવ મટે છે, પૂર્વબદ્ધ કર્મ નિર્જરે છે; તેથી મોક્ષમાર્ગ છે. અહીં કોઈ આશંકા કરશે કે મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણેના મળવાથી થાય છે. ઉત્તર આમ છે—શુદ્ધ જીવસ્વરૂપ અનુભવતાં ત્રણેય છે. કેવો છે શુદ્ધ જીવ? ‘‘शुद्धनयतः एकत्वे नियतस्य’’ (शुद्धनयतः) નિર્વિકલ્પ વસ્તુમાત્રની દૃષ્ટિથી જોતાં (एकत्वे) શુદ્ધપણું (नियतस्य) તે-રૂપ છે. ભાવાર્થ આમ છે—જીવનું લક્ષણ ચેતના છે. તે ચેતના ત્રણ પ્રકારની છે–એક જ્ઞાનચેતના, એક કર્મચેતના, એક કર્મફળચેતના. તેમાં જ્ઞાનચેતના શુદ્ધ ચેતના છે, બાકીની અશુદ્ધ ચેતના છે. તેમાં અશુદ્ધ ચેતનારૂપ વસ્તુનો સ્વાદ સર્વ જીવોને અનાદિનો પ્રગટ જ છે; તે-રૂપ અનુભવ સમ્યક્ત્વ નથી. શુદ્ધ ચેતનામાત્ર વસ્તુસ્વરૂપનો આસ્વાદ આવે તો સમ્યક્ત્વ છે.* ××× વળી કેવી છે જીવવસ્તુ? ‘‘व्याप्तुः’’ પોતાના ગુણ-પર્યાયો સહિત છે. આટલું કહીને શુદ્ધપણું દૃઢ કર્યું છે. કોઈ આશંકા કરશે કે સમ્યક્ત્વગુણ અને જીવવસ્તુનો ભેદ છે કે અભેદ છે? ઉત્તર આમ છે કે અભેદ છે—‘‘आत्मा च तावानयम्’’ (अयम्) આ (आत्मा) જીવવસ્તુ (तावान्) સમ્યક્ત્વગુણમાત્ર છે. ૬.

(અનુષ્ટુપ)

**अतः शुद्धनयायत्तं प्रत्यग्ज्योतिश्चकास्ति तत् ।**
**नवतत्त्वगतत्वेऽपि यदेकत्वं न मुञ्चति ।।७।।**

**ખંડાન્વય સહિત અર્થ :**—‘‘अतः तत् प्रत्यग्ज्योतिश्चकास्ति’’ (अतः) અહીંથી હવે (तत्) તે જ (प्रत्यग्ज्योतिः) શુદ્ધ ચેતનામાત્ર વસ્તુ (चकास्ति) શબ્દો દ્વારા યુક્તિથી કહેવામાં આવે છે. કેવી છે વસ્તુ? ‘‘शुद्धनयायत्तं’’ (शुद्धनय) વસ્તુમાત્રને (आयत्तं)

---

★ પંડિત શ્રી રાજમલજી કૃત ટીકામાં અહીં ‘‘**पूर्णज्ञानघनस्य**’’ પદનો અર્થ કરવો રહી ગયો છે, જે અર્થ આ પ્રમાણે કરી શકાય :—વળી કેવો છે શુદ્ધ જીવ? ‘‘**पूर्णज्ञानघनस्य**’’ પૂર્ણ સ્વ-પરગ્રાહકશક્તિનો પુંજ છે.

આધીન છે. ભાવાર્થ આમ છે—જેને અનુભવતાં સમ્યક્ત્વ થાય છે તે શુદ્ધ સ્વરૂપને કહે છે :—''यदेकत्वं न मुञ्चति'' (यत्) જે શુદ્ધ વસ્તુ (एकत्वं) શુદ્ધપણાને (न मुञ्चति) નથી છોડતી. અહીં કોઈ આશંકા કરશે કે જીવવસ્તુ જ્યારે સંસારથી છૂટે છે ત્યારે શુદ્ધ થાય છે. ઉત્તર આમ છે—જીવવસ્તુ દ્રવ્યદૃષ્ટિએ વિચારતાં ત્રણે કાળ શુદ્ધ છે. તે જ કહે છે—''नवतत्त्वगतत्वेऽपि'' (नवतत्त्व) જીવ-અજીવ-આસ્રવ-બંધ-સંવર-નિર્જરા-મોક્ષ-પુણ્ય-પાપ (गतत्वे अपि) તે-રૂપ પરિણમી છે તોપણ શુદ્ધસ્વરૂપ છે. ભાવાર્થ આમ છે–જેમ અગ્નિ દાહકલક્ષણ છે, તે કાષ્ઠ, તૃણ, છાણાં આદિ સમસ્ત દાહ્યને દહે છે, દહતો થકો અગ્નિ દાહ્યાકાર થાય છે; પરંતુ તેનો વિચાર છે કે જો તેને કાષ્ઠ, તૃણ અને છાણાની આકૃતિમાં જોવામાં આવે તો કાષ્ઠનો અગ્નિ, તૃણનો અગ્નિ અને છાણાનો અગ્નિ એમ કહેવું સાચું જ છે, અને જો અગ્નિની ઉષ્ણતામાત્ર વિચારવામાં આવે તો ઉષ્ણમાત્ર છે, કાષ્ઠનો અગ્નિ, તૃણનો અગ્નિ અને છાણાનો અગ્નિ એવા સમસ્ત વિકલ્પ જૂઠા છે; તેવી જ રીતે નવ તત્ત્વરૂપ જીવના પરિણામો છે, તે પરિણામો કેટલાક શુદ્ધરૂપ છે, કેટલાક અશુદ્ધરૂપ છે; જો નવ પરિણામોમાં જ જોવામાં આવે તો નવે તત્ત્વ સાચાં છે અને જો ચેતનામાત્ર અનુભવ કરવામાં આવે તો નવે વિકલ્પ જૂઠા છે. ૭.

(માલિની)

चिरमिति नवतत्त्वच्छन्नमुन्नीयमानं
कनकमिव निमग्नं वर्णमालाकलापे ।
अथ सततविविक्तं द्रश्यतामेकरूपं
प्रतिपदमिदमात्मज्योतिरुद्योतमानम् ।।८।।

ખંડાન્વય સહિત અર્થ :—''आत्मज्योतिः द्रश्यताम्'' (आत्मज्योतिः) આત્મ-જ્યોતિ અર્થાત્ જીવદ્રવ્યનું શુદ્ધ જ્ઞાનમાત્ર (द्रश्यताम्) સર્વથા અનુભવરૂપ હો. કેવી છે આત્મજ્યોતિ? ''चिरमिति नवतत्त्वच्छन्नं, अथ सततविविक्तं'' આ અવસરે નાટ્યરસની પેઠે એક જીવવસ્તુ આશ્ચર્યકારી અનેક ભાવરૂપ એક જ સમયે દેખાય છે; એ જ કારણથી આ શાસ્ત્રનું નામ નાટક સમયસાર છે. તે જ કહે છે—(चिरम्)

અમર્યાદ કાળથી (इति) જો વિભાવરૂપ રાગાદિ પરિણામ–પર્યાયમાત્ર વિચારવામાં આવે તો જ્ઞાનવસ્તુ (नवतत्त्वच्छन्नं) પૂર્વોક્ત જીવાદિ નવ તત્ત્વરૂપે આચ્છાદિત છે. ભાવાર્થ આમ છે કે જીવવસ્તુ અનાદિ કાળથી ધાતુ અને પાષાણના સંયોગની પેઠે કર્મ-પર્યાય સાથે મળેલી જ ચાલી આવે છે અને મળી થકી તે રાગાદિ વિભાવપરિણામો સાથે વ્યાપ્ય–વ્યાપકરૂપે સ્વયં પરિણમે છે. તે પરિણમન જોવામાં આવે, જીવનું સ્વરૂપ ન જોવામાં આવે, તો જીવવસ્તુ નવ તત્ત્વરૂપ છે એમ દૃષ્ટિમાં આવે છે; આવું પણ છે, સર્વથા જૂઠું નથી, કેમ કે વિભાવરૂપ રાગાદિ પરિણામશક્તિ જીવમાં જ છે. ''अथ'' હવે 'અથ' પદ દ્વારા બીજો પક્ષ બતાવે છે :—તે જ જીવવસ્તુ દ્રવ્યરૂપ છે, પોતાના ગુણ-પર્યાયે વિરાજમાન છે. જો શુદ્ધ દ્રવ્યસ્વરૂપ જોવામાં આવે, પર્યાયસ્વરૂપ ન જોવામાં આવે તો તે કેવી છે? ''सततविविक्तम्'' (सतत) નિરંતર (विविक्तं) નવ તત્ત્વના વિકલ્પથી રહિત છે, શુદ્ધ વસ્તુમાત્ર છે. ભાવાર્થ આમ છે કે શુદ્ધ સ્વરૂપનો અનુભવ સમ્યક્ત્વ છે. વળી કેવી છે તે આત્મજ્યોતિ? ''वर्णमालाकलापे कनकमिव निमग्नं'' 'વર્ણમાલા' પદના બે અર્થ છે—એક તો [1]બનવારી, અને બીજો ભેદપંક્તિ; ભાવાર્થ આમ છે કે ગુણ-ગુણીના ભેદરૂપ ભેદપ્રકાશ; 'કલાપ'નો અર્થ સમૂહ છે. આથી એમ અર્થ ઊપજ્યો કે જેમ એક જ સોનું [2]વાનભેદથી અનેકરૂપ કહેવાય છે તેમ એક જ જીવવસ્તુ દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપે અથવા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપે અનેકરૂપ કહેવાય છે. 'अथ' હવે 'અથ' પદ દ્વારા ફરીને બીજો પક્ષ બતાવે છે :—''प्रतिपदम् एकरूपं'' (प्रतिपदम्) ગુણ-પર્યાયરૂપ અથવા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ અથવા દૃષ્ટાંતની અપેક્ષાએ વાનભેદરૂપ જેટલા ભેદો છે તે બધા ભેદોમાં પણ (एकरूपं) પોતે (એક) જ છે. વસ્તુનો વિચાર કરતાં ભેદરૂપ પણ વસ્તુ જ છે, વસ્તુથી ભિન્ન ભેદ કોઈ વસ્તુ નથી. ભાવાર્થ આમ છે કે સુવર્ણમાત્ર ન જોવામાં આવે, વાનભેદમાત્ર જોવામાં આવે તો વાનભેદ છે; સોનાની શક્તિ એવી પણ છે; જો વાનભેદ ન જોવામાં આવે, કેવળ સુવર્ણમાત્ર જોવામાં આવે, તો વાનભેદ જૂઠા છે; તેવી રીતે જો શુદ્ધ જીવવસ્તુમાત્ર ન જોવામાં આવે, ગુણ-પર્યાયમાત્ર કે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમાત્ર જોવામાં આવે, તો ગુણ-પર્યાયો છે, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય છે; જીવવસ્તુ આવી પણ છે; જો ગુણ-

---

૧ બનવારી=સોનું તપાવવાની કૂલડી.

૨ દસ વલું, ચૌદ વલું આદિ સોનામાં જે ભેદ છે તેને વાનભેદ કહે છે.

પર્યાયભેદ કે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યભેદ ન જોવામાં આવે, વસ્તુમાત્ર જોવામાં આવે, તો સમસ્ત ભેદ જૂઠા છે. આવો અનુભવ સમ્યક્ત્વ છે. વળી કેવી છે આત્મજ્યોતિ? ''उन्नीयमानं'' ચેતનાલક્ષણથી જણાય છે, તેથી અનુમાનગોચર પણ છે. હવે બીજો પક્ષ—''उद्योतमानम्'' પ્રત્યક્ષ જ્ઞાનગોચર છે. ભાવાર્થ આમ છે કે ભેદબુદ્ધિ કરતાં જીવવસ્તુ ચેતનાલક્ષણથી જીવને જાણે છે, વસ્તુ વિચારતાં એટલો વિકલ્પ પણ જૂઠો છે, શુદ્ધ વસ્તુમાત્ર છે. આવો અનુભવ સમ્યક્ત્વ છે. ૮.

(માલિની)

**उदयति न नयश्रीरस्तमेति प्रमाणं**
**क्वचिदपि च न विद्मो याति निक्षेपचक्रम् ।**
**किमपरमभिदध्मो धाम्नि सर्वंकषेऽस्मिन्**
**अनुभवमुपयाते भाति न द्वैतमेव ।।६।।**

ખંડાન્વય સહિત અર્થ :—''अस्मिन् धाम्नि अनुभवमुपयाते द्वैतमेव न भाति'' (अस्मिन्) આ–સ્વયંસિદ્ધ (धाम्नि) ચેતનાત્મક જીવવસ્તુનો (अनुभवम्) પ્રત્યક્ષપણે આસ્વાદ (उपयाते) આવતાં (द्वैतम् एव) સૂક્ષ્મ-સ્થૂળ અન્તર્જલ્પ અને બહિર્જલ્પરૂપ બધા વિકલ્પો (न भाति) નથી શોભતા. ભાવાર્થ આમ છે—અનુભવ પ્રત્યક્ષ જ્ઞાન છે, પ્રત્યક્ષ જ્ઞાન છે એટલે વેદ્યવેદકભાવપણે આસ્વાદરૂપ છે; તે અનુભવ પરસહાયથી નિરપેક્ષપણે છે. આવો અનુભવ જોકે જ્ઞાનવિશેષ છે તોપણ સમ્યક્ત્વની સાથે અવિનાભૂત છે, કેમ કે તે સમ્યગ્દષ્ટિને હોય છે, મિથ્યાદષ્ટિને નથી હોતો એવો નિશ્ચય છે. આવો અનુભવ થતાં જીવવસ્તુ પોતાના શુદ્ધ સ્વરૂપને પ્રત્યક્ષપણે આસ્વાદે છે. તેથી જેટલા કાળ સુધી અનુભવ છે તેટલા કાળ સુધી વચનવ્યવહાર સહજ જ અટકી જાય છે, કેમ કે વચનવ્યવહાર તો પરોક્ષપણે કથક છે. આ જીવ તો પ્રત્યક્ષપણે અનુભવશીલ છે, તેથી (અનુભવકાળમાં) વચન-વ્યવહાર પર્યંત કાંઈ રહ્યું નહિ. કેવી છે જીવવસ્તુ? ''सर्वंकषे'' (सर्वं) બધા પ્રકારના વિકલ્પોની (कषे) ક્ષયકરણશીલ (ક્ષય કરવાના સ્વભાવવાળી) છે. ભાવાર્થ આમ છે—જેમ સૂર્યપ્રકાશ અંધકારથી સહજ જ ભિન્ન છે તેમ અનુભવ પણ

સમસ્ત વિકલ્પોથી રહિત જ છે. અહીં કોઈ પ્રશ્ન કરશે કે અનુભવ થતાં કોઈ વિકલ્પ રહે છે કે જેમનું નામ વિકલ્પ છે તે બધાય મટે છે? ઉત્તર આમ છે કે બધાય વિકલ્પો મટે છે; તે જ કહે છે—''नयश्रीरपि न उदयति, प्रमाणमपि अस्तमेति, न विद्मः निक्षेपचक्रमपि क्वचित् याति, अपरम् किम् अभिदध्मः'' જે અનુભવ આવતાં પ્રમાણ-નય-નિક્ષેપ પણ જૂઠાં છે, ત્યાં રાગાદિ વિકલ્પોની શી કથા? ભાવાર્થ આમ છે કે રાગાદિ તો જૂઠા જ છે, જીવસ્વરૂપથી બાહ્ય છે. પ્રમાણ-નય-નિક્ષેપરૂપ બુદ્ધિ દ્વારા એક જ જીવદ્રવ્યના દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ અથવા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ ભેદ કરવામાં આવે છે તે બધા જૂઠા છે; આ બધા જૂઠા થતાં જે કંઈ વસ્તુનો સ્વાદ છે તે અનુભવ છે. (प्रमाण) યુગપદ્ અનેક ધર્મગ્રાહક જ્ઞાન; તે પણ વિકલ્પ છે. (नय) વસ્તુના કોઈ એક ગુણનું ગ્રાહક જ્ઞાન; તે પણ વિકલ્પ છે. (निक्षेप) ઉપચારઘટનારૂપ જ્ઞાન; તે પણ વિકલ્પ છે. ભાવાર્થ આમ છે કે અનાદિ કાળથી જીવ અજ્ઞાની છે, જીવસ્વરૂપને નથી જાણતો. તે જ્યારે જીવસત્ત્વની પ્રતીતિ આવવી ઇચ્છે ત્યારે જેવી રીતે પ્રતીતિ આવે તેવી જ રીતે વસ્તુસ્વરૂપ સાધવામાં આવે છે. તે સાધના ગુણ-ગુણીજ્ઞાન દ્વારા થાય છે, બીજો ઉપાય તો કોઈ નથી. તેથી વસ્તુસ્વરૂપને ગુણ-ગુણીભેદરૂપ વિચારતાં પ્રમાણ-નય-નિક્ષેપરૂપ વિકલ્પો ઊપજે છે. તે વિકલ્પો પ્રથમ અવસ્થામાં ભલા જ છે તોપણ સ્વરૂપમાત્ર અનુભવતાં જૂઠા છે. ૯.

સહજ ચિદાનંદ.

(ઉપજાતિ)

आत्मस्वभावं परभावभिन्न-
मापूर्णमाद्यन्तविमुक्तमेकम् ।
विलीनसंकल्पविकल्पजालं
प्रकाशयन् शुद्धनयोऽभ्युदेति ॥१०॥

ખંડાન્વય સહિત અર્થ :—''शुद्धनयः अभ्युदेति'' (शुद्धनयः) નિરુપાધિ જીવવસ્તુસ્વરૂપનો ઉપદેશ (अभ्युदेति) પ્રગટ થાય છે. શું કરતો થકો પ્રગટ થાય છે? ''एकम् प्रकाशयन्'' (एकम्) શુદ્ધસ્વરૂપ જીવવસ્તુને (प्रकाशयन्) નિરૂપતો થકો. કેવું છે શુદ્ધ જીવસ્વરૂપ? ''आद्यन्तविमुक्तम्'' (आद्यन्त) સમસ્ત પાછલા અને આગામી

કાળથી (विमुक्तम्) રહિત છે. ભાવાર્થ આમ છે કે શુદ્ધ જીવવસ્તુનો આદિ પણ નથી, અંત પણ નથી. જે આવું સ્વરૂપ સૂચવે તેનું નામ શુદ્ધનય છે. વળી કેવી છે જીવવસ્તુ? ''विलीनसंकल्पविकल्पजालं'' (विलीन) વિલય થઈ ગયા છે (संकल्प) રાગાદિ પરિણામ અને (विकल्प) અનેક નયવિકલ્પરૂપ જ્ઞાનના પર્યાય જેને એવી છે. ભાવાર્થ આમ છે કે સમસ્ત સંકલ્પ-વિકલ્પથી રહિત વસ્તુસ્વરૂપનો અનુભવ સમ્યક્ત્વ છે. વળી કેવી છે શુદ્ધ જીવવસ્તુ? ''परभावभिन्नम्'' રાગાદિ ભાવોથી ભિન્ન છે. વળી કેવી છે? ''आपूर्णम्'' પોતાના ગુણોથી પરિપૂર્ણ છે. વળી કેવી છે? ''आत्मस्वभावं'' આત્માનો નિજ ભાવ છે. ૧૦.

(માલિની)

न हि विदधति बद्धस्पृष्टभावादयोऽमी
स्फुटमुपरि तरन्तोऽप्येत्य यत्र प्रतिष्ठाम् ।
अनुभवतु तमेव द्योतमानं समन्तात्
जगदपगतमोहीभूय सम्यक्स्वभावम् ॥११॥

**ખંડાન્વય સહિત અર્થ :—**''जगत् तमेव स्वभावम् सम्यक् अनुभवतु'' (जगत्) સર્વ જીવરાશિ (तम् एव) નિશ્ચયથી પૂર્વોક્ત (स्वभावम्) શુદ્ધ જીવવસ્તુને (सम्यक्) જેવી છે તેવી (अनुभवतु) પ્રત્યક્ષપણે સ્વસંવેદનરૂપ આસ્વાદો. કેવો થઈને આસ્વાદો? ''अपगतमोहीभूय'' (अपगत) ટળી ગઈ છે (मोहीभूय) શરીરાદિ પરદ્રવ્ય સાથે એકત્વબુદ્ધિ જેની એવો થઈને. ભાવાર્થ આમ છે કે સંસારી જીવને સંસારમાં વસતાં અનંત કાળ ગયો. શરીરાદિ પરદ્રવ્ય-સ્વભાવ હતો, પરંતુ આ જીવ પોતાનો જ જાણીને પ્રવર્ત્યો; તો જ્યારે આ વિપરીત બુદ્ધિ છૂટે ત્યારે જ આ જીવ શુદ્ધસ્વરૂપ અનુભવવાને યોગ્ય થાય છે. કેવું છે શુદ્ધસ્વરૂપ? 'समन्तात् द्योतमानं'' (समन्तात्) સર્વ પ્રકારે (द्योतमानं) પ્રકાશમાન છે. ભાવાર્થ આમ છે કે અનુભવગોચર થતાં કાંઈ ભ્રાંતિ રહેતી નથી. અહીં કોઈ પ્રશ્ન કરે છે કે જીવ તો શુદ્ધસ્વરૂપ કહ્યો અને તે એવો જ છે, પરંતુ રાગદ્વેષમોહરૂપ પરિણામોને અથવા સુખદુઃખાદિરૂપ પરિણામોને કોણ કરે છે?–કોણ ભોગવે છે? ઉત્તર આમ છે કે આ પરિણામોને કરે તો જીવ કરે છે અને જીવ ભોગવે છે, પરંતુ આ પરિણતિ

વિભાવરૂપ છે, ઉપાધિરૂપ છે; તેથી નિજસ્વરૂપ વિચારતાં તે, જીવનું સ્વરૂપ નથી એમ કહેવાય છે. કેવું છે શુદ્ધસ્વરૂપ? ''यत्र अमी बद्धस्पृष्टभावादयः प्रतिष्ठां न हि विदधति'' (यत्र) જે શુદ્ધાત્મસ્વરૂપમાં (अमी) વિદ્યમાન (बद्ध) અશુદ્ધ રાગાદિ ભાવ, (स्पृष्ट) પરસ્પર પિંડરૂપ એકક્ષેત્રાવગાહ અને (भावादयः) આદિ શબ્દથી અન્યભાવ, અનિયતભાવ, વિશેષભાવ અને સંયુક્તભાવ ઈત્યાદિ જે વિભાવપરિણામો છે તે સમસ્ત ભાવો શુદ્ધસ્વરૂપમાં (प्रतिष्ठां) શોભા (न हि विदधति) નથી ધારણ કરતા. નર, નારક, તિર્યંચ અને દેવપર્યાયરૂપ ભાવનું નામ અન્યભાવ છે; અસંખ્યાત પ્રદેશસંબંધી સંકોચ-વિસ્તારરૂપ પરિણમનનું નામ અનિયતભાવ છે; દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ ભેદકથનનું નામ વિશેષભાવ છે; તથા રાગાદિ ઉપાધિ સહિતનું નામ સંયુક્તભાવ છે. ભાવાર્થ આમ છે કે બદ્ધ, સ્પૃષ્ટ, અન્ય, અનિયત, વિશેષ અને સંયુક્ત એવા જે છ વિભાવ પરિણામો છે તે સમસ્ત, સંસાર-અવસ્થાયુક્ત જીવના છે, શુદ્ધ જીવસ્વરૂપ અનુભવતાં જીવના નથી. કેવા છે બદ્ધસ્પૃષ્ટ આદિ વિભાવભાવ? ''स्फुटं'' પ્રગટપણે ''एत्य अपि'' ઊપજ્યા થકા વિદ્યમાન જ છે તોપણ ''उपरि तरन्तः'' ઉપર ઉપર જ રહે છે. ભાવાર્થ આમ છે કે જીવનો જ્ઞાનગુણ ત્રિકાળગોચર છે તેવી રીતે રાગાદિ વિભાવભાવ જીવવસ્તુમાં ત્રિકાળગોચર નથી. જોકે સંસાર-અવસ્થામાં વિદ્યમાન જ છે તોપણ મોક્ષ-અવસ્થામાં સર્વથા નથી, તેથી એવો નિશ્ચય છે કે રાગાદિ જીવસ્વરૂપ નથી. ૧૧.

(શાર્દૂલવિક્રીડિત)

**भूतं भान्तमभूतमेव रभसा निर्भिद्य बन्धं सुधी-**
**र्यद्यन्तः किल कोऽप्यहो कलयति व्याहत्य मोहं हठात् ।**
**आत्मात्मानुभवैकगम्यमहिमा व्यक्तोऽयमास्ते ध्रुवं**
**नित्यं कर्मकलङ्कपङ्कविकलो देवः स्वयं शाश्वतः ।।१२।।**

**ખંડાન્વય સહિત અર્થ :—**''अयम् आत्मा व्यक्तः आस्ते'' (अयम्) આમ (आत्मा) ચેતનાલક્ષણ જીવ (व्यक्तः) સ્વ-સ્વભાવરૂપ (आस्ते) થાય છે. કેવો થાય છે? ''नित्यं कर्मकलङ्कपङ्कविकलः'' (नित्यं) ત્રિકાળગોચર (कर्म) અશુદ્ધપણારૂપ (कलङ्कपङ्क) કલુષતા–કાદવથી (विकलः) સર્વથા ભિન્ન થાય છે. વળી કેવો છે?

''ध्रुवं'' ચારે ગતિમાં ભમતો અટકી ગયો. વળી કેવો છે? ''देवः'' ત્રૈલોક્યથી પૂજ્ય છે. વળી કેવો છે? ''स्वयं शाश्वतः'' દ્રવ્યરૂપ વિદ્યમાન જ છે. વળી કેવો થાય છે? ''आत्मानुभवैकगम्यमहिमा'' (आत्म) ચેતનવસ્તુના (अनुभव) પ્રત્યક્ષપણે આસ્વાદથી (एक) અદ્વિતીય (गम्य) ગોચર છે (महिमा) મોટપ જેની એવો છે. ભાવાર્થ આમ છે કે જીવનો જેમ એક જ્ઞાનગુણ છે તેમ એક અતીન્દ્રિય સુખગુણ છે; તે સુખગુણ સંસાર-અવસ્થામાં અશુદ્ધપણાને લીધે પ્રગટ આસ્વાદરૂપ નથી, અશુદ્ધપણું જતાં પ્રગટ થાય છે. તે સુખ અતીન્દ્રિય પરમાત્માને હોય છે. તે સુખને કહેવા માટે કોઈ દ્દષ્ટાન્ત ચારે ગતિઓમાં નથી, કેમ કે ચારે ગતિઓ દુઃખરૂપ છે; તેથી એમ કહ્યું કે જેને શુદ્ધસ્વરૂપનો અનુભવ છે તે જીવ પરમાત્મારૂપ જીવના સુખને જાણવાને યોગ્ય છે, કેમ કે શુદ્ધસ્વરૂપ અનુભવતાં અતીન્દ્રિય સુખ છે—એવો ભાવ સૂચવ્યો છે. કોઈ પ્રશ્ન કરે છે કે કેવું કારણ કરવાથી જીવ શુદ્ધ થાય છે? ઉત્તર આમ છે કે શુદ્ધનો અનુભવ કરવાથી જીવ શુદ્ધ થાય છે. ''किल यदि कोऽपि सुधीः अन्तः कलयति'' (किल) નિશ્ચયથી (यदि) જો (कः अपि) કોઈ જીવ (अन्तः कलयति) શુદ્ધસ્વરૂપને નિરંતરપણે અનુભવે છે. કેવો છે જીવ? (सुधीः) શુદ્ધ છે બુદ્ધિ જેની. શું કરીને અનુભવે છે? ''रभसा बन्धं निर्भिद्य'' (रभसा) તત્કાળ (बन्धं) દ્રવ્યપિંડરૂપ મિથ્યાત્વકર્મના (निर्भिद्य) ઉદયને મિટાવીને અથવા મૂળથી સત્તા મિટાવીને, તથા ''हठात् मोहं व्याहत्य'' (हठात्) બળથી (मोहं) મિથ્યાત્વરૂપ જીવના પરિણામને (व्याहत्य) મૂળથી ઉખાડીને. ભાવાર્થ આમ છે કે અનાદિ કાળનો મિથ્યાદ્દષ્ટિ જ જીવ કાળલબ્ધિ પામતાં સમ્યક્ત્વના ગ્રહણકાળ પહેલાં ત્રણ કરણો કરે છે; તે ત્રણ કરણો અન્તર્મુહૂર્તમાં થાય છે; કરણો કરતાં દ્રવ્યપિંડરૂપ મિથ્યાત્વકર્મની શક્તિ મટે છે; તે શક્તિ મટતાં ભાવમિથ્યાત્વરૂપ જીવના પરિણામ મટે છે;—જેમ ધતૂરાના રસનો પાક મટતાં ઘેલછા મટે છે તેમ. કેવો છે બંધ અથવા મોહ? ''भूतं भान्तम् अभूतम् एव'' (एव) નિશ્ચયથી (भूतं) અતીત કાળસંબંધી, (भान्तम्) વર્તમાન કાળસંબંધી, (अभूतम्) આગામી કાળસંબંધી. ભાવાર્થ આમ છે—ત્રિકાળ સંસ્કારરૂપ છે જે શરીરાદિ સાથે એકત્વબુદ્ધિ, તે મટતાં જે જીવ શુદ્ધ જીવને અનુભવે છે તે જીવ નિશ્ચયથી કર્મોથી મુક્ત થાય છે. ૧૨.

(વસન્તતિલકા)

आत्मानुभूतिरिति शुद्धनयात्मिका या
ज्ञानानुभूतिरियमेव किलेति बुद्ध्वा ।
आत्मानमात्मनि निवेश्य सुनिष्प्रकम्प-
मेकोऽस्ति नित्यमवबोधघनः समन्तात् ॥१३॥

**ખંડાન્વય સહિત અર્થ**:—"आत्मा सुनिष्प्रकम्पम् एकः अस्ति" (आत्मा) આત્મા અર્થાત્ ચેતનદ્રવ્ય (सुनिष्प्रकम्पम्) અશુદ્ધ પરિણમનથી રહિત (एकः) શુદ્ધ (अस्ति) થાય છે. કેવો છે આત્મા? "नित्यं समन्तात् अवबोधघनः" (नित्यम्) સદા કાળ (समन्तात्) સર્વાંગ (अवबोधघनः) જ્ઞાનગુણનો સમૂહ છે—જ્ઞાનપુંજ છે. શું કરીને આત્મા શુદ્ધ થાય છે? "आत्मना आत्मनि निवेश्य" (आत्मना) પોતાથી (आत्मनि) પોતામાં જ (निवेश्य) પ્રવિષ્ટ થઈને. ભાવાર્થ આમ છે કે આત્માનુભવ પરદ્રવ્યની સહાય રહિત છે તેથી પોતામાં જ પોતાથી આત્મા શુદ્ધ થાય છે. અહીં કોઈ પ્રશ્ન કરે છે કે આ અવસરે તો એમ કહ્યું કે આત્માનુભવ કરતાં આત્મા શુદ્ધ થાય છે અને ક્યાંક એમ કહ્યું છે કે જ્ઞાનગુણમાત્ર અનુભવ કરતાં આત્મા શુદ્ધ થાય છે, તો આમાં વિશેષતા શું છે? ઉત્તર આમ છે કે વિશેષતા તો કાંઈ પણ નથી. એ જ કહે છે—"या शुद्धनयात्मिका आत्मानुभूतिः इति किल इयम् एव ज्ञानानुभूतिः इति बुद्ध्वा" (या) જે (आत्मानुभूतिः) આત્મ-અનુભૂતિ અર્થાત્ આત્મદ્રવ્યનો પ્રત્યક્ષપણે આસ્વાદ છે. કેવી છે અનુભૂતિ? (शुद्धनयात्मिका) શુદ્ધનય અર્થાત્ શુદ્ધ વસ્તુ તે જ છે આત્મા અર્થાત્ સ્વભાવ જેનો એવી છે. ભાવાર્થ આમ છે કે નિરુપાધિપણે જીવદ્રવ્ય જેવું છે તેવો જ પ્રત્યક્ષપણે આસ્વાદ આવે એનું નામ શુદ્ધાત્માનુભવ છે. (किल) નિશ્ચયથી (इयम् एव ज्ञानानुभूतिः) આ જે આત્માનુભૂતિ કહી તે જ જ્ઞાનાનુભૂતિ છે (इति बुद्ध्वा) એટલીમાત્ર જાણીને. ભાવાર્થ આમ છે કે જીવવસ્તુનો જે પ્રત્યક્ષપણે આસ્વાદ, તેને નામથી આત્માનુભવ એમ કહેવાય અથવા જ્ઞાનાનુભવ એમ કહેવાય; નામભેદ છે, વસ્તુભેદ નથી. એમ જાણવું કે આત્માનુભવ મોક્ષમાર્ગ છે. આ પ્રસંગે બીજો પણ સંશય થાય છે કે, કોઈ જાણશે કે દ્વાદશાંગજ્ઞાન કોઈ અપૂર્વ લબ્ધિ છે. તેનું સમાધાન આમ છે કે દ્વાદશાંગજ્ઞાન

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



પણ વિકલ્પ છે. તેમાં પણ એમ કહ્યું છે કે શુદ્ધાત્માનુભૂતિ મોક્ષમાર્ગ છે. તેથી શુદ્ધાત્માનુભૂતિ થતાં શાસ્ત્ર ભણવાની કાંઈ અટક (બંધન) નથી. ૧૩.

(પૃથ્વી)

अखण्डितमनाकुलं ज्वलदनन्तमन्तर्बहि-
र्महः परममस्तु नः सहजमुद्विलासं सदा ।
चिदुच्छलननिर्भरं सकलकालमालम्बते
यदेकरसमुल्लसल्लवणखिल्यलीलायितम् ।।१४।।

**ખંડાન્વય સહિત અર્થ :**—''तत् महः नः अस्तु'' (तत्) તે જ (महः) શુદ્ધ જ્ઞાનમાત્ર વસ્તુ (नः) અમને (अस्तु) હો. ભાવાર્થ આમ છે કે શુદ્ધસ્વરૂપનો અનુભવ ઉપાદેય છે, બીજું બધું હેય છે. કેવો છે તે 'महः (જ્ઞાનમાત્ર આત્મા)'? ''परमम्'' ઉત્કૃષ્ટ છે. વળી કેવો છે 'महः'? ''अखण्डितम्'' ખંડિત નથી—પરિપૂર્ણ છે. ભાવાર્થ આમ છે કે ઇન્દ્રિયજ્ઞાન ખંડિત છે; તે જોકે વર્તમાન કાળે તે-રૂપ પરિણમ્યો છે તોપણ સ્વરૂપ અતીન્દ્રિય જ્ઞાન છે. વળી કેવો છે? ''अनाकुलं'' આકુળતા રહિત છે. ભાવાર્થ આમ છે કે યદ્યપિ સંસાર-અવસ્થામાં કર્મજનિત સુખદુ:ખરૂપ પરિણમે છે તથાપિ સ્વાભાવિક સુખસ્વરૂપ છે.* ××× વળી કેવો છે? ''अन्तर्बहिर्ज्वलत्'' (अन्तः) અંદર (बहिः) બહાર (ज्वलत्) પ્રકાશરૂપ પરિણમી રહ્યો છે. ભાવાર્થ આમ છે કે જીવવસ્તુ અસંખ્યાતપ્રદેશી છે, જ્ઞાનગુણ બધા પ્રદેશોમાં એકસરખો પરિણમી રહ્યો છે, કોઈ પ્રદેશમાં ઘટ-વધ નથી. વળી કેવો છે? ''सहजं'' સ્વયંસિદ્ધ છે. વળી કેવો છે? ''उद्विलासं'' પોતાના ગુણ-પર્યાયે ધારાપ્રવાહરૂપ પરિણમે છે. વળી કેવો છે? ''यत् (महः) सकलकालम् एकरसम् आलम्बते'' (यत्) જે (महः) જ્ઞાનપુંજ (सकलकालम्) ત્રણે કાળ (एकरसम्) એકરસને અર્થાત્ ચેતનાસ્વરૂપને (आलम्बते) આધારભૂત છે. કેવો છે એકરસ? ''चिदुच्छलननिर्भरं'' (चित्) જ્ઞાન-(उच्छलन) પરિણમનથી (निर्भरं) ભરિતાવસ્થ છે. વળી કેવો છે એકરસ? ''उल्लसत् लवणखिल्यलीलायितम्'' (लवण) ક્ષારરસની (खिल्य) કાંકરીની (''उल्लसत्'' लीलायितम्)

★ પં. શ્રી રાજમલજીની ટીકામાં અહીં ''अनन्तम्'' પદનો અર્થ કરવો રહી ગયો છે.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



પરિણતિ સમાન જેનો સ્વભાવ છે. ભાવાર્થ આમ છે કે જેવી રીતે લવણની કાંકરી સર્વાંગેય ક્ષાર છે તેવી રીતે ચેતનદ્રવ્ય સર્વાંગેય ચેતન છે. ૧૪.

(અનુષ્ટુપ)

**एष ज्ञानघनो नित्यमात्मा सिद्धिमभीप्सुभिः ।**
**साध्यसाधकभावेन द्विधैकः समुपास्यताम् ।।१५।।**

**ખંડાન્વય સહિત અર્થ :**—''सिद्धिमभीप्सुभिः एषः आत्मा नित्यम् समुपास्यताम्'' (सिद्धिम्) સકળકર્મક્ષયલક્ષણ મોક્ષને (अभीप्सुभिः) ઉપાદેયપણે અનુભવનારા જીવોએ (एषः आत्मा) આ આત્માને અર્થાત્ ઉપાદેય એવા પોતાના શુદ્ધ ચૈતન્યદ્રવ્યને (नित्यम्) સદા કાળ (समुपास्यताम्) અનુભવવો. કેવો છે આત્મા? ''ज्ञानघनः'' (ज्ञान) સ્વ-પરગ્રાહકશક્તિનો (घनः) પુંજ છે. વળી કેવો છે? ''एकः'' સમસ્ત વિકલ્પ રહિત છે. વળી કેવો છે? ''साध्यसाधकभावेन द्विधा'' (साध्य) સકળકર્મક્ષયલક્ષણ મોક્ષ, (साधक) મોક્ષનું કારણ શુદ્ધોપયોગલક્ષણ શુદ્ધાત્માનુભવ—(भावेन) એવી જે બે અવસ્થા, તેમના ભેદથી, (द्विधा) બે પ્રકારનો છે. ભાવાર્થ આમ છે કે એક જ જીવદ્રવ્ય કારણરૂપ પણ પોતામાં જ પરિણમે છે અને કાર્યરૂપ પણ પોતામાં જ પરિણમે છે, તેથી મોક્ષ જવામાં કોઈ દ્રવ્યાન્તરનો સહારો નથી, માટે શુદ્ધ આત્માનો અનુભવ કરવો જોઈએ. ૧૫.

(અનુષ્ટુપ)

**दर्शनज्ञानचारित्रैस्त्रित्वादेकत्वतः स्वयम् ।**
**मेचकोऽमेचकश्चापि सममात्मा प्रमाणतः ।।१६।।**

**ખંડાન્વય સહિત અર્થ :**—''आत्मा मेचकः'' (आत्मा) ચેતનદ્રવ્ય (मेचकः) મલિન છે. કોની અપેક્ષાએ મલિન છે? ''दर्शन-ज्ञान-चारित्रैस्त्रित्वात्'' સામાન્યપણે અર્થગ્રાહક શક્તિનું નામ દર્શન છે, વિશેષપણે અર્થગ્રાહક શક્તિનું નામ જ્ઞાન છે અને શુદ્ધત્વશક્તિનું નામ ચારિત્ર છે—આમ શક્તિભેદ કરતાં એક જીવ ત્રણ પ્રકારે થાય છે, તેથી મલિન કહેવાનો વ્યવહાર છે. ''आत्मा अमेचकः'' (आत्मा) ચેતનદ્રવ્ય (अमेचकः) નિર્મળ છે; કોની અપેક્ષાએ નિર્મળ છે? ''स्वयम् एकत्वतः'' (स्वयम्) દ્રવ્યનું

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

સહજ (एकत्वतः) નિર્ભેદપણું હોવાથી;—આવો નિશ્ચયનય કહેવાય છે. ''आत्मा प्रमाणतः समम् मेचकः अमेचकः अपि च'' (आत्मा) ચેતનદ્રવ્ય (समम्) એક જ કાળે (मेचकः अमेचकः अपि च) મલિન પણ છે અને નિર્મળ પણ છે. કોની અપેક્ષાએ? (प्रमाणतः) યુગપદ્ અનેક ધર્મગ્રાહક જ્ઞાનની અપેક્ષાએ. તેથી પ્રમાણદૃષ્ટિએ જોતાં એક જ કાળે જીવદ્રવ્ય ભેદરૂપ પણ છે, અભેદરૂપ પણ છે. ૧૬.

(અનુષ્ટુપ)

**दर्शनज्ञानचारित्रैस्त्रिभिः परिणतत्वतः ।**
**एकोऽपि त्रिस्वभावत्वाद्व्यवहारेण मेचकः ।।१७।।**

**ખંડાન્વય સહિત અર્થ** :—''एकः अपि व्यवहारेण मेचकः'' (एकः अपि) દ્રવ્યદૃષ્ટિથી જોકે જીવદ્રવ્ય શુદ્ધ છે તોપણ (व्यवहारेण) ગુણ-ગુણીરૂપ ભેદદૃષ્ટિથી (मेचकः) મલિન છે. તે પણ કોની અપેક્ષાએ? ''त्रिस्वभावत्वात्'' (त्रि) દર્શન-જ્ઞાન-ચારિત્ર, તે ત્રણ છે (स्वभावत्वात्) સહજ ગુણો જેના, એવું હોવાથી. તે પણ કેવું હોવાથી? ''दर्शन-ज्ञान-चारित्रैः त्रिभिः परिणतत्वतः'' કેમ કે તે દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણ ગુણોરૂપે પરિણમે છે, તેથી ભેદબુદ્ધિ પણ ઘટે છે. ૧૭.

(અનુષ્ટુપ)

**परमार्थेन तु व्यक्तज्ञातृत्वज्योतिषैककः ।**
**सर्वभावान्तरध्वंसिस्वभावत्वादमेचकः ।।१८।।**

**ખંડાન્વય સહિત અર્થ** :—''तु परमार्थेन एककः अमेचकः'' (तु) 'तु' પદ દ્વારા બીજો પક્ષ કયો છે તે વ્યક્ત કર્યું છે. (परमार्थेन) પરમાર્થથી અર્થાત્ શુદ્ધ દ્રવ્યદૃષ્ટિથી (एककः) શુદ્ધ જીવવસ્તુ (अमेचकः) નિર્મળ છે–નિર્વિકલ્પ છે. કેવો છે પરમાર્થ? ''व्यक्तज्ञातृत्वज्योतिषा'' (व्यक्त) પ્રગટ છે (ज्ञातृत्व) જ્ઞાનમાત્ર (ज्योतिषा) પ્રકાશ-સ્વરૂપ જેમાં એવો છે. ભાવાર્થ આમ છે કે શુદ્ધ–નિર્ભેદ વસ્તુમાત્રગ્રાહક જ્ઞાન નિશ્ચયનય કહેવાય છે. તે નિશ્ચયનયથી જીવપદાર્થ સર્વભેદરહિત શુદ્ધ છે. વળી કેવો હોવાથી શુદ્ધ છે? ''सर्वभावान्तरध्वंसिस्वभावत्वात्'' (सर्व) સમસ્ત દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મ અથવા જ્ઞેયરૂપ પરદ્રવ્ય એવા જે (भावान्तर) ઉપાધિરૂપ વિભાવભાવ તેમનું

(ध्वंसि) મેટનશીલ (મટાડવાના સ્વભાવવાળું) છે (स्वभावत्वात्) નિજસ્વરૂપ જેનું, એવો સ્વભાવ હોવાથી શુદ્ધ છે. ૧૮.

(અનુષ્ટુપ)

**आत्मनश्चिन्तयैवालं मेचकामेचकत्वयोः ।**
**दर्शनज्ञानचारित्रैः साध्यसिद्धिर्न चान्यथा ॥१६॥**

**ખંડાન્વય સહિત અર્થ :**—"मेचकामेचकत्वयोः आत्मनः चिन्तया एव अलं" આત્મા (मेचक) 'મલિન છે' અને (अमेचक) 'નિર્મળ છે'–આમ આ બંને નયો પક્ષપાતરૂપ છે; (आत्मनः) ચેતનદ્રવ્યના આવા (चिन्तया) વિચારથી (अलं) બસ થાઓ; આવો વિચાર કરવાથી તો સાધ્યની સિદ્ધિ નથી થતી (एव) એમ નક્કી જાણવું. ભાવાર્થ આમ છે કે શ્રુતજ્ઞાનથી આત્મસ્વરૂપ વિચારતાં ઘણા વિકલ્પો ઊપજે છે; એક પક્ષથી વિચારતાં આત્મા અનેકરૂપ છે, બીજા પક્ષથી વિચારતાં આત્મા અભેદરૂપ છે–આમ વિચારતાં થકાં તો સ્વરૂપ-અનુભવ નથી. અહીં કોઈ પ્રશ્ન કરે છે કે વિચારતાં થકાં તો અનુભવ નથી, તો અનુભવ ક્યાં છે? ઉત્તર આમ છે કે પ્રત્યક્ષપણે વસ્તુને આસ્વાદતાં થકાં અનુભવ છે. તે જ કહે છે—"दर्शन-ज्ञान-चारित्रैः साध्यसिद्धिः" (दर्शन) શુદ્ધસ્વરૂપનું અવલોકન, (ज्ञान) શુદ્ધસ્વરૂપનું પ્રત્યક્ષ જાણપણું, (चारित्र) શુદ્ધસ્વરૂપનું આચરણ—આવાં કારણો કરવાથી (साध्य) સકળકર્મક્ષયલક્ષણ મોક્ષની (सिद्धिः) પ્રાપ્તિ થાય છે. ભાવાર્થ આમ છે કે શુદ્ધસ્વરૂપનો અનુભવ કરતાં મોક્ષની પ્રાપ્તિ છે. કોઈ પ્રશ્ન કરે છે કે આટલો જ મોક્ષમાર્ગ છે કે કંઈ અન્ય પણ મોક્ષમાર્ગ છે? ઉત્તર આમ છે કે આટલો જ મોક્ષમાર્ગ છે. "न च अन्यथा" (च) પરંતુ (अन्यथा) અન્ય પ્રકારે (न) સાધ્યસિદ્ધિ નથી થતી. ૧૯.

(માલિની)

**कथमपि समुपात्तत्रित्वमप्येकतायाः**
**अपतितमिदमात्मज्योतिरुद्गच्छदच्छम् ।**
**सततमनुभवामोऽनन्तचैतन्यचिह्नं**
**न खलु न खलु यस्मादन्यथा साध्यसिद्धिः ॥२०॥**

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



**ખંડાન્વય સહિત અર્થ :**—"इदम् आत्मज्योतिः सततम् अनुभवामः" (इदम्) પ્રગટ (आत्मज्योतिः) આત્મજ્યોતિને અર્થાત્ ચૈતન્યપ્રકાશને (सततम्) નિરંતર (अनुभवामः) પ્રત્યક્ષપણે અમે આસ્વાદીએ છીએ. કેવી છે આત્મજ્યોતિ? "कथमपि समुपात्तत्रित्वम् अपि एकतायाः अपतितम्" (कथम् अपि) વ્યવહારદૃષ્ટિથી (समुपात्तत्रित्वम्) ગ્રહણ કર્યા છે ત્રણ ભેદ જેણે એવી છે તોપણ (एकतायाः) શુદ્ધપણાથી (अपतितम्) પડતી નથી. વળી કેવી છે આત્મજ્યોતિ? "उद्गच्छत्" પ્રકાશરૂપ પરિણમે છે. વળી કેવી છે? "अच्छम्" નિર્મળ છે. વળી કેવી છે? "अनन्तचैतन्यचिह्नं" (अनन्त) અતિ ઘણું (चैतन्य) જ્ઞાન છે (चिह्नं) લક્ષણ જેનું એવી છે. કોઈ આશંકા કરે છે કે અનુભવને બહુ દૃઢ કર્યો તે શા કારણે? તે જ કહે છે—"यस्मात् अन्यथा साध्यसिद्धिः न खलु न खलु" (यस्मात्) કારણ કે (अन्यथा) અન્ય પ્રકારે (साध्यसिद्धिः) સ્વરૂપની પ્રાપ્તિ (न खलु न खलु) નથી થતી, નથી થતી, એમ નક્કી છે. ૨૦.

(માલિની)

कथमपि हि लभन्ते भेदविज्ञानमूला-
मचलितमनुभूतिं ये स्वतो वान्यतो वा ।
प्रतिफलननिमग्नानन्तभावस्वभावै-
र्मुकुरवदविकाराः सन्ततं स्युस्त एव ॥२१॥

**ખંડાન્વય સહિત અર્થ :**—"ये अनुभूतिं लभन्ते" (ये) જે કોઈ નિકટ સંસારી જીવ (अनुभूतिं) અનુભૂતિ અર્થાત્ શુદ્ધ જીવવસ્તુનો આસ્વાદ (लभन्ते) પામે છે. કેવી છે અનુભૂતિ? "भेदविज्ञानमूलाम्" (भेद) સ્વસ્વરૂપ-પરસ્વરૂપને દ્વિધા કરવું એવું જે (विज्ञान) જાણપણું તે જ છે (मूलाम्) સર્વસ્વ જેનું એવી છે. વળી કેવી છે? "अचलितम्" સ્થિરતારૂપ છે. આવી અનુભૂતિ કઈ રીતે પમાય છે, તે જ કહે છે—"कथमपि स्वतो वा अन्यतो वा" (कथमपि) અનંત સંસારમાં ભ્રમણ કરતાં કેમેય કરીને કાળલબ્ધિ પ્રાપ્ત થાય છે ત્યારે સમ્યક્ત્વ ઊપજે છે, ત્યારે અનુભવ થાય છે; (स्वतः वा) મિથ્યાત્વકર્મનો ઉપશમ હોતાં ઉપદેશ વિના જ અનુભવ થાય છે, (अन्यतः वा) અથવા અંતરંગમાં મિથ્યાત્વકર્મનો ઉપશમ હોતાં અને બહિરંગમાં

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

ગુરુની સમીપ સૂત્રનો ઉપદેશ મળતાં અનુભવ થાય છે. કોઈ પ્રશ્ન કરે છે કે જેઓ અનુભવ પામે છે તેઓ અનુભવ પામવાથી કેવા હોય છે? ઉત્તર આમ છે કે તેઓ નિર્વિકાર હોય છે. તે જ કહે છે—''ते एव सन्ततं मुकुरवत् अविकाराः स्युः'' (ते एव) તે જ જીવો (सन्ततं) નિરંતરપણે (मुकुरवत्) અરીસાની પેઠે (अविकाराः) રાગદ્વેષ રહિત (स्युः) છે. શાનાથી નિર્વિકાર છે? ''प्रतिफलननिमग्नानन्तभावस्वभावैः'' (प्रतिफलन) પ્રતિબિંબરૂપે (निमग्न) ગર્ભિત જે (अनन्तभाव) સકળ દ્રવ્યોના (स्वभावैः) ગુણ-પર્યાયો, તેમનાથી નિર્વિકાર છે. ભાવાર્થ આમ છે કે જે જીવના શુદ્ધ સ્વરૂપને અનુભવે છે તેના જ્ઞાનમાં સકળ પદાર્થો ઉદ્દીપ્ત થાય છે, તેમના ભાવ અર્થાત્ ગુણ-પર્યાયો, તેમનાથી નિર્વિકારરૂપ અનુભવ છે. ૨૧.

(માલિની)

त्यजतु जगदिदानीं मोहमाजन्मलीढं
रसयतु रसिकानां रोचनं ज्ञानमुद्यत् ।
इह कथमपि नात्माऽनात्मना साकमेकः
किल कलयति काले क्वापि तादात्म्यवृत्तिम् ॥२२॥

**ખંડાન્વય સહિત અર્થ :**—''जगत् मोहम् त्यजतु'' (जगत्) સંસારી જીવરાશિ (मोहम्) મિથ્યાત્વપરિણામને (त्यजतु) સર્વથા છોડો. છોડવાનો અવસર કયો? ''इदानीं'' તત્કાળ. ભાવાર્થ આમ છે કે શરીરાદિ પરદ્રવ્યો સાથે જીવની એકત્વબુદ્ધિ વિદ્યમાન છે, તે સૂક્ષ્મકાળમાત્ર પણ આદર કરવાયોગ્ય નથી. કેવો છે મોહ? ''आजन्मलीढं'' (आजन्म) અનાદિકાળથી (लीढं) લાગેલો છે. ''ज्ञानम् रसयतु'' (ज्ञानम्) જ્ઞાનને અર્થાત્ શુદ્ધ ચૈતન્યવસ્તુને (रसयतु) સ્વાનુભવ-પ્રત્યક્ષપણે આસ્વાદો. કેવું છે જ્ઞાન? ''रसिकानां रोचनं'' (रसिकानां) શુદ્ધસ્વરૂપના અનુભવશીલ સમ્યગ્દષ્ટિ જીવોને (रोचनं) અત્યંત સુખકારી છે. વળી કેવું છે જ્ઞાન? ''उद्यत्'' ત્રણે કાળ પ્રકાશરૂપ છે. કોઈ પ્રશ્ન કરે છે કે આમ કરતાં કાર્યસિદ્ધિ કેવી થાય છે? ઉત્તર કહે છે—''इह किल एकः आत्मा अनात्मना साकम् तादात्म्यवृत्तिम् क्वापि काले कथमपि न कलयति'' (इह) મોહનો ત્યાગ, જ્ઞાનવસ્તુનો અનુભવ—આમ વારંવાર અભ્યાસ કરતાં (किल) નિઃસંદેહપણે (एकः)

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



શુદ્ધ (आत्मा) ચેતનદ્રવ્ય (अनात्मना) દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મ આદિ સમસ્ત વિભાવપરિણામોની (साकम्) સાથે (तादात्म्यवृत्तिम्) જીવ અને કર્મના બંધાત્મક એકક્ષેત્રસંબંધરૂપે (क्वापि) કોઈ પણ અતીત, અનાગત અને વર્તમાનસંબંધી (काले) સમય, ઘડી, પ્રહર, દિવસ કે વર્ષે (कथमपि) કોઈ પણ રીતે (न कलयति) નથી રહેતું. ભાવાર્થ આમ છે કે :—જીવદ્રવ્ય ધાતુ અને પાષાણના સંયોગની પેઠે પુદ્‌ગલકર્મોની સાથે મળેલું જ ચાલ્યું આવે છે, અને મળેલું હોવાથી મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ વિભાવ-ચેતનપરિણામે પરિણમતું જ આવે છે. એમ પરિણમતાં એવી દશા નીપજી કે જીવદ્રવ્યનું નિજસ્વરૂપ જે કેવળજ્ઞાન, કેવળદર્શન, અતીન્દ્રિય સુખ અને કેવળવીર્ય, તેનાથી આ જીવદ્રવ્ય ભ્રષ્ટ થયું તથા મિથ્યાત્વરૂપ વિભાવપરિણામે પરિણમતાં જ્ઞાનપણું પણ છૂટી ગયું; જીવનું નિજ સ્વરૂપ અનંતચતુષ્ટય છે, શરીર, સુખ, દુઃખ, મોહ, રાગ, દ્વેષ ઈત્યાદિ બધું પુદ્‌ગલકર્મની ઉપાધિ છે, જીવનું સ્વરૂપ નથી—એવી પ્રતીતિ પણ છૂટી ગઈ. પ્રતીતિ છૂટતાં જીવ મિથ્યાદ્રષ્ટિ થયો; મિથ્યાદ્રષ્ટિ થયો થકો જ્ઞાનાવરણાદિ કર્મબંધકરણશીલ થયો. તે કર્મબંધનો ઉદય થતાં જીવ ચારે ગતિઓમાં ભમે છે. આ પ્રકારે સંસારની પરિપાટી છે. આ સંસારમાં ભ્રમણ કરતાં કોઈ ભવ્ય જીવનો જ્યારે નિકટ સંસાર આવી જાય છે ત્યારે જીવ સમ્યક્ત્વ ગ્રહણ કરે છે. સમ્યક્ત્વ ગ્રહણ કરતાં પુદ્‌ગલપિંડરૂપ મિથ્યાત્વકર્મનો ઉદય મટે છે તથા મિથ્યાત્વરૂપ વિભાવપરિણામ મટે છે. વિભાવપરિણામ મટતાં શુદ્ધસ્વરૂપનો અનુભવ થાય છે. આવી સામગ્રી મળતાં જીવદ્રવ્ય પુદ્‌ગલકર્મથી તથા વિભાવપરિણામથી સર્વથા ભિન્ન થાય છે. જીવદ્રવ્ય પોતાના અનંતચતુષ્ટયને પ્રાપ્ત થાય છે. દ્રષ્ટાંત આમ છે કે જેવી રીતે સુવર્ણધાતુ પાષાણમાં જ મળેલી ચાલી આવે છે તોપણ અગ્નિનો સંયોગ પામીને પાષાણથી સુવર્ણ ભિન્ન થાય છે. ૨૨.

(માલિની)

अयि कथमपि मृत्वा तत्त्वकौतूहली सन्<br>
अनुभव भव मूर्तेः पार्श्ववर्ती मुहूर्तम् ।<br>
पृथगथ विलसन्तं स्वं समालोक्य येन<br>
त्यजसि झगिति मूर्त्या साकमेकत्वमोहम् ।।२३।।

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



**ખંડાન્વય સહિત અર્થ :**—''अयि मूर्तेः पार्श्ववर्ती भव, अथ मुहूर्तं पृथक् अनुभव'' (अयि) હે ભવ્યજીવ! (मूर्तेः) શરીરથી (पार्श्ववर्ती) ભિન્નસ્વરૂપ (भव) થા. ભાવાર્થ આમ છે કે અનાદિકાળથી જીવદ્રવ્ય (શરીર સાથે) એકસંસ્કારરૂપ થઈને ચાલ્યું આવે છે, તેથી જીવને આમ કહીને પ્રતિબોધવામાં આવે છે કે હે જીવ! આ જેટલા શરીરાદિ પર્યાયો છે તે બધા પુદ્‌ગલકર્મના છે, તારા નથી; તેથી આ પર્યાયોથી પોતાને ભિન્ન જાણ. (अथ) ભિન્ન જાણીને (मुहूर्तम्) થોડોક કાળ (पृथक्) શરીરથી ભિન્ન ચેતનદ્રવ્યરૂપે (अनुभव) પ્રત્યક્ષપણે આસ્વાદ કર. ભાવાર્થ આમ છે કે શરીર તો અચેતન છે, વિનશ્વર છે, શરીરથી ભિન્ન કોઈ તો પુરુષ (આત્મા) છે એવું જાણપણું—એવી પ્રતીતિ મિથ્યાદૃષ્ટિ જીવોને પણ હોય છે, પરંતુ સાધ્યસિદ્ધિ તો કાંઈ નથી. જ્યારે જીવદ્રવ્યનો દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ પ્રત્યક્ષપણે આસ્વાદ આવે છે ત્યારે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે, સકળકર્મક્ષયલક્ષણ મોક્ષ પણ છે. કેવો છે અનુભવશીલ જીવ? ''तत्त्वकौतूहली सन्'' (तत्त्व) શુદ્ધ ચૈતન્યવસ્તુના (कौतूहली सन्) સ્વરૂપને જોવા ઈચ્છે છે એવો થયો થકો. વળી કેવો થઈને? ''कथमपि मृत्वा'' (कथमपि) કોઈ પણ પ્રકારે—કોઈપણ ઉપાયે, (मृत्वा) મરીને પણ, શુદ્ધ જીવસ્વરૂપનો અનુભવ કર. ભાવાર્થ આમ છે કે શુદ્ધ ચૈતન્યનો અનુભવ તો સહજસાધ્ય છે, યત્નસાધ્ય તો નથી, પરંતુ આટલું કહીને અત્યંત ઉપાદેયપણું દૃઢ કર્યું છે. અહીં કોઈ પ્રશ્ન કરે છે કે અનુભવ તો જ્ઞાનમાત્ર છે, તેનાથી શું કાંઈ કાર્યસિદ્ધિ છે? તે પણ ઉપદેશ દ્વારા કહે છે—''येन मूर्त्या साकम् एकत्वमोहम् झगिति त्यजसि'' (येन) જે શુદ્ધ ચૈતન્યના અનુભવ વડે (मूर्त्या साकम्) દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્માત્મક સમસ્ત કર્મરૂપ પર્યાયોની સાથે (एकत्वमोहम्) એકસંસ્કારરૂપ—'હું દેવ છું, હું મનુષ્ય છું, હું તિર્યંચ છું, હું નારકી છું' ઈત્યાદિરૂપ, 'હું સુખી છું, હું દુઃખી છું' ઈત્યાદિરૂપ, 'હું ક્રોધી છું, હું માની છું' ઈત્યાદિરૂપ, તથા 'હું યતિ છું, હું ગૃહસ્થ છું' ઈત્યાદિરૂપ—પ્રતીતિ એવો છે મોહ અર્થાત્ વિપરીતપણું તેને (झगिति) અનુભવ થતાં વેંત જ (त्यजसि) હે જીવ! પોતાની બુદ્ધિથી તું જ છોડીશ. ભાવાર્થ આમ છે કે અનુભવ જ્ઞાનમાત્ર વસ્તુ છે, એકત્વમોહ મિથ્યાત્વરૂપ દ્રવ્યના વિભાવપરિણામ છે, તોપણ એમને (અનુભવને અને મિથ્યાત્વના મટવાને) આપસમાં કારણકાર્યપણું છે. તેનું વિવરણ—જે કાળે જીવને અનુભવ થાય છે તે કાળે મિથ્યાત્વપરિણમન મટે છે,

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

સર્વથા અવશ્ય મટે છે. જે કાળે મિથ્યાત્વપરિણમન મટે છે તે કાળે અવશ્ય અનુભવશક્તિ થાય છે. મિથ્યાત્વપરિણમન જે રીતે મટે છે તે રીત કહે છે :— ''स्वं समालोक्य'' (स्वं) પોતાની શુદ્ધ ચૈતન્યવસ્તુનો (समालोक्य) સ્વસંવેદનપ્રત્યક્ષપણે આસ્વાદ કરીને. કેવું છે શુદ્ધ ચેતન? ''विलसन्तं'' અનાદિનિધન પ્રગટપણે ચેતનારૂપ પરિણમી રહ્યું છે. ૨૩.

(શાર્દૂલવિક્રીડિત)

**कान्त्यैव स्नपयन्ति ये दश दिशो धाम्ना निरुन्धन्ति ये**
**धामोद्दाममहस्विनां जनमनो मुष्णन्ति रूपेण ये।**
**दिव्येन ध्वनिना सुखं श्रवणयोः साक्षात्क्षरन्तोऽमृतं**
**वन्द्यास्तेऽष्टसहस्रलक्षणधरास्तीर्थेश्वराः सूरयः ॥२४॥**

**ખંડાન્વય સહિત અર્થ** :—અહીં કોઈ મિથ્યાદ્રષ્ટિ કુવાદી મતાન્તર સ્થાપે છે કે જીવ અને શરીર એક જ વસ્તુ છે. જેમ જૈનો માને છે કે શરીરથી જીવદ્રવ્ય ભિન્ન છે તેમ નથી, એક જ છે; કેમકે શરીરનું સ્તવન કરતાં આત્માનું સ્તવન થાય છે, એમ જૈનો પણ માને છે. એ જ બતાવે છે—''ते तीर्थेश्वराः वन्द्याः'' (ते) અવશ્ય વિદ્યમાન છે એવા (तीर्थेश्वराः) તીર્થંકરદેવો (वन्द्याः) ત્રિકાળ નમસ્કાર કરવાયોગ્ય છે. કેવા છે તે તીર્થંકરો? ''ये कान्त्या एव दश दिशः स्नपयन्ति'' (ये) તીર્થંકરો (कान्त्या) શરીરની દીપ્તિ દ્વારા (एव) નક્કી (दश) પૂર્વ-પશ્ચિમ-ઉત્તર-દક્ષિણ એ ચાર દિશા, ચાર ખૂણારૂપ વિદિશા તથા ઊર્ધ્વદિશા અને અધોદિશા એ દસ (दिशः) દિશાઓને (स्नपयन्ति) પ્રક્ષાલ કરે છે—પવિત્ર કરે છે; એવા છે જે તીર્થંકરો તેમને નમસ્કાર છે. (જૈનોને ત્યાં) આમ જે કહ્યું તે તો શરીરનું વર્ણન કર્યું, તેથી અમને એવી પ્રતીતિ ઊપજી કે શરીર અને જીવ એક જ છે. વળી કેવા છે તીર્થંકરો? ''ये धाम्ना उद्दाममहस्विनां धाम निरुन्धन्ति'' (ये) તીર્થંકરો (धाम्ना) શરીરના તેજથી (उद्दाममहस्विनां) ઉગ્ર તેજવાળા કરોડો સૂર્યના (धाम) પ્રતાપને (निरुन्धन्ति) રોકે છે. ભાવાર્થ આમ છે કે તીર્થંકરના શરીરમાં એવી દીપ્તિ છે કે જો કોટિ સૂર્ય હોય તો કોટિયે સૂર્યની દીપ્તિ રોકાઈ જાય; એવા તે તીર્થંકરો છે. અહીં પણ શરીરની

જ મોટપ કહી છે. વળી કેવા છે તીર્થંકરો? ''ये रूपेण जनमनो मुष्णन्ति'' (ये) તીર્થંકરો (रूपेण) શરીરની શોભાથી (जन) જેટલાં દેવ-મનુષ્ય-તિર્યંચ—એ બધાંનાં (मनः) અંતરંગને (मुष्णन्ति) ચોરી લે છે. ભાવાર્થ આમ છે કે જીવો તીર્થંકરના શરીરની શોભા દેખીને જેવું સુખ માને છે તેવું સુખ ત્રૈલોક્યમાં અન્ય વસ્તુને દેખીને નથી માનતા; એવા તે તીર્થંકરો છે. અહીં પણ શરીરની મોટપ કરી છે. વળી કેવા છે તીર્થંકરો? ''ये दिव्येन ध्वनिना श्रवणयोः साक्षात् सुखं अमृतं क्षरन्तः'' (ये) તીર્થંકરદેવો (दिव्येन) સમસ્ત ત્રૈલોક્યમાં ઉત્કૃષ્ટ એવી (ध्वनिना) નિરક્ષરી વાણી વડે (श्रवणयोः) સર્વ જીવોની કર્ણેન્દ્રિયોમાં (साक्षात्) તત્કાળ (सुखं अमृतं) સુખમય શાન્તરસને (क्षरन्तः) વરસાવે છે. ભાવાર્થ આમ છે કે તીર્થંકરની વાણી સાંભળતાં સર્વ જીવોને વાણી રુચે છે, જીવો બહુ સુખી થાય છે; તીર્થંકરો એવા છે. અહીં પણ શરીરની મોટપ છે. વળી કેવા છે તીર્થંકરો? ''अष्टसहस्रलक्षणधराः'' (अष्टसहस्र) આઠ અધિક એક હજાર (लक्षणधराः) શરીરનાં ચિહ્નો સહજ જ ધારણ કરે છે; એવા તીર્થંકરો છે. ભાવાર્થ આમ છે કે તીર્થંકરના શરીરમાં શંખ, ચક્ર, ગદા, પદ્મ, કમળ, મગર, મચ્છ, ધ્વજા ઇત્યાદિરૂપ આકૃતિવાળી રેખાઓ હોય છે, જે સમસ્ત ગણતાં એક હજાર ને આઠ થાય છે. અહીં પણ શરીરની મોટપ છે. વળી કેવા છે તીર્થંકરો? ''सूरयः'' મોક્ષમાર્ગના ઉપદેષ્ટા છે. અહીં પણ શરીરની મોટપ છે. આથી જીવ-શરીર એક જ છે એવી મારી પ્રતીતિ છે, એવું કોઈ મિથ્યામતવાદી માને છે. તેનો ઉત્તર આમ પ્રમાણે આગળ કહેશે : ગ્રંથકર્તા કહે છે કે વચનવ્યવહારમાત્રથી જીવ-શરીરનું એકપણું કહેવાય છે. આથી એમ કહ્યું છે કે જે શરીરનું સ્તોત્ર છે તે તો વ્યવહારમાત્રથી જીવનું સ્તોત્ર છે. દ્રવ્યદ્રષ્ટિથી જોતાં જીવ-શરીર ભિન્ન ભિન્ન છે. તેથી જેવું સ્તોત્ર કહ્યું છે તે નિજ નામથી જૂઠું છે (અર્થાત્ તેનું નામ સ્તોત્ર ઘટિત થતું નથી), કેમ કે શરીરના ગુણ કહેતાં જીવની સ્તુતિ થતી નથી, જીવના જ્ઞાનગુણની સ્તુતિ કરતાં (જીવની) સ્તુતિ થાય છે. કોઈ પ્રશ્ન કરે છે કે જેવી રીતે નગરનો સ્વામી રાજા છે તેથી નગરની સ્તુતિ કરતાં રાજાની સ્તુતિ થાય છે, તેવી જ રીતે શરીરનો સ્વામી જીવ છે તેથી શરીરની સ્તુતિ કરતાં જીવની સ્તુતિ થાય છે. ઉત્તર આમ છે કે એ રીતે સ્તુતિ થતી નથી; રાજાના નિજ ગુણની સ્તુતિ કરતાં રાજાની સ્તુતિ થાય છે, તેવી જ રીતે જીવના નિજ ચૈતન્યગુણની સ્તુતિ કરતાં જીવની સ્તુતિ થાય છે. તે જ કહે છે. ૨૪.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



(આર્યા)

**प्राकारकवलिताम्बरमुपवनराजीनिगीर्णभूमितलम् ।**
**पिबतीव हि नगरमिदं परिखावलयेन पातालम् ॥२५॥**

**ખંડાન્વય સહિત અર્થ :—**"इदं नगरम् परिखावलयेन पातालम् पिबति इव" (इदं) પ્રત્યક્ષ (नगरम्) નગર અર્થાત્ રાજગ્રામ (परिखावलयेन) ખાઈ વડે ઘેરાયેલું હોવાથી (पातालम्) અધોલોકને, (पिबति इव) ખાઈ એટલી ઊંડી છે જેથી એમ લાગે છે કે, પી રહ્યું છે. કેવું છે નગર? "प्राकारकवलिताम्बरम्" (प्राकार) કોટ વડે (कवलित) ગળી ગયું છે (अम्बरम्) આકાશને જે, એવું નગર છે. ભાવાર્થ આમ છે કે કોટ ઘણો જ ઊંચો છે. વળી કેવું છે નગર? "उपवनराजीनिगीर्णभूमितलम्" (उपवनराजी) નગરની સમીપ ચારે તરફ ફેલાયેલા બાગોથી (निगीर्ण) રુંધાયેલી છે (भूमितलम्) સમસ્ત ભૂમિ જેની, એવું તે નગર છે. ભાવાર્થ આમ છે કે નગરની બહાર ઘણા બાગ છે. આવી નગરની સ્તુતિ કરતાં રાજાની સ્તુતિ થતી નથી. અહીં ખાઈ-કોટ-બાગનું વર્ણન કર્યું તે તો રાજાના ગુણો નથી; રાજાના ગુણો છે દાન, પૌરુષ (શૂરવીરતા) અને જાણપણું; તેમની સ્તુતિ કરતાં રાજાની સ્તુતિ થાય છે. ૨૫.

(આર્યા)

**नित्यमविकारसुस्थितसर्वाङ्गमपूर्वसहजलावण्यम् ।**
**अक्षोभमिव समुद्रं जिनेन्द्ररूपं परं जयति ॥२६॥**

**ખંડાન્વય સહિત અર્થ :—**"जिनेन्द्ररूपं जयति" (जिनेन्द्ररूपं) જિનેન્દ્રરૂપ અર્થાત્ તીર્થંકરના શરીરની શોભા (जयति) જયવંત હો. કેવું છે જિનેન્દ્રરૂપ? "नित्यं" આયુપર્યન્ત એકરૂપ છે. વળી કેવું છે? "अविकारसुस्थितसर्वाङ्गम्" (अविकार) જેમાં બાળપણું, તરુણપણું અને વૃદ્ધપણું નહીં હોવાથી (सुस्थित) સમાધાનરૂપ (સારી રીતે ગોઠવાયેલા) છે (सर्वाङ्गम्) સર્વ પ્રદેશ જેના એવું છે. વળી કેવું છે જિનેન્દ્રનું રૂપ? "अपूर्वसहजलावण्यम्" (अपूर्व) આશ્ચર્યકારી છે તથા (सहज) વિના યત્ને શરીર સાથે મળેલા છે (लावण्यम्) શરીરના ગુણો જેને એવું છે. વળી કેવું છે? "समुद्रम् इव अक्षोभम्" (समुद्रम् इव) સમુદ્રની માફક (अक्षोभम्)

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

નિશ્ચળ છે. વળી કેવું છે? ''परं'' ઉત્કૃષ્ટ છે. ભાવાર્થ આમ છે કે જેવી રીતે વાયુ રહિત સમુદ્ર નિશ્ચળ હોય છે તેવી જ રીતે તીર્થંકરનું શરીર નિશ્ચળ છે. આ રીતે શરીરની સ્તુતિ કરતાં આત્માની સ્તુતિ નથી થતી, કારણ કે શરીરના ગુણ આત્મામાં નથી. આત્માનો જ્ઞાનગુણ છે; જ્ઞાનગુણની સ્તુતિ કરતાં આત્માની સ્તુતિ થાય છે. ૨૬.

(શાર્દૂલવિક્રીડિત)

**एकत्वं व्यवहारतो न तु पुनः कायात्मनोर्निश्चयात्**
**नुः स्तोत्रं व्यवहारतोऽस्ति वपुषः स्तुत्या न तत्तत्त्वतः ।**
**स्तोत्रं निश्चयतश्चितो भवति चित्स्तुत्यैव सैवं भवेत्**
**नातस्तीर्थकरस्तवोत्तरबलादेकत्वमात्माङ्गयोः ॥२७॥**

**ખંડાન્વય સહિત અર્થ :**—''अतः तीर्थकरस्तवोत्तरबलात् आत्माङ्गयोः एकत्वं न भवेत्'' (अतः) આ કારણથી, (तीर्थकरस्तव) 'પરમેશ્વરના શરીરની સ્તુતિ કરતાં આત્માની સ્તુતિ થાય છે' એમ જે મિથ્યામતી જીવ કહે છે તેના પ્રતિ (उत्तरबलात्) 'શરીરની સ્તુતિ કરતાં આત્માની સ્તુતિ થતી નથી, આત્માના જ્ઞાનગુણની સ્તુતિ કરતાં આત્માની સ્તુતિ થાય છે,' આવા ઉત્તરના બળથી અર્થાત્ તે ઉત્તર દ્વારા સંદેહ નષ્ટ થઈ જવાથી, (आत्म) ચેતનવસ્તુને અને (अङ्गयोः) સમસ્ત કર્મની ઉપાધિને (एकत्वं) એકદ્રવ્યપણું (न भवेत्) થતું નથી. આત્માની સ્તુતિ જે રીતે થાય છે તે કહે છે—''सा एवं'' (सा) તે જીવસ્તુતિ (एवं) જેવી રીતે મિથ્યાદૃષ્ટિ કહેતો હતો તેવી રીતે નથી, કિન્તુ જે રીતે હવે કહે છે તે રીતે જ છે—''कायात्मनोः व्यवहारतः एकत्वं, तु पुनः न निश्चयात्'' (कायात्मनोः) શરીરાદિ અને ચેતનદ્રવ્ય એ બંનેને (व्यवहारतः) કથનમાત્રથી (एकत्वं) એકપણું છે. ભાવાર્થ આમ છે કે જેવી રીતે સોનું અને રૂપું એ બંનેને ઓગાળીને એક સોગઠી બનાવવામાં આવે છે, ત્યાં તે સઘળું કહેવામાં તો સુવર્ણ જ કહેવાય છે, તેવી રીતે જીવ અને કર્મ અનાદિથી એકક્ષેત્રસંબંધરૂપ મળેલાં ચાલ્યાં આવે છે તેથી તે સઘળું કથનમાં તો જીવ જ કહેવાય છે. (तु पुनः) બીજા પક્ષે (न) જીવ-કર્મને એકપણું નથી. તે કયા પક્ષે?

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



(निश्चयात्) દ્રવ્યના નિજ સ્વરૂપને વિચારતાં, ભાવાર્થ આમ છે કે જેવી રીતે સોનું અને રૂપું જોકે એકક્ષેત્રે મળેલાં છે–એકપિંડરૂપ છે તોપણ સોનું પીળું, ભારે અને ચીકણું એવા પોતાના ગુણો સહિત છે, રૂપું પણ પોતાના શ્વેતગુણ સહિત છે, તેથી એકપણું કહેવું જૂઠું છે, તેવી જ રીતે જીવ અને કર્મ પણ જોકે અનાદિથી એકબંધપર્યાયરૂપ મળેલાં ચાલ્યાં આવે છે–એકપિંડરૂપ છે તોપણ જીવદ્રવ્ય પોતાના જ્ઞાનગુણે બિરાજમાન છે, કર્મ-પુદ્‌ગલદ્રવ્ય પણ પોતાના અચેતન ગુણ સહિત છે, તેથી એકપણું કહેવું જૂઠું છે. તે કારણે સ્તુતિમાં ભેદ છે. (તે જ બતાવે છે—) ''व्यवहारतः वपुषः स्तुत्या नुः स्तोत्रं अस्ति, न तत् तत्त्वतः'' (व्यवहारतः) બંધપર્યાયરૂપ એકક્ષેત્રાવગાહદ્રષ્ટિથી જોતાં (वपुषः) શરીરની (स्तुत्या) સ્તુતિ કરવાથી (नुः) જીવની (स्तोत्रं) સ્તુતિ (अस्ति) થાય છે. (न तत्) બીજા પક્ષે વિચારતાં, સ્તુતિ નથી થતી. કઈ અપેક્ષાએ નથી થતી? (तत्त्वतः) શુદ્ધ જીવદ્રવ્યસ્વરૂપ વિચારતાં. ભાવાર્થ આમ છે કે જેમ 'શ્વેત સુવર્ણ' એમ જોકે કહેવામાં આવે છે તોપણ શ્વેતગુણ રૂપાનો છે, તેથી 'શ્વેત સુવર્ણ' એમ કહેવું જૂઠું છે, તેવી જ રીતે—

''बे रत्ता बे सांवला बे नीलुप्पलवन्न।
मरगजवन्ना दो वि जिन सोलह कंचनवन्न॥''

''[ભાવાર્થ—] બે તીર્થંકરો રક્તવર્ણે, બે કૃષ્ણ, બે નીલ, બે પન્ના અને સોળ સુવર્ણરંગે છે,'' જોકે આમ કહેવામાં આવે છે તોપણ શ્વેત, રક્ત અને પીત આદિ પુદ્‌ગલદ્રવ્યના ગુણો છે, જીવના ગુણો નથી. તેથી શ્વેત, રક્ત અને પીત એમ કહેતાં જીવ નથી હોતો, જ્ઞાનગુણ કહેતાં જીવ છે. કોઈ પ્રશ્ન કરે છે કે શરીરની સ્તુતિ કરતાં તો જીવની સ્તુતિ થતી નથી, તો જીવની સ્તુતિ કઈ રીતે થાય છે? ઉત્તર આમ છે કે ચિદ્રૂપ કહેતાં થાય છે—''निश्चयतः चित्स्तुत्या एव चितः स्तोत्रं भवति'' (निश्चयतः) શુદ્ધ જીવદ્રવ્યરૂપ વિચારતાં (चित्) શુદ્ધ જ્ઞાનાદિનાં (स्तुत्या) વારંવાર વર્ણન-સ્મરણ-અભ્યાસ કરવાથી (एव) નિઃસંદેહ (चितः स्तोत्रं) જીવદ્રવ્યની સ્તુતિ (भवति) થાય છે. ભાવાર્થ આમ છે—જેવી રીતે 'પીળું, ભારે અને ચીકણું સુવર્ણ' એમ કહેતાં સુવર્ણની સ્વરૂપસ્તુતિ થાય છે, તેવી જ રીતે 'કેવળી એવા છે કે જેમણે પ્રથમ જ શુદ્ધ જીવસ્વરૂપનો અનુભવ કર્યો છે એટલે કે ઇન્દ્રિય-વિષય-કષાયને જીત્યાં છે, પછી મૂળથી ખપાવ્યાં છે, સકળ કર્મ ક્ષય કર્યાં

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

છે એટલે કે કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળવીર્ય અને કેવળસુખરૂપે બિરાજમાન પ્રગટ છે' એમ કહેતાં–જાણતાં–અનુભવતાં કેવળીની ગુણસ્વરૂપ સ્તુતિ થાય છે. આથી આ અર્થ નિશ્ચિત કર્યો કે જીવ અને કર્મ એક નથી, ભિન્ન ભિન્ન છે. વિવરણ— જીવ અને કર્મ એક હોત તો આટલો સ્તુતિભેદ કેમ હોત? ૨૭.

(માલિની)

**इति परिचिततत्त्वैरात्मकायैकतायां**
**नयविभजनयुक्त्यात्यन्तमुच्छादितायाम् ।**
**अवतरति न बोधो बोधमेवाद्य कस्य**
**स्वरसरभसकृष्टः प्रस्फुटन्नेक एव ॥२८॥**

**ખંડાન્વય સહિત અર્થ :**—''इति कस्य बोधः बोधम् अद्य न अवतरति'' (इति) આ પ્રકારે ભેદ દ્વારા સમજાવતાં (कस्य) ત્રણ લોકમાં એવો કયો જીવ છે કે જેને (बोधः) બોધ અર્થાત્ જ્ઞાનશક્તિ (बोधम्) સ્વસ્વરૂપના પ્રત્યક્ષ અનુભવશીલપણે (अद्य) આજ પણ (न अवतरति) પરિણમનશીલ ન થાય? ભાવાર્થ આમ છે કે જીવ-કર્મનું ભિન્નપણું અતિશય પ્રગટ કરીને બતાવ્યું; એ સાંભળતાં જે જીવને જ્ઞાન ઊપજતું નથી તેને ઠપકો દીધો છે. કયા પ્રકારે ભેદ દ્વારા સમજાવતાં? તે જ ભેદપ્રકાર બતાવે છે—''आत्मकायैकतायां परिचिततत्त्वैः नयविभजनयुक्त्या अत्यन्तम् उच्छादितायाम्'' (आत्म) ચેતનદ્રવ્ય અને (काय) કર્મપિંડના (एकतायां) એકત્વપણાને, (ભાવાર્થ આમ છે કે જીવ-કર્મ અનાદિબંધપર્યાયરૂપ એકપિંડ છે તેને,) (परिचिततत्त्वैः) સર્વજ્ઞો દ્વારા [વિવરણ—(परिचित) પ્રત્યક્ષપણે જાણ્યા છે (तत्त्वैः) જીવાદિ સકળ દ્રવ્યોના ગુણ-પર્યાયોને જેમણે એવા સર્વજ્ઞદેવ દ્વારા] (नय) દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિકરૂપ પક્ષપાતના (विभजन) વિભાગ—ભેદનિરૂપણ, (युक्त्या) ભિન્નસ્વરૂપ વસ્તુને સાધવી, તેના વડે (अत्यन्तं) અતિશય નિઃસંદેહપણે (उच्छादितायाम्) ઉચ્છેદવામાં આવે છે. જેમ ઢાંકેલો નિધિ પ્રગટ કરવામાં આવે છે તેમ જીવદ્રવ્ય પ્રગટ જ છે, પરન્તુ કર્મસંયોગથી ઢંકાયેલું હોવાથી મરણને પ્રાપ્ત થઈ રહ્યું હતું; તે ભ્રાન્તિ પરમગુરુ શ્રી તીર્થંકરનો ઉપદેશ સાંભળતાં મટે છે, કર્મસંયોગથી ભિન્ન શુદ્ધ

જીવસ્વરૂપનો અનુભવ થાય છે. આવો અનુભવ સમ્યક્ત્વ છે. કેવો છે બોધ? ''स्वरसरभसकृष्टः'' (स्वरस) જ્ઞાનસ્વભાવનો (रभस) ઉત્કર્ષ—અતિશય સમર્થપણું તેનાથી (कृष्टः) પૂજ્ય છે. વળી કેવો છે? ''प्रस्फुटन्'' પ્રગટપણે છે. વળી કેવો છે? ''एकः एव'' નિશ્ચયથી ચૈતન્યરૂપ છે. ૨૮.

(માલિની)

**अवतरति न यावद्वृत्तिमत्यन्तवेगा-**
**दनवमपरभावत्यागदृष्टान्तदृष्टिः ।**
**झटिति सकलभावैरन्यदीयैर्विमुक्ता**
**स्वयमियमनुभूतिस्तावदाविर्बभूव ।।२९।।**

ખંડાન્વય સહિત અર્થ :—''इयम् अनुभूतिः तावत् झटिति स्वयम् आविर्बभूव'' (इयम्) આ વિદ્યમાન (अनुभूतिः) અનુભૂતિ અર્થાત્ શુદ્ધચૈતન્યવસ્તુનું પ્રત્યક્ષપણે જાણપણું (तावत्) તેટલા કાળ સુધી (झटिति) તે જ સમયે (स्वयम्) સહજ જ પોતાના જ પરિણમનરૂપ (आविर्बभूव) પ્રગટ થઈ. કેવી છે તે અનુભૂતિ? ''अन्यदीयैः सकलभावैः विमुक्ता'' (अन्यदीयैः) શુદ્ધચૈતન્યસ્વરૂપથી અત્યંત ભિન્ન એવાં દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મસંબંધી (सकलभावैः) 'સકળ' અર્થાત્ જેટલા છે ગુણસ્થાન-માર્ગણાસ્થાનરૂપ રાગ-દ્વેષ-મોહ ઇત્યાદિ અતિ ઘણા વિકલ્પો એવા જે 'ભાવ' અર્થાત્ વિભાવરૂપ પરિણામ તેમનાથી (विमुक्ता) સર્વથા રહિત છે. ભાવાર્થ આમ છે કે જેટલા પણ વિભાવપરિણામસ્વરૂપ વિકલ્પો છે અથવા મન-વચનથી ઉપચાર કરી દ્રવ્ય-ગુણ-પર્યાયભેદરૂપ અથવા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યભેદરૂપ વિકલ્પો છે તેમનાથી રહિત શુદ્ધચેતનામાત્રના આસ્વાદરૂપ જ્ઞાન તેનું નામ અનુભવ કહેવાય છે. તે અનુભવ જે રીતે થાય છે તે કહે છે—''यावत् अपरभावत्यागदृष्टान्तदृष्टिः अत्यन्तवेगात् अनवम् वृत्तिम् न अवतरति'' (यावत्) જેટલો કાળ, જે કાળે (अपरभाव) શુદ્ધચૈતન્યમાત્રથી ભિન્ન દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મરૂપ જે સમસ્ત ભાવો તેમના (त्याग) 'આ ભાવો સમસ્ત જૂઠા છે, જીવનું સ્વરૂપ નથી' એવા પ્રત્યક્ષપણે આસ્વાદરૂપ જ્ઞાનના સૂચક (दृष्टान्त) ઉદાહરણની માફક—[વિવરણ—જેવી રીતે કોઈ પુરુષે ધોબીના ઘરેથી પોતાના વસ્ત્રના ભ્રમથી બીજાનું વસ્ત્ર આવતાં ઓળખ્યા વિના પહેરીને પોતાનું

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



જાણ્યું, પછી તે વસ્ત્રનો ધણી જે કોઈ હતો તેણે છેડો પકડીને કહ્યું કે 'આ વસ્ત્ર તો મારું છે,' ફરીને કહ્યું કે 'મારું જ છે,' આમ સાંભળતાં તે પુરુષે ચિહ્ન તપાસ્યું અને જાણ્યું કે 'મારું ચિહ્ન તો મળતું નથી, માટે નક્કી આ વસ્ત્ર મારું નથી, બીજાનું છે,' તેને આવી પ્રતીતિ થતાં ત્યાગ થયો ઘટે છે, વસ્ત્ર પહેરેલું જ છે તોપણ ત્યાગ ઘટે છે, કેમ કે સ્વામિત્વપણું છૂટી ગયું છે; તેવી રીતે અનાદિ કાળથી જીવ મિથ્યાદૃષ્ટિ છે તેથી કર્મસંયોગજનિત છે જે શરીર, દુઃખસુખ, રાગદ્વેષ આદિ વિભાવપર્યાયો તેમને પોતાનાં જ કરીને જાણે છે અને તે-રૂપે જ પ્રવર્તે છે, હેય-ઉપાદેય જાણતો નથી; આ પ્રમાણે અનંત કાળ ભ્રમણ કરતાં જ્યારે થોડો સંસાર રહે છે અને પરમગુરુનો ઉપદેશ પામે છે—ઉપદેશ એવો છે કે 'હે જીવ! જેટલાં છે જે શરીર, સુખ-દુઃખ, રાગ-દ્વેષ-મોહ, જેમને તું પોતાનાં કરીને જાણે છે અને એમાં રત થયો છે તે તો સઘળાંય તારાં નથી, અનાદિ કર્મસંયોગની ઉપાધિ છે'—ત્યારે એવું વારંવાર સાંભળતાં જીવવસ્તુનો વિચાર ઊપજ્યો કે 'જીવનું લક્ષણ તો શુદ્ધ ચિદ્રૂપ છે, તેથી આ બધી ઉપાધિ તો જીવની નથી, કર્મસંયોગની ઉપાધિ છે'; આવો નિશ્ચય જે કાળે થયો તે જ કાળે સકળ વિભાવભાવોનો ત્યાગ છે; શરીર, સુખ, દુઃખ જેમ હતાં તેમ જ છે, પરિણામોથી ત્યાગ છે, કેમ કે સ્વામિત્વપણું છૂટી ગયું છે. આનું જ નામ અનુભવ છે, આનું જ નામ સમ્યક્ત્વ છે. આ પ્રમાણે દૃષ્ટાન્તની માફક]—ઊપજી છે દૃષ્ટિ અર્થાત્ શુદ્ધ ચિદ્રૂપનો અનુભવ જેને એવો જે કોઈ જીવ છે તે (अनवम्) અનાદિ કાળથી ચાલ્યા આવતા (वृत्तिम्) જે કર્મપર્યાય સાથે એકત્વપણાના સંસ્કાર તે-રૂપે (न अवतरति) પરિણમતો નથી. ભાવાર્થ આમ છે—કોઈ જાણશે કે જેટલાં પણ શરીર, સુખ, દુઃખ, રાગ, દ્વેષ, મોહ છે તેમની ત્યાગબુદ્ધિ કંઈક અન્ય છે—કારણરૂપ છે તથા શુદ્ધ ચિદ્રૂપમાત્રનો અનુભવ કંઈક અન્ય છે—કાર્યરૂપ છે. તેના પ્રત્યે ઉત્તર આમ છે કે રાગ, દ્વેષ, મોહ, શરીર, સુખ, દુઃખ આદિ વિભાવપર્યાયરૂપ પરિણમતા જીવના જે કાળે આવા અશુદ્ધ પરિણમનરૂપ સંસ્કાર છૂટી જાય છે તે જ કાળે તેને અનુભવ છે. તેનું વિવરણ—શુદ્ધ ચેતનામાત્રનો આસ્વાદ આવ્યા વિના અશુદ્ધ ભાવરૂપ પરિણામ છૂટતા નથી અને અશુદ્ધ સંસ્કાર છૂટ્યા વિના શુદ્ધ સ્વરૂપનો અનુભવ થતો નથી. તેથી જે કાંઈ છે તે એક જ કાળ, એક જ વસ્તુ, એક જ જ્ઞાન, એક જ સ્વાદ છે. હવે જેને શુદ્ધ અનુભવ થયો છે તે જીવ જેવો છે તેવો જ કહે છે. ૨૯.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

(સ્વાગતા)

**सर्वतः स्वरसनिर्भरभावं**
**चेतये स्वयमहं स्वमिहैकम् ।**
**नास्ति नास्ति मम कश्चन मोहः**
**शुद्धचिद्घनमहोनिधिरस्मि ॥३०॥**

**ખંડાન્વય સહિત અર્થ :**—''इह अहं एकम् स्वम् स्वयम् चेतये'' (इह) વિભાવપરિણામો છૂટી ગયા હોવાથી (अहं) અનાદિનિધન ચિદ્રૂપ વસ્તુ એવો હું (एकं) સમસ્ત ભેદબુદ્ધિથી રહિત શુદ્ધ વસ્તુમાત્ર (स्वं) શુદ્ધ ચિદ્રૂપમાત્ર વસ્તુને (स्वयम्) પરોપદેશ વિના જ પોતામાં સ્વસંવેદનપ્રત્યક્ષરૂપ (चेतये) આસ્વાદું છું— (દ્રવ્યદ્રષ્ટિથી) જેવો હું છું એવો હવે (પર્યાયમાં) સ્વાદ આવે છે. કેવી છે શુદ્ધ ચિદ્રૂપવસ્તુ? ''सर्वतः स्वरसनिर्भरभावं'' (सर्वतः) અસંખ્યાત પ્રદેશોમાં (स्वरस) ચૈતન્યપણાથી (निर्भर) સંપૂર્ણ છે (भावं) સર્વસ્વ જેનું એવી છે. ભાવાર્થ આમ છે— કોઈ જાણશે કે જૈનસિદ્ધાન્તનો વારંવાર અભ્યાસ કરવાથી દ્રઢ પ્રતીતિ થાય છે તેનું નામ અનુભવ છે, પણ એમ નથી; મિથ્યાત્વકર્મનો રસ-પાક મટતાં મિથ્યાત્વભાવરૂપ પરિણમન મટે છે ત્યારે વસ્તુસ્વરૂપનો પ્રત્યક્ષપણે આસ્વાદ આવે છે તેનું નામ અનુભવ છે. વળી અનુભવશીલ જીવ જેવું અનુભવે છે તેવું કહે છે—''मम कश्चन मोहः नास्ति नास्ति'' (मम) મારે (कश्चन) દ્રવ્યપિંડરૂપ અથવા જીવસંબંધી ભાવપરિણમનરૂપ (मोहः) જેટલા વિભાવરૂપ અશુદ્ધ પરિણામ તે બધા (नास्ति नास्ति) સર્વથા નથી, નથી. હવે તે જેવો છે તેવો કહે છે— ''शुद्धचिद्घनमहोनिधिरस्मि'' (शुद्ध) સમસ્ત વિકલ્પોથી રહિત (चित्) ચૈતન્યના (घन) સમૂહરૂપ (महः) ઉદ્યોતનો (निधिः) સમુદ્ર (अस्मि) હું છું. ભાવાર્થ આમ છે—કોઈ જાણશે કે બધાયનું નાસ્તિપણું થાય છે, તેથી એમ કહ્યું કે શુદ્ધ ચિદ્રૂપમાત્ર વસ્તુ પ્રગટ છે. ૩૦.

(માલિની)

**इति सति सह सर्वैरन्यभावैर्विवेके**
**स्वयमयमुपयोगो बिभ्रदात्मानमेकम् ।**
**प्रकटितपरमार्थैर्दर्शनज्ञानवृत्तैः**
**कृतपरिणतिरात्माराम एव प्रवृत्तः ।।३१।।**

**ખંડાન્વય સહિત અર્થ :—**''एव अयम् उपयोगः स्वयम् प्रवृत्तः'' (एव) નિશ્ચયથી જે અનાદિનિધન છે એવું (अयम्) આ જ (उपयोगः) જીવદ્રવ્ય (स्वयम्) જેવું દ્રવ્ય હતું તેવું શુદ્ધપર્યાયરૂપ (प्रवृत्तः) પ્રગટ થયું. ભાવાર્થ આમ છે કે જીવદ્રવ્ય શક્તિરૂપે તો શુદ્ધ હતું પરન્તુ કર્મસંયોગપણે અશુદ્ધરૂપ પરિણમ્યું હતું; હવે અશુદ્ધપણું જવાથી જેવું હતું તેવું થઈ ગયું. કેવું થતાં શુદ્ધ થયું? ''इति सर्वैः अन्यभावैः सह विवेके सति'' (इति) પૂર્વોક્ત પ્રકારે (सर्वैः) શુદ્ધ ચિદ્રૂપમાત્રથી ભિન્ન એવાં સમસ્ત (अन्यभावैः सह) દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મથી (विवेके) શુદ્ધ ચૈતન્યનું ભિન્નપણું (सति) થતાં. ભાવાર્થ આમ છે કે જેમ સુવર્ણના પાનાને તપાવતાં કાલિમા જતી રહેવાથી સહજ જ સુવર્ણમાત્ર રહી જાય છે તેમ મોહ-રાગ-દ્વેષરૂપ વિભાવપરિણામમાત્ર જતાં સહજ જ શુદ્ધ ચૈતન્યમાત્ર રહી જાય છે. કેવી થતી થકી જીવવસ્તુ પ્રગટ થાય છે? ''एकम् आत्मानम् बिभ्रत्'' (एकम्) નિર્ભેદ-નિર્વિકલ્પ ચિદ્રૂપ વસ્તુ એવો જે (आत्मानम्) આત્મસ્વભાવ તે-રૂપ (बिभ्रत्) પરિણમી છે. વળી કેવો છે આત્મા? ''दर्शनज्ञानवृत्तैः कृतपरिणतिः'' (दर्शन) શ્રદ્ધા-રુચિ-પ્રતીતિ, (ज्ञान) જાણપણું, (वृत्तैः) શુદ્ધ પરિણતિ—એવાં જે રત્નત્રય તે-રૂપે (कृत) કર્યું છે (परिणतिः) પરિણમન જેણે એવો છે. ભાવાર્થ આમ છે કે મિથ્યાત્વપરિણતિનો ત્યાગ થતાં, શુદ્ધ સ્વરૂપનો અનુભવ થતાં, સાક્ષાત્ રત્નત્રય ઘટે છે. કેવાં છે દર્શન-જ્ઞાન-ચારિત્ર? ''प्रकटितपरमार्थैः'' (प्रकटित) પ્રગટ કર્યો છે (परमार्थैः) સકલકર્મક્ષયલક્ષણ મોક્ષ જેમણે એવાં છે. ભાવાર્થ આમ છે કે 'सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः' એવું કથન તો સર્વ જૈનસિદ્ધાન્તમાં છે અને તે જ પ્રમાણ છે. વળી કેવો છે શુદ્ધજીવ? ''आत्माराम'' (आत्म) પોતે જ છે

(आराम) ક્રીડાવન જેનું એવો છે. ભાવાર્થ આમ છે કે ચેતનદ્રવ્ય અશુદ્ધ અવસ્થારૂપે પરની સાથે પરિણમતું હતું તે તો મટ્યું, સાંપ્રત (વર્તમાનકાળે) સ્વરૂપપરિણમનમાત્ર છે. ૩૧.

(વસન્તતિલકા)

**मज्जन्तु निर्भरममी सममेव लोका**
**आलोकमुच्छलति शान्तरसे समस्ताः ।**
**आप्लाव्य विभ्रमतिरस्करिणीं भरेण**
**प्रोन्मग्न एष भगवानवबोधसिन्धुः ।।३२।।**

**ખંડાન્વય સહિત અર્થ :—**"एष भगवान् प्रोन्मग्नः" (एष) સદા કાળ પ્રત્યક્ષપણે ચેતનસ્વરૂપ છે એવો (भगवान्) ભગવાન અર્થાત્ જીવદ્રવ્ય (प्रोन्मग्नः) શુદ્ધાંગસ્વરૂપ દેખાડીને પ્રગટ થયો. ભાવાર્થ આમ છે કે આ ગ્રંથનું નામ નાટક અર્થાત્ અખાડો છે. ત્યાં પણ પ્રથમ જ શુદ્ધાંગ નાચે છે તથા અહીં પણ પ્રથમ જ જીવનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થયું. કેવો છે ભગવાન? "अवबोधसिन्धुः" (अवबोध) જ્ઞાનમાત્રનું (सिन्धुः) પાત્ર છે. અખાડામાં પણ પાત્ર નાચે છે, અહીં પણ જ્ઞાનપાત્ર જીવ છે. હવે જે રીતે પ્રગટ થયો તે કહે છે—"भरेण विभ्रमतिरस्करिणीं आप्लाव्य" (भरेण) મૂળથી ઉખાડીને દૂર કરી. તે કોણ? (विभ्रम) વિપરીત અનુભવ— મિથ્યાત્વરૂપ પરિણામ તે જ છે (तिरस्करिणीं) શુદ્ધસ્વરૂપ-આચ્છાદનશીલ અંતર્જવનિકા (અંદરનો પડદો) તેને (आप्लाव्य) મૂળથી જ દૂર કરીને. ભાવાર્થ આમ છે કે અખાડામાં પ્રથમ જ અંતર્જવનિકા કપડાની હોય છે, તેને દૂર કરીને શુદ્ધાંગ નાચે છે; અહીં પણ અનાદિ કાળથી મિથ્યાત્વપરિણતિ છે, તે છૂટતાં શુદ્ધસ્વરૂપ પરિણમે છે. શુદ્ધસ્વરૂપ પ્રગટ થતાં જે કાંઈ છે તે જ કહે છે—"अमी समस्ताः लोकाः शान्तरसे समम् एव मज्जन्तु" (अमी) જે વિદ્યમાન છે એવા (समस्ताः) બધા (लोकाः) જીવો, (शान्तरसे) જે અતીન્દ્રિયસુખગર્ભિત છે એવો શુદ્ધસ્વરૂપનો અનુભવ તેમાં (समम् एव) એકીવખતે જ (मज्जन्तु) મગ્ન થાઓ—તન્મય થાઓ. ભાવાર્થ આમ છે કે અખાડામાં તો શુદ્ધાંગ દેખાડે છે, ત્યાં જેટલા દેખનારા છે તે બધા એકીસાથે

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



જ મગ્ન થઈ દેખે છે; તેવી રીતે જીવનું સ્વરૂપ શુદ્ધરૂપ બતાવાયું થકું બધાય જીવોએ અનુભવ કરવાયોગ્ય છે. કેવો છે શાન્તરસ? ‘‘आलोकमुच्छलति’’ (आलोकम्) સમસ્ત ત્રૈલોક્યમાં (उच्छलति) સર્વોત્કૃષ્ટ છે, ઉપાદેય છે અથવા લોકાલોકનો જ્ઞાતા છે. હવે અનુભવ જેવો છે તેવો કહે છે—‘‘निर्भरम्’’ અતિશય મગ્નપણે છે. ૩૨.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# –૨–
# અજીવ અધિકાર

(શાર્દૂલવિક્રીડિત)

**जीवाजीवविवेकपुष्कलदृशा प्रत्याययत्पार्षदा-**
**नासंसारनिबद्धबन्धनविधिध्वंसाद्विशुद्धं स्फुटत् ।**
**आत्माराममनन्तधाम महसाध्यक्षेण नित्योदितं**
**धीरोदात्तमनाकुलं विलसति ज्ञानं मनो ह्लादयत् ।।१-३३।।**

**ખંડાન્વય સહિત અર્થ :**—''ज्ञानं विलसति'' (ज्ञानं) જ્ઞાન અર્થાત્ જીવદ્રવ્ય (विलसति) જેવું છે તેવું પ્રગટ થાય છે. ભાવાર્થ આમ છે કે અહીં સુધી વિધિરૂપે શુદ્ધાંગતત્ત્વરૂપ જીવનું નિરૂપણ કર્યું, હવે તે જ જીવનું પ્રતિષેધરૂપે નિરૂપણ કરે છે. તેનું વિવરણ—શુદ્ધ જીવ છે, ટંકોત્કીર્ણ છે, ચિદ્રૂપ છે એમ કહેવું તે વિધિ કહેવાય છે; જીવનું સ્વરૂપ ગુણસ્થાન નથી, કર્મ-નોકર્મ જીવનાં નથી, ભાવકર્મ જીવનું નથી એમ કહેવું તે પ્રતિષેધ કહેવાય છે. કેવું થતું થકું જ્ઞાન પ્રગટ થાય છે? ''मनो ह्लादयत्'' (मनः) અન્તઃકરણેન્દ્રિયને (ह्लादयत्) આનન્દરૂપ કરતું થકું. વળી કેવું થતું થકું? ''विशुद्धं'' આઠ કર્મોથી રહિતપણે સ્વરૂપરૂપે પરિણમ્યું થકું. વળી કેવું થતું થકું? ''स्फुटत्'' સ્વસંવેદનપ્રત્યક્ષ થતું થકું. વળી કેવું થતું થકું? ''आत्मारामम्'' (आत्म) સ્વસ્વરૂપ જ છે (आरामम्) ક્રીડાવન જેનું એવું થતું થકું. વળી કેવું થતું થકું? ''अनन्तधाम'' (अनन्त) મર્યાદાથી રહિત છે (धाम) તેજઃપુંજ જેનો એવું થતું થકું. વળી કેવું થતું થકું? ''अध्यक्षेण महसा नित्योदितं'' (अध्यक्षेण) નિરાવરણ પ્રત્યક્ષ (महसा) ચૈતન્યશક્તિ વડે (नित्योदितं) ત્રિકાળ શાશ્વત છે પ્રતાપ જેનો એવું થતું થકું.

વળી કેવું થતું થકું? ''धीरोदात्तम्'' (धीर) અડોલ અને (उदात्तम्) બધાથી મોટું એવું થતું થકું. વળી કેવું થતું થકું? ''अनाकुलं'' ઇન્દ્રિયજનિત સુખદુ:ખથી રહિત અતીન્દ્રિય સુખરૂપ બિરાજમાન થતું થકું. આવો જીવ જે રીતે પ્રગટ થયો તે કહે છે—''आसंसारनिबद्धबन्धनविधिध्वंसात्'' (आसंसार) અનાદિ કાળથી (निबद्ध) જીવ સાથે મળેલાં ચાલ્યાં આવતાં (बन्धनविधि) જ્ઞાનાવરણકર્મ, દર્શનાવરણકર્મ, વેદનીય, મોહનીય, આયુ, નામ, ગોત્ર, અન્તરાય એવાં છે જે દ્રવ્યપિંડરૂપ આઠ કર્મ તથા ભાવકર્મરૂપ છે જે રાગ-દ્વેષ-મોહપરિણામ–ઇત્યાદિ છે જે બહુ વિકલ્પો, તેમના (ध्वंसात्) વિનાશથી જીવસ્વરૂપ જેવું કહ્યું છે તેવું છે. ભાવાર્થ આમ છે કે જેવી રીતે જળ અને કાદવ જે કાળે એકત્ર મળેલાં છે તે જ કાળે જો સ્વરૂપનો અનુભવ કરવામાં આવે તો કાદવ જળથી ભિન્ન છે, જળ પોતાના સ્વરૂપે છે, તેવી રીતે સંસાર-અવસ્થામાં જીવ-કર્મ બંધપર્યાયરૂપે એક ક્ષેત્રે મળેલાં છે તે જ અવસ્થામાં જો શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરવામાં આવે તો સમસ્ત કર્મ જીવસ્વરૂપથી ભિન્ન છે, જીવદ્રવ્ય સ્વચ્છસ્વરૂપે જેવું કહ્યું તેવું છે. આવી બુદ્ધિ જે રીતે ઊપજી તે કહે છે—''यत्पार्षदान् प्रत्याययत्'' (यत्) જે કારણથી (पार्षदान्) ગણધર-મુનીશ્વરોને (प्रत्याययत्) પ્રતીતિ ઉપજાવીને. ક્યા કારણથી પ્રતીતિ ઊપજી તે જ કહે છે—''जीवाजीवविवेकपुष्कलदृशा'' (जीव) ચેતન્યદ્રવ્ય અને (अजीव) જડ—કર્મ-નોકર્મ-ભાવકર્મ તેમના (विवेक) ભિન્નભિન્નપણારૂપ (पुष्कल) વિસ્તીર્ણ (दृशा) જ્ઞાનદૃષ્ટિથી. જીવ અને કર્મનો ભિન્નભિન્ન અનુભવ કરતાં જીવ જેવો કહ્યો છે તેવો છે. ૧–૩૩.

(માલિની)

विरम किमपरेणाकार्यकोलाहलेन
स्वयमपि निभृतः सन् पश्य षण्मासमेकम्।
हृदयसरसि पुंसः पुद्गलाद्भिन्नधाम्नो
ननु किमनुपलब्धिर्भाति किं चोपलब्धिः॥२-३४॥

**ખંડાન્વય સહિત અર્થ** :—''विरम अपरेण अकार्यकोलाहलेन किम्'' (विरम) હે જીવ! વિરક્ત થા, હઠ ન કર, (अपरेण) મિથ્યાત્વરૂપ છે અને (अकार्य) કર્મબંધને

કરે છે એવા (कोलाहलेन किम्) જે જૂઠા વિકલ્પો તેમનાથી શું? તેનું વિવરણ—કોઈ મિથ્યાદ્રષ્ટિ જીવ શરીરને જીવ કહે છે, કોઈ મિથ્યાદ્રષ્ટિ જીવ આઠ કર્મોને જીવ કહે છે, કોઈ મિથ્યાદ્રષ્ટિ જીવ રાગાદિ સૂક્ષ્મ અધ્યવસાયને જીવ કહે છે—ઈત્યાદિરૂપે અનેક પ્રકારના બહુ વિકલ્પો કરે છે. હે જીવ! તે બધાય વિકલ્પો છોડ, કેમ કે તે જૂઠા છે. "निभृतः सन् स्वयं एकम् पश्य" (निभृतः) એકાગ્રરૂપ (सन्) થતો થકો (एकम्) શુદ્ધ ચિદ્રૂપમાત્રનો (स्वयम्) સ્વસંવેદનપ્રત્યક્ષપણે (पश्य) અનુભવ કર. "षण्मासम्" વિપરીતપણું જે રીતે છૂટે તે રીતે છોડીને. "अपि" વારંવાર બહુ શું કહેવું? આવો અનુભવ કરતાં સ્વરૂપપ્રાપ્તિ છે, તે જ કહે છે—"ननु हृदयसरसि पुंसः अनुपलब्धिः किम् भाति" (ननु) હે જીવ! (हृदयसरसि) મનરૂપી સરોવરમાં છે (पुंसः) જે જીવદ્રવ્ય તેની (अनुपलब्धिः) અપ્રાપ્તિ (किं भाति) શોભે છે શું? ભાવાર્થ આમ છે કે શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરતાં સ્વરૂપની પ્રાપ્તિ ન થાય એમ તો નથી; "च उपलब्धिः" (च) છે તો એમ જ છે કે (उपलब्धिः) અવશ્ય પ્રાપ્તિ થાય છે. કેવું છે જીવદ્રવ્ય? "पुद्गलात् भिन्नधाम्नः" (पुद्गलात्) દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મથી (भिन्नधाम्नः) ભિન્ન છે—ચેતનરૂપ છે—તેજઃપુંજ જેનો, એવું છે. ૨–૩૪.

(અનુષ્ટુપ)

**चिच्छक्तिव्याप्तसर्वस्वसारो जीव इयानयम् ।**
**अतोऽतिरिक्ताः सर्वेऽपि भावाः पौद्गलिका अमी ।।३-३५।।**

**ખંડાન્વય સહિત અર્થ** :—"अयम् जीवः इयान्" (अयम्) વિદ્યમાન છે એવું (जीवः) ચેતનદ્રવ્ય (इयान्) આટલું જ છે. કેવું છે? "चिच्छक्तिव्याप्तसर्वस्वसारः" (चित्-शक्ति) ચેતનામાત્ર સાથે (व्याप्त) મળેલા છે (सर्वस्वसारः) દર્શન, જ્ઞાન, ચારિત્ર, સુખ, વીર્ય ઈત્યાદિ અનંત ગુણો જેના એવું છે. "अमी सर्वे अपि पौद्गलिकाः भावाः अतः अतिरिक्ताः" (अमी) વિદ્યમાન છે એવા, (सर्वे अपि) દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મરૂપ જેટલા છે તે બધા, (पौद्गलिकाः) અચેતન પુદ્ગલદ્રવ્યથી ઊપજ્યા છે એવા (भावाः) અશુદ્ધ રાગાદિરૂપ સમસ્ત વિભાવપરિણામો (अतः) શુદ્ધચેતનામાત્ર જીવવસ્તુથી (अतिरिक्ताः) અત્યંત ભિન્ન છે. આવા જ્ઞાનનું નામ અનુભવ કહેવાય છે. ૩–૩૫.

(માલિની)

**सकलमपि विहायाह्नाय चिच्छक्तिरिक्तं**
**स्फुटतरमवगाह्य स्वं च चिच्छक्तिमात्रम्।**
**इममुपरि चरन्तं चारु विश्वस्य साक्षात्**
**कलयतु परमात्मात्मानमात्मन्यनन्तम्॥४-३६॥***

**ખંડાન્વય સહિત અર્થ :—**"आत्मा आत्मनि इमम् आत्मानम् कलयतु" (आत्मा) આત્મા અર્થાત્ જીવદ્રવ્ય (आत्मनि) પોતામાં (इमम् आत्मानम्) પોતાને (कलयतु) નિરંતર અનુભવો. કેવો છે અનુભવયોગ્ય આત્મા? "विश्वस्य साक्षात् उपरि चरन्तं" (विश्वस्य) સમસ્ત ત્રૈલોક્યમાં (उपरि चरन्तं) સર્વોત્કૃષ્ટ છે, ઉપાદેય છે—(साक्षात्) એવો જ છે, વધારીને નથી કહેતા. વળી કેવો છે? "चारु" સુખસ્વરૂપ છે. વળી કેવો છે? "परम्" શુદ્ધસ્વરૂપ છે. વળી કેવો છે? "अनन्तम्" શાશ્વત છે. હવે જે રીતે અનુભવ થાય છે તે જ કહે છે—"चिच्छक्तिरिक्तं सकलम् अपि अह्नाय विहाय" (चित्-शक्तिरिक्तं) જ્ઞાનગુણથી શૂન્ય એવાં (सकलम् अपि) સમસ્ત દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મોને (अह्नाय) મૂળથી (विहाय) છોડીને. ભાવાર્થ આમ છે કે જેટલી કોઈ કર્મજાતિ છે તે સમસ્ત હેય છે, તેમાં કોઈ કર્મ ઉપાદેય નથી. વળી અનુભવ જે રીતે થાય છે તે કહે છે—"चिच्छक्तिमात्रम् स्वं च स्फुटतरम् अवगाह्य" (चित्-शक्तिमात्रम्) જ્ઞાનગુણ તે જ છે સ્વરૂપ જેનું એવા (स्वं च) પોતાને (स्फुटतरम्) પ્રત્યક્ષપણે (अवगाह्य) આસ્વાદીને. ભાવાર્થ આમ છે કે જેટલા વિભાવપરિણામો છે તે બધાય જીવના નથી, શુદ્ધ ચૈતન્યમાત્ર જીવ છે એવો અનુભવ કર્તવ્ય છે. ૪-૩૬.

(શાલિની)

**वर्णाद्या वा रागमोहादयो वा**
**भिन्ना भावाः सर्व एवास्य पुंसः।**
**तेनैवान्तस्तत्त्वतः पश्यतोऽमी**
**नो दृष्टाः स्युर्दृष्टमेकं परं स्यात्॥५-३७॥**

* મુદ્રિત "આત્મખ્યાતિ" ટીકામાં શ્લોક નં. ૩૫ અને ૩૬ આગળ પાછળ આવ્યા છે.

ખંડાન્વય સહિત અર્થ :—"अस्य पुंसः सर्वे एव भावाः भिन्नाः" (अस्य) વિદ્યમાન છે એવા (पुंसः) શુદ્ધ ચૈતન્યદ્રવ્યથી (सर्वे) જેટલા છે તે બધા (भावाः) ભાવ અર્થાત્ અશુદ્ધ વિભાવપરિણામ (एव) નિશ્ચયથી (भिन्नाः) ભિન્ન છે—જીવસ્વરૂપથી નિરાળા છે. તે ક્યા ભાવ? "वर्णाद्याः वा रागमोहादयः वा" (वर्णाद्याः) એક કર્મ અચેતન શુદ્ધ પુદ્ગલપિંડરૂપ છે તે તો જીવસ્વરૂપથી નિરાળા જ છે; (वा) એક તો એવા છે કે (रागमोहादयः) વિભાવરૂપ-અશુદ્ધરૂપ છે, દેખતાં ચેતન જેવા દેખાય છે, એવા જે રાગ-દ્વેષ-મોહરૂપ જીવસંબંધી પરિણામો તેઓ પણ, શુદ્ધ જીવસ્વરૂપને અનુભવતાં, જીવસ્વરૂપથી ભિન્ન છે. અહીં કોઈ પ્રશ્ન કરે છે કે વિભાવપરિણામોને જીવસ્વરૂપથી 'ભિન્ન' કહ્યા, ત્યાં 'ભિન્ન'નો ભાવાર્થ તો હું સમજ્યો નહિ; 'ભિન્ન' કહેતાં, 'ભિન્ન' છે તે વસ્તુરૂપ છે કે 'ભિન્ન' છે તે અવસ્તુરૂપ છે? ઉત્તર આમ છે કે અવસ્તુરૂપ છે. "तेन एव अन्तस्तत्त्वतः पश्यतः अमी दृष्टाः नो स्युः" (तेन एव) તે કારણે જ (अन्तःतत्त्वतः पश्यतः) શુદ્ધ સ્વરૂપનો અનુભવશીલ છે જે જીવ તેને (अमी) વિભાવપરિણામો (दृष्टाः) દ્રષ્ટિગોચર (नो स्युः) નથી થતા; "परं एकं दृष्टम् स्यात्" (परं) ઉત્કૃષ્ટ છે એવું (एकं) શુદ્ધ ચૈતન્યદ્રવ્ય (दृष्टम्) દ્રષ્ટિગોચર (स्यात्) થાય છે. ભાવાર્થ આમ છે કે વર્ણાદિક અને રાગાદિક વિદ્યમાન દેખાય છે તોપણ સ્વરૂપ અનુભવતાં સ્વરૂપમાત્ર છે, તેથી વિભાવપરિણતિરૂપ વસ્તુ તો કાંઈ નથી. ૫-૩૭.

(ઉપજાતિ)

निर्वर्त्यते येन यदत्र किञ्चित्
तदेव तत्स्यान्न कथंचनान्यत्।
रुक्मेण निर्वृत्तमिहासिकोशं
पश्यन्ति रुक्मं न कथंचनासिम्॥६-३८॥

ખંડાન્વય સહિત અર્થ :—"अत्र येन यत् किञ्चित् निर्वर्त्यते तत् तत् एव स्यात्, कथञ्चन न अन्यत्" (अत्र) વસ્તુનું સ્વરૂપ વિચારતાં (येन) મૂળકારણરૂપ વસ્તુથી (यत् किञ्चित्) જે કાંઈ કાર્યનિષ્પત્તિરૂપ વસ્તુનો પરિણામ (निर्वर्त्यते) પર્યાયરૂપ નીપજે છે, (तत्) જે નીપજ્યો છે તે પર્યાય (तत् एव स्यात्) નીપજ્યો થકો જે

દ્રવ્યથી નીપજ્યો છે તે જ દ્રવ્ય છે, (कथञ्चन न अन्यत्) નિશ્ચયથી અન્ય દ્રવ્યરૂપ નથી થયો. તે જ દ્રષ્ટાંત દ્વારા કહે છે—''इह रुक्मेण असिकोशं निर्वृत्तम्'' (इह) પ્રત્યક્ષ છે કે (रुक्मेण) ચાંદીધાતુથી (असिकोशं) તલવારનું મ્યાન (निर्वृत्तम्) ઘડીને મોજૂદ કર્યું ત્યાં ''रुक्मं पश्यन्ति, कथञ्चन न असिम्'' (रुक्मं) જે મ્યાન મોજૂદ થયું તે વસ્તુ તો ચાંદી જ છે (पश्यन्ति) એમ પ્રત્યક્ષપણે સર્વ લોક દેખે છે અને માને છે; (कथञ्चन) 'ચાંદીની તલવાર' એમ કથનમાં તો કહેવાય છે તથાપિ (न असिम्) ચાંદીની તલવાર નથી. ભાવાર્થ આમ છે કે ચાંદીના મ્યાનમાં તલવાર રહે છે તે કારણે 'ચાંદીની તલવાર' એમ કહેવામાં આવે છે તોપણ ચાંદીનું મ્યાન છે, તલવાર લોઢાની છે, ચાંદીની તલવાર નથી. ૬-૩૮.

(ઉપજાતિ)

**वर्णादिसामग्र्यमिदं विदन्तु**
**निर्माणमेकस्य हि पुद्गलस्य।**
**ततोऽस्त्विदं पुद्गल एव नात्मा**
**यतः स विज्ञानघनस्ततोऽन्यः॥७-३६॥**

ખંડાન્વય સહિત અર્થ :—''हि इदं वर्णादिसामग्र्यम् एकस्य पुद्गलस्य निर्माणम् विदन्तु'' (हि) નિશ્ચયથી (इदं) વિદ્યમાન (वर्णादिसामग्र्यम्) ગુણસ્થાન, માર્ગણાસ્થાન, દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ ઈત્યાદિ જેટલા અશુદ્ધ પર્યાયો છે તે બધાય (एकस्य पुद्गलस्य) એકલા પુદ્ગલદ્રવ્યનું (निर्माणम्) કાર્ય છે અર્થાત્ પુદ્ગલદ્રવ્યના ચિતરામણ જેવા છે એમ (विदन्तु) હે જીવો! નિઃસંદેહપણે જાણો. ''ततः इदं पुद्गलः एव अस्तु, न आत्मा'' (ततः) તે કારણથી (इदं) શરીરાદિ સામગ્રી (पुद्गलः) જે પુદ્ગલદ્રવ્યથી થઈ છે તે જ પુદ્ગલદ્રવ્ય છે, (एव) નિશ્ચયથી (अस्तु) તે જ છે; (न आत्मा) આત્મા અજીવદ્રવ્યરૂપ થયો નથી. ''यतः सः विज्ञानघनः'' (यतः) જેથી (सः) જીવદ્રવ્ય (विज्ञानघनः) જ્ઞાનગુણનો સમૂહ છે, ''ततः अन्यः'' (ततः) તેથી (अन्यः) જીવદ્રવ્ય ભિન્ન છે, શરીરાદિ પરદ્રવ્ય ભિન્ન છે. ભાવાર્થ આમ છે કે લક્ષણભેદે વસ્તુનો ભેદ હોય છે, તેથી ચૈતન્યલક્ષણે જીવવસ્તુ ભિન્ન છે,

અચેતનલક્ષણે શરીરાદિ ભિન્ન છે. અહીં કોઈ આશંકા કરે છે કે કહેવામાં તો એમ જ કહેવાય છે કે 'એકેન્દ્રિય જીવ, બે-ઇન્દ્રિય જીવ' ઇત્યાદિ; દેવ જીવ, મનુષ્ય જીવ' ઇત્યાદિ; 'રાગી જીવ, દ્વેષી જીવ' ઇત્યાદિ. ઉત્તર આમ છે કે કહેવામાં તો વ્યવહારથી એમ જ કહેવાય છે, નિશ્ચયથી એવું કહેવું જૂઠું છે. તે (હવે) કહે છે. ૭-૩૯.

(અનુષ્ટુપ)

**घृतकुम्भाभिधानेऽपि कुम्भो घृतमयो न चेत्।**
**जीवो वर्णादिमज्जीवो जल्पनेऽपि न तन्मयः॥८-४०॥**

**ખંડાન્વય સહિત અર્થ :—**દૃષ્ટાંત કહે છે—''चेत् कुम्भः घृतमयः न'' (चेत्) જો એમ છે કે (कुम्भः) ઘડો (घृतमयः न) ઘીનો તો નથી, માટીનો છે, ''घृतकुम्भामिधाने अपि'' (घृतकुम्भ) 'ઘીનો ઘડો' (अभिधाने अपि) એમ કહેવાય છે તથાપિ ઘડો માટીનો છે, [ભાવાર્થ આમ છે—જે ઘડામાં ઘી રાખવામાં આવે છે તે ઘડાને જોકે 'ઘીનો ઘડો' એમ કહેવાય છે તોપણ ઘડો માટીનો છે, ઘી ભિન્ન છે,] તો તેવી રીતે ''वर्णादिमज्जीवः जल्पने अपि जीवः तन्मयः न'' (वर्णादिमज्जीवः जल्पने अपि) જોકે 'શરીર-સુખ-દુઃખ-રાગ-દ્વેષસંયુક્ત જીવ' એમ કહેવાય છે તોપણ (जीवः तन्मयः न) ચેતનદ્રવ્ય એવો જીવ તો શરીર નથી, જીવ તો મનુષ્ય નથી; જીવ ચેતનસ્વરૂપ ભિન્ન છે. ભાવાર્થ આમ છે કે આગમમાં ગુણસ્થાનોનું સ્વરૂપ કહ્યું છે ત્યાં 'દેવ જીવ, મનુષ્ય જીવ, રાગી જીવ, દ્વેષી જીવ' ઇત્યાદિ ઘણા પ્રકારે કહ્યું છે, પણ તે સઘળુંય કહેવું વ્યવહારમાત્રથી છે; દ્રવ્યસ્વરૂપ જોતાં એવું કહેવું જૂઠું છે. કોઈ પ્રશ્ન કરે છે કે જીવ કેવો છે? ઉત્તર–જેવો છે તેવો હવે કહે છે. ૮–૪૦.

(અનુષ્ટુપ)

**अनाद्यनन्तमचलं स्वसंवेद्यमबाधितम्।**
**जीवः स्वयं तु चैतन्यमुच्चैश्चकचकायते॥९-४१॥**

**ખંડાન્વય સહિત અર્થ :—**''तु जीवः चैतन्यम् स्वयं उच्चैः चकचकायते'' (तु) દ્રવ્યનું સ્વરૂપ વિચારતાં (जीवः) આત્મા (चैतन्यम्) ચૈતન્યસ્વરૂપ છે, (स्वयं) પોતાના

સામર્થ્યથી (उच्चैः) અતિશયપણે (चकचकायते) ઘણો જ પ્રકાશે છે. કેવું છે ચૈતન્ય? ''अनाद्यनन्तम्'' (अनादि) જેનો આદિ નથી, (अनन्तम्) જેનો અંત–વિનાશ નથી, એવું છે. વળી કેવું છે ચૈતન્ય? ''अचलं'' જેને ચળતા–પ્રદેશકંપ નથી એવું છે. વળી કેવું છે? ''स्वसंवेद्यं'' પોતાથી જ પોતે જણાય છે. વળી કેવું છે? ''अबाधितम्'' અમીટ (મટે નહિ એવું) છે. જીવનું સ્વરૂપ આવું છે. ૯–૪૧.

(શાર્દૂલવિક્રીડિત)

**वर्णाद्यैः सहितस्तथा विरहितो द्वेधास्त्यजीवो यतो**
**नामूर्तत्वमुपास्य पश्यति जगज्जीवस्य तत्त्वं ततः।**
**इत्यालोच्य विवेचकैः समुचितं नाव्याप्यतिव्यापि वा**
**व्यक्तं व्यञ्जितजीवतत्त्वमचलं चैतन्यमालम्ब्यताम्॥१०-४२॥**

**ખંડાન્વય સહિત અર્થ :**—''विवेचकैः इति आलोच्य चैतन्यम् आलम्ब्यताम्'' (विवेचकैः) જેમને ભેદજ્ઞાન છે એવા પુરુષો (इति) જે પ્રકારે કહેવાશે તે પ્રકારે (आलोच्य) વિચારીને (चैतन्यम्) ચૈતન્યનો–ચેતનમાત્રનો (आलम्ब्यताम्) અનુભવ કરો. કેવું છે ચૈતન્ય? ''समुचितं'' અનુભવ કરવાયોગ્ય છે. વળી કેવું છે? ''अव्यापि न'' જીવદ્રવ્યથી ક્યારેય ભિન્ન હોતું નથી, (अतिव्यापि वा) જીવથી અન્ય છે જે પાંચ દ્રવ્યો તેમનાથી અન્ય છે. વળી કેવું છે? ''व्यक्तं'' પ્રગટ છે. વળી કેવું છે? ''व्यञ्जितजीवतत्त्वम्'' (व्यञ्जित) પ્રગટ કર્યું છે (जीवतत्त्वम्) જીવનું સ્વરૂપ જેણે, એવું છે. વળી કેવું છે? ''अचलं'' પ્રદેશકંપથી રહિત છે. ''ततः जगत् जीवस्य तत्त्वं अमूर्तत्वं उपास्य न पश्यति'' (ततः) તે કારણથી (जगत्) સર્વ જીવરાશિ (जीवस्य तत्त्वं) જીવના નિજ સ્વરૂપને (अमूर्तत्वम्) સ્પર્શ, રસ, ગંધ, વર્ણગુણથી રહિતપણું (उपास्य) માનીને (न पश्यति) અનુભવતો નથી; [ભાવાર્થ આમ છે—કોઈ જાણશે કે 'જીવ અમૂર્ત' એમ જાણીને અનુભવ કરવામાં આવે છે પણ એ રીતે તો અનુભવ નથી. જીવ અમૂર્ત તો છે પરંતુ અનુભવકાળમાં એમ અનુભવે છે કે 'જીવ ચૈતન્યલક્ષણ;'] ''यतः अजीवः द्वेधा अस्ति'' (यतः) કારણ કે (अजीवः) અચેતનદ્રવ્ય (द्वेधा अस्ति) બે પ્રકારનાં છે. તે બે પ્રકાર કયા છે? ''वर्णाद्यैः सहितः तथा विरहितः'' (वर्णाद्यैः) વર્ણ,

રસ, ગંધ અને સ્પર્શથી (सहितः) સંયુક્ત છે, કેમ કે એક પુદ્‌ગલદ્રવ્ય એવું પણ છે; (तथा विरहितः) તથા વર્ણ, રસ, ગંધ અને સ્પર્શથી રહિત પણ છે, કેમ કે ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય, કાળદ્રવ્ય અને આકાશદ્રવ્ય એ ચાર દ્રવ્યો બીજાં પણ છે, તે અમૂર્તદ્રવ્યો કહેવાય છે. તે અમૂર્તપણું અચેતનદ્રવ્યોને પણ છે; તેથી અમૂર્તપણું જાણીને જીવનો અનુભવ નથી કરાતો, ચેતન જાણીને જીવનો અનુભવ કરાય છે. ૧૦–૪૨.

(વસંતતિલકા)

जीवादजीवमिति लक्षणतो विभिन्नं
ज्ञानी जनोऽनुभवति स्वयमुल्लसन्तम्।
अज्ञानिनो निरवधिप्रविजृम्भितोऽयं
मोहस्तु तत्कथमहो बत नानटीति॥११-४३॥

ખંડાન્વય સહિત અર્થઃ—"ज्ञानी जनः लक्षणतः जीवात् अजीवम् विभिन्नं इति स्वयं अनुभवति" (ज्ञानी जनः) સમ્યગ્દ્રષ્ટિ જીવ, (लक्षणतः) જીવનું લક્ષણ ચેતના તથા અજીવનું લક્ષણ જડ એવો મોટો ભેદ છે તેથી (जीवात्) જીવદ્રવ્યથી (अजीवम्) અજીવદ્રવ્ય–પુદ્‌ગલ આદિ (विभिन्नं) સહજ જ ભિન્ન છે, (इति) આ પ્રકારે (स्वयं) સ્વાનુભવપ્રત્યક્ષપણે (अनुभवति) આસ્વાદ કરે છે. કેવું છે અજીવદ્રવ્ય? "उल्लसन्तम्" પોતાના ગુણ-પર્યાયથી પ્રકાશમાન છે. "तत् तु अज्ञानिनः अयं मोहः कथम् अहो नानटीति बत" (तत् तु) આમ છે તો પછી (अज्ञानिनः) મિથ્યાદ્રષ્ટિ જીવને (अयं) જે પ્રગટ છે એવો (मोहः) જીવ-કર્મના એકત્વરૂપ વિપરીત સંસ્કાર (कथम् नानटीति) કેમ પ્રવર્તી રહ્યો છે (बत अहो) એ આશ્ચર્ય છે! ભાવાર્થ આમ છે કે સહજ જ જીવ-અજીવ ભિન્ન છે એવું અનુભવતાં તો બરાબર છે, સત્ય છે; મિથ્યાદ્રષ્ટિ જે એક કરીને અનુભવે છે તે આવો અનુભવ કઈ રીતે આવે છે એ મોટો અચંબો છે. કેવો છે મોહ? "निरवधिप्रविजृम्भितः" (निरवधि) અનાદિ કાળથી (प्रविजृम्भितः) સંતાનરૂપે પ્રસરી રહ્યો છે. ૧૧–૪૩.

(વસંતતિલકા)

**अस्मिन्ननादिनि महत्यविवेकनाट्ये**
**वर्णादिमान्नटति पुद्गल एव नान्यः।**
**रागादिपुद्गलविकारविरुद्धशुद्ध-**
**चैतन्यधातुमयमूर्तिरयं च जीवः॥१२-४४॥**

**ખંડાન્વય સહિત અર્થ :—**"अस्मिन् अविवेकनाट्ये पुद्गलः एव नटति" (अस्मिन्) અનંત કાળથી વિદ્યમાન છે એવો જે (अविवेक) જીવ-અજીવની એકત્વબુદ્ધિરૂપ મિથ્યા સંસ્કાર તે-રૂપ છે (नाट्ये) ધારાસંતાનરૂપ વારંવાર વિભાવપરિણામ, તેમાં (पुद्गलः) પુદ્ગલ અર્થાત્ અચેતન મૂર્તિમાન દ્રવ્ય (एव) નિશ્ચયથી (नटति) અનાદિ કાળથી નાચે છે, "न अन्यः" ચેતનદ્રવ્ય નાચતું નથી. ભાવાર્થ આમ છે કે—ચેતનદ્રવ્ય અને અચેતનદ્રવ્ય અનાદિ છે, પોતપોતાના સ્વરૂપે છે, પરસ્પર ભિન્ન છે. આવો અનુભવ પ્રગટપણે સુગમ છે; જેને એકત્વસંસ્કારરૂપ અનુભવ છે તે અચંબો છે. એવું કેમ અનુભવે છે? કેમ કે એક ચેતનદ્રવ્ય, એક અચેતનદ્રવ્ય—એ રીતે અંતર તો ઘણું. અથવા અચંબો પણ નથી, કેમ કે અશુદ્ધપણાના કારણે બુદ્ધિને ભ્રમ થાય છે. જેવી રીતે ધતૂરો પીતાં દૃષ્ટિ વિચલિત થાય છે, શ્વેત શંખને પીળો દેખે છે, પણ વસ્તુ વિચારતાં આવી દૃષ્ટિ સહજની તો નથી, દૃષ્ટિદોષ છે, દૃષ્ટિદોષને ધતૂરો ઉપાધિ પણ છે; તેવી રીતે જીવદ્રવ્ય અનાદિથી કર્મસંયોગરૂપે મળેલું જ ચાલ્યું આવે છે, મળેલું હોવાથી વિભાવરૂપ અશુદ્ધપણે પરિણમી રહ્યું છે, અશુદ્ધપણાના કારણે જ્ઞાનદૃષ્ટિ અશુદ્ધ છે, તે અશુદ્ધ દૃષ્ટિ વડે ચેતનદ્રવ્યને પુદ્ગલકર્મની સાથે એકત્વસંસ્કારરૂપ અનુભવે છે—આવો સંસ્કાર તો વિદ્યમાન છે, પણ વસ્તુસ્વરૂપ વિચારતાં આવી અશુદ્ધ દૃષ્ટિ સહજની તો નથી, અશુદ્ધ છે, દૃષ્ટિદોષ છે અને દૃષ્ટિદોષને પુદ્ગલપિંડરૂપ મિથ્યાત્વકર્મનો ઉદય ઉપાધિ પણ છે. હવે જેવી રીતે દૃષ્ટિદોષથી શ્વેત શંખને પીળો અનુભવે છે તો પછી દૃષ્ટિમાં દોષ છે, શંખ તો શ્વેત જ છે, પીળો દેખતાં શંખ તો પીળો થયો નથી; તેવી રીતે મિથ્યા દૃષ્ટિથી ચેતનવસ્તુ અને અચેતનવસ્તુને એક કરીને

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



અનુભવે છે તો પછી દ્રષ્ટિનો દોષ છે, વસ્તુ જેવી ભિન્ન છે. તેવી જ છે, એક કરીને અનુભવતાં એક થતી નથી, કેમ કે ઘણું અંતર છે. કેવું છે અવિવેકનાટ્ય (અર્થાત્ જીવ-અજીવની એકત્વબુદ્ધિરૂપ વિભાવપરિણામ)? ''अनादिनि'' અનાદિથી એકત્વ-સંસ્કારબુદ્ધિ ચાલી આવી છે–એવું છે. વળી કેવું છે અવિવેકનાટ્ય? ''महति'' જેમાં થોડુંક વિપરીતપણું નથી, ઘણું વિપરીતપણું છે. કેવું છે પુદ્ગલ? ''वर्णादिमान्'' સ્પર્શ, રસ, ગંધ, વર્ણગુણથી સંયુક્ત છે. ''च अयं जीवः रागादि-पुद्गलविकारविरुद्धशुद्धचैतन्यधातुमयमूर्तिः'' (च अयं जीवः) અને આ જીવવસ્તુ આવી છેઃ (रागादि) રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ એવા અસંખ્યાત લોકમાત્ર અશુદ્ધરૂપ જીવના પરિણામ—(पुद्गलविकार) અનાદિ બંધપર્યાયથી વિભાવપરિણામ—તેમનાથી (विरुद्ध) રહિત છે એવી, (शुद्ध) નિર્વિકાર છે એવી (चैतन्यधातु) શુદ્ધ ચિદ્રૂપ વસ્તુ (मय) તે-રૂપ છે (मूर्तिः) સર્વસ્વ જેનું એવી છે. ભાવાર્થ આ પ્રમાણે છે કે જેમ પાણી કાદવ મળતાં મેલું છે, ત્યાં તે મેલાપણું રંગ છે, તે રંગને અંગીકાર નહિ કરતાં બાકી જે કાંઈ છે તે પાણી જ છે; તેમ જીવને કર્મબંધપર્યાયરૂપ અવસ્થામાં રાગાદિ ભાવ રંગ છે, તે રંગને અંગીકાર નહિ કરતાં બાકી જે કાંઈ છે તે ચેતનધાતુમાત્ર વસ્તુ છે. આનું નામ શુદ્ધસ્વરૂપ-અનુભવ જાણવું, કે જે સમ્યગ્દ્રષ્ટિને હોય છે. ૧૨–૪૪.

(મંદાક્રાન્તા)

**इत्थं ज्ञानक्रकचकलनापाटनं नाटयित्वा**
**जीवाजीवौ स्फुटविघटनं नैव यावत्प्रयातः।**
**विश्वं व्याप्य प्रसभविकसद्व्यक्तचिन्मात्रशक्त्या**
**ज्ञातृद्रव्यं स्वयमतिरसात्तावदुच्चैश्चकाशे॥१३-४५॥**

ખંડાન્વય સહિત અર્થઃ—''ज्ञातृद्रव्यं तावत् स्वयं अतिरसात् उच्चैः चकाशे'' (ज्ञातृद्रव्यं) ચેતનવસ્તુ (तावत्) વર્તમાન કાળે (स्वयं) પોતાની મેળે (अतिरसात्) અત્યંત પોતાના સ્વાદ સહિત (उच्चैः) સર્વ પ્રકારે (चकाशे) પ્રગટ થઈ. શું કરીને? ''विश्वं व्याप्य'' (विश्वं) સમસ્તજ્ઞેયોને (व्याप्य) પ્રત્યક્ષપણે પ્રતિબિંબિત કરીને અર્થાત્ જાણીને.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

ત્રણ લોકને કોના વડે જાણે છે? ''प्रसभविकसद्व्यक्तचिन्मात्रशक्त्या'' (प्रसभ) બલાત્કારથી (विकसत्) પ્રકાશમાન છે (व्यक्त) પ્રગટપણે એવો છે જે (चिन्मात्रशक्त्या) જ્ઞાનગુણસ્વભાવ તેના વડે જાણ્યા છે ત્રણ લોક જેણે એવી છે. વળી શું કરીને? ''इत्थं ज्ञानक्रकचकलनात् पाटनं नाटयित्वा'' (इत्थं) પૂર્વોક્ત વિધિથી (ज्ञान) ભેદ-બુદ્ધિરૂપી (क्रकच) કરવતના (कलनात्) વારંવાર અભ્યાસથી (पाटनं) જીવ-અજીવની ભિન્નરૂપ બે ફાડ (વિભાગ) (नाटयित्वा) કરીને. કોઈ પ્રશ્ન કરે છે કે જીવ-અજીવની બે ફાડ તો જ્ઞાનરૂપી કરવત વડે કરી, તે પહેલાં તેઓ કેવા રૂપે હતાં? ઉત્તર— ''यावत् जीवाजीवौ स्फुटविघटनं न एव प्रयातः'' (यावत्) અનંત કાળથી માંડીને (जीवाजीवौ) જીવ અને કર્મનો એકપિંડરૂપ પર્યાય (स्फुटविघटनं) પ્રગટપણે ભિન્નભિન્ન (न एव प्रयातः) થયો નહોતો. ભાવાર્થ આમ છે કે જેવી રીતે સુવર્ણ અને પાષાણ મળેલાં ચાલ્યાં આવે છે, અને ભિન્નભિન્નરૂપ છે તોપણ અગ્નિના સંયોગ વિના પ્રગટપણે ભિન્ન થતાં નથી, અગ્નિનો સંયોગ જ્યારે પામે ત્યારે જ તત્કાળ ભિન્નભિન્ન થાય છે; તેવી રીતે જીવ અને કર્મનો સંયોગ અનાદિથી ચાલ્યો આવે છે, અને જીવ-કર્મ ભિન્નભિન્ન છે તોપણ શુદ્ધસ્વરૂપ-અનુભવ વિના પ્રગટપણે ભિન્નભિન્ન થતાં નથી; જે કાળે શુદ્ધસ્વરૂપ-અનુભવ થાય છે તે કાળે ભિન્નભિન્ન થાય છે. ૧૩–૪૫.

સહજ ચિદાનંદ.

# –૩–
# કર્તાકર્મ અધિકાર

(મંદાક્રાન્તા)

एकः कर्ता चिदहमिह मे कर्म कोपादयोऽमी
इत्यज्ञानां शमयदभितः कर्तृकर्मप्रवृत्तिम्।
ज्ञानज्योतिः स्फुरति परमोदात्तमत्यन्तधीरं
साक्षात्कुर्वन्निरुपधि पृथग्द्रव्यनिर्भासि विश्वम्॥१-४६॥

**ખંડાન્વય સહિત અર્થ** :—''ज्ञानज्योतिः स्फुरति'' (ज्ञानज्योतिः) શુદ્ધ જ્ઞાનપ્રકાશ (स्फुरति) પ્રગટ થાય છે. કેવો છે? ''परमोदात्तम्'' સર્વોત્કૃષ્ટ છે. વળી કેવો છે? ''अत्यन्तधीरं'' ત્રિકાળ શાશ્વત છે. વળી કેવો છે? ''विश्वं साक्षात् कुर्वत्'' (विश्वं) સકળ જ્ઞેયવસ્તુને (साक्षात् कुर्वत्) એક સમયમાં પ્રત્યક્ષપણે જાણે છે. વળી કેવો છે? ''निरुपधि'' સમસ્ત ઉપાધિથી રહિત છે. વળી કેવો છે? ''पृथग्द्रव्यनिर्भासि'' (पृथक्) ભિન્ન-ભિન્નપણે (द्रव्यनिर्भासि) સકળ દ્રવ્ય-ગુણ-પર્યાયનો જાણનશીલ છે. શું કરતો થકો પ્રગટ થાય છે? ''इति अज्ञानां कर्तृकर्मप्रवृत्तिं अभितः शमयत्'' (इति) ઉક્ત પ્રકારે (अज्ञानां) જે મિથ્યાદૃષ્ટિ જીવો છે તેમની (कर्तृकर्मप्रवृत्तिं) કર્તૃકર્મપ્રવૃત્તિને અર્થાત્ 'જીવવસ્તુ પુદ્‌ગલકર્મની કર્તા છે' એવી પ્રતીતિને (अभितः) સંપૂર્ણપણે (शमयत्) દૂર કરતો થકો. તે કર્તૃકર્મ-પ્રવૃત્તિ કેવી છે? ''एकः अहम् चित् कर्ता इह अमी कोपादयः मे कर्म'' (एकः) એકલો (अहम्) હું જીવદ્રવ્ય (चित्) ચેતનસ્વરૂપ (कर्ता) પુદ્‌ગલકર્મને કરું છું, (इह) એમ હોતાં (अमी कोपादयः) વિદ્યમાનરૂપ છે જે જ્ઞાનાવરણાદિક પિંડ તે (मे) મારું (कर्म) કૃત્ય છે;—આવું છે મિથ્યાદૃષ્ટિનું

વિપરીતપણું, તેને દૂર કરતું થકું જ્ઞાન પ્રગટ થાય છે. ભાવાર્થ આમ છે કે અહીંથી કર્તૃકર્મ-અધિકારનો પ્રારંભ થાય છે. ૧-૪૬.

(માલિની)

परपरिणतिमुज्झत् खण्डयद्भेदवादा-
निदमुदितमखण्डं ज्ञानमुच्चण्डमुच्चैः।
ननु कथमवकाशः कर्तृकर्मप्रवृत्ते-
रिह भवति कथं वा पौद्गलः कर्मबन्धः॥२-४७॥

**ખંડાન્વય સહિત અર્થ :—**''इदम् ज्ञानम् उदितम्'' (इदम्) વિદ્યમાન છે એવી (ज्ञानम्) ચિદ્રૂપશક્તિ (उदितम्) પ્રગટ થઈ. ભાવાર્થ આમ છે કે જીવદ્રવ્ય જ્ઞાનશક્તિરૂપે તો વિદ્યમાન જ છે, પરંતુ કાળલબ્ધિ પામીને પોતાના સ્વરૂપનું અનુભવશીલ થયું. કેવું થતું થકું જ્ઞાન (ચિદ્રૂપશક્તિ) પ્રગટ થયું? ''परपरिणतिम् उज्झत्'' (परपरिणतिम्) જીવ-કર્મની એકત્વબુદ્ધિને (उज्झत्) છોડતું થકું. વળી શું કરતું થકું? ''भेदवादान् खण्डयत्'' (भेदवादान्) ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય અથવા દ્રવ્ય-ગુણ-પર્યાય અથવા 'આત્માને જ્ઞાનગુણ વડે અનુભવે છે,'—ઇત્યાદિ અનેક વિકલ્પોને (खण्डयत्) મૂળથી ઉખાડતું થકું. વળી કેવું છે? ''अखण्डं'' પૂર્ણ છે. વળી કેવું છે? ''उच्चैः उच्चण्डम्'' (उच्चैः) અતિશયરૂપ (उच्चण्डम्) પ્રચંડ છે અર્થાત્ કોઈ વર્જનશીલ નથી. ''ननु इह कर्तृकर्मप्रवृत्तेः कथम् अवकाशः'' (ननु) અહો શિષ્ય! (इह) અહીં શુદ્ધજ્ઞાન પ્રગટ થતાં (कर्तृकर्मप्रवृत्तेः) 'જીવ કર્તા અને જ્ઞાનાવરણાદિ પુદ્ગલપિંડ કર્મ' એવો વિપરીતપણે બુદ્ધિનો વ્યવહાર તેનો (कथम् अवकाशः) અવસર કેવો? ભાવાર્થ આમ છે કે જેમ સૂર્યનો પ્રકાશ થતાં અંધકારનો અવસર નથી તેમ શુદ્ધસ્વરૂપ-અનુભવ થતાં વિપરીતરૂપ મિથ્યાત્વબુદ્ધિનો પ્રવેશ નથી. અહીં કોઈ પ્રશ્ન કરે છે કે શુદ્ધજ્ઞાનનો અનુભવ થતાં માત્ર વિપરીત બુદ્ધિ મટે છે કે કર્મબંધ મટે છે? ઉત્તર આમ છે કે વિપરીત બુદ્ધિ મટે છે, કર્મબંધ પણ મટે છે. ''इह पौद्गलः कर्मबन्धः वा कथं भवति'' (इह) વિપરીત બુદ્ધિ મટતાં (पौद्गलः) પુદ્ગલસંબંધી છે જે દ્રવ્યપિંડરૂપ (कर्मबन्धः) જ્ઞાનાવરણાદિ કર્મોનું

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



આગમન (वा कथं भवति) તે પણ કેમ થઈ શકે? ૨-૪૭.

(શાર્દૂલવિક્રીડિત)

**इत्येवं विरचय्य सम्प्रति परद्रव्यान्निवृत्तिं परां**
**स्वं विज्ञानघनस्वभावमभयादास्तिघ्नुवानः परम्।**
**अज्ञानोत्थितकर्तृकर्मकलनात् क्लेशान्निवृत्तः स्वयं**
**ज्ञानीभूत इतश्चकास्ति जगतः साक्षी पुराणः पुमान्॥३-४८॥**

**ખંડાન્વય સહિત અર્થ** :—"पुमान् स्वयं ज्ञानीभूतः इतः जगतः साक्षी चकास्ति" (पुमान्) જીવદ્રવ્ય (स्वयं ज्ञानीभूतः) પોતાની મેળે પોતાના શુદ્ધ સ્વરૂપના અનુભવનમાં સમર્થ થયું થકું, (इतः) અહીંથી શરૂ કરીને, (जगतः साक्षी) સકળ દ્રવ્યસ્વરૂપનું જાણનશીલ થઈને (चकास्ति) શોભે છે. ભાવાર્થ આમ છે કે જ્યારે જીવને શુદ્ધ સ્વરૂપનો અનુભવ થાય છે ત્યારે સકળ પરદ્રવ્યરૂપ દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મ વિષે ઉદાસીનપણું થાય છે. કેવું છે જીવદ્રવ્ય? "पुराणः" દ્રવ્યની અપેક્ષાએ અનાદિનિધન છે. વળી કેવું છે? "क्लेशात् निवृत्तः" (क्लेशात्) ક્લેશથી અર્થાત્ દુઃખથી (निवृत्तः) રહિત છે. કેવો છે ક્લેશ? "अज्ञानोत्थितकर्तृकर्मकलनात्" (अज्ञान) જીવ-કર્મના એકસંસ્કારરૂપ જૂઠા અનુભવથી (उत्थित) નીપજી છે (कर्तृकर्मकलनात्) 'જીવ કર્તા અને જીવનું કૃત્ય જ્ઞાનાવરણાદિ દ્રવ્યપિંડ' એવી વિપરીત પ્રતીતિ જેને, એવો છે. વળી કેવી છે જીવવસ્તુ? "इति एवं सम्प्रति परद्रव्यात् परां निवृत्तिं विरचय्य स्वं आस्तिघ्नुवानः" (इति) આટલા (एवं) પૂર્વોક્ત પ્રકારે (सम्प्रति) વિદ્યમાન (परद्रव्यात्) પરવસ્તુ જે દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મ તેનાથી (निवृत्तिं) સર્વથા ત્યાગબુદ્ધિ (परां) મૂળથી (विरचय्य) કરીને (स्वं) 'સ્વ'ને અર્થાત્ શુદ્ધ ચિદ્રૂપને (आस्तिघ्नुवानः) આસ્વાદતી થકી. કેવો છે 'સ્વ'? "विज्ञानघनस्वभावम्" (विज्ञानघन) શુદ્ધ જ્ઞાનનો સમૂહ છે (स्वभावम्) સર્વસ્વ જેનું એવો છે. વળી કેવો છે 'સ્વ'? "परम्" સદા શુદ્ધસ્વરૂપ છે. "अभयात्" (જીવવસ્તુ શુદ્ધ ચિદ્રૂપને) સાત ભયથી રહિતપણે આસ્વાદે છે. ૩-૪૮.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

(શાર્દૂલવિક્રીડિત)

व्याप्यव्यापकता तदात्मनि भवेन्नैवातदात्मन्यपि
व्याप्यव्यापकभावसम्भवमृते का कर्तृकर्मस्थितिः।
इत्युद्दामविवेकघस्मरमहोभारेण भिन्दँस्तमो
ज्ञानीभूय तदा स एष लसितः कर्तृत्वशून्यः पुमान्॥४-४६॥

ખંડાન્વય સહિત અર્થ :—''तदा स एष पुमान् कर्तृत्वशून्यः लसितः'' (तदा) તે કાળે (स एष पुमान्) જે જીવ અનાદિ કાળથી મિથ્યાત્વરૂપ પરિણમ્યો હતો તે જ જીવ (कर्तृत्वशून्यः लसितः) કર્મ કરવાથી રહિત થયો. કેવો છે જીવ? ''ज्ञानीभूय तमः भिन्दन्'' (ज्ञानीभूय) અનાદિથી મિથ્યાત્વરૂપ પરિણમતાં જીવ-કર્મના એકપર્યાયસ્વરૂપ પરિણમતો હતો તે છૂટ્યું, શુદ્ધચેતન-અનુભવ થયો, એમ થતાં (तमः) મિથ્યાત્વરૂપ અંધકાર (भिन्दन्) છેદતો થકો. કોના વડે મિથ્યાત્વ-અંધકાર છૂટ્યો? ''इति उद्दामविवेकघस्मरमहोभारेण'' (इति) જે કહ્યો છે, (उद्दाम) બળવાન છે એવા (विवेक) ભેદજ્ઞાનરૂપી (घस्मरमहःभारेण) સૂર્યના તેજના સમૂહ વડે. હવે જે વિચારતાં ભેદજ્ઞાન થાય છે તે જ કહે છે—''व्याप्यव्यापकता तदात्मनि भवेत्'' (व्याप्य) સમસ્ત ગુણરૂપ અને પર્યાયરૂપ ભેદ-વિકલ્પો તથા (व्यापकता) એક દ્રવ્યરૂપ વસ્તુ (तदात्मनि) એક સત્ત્વરૂપ વસ્તુમાં (भवेत्) હોય છે. ભાવાર્થ આમ છે કે જેમ સુવર્ણ પીળું, ભારે, ચીકણું એમ કહેવા માટે છે, પરંતુ એક સત્ત્વ છે તેમ જીવદ્રવ્ય જ્ઞાતા, દૃષ્ટા એમ કહેવા માટે છે, પરંતુ એક સત્ત્વ છે. એ પ્રમાણે એક સત્ત્વમાં વ્યાપ્ય-વ્યાપકતા હોય છે અર્થાત્ ભેદબુદ્ધિ કરવામાં આવે તો વ્યાપ્ય-વ્યાપકતા હોય છે. વિવરણ :—વ્યાપક અર્થાત્ દ્રવ્ય-પરિણામી પોતાના પરિણામનો કર્તા હોય છે; વ્યાપ્ય અર્થાત્ તે પરિણામ દ્રવ્યે કર્યા. જેમાં (એક સત્ત્વમાં) આવો ભેદ કરવામાં આવે તો થાય છે, ન કરવામાં આવે તો નથી થતો. ''अतदात्मनि अपि न एव'' (अतदात्मनि) જીવસત્ત્વથી પુદ્‌ગલદ્રવ્યનું સત્ત્વ ભિન્ન છે, (अपि) નિશ્ચયથી (न एव) વ્યાપ્ય-વ્યાપકતા નથી. ભાવાર્થ આમ છે કે જેમ ઉપચારમાત્રથી દ્રવ્ય પોતાના પરિણામનો કર્તા છે, તે જ પરિણામ દ્રવ્યથી કરાયેલો છે તેમ અન્ય

દ્રવ્યનો કર્તા અન્ય દ્રવ્ય ઉપચારમાત્રથી પણ નથી, કારણ કે એક સત્ત્વ નથી, ભિન્ન સત્ત્વ છે. ''व्याप्यव्यापकभावसम्भवम् ऋते कर्तृकर्मस्थितिः का'' (व्याप्यव्यापकभाव) પરિણામ-પરિણામીમાત્ર ભેદની (सम्भवं) ઉત્પત્તિ (ऋते) વિના (कर्तृकर्मस्थितिः का) 'જ્ઞાનાવરણાદિ પુદ્ગલકર્મનો કર્તા જીવદ્રવ્ય' એવો અનુભવ ઘટતો નથી, કારણ કે જીવદ્રવ્ય પુદ્ગલદ્રવ્ય એક સત્તા નથી, ભિન્ન સત્તા છે. આવા જ્ઞાનસૂર્ય વડે મિથ્યાત્વરૂપ અંધકાર મટે છે અને જીવ સમ્યગ્દ્રષ્ટિ થાય છે. ૪-૪૯.

(સ્રગ્ધરા)

**ज्ञानी जानन्नपीमां स्वपरपरिणतिं पुद्गलश्चाप्यजानन्**
**व्याप्तृव्याप्यत्वमन्तः कलयितुमसहौ नित्यमत्यन्तभेदात् ।**
**अज्ञानात्कर्तृकर्मभ्रममतिरनयोर्भाति तावन्न यावत्**
**विज्ञानार्चिश्चकास्ति क्रकचवददयं भेदमुत्पाद्य सद्यः ।।५-५०।।**

ખંડાન્વય સહિત અર્થ :—''यावत् विज्ञानार्चिः न चकास्ति तावत् अनयोः कर्तृकर्मभ्रममतिः अज्ञानात् भाति'' (यावत्) જેટલો કાળ (विज्ञानार्चिः) ભેદજ્ઞાનરૂપ અનુભવ (न चकास्ति) પ્રગટ થતો નથી (तावत्) તેટલો કાળ (अनयोः) જીવ-પુદ્ગલ વિષે (कर्तृ-कर्म-भ्रममतिः) 'જ્ઞાનાવરણાદિનો કર્તા જીવદ્રવ્ય' એવી છે જે મિથ્યા પ્રતીતિ તે (अज्ञानात् भाति) અજ્ઞાનપણાથી છે; વસ્તુનું સ્વરૂપ એવું તો નથી. કોઈ પ્રશ્ન કરે છે કે 'જ્ઞાનાવરણાદિકર્મનો કર્તા જીવ' તે અજ્ઞાનપણું છે, તે કઈ રીતે છે? ''ज्ञानी पुद्गलः च व्याप्तृव्याप्यत्वम् अन्तः कलयितुम् असहौ'' (ज्ञानी) જ્ઞાની અર્થાત્ જીવવસ્તુ (च) અને (पुद्गलः) જ્ઞાનાવરણાદિ કર્મપિંડ (व्याप्तृ-व्याप्यत्वम्) પરિણામી-પરિણામભાવે (अन्तः कलयितुम्) એક સંક્રમણરૂપ થવાને (असहौ) અસમર્થ છે, કેમ કે ''नित्यम् अत्यन्तभेदात्'' (नित्यम्) દ્રવ્યસ્વભાવથી (अत्यन्तभेदात्) અત્યન્ત ભેદ છે. વિવરણ— જીવદ્રવ્યના ભિન્ન પ્રદેશ ચૈતન્યસ્વભાવ, પુદ્ગલ-દ્રવ્યના ભિન્ન પ્રદેશ અચેતનસ્વભાવ,—એ રીતે ભેદ ઘણો છે. કેવો છે જ્ઞાની? ''इमां स्वपरपरिणतिं जानन् अपि'' (इमां) પ્રસિદ્ધ છે એવાં (स्व) પોતાનાં અને (पर) સમસ્ત જ્ઞેયવસ્તુઓનાં (परिणतिं) દ્રવ્ય-ગુણ-પર્યાયનો અથવા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યનો (जानन्) જ્ઞાતા છે. (अपि)

(જીવ તો) એવો છે. તો પછી કેવું છે પુદ્ગલ? તે જ કહે છે—"(इमां स्वपरपरिणतिं) अजानन्" (इमां) પ્રગટ છે એવાં (स्व) પોતાનાં અને (पर) અન્ય સમસ્ત પરદ્રવ્યોનાં (परिणतिं) દ્રવ્ય-ગુણ-પર્યાય આદિને (अजानन्) નથી જાણતું—એવું છે પુદ્ગલદ્રવ્ય. ભાવાર્થ આમ છે કે જીવદ્રવ્ય જ્ઞાતા છે, પુદ્ગલકર્મ જ્ઞેય છે—એવો જીવને અને કર્મને જ્ઞેયજ્ઞાયકસંબંધ છે તોપણ વ્યાપ્યવ્યાપકસંબંધ નથી; દ્રવ્યોનું અત્યન્ત ભિન્નપણું છે, એકપણું નથી. કેવો છે ભેદજ્ઞાનરૂપ અનુભવ? "क्रकचवत् अदयं सद्यः भेदं उत्पाद्य" જેણે કરવતની માફક નિર્દય રીતે (ઉગ્ર રીતે) શીઘ્ર જ જીવ અને પુદ્ગલનો ભેદ ઉત્પન્ન કર્યો છે. ૫-૫૦.

(આર્યા)

**यः परिणमति स कर्ता यः परिणामो भवेत्तु तत्कर्म।**
**या परिणतिः क्रिया सा त्रयमपि भिन्नं न वस्तुतया॥६-५१॥**

ખંડાન્વય સહિત અર્થ :—"यः परिणमति स कर्ता भवेत्" (यः) જે કોઈ સત્તામાત્ર વસ્તુ તે (परिणमति) જે કોઈ અવસ્થા છે તે-રૂપ પોતે જ છે તેથી (स कर्ता भवेत्) તે અવસ્થાની તે સત્તામાત્ર વસ્તુ 'કર્તા' પણ હોય છે; અને આમ કહેવું વિરુદ્ધ પણ નથી, કારણ કે અવસ્થા પણ છે. "यः परिणामः तत् कर्म" (यः परिणामः) તે દ્રવ્યનો જે કોઈ સ્વભાવ—પરિણામ છે (तत् कर्म) તે—દ્રવ્યનો પરિણામ—'કર્મ' એ નામથી કહેવાય છે. "या परिणतिः सा क्रिया" (या परिणतिः) દ્રવ્યનું જે કંઈ પૂર્વ અવસ્થાથી ઉત્તર અવસ્થારૂપ થવું (सा क्रिया) તેનું નામ 'ક્રિયા' કહેવાય છે. જેવી રીતે માટી ઘટરૂપ થાય છે તેથી માટી 'કર્તા' કહેવાય છે, નીપજેલો ઘડો 'કર્મ' કહેવાય છે તથા માટીપિંડથી ઘડારૂપ થવું 'ક્રિયા' કહેવાય છે; તેવી જ રીતે સત્ત્વરૂપ વસ્તુ 'કર્તા' કહેવાય છે, તે દ્રવ્યનો નીપજેલો પરિણામ 'કર્મ' કહેવાય છે અને તે ક્રિયારૂપ થવું 'ક્રિયા' કહેવાય છે. "वस्तुतया त्रयं अपि न भिन्नं" (वस्तुतया) સત્તામાત્ર વસ્તુના સ્વરૂપનો અનુભવ કરતાં (त्रयम्) કર્તા-કર્મ-ક્રિયા એવા ત્રણ ભેદ (अपि) નિશ્ચયથી (न भिन्नं) ત્રણ સત્ત્વ તો નથી, એક જ સત્ત્વ છે. ભાવાર્થ આમ છે કે કર્તા-કર્મ-ક્રિયાનું સ્વરૂપ તો આ પ્રકારે છે, તેથી જ્ઞાનાવરણાદિ દ્રવ્યપિંડરૂપ કર્મનો કર્તા જીવદ્રવ્ય છે એમ જાણવું જૂઠું છે; કેમ કે

જીવદ્રવ્યનું અને પુદ્‌ગલદ્રવ્યનું એક સત્ત્વ નથી (ત્યાં) કર્તા-કર્મ-ક્રિયાની ઘટના કેવી? ૬–૫૧.

(આર્યા)

**एकः परिणमति सदा परिणामो जायते सदैकस्य।**
**एकस्य परिणतिः स्यादनेकमप्येकमेव यतः।।७-५२।।**

ખંડાન્વય સહિત અર્થ :—"सदा एकः परिणमति" (सदा) ત્રણે કાળે (एकः) સત્તામાત્ર વસ્તુ (परिणमति) પોતાનામાં અવસ્થાન્તરરૂપ થાય છે; "सदा एकस्य परिणामः जायते" (सदा) ત્રિકાળગોચર (एकस्य) સત્તામાત્ર છે વસ્તુ તેની (परिणामः जायते) અવસ્થા વસ્તુરૂપ છે; [ભાવાર્થ આમ છે કે જેમ સત્તામાત્ર વસ્તુ અવસ્થારૂપ છે તેમ અવસ્થા પણ વસ્તુરૂપ છે;] "परिणतिः एकस्य स्यात्" (परिणतिः) ક્રિયા (एकस्य स्यात्) તે પણ સત્તામાત્ર વસ્તુની છે; [ભાવાર્થ આમ છે કે ક્રિયા પણ વસ્તુમાત્ર છે, વસ્તુથી ભિન્ન સત્ત્વ નથી;] "यतः अनेकम् अपि एकम् एव" (यतः) કારણ કે (अनेकम्) એક સત્ત્વના કર્તા-કર્મ-ક્રિયારૂપ ત્રણ ભેદ (अपि)–એવું પણ જોકે છે તોપણ (एकम् एव) સત્તામાત્ર વસ્તુ છે, ત્રણેય વિકલ્પો જૂઠા છે. ભાવાર્થ આમ છે કે જ્ઞાનાવરણાદિ દ્રવ્યરૂપ પુદ્‌ગલપિંડ-કર્મનો કર્તા જીવવસ્તુ છે એવું જાણપણું મિથ્યાજ્ઞાન છે, કેમ કે એક સત્ત્વમાં કર્તા-કર્મ-ક્રિયા ઉપચારથી કહેવાય છે; ભિન્ન સત્ત્વરૂપ છે જે જીવદ્રવ્ય અને પુદ્‌ગલદ્રવ્ય તેમને કર્તા-કર્મ-ક્રિયા ક્યાંથી ઘટશે? ૭–૫૨.

(આર્યા)

**नोभौ परिणमतः खलु परिणामो नोभयोः प्रजायेत।**
**उभयोर्न परिणतिः स्याद्यदनेकमनेकमेव स्यात्।।८-५३।।**

ખંડાન્વય સહિત અર્થ :—"खलु उभौ न परिणमतः" (खलु) એવો નિશ્ચય છે કે (उभौ) એક ચેતનાલક્ષણ જીવદ્રવ્ય અને એક અચેતન કર્મ-પિંડરૂપ પુદ્‌ગલદ્રવ્ય (न परिणमतः) મળીને એક પરિણામરૂપે પરિણમતાં નથી; [ભાવાર્થ આમ છે કે જીવદ્રવ્ય પોતાની શુદ્ધ ચેતનારૂપે અથવા અશુદ્ધ ચેતનારૂપે વ્યાપ્ય-વ્યાપકપણે પરિણમે

છે, પુદ્‌ગલદ્રવ્ય પણ પોતાના અચેતન લક્ષણરૂપે—શુદ્ધ પરમાણુરૂપે અથવા જ્ઞાનાવરણાદિ કર્મપિંડરૂપે પોતાનામાં વ્યાપ્ય-વ્યાપકપણે પરિણમે છે, વસ્તુનું સ્વરૂપ એવું તો છે પરંતુ જીવદ્રવ્ય અને પુદ્‌ગલદ્રવ્ય બંને મળીને, અશુદ્ધ ચેતનારૂપ છે જે રાગ-દ્વેષરૂપ પરિણામ તે-રૂપે પરિણમે છે એમ તો નથી; અથવા જીવ અને પુદ્‌ગલ મળીને જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલકર્મપિંડરૂપે પરિણમે છે એમ તો નથી;] ''उभयोः परिणामः न प्रजायेत'' (उभयोः) જીવદ્રવ્ય અને પુદ્‌ગલદ્રવ્ય તેમના (परिणामः) બંને મળીને એકપર્યાયરૂપ પરિણામ (न प्रजायेत) થતા નથી; ''उभयोः परिणतिः न स्यात्'' (उभयोः) જીવ અને પુદ્‌ગલની (परिणतिः) મળીને એક ક્રિયા (न स्यात्) થતી નથી;– વસ્તુનું સ્વરૂપ આવું જ છે; ''यतः अनेकम् अनेकम् एव सदा'' (यतः) કારણ કે (अनेकम्) ભિન્ન સત્તારૂપ છે જીવ-પુદ્‌ગલ (अनेकम् एव सदा) તે તો જીવ-પુદ્‌ગલ સદાય ભિન્નરૂપ છે, એકરૂપ કેમ થઈ શકે? ભાવાર્થ આમ છે કે જીવદ્રવ્ય-પુદ્‌ગલદ્રવ્ય ભિન્ન સત્તારૂપ છે તે જો પહેલાં ભિન્ન સત્તાપણું છોડી એક સત્તારૂપ થાય તો પછી કર્તા-કર્મ-ક્રિયાપણું ઘટે. તે તો એકરૂપ થતાં નથી તેથી જીવ-પુદ્‌ગલનું પરસ્પર કર્તા-કર્મ-ક્રિયાપણું ઘટતું નથી. ૮–૫૩.

(આર્યા)

**नैकस्य हि कर्तारौ द्वौ स्तो द्वे कर्मणी न चैकस्य।**
**नैकस्य च क्रिये द्वे एकमनेकं यतो न स्यात्॥६-५४॥**

**ખંડાન્વય સહિત અર્થ** :—અહીં કોઈ મતાન્તર નિરૂપશે કે દ્રવ્યની અનન્ત શક્તિઓ છે, તો એક શક્તિ એવી પણ હશે કે એક દ્રવ્ય બે દ્રવ્યોના પરિણામને કરે; જેવી રીતે જીવદ્રવ્ય પોતાના અશુદ્ધ ચેતનારૂપ રાગ-દ્વેષ-મોહપરિણામને વ્યાપ્ય-વ્યાપકપણે કરે તેવી જ રીતે જ્ઞાનાવરણાદિ કર્મપિંડને વ્યાપ્ય-વ્યાપકપણે કરે. ઉત્તર આમ છે કે દ્રવ્યને અનન્ત શક્તિઓ તો છે પરંતુ એવી શક્તિ તો કોઈ નથી કે જેનાથી, જેવી રીતે પોતાના ગુણ સાથે વ્યાપ્ય-વ્યાપકપણે છે તેવી જ રીતે પરદ્રવ્યના ગુણ સાથે પણ વ્યાપ્ય-વ્યાપકપણે થાય. ''हि एकस्य द्वौ कर्तारौ न'' (हि) નિશ્ચયથી (एकस्य) એક પરિણામના (द्वौ कर्तारौ न) બે દ્રવ્ય કર્તા નથી; [ભાવાર્થ આમ છે કે અશુદ્ધ ચેતનારૂપ રાગ-દ્વેષ-મોહપરિણામનું જેવી રીતે

વ્યાપ્ય-વ્યાપકપણે જીવદ્રવ્ય કર્તા છે તેવી જ રીતે પુદ્‌ગલદ્રવ્ય પણ અશુદ્ધ ચેતનારૂપ રાગ-દ્વેષ-મોહપરિણામનું કર્તા છે એમ તો નથી; જીવદ્રવ્ય પોતાના રાગ-દ્વેષ-મોહપરિણામનું કર્તા છે, પુદ્‌ગલદ્રવ્ય કર્તા નથી;] ''एकस्य द्वे कर्मणी न स्तः'' (एकस्य) એક દ્રવ્યના (द्वे कर्मणी न स्तः) બે પરિણામ હોતા નથી; [ભાવાર્થ આમ છે કે જેવી રીતે જીવદ્રવ્ય રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ ચેતનાપરિણામનું વ્યાપ્ય-વ્યાપકપણે કર્તા છે તેવી રીતે જ્ઞાનાવરણાદિ અચેતન કર્મનો કર્તા જીવ છે એમ તો નથી; પોતાના પરિણામનો કર્તા છે, અચેતનપરિણામરૂપ કર્મનો કર્તા નથી;] ''च एकस्य द्वे क्रिये न'' (च) વળી (एकस्य) એક દ્રવ્યની (द्वे क्रिये न) બે ક્રિયા હોતી નથી; [ભાવાર્થ આમ છે કે જીવદ્રવ્ય જેવી રીતે ચેતનપરિણતિરૂપ પરિણમે છે તેવી જ રીતે અચેતનપરિણતિરૂપ પરિણમતું હોય એમ તો નથી;] ''यतः एकम् अनेकं न स्यात्'' (यतः) કારણ કે (एकम्) એક દ્રવ્ય (अनेकं न स्यात्) બે દ્રવ્યરૂપ કેમ થાય? ભાવાર્થ આમ છે કે જીવદ્રવ્ય એક ચેતનદ્રવ્યરૂપ છે તે જો પહેલાં અનેક દ્રવ્યરૂપ થાય તો જ્ઞાનાવરણાદિ કર્મનું કર્તા પણ થાય, પોતાના રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ ચેતનપરિણામનું પણ કર્તા થાય; પણ એમ તો છે નહિ. અનાદિનિધન જીવદ્રવ્ય એકરૂપ જ છે, તેથી પોતાના અશુદ્ધ ચેતનપરિણામનું કર્તા છે, અચેતનકર્મનું કર્તા નથી. આવું વસ્તુસ્વરૂપ છે. ૯–૫૪.

(શાર્દૂલવિક્રીડિત)

आसंसारत एव धावति परं कुर्वेऽहमित्युच्चकै-
र्दुर्वारं ननु मोहिनामिह महाहङ्काररूपं तमः।
तद्भूतार्थपरिग्रहेण विलयं यद्येकवारं व्रजेत्
तत्किं ज्ञानघनस्य बन्धनमहो भूयो भवेदात्मनः॥१०-५५॥

ખંડાન્વય સહિત અર્થ :—''ननु मोहिनाम् अहम् कुर्वे इति तमः आसंसारतः एव धावति'' (ननु) અહો જીવ! (मोहिनाम्) મિથ્યાદ્રષ્ટિ જીવોનો (अहम् कुर्वे इति तमः) 'જ્ઞાનાવરણાદિ કર્મનો કર્તા જીવ છે' એવો છે જે મિથ્યાત્વરૂપ અંધકાર તે (आसंसारतः एव धावति) અનાદિ કાળથી એક-સંતાનરૂપ ચાલ્યો આવ્યો છે. કેવો છે

મિથ્યાત્વરૂપી અંધકાર? ''परं'' પરદ્રવ્યસ્વરૂપ છે. વળી કેવો છે? ''उच्चकैः दुर्वारं'' અતિશય ધીઠ છે. વળી કેવો છે? ''महाहंकाररूपं'' (महाहंकार) 'હું દેવ, હું મનુષ્ય, હું તિર્યંચ, હું નારક' એવી જે કર્મના પર્યાયમાં આત્મબુદ્ધિ (रूपं) તે જ છે સ્વરૂપ જેનું એવો છે. ''यदि तद् भूतार्थपरिग्रहेण एकवारं विलयं व्रजेत्'' (यदि) જો કદી, (तत्) એવો છે જે મિથ્યાત્વ-અંધકાર તે (भूतार्थपरिग्रहेण) શુદ્ધસ્વરૂપ-અનુભવ વડે (एकवारं) અન્તર્મુહૂર્તમાત્ર (विलयं व्रजेत्) વિનાશને પામે તો, [ભાવાર્થ આમ છે કે જીવને યદ્યપિ મિથ્યાત્વ-અંધકાર અનન્ત કાળથી ચાલ્યો આવ્યો છે તથાપિ જો સમ્યક્ત્વ થાય તો મિથ્યાત્વ છૂટે, જો એક વાર છૂટે તો,] ''अहो तत् आत्मनः भूयः बन्धनं किं भवेत्'' (अहो) હે જીવ! (तत्) તે કારણથી (आत्मनः) આત્માને અર્થાત્ જીવને (भूयः) ફરીને (बन्धनं किं भवेत्) એકત્વબુદ્ધિ શું થાય? અર્થાત્ ન થાય. કેવો છે આત્મા? ''ज्ञानघनस्य'' જ્ઞાનનો સમૂહ છે. ભાવાર્થ—શુદ્ધસ્વરૂપનો અનુભવ થતાં સંસારમાં પરિભ્રમણ થતું નથી. ૧૦–૫૫.

(અનુષ્ટુપ)

**आत्मभावान् करोत्यात्मा परभावान् सदा परः।**
**आत्मैव ह्यात्मनो भावाः परस्य पर एव ते॥११-५६॥**

**ખંડાન્વય સહિત અર્થ :—**''आत्मा आत्मभावान् करोति'' (आत्मा) જીવદ્રવ્ય (आत्मभावान्) પોતાના શુદ્ધચેતનારૂપ અથવા અશુદ્ધચેતનારૂપ રાગ-દ્વેષ-મોહભાવ, (करोति) તે-રૂપે પરિણમે છે. ''परः परभावान् सदा करोति'' (परः) પુદ્‌ગલદ્રવ્ય (परभावान्) પુદ્‌ગલદ્રવ્યના જ્ઞાનાવરણાદિરૂપ પર્યાયને (सदा) ત્રણે કાળે (करोति) કરે છે. ''हि आत्मनः भावाः आत्मा एव'' (हि) નિશ્ચયથી (आत्मनः भावाः) જીવના પરિણામ (आत्मा एव) જીવ જ છે. ભાવાર્થ આમ છે કે ચેતનાપરિણામને જીવ કરે છે, તે ચેતનપરિણામ પણ જીવ જ છે, દ્રવ્યાન્તર થયું નથી. ''परस्य ते परः एव'' (परस्य) પુદ્‌ગલદ્રવ્યના (ते) પરિણામ (परः एव) પુદ્‌ગલદ્રવ્ય છે, જીવદ્રવ્ય થયું નથી. ભાવાર્થ આમ છે કે જ્ઞાનાવરણાદિ કર્મનું કર્તા પુદ્‌ગલ છે અને વસ્તુ પણ પુદ્‌ગલ છે, દ્રવ્યાન્તર નથી. ૧૧–૫૬.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



(વસન્તતિલકા)

अज्ञानतस्तु सतृणाभ्यवहारकारी
ज्ञानं स्वयं किल भवन्नपि रज्यते यः।
पीत्वा दधीक्षुमधुराम्लरसातिगृद्ध्या
गां दोग्धि दुग्धमिव नूनमसौ रसालम् ॥१२-५७॥

**ખંડાન્વય સહિત અર્થ** :—"यः अज्ञानतः तु रज्यते" (यः) જે કોઈ મિથ્યાદ્રષ્ટિ જીવ (अज्ञानतः तु) મિથ્યા દ્રષ્ટિથી જ (रज्यते) કર્મની વિચિત્રતામાં પોતાપણું જાણીને રંજાયમાન થાય છે તે, [તે જીવ કેવો છે?] "सतृणाभ्यवहारकारी" (सतृण) ઘાસ સહિત (अभ्यवहारकारी) આહાર કરે છે. ભાવાર્થ આમ છે કે જેમ હાથી અન્ન-ઘાસ મળેલાં જ બરાબર જાણીને ખાય છે, ઘાસનો અને અન્નનો વિવેક કરતો નથી, તેમ મિથ્યાદ્રષ્ટિ જીવ કર્મની સામગ્રીને પોતાની જાણે છે, જીવનો અને કર્મનો વિવેક કરતો નથી. કેવો છે? "किल स्वयं ज्ञानं भवन् अपि" (किल स्वयं) નિશ્ચયથી સ્વરૂપમાત્રની અપેક્ષાએ (ज्ञानं भवन् अपि) જોકે જ્ઞાનસ્વરૂપ છે. વળી જીવ કેવો છે? "असौ नूनम् रसालम् पीत्वा गां दुग्धम् दोग्धि इव" (असौ) આ છે જે વિદ્યમાન જીવ (नूनम्) નિશ્ચયથી (रसालम्) શિખંડ (पीत्वा) પીને એમ માને છે કે (गां दुग्धम् दोग्धि इव) જાણે ગાયનું દૂધ પીએ છે. શાનાથી? "दधीक्षुमधुराम्लरसातिगृद्ध्या" (दधीक्षु) શિખંડમાં (मधुराम्लरस) મીઠા અને ખાટા સ્વાદની (अतिगृद्ध्या) અતિશય આસક્તિથી. ભાવાર્થ આમ છે કે સ્વાદલંપટ થયો થકો શિખંડ પીએ છે, સ્વાદભેદ કરતો નથી. એવું નિર્ભેદપણું માને છે કે જેવું ગાયનું દૂધ પીતાં નિર્ભેદપણું માનવામાં આવે છે. ૧૨–૫૭.

(શાર્દૂલવિક્રીડિત)

अज्ञानात् मृगतृष्णिकां जलधिया धावन्ति पातुं मृगा
अज्ञानात्तमसि द्रवन्ति भुजगाध्यासेन रज्जौ जनाः।
अज्ञानाच्च विकल्पचक्रकरणाद्वातोत्तरङ्गाब्धिवत्
शुद्धज्ञानमया अपि स्वयममी कर्त्रीभवंत्याकुलाः ॥१३-५८॥

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

ખંડાન્વય સહિત અર્થ :—''अमी स्वयम् शुद्धज्ञानमयाः अपि अज्ञानात् आकुलाः कर्त्रीभवन्ति'' (अमी) સર્વ સંસારી મિથ્યાદૃષ્ટિ જીવ (स्वयम्) સહજથી (शुद्धज्ञानमयाः) શુદ્ધસ્વરૂપ છે (अपि) તોપણ (अज्ञानात्) મિથ્યા દૃષ્ટિને લીધે (आकुलाः) આકુલિત થતા થકા (कर्त्रीभवन्ति) બળજોરીથી જ કર્તા થાય છે. શા કારણથી? ''विकल्पचक्रकरणात्'' (विकल्प) અનેક રાગાદિના (चक्र) સમૂહને (करणात्) કરવાથી. કોની માફક? ''वातोत्तरङ्गाब्धिवत्'' (वात) પવનથી (उत्तरङ्ग) ડોલતા-ઊછળતા (अब्धिवत्) સમુદ્રની માફક. ભાવાર્થ આમ છે કે જેવી રીતે સમુદ્ર સ્વરૂપે નિશ્ચળ છે, પવનથી પ્રેરિત થઈને ઊછળે છે અને ઊછળવાનો કર્તા પણ થાય છે, તેવી રીતે જીવદ્રવ્ય સ્વરૂપથી અકર્તા છે, કર્મસંયોગથી વિભાવરૂપે પરિણમે છે તેથી વિભાવપણાનો કર્તા પણ થાય છે; પરન્તુ અજ્ઞાનથી, સ્વભાવ તો નથી. દૃષ્ટાન્ત કહે છે–''मृगाः मृगतृष्णिकां अज्ञानात् जलधिया पातुं धावन्ति'' (मृगाः) જેમ હરણો (मृगतृष्णिकां) મૃગજળને (अज्ञानात्) મિથ્યા ભ્રાન્તિથી (जलधिया) પાણીની બુદ્ધિએ (पातुं धावन्ति) પીવા માટે દોડે છે અને ''जनाः रज्जौ तमसि अज्ञानात् भुजगाध्यासेन द्रवन्ति'' (जनाः) જેમ મનુષ્ય જીવો (रज्जौ) દોરડામાં (तमसि) અંધકાર વિષે (अज्ञानात्) ભ્રાન્તિને લીધે (भुजगाध्यासेन) સર્પની બુદ્ધિથી (द्रवन्ति) ડરે છે. ૧૩–૫૮.

(વસંતતિલકા)

ज्ञानाद्विवेचकतया तु परात्मनोर्यो
जानाति हंस इव वाःपयसोर्विशेषम्।
चैतन्यधातुमचलं स सदाधिरूढो
जानीत एव हि करोति न किञ्चनापि।।१४-५९।।

ખંડાન્વય સહિત અર્થ :—''यः तु परात्मनोः विशेषम् जानाति'' (यः तु) જે કોઈ સમ્યગ્દૃષ્ટિ જીવ (पर) દ્રવ્યકર્મપિંડ અને (आत्मनोः) શુદ્ધ ચૈતન્યમાત્રનું (विशेषम्) ભિન્નપણું (जानाति) અનુભવે છે. શું કરીને અનુભવે છે? ''ज्ञानात् विवेचकतया'' (ज्ञानात्) સમ્યગ્જ્ઞાન દ્વારા (विवेचकतया) લક્ષણભેદ કરીને. તેનું વિવરણ—શુદ્ધ ચૈતન્યમાત્ર જીવનું લક્ષણ, અચેતનપણું પુદ્ગલનું લક્ષણ; તેથી જીવ અને પુદ્ગલ

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



ભિન્ન ભિન્ન છે એવો ભેદ ભેદજ્ઞાન કહેવાય છે. દ્રષ્ટાન્ત કહે છે—"वाःपयसोः हंसः इव" (वाः) પાણી (पयसोः) દૂધ (हंसः इव) હંસની માફક. ભાવાર્થ આમ છે કે જેમ હંસ દૂધ-પાણી ભિન્ન ભિન્ન કરે છે તેમ જે કોઈ જીવ-પુદ્‌ગલને ભિન્ન ભિન્ન અનુભવે છે "सः हि जानीत एव, किञ्चनापि न करोति" (सः हि) તે જીવ (जानीत एव) જ્ઞાયક તો છે, (किञ्चनापि) પરમાણુમાત્રને પણ (न करोति) કરતો તો નથી. કેવો છે જ્ઞાની જીવ? "सः सदा अचलं चैतन्यधातुं अधिरूढः" તે સદા નિશ્ચલ ચૈતન્યધાતુમય આત્માના સ્વરૂપમાં દ્રઢતાથી રહ્યો છે. ૧૪–૫૯.

(મંદાક્રાન્તા)

**ज्ञानादेव ज्वलनपयसोरौष्ण्यशैत्यव्यवस्था**
**ज्ञानादेवोल्लसति लवणस्वादभेदव्युदासः।**
**ज्ञानादेव स्वरसविकसन्नित्यचैतन्यधातोः**
**क्रोधादेश्च प्रभवति भिदा भिन्दती कर्तृभावम् ॥१५-६०॥**

**ખંડાન્વય સહિત અર્થ** :—"ज्ञानात् एव स्वरसविकसन्नित्यचैतन्यधातोः क्रोधादेः च भिदा प्रभवति" (ज्ञानात् एव) શુદ્ધ સ્વરૂપમાત્ર વસ્તુનો અનુભવ કરતાં જ (स्वरस) ચેતનાસ્વરૂપથી (विकसत्) પ્રકાશમાન છે, (नित्य) અવિનશ્વર છે,—એવું જે (चैतन्यधातोः) શુદ્ધ જીવસ્વરૂપ તેનું અને (क्रोधादेः च) સમસ્ત અશુદ્ધ ચેતનારૂપ રાગાદિ પરિણામનું (भिदा) ભિન્નપણું (प्रभवति) થાય છે. ભાવાર્થ આમ છે કે– (પ્રશ્નઃ) સામ્પ્રત (હાલમાં) જીવદ્રવ્ય રાગાદિ અશુદ્ધ ચેતનારૂપે પરિણમ્યું છે ત્યાં તો એમ પ્રતિભાસે છે કે જ્ઞાન ક્રોધરૂપ પરિણમ્યું છે તેથી જ્ઞાન ભિન્ન, ક્રોધ ભિન્ન–એવું અનુભવવું ઘણું જ કઠણ છે. ઉત્તર આમ છે કે સાચે જ કઠણ છે, પરંતુ વસ્તુનું શુદ્ધ સ્વરૂપ વિચારતાં ભિન્નપણારૂપ સ્વાદ આવે છે. કેવું છે ભિન્નપણું? "कर्तृभावं भिन्दती" (कर्तृभावं) 'કર્મનો કર્તા જીવ' એવી ભ્રાન્તિ, તેને (भिन्दती) મૂળથી દૂર કરે છે. દ્રષ્ટાન્ત કહે છે–"एव ज्वलनपयसोः औष्ण्यशैत्यव्यवस्था ज्ञानात् उल्लसति" (एव) જેમ (ज्वलन) અગ્નિ અને (पयसोः) પાણીના (औष्ण्य) ઉષ્ણપણા અને (शैत्य) શીતપણાનો (व्यवस्था) ભેદ (ज्ञानात्) નિજસ્વરૂપગ્રાહી જ્ઞાનથી

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



(उल्लसति) પ્રગટ થાય છે તેમ. ભાવાર્થ આમ છે કે—જેમ અગ્નિસંયોગથી પાણી ઊનું કરવામાં આવે છે, કહેવામાં પણ 'ઊનું પાણી' એમ કહેવાય છે, તોપણ સ્વભાવ વિચારતાં ઉષ્ણપણું અગ્નિનું છે, પાણી તો સ્વભાવથી શીતળ છે–આવું ભેદજ્ઞાન, વિચારતાં ઊપજે છે. બીજું દૃષ્ટાન્ત "एव लवणस्वादभेदव्युदासः ज्ञानात् उल्लसति" (एव) જેમ (लवण) ખારો રસ, તેના (स्वादभेद) વ્યંજનથી ભિન્નપણા વડે 'ખારો લવણનો સ્વભાવ' એવું જાણપણું તેનાથી (व्युदासः) 'વ્યંજન ખારું' એમ કહેવાતું–જણાતું તે છૂટ્યું; (આવું) (ज्ञानात्) નિજ સ્વરૂપના જાણપણા દ્વારા (उल्लसति) પ્રગટ થાય છે. ભાવાર્થ આમ છે કે જેમ લવણના સંયોગથી વ્યંજનનો સંભાર કરવામાં આવે છે ત્યાં 'ખારું વ્યંજન' એમ કહેવાય છે, જણાય પણ છે; સ્વરૂપ વિચારતાં ખારું લવણ છે, વ્યંજન જેવું છે તેવું જ છે. ૧૫–૬૦.

(અનુષ્ટુપ)

**अज्ञानं ज्ञानमप्येवं कुर्वन्नात्मानमञ्जसा।**
**स्यात्कर्तात्मात्मभावस्य परभावस्य न क्वचित् ॥१६-६१॥**

**ખંડાન્વય સહિત અર્થ :**—"एवं आत्मा आत्मभावस्य कर्ता स्यात्" (एवं) સર્વથા પ્રકારે (आत्मा) આત્મા અર્થાત્ જીવદ્રવ્ય (आत्मभावस्य कर्ता स्यात्) પોતાના પરિણામનો કર્તા હોય છે, "परभावस्य कर्ता न क्वचित् स्यात्" (परभावस्य) કર્મરૂપ અચેતન પુદ્ગલદ્રવ્યનો (कर्ता क्वचित् न स्यात्) ક્યારેય ત્રણે કાળે કર્તા હોતો નથી. કેવો છે આત્મા? "ज्ञानम् अपि आत्मानम् कुर्वन्" (ज्ञानम्) શુદ્ધ ચેતનામાત્ર પ્રગટરૂપ સિદ્ધ-અવસ્થા (अपि) તે-રૂપ પણ (आत्मानम् कुर्वन्) પોતે તદ્રૂપે પરિણમે છે. વળી કેવો છે? "अज्ञानम् अपि आत्मानम् कुर्वन्" (अज्ञानम्) અશુદ્ધ ચેતનારૂપ વિભાવપરિણામ (अपि) તે-રૂપ પણ (आत्मानम् कुर्वन्) પોતે તદ્રૂપે પરિણમે છે. ભાવાર્થ આમ છે કે– જીવદ્રવ્ય અશુદ્ધ ચેતનારૂપ પરિણમે છે, શુદ્ધ ચેતનારૂપ પરિણમે છે, તેથી જે કાળે જે ચેતનારૂપ પરિણમે છે તે કાળે તે જ ચેતના સાથે વ્યાપ્ય-વ્યાપકરૂપ છે, તેથી તે કાળે તે જ ચેતનાનું કર્તા છે; તોપણ પુદ્ગલપિંડરૂપ જે જ્ઞાનાવરણાદિ કર્મ છે તેની સાથે તો વ્યાપ્ય-વ્યાપકરૂપ નથી, તેથી તેનું કર્તા નથી. "अञ्जसा" સમસ્તપણે આવો અર્થ છે. ૧૬–૬૧.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

(અનુષ્ટુપ)

**आत्मा ज्ञानं स्वयं ज्ञानं ज्ञानादन्यत्करोति किम्।**
**परभावस्य कर्तात्मा मोहोऽयं व्यवहारिणाम्॥१७-६२॥**

**ખંડાન્વય સહિત અર્થ** :—''आत्मा ज्ञानं करोति'' (आत्मा) આત્મા અર્થાત્ ચેતનદ્રવ્ય (ज्ञानं) ચેતનામાત્ર પરિણામ (करोति) કરે છે. કેવો હોવાથી? ''स्वयं ज्ञानं'' કારણ કે આત્મા પોતે ચેતનાપરિણામમાત્રસ્વરૂપ છે. ''ज्ञानात् अन्यत् करोति किम्'' (ज्ञानात् अन्यत्) ચેતનપરિણામથી ભિન્ન જે અચેતન પુદ્‍ગલપરિણામરૂપ કર્મ તેને (किम् करोति) કરે છે શું? અર્થાત્ નથી કરતો, સર્વથા નથી કરતો. ''आत्मा परभावस्य कर्ता अयं व्यवहारिणां मोहः'' (आत्मा) ચેતનદ્રવ્ય (परभावस्य कर्ता) જ્ઞાનાવરણાદિ કર્મને કરે છે (अयं) એવું જાણપણું, એવું કહેવું (व्यवहारिणां मोहः) મિથ્યાદ્રષ્ટિ જીવોનું અજ્ઞાન છે. ભાવાર્થ આમ છે કે—કહેવામાં એમ આવે છે કે જ્ઞાનાવરણાદિ કર્મનો કર્તા જીવ છે, તે કહેવું પણ જૂઠું છે. ૧૭–૬૨.

(વસંતતિલકા)

**जीवः करोति यदि पुद्गलकर्म नैव**
**कस्तर्हि तत्कुरुत इत्यभिशङ्कयैव।**
**एतर्हि तीव्ररयमोहनिवर्हणाय**
**सङ्कीर्त्यते शृणुत पुद्गलकर्मकर्तृ॥१८-६३॥**

**ખંડાન્વય સહિત અર્થ** :—''पुद्गलकर्मकर्तृ संकीर्त्यते'' (पुद्गलकर्म) દ્રવ્યપિંડરૂપ આઠ કર્મનો (कर्तृ) કર્તા (सङ्कीर्त्यते) જેમ છે તેમ કહે છે; ''शृणुत'' સાવધાન થઈને તમે સાંભળો. પ્રયોજન કહે છે–'एतर्हि तीव्ररयमोहनिवर्हणाय'' (एतर्हि) આ વેળા (तीव्ररय) દુર્નિવાર ઉદય છે જેનો એવું જે (मोह) વિપરીત જ્ઞાન તેને (निवर्हणाय) મૂળથી દૂર કરવા માટે. વિપરીતપણું શાથી જણાય છે? ''इति अभिशङ्कया एव'' (इति) જેવી કરે છે (अभिशङ्कया) આશંકા તે વડે (एव) જ. તે આશંકા કેવી છે? ''यदि जीवः एव पुद्गलकर्म न करोति तर्हि कः तत् कुरुते'' (यदि) જો (जीवः एव) ચેતનદ્રવ્ય (पुद्गलकर्म)

પિંડરૂપ આઠ કર્મને (न करोति) કરતું નથી (तर्हि) તો (कः तत् कुरुते) તેને કોણ કરે છે? ભાવાર્થ આમ છે કે—જીવના કરવાથી જ્ઞાનાવરણાદિ કર્મ થાય છે એવી ભ્રાન્તિ ઊપજે છે, તેના પ્રતિ ઉત્તર આમ છે કે પુદ્‌ગલદ્રવ્ય પરિણામી છે, સ્વયં સહજ જ કર્મરૂપ પરિણમે છે. ૧૮–૬૩.

(ઉપજાતિ)

स्थितेत्यविघ्ना खलु पुद्गलस्य
स्वभावभूता परिणामशक्तिः।
तस्यां स्थितायां स करोति भावं
यमात्मनस्तस्य स एव कर्ता॥१६-६४॥

**ખંડાન્વય સહિત અર્થ :**—''इति खलु पुद्गलस्य परिणामशक्तिः स्थिता'' (इति) આ રીતે (खलु) નિશ્ચયથી (पुद्गलस्य) મૂર્ત દ્રવ્યનો (परिणामशक्तिः) પરિણમનસ્વરૂપ સ્વભાવ (स्थिता) અનાદિનિધન વિદ્યમાન છે. કેવો છે? ''स्वभावभूता'' સહજરૂપ છે. વળી કેવો છે? ''अविघ्ना'' નિર્વિઘ્નરૂપ છે. ''तस्यां स्थितायां सः आत्मनः यम् भावं करोति सः तस्य कर्ता भवेत्'' (तस्यां स्थितायां) તે પરિણામશક્તિ હોતાં (सः) પુદ્‌ગલદ્રવ્ય (आत्मनः) પોતાના અચેતનદ્રવ્યસંબંધી (यम् भावं करोति) જે પરિણામને કરે છે, (सः) પુદ્‌ગલદ્રવ્ય (तस्य कर्ता भवेत्) તે પરિણામનું કર્તા થાય છે. ભાવાર્થ આમ છે કે—જ્ઞાનાવરણાદિ કર્મરૂપે પુદ્‌ગલદ્રવ્ય પરિણમે છે અને તે ભાવનો કર્તા પુદ્‌ગલદ્રવ્ય થાય છે. ૧૯–૬૪.

(ઉપજાતિ)

स्थितेति जीवस्य निरन्तराया
स्वभावभूता परिणामशक्तिः।
तस्यां स्थितायां स करोति भावं
यं स्वस्य तस्यैव भवेत् स कर्ता॥२०-६५॥

**ખંડાન્વય સહિત અર્થ :**—''जीवस्य परिणामशक्तिः स्थिता इति'' (जीवस्य)

श्री दिगंबर जैन स्वाध्यायमंदिर ट्रस्ट, सोनगढ - ३६४२५०



જીવવસ્તુની અર્થાત્ ચેતનદ્રવ્યની (परिणामशक्तिः) પરિણામશક્તિ અર્થાત્ પરિણમનરૂપ સામર્થ્ય (स्थिता) અનાદિથી વિદ્યમાન છે–(इति) એવું દ્રવ્યનું સહજ છે. ''स्वभावभूता'' જે શક્તિ (स्वभावभूता) સહજરૂપ છે. વળી કેવી છે? ''निरन्तराया'' પ્રવાહરૂપ છે, એક સમયમાત્ર ખંડ નથી. 'तस्यां स्थितायां'' તે પરિણામશક્તિ હોતાં ''सः स्वस्य यं भावं करोति'' (सः) જીવવસ્તુ (स्वस्य) પોતાસંબંધી (यं भावं) જે કોઈ શુદ્ધચેતનારૂપ અશુદ્ધચેતનારૂપ પરિણામને (करोति) કરે છે ''तस्य एव सः कर्ता भवेत्'' (तस्य) તે પરિણામની (एव) નિશ્ચયથી (सः) જીવવસ્તુ (कर्ता) કરણશીલ (भवेत्) થાય છે. ભાવાર્થ આમ છે કે જીવદ્રવ્યની અનાદિનિધન પરિણમનશક્તિ છે. ૨૦–૬૫.

(આર્યા)

**ज्ञानमय एव भावः कुतो भवेद् ज्ञानिनो न पुनरन्यः।**
**अज्ञानमयः सर्वः कुतोऽयमज्ञानिनो नान्यः॥२१-६६॥**

**ખંડાન્વય સહિત અર્થ :**—અહીં કોઈ પ્રશ્ન કરે છે: ''ज्ञानिनः ज्ञानमयः एव भावः कुतः भवेत् पुनः न अन्यः'' (ज्ञानिनः) સમ્યગ્દ્રષ્ટિને (ज्ञानमयः एव भावः) ભેદવિજ્ઞાનસ્વરૂપ પરિણામ (कुतः भवेत्) ક્યા કારણથી હોય છે, (न पुनः अन्यः) અજ્ઞાનરૂપ નથી હોતો? ભાવાર્થ આમ છે કે સમ્યગ્દ્રષ્ટિ જીવ કર્મના ઉદયને ભોગવતાં વિચિત્ર રાગાદિરૂપ પરિણમે છે ત્યાં જ્ઞાનભાવનો કર્તા છે, અને (તેને) જ્ઞાનભાવ છે, અજ્ઞાનભાવ નથી;—તે કેવી રીતે છે એમ કોઈ પૂછે છે. ''अयम् सर्वः अज्ञानिनः अज्ञानमयः कुतः न अन्यः'' (अयम्) પરિણામ–(सर्वः) બધુંય પરિણમન (अज्ञानिनः) મિથ્યાદ્રષ્ટિને (अज्ञानमयः) અશુદ્ધ ચેતનારૂપ—બંધનું કારણ—હોય છે. (कुतः) કોઈ પ્રશ્ન કરે છે—આમ છે તે કઈ રીતે છે, (न अन्यः) જ્ઞાનજાતિનું કેમ નથી હોતું? ભાવાર્થ આમ છે કે મિથ્યાદ્રષ્ટિના જે કોઈ પરિણામ હોય છે તે બંધનું કારણ છે. ૨૧–૬૬.

(અનુષ્ટુપ)

**ज्ञानिनो ज्ञाननिर्वृत्ताः सर्वे भावा भवन्ति हि।**
**सर्वेऽप्यज्ञाननिर्वृत्ता भवन्त्यज्ञानिनस्तु ते॥२२-६७॥**

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

**ખંડાન્વય સહિત અર્થ :**—''हि ज्ञानिनः सर्वे भावाः ज्ञाननिर्वृत्ताः भवन्ति'' (हि) નિશ્ચયથી (ज्ञानिनः) સમ્યગ્દષ્ટિને (सर्वे भावाः) જેટલા પરિણામ છે તે બધા (ज्ञाननिर्वृत्ताः भवन्ति) જ્ઞાનસ્વરૂપ હોય છે. ભાવાર્થ આમ છે કે સમ્યગ્દષ્ટિનું દ્રવ્ય શુદ્ધત્વરૂપ પરિણમ્યું છે તેથી સમ્યગ્દષ્ટિનો જે કોઈ પરિણામ હોય છે તે જ્ઞાનમય શુદ્ધત્વજાતિરૂપ હોય છે, કર્મનો અબંધક હોય છે. ''तु ते सर्वे अपि अज्ञानिनः अज्ञाननिर्वृत्ताः भवन्ति'' (तु) આમ પણ છે કે (ते) જેટલા પરિણામ (सर्वे अपि) શુભોપયોગરૂપ અથવા અશુભોપયોગરૂપ છે તે બધા (अज्ञानिनः) મિથ્યાદૃષ્ટિને (अज्ञाननिर्वृत्ताः) અશુદ્ધત્વથી નીપજ્યા છે, (भवन्ति) વિદ્યમાન છે. ભાવાર્થ આમ છે કે– સમ્યગ્દષ્ટિ જીવની અને મિથ્યાદૃષ્ટિ જીવની ક્રિયા તો એકસરખી છે, ક્રિયાસંબંધી વિષય-કષાય પણ એકસરખા છે, પરન્તુ દ્રવ્યનો પરિણમનભેદ છે. વિવરણ– સમ્યગ્દષ્ટિનું દ્રવ્ય શુદ્ધત્વરૂપ પરિણમ્યું છે તેથી જે કોઈ પરિણામ બુદ્ધિપૂર્વક અનુભવરૂપ છે અથવા વિચારરૂપ છે અથવા વ્રતક્રિયારૂપ છે અથવા ભોગાભિલાષરૂપ છે અથવા ચારિત્રમોહના ઉદયે ક્રોધ, માન, માયા, લોભરૂપ છે તે સઘળાય પરિણામ જ્ઞાનજાતિમાં ઘટે છે, કેમ કે જે કોઈ પરિણામ છે તે સંવર-નિર્જરાનું કારણ છે;—એવો જ કોઈ દ્રવ્યપરિણમનનો વિશેષ છે. મિથ્યાદૃષ્ટિનું દ્રવ્ય અશુદ્ધરૂપ પરિણમ્યું છે, તેથી જે કોઈ મિથ્યાદૃષ્ટિના પરિણામ તે અનુભવરૂપ તો હોતા જ નથી; તેથી સૂત્ર-સિદ્ધાન્તના પાઠરૂપ છે અથવા વ્રત-તપશ્ચરણરૂપ છે અથવા દાન, પૂજા, દયા, શીલરૂપ છે અથવા ભોગાભિલાષરૂપ છે અથવા ક્રોધ, માન, માયા, લોભરૂપ છે,–આવા સઘળા પરિણામ અજ્ઞાનજાતિના છે, કેમ કે બંધનું કારણ છે, સંવર-નિર્જરાનું કારણ નથી;—દ્રવ્યનો એવો જ પરિણમનવિશેષ છે. ૨૨-૬૭.

(અનુષ્ટુપ)

**अज्ञानमयभावानामज्ञानी व्याप्य भूमिकाः।**
**द्रव्यकर्मनिमित्तानां भावानामेति हेतुताम्॥२३-६८॥**

**ખંડાન્વય સહિત અર્થ :**—એમ કહ્યું છે કે સમ્યગ્દષ્ટિ જીવની અને મિથ્યાદૃષ્ટિ જીવની બાહ્ય ક્રિયા તો એકસરખી છે પરંતુ દ્રવ્યનો પરિણમનવિશેષ છે, તે વિશેષના અનુસાર દર્શાવે છે, સર્વથા તો પ્રત્યક્ષ જ્ઞાનગોચર છે. ''अज्ञानी

द्रव्यकर्मनिमित्तानां भावानाम् हेतुताम् एति'' (अज्ञानी) મિથ્યાદ્રષ્ટિ જીવ, (द्रव्यकर्म) જે ધારાપ્રવાહરૂપ નિરન્તર બંધાય છે–પુદ્‌ગલદ્રવ્યના પર્યાયરૂપ કાર્મણવર્ગણા જ્ઞાનાવરણાદિ કર્મપિંડરૂપ બંધાય છે, જીવના પ્રદેશો સાથે એકક્ષેત્રાવગાહી છે, પરસ્પર બન્ધ્ય-બન્ધકભાવ પણ છે,—તેમનાં (निमित्तानां) બાહ્ય કારણરૂપ છે (भावानाम्) મિથ્યાદ્રષ્ટિના મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ જે અશુદ્ધ પરિણામ, [ભાવાર્થ આમ છે કે–જેમ કળશરૂપે મૃત્તિકા પરિણમે છે, જેમ કુંભારના પરિણામ તેનું બાહ્ય નિમિત્ત કારણ છે, વ્યાપ્ય-વ્યાપ્યકરૂપ નથી તેમ જ્ઞાનાવરણાદિક કર્મપિંડરૂપ પુદ્‌ગલદ્રવ્ય સ્વયં વ્યાપ્ય-વ્યાપ્યકરૂપ છે, તોપણ જીવના અશુદ્ધ ચેતનારૂપ મોહ-રાગ-દ્વેષાદિ પરિણામ બાહ્ય નિમિત્તકારણ છે, વ્યાપ્ય-વ્યાપ્યકરૂપ તો નથી.] તે પરિણામોના (हेतुताम्) કારણપણે (एति) પોતે પરિણમે છે. ભાવાર્થ આમ છે કે–કોઈ જાણશે કે 'જીવદ્રવ્ય તો શુદ્ધ છે, ઉપચારમાત્ર કર્મબંધનું કારણ થાય છે,' પરંતુ એમ તો નથી. પોતે સ્વયં મોહ-રાગ-દ્વેષ—અશુદ્ધચેતનાપરિણામરૂપ પરિણમે છે તેથી કર્મનું કારણ છે. મિથ્યાદ્રષ્ટિ જીવ અશુદ્ધરૂપ જે રીતે પરિણમે છે તે કહે છે—''अज्ञानमयभावानाम् भूमिकाः प्राप्य'' (अज्ञानमय) મિથ્યાત્વજાતિરૂપ છે (भावानाम्) કર્મના ઉદયની અવસ્થા તેમની, (भूमिकाः) જેને પામતાં અશુદ્ધ પરિણામ થાય છે એવી સંગતિને (प्राप्य) પામી મિથ્યાદ્રષ્ટિ જીવ અશુદ્ધ પરિણામરૂપે પરિણમે છે. ભાવાર્થ આમ છે કે—દ્રવ્યકર્મ અનેક પ્રકારનું છે, તેનો ઉદય અનેક પ્રકારનો છે. એક કર્મ એવું છે જેના ઉદયે શરીર થાય છે, એક કર્મ એવું છે જેના ઉદયે મન-વચન-કાય થાય છે, એક કર્મ એવું છે જેના ઉદયે સુખ-દુઃખ થાય છે. આમ અનેક પ્રકારનાં કર્મોનો ઉદય હોતાં મિથ્યાદ્રષ્ટિ જીવ કર્મના ઉદયને પોતારૂપ અનુભવે છે, તેનાથી રાગ-દ્વેષ-મોહપરિણામ થાય છે, તેમનાથી નૂતન કર્મબંધ થાય છે. તેથી મિથ્યાદ્રષ્ટિ જીવ અશુદ્ધ ચેતન પરિણામનો કર્તા છે. જેથી મિથ્યાદ્રષ્ટિ જીવને શુદ્ધ સ્વરૂપનો અનુભવ નથી તેથી કર્મના ઉદય-કાર્યને પોતારૂપ અનુભવે છે. જેમ મિથ્યાદ્રષ્ટિને કર્મનો ઉદય છે તેમ જ સમ્યગ્દ્રષ્ટિને પણ છે; પરન્તુ સમ્યગ્દ્રષ્ટિ જીવને શુદ્ધ સ્વરૂપનો અનુભવ છે તેથી કર્મના ઉદયને કર્મજાતિરૂપ અનુભવે છે, પોતાને શુદ્ધસ્વરૂપ અનુભવે છે; તેથી કર્મના ઉદયમાં રંજિત થતો નથી, તેથી મોહ-રાગ-દ્વેષરૂપ પરિણમતો નથી, તેથી કર્મબંધ થતો નથી. તેથી સમ્યગ્દ્રષ્ટિ અશુદ્ધ પરિણામનો કર્તા નથી.—આવો વિશેષ છે. ૨૩–૬૮.

(ઉપેન્દ્રવજ્રા)

**य एव मुक्त्वा नयपक्षपातं**
**स्वरूपगुप्ता निवसन्ति नित्यम्।**
**विकल्पजालच्युतशान्तचित्ता-**
**स्त एव साक्षादमृतं पिबन्ति॥२४-६६॥**

**ખંડાન્વય સહિત અર્થ :**—"ये एव नित्यम् स्वरूपगुप्ताः निवसन्ति ते एव साक्षात् अमृतं पिबन्ति" (ये एव) જે કોઈ જીવ (नित्यम्) નિરન્તર (स्वरूप) શુદ્ધ ચૈતન્યમાત્ર વસ્તુમાં (गुप्ताः) તન્મય થયા છે—(निवसन्ति) એવા થઈને રહે છે (ते एव) તે જ જીવો (साक्षात् अमृतं) અતીન્દ્રિય સુખનો (पिबन्ति) આસ્વાદ કરે છે. શું કરીને? "नयपक्षपातं मुक्त्वा" (नय) દ્રવ્ય-પર્યાયરૂપ વિકલ્પબુદ્ધિ તેના (पक्षपातं) એક પક્ષરૂપ અંગીકારને (मुक्त्वा) છોડીને. કેવા છે તે જીવ? "विकल्पजालच्युतशान्तचित्ताः" (विकल्पजाल) એક સત્ત્વનો અનેકરૂપ વિચાર તેનાથી (च्युत) રહિત થયું છે (शान्तचित्ताः) નિર્વિકલ્પ સમાધાનરૂપ મન જેમનું, એવા છે. ભાવાર્થ આમ છે કે—એક સત્ત્વરૂપ વસ્તુ છે તેને, દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ વિચારતાં વિકલ્પ થાય છે, તે વિકલ્પ થતાં મન આકુળ થાય છે, આકુળતા દુઃખ છે; તેથી વસ્તુમાત્ર અનુભવતાં વિકલ્પ મટે છે, વિકલ્પ મટતાં આકુળતા મટે છે, આકુળતા મટતાં દુઃખ મટે છે. તેથી અનુભવશીલ જીવ પરમ સુખી છે. ૨૪–૬૯.

(ઉપજાતિ)

**एकस्य बद्धो न तथा परस्य**
**चिति द्वयोर्द्वाविति पक्षपातौ।**
**यस्तत्त्ववेदी च्युतपक्षपात-**
**स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव॥२५-७०॥**

**ખંડાન્વય સહિત અર્થ :**—"चिति द्वयोः इति द्वौ पक्षपातौ" (चिति)

ચૈતન્યમાત્ર વસ્તુમાં (द्वयोः) દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક—બે નયોના (इति) આમ (द्वौ पक्षपातौ) બંને પક્ષપાત છે. ''एकस्य बद्धः तथा अपरस्य न'' (एकस्य) અશુદ્ધ પર્યાયમાત્રગ્રાહક જ્ઞાનનો પક્ષ કરતાં (बद्धः) જીવદ્રવ્ય બંધાયું છે; [ભાવાર્થ આમ છે કે–જીવદ્રવ્ય અનાદિથી કર્મસંયોગ સાથે એકપર્યાયરૂપ ચાલ્યું આવ્યું છે, વિભાવરૂપ પરિણમ્યું છે–એમ એક બંધપર્યાયને અંગીકાર કરીએ, દ્રવ્યસ્વરૂપનો પક્ષ ન કરીએ, તો જીવ બંધાયો છે; એક પક્ષ આ રીતે છે;] (तथा) બીજો પક્ષ—(अपरस्य) દ્રવ્યાર્થિકનયનો પક્ષ કરતાં (न) બંધાયો નથી. ભાવાર્થ આમ છે કે—જીવદ્રવ્ય અનાદિનિધન ચેતનાલક્ષણ છે, આમ દ્રવ્યમાત્રનો પક્ષ કરતાં જીવદ્રવ્ય બંધાયું તો નથી, સદા પોતાના સ્વરૂપે છે; કેમ કે કોઈ પણ દ્રવ્ય કોઈ અન્ય દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપે પરિણમતું નથી, બધાંય દ્રવ્યો પોતાના સ્વરૂપે પરિણમે છે. ''यः तत्त्ववेदी'' જે કોઈ શુદ્ધ ચેતનામાત્ર જીવના સ્વરૂપનો અનુભવનશીલ છે જીવ, ''च्युतपक्षपातः'' તે જીવ પક્ષપાતથી રહિત છે. ભાવાર્થ આમ છે કે–એક વસ્તુની અનેકરૂપ કલ્પના કરવામાં આવે છે તેનું નામ પક્ષપાત કહેવાય છે, તેથી વસ્તુમાત્રનો સ્વાદ આવતાં કલ્પનાબુદ્ધિ સહજ જ મટે છે. ''तस्य चित् चित् एव अस्ति'' (तस्य) શુદ્ધ સ્વરૂપને અનુભવે છે તેને '(चित्) ચૈતન્યવસ્તુ (चित् एव अस्ति) ચેતનામાત્ર વસ્તુ છે' એવો પ્રત્યક્ષપણે સ્વાદ આવે છે. ૨૫–૭૦★

(ઉપજાતિ)

एकस्य मूढो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव॥२६-७१॥

**અર્થ** :—જીવ મૂઢ (મોહી) છે એવો એક નયનો પક્ષ છે અને જીવ મૂઢ (મોહી) નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે

★ અહીંથી હવે પછીના ૨૬ થી ૪૪ સુધીના શ્લોકો ૨૫ મા શ્લોકની સાથે મળતા છે, તેથી પં. શ્રી રાજમલ્લજીએ તે શ્લોકોનો ''ખંડાન્વય સહિત અર્થ'' કર્યો નથી. મૂળ શ્લોકો, તેમનો અર્થ તથા ભાવાર્થ ગુજરાતી સમયસારમાંથી અહીં આપવામાં આવ્યા છે.

પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે (અર્થાત્ તેને ચિત્સ્વરૂપ જીવ જેવો છે તેવો નિરન્તર અનુભવાય છે). ૨૬–૭૧.

(ઉપજાતિ)

एकस्य रक्तो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।२७-७२।।

અર્થ :–જીવ રાગી છે એવો એક નયનો પક્ષ છે અને જીવ રાગી નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. ૨૭–૭૨.

(ઉપજાતિ)

एकस्य दुष्टो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।२८-७३।।

અર્થ :–જીવ દ્વેષી છે એવો એક નયનો પક્ષ છે અને જીવ દ્વેષી નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. ૨૮–૭૩.

(ઉપજાતિ)

एकस्य कर्ता न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।२९-७४।।

અર્થ :—જીવ કર્તા છે એવો એક નયનો પક્ષ છે અને જીવ કર્તા નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. ૨૯–૭૪.

(ઉપજાતિ)

एकस्य भोक्ता न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।३०-७५।।

અર્થ :—જીવ ભોક્તા છે એવો એક નયનો પક્ષ છે અને જીવ ભોક્તા નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. ૩૦–૭૫.

(ઉપજાતિ)

एकस्य जीवो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।३१-७६।।

અર્થ :—જીવ જીવ છે એવો એક નયનો પક્ષ છે અને જીવ જીવ નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. ૩૧–૭૬.

(ઉપજાતિ)

एकस्य सूक्ष्मो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।३२-७७।।

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



અર્થ :–જીવ સૂક્ષ્મ છે એવો એક નયનો પક્ષ છે અને જીવ સૂક્ષ્મ નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. ૩૨–૭૭.

(ઉપજાતિ)

एकस्य हेतुर्न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।३३-७८।।

અર્થ :—જીવ હેતુ (કારણ) છે એવો એક નયનો પક્ષ છે અને જીવ હેતુ (કારણ) નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. ૩૩–૭૮.

(ઉપજાતિ)

एकस्य कार्यं न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।३४-७९।।

અર્થ :—જીવ કાર્ય છે એવો એક નયનો પક્ષ છે અને જીવ કાર્ય નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. ૩૪–૭૯.

(ઉપજાતિ)

एकस्य भावो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।३५-८०।।

અર્થ :—જીવ ભાવ છે (અર્થાત્ ભાવરૂપ છે) એવો એક નયનો પક્ષ છે અને જીવ ભાવ નથી (અર્થાત્ અભાવરૂપ છે) એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. ૩૫–૮૦.

(ઉપજાતિ)

एकस्य चैको न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।३६-८१।।

અર્થ :–જીવ એક છે એવો એક નયનો પક્ષ છે અને જીવ એક નથી (-અનેક છે) એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. ૩૬–૮૧.

(ઉપજાતિ)

एकस्य सांतो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।३७-८२।।

અર્થ :–જીવ સાન્ત (-અન્ત સહિત) છે એવો એક નયનો પક્ષ છે અને જીવ સાન્ત નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. ૩૭–૮૨.

(ઉપજાતિ)

एकस्य नित्यो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।३८-८३।।

અર્થ :—જીવ નિત્ય છે એવો એક નયનો પક્ષ છે અને જીવ નિત્ય નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. ૩૮–૮૩.

(ઉપજાતિ)

एकस्य वाच्यो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।३९-८४।।

અર્થ :—જીવ વાચ્ય (અર્થાત્ વચનથી કહી શકાય એવો) છે એવો એક નયનો પક્ષ છે અને જીવ વાચ્ય(–વચનગોચર) નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. ૩૯–૮૪.

(ઉપજાતિ)

एकस्य नाना न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।४०-८५।।

અર્થ :—જીવ નાનારૂપ છે એવો એક નયનો પક્ષ છે અને જીવ નાનારૂપ નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે

તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. ૪૦–૮૫.

(ઉપજાતિ)

एकस्य चेत्यो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव॥४१-८६॥

અર્થ :—જીવ ચેત્ય (ચેતાવાયોગ્ય) છે એવો એક નયનો પક્ષ છે અને જીવ ચેત્ય નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. ૪૧–૮૬.

(ઉપજાતિ)

एकस्य दृश्यो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव॥४२-८७॥

અર્થ :—જીવ દૃશ્ય (-દેખાવાયોગ્ય) છે એવો એક નયનો પક્ષ છે અને જીવ દૃશ્ય નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. ૪૨–૮૭.

(ઉપજાતિ)

एकस्य वेद्यो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव॥४३-८८॥

અર્થ :–જીવ વેદ્ય (-વેદાવાયોગ્ય, જણાવાયોગ્ય) છે એવો એક નયનો પક્ષ છે અને જીવ વેદ્ય નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. ૪૩–૮૮.

(ઉપજાતિ)

एकस्य भातो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव॥४४-८९॥

અર્થ :—જીવ 'ભાત' (પ્રકાશમાન અર્થાત્ વર્તમાન પ્રત્યક્ષ) છે એવો એક નયનો પક્ષ છે અને જીવ 'ભાત' નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે (અર્થાત્ તેને ચિત્સ્વરૂપ જીવ જેવો છે તેવો નિરન્તર અનુભવાય છે).

ભાવાર્થ :—બદ્ધ અબદ્ધ, મૂઢ અમૂઢ, રાગી અરાગી, દ્વેષી અદ્વેષી, કર્તા અકર્તા, ભોક્તા અભોક્તા, જીવ અજીવ, સૂક્ષ્મ સ્થૂલ, કારણ અકારણ, કાર્ય અકાર્ય, ભાવ અભાવ, એક અનેક, સાન્ત અનન્ત, નિત્ય અનિત્ય, વાચ્ય અવાચ્ય, નાના અનાના, ચેત્ય અચેત્ય, દૃશ્ય અદૃશ્ય, વેદ્ય અવેદ્ય, ભાત અભાત ઈત્યાદિ નયોના પક્ષપાત છે. જે પુરુષ નયોના કથન અનુસાર યથાયોગ્ય વિવક્ષાપૂર્વક તત્ત્વનો–વસ્તુસ્વરૂપનો નિર્ણય કરીને નયોના પક્ષપાતને છોડે છે તે પુરુષને ચિત્સ્વરૂપ જીવનો ચિત્સ્વરૂપે અનુભવ થાય છે.

જીવમાં અનેક સાધારણ ધર્મો છે પરંતુ ચિત્સ્વભાવ તેનો પ્રગટ અનુભવગોચર અસાધારણ ધર્મ છે તેથી તેને મુખ્ય કરીને અહીં જીવને ચિત્સ્વરૂપ કહ્યો છે. ૪૪–૮૯.

(વસંતતિલકા)

स्वेच्छासमुच्छलदनल्पविकल्पजाला-
मेवं व्यतीत्य महतीं नयपक्षकक्षाम्।
अन्तर्बहिः समरसैकरसस्वभावं
स्वं भावमेकमुपयात्यनुभूतिमात्रम्॥४५-९०॥

**ખંડાન્વય સહિત અર્થ** :—"एवं (सः तत्त्ववेदी) एकम् स्वं भावम् उपयाति" (एवं) પૂર્વોક્ત પ્રકારે (सः) સમ્યગ્દષ્ટિ જીવ—(तत्त्ववेदी) શુદ્ધસ્વરૂપનો અનુભવશીલ—(एकम् स्वं भावम् उपयाति) એક શુદ્ધસ્વરૂપ ચિદ્રૂપ આત્માને આસ્વાદે છે. કેવો છે આત્મા? "अन्तः बहिः समरसैकरसस्वभावं" (अन्तः) અંદર અને (बहिः) બહાર (समरस) તુલ્યરૂપ એવી (एकरस) ચેતનશક્તિ તે છે (स्वभावं) સહજ રૂપ જેનું એવો છે. શું કરીને શુદ્ધસ્વરૂપ પામે છે? "नयपक्षकक्षाम् व्यतीत्य" (नय) દ્રવ્યાર્થિક પર્યાયાર્થિક ભેદ, તેનો (पक्ष) અંગીકાર, તેનો (कक्षाम्) સમૂહ છે–અનન્ત નયવિકલ્પો છે, તેમને (व्यतीत्य) દૂરથી જ છોડીને. ભાવાર્થ આમ છે કે–અનુભવ નિર્વિકલ્પ છે, તે અનુભવકાળે સમસ્ત વિકલ્પો છૂટી જાય છે. (નયપક્ષકક્ષા) કેવી છે? "महतीं" જેટલા બાહ્ય-અભ્યન્તર બુદ્ધિના વિકલ્પો તેટલા જ નયભેદ, એવી છે. વળી કેવી છે? "स्वेच्छासमुच्छलदनल्पविकल्पजालाम्" (स्वेच्छा) વિના ઉપજાવ્યે જ (समुच्छलत्) ઊપજે છે એવી જે (अनल्प) અતિ ઘણી (विकल्प) નિર્ભેદ વસ્તુમાં ભેદકલ્પના, તેનો (जालाम्) સમૂહ છે જેમાં એવી છે. કેવું છે આત્મસ્વરૂપ? "अनुभूतिमात्रम्" અતીન્દ્રિય સુખસ્વરૂપ છે. ૪૫–૯૦.

(રથોદ્ધતા)

इन्द्रजालमिदमेवमुच्छलत्
पुष्कलोच्चलविकल्पवीचिभिः।
यस्य विस्फुरणमेव तत्क्षणं
कृत्स्नमस्यति तदस्मि चिन्महः ॥४६-९१॥

**ખંડાન્વય સહિત અર્થ** :—"तत् चिन्महः अस्मि" હું એવા જ્ઞાનપુંજરૂપ છું કે "यस्य विस्फुरणम्" જેનો પ્રકાશમાત્ર થતાં "इदम् कृत्स्नम् इन्द्रजालम् तत्क्षणं एव अस्यति" (इदम्) વિદ્યમાન અનેક નયવિકલ્પ (कृत्स्नम्) કે જે અતિ ઘણા છે, (इन्द्रजालम्) ઇન્દ્રજાળ છે અર્થાત્ જૂઠા છે, પરંતુ વિદ્યમાન છે તે (तत्क्षणं) જે કાળે શુદ્ધ ચિદ્રૂપ અનુભવ થાય છે તે જ કાળે (एव) નિશ્ચયથી (अस्यति) વિનષ્ટ થઈ જાય છે. ભાવાર્થ આમ છે–જેમ સૂર્યનો પ્રકાશ થતાં અંધકાર ફાટી જાય છે તેમ શુદ્ધ ચૈતન્યમાત્રનો અનુભવ થતાં જેટલા વિકલ્પો તે બધાય મટે છે—એવી શુદ્ધ ચૈતન્યવસ્તુ છે તે મારો સ્વભાવ; અન્ય સમસ્ત કર્મની ઉપાધિ છે. કેવી છે ઇન્દ્રજાળ? "पुष्कलोच्चल-

विकल्पवीचिभिः उच्छलत्'' (पुष्कल) અતિ ઘણી, (उच्चल) અતિ સ્થૂલ એવી જે (विकल्प) ભેદકલ્પના, એવી જે (वीचिभिः) તરંગાવલી તેના વડે (उच्छलत्) આકુલતારૂપ છે; તેથી હેય છે, ઉપાદેય નથી. ૪૬–૯૧.

(સ્વાગતા)

**चित्स्वभावभरभावितभावा-**
**भावभावपरमार्थतयैकम् ।**
**बन्धपद्धतिमपास्य समस्तां**
**चेतये समयसारमपारम् ॥४७-९२॥**

ખંડાન્વય સહિત અર્થ :—''समयसारम् चेतये'' સમયસારનો અર્થાત્ શુદ્ધ ચૈતન્યનો અનુભવ કરવો કાર્યસિદ્ધિ છે. કેવો છે? ''अपारम्'' અનાદિ-અનન્ત છે. વળી કેવો છે? ''एकम्'' શુદ્ધસ્વરૂપ છે. શા વડે શુદ્ધસ્વરૂપ છે? ''चित्स्वभावभरभावितभावा-भावभावपरमार्थतया एकम्'' (चित्स्वभाव) જ્ઞાનગુણ તેનો (भर) અર્થગ્રહણવ્યાપાર તેના વડે (भावित) થાય છે (भाव) ઉત્પાદ (अभाव) વિનાશ (भाव) ધ્રૌવ્ય એવા ત્રણ ભેદ, તેમના વડે (परमार्थतया एकम्) સાધ્યું છે એક અસ્તિત્વ જેનું. શું કરીને? ''समस्तां बन्धपद्धतिम् अपास्य'' (समस्तां) જેટલી અસંખ્યાત લોકમાત્ર ભેદરૂપ છે (बन्धपद्धतिम्) જ્ઞાનાવરણાદિ કર્મબંધરચના તેનું (अपास्य) મમત્વ છોડીને. ભાવાર્થ આમ છે કે–શુદ્ધસ્વરૂપનો અનુભવ થતાં જેમ નયવિકલ્પો મટે છે તેમ સમસ્ત કર્મના ઉદયે જેટલા ભાવ છે તે પણ અવશ્ય મટે છે એવો સ્વભાવ છે. ૪૭–૯૨.

(શાર્દૂલવિક્રીડિત)

**आक्रामन्नविकल्पभावमचलं पक्षैर्नयानां विना**
**सारो यः समयस्य भाति निभृतैरास्वाद्यमानः स्वयम् ।**
**विज्ञानैकरसः स एष भगवान्पुण्यः पुराणः पुमान्**
**ज्ञानं दर्शनमप्ययं किमथवा यत्किञ्चनैकोऽप्ययम् ॥४८-९३॥**

ખંડાન્વય સહિત અર્થ :—''यः समयस्य सारः भाति'' (यः) જે (समयस्य सारः)

શુદ્ધસ્વરૂપ આત્મા (भाति) પોતાના શુદ્ધ સ્વરૂપે પરિણમે છે. જે રીતે પરિણમે છે તે કહે છે–''नयानां पक्षैः विना अचलं अविकल्पभावम् आक्रामन्'' (नयानां) દ્રવ્યાર્થિક પર્યાયાર્થિક એવા જે અનેક વિકલ્પો તેમનો (पक्षैः विना) પક્ષપાત કર્યા વિના, (अचलं) ત્રણે કાળ એકરૂપ છે એવી (अविकल्पभावम्) નિર્વિકલ્પ શુદ્ધ ચૈતન્યવસ્તુ તે-રૂપ (आक्रामम्) જે રીતે શુદ્ધસ્વરૂપ છે તે રીતે પરિણમતો થકો. ભાવાર્થ આમ છે કે–જેટલા નય છે તેટલા શ્રુતજ્ઞાનરૂપ છે; શ્રુતજ્ઞાન પરોક્ષ છે, અનુભવ પ્રત્યક્ષ છે; તેથી શ્રુતજ્ઞાન વિના જે જ્ઞાન છે તે પ્રત્યક્ષ અનુભવે છે. તેથી પ્રત્યક્ષપણે અનુભવતો થકો જે કોઈ શુદ્ધસ્વરૂપ આત્મા ''सः विज्ञानैकरसः'' તે જ જ્ઞાનપુંજ વસ્તુ છે એમ કહેવાય છે, ''सः भगवान्'' તે જ પરબ્રહ્મ પરમેશ્વર એમ કહેવાય છે, ''एषः पुण्यः'' તે જ પવિત્ર પદાર્થ એમ પણ કહેવાય છે, ''एषः पुराणः'' તે જ અનાદિનિધન વસ્તુ એમ પણ કહેવાય છે, ''एषः पुमान्'' તે જ અનંત ગુણે બિરાજમાન પુરુષ એમ પણ કહેવાય છે, ''अयं ज्ञानं दर्शनम् अपि'' તે જ સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન એમ પણ કહેવાય છે. ''अथवा किम्'' બહુ શું કહીએ? ''अयम् एकः यत् किञ्चन अपि'' (अयम् एकः) આ જે છે શુદ્ધચૈતન્યવસ્તુની પ્રાપ્તિ (यत् किञ्चन अपि) તેને જે કાંઈ કહીએ તે જ છે, જેવી પણ કહેવામાં આવે તેવી જ છે. ભાવાર્થ આમ છે કે–શુદ્ધચૈતન્યમાત્રવસ્તુપ્રકાશ નિર્વિકલ્પ એકરૂપ છે, તેનાં નામનો મહિમા કરવામાં આવે તો અનંત નામ કહીએ તેટલાં પણ ઘટે, વસ્તુ તો એકરૂપ છે. કેવો છે તે શુદ્ધસ્વરૂપ આત્મા? ''निभृतैः स्वयं आस्वाद्यमानः'' નિશ્ચલ જ્ઞાની પુરુષો વડે પોતે સ્વયં અનુભવશીલ છે. ૪૮–૯૩.

(શાર્દૂલવિક્રીડિત)

दूरं भूरिविकल्पजालगहने भ्राम्यन्निजौघाच्च्युतो
दूरादेव विवेकनिम्नगमनान्नीतो निजौघं बलात् ।
विज्ञानैकरसस्तदेकरसिनामात्मानमात्माहरन्
आत्मन्येव सदा गतानुगततामायात्ययं तोयवत् ॥४६-६४॥

ખંડાન્વય સહિત અર્થ :—''अयं आत्मा गतानुगततां आयाति तोयवत्'' (अयं) દ્રવ્યરૂપ વિદ્યમાન છે એવો (आत्मा) આત્મા અર્થાત્ ચેતનપદાર્થ (गतानुगतताम्) સ્વરૂપથી નષ્ટ થયો હતો તે, પાછો તે સ્વરૂપને પ્રાપ્ત થયો એવા ભાવને (आयाति)

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



પામે છે. દૃષ્ટાંત—(तोयवत्) પાણીની માફક. શું કરતો થકો? ''आत्मानम् आत्मनि सदा आहरन्'' પોતાને પોતામાં નિરન્તર અનુભવતો થકો. કેવો છે આત્મા? ''तदेकरसिनाम् विज्ञानैकरसः'' (तदेकरसिनाम्) અનુભવરસિક છે જે પુરુષો તેમને (विज्ञानैकरसः) જ્ઞાનગુણ-આસ્વાદરૂપ છે. કેવો થયો છે? ''निजौघात् च्युतः'' (निजौघात्) જેમ પાણીનો શીત, સ્વચ્છ, દ્રવત્વ સ્વભાવ છે, તે સ્વભાવથી ક્યારેક ચ્યુત થાય છે, પોતાના સ્વભાવને છોડે છે, તેમ જીવદ્રવ્યનો સ્વભાવ કેવળજ્ઞાન, કેવળદર્શન, અતીન્દ્રિય સુખ ઇત્યાદિ અનંત ગુણસ્વરૂપ છે, તેનાથી (च्युतः) અનાદિ કાળથી ભ્રષ્ટ થયો છે, વિભાવરૂપ પરિણમ્યો છે. ભ્રષ્ટપણું જે રીતે છે તે કહે છે–''दूरं भूरिविकल्पजालगहने भ्राम्यन्'' (दूरं) અનાદિ કાળથી (भूरि) અતિ બહુ છે (विकल्प) કર્મજનિત જેટલા ભાવ તેમનામાં આત્મરૂપ સંસ્કારબુદ્ધિ, તેનો (जाल) સમૂહ, તે જ છે (गहने) અટવી–વન, તેમાં (भ्राम्यन्) ભ્રમણ કરતો થકો. ભાવાર્થ આમ છે કે— જેમ પાણી પોતાના સ્વાદથી ભ્રષ્ટ થયું થકું નાના વૃક્ષોરૂપે પરિણમે છે તેમ જીવદ્રવ્ય પોતાના શુદ્ધસ્વરૂપથી ભ્રષ્ટ થયું થકું નાના પ્રકારના ચતુર્ગતિપર્યાયરૂપે પોતાને આસ્વાદે છે. થયો તો કેવો થયો? ''बलात् निजौघं नीतः'' (बलात्) બળજોરીથી (निजौघं) પોતાની શુદ્ધસ્વરૂપલક્ષણ નિષ્કર્મ અવસ્થા (नीतः) તે-રૂપ પરિણમ્યો છે. આવો જે કારણથી થયો તે કહે છે–''दूरात् एव'' અનંત કાળ ફરતાં પ્રાપ્ત થયો છે એવો જે ''विवेकनिम्नगमनात्'' (विवेक) શુદ્ધસ્વરૂપનો અનુભવ એવો જે (निम्नगमनात्) નીચો માર્ગ, તે કારણથી જીવદ્રવ્યનું જેવું સ્વરૂપ હતું તેવું પ્રગટ થયું. ભાવાર્થ આમ છે કે–જેવી રીતે પાણી પોતાના સ્વરૂપથી ભ્રષ્ટ થાય છે, કાળ નિમિત્ત પામી ફરીને જળરૂપ થાય છે. નીચા માર્ગથી ઢળતું થકું પુંજરૂપ પણ થાય છે, તેવી રીતે જીવદ્રવ્ય અનાદિથી સ્વરૂપથી ભ્રષ્ટ છે, શુદ્ધસ્વરૂપલક્ષણ સમ્યક્ત્વગુણ પ્રગટ થતાં મુક્ત થાય છે. આવો દ્રવ્યનો પરિણામ છે. ૪૯–૯૪.

(અનુષ્ટુપ)

**विकल्पकः परं कर्ता विकल्पः कर्म केवलम्।**
**न जातु कर्तृकर्मत्वं सविकल्पस्य नश्यति॥५०-९५॥**

ખંડાન્વય સહિત અર્થઃ—''सविकल्पस्य कर्तृकर्मत्वं जातु न नश्यति'' (सविकल्पस्य) કર્મજનિત છે જે અશુદ્ધ રાગાદિ ભાવ તેમને પોતારૂપ જાણે છે એવા

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



મિથ્યાદ્રષ્ટિ જીવને (कर्तृकर्मत्वं) કર્તાપણું-કર્મપણું (जातु) સર્વ કાળ (न नश्यति) મટતું નથી, કારણ કે ''परं विकल्पकः कर्ता, केवलम् विकल्पः कर्म'' (विकल्पकः) વિભાવ-મિથ્યાત્વ-પરિણામે પરિણમ્યો છે જે જીવ (परं) તે જ માત્ર (कर्ता) જે ભાવરૂપ પરિણમે તેનો કર્તા અવશ્ય થાય છે; (विकल्पः) મિથ્યાત્વ-રાગાદિરૂપ અશુદ્ધ ચેતનપરિણામ (केवलम्) તે જ માત્ર (कर्म) જીવનું કાર્ય જાણવું. ભાવાર્થ આમ છે– કોઈ એમ માનશે કે જીવદ્રવ્ય સદાય અકર્તા છે; તેનું આમ સમાધાન છે કે જેટલો કાળ જીવનો સમ્યક્ત્વગુણ પ્રગટ થતો નથી તેટલો કાળ જીવ મિથ્યાદ્રષ્ટિ છે; મિથ્યાદ્રષ્ટિ હોય તો અશુદ્ધ પરિણામનો કર્તા થાય છે, પરંતુ જ્યારે સમ્યકત્વગુણ પ્રગટ થાય છે ત્યારે અશુદ્ધ પરિણામ મટે છે, ત્યારે અશુદ્ધ પરિણામનો કર્તા થતો નથી. ૫૦–૯૫.

(રથોદ્ધતા)

यः करोति स करोति केवलं
यस्तु वेत्ति स तु वेत्ति केवलम्।
यः करोति न हि वेत्ति स क्वचित्
यस्तु वेत्ति न करोति स क्वचित्॥५१-९६॥

**ખંડાન્વય સહિત અર્થઃ**—આ અવસરે, સમ્યગ્દ્રષ્ટિ જીવનો અને મિથ્યાદ્રષ્ટિ જીવનો પરિણામભેદ ઘણો છે તે કહે છે–''यः करोति सः केवलं करोति'' (यः) જે કોઈ મિથ્યાદ્રષ્ટિ જીવ (करोति) મિથ્યાત્વ-રાગાદિ પરિણામરૂપ પરિણમે છે (सः केवलं करोति) તે તેવા જ પરિણામનો કર્તા થાય છે; ''तु यः वेत्ति'' જે કોઈ સમ્યગ્દ્રષ્ટિ જીવ શુદ્ધસ્વરૂપના અનુભવરૂપ પરિણમે છે ''सः केवलम् वेत्ति'' તે જીવ તે જ્ઞાનપરિણામરૂપ છે, તેથી કેવળ જ્ઞાતા છે, કર્તા નથી. ''यः करोति सः क्वचित् न वेत्ति'' જે કોઈ મિથ્યાદ્રષ્ટિ જીવ મિથ્યાત્વ-રાગાદિરૂપ પરિણમે છે તે શુદ્ધસ્વરૂપનો અનુભવનશીલ એક જ કાળે તો નથી હોતો; ''यः तु वेत्ति सः क्वचित् न करोति'' જે કોઈ સમ્યગ્દ્રષ્ટિ જીવ શુદ્ધસ્વરૂપને અનુભવે છે તે જીવ મિથ્યાત્વ-રાગાદિ ભાવનો પરિણમનશીલ નથી હોતો. ભાવાર્થ આમ છે કે– સમ્યક્ત્વ અને મિથ્યાત્વના પરિણામ પરસ્પર વિરુદ્ધ છે. જેમ સૂર્યનો પ્રકાશ હોતાં

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

અંધકાર હોતો નથી, અંધકાર હોતાં પ્રકાશ હોતો નથી, તેમ સમ્યક્ત્વના પરિણામ હોતાં મિથ્યાત્વપરિણમન હોતું નથી. તેથી એક કાળે એક પરિણામરૂપે જીવદ્રવ્ય પરિણમે છે, તે પરિણામનું તે કર્તા હોય છે. માટે મિથ્યાદ્રષ્ટિ જીવ કર્મનો કર્તા, સમ્યગ્દ્રષ્ટિ જીવ કર્મનો અકર્તા–એવો સિદ્ધાન્ત સિદ્ધ થયો. ૫૧–૯૬.

(ઇન્દ્રવજ્રા)

**ज्ञप्तिः करोतौ न हि भासतेऽन्तः**
**ज्ञप्तौ करोतिश्च न भासतेऽन्तः।**
**ज्ञप्तिः करोतिश्च ततो विभिन्ने**
**ज्ञाता न कर्तेति ततः स्थितं च॥५२-९७॥**

**ખંડાન્વય સહિત અર્થ :**—"अन्तः" સૂક્ષ્મ દ્રવ્યસ્વરૂપ દ્રષ્ટિથી "ज्ञप्तिः करोतौ न हि भासते" (ज्ञप्तिः) જ્ઞાનગુણ અને (करोतौ) મિથ્યાત્વ-રાગાદિરૂપ ચીકાશ એમનામાં (न हि भासते) એકત્વપણું નથી. ભાવાર્થ આમ છે કે—સંસાર-અવસ્થા(રૂપ) મિથ્યાદ્રષ્ટિ જીવને જ્ઞાનગુણ પણ છે અને રાગાદિ ચીકાશ પણ છે; કર્મબંધ થાય છે તે રાગાદિ ચીકાશથી થાય છે, જ્ઞાનગુણના પરિણમનથી થતો નથી; એવું વસ્તુનું સ્વરૂપ છે. તથા "ज्ञप्तौ करोतिः अन्तः न भासते" (ज्ञप्तौ) જ્ઞાનગુણને વિષે (करोतिः) અશુદ્ધ રાગાદિ પરિણમનનું (अन्तः न भासते) અંતરંગમાં એકત્વપણું નથી. "ततः ज्ञप्तिः करोतिः च विभिन्ने" (ततः) તે કારણથી (ज्ञप्तिः) જ્ઞાનગુણ અને (करोतिः) અશુદ્ધપણું (विभिन्ने) ભિન્ન ભિન્ન છે, એકરૂપ તો નથી. ભાવાર્થ આમ છે કે–જ્ઞાનગુણ અને અશુદ્ધપણું, દેખતાં તો મળેલાં જેવાં દેખાય છે, પરંતુ સ્વરૂપથી ભિન્ન ભિન્ન છે. વિવરણ–જાણપણામાત્ર જ્ઞાનગુણ છે, તેમાં ગર્ભિત એ જ દેખાય છે; ચીકાશ તે રાગાદિ છે, તેથી અશુદ્ધપણું કહેવાય છે. "ततः स्थितं ज्ञाता न कर्ता" (ततः) તે કારણથી (स्थितं) આવો સિદ્ધાન્ત નિષ્પન્ન થયો—(ज्ञाता) સમ્યગ્દ્રષ્ટિ પુરુષ (न कर्ता) રાગાદિ અશુદ્ધ પરિણામનો કર્તા હોતો નથી. ભાવાર્થ આમ છે કે–દ્રવ્યના સ્વભાવથી જ્ઞાનગુણ કર્તા નથી, અશુદ્ધપણું કર્તા છે; પરંતુ સમ્યગ્દ્રષ્ટિને અશુદ્ધપણું નથી, તેથી સમ્યગ્દ્રષ્ટિ કર્તા નથી. ૫૨–૯૭.

(શાર્દૂલવિક્રીડિત)

**कर्ता कर्मणि नास्ति नास्ति नियतं कर्मापि तत्कर्तरि**
**द्वन्द्वं विप्रतिषिध्यते यदि तदा का कर्तृकर्मस्थितिः ।**
**ज्ञाता ज्ञातरि कर्म कर्मणि सदा व्यक्तेति वस्तुस्थिति-**
**र्नेपथ्ये बत नानटीति रभसा मोहस्तथाप्येष किम् ॥५३-९८॥**

**ખંડાન્વય સહિત અર્થ :—**"कर्ता कर्मणि नियतं नास्ति" (कर्ता) મિથ્યાત્વ-રાગાદિ અશુદ્ધપરિણામપરિણત જીવ (कर्मणि) જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલપિંડમાં (नियतं) નિશ્ચયથી (नास्ति) નથી અર્થાત્ એ બંનેમાં એકદ્રવ્યપણું નથી; "तत् कर्म अपि कर्तरि नास्ति" (तत् कर्म अपि) તે જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલપિંડ પણ (कर्तरि) અશુદ્ધભાવપરિણત મિથ્યાદૃષ્ટિ જીવમાં (नास्ति) નથી અર્થાત્ એ બંનેમાં એકદ્રવ્યપણું નથી. "यदि द्वन्द्वं विप्रतिषिध्यते तदा कर्तृकर्मस्थितिः का" (यदि) જો (द्वन्द्वं) જીવદ્રવ્ય અને પુદ્‌ગલદ્રવ્યના એકત્વપણાનો (विप्रतिषिध्यते) નિષેધ કર્યો છે (तदा) તો (कर्तृकर्मस्थितिः का) 'જીવ કર્તા અને જ્ઞાનાવરણાદિ કર્મ' એવી વ્યવસ્થા ક્યાંથી ઘટે? અર્થાત્ ન ઘટે. "ज्ञाता ज्ञातरि" જીવદ્રવ્ય પોતાના દ્રવ્ય સાથે એકત્વપણે છે; "सदा" બધાય કાળે આવું વસ્તુનું સ્વરૂપ છે; "कर्म कर्मणि" જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલપિંડ પોતાના પુદ્‌ગલપિંડરૂપ છે;—"इति वस्तुस्थितिः व्यक्ता" (इति) આ રૂપે (वस्तुस्थितिः) દ્રવ્યનું સ્વરૂપ (व्यक्ता) અનાદિનિધનપણે પ્રગટ છે. "तथापि एषः मोहः नेपथ्ये बत कथं रभसा नानटीति" (तथापि) વસ્તુનું સ્વરૂપ તો આવું છે, જેવું કહ્યું તેવું, તોપણ (एषः मोहः) આ છે જે જીવદ્રવ્ય-પુદ્‌ગલદ્રવ્યના એકત્વરૂપ બુદ્ધિ તે (नेपथ्ये) મિથ્યામાર્ગમાં, (बत) આ વાતનો અચંબો છે કે, (रभसा) નિરન્તર (कथं नानटीति) કેમ પ્રવર્તે છે?–આ પ્રકારે વાતનો વિચાર કેમ છે? ભાવાર્થ આમ છે કે–જીવદ્રવ્ય અને પુદ્‌ગલદ્રવ્ય ભિન્ન ભિન્ન છે, મિથ્યાત્વરૂપ પરિણમેલો જીવ એકરૂપ જાણે છે તેનો ઘણો અચંબો છે. ૫૩–૯૮.

હવે મિથ્યાદૃષ્ટિ એકરૂપ જાણો તોપણ જીવ-પુદ્‌ગલ ભિન્ન ભિન્ન છે એમ કહે છે :—

(મંદાક્રાન્તા)

**कर्ता कर्ता भवति न यथा कर्म कर्मापि नैव**
**ज्ञानं ज्ञानं भवति च यथा पुद्गलः पुद्गलोऽपि।**
**ज्ञानज्योतिर्ज्वलितमचलं व्यक्तमन्तस्तथोच्चै-**
**श्चिच्छक्तीनां निकरभरतोऽत्यन्तगम्भीरमेतत् ॥५४-६६॥**

**ખંડાન્વય સહિત અર્થ** :—"एतत् ज्ञानज्योतिः तथा ज्वलितम्" (एतत् ज्ञानज्योतिः) વિદ્યમાન શુદ્ધચૈતન્યપ્રકાશ (तथा ज्वलितम्) જેવો હતો તેવો પ્રગટ થયો. કેવો છે? "अचलं" સ્વરૂપથી ચલાયમાન થતો નથી. વળી કેવો છે? "अन्तः व्यक्तम्" અસંખ્યાત પ્રદેશોમાં પ્રગટ છે. વળી કેવો છે? "उच्चैः अत्यन्तगम्भीरम्" અત્યન્ત અત્યન્ત ગંભીર છે અર્થાત્ અનન્તથી અનન્ત શક્તિએ બિરાજમાન છે. શાથી ગંભીર છે? "चिच्छक्तीनां निकरभरतः" (चित्-शक्तीनां) જ્ઞાનગુણના જેટલા નિરંશ ભેદ-ભાગ તેમના (निकरभरतः) અનન્તાનન્ત સમૂહ હોય છે, તેમનાથી અત્યન્ત ગંભીર છે. હવે જ્ઞાનગુણનો પ્રકાશ થતાં જે કાંઈ ફળસિદ્ધિ છે તે કહે છે—"यथा कर्ता कर्ता न भवति" (यथा) જ્ઞાનગુણ એવી રીતે પ્રગટ થયો કે, (कर्ता) અજ્ઞાનપણા સહિત જીવ મિથ્યાત્વપરિણામનો કર્તા થતો હતો તે તો (कर्ता न भवति) જ્ઞાનપ્રકાશ થતાં અજ્ઞાનભાવનો કર્તા થતો નથી, "कर्म अपि कर्म एव न" (कर्म अपि) મિથ્યાત્વ-રાગાદિવિભાવ કર્મ પણ (कर्म एव न भवति) રાગાદિરૂપ થતું નથી; "यथा च" અને વળી "ज्ञानं ज्ञानं भवति" જે શક્તિ વિભાવપરિણમનરૂપ પરિણમી હતી તે જ પાછી પોતાના સ્વભાવરૂપ થઈ, "यथा पुद्गलः अपि पुद्गलः" (यथा पुद्गलः अपि) અને જ્ઞાનાવરણાદિ કર્મરૂપ પરિણમ્યું હતું જે પુદ્ગલદ્રવ્ય તે જ (पुद्गलः) કર્મપર્યાય છોડીને પુદ્ગલદ્રવ્ય થયું. ૫૪–૯૯.

# –૪–
# પુણ્ય-પાપ અધિકાર

(દ્રુતવિલંબિત)

**तदथ कर्म शुभाशुभभेदतो**
**द्वितयतां गतमैक्यमुपानयन्।**
**ग्लपितनिर्भरमोहरजा अयं**
**स्वयमुदेत्यवबोधसुधाप्लवः ।।१-१००।।**

**ખંડાન્વય સહિત અર્થ :—**“अयं अवबोधसुधाप्लवः स्वयम् उदेति” (अयं) વિદ્યમાન (अवबोध) શુદ્ધજ્ઞાનપ્રકાશ, તે જ છે (सुधाप्लवः) ચંદ્રમા, તે (स्वयम् उदेति) જેવો છે તેવો પોતાના તેજ:પુંજ વડે પ્રગટ થાય છે. કેવો છે? “ग्लपितनिर्भरमोहरजा” (ग्लपित) દૂર કર્યો છે (निर्भर) અતિશય ગાઢ (मोहरजा) મિથ્યાત્વ-અંધકાર જેણે એવો છે. ભાવાર્થ આમ છે કે–ચંદ્રમાનો ઉદય થતાં અંધકાર મટે છે, શુદ્ધજ્ઞાનપ્રકાશ થતાં મિથ્યાત્વપરિણમન મટે છે. શું કરતો થકો જ્ઞાનચંદ્રમા ઉદય પામે છે? “अथ तत् कर्म ऐक्यं उपानयन्” (अथ) અહીંથી શરૂ કરીને (तत् कर्म) રાગાદિ અશુદ્ધ-ચેતનાપરિણામરૂપ અથવા જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલપિંડરૂપ કર્મ, તેમનું (ऐक्यम् उपानयन्) એકત્વપણું સાધતો થકો. કેવું છે કર્મ? “द्वितयतां गतम्” બે-પણું કરે છે. કેવું બે-પણું? “शुभाशुभभेदतः” (शुभ) ભલું (अशुभ) બૂરું એવો (भेदतः) ભેદ કરે છે. ભાવાર્થ આમ છે કે—કોઈ મિથ્યાદૃષ્ટિ જીવનો અભિપ્રાય એવો છે કે દયા, વ્રત, તપ, શીલ, સંયમ આદિથી માંડીને જેટલી છે શુભ ક્રિયા અને શુભ ક્રિયાને અનુસાર છે તે-રૂપ જે શુભોપયોગપરિણામ તથા તે પરિણામોના નિમિત્તથી બંધાય છે જે શાતાકર્મ-આદિથી માંડીને પુણ્યરૂપ પુદ્‌ગલપિંડ, તે ભલાં છે, જીવને સુખકારી છે; હિંસા-વિષય-કષાયરૂપ જેટલી છે ક્રિયા, તે ક્રિયાને અનુસાર અશુભોપયોગરૂપ

સંક્લેશપરિણામ, તે પરિણામોના નિમિત્તથી થાય છે જે અશાતાકર્મ-આદિથી માંડીને પાપબંધરૂપ પુદ્‌ગલપિંડ, તે બૂરાં છે, જીવને દુઃખકર્તા છે. આવું કોઈ જીવ માને છે તેના પ્રતિ સમાધાન આમ છે કે—જેમ અશુભકર્મ જીવને દુઃખ કરે છે તેમ શુભકર્મ પણ જીવને દુઃખ કરે છે. કર્મમાં તો ભલું કોઈ નથી, પોતાના મોહને લઈને મિથ્યાદૃષ્ટિ જીવ કર્મને ભલું કરીને માને છે. આવી ભેદપ્રતીતિ શુદ્ધસ્વરૂપનો અનુભવ થયો ત્યારથી હોય છે. ૧–૧૦૦.

એમ જે કહ્યું કે કર્મ એકરૂપ છે, તેના પ્રતિ દૃષ્ટાન્ત કહે છે—

(મંદાક્રાન્તા)

**एको दूरात्त्यजति मदिरां ब्राह्मणत्वाभिमाना-**
**दन्यः शूद्रः स्वयमहमिति स्नाति नित्यं तयैव।**
**द्वावप्येतौ युगपदुदरान्निर्गतौ शूद्रिकायाः**
**शूद्रौ साक्षादपि च चरतो जातिभेदभ्रमेण॥२-१०१॥**

**ખંડાન્વય સહિત અર્થ :**—''द्वौ अपि एतौ साक्षात् शूद्रौ'' (द्वौ अपि) વિદ્યમાન બંને (एतौ) એવા છે—(साक्षात्) નિઃસંદેહપણે (शूद्रौ) બંને ચંડાળ છે. શાથી? ''शूद्रिकायाः उदरात् युगपत् निर्गतौ'' કારણ કે (शूद्रिकायाः उदरात्) ચંડાલણીના પેટથી (युगपत् निर्गतौ) એકીસાથે જન્મ્યા છે. ભાવાર્થ આમ છે કે—કોઈ ચંડાલણીએ યુગલ બે પુત્ર એકીસાથે જણ્યા; કર્મોના યોગથી એક પુત્ર બ્રાહ્મણનો પ્રતિપાલિત થયો, તે તો બ્રાહ્મણની ક્રિયા કરવા લાગ્યો; બીજો પુત્ર ચંડાલણીનો પ્રતિપાલિત થયો, તે તો ચંડાળની ક્રિયા કરવા લાગ્યો. હવે જો બંનેના વંશની ઉત્પત્તિ વિચારીએ તો બંને ચંડાળ છે. તેવી રીતે કોઈ જીવો દયા, વ્રત, શીલ, સંયમમાં મગ્ન છે, તેમને શુભકર્મ બંધ પણ થાય છે; કોઈ જીવો હિંસા-વિષય-કષાયમાં મગ્ન છે, તેમને પાપબંધ પણ થાય છે. તે બંને પોતપોતાની ક્રિયામાં મગ્ન છે, મિથ્યા દૃષ્ટિથી એમ માને છે કે શુભકર્મ ભલું, અશુભકર્મ બૂરું; તેથી આવા બંને જીવો મિથ્યાદૃષ્ટિ છે, બંને જીવો કર્મબંધકરણશીલ છે. કેવા છે તેઓ? ''अथ च जातिभेदभ्रमेण चरतः'' (अथ च) બંને ચંડાળ છે તોપણ (जातिभेद) જાતિભેદ અર્થાત્ બ્રાહ્મણ-શૂદ્ર એવા વર્ણભેદ તે-રૂપ છે

(भ्रमेण) ભ્રમ અર્થાત્ પરમાર્થશૂન્ય અભિમાનમાત્ર, તે-રૂપે (चरतः) પ્રવર્તે છે. કેવો છે જાતિભેદભ્રમ? ''एकः मदिरां दूरात् त्यजति'' (एकः) ચંડાલણીના પેટે ઊપજ્યો છે પરંતુ પ્રતિપાલિત બ્રાહ્મણના ઘરે થયો છે એવો જે છે તે (मदिरां) સુરાપાનનો (दूरात् त्यजति) અત્યંત ત્યાગ કરે છે, અડતો પણ નથી, નામ પણ લેતો નથી,—એવો વિરક્ત છે. શા કારણથી? ''ब्राह्मणत्वाभिमानात्'' (ब्राह्मणत्व) 'હું બ્રાહ્મણ' એવો સંસ્કાર, તેના (अभिमानात्) પક્ષપાતથી. ભાવાર્થ આમ છે કે—શૂદ્રાણીના પેટે ઊપજ્યો છું એવા મર્મને જાણતો નથી, 'હું બ્રાહ્મણ, મારા કુળમાં મદિરા નિષિદ્ધ છે' એમ જાણીને મદિરા છોડી છે તે પણ વિચારતાં ચંડાળ છે; તેવી રીતે કોઈ જીવ શુભોપયોગી થતો થકો—યતિક્રિયામાં મગ્ન થતો થકો—શુદ્ધોપયોગને જાણતો નથી, કેવળ યતિક્રિયામાત્ર મગ્ન છે, તે જીવ એવું માને છે કે 'હું તો મુનીશ્વર, અમને વિષયકષાયસામગ્રી નિષિદ્ધ છે' એમ જાણીને વિષયકષાયસામગ્રીને છોડે છે, પોતાને ધન્યપણું માને છે, મોક્ષમાર્ગ માને છે, પરંતુ વિચાર કરતાં એવો જીવ મિથ્યાદૃષ્ટિ છે, કર્મબંધને કરે છે, કાંઈ ભલાપણું તો નથી. ''अन्यः तया एव नित्यं स्नाति'' (अन्यः) શૂદ્રાણીના પેટે ઊપજ્યો છે, શૂદ્રનો પ્રતિપાલિત થયો છે, એવો જીવ (तया) મદિરાથી (एव) અવશ્યમેવ (नित्यं स्नाति) નિત્ય સ્નાન કરે છે અર્થાત્ તેને અતિ મગ્નપણે પીએ છે. શું જાણીને પીએ છે? ''स्वयं शूद्रः इति'' 'હું શૂદ્ર, અમારા કુળમાં મદિરા યોગ્ય છે' એવું જાણીને. આવો જીવ, વિચાર કરતાં, ચંડાળ છે. ભાવાર્થ આમ છે કે—કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ અશુભોપયોગી છે, ગૃહસ્થક્રિયામાં રત છે—'અમે ગૃહસ્થ, મને વિષય-કષાય ક્રિયા યોગ્ય છે' એવું જાણીને વિષય-કષાય સેવે છે તે જીવ પણ મિથ્યાદૃષ્ટિ છે, કર્મબંધ કરે છે, કેમ કે કર્મજનિત પર્યાયમાત્રને પોતારૂપ જાણે છે, જીવના શુદ્ધ સ્વરૂપનો અનુભવ નથી. ૨–૧૦૧.

(ઉપજાતિ)

हेतुस्वभावानुभवाश्रयाणां
सदाप्यभेदान्न हि कर्मभेदः।
तद्बन्धमार्गाश्रितमेकमिष्टं
स्वयं समस्तं खलु बन्धहेतुः॥३-१०२॥

**ખંડાન્વય સહિત અર્થ :**—અહીં કોઈ મતાંતરરૂપ થઈને આશંકા કરે છે—એમ કહે છે કે કર્મભેદ છેઃ કોઈ કર્મ શુભ છે, કોઈ કર્મ અશુભ છે. શા કારણથી? હેતુભેદ છે, સ્વભાવભેદ છે, અનુભવભેદ છે, આશ્રય ભિન્ન છે;—આ ચાર ભેદોના કારણે કર્મભેદ છે. ત્યાં હેતુનો અર્થાત્ કારણનો ભેદ છે. વિવરણ—સંકલેશપરિણામથી અશુભકર્મ બંધાય છે, વિશુદ્ધપરિણામથી શુભબંધ થાય છે. સ્વભાવભેદ અર્થાત્ પ્રકૃતિભેદ છે. વિવરણ—અશુભકર્મસંબંધી પ્રકૃતિ ભિન્ન છે—પુદ્ગલકર્મવર્ગણા ભિન્ન છે; શુભકર્મસંબંધી પ્રકૃતિ ભિન્ન છે—પુદ્ગલકર્મવર્ગણા પણ ભિન્ન છે. અનુભવ અર્થાત્ કર્મનો રસ, તેનો પણ ભેદ છે. વિવરણ—અશુભકર્મના ઉદયે જીવ નારકી થાય છે અથવા તિર્યંચ થાય છે અથવા હીન મનુષ્ય થાય છે, ત્યાં અનિષ્ટ વિષયસંયોગરૂપ દુઃખને પામે છે; અશુભ કર્મનો સ્વાદ એવો છે. શુભ કર્મના ઉદયે જીવ દેવ થાય છે અથવા ઉત્તમ મનુષ્ય થાય છે, ત્યાં ઈષ્ટ વિષયસંયોગરૂપ સુખને પામે છે; શુભકર્મનો સ્વાદ એવો છે. તેથી સ્વાદભેદ પણ છે. આશ્રય અર્થાત્ ફળની નિષ્પત્તિ એવો પણ ભેદ છે. વિવરણ–અશુભકર્મના ઉદયે હીણો પર્યાય થાય છે, ત્યાં અધિક સંકલેશ થાય છે, તેનાથી સંસારની પરિપાટી થાય છે; શુભકર્મના ઉદયે ઉત્તમ પર્યાય થાય છે, ત્યાં ધર્મની સામગ્રી મળે છે, તે ધર્મની સામગ્રીથી જીવ મોક્ષ જાય છે, તેથી મોક્ષની પરિપાટી શુભકર્મ છે.—આવું કોઈ મિથ્યાવાદી માને છે. તેના પ્રતિ ઉત્તર આમ છે કે—''**कर्मभेदः न हि**'' કોઈ કર્મ શુભરૂપ, કોઈ કર્મ અશુભરૂપ—એવો ભેદ તો નથી. શા કારણથી? ''**हेतुस्वभावानुभवाश्रयाणां सदा अपि अभेदात्**'' (हेतु) કર્મબંધનાં કારણ વિશુદ્ધપરિણામ-સંકલેશપરિણામ એવા બંને પરિણામ અશુદ્ધરૂપ છે, અજ્ઞાનરૂપ છે; તેથી કારણભેદ પણ નથી, કારણ એક જ છે. (स्वभाव) શુભકર્મ-અશુભકર્મ એવાં બંને કર્મ પુદ્ગલપિંડરૂપ છે, તેથી એક જ સ્વભાવ છે, સ્વભાવભેદ તો નથી. (अनुभव) રસ તે પણ એક જ છે, રસભેદ તો નથી. વિવરણ—શુભકર્મના ઉદયે જીવ બંધાયો છે, સુખી છે; અશુભકર્મના ઉદયે જીવ બંધાયો છે, દુઃખી છે; વિશેષ તો કાંઈ નથી. (आश्रय) ફળની નિષ્પત્તિ, તે પણ એક જ છે, વિશેષ તો કાંઈ નથી. વિવરણ—શુભકર્મના ઉદયે સંસાર, તેવી જ રીતે અશુભકર્મના ઉદયે સંસાર; વિશેષ તો કાંઈ નથી. આથી એવો અર્થ નિશ્ચિત થયો કે કોઈ કર્મ ભલું,

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



કોઈ કર્મ બૂરું એમ તો નથી, બધુંય કર્મ દુઃખરૂપ છે. ''तत् एकम् बन्धमार्गाश्रितम् इष्टं'' (तत्) કર્મ (एकम्) નિઃસંદેહપણે (बन्धमार्गाश्रितम्) બંધને કરે છે, (इष्टं) ગણધરદેવે એવું માન્યું છે. શા કારણથી? કારણ કે ''खलु समस्तं स्वयं बन्धहेतुः'' (खलु) નિશ્ચયથી (समस्तं) સર્વ કર્મજાતિ (स्वयं बन्धहेतुः) પોતે પણ બંધરૂપ છે. ભાવાર્થ આમ છે કે—પોતે મુક્તસ્વરૂપ હોય તો કદાચિત્ મુક્તિને કરે; કર્મજાતિ પોતે સ્વયં બંધપર્યાયરૂપ પુદ્ગલપિંડપણે બંધાયેલી છે, તે મુક્તિ કઈ રીતે કરશે? તેથી કર્મ સર્વથા બંધમાર્ગ છે. ૩–૧૦૨.

(સ્વાગતા)

**कर्म सर्वमपि सर्वविदो यद्**<br>
**बन्धसाधनमुशन्त्यविशेषात् ।**<br>
**तेन सर्वमपि तत्प्रतिषिद्धं**<br>
**ज्ञानमेव विहितं शिवहेतुः ।।४-१०३।।**

**ખંડાન્વય સહિત અર્થ** :—''यत् सर्वविदः सर्वम् अपि कर्म अविशेषात् बन्धसाधनम् उशन्ति'' (यत्) જે કારણથી (सर्वविदः) સર્વજ્ઞ વીતરાગ, (सर्वम् अपि कर्म) જેટલી શુભરૂપ વ્રત-સંયમ-તપ-શીલ-ઉપવાસ ઇત્યાદિ ક્રિયા અથવા વિષય-કષાય-અસંયમ ઇત્યાદિ ક્રિયા તેને (अविशेषात्) એકસરખી દૃષ્ટિથી (बन्धसाधनम् उशन्ति) બંધનું કારણ કહે છે, [ભાવાર્થ આમ છે કે—જેવી રીતે જીવને અશુભ ક્રિયા કરતાં બંધ થાય છે તેવી જ રીતે શુભ ક્રિયા કરતાં જીવને બંધ થાય છે, બંધનમાં તો વિશેષ કાંઈ નથી;] ''तेन तत् सर्वम् अपि प्रतिषिद्धं'' (तेन) તે કારણથી (तत्) કર્મ (सर्वम् अपि) શુભરૂપ અથવા અશુભરૂપ (प्रतिषिद्धं) નિષિદ્ધ કર્યું અર્થાત્ કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ શુભ ક્રિયાને મોક્ષમાર્ગ જાણીને પક્ષ કરે છે તેનો નિષેધ કર્યો; એવો ભાવ સ્થાપિત કર્યો કે મોક્ષમાર્ગ કોઈ કર્મ નથી. ''एव ज्ञानम् शिवहेतुः विहितं'' (एव) નિશ્ચયથી (ज्ञानम्) શુદ્ધસ્વરૂપ-અનુભવ (शिवहेतुः) મોક્ષમાર્ગ છે, (विहितं) અનાદિ પરંપરારૂપ એવો ઉપદેશ. ૪–૧૦૩.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

(શિખરિણી)

निषिद्धे सर्वस्मिन् सुकृतदुरिते कर्मणि किल
प्रवृत्ते नैष्कर्म्ये न खलु मुनयः सन्त्यशरणाः।
तदा ज्ञाने ज्ञानं प्रतिचरितमेषां हि शरणं
स्वयं विन्दन्त्येते परमममृतं तत्र निरताः॥५-१०४॥

**ખંડાન્વય સહિત અર્થ :**—અહીં કોઈ પ્રશ્ન કરે છે કે શુભ ક્રિયા તથા અશુભ ક્રિયા સર્વ નિષિદ્ધ કરી, તો મુનીશ્વર કોને અવલંબે છે? તેનું આમ સમાધાન કરવામાં આવે છે–''सर्वस्मिन् सुकृतदुरिते कर्मणि निषिद्धे'' (सर्वस्मिन्) આમૂલાગ્ર અર્થાત્ સમગ્ર (सुकृत) વ્રત-સંયમ-તપરૂપ ક્રિયા અથવા શુભોપયોગરૂપ પરિણામ, (दुरिते) વિષય-કષાયરૂપ ક્રિયા અથવા અશુભોપયોગરૂપ સંક્લેશ પરિણામ–એવાં (कर्मणि) કાર્યરૂપ (निषिद्धे) મોક્ષમાર્ગ નથી એવું માનતા થકા, ''किल नैष्कर्म्ये प्रवृत्ते'' (किल) નિશ્ચયથી (नैष्कर्म्ये) સૂક્ષ્મ-સ્થૂલરૂપ અંતર્જલ્પ-બહિર્જલ્પરૂપ સમસ્ત વિકલ્પોથી રહિત નિર્વિકલ્પ શુદ્ધ ચૈતન્યમાત્રપ્રકાશરૂપ વસ્તુ મોક્ષમાર્ગ છે એવું—(प्रवृत्ते) એકરૂપ એવો જ છે એવું—નિશ્ચયથી ઠરાવતા થકા, ''खलु मुनयः अशरणाः न सन्ति'' (खलु) ખરેખર, (मुनयः) સંસાર-શરીર-ભોગથી વિરક્ત થઈ ધારણ કર્યું છે યતિપણું જેમણે તેઓ (अशरणाः न सन्ति) આલંબન વિના શૂન્યમન એવા તો નથી. તો કેવા છે? ''तदा हि एषां ज्ञानं स्वयं शरणं'' (तदा) જે કાળે એવી પ્રતીતિ આવે છે કે અશુભ ક્રિયા મોક્ષમાર્ગ નથી, શુભ ક્રિયા પણ મોક્ષમાર્ગ નથી, તે કાળે (हि) નિશ્ચયથી (एषां) મુનીશ્વરોને (ज्ञानं स्वयं शरणं) જ્ઞાન અર્થાત્ શુદ્ધસ્વરૂપનો અનુભવ સહજ જ આલંબન છે. કેવું છે જ્ઞાન? ''ज्ञाने प्रतिचरितम्'' જે બાહ્યરૂપ પરિણમ્યું હતું તે જ પોતાના શુદ્ધસ્વરૂપે પરિણમ્યું છે. શુદ્ધસ્વરૂપનો અનુભવ થતાં કાંઈ વિશેષ પણ છે. તે કહે છે—''एते तत्र निरताः परमम् अमृतं विन्दन्ति'' (एते) વિદ્યમાન જે સમ્યગ્દૃષ્ટિ મુનીશ્વર (तत्र) શુદ્ધસ્વરૂપના અનુભવમાં (निरताः) મગ્ન છે તે (परमम् अमृतं) સર્વોત્કૃષ્ટ અતીન્દ્રિય સુખને (विन्दन्ति) આસ્વાદે છે. ભાવાર્થ આમ છે કે શુભ-અશુભ ક્રિયામાં મગ્ન થતાં જીવ વિકલ્પી

છે, તેથી દુઃખી છે; ક્રિયાસંસ્કાર છૂટીને શુદ્ધસ્વરૂપનો અનુભવ થતાં જીવ નિર્વિકલ્પ છે, તેથી સુખી છે. ૫–૧૦૪.

(શિખરિણી)

यदेतद् ज्ञानात्मा ध्रुवमचलमाभाति भवनं
शिवस्यायं हेतुः स्वयमपि यतस्तच्छिव इति।
अतोऽन्यद्बन्धस्य स्वयमपि यतो बन्ध इति तत्
ततो ज्ञानात्मत्वं भवनमनुभूतिर्हि विहितम्॥६-१०५॥

ખંડાન્વય સહિત અર્થ :—"यत् एतत् ज्ञानात्मा भवनम् ध्रुवम् अचलम् आभाति अयं शिवस्य हेतुः" (यत् एतत्) જે કોઈ (ज्ञानात्मा) ચેતનાલક્ષણ એવી (भवनम्) સત્ત્વસ્વરૂપ વસ્તુ (ध्रुवम् अचलम्) નિશ્ચયથી સ્થિર થઈને (आभाति) પ્રત્યક્ષપણે સ્વરૂપની આસ્વાદક કહી છે (अयं) એ જ (शिवस्य हेतुः) મોક્ષનો માર્ગ છે. શા કારણથી? "यतः स्वयम् अपि तत् शिवः इति" (यतः) કારણ કે (स्वयम् अपि) પોતે પણ (तत् शिवः इति) મોક્ષરૂપ છે. ભાવાર્થ આમ છે—જીવનું સ્વરૂપ સદા કર્મથી મુક્ત છે; તેને અનુભવતાં મોક્ષ થાય છે એમ ઘટે છે, વિરુદ્ધ તો નથી. "अतः अन्यत् बन्धस्य हेतुः" (अतः) શુદ્ધસ્વરૂપનો અનુભવ મોક્ષમાર્ગ છે, એ વિના (अन्यत्) જે કાંઈ છે શુભ ક્રિયારૂપ, અશુભ ક્રિયારૂપ અનેક પ્રકાર (बन्धस्य हेतुः) તે બધો બંધનો માર્ગ છે; "यतः स्वयम् अपि बन्धः इति" (यतः) કારણ કે (स्वयम् अपि) પોતે પણ (बन्धः इति) બધોય બંધરૂપ છે. "ततः तत् ज्ञानात्मा स्वं भवनम् विहितं हि अनुभूतिः" (ततः) તે કારણથી (तत्) પૂર્વોક્ત (ज्ञानात्मा) ચેતનાલક્ષણ એવું છે (स्वं भवनम्) પોતાના જીવનું સત્ત્વ તે (विहितम्) મોક્ષમાર્ગ છે, (हि) નિશ્ચયથી (अनुभूतिः) પ્રત્યક્ષપણે આસ્વાદ કરવામાં આવતું થકું. ૬–૧૦૫.

(અનુષ્ટુપ)

वृत्तं ज्ञानस्वभावेन ज्ञानस्य भवनं सदा।
एकद्रव्यस्वभावत्वान्मोक्षहेतुस्तदेव तत्॥७-१०६॥

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



**ખંડાન્વય સહિત અર્થ :**—''ज्ञानस्वभावेन वृत्तं तत् तत् मोक्षहेतुः एव'' (ज्ञान) શુદ્ધ વસ્તુમાત્ર, તેની (स्वभावेन) સ્વરૂપનિષ્પત્તિ, તેનાથી જે (वृत्तं) સ્વરૂપાચરણચારિત્ર (तत् तत् मोक्षहेतुः) તે જ, તે જ મોક્ષમાર્ગ છે; (एव) આ વાતમાં સંદેહ નથી. ભાવાર્થ આમ છે—કોઈ જાણશે કે સ્વરૂપાચરણચારિત્ર એવું કહેવાય છે કે આત્માના શુદ્ધ સ્વરૂપને વિચારે અથવા ચિંતવે અથવા એકાગ્રપણે મગ્ન થઈને અનુભવે. પણ એવું તો નથી, એમ કરતાં બંધ થાય છે, કેમ કે એવું તો સ્વરૂપાચરણચારિત્ર નથી. તો સ્વરૂપાચરણચારિત્ર કેવું છે? જેમ પાનું (સુવર્ણપત્ર) તપાવવાથી સુવર્ણમાંની કાલિમા જાય છે, સુવર્ણ શુદ્ધ થાય છે, તેમ જીવદ્રવ્યને અનાદિથી અશુદ્ધચેતનારૂપ રાગાદિ પરિણમન હતું તે જાય છે, શુદ્ધસ્વરૂપ માત્ર શુદ્ધચેતનારૂપે જીવદ્રવ્ય પરિણમે છે, તેનું નામ સ્વરૂપાચરણચારિત્ર કહેવાય છે; આવો મોક્ષમાર્ગ છે. કાંઈક વિશેષ—તે શુદ્ધ પરિણમન જ્યાં સુધીમાં સર્વોત્કૃષ્ટ થાય છે ત્યાં સુધીના શુદ્ધપણાના અનંત ભેદ છે. તે ભેદો જાતિભેદની અપેક્ષાએ તો નથી; ઘણી શુદ્ધતા, તેનાથી ઘણી, તેનાથી ઘણી—એવા થોડાપણા-ઘણાપણારૂપ ભેદ છે. ભાવાર્થ આમ છે કે જેટલી શુદ્ધતા હોય છે તેટલી જ મોક્ષનું કારણ છે. જ્યારે સર્વથા શુદ્ધતા થાય છે ત્યારે સકળકર્મક્ષયલક્ષણ મોક્ષપદની પ્રાપ્તિ થાય છે. શા કારણથી? ''सदा ज्ञानस्य भवनं एकद्रव्यस्वभावत्वात्'' (सदा) ત્રણે કાળે (ज्ञानस्य भवनं) આવું છે જે શુદ્ધચેતનાપરિણમનરૂપ સ્વરૂપાચરણચારિત્ર તે આત્મદ્રવ્યનું નિજ સ્વરૂપ છે, શુભાશુભ ક્રિયાની માફક ઉપાધિરૂપ નથી, તેથી (एकद्रव्यस्वभावत्वात्) એક જીવદ્રવ્યસ્વરૂપ છે. ભાવાર્થ આમ છે કે—જો ગુણ-ગુણીરૂપ ભેદ કરીએ તો આવો ભેદ થાય છે કે જીવનો શુદ્ધપણું ગુણ; જો વસ્તુમાત્ર અનુભવ કરીએ તો આવો ભેદ પણ મટે છે, કેમ કે શુદ્ધપણું તથા જીવદ્રવ્ય વસ્તુએ તો એક સત્તા છે. આવું શુદ્ધપણું મોક્ષકારણ છે, એના વિના જે કાંઈ ક્રિયારૂપ છે તે બધું બંધનું કારણ છે. ૭–૧૦૬.

(અનુષ્ટુપ)

**वृत्तं कर्मस्वभावेन ज्ञानस्य भवनं न हि।**
**द्रव्यान्तरस्वभावत्वान्मोक्षहेतुर्न कर्म तत् ॥८-१०७॥**

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

**ખંડાન્વય સહિત અર્થ :**—“कर्मस्वभावेन वृत्तं ज्ञानस्य भवनं न हि” (कर्मस्वभावेन) જેટલું શુભ ક્રિયારૂપ અથવા અશુભ ક્રિયારૂપ આચરણલક્ષણ ચારિત્ર, તેના સ્વભાવે અર્થાત્ તે-રૂપ જે (वृत्तं) ચારિત્ર તે (ज्ञानस्य) શુદ્ધ ચૈતન્યવસ્તુનું (भवनं) શુદ્ધસ્વરૂપપરિણમન (न हि) હોતું નથી એવો નિશ્ચય છે. ભાવાર્થ આમ છે કે—જેટલું શુભ-અશુભ ક્રિયારૂપ આચરણ અથવા બાહ્યરૂપ વક્તવ્ય અથવા સૂક્ષ્મ અંતરંગરૂપ ચિંતવન, અભિલાષ, સ્મરણ ઇત્યાદિ છે તે સમસ્ત અશુદ્ધત્વરૂપ પરિણમન છે, શુદ્ધ પરિણમન નથી; તેથી બંધનું કારણ છે, મોક્ષનું કારણ નથી. તેથી જેમ કામળાનો સિંહ ‘કહેવાનો સિંહ’ છે તેમ આચરણરૂપ (ક્રિયારૂપ) ચારિત્ર ‘કહેવાનું ચારિત્ર’ છે, પરંતુ ચારિત્ર નથી, નિઃસંદેહપણે એમ જાણો. “तत् कर्म मोक्षहेतुः न” (तत्) તે કારણથી (कर्म) બાહ્ય-અભ્યંતરરૂપ સૂક્ષ્મસ્થૂલરૂપ જેટલું આચરણ (ચારિત્ર) છે તે (मोक्षहेतुः न) કર્મક્ષપણનું કારણ નથી, બંધનું કારણ છે. શા કારણથી? “द्रव्यान्तरस्वभावत्वात्” (द्रव्यान्तर) આત્મદ્રવ્યથી ભિન્ન પુદ્‌ગલદ્રવ્ય તેના (स्वभावत्वात्) સ્વભાવરૂપ હોવાથી અર્થાત્ આ બધું પુદ્‌ગલદ્રવ્યના ઉદયનું કાર્ય છે, જીવનું સ્વરૂપ નથી, તેથી. ભાવાર્થ આમ છે કે—શુભ-અશુભ ક્રિયા, સૂક્ષ્મ-સ્થૂલ અંતર્જલ્પ-બહિર્જલ્પરૂપ જેટલું વિકલ્પરૂપ આચરણ છે તે બધું કર્મના ઉદયરૂપ પરિણમન છે, જીવનું શુદ્ધ પરિણમન નથી; તેથી બધુંય આચરણ મોક્ષનું કારણ નથી, બંધનું કારણ છે. ૮-૧૦૭.

(અનુષ્ટુપ)

**मोक्षहेतुतिरोधानाद्बन्धत्वात्स्वयमेव च।**
**मोक्षहेतुतिरोधायिभावत्वात्तन्निषिध्यते ॥६-१०८॥**

**ખંડાન્વય સહિત અર્થ :**—અહીં કોઈ જાણશે કે શુભ-અશુભ ક્રિયારૂપ જે આચરણરૂપ ચારિત્ર છે તે કરવાયોગ્ય નથી તેમ વર્જવાયોગ્ય પણ નથી. ઉત્તર આમ છે કે—વર્જવાયોગ્ય છે, કારણ કે વ્યવહારચારિત્ર હોતું થકું દુષ્ટ છે, અનિષ્ટ છે, ઘાતક છે; તેથી વિષય-કષાયની માફક ક્રિયારૂપ ચારિત્ર નિષિદ્ધ છે એમ કહે છે—“तत् निषिध्यते” (तत्) શુભ-અશુભરૂપ કરતૂત (કૃત્ય) (निषिध्यते) નિષેધ્ય અર્થાત્ ત્યજનીય છે. કેવું હોવાથી નિષિદ્ધ છે? “मोक्षहेतुतिरोधानात्” (मोक्ष)

નિષ્કર્મ-અવસ્થા, તેનું (हेतु) કારણ છે જીવનું શુદ્ધરૂપ પરિણમન, તેનું (तिरोधानात्) ઘાતક છે, તેથી કરતૂત નિષિદ્ધ છે. વળી કેવું હોવાથી? "स्वयम् एव बन्धत्वात्" પોતે પણ બંધરૂપ છે. ભાવાર્થ આમ છે કે—જેટલું શુભ-અશુભ આચરણ છે તે બધું કર્મના ઉદયથી અશુદ્ધરૂપ છે, તેથી ત્યાજ્ય છે, ઉપાદેય નથી. વળી કેવું હોવાથી? "मोक्षहेतुतिरोधायिभावत्वात्" (मोक्ष) સકળકર્મક્ષયલક્ષણ પરમાત્મપદ, તેનો (हेतु) હેતુ અર્થાત્ જીવનો ગુણ જે શુદ્ધચેતનારૂપ પરિણમન, તેનું (तिरोधायि) ઘાતનશીલ છે (भावत्वात्) સહજ લક્ષણ જેનું—એવું છે, તેથી કર્મ નિષિદ્ધ છે. ભાવાર્થ આમ છે કે જેમ પાણી સ્વરૂપથી નિર્મળ છે, કાદવના સંયોગથી મેલું થાય છે—પાણીના શુદ્ધપણાનો ઘાત થાય છે, તેમ જીવદ્રવ્ય સ્વભાવથી સ્વચ્છરૂપ છે—કેવળજ્ઞાન-દર્શન-સુખ-વીર્યરૂપ છે, તે સ્વચ્છપણું વિભાવરૂપ અશુદ્ધચેતનાલક્ષણ મિથ્યાત્વ-વિષય-કષાયરૂપ પરિણામથી મટ્યું છે; અશુદ્ધ પરિણામનો એવો જ સ્વભાવ છે કે શુદ્ધપણાને મટાડે; તેથી સમસ્ત કર્મ નિષિદ્ધ છે. ભાવાર્થ આમ છે કે—કોઈ જીવ ક્રિયારૂપ યતિપણું પામે છે, તે યતિપણામાં મગ્ન થાય છે કે—'અમે મોક્ષમાર્ગ પામ્યા, જે કાંઈ કરવાનું હતું તે કર્યું;' તેથી તે જીવોને સમજાવે છે કે યતિપણાનો ભરોસો છોડીને શુદ્ધ ચૈતન્યસ્વરૂપને અનુભવો. ૯–૧૦૮.

(શાર્દૂલવિક્રીડિત)

**संन्यस्तव्यमिदं समस्तमपि तत्कर्मैव मोक्षार्थिना**
**संन्यस्ते सति तत्र का किल कथा पुण्यस्य पापस्य वा।**
**सम्यक्त्वादिनिजस्वभावभवनान्मोक्षस्य हेतुर्भवन्-**
**नैष्कर्म्यप्रतिबद्धमुद्धतरसं ज्ञानं स्वयं धावति॥१०-१०६॥**

ખંડાન્વય સહિત અર્થ :—"मोक्षार्थिना तत् इदं समस्तम् अपि कर्म संन्यस्तव्यम्" (मोक्षार्थिना) સકળકર્મક્ષયલક્ષણ મોક્ષ—અતીન્દ્રિય પદ, તેમાં જે અનંત સુખ તેને ઉપાદેય અનુભવે છે એવો છે જે કોઈ જીવ તેણે (तत् इदं) તે જ કર્મ જે પહેલાં જ કહ્યું હતું, (समस्तम् अपि) જેટલું—શુભક્રિયારૂપ-અશુભક્રિયારૂપ, અંતર્જલ્પરૂપ-બહિર્જલ્પરૂપ ઇત્યાદિ કરતૂતરૂપ (कर्म) ક્રિયા અથવા જ્ઞાનાવરણાદિ પુદ્ગલનો પિંડ,

અશુદ્ધ રાગાદિરૂપ જીવના પરિણામ—એવું કર્મ તે (संन्यस्तव्यम्) જીવસ્વરૂપનું ઘાતક છે એમ જાણીને આમૂલાગ્ર (સમગ્ર) ત્યાજ્ય છે. ''तत्र संन्यस्ते सति'' તે સઘળાય કર્મનો ત્યાગ થતાં ''पुण्यस्य वा पापस्य वा का कथा'' પુણ્યનો કે પાપનો શો ભેદ રહ્યો? ભાવાર્થ આમ છે કે—સમસ્ત કર્મજાતિ હેય છે, પુણ્ય-પાપના વિવરણની શી વાત રહી? ''किल'' આ વાત નિશ્ચયથી જાણો, પુણ્યકર્મ ભલું એવી ભ્રાન્તિ ન કરો. ''ज्ञानं मोक्षस्य हेतुः भवन् स्वयं धावति'' (ज्ञानं) જ્ઞાન અર્થાત્ આત્માનું શુદ્ધચેતનારૂપ પરિણમન (मोक्षस्य) મોક્ષનું અર્થાત્ સકળ-કર્મક્ષયલક્ષણ એવી અવસ્થાનું (हेतुः भवन्) કારણ થતું થકું (स्वयं धावति) સ્વયં દોડે છે એવું સહજ છે. ભાવાર્થ આમ છે કે—જેમ સૂર્યનો પ્રકાશ થતાં સહજ જ અંધકાર મટે છે, તેમ જીવ શુદ્ધચેતનારૂપ પરિણમતાં સહજ જ સમસ્ત વિકલ્પો મટે છે, જ્ઞાનાવરણાદિ કર્મ અકર્મરૂપ પરિણમે છે, રાગાદિ અશુદ્ધ પરિણામ મટે છે. કેવું છે જ્ઞાન? ''नैष्कर्म्यप्रतिबद्धम्'' નિર્વિકલ્પસ્વરૂપ છે. વળી કેવું છે? ''उद्धतरसं'' પ્રગટપણે ચૈતન્યસ્વરૂપ છે. શાથી મોક્ષનું કારણ થાય છે? ''सम्यकूत्वादिनिजस्वभावभवनात्'' (सम्यक्त्व) જીવના ગુણ સમ્યગ્દર્શન, (आदि) સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એવા છે જે (निजस्वभाव) જીવના ક્ષાયિક ગુણ તેમના (भवनात्) પ્રગટપણાને લીધે. ભાવાર્થ આમ છે—કોઈ આશંકા કરશે કે મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણે મળીને છે, અહીં જ્ઞાનમાત્ર મોક્ષમાર્ગ કહ્યો તે કઈ રીતે કહ્યો? તેનું સમાધાન આમ છે કે શુદ્ધસ્વરૂપ જ્ઞાનમાં સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર સહજ જ ગર્ભિત છે, તેથી દોષ તો કાંઈ નથી, ગુણ છે. ૧૦–૧૦૯.

(શાર્દૂલવિક્રીડિત)

यावत्पाकमुपैति कर्मविरतिर्ज्ञानस्य सम्यङ् न सा
कर्मज्ञानसमुच्चयोऽपि विहितस्तावन्न काचित्क्षतिः।
किंत्वत्रापि समुल्लसत्यवशतो यत्कर्म बन्धाय तन्
मोक्षाय स्थितमेकमेव परमं ज्ञानं विमुक्तं स्वतः॥११-११०॥

ખંડાન્વય સહિત અર્થ :—અહીં કોઈ ભ્રાન્તિ કરશે કે મિથ્યાદ્રષ્ટિનું યતિપણું ક્રિયારૂપ છે, તે બંધનું કારણ છે, સમ્યગ્દ્રષ્ટિનું છે જે યતિપણું શુભ

ક્રિયારૂપ, તે મોક્ષનું કારણ છે; કારણ કે અનુભવ—જ્ઞાન તથા દયા-વ્રત-તપ-સંયમરૂપ ક્રિયા બંને મળીને જ્ઞાનાવરણાદિ કર્મનો ક્ષય કરે છે. આવી પ્રતીતિ કેટલાક અજ્ઞાની જીવો કરે છે. ત્યાં સમાધાન આમ છે કે—જેટલી શુભ-અશુભ ક્રિયા, બહિર્જલ્પરૂપ વિકલ્પ અથવા અંતર્જલ્પરૂપ અથવા દ્રવ્યોના વિચારરૂપ અથવા શુદ્ધસ્વરૂપનો વિચાર ઇત્યાદિ સમસ્ત, કર્મબંધનું કારણ છે. આવી ક્રિયાનો આવો જ સ્વભાવ છે, સમ્યગ્દષ્ટિ-મિથ્યાદષ્ટિનો એવો ભેદ તો કાંઈ નથી; એવા કરતૂતથી (કૃત્યથી) એવો બંધ છે, શુદ્ધસ્વરૂપ પરિણમનમાત્રથી મોક્ષ છે. જોકે એક જ કાળમાં સમ્યગ્દષ્ટિ જીવને શુદ્ધ જ્ઞાન પણ છે, ક્રિયારૂપ પરિણામ પણ છે, તોપણ ક્રિયારૂપ છે જે પરિણામ તેનાથી એકલો બંધ થાય છે, કર્મનો ક્ષય એક અંશમાત્ર પણ થતો નથી. આવું વસ્તુનું સ્વરૂપ છે, સહારો કોનો? તે જ કાળે શુદ્ધસ્વરૂપ-અનુભવ—જ્ઞાન પણ છે, તે જ કાળે જ્ઞાનથી કર્મક્ષય થાય છે, એક અંશમાત્ર પણ બંધ થતો નથી. વસ્તુનું એવું જ સ્વરૂપ છે. આવું જેમ છે તેમ કહે છે—"तावत्कर्मज्ञानसमुच्चयः अपि विहितः" (तावत्) ત્યાં સુધી (कर्म) ક્રિયારૂપ પરિણામ અને (ज्ञान) આત્મદ્રવ્યનું શુદ્ધત્વરૂપ પરિણમન, તેમનું (समुच्चयः) એક જીવમાં એક જ કાળે અસ્તિત્વપણું છે, (अपि विहितः) એવું પણ છે; પરંતુ એક વિશેષ—"काचित् क्षतिः न" (काचित्) કોઈ પણ (क्षतिः) હાનિ (न) નથી. ભાવાર્થ આમ છે કે—એક જીવમાં એક જ કાળે જ્ઞાન-ક્રિયા બંને કઈ રીતે હોય છે? સમાધાન આમ છે કે—વિરુદ્ધ તો કાંઈ નથી. કેટલાક કાળ સુધી બંને હોય છે, એવો જ વસ્તુનો પરિણામ છે; પરંતુ વિરોધી જેવાં લાગે છે, છતાં પણ પોતપોતાના સ્વરૂપે છે, વિરોધ તો કરતાં નથી. એટલા કાળ સુધી જેમ છે તેમ કહે છે–"यावत् ज्ञानस्य सा कर्मविरतिः सम्यक् पाकं न उपैति" (यावत्) જેટલો કાળ (ज्ञानस्य) આત્માના મિથ્યાત્વરૂપ વિભાવપરિણામ મટ્યા છે, આત્મદ્રવ્ય શુદ્ધ થયું છે, તેને (सा) પૂર્વોક્ત (कर्म) ક્રિયાનો (विरतिः) ત્યાગ (सम्यक् पाकं न उपैति) બરાબર પરિપક્વતાને પામતો નથી અર્થાત્ ક્રિયાનો મૂળથી વિનાશ થયો નથી. ભાવાર્થ આમ છે કે–જ્યાં સુધી અશુદ્ધ પરિણમન છે ત્યાં સુધી જીવનું વિભાવપરિણમન છે. તે વિભાવપરિણમનનું અંતરંગ નિમિત્ત છે, બહિરંગ નિમિત્ત છે. વિવરણ—અંતરંગ નિમિત્ત જીવની વિભાવરૂપ પરિણમનશક્તિ, બહિરંગ નિમિત્ત છે મોહનીયકર્મરૂપ પરિણમેલો પુદ્ગલપિંડનો ઉદય. તે મોહનીયકર્મ બે પ્રકારનું

છે : એક મિથ્યાત્વરૂપ છે, બીજું ચારિત્રમોહરૂપ છે. જીવનો વિભાવપરિણામ પણ બે પ્રકારનો છે : જીવનો એક સમ્યકત્વગુણ છે તે જ વિભાવરૂપ થઈને મિથ્યાત્વરૂપ પરિણમે છે, તેના પ્રતિ બહિરંગ નિમિત્ત છે મિથ્યાત્વરૂપ પરિણમેલો પુદ્ગલપિંડનો ઉદય; જીવનો એક ચારિત્રગુણ છે તે જ વિભાવરૂપ પરિણમતો થકો વિષયકષાયલક્ષણ ચારિત્રમોહરૂપ પરિણમે છે, તેના પ્રતિ બહિરંગ નિમિત્ત છે ચારિત્રમોહરૂપ પરિણમેલો પુદ્ગલપિંડનો ઉદય. વિશેષ આમ છે કે—ઉપશમનો, ક્ષપણનો ક્રમ આવો છે : પહેલાં મિથ્યાત્વકર્મનો ઉપશમ થાય છે અથવા ક્ષપણ થાય છે; તેના પછી ચારિત્રમોહકર્મનો ઉપશમ થાય છે અથવા ક્ષપણ થાય છે. તેથી સમાધાન આમ છે—કોઈ આસન્નભવ્ય જીવને કાળલબ્ધિ પ્રાપ્ત થવાથી મિથ્યાત્વરૂપ પુદ્ગલપિંડ-કર્મ ઉપશમે છે અથવા ક્ષપણ થાય છે. આમ થતાં જીવ સમ્યક્ત્વગુણરૂપ પરિણમે છે, તે પરિણમન શુદ્ધતારૂપ છે. તે જ જીવ જ્યાં સુધીમાં ક્ષપકશ્રેણી પર ચડશે ત્યાં સુધી ચારિત્રમોહકર્મનો ઉદય છે, તે ઉદય હોતાં જીવ પણ વિષયકષાયરૂપ પરિણમે છે, તે પરિણમન રાગરૂપ છે, અશુદ્ધરૂપ છે. તેથી કોઈ કાળમાં જીવને શુદ્ધપણું-અશુદ્ધપણું એક જ સમયે ઘટે છે, વિરુદ્ધ નથી. ''किन्तु'' કોઈ વિશેષ છે, તે વિશેષ જેમ છે તેમ કહે છે—''अत्र अपि'' એક જ જીવને એક જ કાળે શુદ્ધપણું-અશુદ્ધપણું જોકે હોય છે તોપણ પોતપોતાનું કાર્ય કરે છે. ''यत् कर्म अवशतः बन्धाय समुल्लसति'' (यत्) જેટલી (कर्म) દ્રવ્યરૂપ-ભાવરૂપ—અંતર્જલ્પ-બહિર્જલ્પ—સૂક્ષ્મ-સ્થૂળરૂપ ક્રિયા, (अवशतः) સમ્યગ્દ્રષ્ટિ પુરુષ સર્વથા ક્રિયાથી વિરક્ત હોવા છતાં ચારિત્રમોહના ઉદયે બલાત્કારે થાય છે તે (बन्धाय समुल्लसति)—જેટલી ક્રિયા છે તેટલી—જ્ઞાનાવરણાદિ કર્મબંધ કરે છે, સંવર-નિર્જરા અંશમાત્ર પણ કરતી નથી. ''तत् एकम् ज्ञानं मोक्षाय स्थितम्'' (तत्) પૂર્વોક્ત (एकम् ज्ञानं) એક જ્ઞાન અર્થાત્ એક શુદ્ધ ચૈતન્યપ્રકાશ (मोक्षाय स्थितम्) જ્ઞાનાવરણાદિ કર્મક્ષયનું નિમિત્ત છે. ભાવાર્થ આમ છે કે—એક જીવમાં શુદ્ધપણું-અશુદ્ધપણું એક જ કાળે હોય છે, પરંતુ જેટલા અંશે શુદ્ધપણું છે તેટલા અંશે કર્મ-ક્ષપણ છે, જેટલા અંશે અશુદ્ધપણું છે તેટલા અંશે કર્મબંધ થાય છે. એક જ કાળે બંને કાર્ય થાય છે. ''एव'' આમ જ છે, સંદેહ કરવો નહિ. કેવું છે શુદ્ધ જ્ઞાન? ''परमं'' સર્વોત્કૃષ્ટ છે—પૂજ્ય છે. વળી કેવું છે? ''स्वतः विमुक्तं'' ત્રણે કાળ સમસ્ત પરદ્રવ્યોથી ભિન્ન છે. ૧૧–૧૧૦.

(શાર્દૂલવિક્રીડિત)

**मग्नाः कर्मनयावलम्बनपरा ज्ञानं न जानन्ति यन्**
**मग्ना ज्ञाननयैषिणोऽपि यदतिस्वच्छन्दमन्दोद्यमाः।**
**विश्वस्योपरि ते तरन्ति सततं ज्ञानं भवन्तः स्वयं**
**ये कुर्वन्ति न कर्म जातु न वशं यान्ति प्रमादस्य च ॥१२-१११॥**

**ખંડાન્વય સહિત અર્થ** :—"कर्मनयावलम्बनपराः मग्नाः" (कर्म) અનેક પ્રકારની ક્રિયા, એવો છે (नय) પક્ષપાત, તેનું (अवलम्बन)—ક્રિયા મોક્ષમાર્ગ છે એમ જાણીને ક્રિયાનું—પ્રતિપાલન, તેમાં (पराः) તત્પર છે જે કોઈ અજ્ઞાની જીવો તે પણ (मग्नाः) પાણીના પૂરમાં ડૂબેલા છે. ભાવાર્થ આમ છે કે સંસારમાં ભટકશે, મોક્ષના અધિકારી નથી. શા કારણથી ડૂબેલા છે? "यत् ज्ञानं न जानन्ति" (यत्) કારણ કે (ज्ञानं) શુદ્ધ ચૈતન્યવસ્તુનો (न जानन्ति) પ્રત્યક્ષપણે આસ્વાદ કરવાને સમર્થ નથી, ક્રિયામાત્ર મોક્ષમાર્ગ એમ જાણીને ક્રિયા કરવાને તત્પર છે. "ज्ञाननयैषिणः अपि मग्नाः" (ज्ञान) શુદ્ધ ચૈતન્યપ્રકાશ, તેનો (नय) પક્ષપાત, તેના (एषिणः) અભિલાષી છે, [ભાવાર્થ આમ છે કે—શુદ્ધ સ્વરૂપનો અનુભવ તો નથી, પરંતુ પક્ષમાત્ર બોલે છે;] (अपि) એવા જીવો પણ (मग्नाः) સંસારમાં ડૂબેલા જ છે. શા કારણથી ડૂબેલા જ છે? "यत् अतिस्वच्छन्दमन्दोद्यमाः" (यत्) કારણ કે (अतिस्वच्छन्द) ઘણું જ સ્વેચ્છા-ચારપણું છે એવા છે, (मन्दोद्यमाः) શુદ્ધ ચૈતન્યસ્વરૂપનો વિચારમાત્ર પણ કરતા નથી. એવા છે જે કોઈ તેમને મિથ્યાદૃષ્ટિ જાણવા. અહીં કોઈ આશંકા કરે છે કે શુદ્ધ સ્વરૂપનો અનુભવ મોક્ષમાર્ગ એવી પ્રતીતિ કરતાં મિથ્યાદૃષ્ટિપણું કેમ હોય છે? સમાધાન આમ છે—વસ્તુનું સ્વરૂપ એવું છે કે જે કાળે શુદ્ધ સ્વરૂપનો અનુભવ થાય છે તે કાળે અશુદ્ધતારૂપ છે જેટલી ભાવ-દ્રવ્યરૂપ ક્રિયા તેટલી સહજ જ મટે છે. મિથ્યાદૃષ્ટિ જીવ એવું માને છે કે જેટલી ક્રિયા છે તે જેવી છે તેવી જ રહે છે, શુદ્ધસ્વરૂપ-અનુભવ મોક્ષમાર્ગ છે; પરંતુ વસ્તુનું સ્વરૂપ એવું તો નથી. તેથી જે એવું માને છે તે જીવ મિથ્યાદૃષ્ટિ છે, વચનમાત્રથી કહે છે કે શુદ્ધસ્વરૂપ-અનુભવ મોક્ષમાર્ગ છે; એવું કહેવાથી કાર્યસિદ્ધિ તો કાંઈ નથી.

''ते विश्वस्य उपरि तरन्ति'' (ते) એવા જે કોઈ જીવો સમ્યગ્દષ્ટિ છે તેઓ, (विश्वस्य उपरि) કહ્યા છે જે બે જાતિના જીવ તે બંને ઉપર થઈને, (तरन्ति) સકળ કર્મોનો ક્ષય કરી મોક્ષપદને પ્રાપ્ત થાય છે. કેવા છે તે? ''ये सततं स्वयं ज्ञानं भवन्तः कर्म न कुर्वन्ति, प्रमादस्य वशं जातु न यान्ति'' (ये) જે કોઈ નિકટ સંસારી સમ્યગ્દષ્ટિ જીવો (सततं) નિરંતર (स्वयं ज्ञानं) શુદ્ધજ્ઞાનરૂપ (भवन्तः) પરિણમે છે, (कर्म न कुर्वन्ति) અનેક પ્રકારની ક્રિયાને મોક્ષમાર્ગ જાણી કરતા નથી; [ભાવાર્થ આમ છે કે જેમ કર્મના ઉદયે શરીર વિદ્યમાન છે છતાં હેયરૂપ જાણે છે, તેમ અનેક પ્રકારની ક્રિયા વિદ્યમાન છે છતાં હેયરૂપ જાણે છે;] (प्रमादस्य वशं जातु न यान्ति) 'ક્રિયા તો કાંઈ નથી'—એમ જાણી વિષયી-અસંયમી પણ કદાચિત્ થતા નથી, કેમ કે અસંયમનું કારણ તીવ્ર સંકલેશપરિણામ છે, તે સંકલેશ તો મૂળથી જ ગયો છે. એવા જે સમ્યગ્દષ્ટિ જીવો, તે જીવો તત્કાળમાત્ર મોક્ષપદને પામે છે. ૧૨–૧૧૧.

(મંદાક્રાન્તા)

**भेदोन्मादं भ्रमरसभरान्नाटयत्पीतमोहं**
**मूलोन्मूलं सकलमपि तत्कर्म कृत्वा बलेन।**
**हेलोन्मीलत्परमकलया सार्धमारब्धकेलि**
**ज्ञानज्योतिः कवलिततमः प्रोज्जजृम्भे भरेण।।१३-११२।।**

**ખંડાન્વય સહિત અર્થ** :—''ज्ञानज्योतिः भरेण प्रोज्जजृम्भे'' (ज्ञानज्योतिः) શુદ્ધસ્વરૂપનો પ્રકાશ (भरेण) પોતાના સંપૂર્ણ સામર્થ્ય વડે (प्रोज्जजृम्भे) પ્રગટ થયો. કેવો છે? ''हेलोन्मीलत्परमकलया सार्धम् आरब्धकेलि'' (हेला) સહજરૂપથી (उन्मीलत्) પ્રગટ થતા (परमकलया) નિરંતરપણે અતીન્દ્રિય સુખપ્રવાહની (सार्धम्) સાથે (आरब्धकेलि) પ્રાપ્ત કર્યું છે પરિણમન જેણે, એવો છે. વળી કેવો છે? ''कवलिततमः'' (कवलित) દૂર કર્યો છે (तमः) મિથ્યાત્વ-અંધકાર જેણે, એવો છે. આવો કઈ રીતે થયો છે તે કહે છે—''तत्कर्म सकलम् अपि बलेन मूलोन्मूलं कृत्वा'' (तत्) કહી છે અનેક પ્રકારની (कर्म) ભાવરૂપ અથવા દ્રવ્યરૂપ ક્રિયા—(सकलम् अपि) પાપરૂપ અથવા પુણ્યરૂપ— તેને (बलेन) બળજોરીથી (मूलोन्मूलं कृत्वा) ઉખેડી નાખીને અર્થાત્ 'જેટલી ક્રિયા છે

તે બધી મોક્ષમાર્ગ નથી' એમ જાણી સમસ્ત ક્રિયામાં મમત્વનો ત્યાગ કરીને. શુદ્ધ જ્ઞાન મોક્ષમાર્ગ છે એવો સિદ્ધાન્ત સિદ્ધ થયો. કેવું છે કર્મ અર્થાત્ ક્રિયા? ''भेदोन्मादं'' (भेद) શુભ ક્રિયા મોક્ષમાર્ગ છે એવા પક્ષપાતરૂપ ભેદ (અન્તર) તેનાથી (उन्मादं) થયું છે ઘેલાપણું જેમાં, એવું છે. વળી કેવું છે? ''पीतमोहं'' (पीत) ગળ્યું (પીધું) છે (मोहं) વિપરીતપણું જેણે, એવું છે. કોઈ ધતૂરો પીને ઘેલો થાય છે એના જેવો તે છે જે પુણ્યકર્મને ભલું માને છે. વળી કેવું છે? ''भ्रमरसभरात् नाटयत्'' (भ्रम) ભ્રાન્તિ, તેનો (रस) અમલ, તેનું (भर) અત્યંત ચડવું, તેનાથી (नाटयत्) નાચે છે. ભાવાર્થ આમ છે—જેમ કોઈ ધતૂરો પીને સૂધ જવાથી નાચે છે, તેમ મિથ્યાત્વકર્મના ઉદયે શુદ્ધસ્વરૂપના અનુભવથી ભ્રષ્ટ છે. શુભ કર્મના ઉદયે જે દેવ આદિ પદવી, તેમાં રંજિત થાય છે કે હું દેવ, મારે આવી વિભૂતિ, તે તો પુણ્યકર્મના ઉદયથી; આવું માનીને વારંવાર રંજિત થાય છે. ૧૩-૧૧૨.

સહજ ચિદાનંદ.

# –૫–
# આસ્રવ અધિકાર

(દ્રુતવિલંબિત)

अथ महामदनिर्भरमन्थरं
समररङ्गपरागतमास्रवम्।
अयमुदारगभीरमहोदयो
जयति दुर्जयबोधधनुर्धरः॥१-११३॥

ખંડાન્વય સહિત અર્થ :—''अथ अयम् दुर्जयबोधधनुर्धरः आस्रवम् जयति'' (अथ) અહીંથી માંડીને (अयम् दुर्जय) આ અખંડિત પ્રતાપવાળો (बोध) શુદ્ધસ્વરૂપ-અનુભવરૂપ છે (धनुर्धरः) મહા યોદ્ધો તે, (आस्रवम्) અશુદ્ધ રાગાદિ પરિણામલક્ષણ આસ્રવને (जयति) મટાડે છે. ભાવાર્થ આમ છે કે અહીંથી શરૂ કરીને આસ્રવનું સ્વરૂપ કહે છે. કેવો છે જ્ઞાનયોદ્ધો? ''उदार-गभीर-महोदयः'' (उदार) શાશ્વત એવું છે (गभीर) અનંત શક્તિએ વિરાજમાન (महोदयः) સ્વરૂપ જેનું, એવો છે. કેવો છે આસ્રવ? ''महामदनिर्भरमन्थरं'' (महामद) સમસ્ત સંસારી જીવરાશિ આસ્રવને આધીન છે, તેથી થયો છે ગર્વ-અભિમાન, તે વડે (निर्भर) મગ્ન થયો છે (मन्थरं) મતવાલાની માફક, એવો છે. ''समररङ्गपरागतम्'' (समर) સંગ્રામ એવી છે (रङ्ग) ભૂમિ, તેમાં (परागतम्) સન્મુખ આવ્યો છે. ભાવાર્થ આમ છે કે—જેમ પ્રકાશને અને અંધકારને પરસ્પર વિરોધ છે તેમ શુદ્ધ જ્ઞાનને અને આસ્રવને પરસ્પર વિરોધ છે. ૧–૧૧૩.

(શાલિની)

**भावो रागद्वेषमोहैर्विना यो**
**जीवस्य स्याद् ज्ञाननिर्वृत्त एव।**
**रुन्धन् सर्वान् द्रव्यकर्मास्रवौघान्**
**एषोऽभावः सर्वभावास्रवाणाम्॥२-११४॥**

**ખંડાન્વય સહિત અર્થ** :—''जीवस्य यः भावः ज्ञाननिर्वृत्तः एव स्यात्'' (जीवस्य) કાળલબ્ધિ પ્રાપ્ત થવાથી પ્રગટ થયો છે સમ્યક્ત્વગુણ જેનો એવો છે જે કોઈ જીવ, તેનો (यः भावः) જે કોઈ ભાવ અર્થાત્ સમ્યક્ત્વપૂર્વક શુદ્ધસ્વરૂપ-અનુભવરૂપ પરિણામ, [આ પરિણામ કેવો હોય છે?] (ज्ञाननिर्वृत्तः एव स्यात्) શુદ્ધ જ્ઞાનચેતનામાત્ર છે, તે કારણથી ''एषः'' એવો છે જે શુદ્ધ ચેતનામાત્ર પરિણામ તે, ''सर्वभावास्रवाणाम् अभावः'' (सर्व) અસંખ્યાત લોકમાત્ર જેટલા (भाव) અશુદ્ધ ચેતનારૂપ રાગ-દ્વેષ-મોહ આદિ જીવના વિભાવપરિણામ હોય છે—જે (आस्रवाणाम्) જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલકર્મના આગમનનું નિમિત્તમાત્ર છે—તેમનો (अभावः) મૂલોન્મૂલ વિનાશ છે. ભાવાર્થ આમ છે કે—જે કાળે શુદ્ધ ચૈતન્યવસ્તુની પ્રાપ્તિ થાય છે તે કાળે મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ જીવના વિભાવપરિણામ મટે છે, તેથી એક જ કાળ છે, સમયનું અન્તર નથી. કેવો છે શુદ્ધ ભાવ? ''राग–द्वेष–मोहैः विना'' રાગાદિ પરિણામ રહિત છે, શુદ્ધ ચેતનામાત્ર ભાવ છે. વળી કેવો છે? ''द्रव्यकर्मास्रवौघान् सर्वान् रुन्धन्'' (द्रव्यकर्म) જ્ઞાનાવરણાદિ કર્મ-પર્યાયરૂપ પરિણમ્યો છે પુદ્‌ગલપિંડ, તેનો (आस्रव) થાય છે ધારાપ્રવાહરૂપ પ્રતિસમયે આત્મપ્રદેશોની સાથે એકક્ષેત્રાવગાહ, તેના (ओघान्) સમૂહને, [ભાવાર્થ આમ છે કે જ્ઞાનાવરણાદિરૂપ કર્મવર્ગણા પરિણમે છે, તેના ભેદ અસંખ્યાત લોકમાત્ર છે;]—(सर्वान्) જેટલાં ધારારૂપ આવે છે કર્મ તે બધાંને—(रुन्धन्) રોકતો થકો. ભાવાર્થ આમ છે કે—કોઈ એમ માનશે કે જીવનો શુદ્ધ ભાવ થતો થકો રાગાદિ અશુદ્ધ પરિણામનો નાશ કરે છે, આસ્રવ જેવો થાય છે તેવો જ થાય છે; પરંતુ એવું તો નથી. જેવું કહે છે તેવું છે—જીવ શુદ્ધ ભાવરૂપ પરિણમતાં અવશ્ય જ અશુદ્ધ ભાવ મટે છે, અશુદ્ધ ભાવ મટતાં અવશ્ય જ દ્રવ્યકર્મરૂપ આસ્રવ મટે છે; તેથી શુદ્ધ ભાવ ઉપાદેય છે, અન્ય સમસ્ત વિકલ્પ હેય છે. ૨–૧૧૪.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



(ઉપજાતિ)

**भावास्रवाभावमयं प्रपन्नो**
**द्रव्यास्रवेभ्यः स्वत एव भिन्नः।**
**ज्ञानी सदा ज्ञानमयैकभावो**
**निरास्रवो ज्ञायक एक एव ॥३-११५॥**

**ખંડાન્વય સહિત અર્થ :**—''अयं ज्ञानी निरास्रवः एव'' (अयं) દ્રવ્યરૂપ વિદ્યમાન છે તે (ज्ञानी) જ્ઞાની અર્થાત્ સમ્યગ્દ્રષ્ટિ જીવ (निरास्रवः एव) આસ્રવથી રહિત છે. ભાવાર્થ આમ છે કે—સમ્યગ્દ્રષ્ટિ જીવને નોંધ કરી (સમજપૂર્વક) વિચારતાં આસ્રવ ઘટતો નથી. કેવો છે જ્ઞાની? ''एकः'' રાગાદિ અશુદ્ધ પરિણામથી રહિત છે, શુદ્ધસ્વરૂપ પરિણમ્યો છે. વળી કેવો છે? ''ज्ञायकः'' સ્વદ્રવ્યસ્વરૂપ-પરદ્રવ્યસ્વરૂપ સમસ્ત જ્ઞેય વસ્તુઓને જાણવાને સમર્થ છે. ભાવાર્થ આમ છે કે જ્ઞાયકમાત્ર છે, રાગાદિ અશુદ્ધરૂપ નથી. વળી કેવો છે? ''सदा ज्ञानमयैकभावः'' (सदा) સર્વ કાળ ધારાપ્રવાહરૂપે (ज्ञानमय) ચેતનરૂપ એવો છે (एकभावः) એકપરિણામ જેનો, એવો છે. ભાવાર્થ આમ છે કે—જેટલા વિકલ્પો છે તે બધા મિથ્યા; જ્ઞાનમાત્ર વસ્તુનું સ્વરૂપ હતું તે અવિનશ્વર રહ્યું. નિરાસ્રવપણું સમ્યગ્દ્રષ્ટિ જીવને જે રીતે ઘટે છે તે કહે છે—''भावास्रवाभावं प्रपन्नः'' (भावास्रव) મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ અશુદ્ધ ચેતનાપરિણામ, તેનો (अभावं) વિનાશ, તેને (प्रपन्नः) પ્રાપ્ત થયો છે. ભાવાર્થ આમ છે કે—અનંત કાળથી જીવ મિથ્યાદ્રષ્ટિ હોતો થકો મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ પરિણમતો હતો, તેનું નામ આસ્રવ છે. કાળલબ્ધિ પામતાં તે જ જીવ સમ્યક્ત્વપર્યાયરૂપ પરિણમ્યો, શુદ્ધતારૂપ પરિણમ્યો, અશુદ્ધ પરિણામ મટ્યા, તેથી ભાવાસ્રવથી તો આ પ્રકારે રહિત થયો. ''द्रव्यास्रवेभ्यः स्वतः एव भिन्नः'' (द्रव्यास्रवेभ्यः) જ્ઞાનાવરણાદિ કર્મપર્યાયરૂપ જીવના પ્રદેશોમાં બેઠા છે પુદ્ગલપિંડ, તેમનાથી (स्वतः) સ્વભાવથી (भिन्नः एव) સર્વ કાળ નિરાળો જ છે. ભાવાર્થ આમ છે કે—આસ્રવ બે પ્રકારનો છે. વિવરણ—એક દ્રવ્યાસ્રવ છે, એક ભાવાસ્રવ છે. દ્રવ્યાસ્રવ એટલે કર્મરૂપ બેઠા છે આત્માના પ્રદેશોમાં પુદ્ગલપિંડ તે; આવા દ્રવ્યાસ્રવથી જીવ સ્વભાવથી જ રહિત છે. જોકે જીવના પ્રદેશો અને કર્મ-

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

પુદ્ગલપિંડના પ્રદેશો એક જ ક્ષેત્રે રહે છે તોપણ પરસ્પર એકદ્રવ્યરૂપ થતા નથી, પોતપોતાનાં દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ રહે છે; તેથી પુદ્ગલપિંડથી જીવ ભિન્ન છે. ભાવાસ્રવ એટલે મોહ-રાગ-દ્વેષરૂપ વિભાવ અશુદ્ધ ચેતનપરિણામ; આવા પરિણામ જોકે જીવને મિથ્યાદ્રષ્ટિ-અવસ્થામાં વિદ્યમાન જ હતા તોપણ સમ્યક્ત્વરૂપ પરિણમતાં અશુદ્ધ પરિણામ મટ્યા; તેથી સમ્યગ્દ્રષ્ટિ જીવ ભાવાસ્રવથી રહિત છે. આથી એવો અર્થ નીપજ્યો કે સમ્યગ્દ્રષ્ટિ જીવ નિરાસ્રવ છે. ૩–૧૧૫.

વળી સમ્યગ્દ્રષ્ટિ જીવ જે રીતે નિરાસ્રવ છે તે કહે છે—

(શાર્દૂલવિક્રીડિત)

**सन्न्यस्यन्निजबुद्धिपूर्वमनिशं रागं समग्रं स्वयं**
**वारंवारमबुद्धिपूर्वमपि तं जेतुं स्वशक्तिं स्पृशन्।**
**उच्छिन्दन् परवृत्तिमेव सकलां ज्ञानस्य पूर्णो भवन्**
**आत्मा नित्यनिरास्रवो भवति हि ज्ञानी यदा स्यात्तदा।।४-११६।।**

ખંડાન્વય સહિત અર્થ :—“आत्मा यदा ज्ञानी स्यात् तदा नित्यनिरास्रवः भवति” (आत्मा) જીવદ્રવ્ય (यदा) જે કાળે, (ज्ञानी स्यात्) અનન્ત કાળથી વિભાવ–મિથ્યાત્વભાવરૂપ પરિણમ્યું હતું પરંતુ નિકટ સામગ્રી પામીને સહજ જ વિભાવપરિણામ છૂટી જાય છે, સ્વભાવ–સમ્યક્ત્વરૂપ પરિણમે છે, (એવો કોઈ જીવ હોય છે,) (तदा) તે કાળથી માંડીને સમસ્ત આગામી કાળમાં (नित्यनिरास्रवः) સર્વથા સર્વ કાળ સમ્યગ્દ્રષ્ટિ જીવ નિરાસ્રવ અર્થાત્ આસ્રવથી રહિત (भवति) હોય છે. ભાવાર્થ આમ છે—કોઈ સંદેહ કરશે કે સમ્યગ્દ્રષ્ટિ આસ્રવ સહિત છે કે આસ્રવ રહિત છે? સમાધાન આમ છે કે આસ્રવથી રહિત છે. શું કરતો થકો નિરાસ્રવ છે? “निजबुद्धिपूर्वं रागं समग्रं अनिशं स्वयं सन्न्यस्यन्” (निज) પોતાના (बुद्धि) મનનું (पूर्वं) આલંબન કરીને થાય છે જેટલા મોહ-રાગ-દ્વેષરૂપ અશુદ્ધ પરિણામ, એવા જે (रागं) પરદ્રવ્ય સાથે રંજિત પરિણામ—જે (समग्रं) અસંખ્યાત લોકમાત્ર ભેદરૂપ છે—તેને (अनिश) સમ્યક્ત્વની ઉત્પત્તિના કાળથી માંડીને આગામી સર્વ કાળમાં (स्वयं) સહજ જ (सन्न्यस्यन्) છોડતો થકો. ભાવાર્થ આમ છે કે—નાના

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



પ્રકારનાં કર્મોના ઉદયે નાના પ્રકારની સંસાર-શરીર-ભોગસામગ્રી હોય છે. એ સમસ્ત સામગ્રીને ભોગવતો થકો 'હું દેવ છું, હું મનુષ્ય છું, હું સુખી છું, હું દુઃખી છું,' ઇત્યાદિરૂપ રંજિત થતો નથી; જાણે છે કે—'હું ચેતનામાત્ર શુદ્ધસ્વરૂપ છું; આ સમસ્ત, કર્મની રચના છે.' આમ અનુભવતાં મનના વ્યાપારરૂપ રાગ મટે છે. ''अबुद्धिपूर्वम् अपि तं जेतुं वारंवारम् स्वशक्तिम् स्पृशन्'' (अबुद्धिपूर्वम्) મનના આલંબન વિના મોહકર્મના ઉદયરૂપ નિમિત્તકારણથી પરિણમ્યા છે અશુદ્ધતારૂપ જીવના પ્રદેશ, (तं अपि) તેને પણ (जेतुं) જીતવાને માટે (वारंवारम्) અખંડિતધારા-પ્રવાહરૂપે (स्वशक्ति) શુદ્ધ ચૈતન્યવસ્તુને (स्पृशन्) સ્વાનુભવપ્રત્યક્ષપણે આસ્વાદતો થકો. ભાવાર્થ આમ છે—મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ છે જીવના જે અશુદ્ધચેતનારૂપ વિભાવપરિણામ તે બે પ્રકારના છે : એક પરિણામ બુદ્ધિપૂર્વક છે, એક પરિણામ અબુદ્ધિપૂર્વક છે. વિવરણ—બુદ્ધિપૂર્વક કહેતાં, જે બધા પરિણામ મન દ્વારા પ્રવર્તે, બાહ્ય વિષયના આધારે પ્રવર્તે, પ્રવર્તતા થકા તે જીવ પોતે પણ જાણે કે 'મારા પરિણામ આ રૂપે છે,' તથા અન્ય જીવ પણ અનુમાન કરીને જાણે કે આ જીવના આવા પરિણામ છે;—આવા પરિણામ બુદ્ધિપૂર્વક કહેવાય છે. ત્યાં આવા પરિણામને સમ્યગ્દષ્ટિ જીવ મટાડી શકે છે, કેમ કે આવા પરિણામ જીવની જાણમાં છે; શુદ્ધસ્વરૂપનો અનુભવ થતાં જીવના સહારાના પણ છે; તેથી સમ્યગ્દષ્ટિ જીવ પહેલાં જ આવા પરિણામ મટાડે છે. અબુદ્ધિપૂર્વક પરિણામ કહેતાં, પાંચ ઇન્દ્રિય અને મનના વ્યાપાર વિના જ મોહકર્મના ઉદયનું નિમિત્ત પામીને મોહ-રાગ-દ્વેષરૂપ અશુદ્ધ વિભાવપરિણામરૂપ પોતે સ્વયં જીવદ્રવ્ય અસંખ્યાત પ્રદેશે પરિણમે છે, આવું પરિણમન જીવની જાણમાં નથી અને જીવના સહારાનું પણ નથી, તેથી જે તે પ્રકારે મટાડી શકાતું નથી. માટે આવા પરિણામ મટાડવા અર્થે નિરંતરપણે શુદ્ધસ્વરૂપને અનુભવે છે, શુદ્ધસ્વરૂપનો અનુભવ કરતાં સહજ મટશે. બીજો ઉપાય તો કોઈ નથી, તેથી એક શુદ્ધસ્વરૂપનો અનુભવ ઉપાય છે. વળી શું કરતો થકો નિરાસ્રવ હોય છે? ''एव परवृत्तिम् सकलां उच्छिन्दन्'' (एव) અવશ્ય જ (पर) જેટલી જ્ઞેયવસ્તુ છે તેમાં (वृत्तिम्) રંજકપણારૂપ પરિણામક્રિયા, (सकलां) જેટલી છે શુભરૂપ અથવા અશુભરૂપ, તેને (उच्छिन्दन्) મૂળથી જ ઉખાડતો થકો સમ્યગ્દષ્ટિ નિરાસ્રવ હોય છે. ભાવાર્થ આમ છે—જ્ઞેય-જ્ઞાયકનો સંબંધ બે પ્રકારે છે : એક તો જાણપણામાત્ર છે, રાગદ્વેષરૂપ નથી. જેમ કે—કેવળી સકળ

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

જ્ઞેયવસ્તુને દેખે-જાણે છે, પરંતુ કોઈ પણ વસ્તુમાં રાગ-દ્વેષ કરતા નથી. તેનું નામ શુદ્ધ જ્ઞાનચેતના કહેવાય છે. સમ્યગ્દૃષ્ટિ જીવને શુદ્ધ જ્ઞાનચેતનારૂપ જાણપણું છે, તેથી મોક્ષનું કારણ છે, બંધનું કારણ નથી. બીજું જાણપણું એવું છે કે કેટલીક વિષયરૂપ વસ્તુનું જાણપણું પણ છે અને મોહકર્મના ઉદયનું નિમિત્ત પામીને ઈષ્ટમાં રાગ કરે છે, ભોગની અભિલાષા કરે છે તથા અનિષ્ટમાં દ્વેષ કરે છે, અરુચિ કરે છે; ત્યાં આવા રાગ-દ્વેષ સાથે મળેલું છે જે જ્ઞાન તેનું નામ અશુદ્ધ ચેતનાલક્ષણ કર્મચેતના-કર્મફળચેતનારૂપ કહેવાય છે, તેથી બંધનું કારણ છે. આવું પરિણમન સમ્યગ્દૃષ્ટિને નથી, કેમ કે મિથ્યાત્વરૂપ પરિણામ ગયા હોવાથી આવું પરિણમન હોતું નથી. આવા અશુદ્ધજ્ઞાનચેતનારૂપ પરિણામ મિથ્યાદૃષ્ટિને હોય છે. વળી કેવો હોતો થકો નિરાસ્રવ હોય છે? ''ज्ञानस्य पूर्णः भवन्'' પૂર્ણ જ્ઞાનરૂપ હોતો થકો. ભાવાર્થ આમ છે—જ્ઞાનનું ખંડિતપણું એ કે તે રાગ-દ્વેષ સાથે મળેલું છે. રાગ–દ્વેષ ગયા હોવાથી જ્ઞાનનું પૂર્ણપણું કહેવાય છે. આવો હોતો થકો સમ્યગ્દૃષ્ટિ જીવ નિરાસ્રવ હોય છે. ૪–૧૧૬.

(અનુષ્ટુપ)

**सर्वस्यामेव जीवन्त्यां द्रव्यप्रत्ययसन्ततौ।**
**कुतो निरास्रवो ज्ञानी नित्यमेवेति चेन्मतिः॥५-११७॥**

**ખંડાન્વય સહિત અર્થ** :—અહીં કોઈ આશંકા કરે છે—સમ્યગ્દૃષ્ટિ જીવ સર્વથા નિરાસ્રવ કહ્યો, અને એમ જ છે, પરન્તુ જ્ઞાનાવરણાદિ દ્રવ્યપિંડ જેવો હતો તેવો જ વિદ્યમાન છે તથા તે કર્મના ઉદયે નાના પ્રકારની ભોગસામગ્રી જેવી હતી તેવી જ છે, તથા તે કર્મના ઉદયે નાના પ્રકારનાં સુખ-દુઃખને ભોગવે છે, ઈન્દ્રિય-શરીરસંબંધી ભોગસામગ્રી જેવી હતી તેવી જ છે, સમ્યગ્દૃષ્ટિ જીવ તે સામગ્રીને ભોગવે પણ છે; આટલી સામગ્રી હોવા છતાં નિરાસ્રવપણું કઈ રીતે ઘટે છે? એવો કોઈ પ્રશ્ન કરે છે—''द्रव्यप्रत्ययसन्ततौ सर्वस्याम् एव जीवन्त्यां ज्ञानी नित्यम् निरास्रवः कुतः'' (द्रव्यप्रत्यय) જીવના પ્રદેશોમાં પરિણમ્યું છે પુદ્ગલપિંડરૂપ અનેક પ્રકારનું મોહનીયકર્મ, તેની (सन्ततौ) સંતતિ—સ્થિતિબંધરૂપ ઘણા કાળ પર્યન્ત જીવના પ્રદેશોમાં રહેવું તે—(सर्वस्याम्) જેટલી હોત, જેવી હોત, (जीवन्त्यां) તેટલી જ

છે, વિદ્યમાન છે, તેવી જ છે (एव) નિશ્ચયથી; તોપણ (ज्ञानी) સમ્યગ્દષ્ટિ જીવ (नित्यम् निरास्रवः) સર્વથા સર્વ કાળ આસ્રવથી રહિત છે એમ જે કહ્યું તે (कुतः) શું વિચારીને કહ્યું? ''चेत् इति मतिः'' (चेत्) હે શિષ્ય! જો (इति मतिः) તારા મનમાં આવી આશંકા છે તો ઉત્તર સાંભળ, કહીએ છીએ. ૫-૧૧૭.

(માલિની)

**विजहति न हि सत्तां प्रत्ययाः पूर्वबद्धाः**
**समयमनुसरन्तो यद्यपि द्रव्यरूपाः।**
**तदपि सकलरागद्वेषमोहव्युदासा-**
**दवतरति न जातु ज्ञानिनः कर्मबन्धः ॥६-११८॥**

**ખંડાન્વય સહિત અર્થ** :—''तदपि ज्ञानिनः जातु कर्मबन्धः न अवतरति'' (तदपि) તોપણ (ज्ञानिनः) સમ્યગ્દષ્ટિ જીવને (जातु) કદાચિત્ કોઈ પણ નયથી (कर्मबन्धः) જ્ઞાનાવરણાદિરૂપ પુદ્ગલપિંડનું નૂતન આગમન-કર્મરૂપ પરિણમન (न अवतरति) થતું નથી; અથવા જો કદી પણ સૂક્ષ્મ અબુદ્ધિપૂર્વક રાગ-દ્વેષપરિણામથી બંધ થાય છે તો ઘણો જ અલ્પ બંધ થાય છે; તો પછી સમ્યગ્દષ્ટિ જીવને બંધ થાય છે એવું કોઈ ત્રણે કાળમાં કહી શકે નહિ. હવે, કેવો હોવાથી બંધ નથી? ''सकलरागद्वेषमोहव्युदासात्'' જે કારણથી આવું છે તે કારણથી બંધ ઘટતો નથી—(सकल) જેટલા શુભરૂપ અથવા અશુભરૂપ (राग) પ્રીતિરૂપ પરિણામ, (द्वेष) દુષ્ટ પરિણામ, (मोह) પુદ્ગલદ્રવ્યની વિચિત્રતામાં આત્મબુદ્ધિ એવા વિપરીતરૂપ પરિણામ,-એવા (व्युदासात्) ત્રણેય પરિણામોથી રહિતપણું એવું કારણ છે તેથી સામગ્રી વિદ્યમાન હોવા છતાં પણ સમ્યગ્દષ્ટિ જીવ કર્મબંધનો કર્તા નથી. વિદ્યમાન સામગ્રી કઈ રીતે છે તે કહે છે—''यद्यपि पूर्वबद्धाः प्रत्ययाः द्रव्यरूपाः सत्तां न हि विजहति'' (यद्यपि) જોકે એમ પણ છે કે (पूर्वबद्धाः) સમ્યક્ત્વની ઉત્પત્તિ પહેલાં જીવ મિથ્યાદષ્ટિ હતો, તેથી મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ પરિણામ વડે બાંધ્યા હતા જે (द्रव्यरूपाः प्रत्ययाः) મિથ્યાત્વરૂપ તથા ચારિત્રમોહરૂપ પુદ્ગલકર્મપિંડ, તે (सत्तां) સ્થિતિબંધરૂપે

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



જીવના પ્રદેશોમાં કર્મરૂપ વિદ્યમાન છે એવા પોતાના અસ્તિત્વને (न हि विजहति) છોડતા નથી; [ઉદય પણ દે છે એમ કહે છે—] ''समयम् अनुसरन्तः अपि'' (समयम्) સમયે સમયે અખંડિતધારાપ્રવાહરૂપ (अनुसरन्तः अपि) ઉદય પણ દે છે; તોપણ સમ્યગ્દૃષ્ટિ કર્મબંધનો કર્તા નથી. ભાવાર્થ આમ છે—કોઈ અનાદિ કાળનો મિથ્યાદૃષ્ટિ જીવ કાળલબ્ધિ પામ્યો થકો સમ્યક્ત્વગુણરૂપ પરિણમ્યો, ચારિત્રમોહ-કર્મની સત્તા વિદ્યમાન છે, ઉદય પણ વિદ્યમાન છે, પંચેન્દ્રિય વિષયસંસ્કાર વિદ્યમાન છે, ભોગવે પણ છે, ભોગવતો થકો જ્ઞાનગુણ દ્વારા વેદક પણ છે; તોપણ જે રીતે મિથ્યાદૃષ્ટિ જીવ આત્મસ્વરૂપને જાણતો નથી, કર્મના ઉદયને પોતારૂપ જાણે છે, તેથી ઈષ્ટ-અનિષ્ટ વિષયસામગ્રી ભોગવતો થકો રાગ-દ્વેષ કરે છે, માટે કર્મનો બંધક થાય છે, તે રીતે સમ્યગ્દૃષ્ટિ જીવ નથી. સમ્યગ્દૃષ્ટિ જીવ આત્માને શુદ્ધસ્વરૂપ અનુભવે છે, શરીર આદિ સમસ્ત સામગ્રીને કર્મનો ઉદય જાણે છે, આવેલા ઉદયને ખપાવે છે, પરંતુ અંતરંગમાં પરમ ઉદાસીન છે તેથી સમ્યગ્દૃષ્ટિ જીવને કર્મબંધ નથી. આવી અવસ્થા સમ્યગ્દૃષ્ટિ જીવને સર્વ કાળ નથી. જ્યાં સુધીમાં સકળ કર્મોનો ક્ષય કરી નિર્વાણપદવીને પામે ત્યાં સુધી આવી અવસ્થા છે. જ્યારે નિર્વાણપદ પામશે તે કાળનું તો કાંઈ કહેવાનું જ નથી—સાક્ષાત્ પરમાત્મા છે. ૬–૧૧૮.

(અનુષ્ટુપ)

**रागद्वेषविमोहानां ज्ञानिनो यदसम्भवः।**
**तत एव न बन्धोऽस्य ते हि बन्धस्य कारणम्॥७-११६॥**

**ખંડાન્વય સહિત અર્થ** :—એમ કહ્યું કે સમ્યગ્દૃષ્ટિ જીવને બંધ નથી, તો એવી પ્રતીતિ જે રીતે થાય છે તે વિશેષ કહે છે—''यत् ज्ञानिनः रागद्वेषविमोहानां असम्भवः ततः अस्य बन्धः न'' (यत्) જેથી (ज्ञानिनः) સમ્યગ્દૃષ્ટિ જીવને (राग) રંજકપરિણામ, (द्वेष) ઉદ્વેગ, (विमोहानां) પ્રતીતિનું વિપરીતપણું—એવા અશુદ્ધ ભાવોનું (असम्भवः) વિદ્યમાનપણું નથી, [ભાવાર્થ આમ છે કે સમ્યગ્દૃષ્ટિ જીવ કર્મના ઉદયમાં રંજિત થતો નથી, માટે રાગાદિક નથી,] (ततः) તેથી (अस्य) સમ્યગ્દૃષ્ટિ જીવને (बन्धः न) જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મનો બંધ નથી; ''एव'' નિશ્ચયથી આવું જ દ્રવ્યનું સ્વરૂપ

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

છે; ''हि ते बन्धस्य कारणम्'' (हि) કારણ કે (ते) રાગ-દ્વેષ-મોહ એવા અશુદ્ધ પરિણામ (बन्धस्य कारणम्) બંધનાં કારણ છે. ભાવાર્થ આમ છે—કોઈ અજ્ઞાની જીવ એમ માનશે કે સમ્યગ્દૃષ્ટિ જીવને ચારિત્રમોહનો ઉદય તો છે, તે ઉદયમાત્ર હોતાં આગામી જ્ઞાનાવરણાદિ કર્મનો બંધ થતો હશે. સમાધાન આમ છે—ચારિત્રમોહનો ઉદયમાત્ર હોતાં બંધ નથી; ઉદય હોતાં જો જીવને રાગ-દ્વેષ-મોહપરિણામ થાય તો કર્મબંધ થાય છે, અન્યથા હજાર કારણ હોય તોપણ કર્મબંધ થતો નથી. રાગ-દ્વેષ-મોહપરિણામ પણ મિથ્યાત્વકર્મના ઉદયના સહારે છે, મિથ્યાત્વ જતાં એકલા ચારિત્રમોહના ઉદયના સહારાના રાગ-દ્વેષ-મોહપરિણામ નથી. આ કારણથી સમ્યગ્દૃષ્ટિને રાગ-દ્વેષ-મોહપરિણામ હોતા નથી, માટે કર્મબંધનો કર્તા સમ્યગ્દૃષ્ટિ જીવ હોતો નથી. ૭–૧૧૯.

(વસન્તતિલકા)

**अध्यास्य शुद्धनयमुद्धतबोधचिह्न-**
**मैकाग्र्यमेव कलयन्ति सदैव ये ते।**
**रागादिमुक्तमनसः सततं भवन्तः**
**पश्यन्ति बन्धविधुरं समयस्य सारम्॥८-१२०॥**

**ખંડાન્વય સહિત અર્થ :**—''ये शुद्धनयं एकाग्र्यम् एव सदा कलयन्ति'' (ये) જે કોઈ આસન્નભવ્ય જીવો (शुद्धनयम्) શુદ્ધનયનો અર્થાત્ નિર્વિકલ્પ શુદ્ધચૈતન્ય-વસ્તુમાત્રનો, (ऐकाग्र्यम्) સમસ્ત રાગાદિ વિકલ્પથી ચિત્તનો નિરોધ કરી (एव) ચિત્તમાં નિશ્ચય લાવીને, (कलयन्ति) અખંડિતધારાપ્રવાહરૂપ અભ્યાસ કરે છે (सदा) સર્વ કાળ;—કેવો છે (શુદ્ધનય)? ''उद्धतबोधचिह्नम्'' (उद्धत) સર્વ કાળ પ્રગટ જે (बोध) જ્ઞાનગુણ તે જ છે (चिह्नम्) લક્ષણ જેનું, એવો છે; શું કરીને? ''अध्यास्य'' કોઈ પણ રીતે મનમાં પ્રતીતિ લાવીને;—''ते एव समयस्य सारम् पश्यन्ति'' (ते एव) તે જ જીવો નિશ્ચયથી (समयस्य सारम्) સકળ કર્મથી રહિત, અનંતચતુષ્ટયે બિરાજમાન પરમાત્મપદને (पश्यन्ति) પ્રગટપણે પામે છે. કેવું પામે છે? ''बन्धविधुरम्'' (बन्ध) અનાદિ કાળથી એકબંધપર્યાયરૂપ ચાલ્યો આવ્યો હતો જે જ્ઞાનાવરણાદિ કર્મરૂપ

પુદ્‌ગલપિંડ, તેનાથી (विधुरं) સર્વથા રહિત છે. ભાવાર્થ આમ છે કે—સકળ કર્મના ક્ષયથી થયો છે શુદ્ધ, તેની પ્રાપ્તિ થાય છે શુદ્ધસ્વરૂપનો અનુભવ કરતા થકા. કેવા છે તે જીવો? ''रागादिमुक्तमनसः'' રાગ-દ્વેષ-મોહથી રહિત છે પરિણામ જેમના, એવા છે. વળી કેવા છે? ''सततं भवन्तः'' (सततं) નિરંતરપણે (भवन्तः) એવા જ છે. ભાવાર્થ આમ છે કે—કોઈ જાણશે કે સર્વ કાળ પ્રમાદી રહે છે, ક્યારેક એક, જેવો કહ્યો તેવો થાય છે, પણ એમ તો નથી, સદા સર્વ કાળ શુદ્ધપણારૂપ રહે છે. ૮–૧૨૦.

(વસન્તતિલકા)

**प्रच्युत्य शुद्धनयतः पुनरेव ये तु**
**रागादियोगमुपयान्ति विमुक्तबोधाः।**
**ते कर्मबन्धमिह बिभ्रति पूर्वबद्ध-**
**द्रव्यास्रवैः कृतविचित्रविकल्पजालम् ।।९-१२१।।**

**ખંડાન્વય સહિત અર્થ :**—''तु पुनः'' આમ પણ છે—''ये शुद्धनयतः प्रच्युत्य रागादियोगं उपयान्ति ते इह कर्मबन्धम् बिभ्रति'' (ये) જે કોઈ ઉપશમ-સમ્યગ્દ્રષ્ટિ અથવા વેદકસમ્યગ્દ્રષ્ટિ જીવ (शुद्धनयतः) શુદ્ધ ચૈતન્યસ્વરૂપના અનુભવથી (प्रच्युत्य) ભ્રષ્ટ થયા છે તથા (रागादि) રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ પરિણામ-(योगम्) રૂપે (उपयान्ति) થાય છે, (ते) એવા છે જે જીવ તે (कर्मबन्धम्) કર્મબંધ અર્થાત્ જ્ઞાનાવરણાદિ કર્મરૂપ પુદ્‌ગલપિંડ (बिभ्रति) નવા ઉપાર્જિત કરે છે. ભાવાર્થ આમ છે કે—સમ્યગ્દ્રષ્ટિ જીવ જ્યાં સુધી સમ્યક્ત્વના પરિણામોથી સાબૂત રહે છે ત્યાં સુધી (તેમને) રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ પરિણામો નહિ હોવાથી જ્ઞાનાવરણાદિ કર્મબંધ થતો નથી. (પરંતુ) જે સમ્યગ્દ્રષ્ટિ જીવ હતા, પછી સમ્યક્ત્વના પરિણામથી ભ્રષ્ટ થયા, તેમને રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ પરિણામ હોવાથી જ્ઞાનાવરણાદિ કર્મબંધ થાય છે, કેમ કે મિથ્યાત્વના પરિણામ અશુદ્ધરૂપ છે. કેવા છે તે જીવ? ''विमुक्तबोधाः'' (विमुक्त) છૂટ્યો છે (बोधाः) શુદ્ધસ્વરૂપનો અનુભવ જેમને, એવા છે. કેવો છે કર્મબંધ? ''पूर्वबद्धद्रव्यास्रवैः

कृतविचित्रविकल्पजालम्'' (पूर्व) સમ્યક્ત્વ વિના ઉત્પન્ન થયેલાં, (बद्ध) મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ પરિણામ વડે બાંધ્યાં હતાં જે (द्रव्यास्रवैः) પુદ્‌ગલપિંડરૂપ મિથ્યાત્વકર્મ તથા ચારિત્રમોહકર્મ તેમના દ્વારા (कृत) કર્યો છે (विचित्र) નાના પ્રકારના (विकल्प) રાગ-દ્વેષ-મોહપરિણામનો (जालम्) સમૂહ જેણે, એવો છે. ભાવાર્થ આમ છે કે—જેટલો કાળ જીવ સમ્યક્ત્વના ભાવરૂપ પરિણમ્યો હતો તેટલો કાળ ચારિત્રમોહકર્મ કીલિત (–મંત્રથી સ્તંભિત થયેલા) સાપની માફક પોતાનું કાર્ય કરવાને સમર્થ ન હતું; જ્યારે તે જ જીવ સમ્યક્ત્વના ભાવથી ભ્રષ્ટ થયો થકો મિથ્યાત્વભાવરૂપ પરિણમ્યો ત્યારે ઉત્કીલિત (–છૂટા થયેલા) સાપની માફક પોતાનું કાર્ય કરવાને સમર્થ થયું. ચારિત્રમોહકર્મનું કાર્ય જીવના અશુદ્ધ પરિણમનનું નિમિત્ત થવું તે. ભાવાર્થ આમ છે કે—જીવ મિથ્યાદ્રષ્ટિ થતાં ચારિત્રમોહનો બંધ પણ થાય છે. જ્યારે જીવ સમ્યક્ત્વ પામે છે ત્યારે ચારિત્રમોહના ઉદયે બંધ થાય છે, પરંતુ બંધ શક્તિહીન હોય છે તેથી બંધ કહેવાતો નથી. આ કારણથી સમ્યક્ત્વ હોતાં ચારિત્રમોહને કીલિત સાપના જેવો ઉપર કહ્યો છે, જ્યારે સમ્યક્ત્વ છૂટી જાય છે ત્યારે ઉત્કીલિત સાપના જેવો ચારિત્રમોહને કહ્યો; તે ઉપરના ભાવાર્થનો અભિપ્રાય જાણવો. ૯–૧૨૧.

(અનુષ્ટુપ)

**इदमेवात्र तात्पर्यं हेयः शुद्धनयो न हि।**
**नास्ति बन्धस्तदत्यागात्तत्त्यागाद्बन्ध एव हि।।१०-१२२।।**

**ખંડાન્વય સહિત અર્થ :**—''अत्र इदम् एव तात्पर्यं'' (अत्र) આ સમસ્ત અધિકારમાં (इदम् एव तात्पर्यं) નિશ્ચયથી આટલું જ કાર્ય છે. તે કાર્ય શું? ''शुद्धनयः हेयः न हि'' (शुद्धनयः) આત્માના શુદ્ધ સ્વરૂપનો અનુભવ (हेयः न हि) સૂક્ષ્મકાળમાત્ર પણ વિસારવાયોગ્ય નથી. શા કારણે? ''हि तत् अत्यागात् बन्धः नास्ति'' (हि) કારણ કે (तत्) શુદ્ધસ્વરૂપનો અનુભવ તેના (अत्यागात्) નહિ છૂટવાથી (बन्धः नास्ति) જ્ઞાનાવરણાદિકર્મનો બંધ થતો નથી. વળી શા કારણે? ''तत् त्यागात् बन्धः एव'' (तत्) શુદ્ધ સ્વરૂપનો અનુભવ તેના (त्यागात्) છૂટવાથી (बन्धः एव) જ્ઞાનાવરણાદિ કર્મનો બંધ છે. ભાવાર્થ પ્રગટ છે. ૧૦–૧૨૨.

(શાર્દૂલવિક્રીડિત)

धीरोदारमहिम्न्यनादिनिधने बोधे निबध्नन्धृतिं
त्याज्यः शुद्धनयो न जातु कृतिभिः सर्वंकषः कर्मणाम्।
तत्रस्थाः स्वमरीचिचक्रमचिरात्संहृत्य निर्यद्बहिः
पूर्णं ज्ञानघनौघमेकमचलं पश्यन्ति शान्तं महः ॥११-१२३॥

**ખંડાન્વય સહિત અર્થ :**—"कृतिभिः जातु शुद्धनयः त्याज्यः न हि" (कृतिभिः) સમ્યગ્દૃષ્ટિ જીવો દ્વારા (जातु) સૂક્ષ્મકાળમાત્ર પણ (शुद्धनयः) શુદ્ધનય અર્થાત્ શુદ્ધ ચૈતન્યમાત્રવસ્તુનો અનુભવ (त्याज्यः न हि) વિસ્મરણ યોગ્ય નથી. કેવો છે શુદ્ધનય? "बोधे धृतिं निबध्नन्" (बोधे) બોધમાં અર્થાત્ આત્મસ્વરૂપમાં (धृतिं) અતીન્દ્રિય સુખસ્વરૂપ પરિણતિને (निबध्नन्) પરિણમાવે છે. કેવો છે બોધ? "धीरोदारमहिम्नि" (धीर) શાશ્વતી, (उदार) ધારાપ્રવાહરૂપ પરિણમનશીલ છે (महिमा) મોટપ જેની, એવો છે. વળી કેવો છે? "अनादिनिधने" (अनादि) નથી આદિ, (अनिधने) નથી અંત જેનો, એવો છે. વળી કેવો છે શુદ્ધનય? "कर्मणाम् सर्वंकषः" (कर्मणाम्) જ્ઞાનાવરણાદિ પુદ્ગલકર્મપિંડનો અથવા રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ પરિણામોનો (सर्वंकषः) મૂળથી ક્ષયકરણશીલ છે. "तत्रस्थाः शान्तं महः पश्यन्ति" (तत्रस्थाः) શુદ્ધસ્વરૂપ-અનુભવમાં મગ્ન છે જે જીવ, તેઓ (शान्तं) સર્વ ઉપાધિથી રહિત એવા (महः) ચૈતન્યદ્રવ્યને (पश्यन्ति) પ્રત્યક્ષપણે પામે છે. ભાવાર્થ આમ છે કે પરમાત્મપદને પ્રાપ્ત થાય છે. કેવું છે ચૈતન્યદ્રવ્ય? "पूर्णं" અસંખ્યાત પ્રદેશે જ્ઞાનરૂપે બિરાજમાન છે. વળી કેવું છે? "ज्ञानघनौघम्" ચેતનાગુણનો પુંજ છે. વળી કેવું છે? "एकम्" સમસ્ત વિકલ્પથી રહિત નિર્વિકલ્પ વસ્તુમાત્ર છે. વળી કેવું છે? "अचलं" કર્મનો સંયોગ મટવાથી નિશ્ચલ છે. શું કરીને આવા સ્વરૂપની પ્રાપ્તિ થાય છે? "स्वमरीचिचक्रम् अचिरात् संहृत्य" (स्वमरीचिचक्रम्) સ્વમરીચિચક્રનો અર્થાત્ જૂઠ છે, ભ્રમ છે જે કર્મની સામગ્રી ઇન્દ્રિય, શરીર, રાગાદિમાં આત્મબુદ્ધિ, તેનો (अचिरात्) તત્કાળમાત્ર (संहृत्य) વિનાશ કરીને. કેવું છે મરીચિચક્ર? "बहिः निर्यत्" અનાત્મપદાર્થોમાં ભમે છે. ભાવાર્થ આમ છે કે—પરમાત્મપદની પ્રાપ્તિ થતાં સમસ્ત વિકલ્પ મટે છે. ૧૧–૧૨૩.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



(મન્દાક્રાન્તા)

रागादीनां झगिति विगमात्सर्वतोऽप्यास्रवाणां
नित्योद्योतं किमपि परमं वस्तु सम्पश्यतोऽन्तः।
स्फारस्फारैः स्वरसविसरैः प्लावयत्सर्वभावा-
नालोकान्तादचलमतुलं ज्ञानमुन्मग्नमेतत् ॥१२-१२४॥

**ખંડાન્વય સહિત અર્થ :**—"एतत् ज्ञानम् उन्मग्नम्" (एतत्) જેવો કહ્યો છે તેવો શુદ્ધ (ज्ञानम्) શુદ્ધચૈતન્યપ્રકાશ (उन्मग्नम्) પ્રગટ થયો. જેને જ્ઞાન અર્થાત્ શુદ્ધચૈતન્યપ્રકાશ પ્રગટ થયો તે જીવ કેવો છે? "किमपि वस्तु अन्तः सम्पश्यतः" (किम् अपि वस्तु) નિર્વિકલ્પસત્તામાત્ર કોઈ વસ્તુ, તેને (अन्तः सम्पश्यतः) ભાવશ્રુતજ્ઞાન વડે પ્રત્યક્ષપણે અવલંબે છે. ભાવાર્થ આમ છે કે—શુદ્ધસ્વરૂપના અનુભવના કાળે જીવ કાષ્ઠની માફક જડ છે એમ પણ નથી, સામાન્યપણે સવિકલ્પી જીવની માફક વિકલ્પી પણ નથી, ભાવશ્રુતજ્ઞાન વડે કોઈ નિર્વિકલ્પવસ્તુમાત્રને અવલંબે છે; અવશ્ય અવલંબે છે. "परमं" આવા અવલંબનને વચનદ્વારથી કહેવાને સમર્થપણું નથી, તેથી કહી શકાય નહિ. કેવો છે શુદ્ધ જ્ઞાનપ્રકાશ? "नित्योद्योतं" અવિનાશી છે પ્રકાશ જેનો. શા કારણથી? "रागादीनां झगिति विगमात्" (रागादीनां) રાગ-દ્વેષ-મોહની જાતિના છે જેટલા અસંખ્યાત લોકમાત્ર અશુદ્ધપરિણામ તેમનો (झगिति विगमात्) તત્કાળ વિનાશ થવાથી. કેવા છે અશુદ્ધપરિણામ? "सर्वतः अपि आस्रवाणां" (सर्वतः अपि) સર્વથા પ્રકારે (आस्रवाणां) આસ્રવ એવું નામ–સંજ્ઞા છે જેમની, એવા છે. ભાવાર્થ આમ છે કે—જીવના અશુદ્ધ રાગાદિ પરિણામોને સાચું આસ્રવપણું ઘટે છે. તેમનું નિમિત્ત પામીને કર્મરૂપ આસ્રવે છે જે પુદ્‌ગલની વર્ગણાઓ તે તો અશુદ્ધપરિણામના સહારાની છે, તેથી તેમની શી વાત? પરિણામો શુદ્ધ થતાં તે સહજ જ મટે છે. વળી કેવું છે શુદ્ધજ્ઞાન? "सर्वभावान् प्लावयन्" (सर्वभावान्) જેટલી જ્ઞેય વસ્તુ અતીત-અનાગત-વર્તમાનપર્યાય સહિત છે તેમને (प्लावयन्) પોતામાં પ્રતિબિંબિત કરતું થકું. કોના વડે? "स्वरसविसरैः" (स्वरस) ચિદ્રૂપ ગુણ, તેની (विसरैः) અનંત શક્તિ, તેના વડે. કેવી છે તે? "स्फारस्फारैः" (स्फार) અનંત શક્તિ, તેનાથી

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



પણ (स्फारैः) અનંતાનંતગણી છે. ભાવાર્થ આમ છે કે—દ્રવ્યો અનંત છે, તેમનાથી પર્યાયભેદ અનંતગણા છે. તે સમસ્ત જ્ઞેયોથી જ્ઞાનની અનંતગણી શક્તિ છે. એવો દ્રવ્યનો સ્વભાવ છે. વળી કેવું છે શુદ્ધ જ્ઞાન? ''आलोकान्तात् अचलम्'' સકળ કર્મોનો ક્ષય થતાં જેવું નીપજ્યું તેવું જ અનંત કાળ પર્યંત રહેશે, ક્યારેય અન્યથા થશે નહિ. વળી કેવું છે શુદ્ધ જ્ઞાન? ''अतुलं'' ત્રણ લોકમાં જેના સુખરૂપ પરિણમનનું દૃષ્ટાંત નથી.—આવો શુદ્ધ જ્ઞાનપ્રકાશ પ્રગટ થયો. ૧૨–૧૨૪.

ૐ

સહજ ચિદાનંદ.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

–૬–

# સંવર અધિકાર

(શાર્દૂલવિક્રીડિત)

आसंसारविरोधिसंवरजयैकान्तावलिप्तास्रव-
न्यक्कारात्प्रतिलब्धनित्यविजयं सम्पादयत्संवरम् ।
व्यावृत्तं पररूपतो नियमितं सम्यक् स्वरूपे स्फुर-
ज्ज्योतिश्चिन्मयमुज्ज्वलं निजरसप्राग्भारमुज्जृम्भते ।।१-१२५।।

**ખંડાન્વય સહિત અર્થ :**—"चिन्मयम् ज्योतिः उज्जृम्भते" (चित्) ચેતના, તે જ છે (मयम्) સ્વરૂપ જેનું એવી (ज्योतिः) જ્યોતિ અર્થાત્ પ્રકાશસ્વરૂપ વસ્તુ (उज्जृम्भते) પ્રગટ થાય છે. કેવી છે જ્યોતિ? "स्फुरत्" સર્વ કાળે પ્રગટ છે. વળી કેવી છે? "उज्ज्वलं" કર્મકલંકથી રહિત છે. વળી કેવી છે? "निजरसप्राग्भारम्" (निजरस) ચેતનગુણનો (प्राग्भारम्) સમૂહ છે. વળી કેવી છે? "पररूपतः व्यावृत्तं" (पररूपतः) જ્ઞેયાકારપરિણમનથી (व्यावृत्तं) પરાઙ્મુખ છે. ભાવાર્થ આમ છે કે—સકળ જ્ઞેયવસ્તુને જાણે છે, તદ્રૂપ થતી નથી, પોતાના સ્વરૂપે રહે છે. વળી કેવી છે? "स्वरूपे सम्यक् नियमितं" (स्वरूपे) જીવના શુદ્ધસ્વરૂપમાં (सम्यक्) જેવી છે તેવી (नियमितं) ગાઢપણે સ્થાપિત છે. વળી કેવી છે? "संवरम् सम्पादयत्" (संवरम्) સંવર અર્થાત્ ધારાપ્રવાહરૂપ આસ્રવે છે જ્ઞાનાવરણાદિ કર્મ તેનો નિરોધ (सम्पादयत्) તેની કરણશીલ છે. ભાવાર્થ આમ છે કે—અહીંથી માંડીને સંવરનું સ્વરૂપ કહે છે. કેવો છે સંવર? "प्रतिलब्धनित्यविजयं" (प्रतिलब्ध) પ્રાપ્ત કરી છે (नित्य) શાશ્વત (विजयं) જીત જેણે, એવો છે. શા કારણથી એવો છે? "आसंसारविरोधिसंवरजयैकान्ता-वलिप्तास्रवन्यक्कारात्" (आसंसार) અનંત કાળથી માંડીને (विरोधि) વેરી છે એવો જે

(संवर) બધ્યમાન કર્મનો નિરોધ, તેના ઉપરની (जय) જીતને લીધે (एकान्तावलिप्त) 'મારાથી મોટો ત્રણ લોકમાં કોઈ નથી' એવો થયો છે ગર્વ જેને એવું (आस्रव) ધારાપ્રવાહરૂપ કર્મનું આગમન, તેને (न्यक्कारात्) દૂર કરવારૂપ માનભંગના કારણથી. ભાવાર્થ આમ છે કે—આસ્રવ તથા સંવર પરસ્પર ઘણા જ વેરી છે, તેથી અનંત કાળથી સર્વ જીવરાશિ વિભાવમિથ્યાત્વપરિણતિરૂપ પરિણમે છે, તેથી શુદ્ધ જ્ઞાનનો પ્રકાશ નથી; તેથી આસ્રવના સહારે સર્વ જીવ છે. કાળલબ્ધિ પામીને કોઈ આસન્નભવ્ય જીવ સમ્યક્ત્વરૂપ સ્વભાવપરિણતિએ પરિણમે છે, તેથી શુદ્ધ પ્રકાશ પ્રગટ થાય છે, તેથી કર્મનો આસ્રવ મટે છે; તેથી શુદ્ધ જ્ઞાનની જીત ઘટે છે. ૧–૧૨૫.

(શાર્દૂલવિક્રીડિત)

चैद्रूप्यं जडरूपतां च दधतोः कृत्वा विभागं द्वयो-
रन्तर्दारुणदारणेन परितो ज्ञानस्य रागस्य च।
भेदज्ञानमुदेति निर्मलमिदं मोदध्वमध्यासिताः
शुद्धज्ञानघनौघमेकमधुना सन्तो द्वितीयच्युताः ॥२-१२६॥

ખંડાન્વય સહિત અર્થ :—"इदं भेदज्ञानम् उदेति" (इदं) પ્રત્યક્ષ એવું (भेदज्ञानम्) ભેદજ્ઞાન અર્થાત્ જીવના શુદ્ધસ્વરૂપનો અનુભવ (उदेति) પ્રગટ થાય છે. કેવું છે? "निर्मलम्" રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધપરિણતિથી રહિત છે. વળી કેવું છે? "शुद्धज्ञानघनौघम्" (शुद्धज्ञान) શુદ્ધસ્વરૂપનું ગ્રાહક જ્ઞાન, તેના (घन) સમૂહનો (ओघम्) પુંજ છે. વળી કેવું છે? "एकम्" સમસ્ત ભેદવિકલ્પથી રહિત છે. ભેદજ્ઞાન કઈ રીતે થાય છે તે કહે છે—"ज्ञानस्य रागस्य च द्वयोः विभागं परतः कृत्वा" (ज्ञानस्य) જ્ઞાનગુણમાત્ર (रागस्य च) અને અશુદ્ધ પરિણતિ—તે (द्वयोः) બંનેનું (विभागं) ભિન્નભિન્નપણું (परतः) એકબીજાથી (कृत्वा) કરીને ભેદજ્ઞાન પ્રગટ થાય છે. કેવાં છે તે બંને? "चैद्रूप्यं जडरूपतां च दधतोः" ચૈતન્યમાત્ર જીવનું સ્વરૂપ, જડત્વમાત્ર અશુદ્ધપણાનું સ્વરૂપ. શેના વડે ભિન્નપણું કર્યું? "अन्तर्दारुणदारणेन" (अन्तर्दारुण) અંતરંગ સૂક્ષ્મ અનુભવદૃષ્ટિ, એવું છે (दारणेन) કરવત, તેના વડે. ભાવાર્થ આમ

છે કે—શુદ્ધજ્ઞાનમાત્ર તથા રાગાદિ અશુદ્ધપણું-એ બંનેનો ભિન્નભિન્નપણે અનુભવ કરવાનું અતિ સૂક્ષ્મ છે, કેમ કે રાગાદિ અશુદ્ધપણું ચેતન જેવું દેખાય છે; તેથી અતિસૂક્ષ્મ દૃષ્ટિથી, જેમ પાણી કાદવ સાથે મળવાથી મેલું થયું છે તોપણ સ્વરૂપનો અનુભવ કરતાં સ્વચ્છતામાત્ર પાણી છે, મેલું છે તે કાદવની ઉપાધિ છે, તેમ રાગાદિ પરિણામના કારણે જ્ઞાન અશુદ્ધ એમ દેખાય છે તોપણ જાણપણામાત્ર જ્ઞાન છે, રાગાદિ અશુદ્ધપણું ઉપાધિ છે. ''सन्तः अधुना इदं मोदध्वम्'' (सन्तः) સંતો અર્થાત્ સમ્યગ્દૃષ્ટિ જીવો (अधुना) વર્તમાન સમયમાં (इदं मोदध्वम्) શુદ્ધ-જ્ઞાનાનુભવને આસ્વાદો. કેવા છે સંતપુરુષો? ''अध्यासिताः'' શુદ્ધસ્વરૂપનો અનુભવ છે જીવન જેમનું, એવા છે. વળી કેવા છે? ''द्वितीयच्युताः'' હેય વસ્તુને અવલંબતા નથી. ૨-૧૨૬.

(માલિની)

**यदि कथमपि धारावाहिना बोधनेन**
**ध्रुवमुपलभमानः शुद्धमात्मानमास्ते।**
**तदयमुदयदात्माराममात्मानमात्मा**
**परपरिणतिरोधाच्छुद्धमेवाभ्युपैति ।।३-१२७।।**

**ખંડાન્વય સહિત અર્થ** :—''तत् अयम् आत्मा आत्मानम् शुद्धम् अभ्युपैति'' (तत्) તે કારણથી (अयम् आत्मा) આ પ્રત્યક્ષ આત્મા અર્થાત્ જીવ (आत्मानम्) પોતાના સ્વરૂપને (शुद्धम्) શુદ્ધ અર્થાત્ જેટલાં છે દ્રવ્યકર્મ-ભાવકર્મ તેનાથી રહિત (अभ्युपैति) પામે છે. કેવો છે આત્મા? ''उदयदात्मारामम्'' (उदयत्) પ્રગટ થયેલ છે (आत्मा) પોતાનું દ્રવ્ય, એવો છે (आरामम्) નિવાસ જેનો, એવો છે. શા કારણથી શુદ્ધની પ્રાપ્તિ થાય છે? ''परपरिणतिरोधात्'' (परपरिणति) અશુદ્ધપણાના (रोधात्) વિનાશથી. અશુદ્ધપણાનો વિનાશ કઈ રીતે થાય છે તે કહે છે—''यदि आत्मा कथमपि शुद्धम् आत्मानम् उपलभमानः आस्ते'' (यदि) જો (आत्मा) ચેતનદ્રવ્ય (कथमपि) કાળલબ્ધિ પામીને સમ્યક્ત્વપર્યાયરૂપ પરિણમતું થકું, (शुद्धम्) દ્રવ્યકર્મ-ભાવકર્મથી રહિત એવા (आत्मानम्) પોતાના સ્વરૂપને (उपलभमानः आस्ते) આસ્વાદતું થકું પ્રવર્તે છે તો. શા

વડે? ''बोधनेन'' ભાવશ્રુતજ્ઞાન વડે. કેવું છે (ભાવશ્રુતજ્ઞાન)? ''धारावाहिना'' અખંડિતધારાપ્રવાહરૂપ નિરંતર પ્રવર્તે છે. ''ध्रुवम्'' આ વાત નિશ્ચિત છે. ૩-૧૨૭.

(માલિની)

**निजमहिमरतानां भेदविज्ञानशक्त्या**
**भवति नियतमेषां शुद्धतत्त्वोपलम्भः।**
**अचलितमखिलान्यद्रव्यदूरेस्थितानां**
**भवति सति च तस्मिन्नक्षयः कर्ममोक्षः॥४-१२८॥**

**ખંડાન્વય સહિત અર્થ :**—''एषां निजमहिमरतानां शुद्धतत्त्वोपलम्भः भवति'' (एषां) આવા જે છે,—કેવા? (निजमहिम) જીવના શુદ્ધસ્વરૂપપરિણમનમાં (रतानां) મગ્ન છે જે કોઈ,—તેમને (शुद्धतत्त्वोपलम्भः भवति) સકળ કર્મથી રહિત અનંત ચતુષ્ટયે વિરાજમાન એવી જે આત્મવસ્તુ તેની પ્રાપ્તિ થાય છે; ''नियतम्'' અવશ્ય થાય છે. શા વડે થાય છે? ''भेदविज्ञानशक्त्या'' (भेदविज्ञान) સમસ્ત પરદ્રવ્યોથી આત્મસ્વરૂપ ભિન્ન છે એવા અનુભવરૂપ (शक्त्या) સામર્થ્ય વડે. ''तस्मिन् सति कर्ममोक्षः भवति'' (तस्मिन् सति) શુદ્ધસ્વરૂપની પ્રાપ્તિ થતાં (कर्ममोक्षः भवति) કર્મક્ષય અર્થાત્ દ્રવ્યકર્મ-ભાવકર્મનો મૂળથી વિનાશ થાય છે. ''अचलितम्'' આવું દ્રવ્યનું સ્વરૂપ અટળ છે. કેવો છે કર્મક્ષય? ''अक्षयः'' આગામી અનંત કાળ પર્યંત બીજા કર્મનો બંધ થશે નહિ. કેવા જીવોને કર્મક્ષય થાય છે? ''अखिलान्यद्रव्यदूरेस्थितानां'' (अखिल) સમસ્ત એવાં જે (अन्यद्रव्य) પોતાના જીવદ્રવ્યથી ભિન્ન બધાં દ્રવ્યો, તેમનાથી (दूरेस्थितानां) સર્વ પ્રકારે ભિન્ન છે એવા જે જીવ, તેમને. ૪-૧૨૮.

(ઉપજાતિ)

**सम्पद्यते संवर एष साक्षा-**
**च्छुद्धात्मतत्त्वस्य किलोपलम्भात्।**
**स भेदविज्ञानत एव तस्मात्**
**तद्भेदविज्ञानमतीव भाव्यम्॥५-१२९॥**

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



**ખંડાન્વય સહિત અર્થ :**—“तद् भेदविज्ञानम् अतीव भाव्यम्” (तत्) તે કારણથી (भेदविज्ञानम्) સમસ્ત પરદ્રવ્યોથી ભિન્ન ચૈતન્યસ્વરૂપનો અનુભવ (अतीव भाव्यम्) સર્વથા ઉપાદેય છે એમ માનીને અખંડિતધારાપ્રવાહરૂપ અનુભવ કરવાયોગ્ય છે. શાથી? “किल शुद्धात्मतत्त्वस्य उपलम्भात् एषः संवरः साक्षात् सम्पद्यते” (किल) નિશ્ચયથી (शुद्धात्मतत्त्वस्य) જીવના શુદ્ધસ્વરૂપની (उपलम्भात्) પ્રાપ્તિ થવાથી (एषः संवरः) નૂતન કર્મના આગમનરૂપ આસ્રવના નિરોધલક્ષણ સંવર (साक्षात् सम्पद्यते) સર્વથા પ્રકારે થાય છે; “सः भेदविज्ञानतः एव” (सः) શુદ્ધસ્વરૂપનું પ્રગટપણું (-પ્રાપ્તિ) (भेदविज्ञानतः) શુદ્ધસ્વરૂપના અનુભવથી (एव) નિશ્ચયથી થાય છે; “तस्मात्” તેથી ભેદવિજ્ઞાન પણ વિનાશિક છે તથાપિ ઉપાદેય છે. ૫–૧૨૯.

(અનુષ્ટુપ)

**भावयेद्भेदविज्ञानमिदमच्छिन्नधारया।**
**तावद्यावत्पराच्च्युत्वा ज्ञानं ज्ञाने प्रतिष्ठते।।६-१३०।।**

**ખંડાન્વય સહિત અર્થ :**—“इदम् भेदविज्ञानम् तावत् अच्छिन्नधारया भावयेत्” (इदम् भेदविज्ञानम्) પૂર્વોક્તલક્ષણ છે જે શુદ્ધસ્વરૂપનો અનુભવ, તેનો (तावत्) તેટલા કાળ સુધી (अच्छिन्नधारया) અખંડિતધારાપ્રવાહરૂપે (भावयेत्) આસ્વાદ કરવો “यावत् परात् च्युत्वा ज्ञानं ज्ञाने प्रतिष्ठते” (यावत्) કે જેટલા કાળમાં (परात् च्युत्वा) પરથી છૂટીને (ज्ञानं) આત્મા (ज्ञाने) શુદ્ધસ્વરૂપમાં (प्रतिष्ठते) એકરૂપ પરિણમે. ભાવાર્થ આમ છે કે—નિરંતર શુદ્ધસ્વરૂપનો અનુભવ કર્તવ્ય છે. જે કાળે સકળકર્મક્ષયલક્ષણ મોક્ષ થશે તે કાળે સમસ્ત વિકલ્પો સહજ જ છૂટી જશે. ત્યાં ભેદવિજ્ઞાન પણ એક વિકલ્પરૂપ છે, કેવળજ્ઞાનની માફક જીવનું શુદ્ધસ્વરૂપ નથી, તેથી સહજ જ વિનાશિક છે. ૬–૧૩૦.

(અનુષ્ટુપ)

**भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन।**
**अस्यैवाभावतो बद्धा बद्धा ये किल केचन।।७-१३१।।**

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

**ખંડાન્વય સહિત અર્થ :**—''ये किल केचन सिद्धाः ते भेदविज्ञानतः सिद्धाः'' (ये) આસન્નભવ્ય જીવ છે જે કોઈ (किल) નિશ્ચયથી, (केचन) સંસારી જીવરાશિમાંથી જે કોઈ ગણતરીના, (सिद्धाः) સકળ કર્મોનો ક્ષય કરી નિર્વાણપદને પ્રાપ્ત થયા, (ते) તે સમસ્ત જીવ (भेदविज्ञानतः) સકળ પરદ્રવ્યોથી ભિન્ન શુદ્ધસ્વરૂપના અનુભવથી (सिद्धाः) મોક્ષપદને પ્રાપ્ત થયા. ભાવાર્થ આમ છે કે—મોક્ષનો માર્ગ શુદ્ધસ્વરૂપનો અનુભવ; અનાદિસંસિદ્ધ એ જ એક મોક્ષમાર્ગ છે. ''ये केचन बद्धाः ते किल अस्य एव अभावतः बद्धाः'' (ये केचन) જે કોઈ (बद्धाः) જ્ઞાનાવરણાદિ કર્મોથી બંધાયા છે (ते) તે સમસ્ત જીવ (किल) નિશ્ચયથી (अस्य एव) આવું જે ભેદવિજ્ઞાન, તેના (अभावतः) નહિ હોવાથી (बद्धाः) બદ્ધ થઈને સંસારમાં ભટકી રહ્યા છે. ભાવાર્થ આમ છે કે—ભેદજ્ઞાન સર્વથા ઉપાદેય છે. ૭–૧૩૧.

(મંદાક્રાન્તા)

**भेदज्ञानोच्छलनकलनाच्छुद्धतत्त्वोपलम्भा-**
**द्रागग्रामप्रलयकरणात्कर्मणां संवरेण।**
**बिभ्रत्तोषं परमममलालोकमम्लानमेकं**
**ज्ञानं ज्ञाने नियतमुदितं शाश्वतोद्योतमेतत्।।८-१३२।।**

**ખંડાન્વય સહિત અર્થ :**—''एतत् ज्ञानं उदितं'' (एतत्) પ્રત્યક્ષ વિદ્યમાન (ज्ञानं) જ્ઞાન અર્થાત્ શુદ્ધ ચૈતન્યપ્રકાશ (उदितं) આસ્રવનો નિરોધ કરીને પ્રગટ થયો. કેવું છે જ્ઞાન? ''ज्ञाने नियतम्'' અનંત કાળથી પરિણમતું હતું અશુદ્ધ રાગાદિ વિભાવરૂપ, તે કાળલબ્ધિ પામીને પોતાના શુદ્ધસ્વરૂપે પરિણમ્યું છે. વળી કેવું છે? ''शाश्वतोद्योतम्'' અવિનશ્વર પ્રકાશ છે જેનો, એવું છે. વળી કેવું છે? ''तोषं बिभ्रत्'' અતીન્દ્રિય સુખરૂપ પરિણમ્યું છે. વળી કેવું છે? ''परमम्'' ઉત્કૃષ્ટ છે. વળી કેવું છે? ''अमलालोकम्'' સર્વથા પ્રકારે, સર્વ કાળે, સર્વ ત્રૈલોક્યમાં નિર્મળ છે—સાક્ષાત્ શુદ્ધ છે. વળી કેવું છે? ''अम्लानम्'' સદા પ્રકાશરૂપ છે. વળી કેવું છે? ''एकं'' નિર્વિકલ્પ છે. શુદ્ધ જ્ઞાન આવું જે રીતે થયું છે તે કહે છે—''कर्मणां संवरेण'' જ્ઞાનાવરણાદિરૂપ આસ્રવતાં હતાં જે કર્મપુદ્ગલ તેના નિરોધથી. કર્મનો

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



નિરોધ જે રીતે થયો છે તે કહે છે—''रागग्रामप्रलयकरणात्'' (राग) રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ વિભાવપરિણામોનો (ग्राम) સમૂહ—અસંખ્યાત લોકમાત્ર ભેદ, તેમનો (प्रलय) મૂળથી સત્તાનાશ (करणात्) કરવાથી. આવું પણ શા કારણથી? ''शुद्धतत्त्वोपलम्भात्'' (शुद्धतत्त्व) શુદ્ધ ચૈતન્યવસ્તુની (उपलम्भात्) સાક્ષાત્ પ્રાપ્તિથી. આવું પણ શા કારણથી? ''भेदज्ञानोच्छलनकलनात्'' (भेदज्ञान) શુદ્ધસ્વરૂપજ્ઞાનનું (उच्छलन) પ્રગટપણું, તેના (कलनात्) નિરંતર અભ્યાસથી. ભાવાર્થ આમ છે કે—શુદ્ધ સ્વરૂપનો અનુભવ ઉપાદેય છે. ૮–૧૩૨.

સહજ ચિદાનંદ.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# -૭-
# નિર્જરા અધિકાર

(શાર્દૂલવિક્રીડિત)

**रागाद्यास्रवरोधतो निजधुरां धृत्वा परः संवरः**
**कर्मागामि समस्तमेव भरतो दूरान्निरुन्धन् स्थितः।**
**प्राग्बद्धं तु तदेव दग्धुमधुना व्याजृम्भते निर्जरा**
**ज्ञानज्योतिरपावृत्तं न हि यतो रागादिभिर्मूर्च्छति॥१-१३३॥**

ખંડાન્વય સહિત અર્થ :—"अधुना निर्जरा व्याजृम्भते" (अधुना) અહીંથી શરૂ કરીને (निर्जरा) નિર્જરા અર્થાત્ પૂર્વબદ્ધ કર્મના અકર્મરૂપ પરિણામ (व्याजृम्भते) પ્રગટ થાય છે. ભાવાર્થ આમ છે કે—નિર્જરાનું સ્વરૂપ જેવું છે તેવું કહે છે. નિર્જરા શા નિમિત્તે (શાને માટે) છે? "तु तत् एव प्राग्बद्धं दग्धुम्" (तु) સંવરપૂર્વક (तत्) જે જ્ઞાનાવરણાદિકર્મ (एव) નિશ્ચયથી (प्राग्बद्धं) સમ્યક્ત્વ નહિ હોતાં મિથ્યાત્વ-રાગ-દ્વેષ-પરિણામ વડે બંધાયું હતું તેને (दग्धुम्) બાળવા માટે. કાંઈક વિશેષ—"परः संवरः स्थितः" સંવર અગ્રેસર થયો છે જેનો એવી છે નિર્જરા. ભાવાર્થ આમ છે કે—સંવરપૂર્વક નિર્જરા તે નિર્જરા; કેમ કે જે સંવર વિના હોય છે સર્વ જીવોને, ઉદય દઈને કર્મની નિર્જરા, તે નિર્જરા નથી. કેવો છે સંવર? "रागाद्यास्रवरोधतः निजधुरां धृत्वा आगामि समस्तम् एव कर्म भरतः दूरात् निरुन्धन्" (रागाद्यास्रवरोधतः) રાગાદિ આસ્રવભાવોના નિરોધથી (निजधुरां) પોતાના એક સંવરરૂપ પક્ષને (धृत्वा) ધરતો થકો (आगामि) અખંડધારાપ્રવાહરૂપ આસ્રવિત થનારાં (समस्तम् एव कर्म) નાના પ્રકારનાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય ઇત્યાદિ અનેક પ્રકારનાં પુદ્‌ગલકર્મને (भरतः) પોતાની મોટપથી (दूरात् निरुन्धन्) પાસે આવવા દેતો નથી. સંવરપૂર્વક નિર્જરા કરતાં જે કાંઈ કાર્ય થયું તે કહે છે—"यतः ज्ञानज्योतिः अपावृत्तं

रागादिभिः न मूर्च्छति'' (यतः) જે નિર્જરાથી (ज्ञानज्योतिः) જીવનું શુદ્ધ સ્વરૂપ (अपावृत्तं) નિરાવરણ થયું થકું (रागादिभिः) અશુદ્ધ પરિણામો વડે (न मूर्च्छति) પોતાના સ્વરૂપને છોડી રાગાદિરૂપ થતું નથી. ૧-૧૩૩.

(અનુષ્ટુપ)

**तज्ज्ञानस्यैव सामर્थ્યं विरागस्यैव वा किल।**
**यत्कोऽपि कर्मभिः कर्म भुञ्जानोऽपि न बध्यते॥२-१३४॥**

**ખંડાન્વય સહિત અર્થ :**—''तत् सामर्थ्यं किल ज्ञानस्य एव वा विरागस्य एव'' (तत् सामर्थ्यं) એવું સામર્થ્ય (किल) નિશ્ચયથી (ज्ञानस्य एव) શુદ્ધ સ્વરૂપના અનુભવનું છે, (वा विरागस्य एव) અથવા રાગાદિ અશુદ્ધપણું છૂટ્યું છે તેનું છે. તે સામર્થ્ય શું? ''यत् कः अपि कर्म भुञ्जानः अपि कर्मभिः न बध्यते'' (यत्) જે સામર્થ્ય એવું છે કે (कः अपि) કોઈ સમ્યગ્દૃષ્ટિ જીવ (कर्म भुञ्जानः अपि) પૂર્વે જ બાંધ્યાં છે જ્ઞાનાવરણાદિ કર્મ, તેના ઉદયથી થઈ છે શરીર-મન-વચન-ઇન્દ્રિય-સુખ-દુઃખરૂપ નાના પ્રકારની સામગ્રી, તેને જોકે ભોગવે છે તોપણ (कर्मभिः) જ્ઞાનાવરણાદિથી (न बध्यते) બંધાતો નથી. જેવી રીતે કોઈ વૈદ્ય પ્રત્યક્ષપણે વિષ ખાય છે તોપણ મરતો નથી અને ગુણ જાણે છે તેથી અનેક યત્ન જાણે છે, તેના વડે વિષની પ્રાણઘાતક શક્તિ દૂર કરી દીધી છે; તે જ વિષ અન્ય જીવ ખાય તો તત્કાળ મરે, તેનાથી વૈદ્ય ન મરે;—આવું જાણપણાનું સામર્થ્ય છે; અથવા કોઈ શૂદ્ર મદિરા પીએ છે, પરન્તુ પરિણામોમાં કંઈક દુશ્ચિન્તા છે, મદિરા પીવામાં રુચિ નથી; એવો શૂદ્રજીવ મતવાલો થતો નથી, જેવો હતો તેવો જ રહે છે; મદ્ય તો એવું છે કે જો અન્ય કોઈ પીએ તો તત્કાળ મતવાલો થાય, પણ જે કોઈ મતવાલો નથી થતો તે અરુચિપરિણામનો ગુણ જાણો; તેવી રીતે કોઈ સમ્યગ્દૃષ્ટિ જીવ નાના પ્રકારની સામગ્રીને ભોગવે છે, સુખ-દુઃખને જાણે છે, પરંતુ જ્ઞાનમાં શુદ્ધસ્વરૂપ આત્માને અનુભવે છે; તેના વડે એવું અનુભવે છે કે આવી સામગ્રી કર્મનું સ્વરૂપ છે, જીવને દુઃખમય છે, જીવનું સ્વરૂપ નથી, ઉપાધિ છે; આવું જાણે છે તે જીવને જ્ઞાનાવરણાદિ કર્મનો બંધ થતો નથી; સામગ્રી તો એવી છે કે મિથ્યાદૃષ્ટિને ભોગવતાંમાત્ર કર્મબંધ થાય છે; જે, જીવને કર્મબંધ થતો નથી તે

જાણપણાનું સામર્થ્ય છે એમ જાણવું; અથવા સમ્યગ્દૃષ્ટિ જીવ નાના પ્રકારનાં કર્મનાં ઉદયફળ ભોગવે છે, પરંતુ અભ્યન્તર શુદ્ધસ્વરૂપને અનુભવે છે, તેથી કર્મનાં ઉદયફળમાં રતિ ઊપજતી નથી, ઉપાધિ જાણે છે, દુઃખ જાણે છે, તેથી અત્યન્ત લૂખો છે; આવા જીવને કર્મનો બંધ થતો નથી તે લૂખા પરિણામોનું સામર્થ્ય છે એમ જાણો. તેથી આવો અર્થ નક્કી કર્યો કે સમ્યગ્દૃષ્ટિ જીવને શરીર-ઇન્દ્રિય આદિ વિષયોનો ભોગ નિર્જરાને લેખે છે, નિર્જરા થાય છે; કેમ કે આગામી કર્મ તો બંધાતું નથી, પાછલું ઉદયફળ દઈને મૂળથી નિર્જરી જાય છે; તેથી સમ્યગ્દૃષ્ટિનો ભોગ નિર્જરા છે. ૨–૧૩૪.

(રથોદ્ધતા)

**नाश्नुते विषयसेवनेऽपि यत्**
**स्वं फलं विषयसेवनस्य ना।**
**ज्ञानवैभवविरागताबलात्**
**सेवकोऽपि तदसावसेवकः ॥३-१३५॥**

**ખંડાન્વય સહિત અર્થ :—** ''तत् असौ सेवकः अपि असेवकः'' (तत्) તે કારણથી (असौ) સમ્યગ્દૃષ્ટિ જીવ (सेवकः अपि) કર્મના ઉદયથી થયેલ છે જે શરીર-પંચેન્દ્રિયવિષયસામગ્રી, તેને ભોગવે છે તોપણ (असेवकः) ભોગવતો નથી. શા કારણથી? ''यत् ना विषयसेवने अपि विषयसेवनस्य स्वं फलं न अश्नुते'' (यत्) જે કારણથી (ना) સમ્યગ્દૃષ્ટિ જીવ (विषयसेवने अपि) પંચેન્દ્રિયસંબંધી વિષયોને સેવે છે તોપણ (विषयसेवनस्य स्वं फलं) પંચેન્દ્રિયભોગનું ફળ છે જ્ઞાનાવરણાદિ કર્મનો બંધ, તેને (न अश्नुते) પામતો નથી. એવું પણ શા કારણથી? ''ज्ञानवैभवविरागताबलात्'' (ज्ञानवैभव) શુદ્ધસ્વરૂપનો અનુભવ, તેનો મહિમા, તે કારણથી અથવા (विरागताबलात्) કર્મના ઉદયથી છે વિષયનું સુખ, જીવનું સ્વરૂપ નથી, તેથી વિષયસુખમાં રતિ ઊપજતી નથી, ઉદાસભાવ છે, એ કારણથી કર્મબંધ થતો નથી. ભાવાર્થ આમ છે કે—સમ્યગ્દૃષ્ટિ જે ભોગ ભોગવે છે તે નિર્જરાનિમિત્તે છે. ૩–૧૩૫.

(મન્દાક્રાન્તા)

सम्यग्दृष्टेर्भवति नियतं ज्ञानवैराग्यशक्तिः
स्वं वस्तुत्वं कलयितुमयं स्वान्यरूपाप्तिमुक्त्या।
यस्माज्ज्ञात्वा व्यतिकरमिदं तत्त्वतः स्वं परं च
स्वस्मिन्नास्ते विरमति परात्सर्वतो रागयोगात् ।।४-१३६।।

**ખંડાન્વય સહિત અર્થ :**—"सम्यग्दृष्टेः नियतं ज्ञानवैराग्यशक्तिः भवति" (सम्यग्दृष्टेः) દ્રવ્યરૂપે મિથ્યાત્વકર્મ ઉપશમ્યું છે જેને, ભાવરૂપે શુદ્ધ સમ્યક્ત્વભાવરૂપ પરિણમ્યો છે જે જીવ, તેને (ज्ञान) શુદ્ધસ્વરૂપના અનુભવરૂપ જાણપણું અને (वैराग्य) જેટલાં પરદ્રવ્ય—દ્રવ્યકર્મરૂપ, ભાવકર્મરૂપ, નોકર્મરૂપ—જ્ઞેયરૂપ છે તે સમસ્ત પરદ્રવ્યોનો સર્વ પ્રકારે ત્યાગ—(शक्तिः) એવી બે શક્તિઓ (नियतं भवति) અવશ્ય હોય છે-સર્વથા હોય છે; [બંને શક્તિઓ જે રીતે હોય છે તે કહે છે—] "यस्मात् अयं स्वस्मिन् आस्ते परात् सर्वतः रागयोगात् विरमति" (यस्मात्) કારણ કે (अयं) સમ્યગ્દ્રષ્ટિ (स्वस्मिन् आस्ते) સહજ જ શુદ્ધસ્વરૂપમાં અનુભવરૂપ હોય છે તથા (परात् रागयोगात्) પુદ્ગલદ્રવ્યની ઉપાધિથી છે જેટલી રાગાદિ અશુદ્ધપરિણતિ, તેનાથી (सर्वतः विरमति) સર્વ પ્રકારે રહિત હોય છે. ભાવાર્થ આમ છે કે—આવું લક્ષણ સમ્યગ્દ્રષ્ટિ જીવને અવશ્ય હોય છે. આવું લક્ષણ હોતાં અવશ્ય વૈરાગ્ય ગુણ છે. શું કરીને એવો હોય છે? "स्वं परं च इदं व्यतिकरम् तत्त्वतः ज्ञात्वा" (स्वं) શુદ્ધ ચૈતન્યમાત્ર મારું સ્વરૂપ છે, (परं) દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મનો વિસ્તાર પરાયો—પુદ્ગલદ્રવ્યનો છે, (इदं व्यतिकरम्) એવું વિવરણ (तत्त्वतः ज्ञात्वा) કહેવા માટે નથી, વસ્તુસ્વરૂપ એવું જ છે એમ અનુભવરૂપ જાણે છે સમ્યગ્દ્રષ્ટિ જીવ, તેથી જ્ઞાનશક્તિ છે. હવે આટલું કરે છે સમ્યગ્દ્રષ્ટિ જીવ તે શાને માટે? ઉત્તર આમ છે—"स्वं वस्तुत्वं कलयितुम्" (स्वं वस्तुत्वं) પોતાનું શુદ્ધપણું, તેના (कलयितुम्) નિરંતર અભ્યાસ માટે અર્થાત્ વસ્તુની પ્રાપ્તિને માટે. તે વસ્તુની પ્રાપ્તિ શાનાથી થાય છે? "स्वान्यरूपाप्तिमुक्त्या" પોતાના શુદ્ધ સ્વરૂપનો લાભ, પરદ્રવ્યનો સર્વથા ત્યાગ,—એવા કારણથી. ૪-૧૩૬.

(મંદાક્રાન્તા)

सम्यग्दृष्टिः स्वयमयमहं जातु बन्धो न मे स्या-
दित्युत्तानोत्पुलकवदना रागिणोऽप्याचरन्तु।
आलम्बन्तां समितिपरतां ते यतोऽद्यापि पापा
आत्मानात्मावगमविरहात्सन्ति सम्यक्त्वरिक्ताः ॥५-१३७॥

**ખંડાન્વય સહિત અર્થ :**—આ પ્રસંગે એમ કહે છે કે સમ્યગ્દૃષ્ટિ જીવને વિષય ભોગવતાં કર્મનો બંધ નથી; ત્યાં કારણ એમ છે કે સમ્યગ્દૃષ્ટિના પરિણામ ઘણા જ લૂખા છે, તેથી ભોગ એવો લાગે છે જાણે કોઈ રોગનો ઉપસર્ગ થતો હોય; તેથી કર્મનો બંધ નથી, એમ જ છે. જે કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ પાંચ ઇન્દ્રિયોના વિષયના સુખને ભોગવે છે તેઓ પરિણામોથી ચીકણા છે, મિથ્યાત્વભાવના એવા જ પરિણામ છે, સહારો કોનો છે? ત્યાં તે જીવો એવું માને છે કે 'અમે પણ સમ્યગ્દૃષ્ટિ છીએ, અમારે પણ વિષયસુખ ભોગવતાં કર્મનો બંધ નથી;' પરંતુ તે જીવો ભ્રાન્તિમાં પડ્યા છે, તેમને કર્મનો બંધ અવશ્ય છે, તેથી તે જીવો મિથ્યાદૃષ્ટિ અવશ્ય છે. મિથ્યાત્વભાવ વિના કર્મની સામગ્રીમાં પ્રીતિ ઊપજતી નથી એમ કહે છે—"ते रागिणः अद्यापि पापाः" (ते) મિથ્યાદૃષ્ટિ જીવરાશિ (रागिणः) શરીર-પંચેન્દ્રિયના ભોગસુખમાં અવશ્ય રંજિત છે, (अद्यापि) કરોડ ઉપાય જો કરે અનંત કાળ પર્યંત તોપણ (पापाः) પાપમય છે, જ્ઞાનાવરણાદિ કર્મબંધને કરે છે, મહાનિન્દ્ય છે. શા કારણથી એવો છે? "यतः सम्यक्त्वरिक्ताः सन्ति" (यतः) કારણ કે વિષયસુખરંજિત છે જેટલો જીવરાશિ તે, (सम्यक्त्वरिक्ताः सन्ति) શુદ્ધાત્મસ્વરૂપના અનુભવથી શૂન્ય છે. શા કારણથી? "आत्मानात्मावगमविरहात्" (आत्म) શુદ્ધ ચૈતન્ય વસ્તુ, (अनात्म) દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મ, તેમનું (अवगम) હેય-ઉપાદેયરૂપે ભિન્નપણારૂપ જાણપણું, તેનું (विरहात्) શૂન્યપણું હોવાથી. ભાવાર્થ આમ છે કે—મિથ્યાદૃષ્ટિ જીવને શુદ્ધ વસ્તુના અનુભવની શક્તિ હોતી નથી એવો નિયમ છે, તેથી મિથ્યાદૃષ્ટિ જીવ કર્મનો ઉદય પોતારૂપ જાણીને અનુભવે છે, પર્યાયમાત્રમાં અત્યંત રત છે; તે કારણે મિથ્યાદૃષ્ટિ સર્વથા રાગી હોય છે, રાગી હોવાથી

કર્મબંધના કર્તા છે. કેવા છે મિથ્યાદ્રષ્ટિ જીવ? ''अयम् अहं स्वयम् सम्यग्द्दष्टिः जातु मे बन्धः न स्यात्'' '(अयम् अहं) આ જે છું હું, તે (स्वयम् सम्यग्द्दष्टिः) સ્વયં સમ્યગ્દ્રષ્ટિ છું, તેથી (जातु) ત્રણે કાળ (मे बन्धः न स्यात्) અનેક પ્રકારનું વિષયસુખ ભોગવતાં પણ મને તો કર્મનો બંધ નથી;'—''इति आचरन्तु'' એવા જીવ એવું માને છે તો માનો, તથાપિ તેમને કર્મબંધ છે. વળી કેવા છે? ''उत्तानोत्पुलकवदनाः'' (उत्तान) ઊંચા કરી (उत्पुलक) ફુલાવ્યાં છે (वदनाः) ગાલ-મુખ જેમણે, એવા છે. ''अपि'' અથવા કેવા છે? ''समितिपरतां आलम्बन्तां'' (समिति) મૌનપણું અથવા થોડું બોલવું અથવા પોતાને હીણો કરી બોલવું, તેનું (परतां) સમાનરૂપ સાવધાનપણું, તેને (आलम्बन्तां) અવલંબે છે અર્થાત્ સર્વથા પ્રકારે આ રૂપે પ્રકૃતિનો સ્વભાવ છે જેમનો, એવા છે; તથાપિ રાગી હોવાથી મિથ્યાદ્રષ્ટિ છે, કર્મબંધને કરે છે. ભાવાર્થ આમ છે કે—જે કોઈ જીવ પર્યાયમાત્રમાં રત હોતાં પ્રગટ મિથ્યાદ્રષ્ટિ છે તેમની પ્રકૃતિનો સ્વભાવ છે કે 'અમે સમ્યગ્દ્રષ્ટિ, અમને કર્મબંધ નથી' એવું મુખથી ગરજે છે, કેટલાક પ્રકૃતિના સ્વભાવને લીધે મૌન જેવા રહે છે, કેટલાક થોડું બોલે છે; ત્યાં આ પ્રમાણે રહે છે તે સમસ્ત પ્રકૃતિનો સ્વભાવભેદ છે, એમાં પરમાર્થ તો કાંઈ નથી. જેટલા કાળ સુધી જીવ પર્યાયમાં પોતાપણું અનુભવે છે તેટલા કાળ સુધી મિથ્યાદ્રષ્ટિ છે, રાગી છે, કર્મબંધને કરે છે. ૫–૧૩૭.

(મંદાક્રાન્તા)

आसंसारात्प्रतिपदममी रागिणो नित्यमत्ताः
सुप्ता यस्मिन्नपदमपदं तद्विबुध्यध्वमन्धाः।
एतैतेतः पदमिदमिदं यत्र चैतन्यधातुः
शुद्धः शुद्धः स्वरसभरतः स्थायिभावत्वमेति॥६-१३८॥

**ખંડાન્વય સહિત અર્થ :**—''भो अन्धाः'' (भो) સમ્બોધન વચન; (अन्धाः) શુદ્ધસ્વરૂપના અનુભવથી શૂન્ય છે જેટલો જીવરાશિ તે, ''तत् अपदम् अपदं विबुध्यध्वम्'' (तत्) કર્મના ઉદયથી છે જે ચાર ગતિરૂપ પર્યાય તથા રાગાદિ અશુદ્ધપરિણામ તથા ઇન્દ્રિયવિષયજનિત સુખ-દુઃખ ઇત્યાદિ અનેક છે તે—જેટલું કંઈ છે તે—(अपदम् अपदं)

કર્મસંયોગની ઉપાધિ છે, બે વાર કહેતાં સર્વથા જીવનું સ્વરૂપ નથી, (विबुध्यध्वम्) એમ અવશ્ય જાણો. કેવી છે માયાજાળ? ''यस्मिन् अमी रागिणः आसंसारात् सुप्ताः'' (यस्मिन्) જેમાં—કર્મના ઉદયજનિત અશુદ્ધ પર્યાયમાં, (अमी रागिणः) પ્રત્યક્ષપણે વિદ્યમાન છે જે પર્યાયમાત્રમાં રાગ કરનારા જીવ તેઓ (आसंसारात् सुप्ताः) અનાદિ કાળથી સૂતા છે અર્થાત્ અનાદિ કાળથી તે-રૂપ પોતાને અનુભવે છે. ભાવાર્થ આમ છે કે—અનાદિ કાળથી આવા સ્વાદને સર્વ મિથ્યાદ્રષ્ટિ જીવો આસ્વાદે છે કે 'હું દેવ છું, મનુષ્ય છું, સુખી છું, દુઃખી છું;' આમ પર્યાયમાત્રને પોતારૂપ અનુભવે છે, તેથી સર્વ જીવરાશિ જેવું અનુભવે છે તે બધું જૂઠું છે, જીવનું તો સ્વરૂપ નથી. કેવો છે સર્વ જીવરાશિ? ''प्रतिपदम् नित्यमत्ताः (प्रतिपदम्) જેવો પર્યાય ધારણ કર્યો તે જ રૂપે (नित्यमत्ताः) એવો મતવાલો થયો કે કોઈ કાળે કોઈ ઉપાય કરતાં મતવાલાપણું ઊતરતું નથી. શુદ્ધ ચૈતન્યસ્વરૂપ જેવું છે તેવું દેખાડે છે—''इतः एत एत'' પર્યાયમાત્ર અવધાર્યો છે પોતાને–એવા માર્ગે ન જાઓ, ન જાઓ, કેમ કે (તે) તારો માર્ગ નથી, નથી; આ માર્ગ પર આવો, અરે! આવો, કેમ કે ''इदम् पदम् इदं पदं'' તારો માર્ગ અહીં છે, અહીં છે, ''यत्र चैतन्यधातुः'' (यत्र) જ્યાં (चैतन्यधातुः) ચેતનામાત્ર વસ્તુનું સ્વરૂપ છે. કેવું છે? ''शुद्धः शुद्धः'' સર્વથા પ્રકારે સર્વ ઉપાધિથી રહિત છે. 'શુદ્ધ શુદ્ધ' બે વાર કહીને અત્યંત ગાઢ કર્યું છે. વળી કેવું છે? ''स्थायिभावत्वम् एति'' અવિનશ્વરભાવને પામે છે. શા કારણથી? ''स्वरसभरतः'' (स्वरस) ચેતનાસ્વરૂપના (भरतः) ભારથી, અર્થાત્ કહેવામાત્ર નથી, સત્યસ્વરૂપ વસ્તુ છે, તેથી નિત્ય-શાશ્વત છે. ભાવાર્થ આમ છે કે જેને–પર્યાયને–મિથ્યાદ્રષ્ટિ જીવ પોતારૂપ જાણે છે તે તો સર્વ વિનાશિક છે, તેથી જીવનું સ્વરૂપ નથી; ચેતનામાત્ર અવિનાશી છે, તેથી જીવનું સ્વરૂપ છે. ૬–૧૩૮.

(અનુષ્ટુપ)

**एकमेव हि तत्स्वाद्यं विपदामपदं पदम्।**
**अपदान्येव भासन्ते पदान्यन्यानि यत्पुरः ।।७-१३९।।**

**ખંડાન્વય સહિત અર્થ** :—''तत् पदम् स्वाद्यं'' (तत्) શુદ્ધ ચૈતન્યમાત્ર વસ્તુરૂપ (पदम्) મોક્ષના કારણનો (स्वाद्यं) નિરંતર અનુભવ કરવો. કેવું છે? ''हि एकम् एव'' (हि) નિશ્ચયથી (एकम् एव) સમસ્ત ભેદવિકલ્પથી રહિત નિર્વિકલ્પ

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



વસ્તુમાત્ર છે. વળી કેવું છે? "विपदाम् अपदं" (विपदाम्) ચતુર્ગતિસંસારસંબંધી નાના પ્રકારનાં દુઃખોના (अपदं) અભાવસ્વરૂપ છે. ભાવાર્થ આમ છે કે—આત્મા સુખસ્વરૂપ છે, સાતા-અસાતાકર્મના ઉદયના સંયોગે થાય છે જે સુખ-દુઃખ તે જીવનું સ્વરૂપ નથી, કર્મની ઉપાધિ છે. વળી કેવું છે? "यत्पुरः अन्यानि पदानि अपदानि एव भासन्ते" (यत्पुरः) જે શુદ્ધ સ્વરૂપનો અનુભવરૂપ આસ્વાદ આવતાં (अन्यानि पदानि) ચાર ગતિના પર્યાય, રાગ-દ્વેષ-મોહ, સુખ-દુઃખરૂપ ઈત્યાદિ જેટલા અવસ્થાભેદ છે તે (अपदानि एव भासन्ते) જીવનું સ્વરૂપ નથી, ઉપાધિરૂપ છે, વિનશ્વર છે, દુઃખરૂપ છે—એવો સ્વાદ સ્વાનુભવપ્રત્યક્ષપણે આવે છે. ભાવાર્થ આમ છે—શુદ્ધ ચિદ્રૂપ ઉપાદેય, અન્ય સમસ્ત હેય. ૭–૧૩૯.

(શાર્દૂલવિક્રીડિત)

**एकज्ञायकभावनिर्भरमहास्वादं समासादयन्**
**स्वादं द्वन्द्वमयं विधातुमसहः स्वां वस्तुवृत्तिं विदन्।**
**आत्मात्मानुभवानुभावविवशो भ्रश्यद्विशेषोदयं**
**सामान्यं कलयन् किलैष सकलं ज्ञानं नयत्येकताम्॥८-१४०॥**

**ખંડાન્વય સહિત અર્થ :**—"एषः आत्मा सकलं ज्ञानं एकताम् नयति" (एषः आत्मा) વસ્તુરૂપ વિદ્યમાન આત્મા અર્થાત્ ચેતનદ્રવ્ય, (सकलं ज्ञानं) જેટલા પર્યાયોરૂપ પરિણમ્યું છે જ્ઞાન—મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન, કેવળજ્ઞાન ઈત્યાદિ અનેક વિકલ્પરૂપ પરિણમ્યું છે જ્ઞાન—તેને (एकताम्) નિર્વિકલ્પરૂપ (नयति) અનુભવે છે. ભાવાર્થ આમ છે કે—જેવી રીતે ઉષ્ણતામાત્ર અગ્નિ છે, તેથી દાહ્યવસ્તુને બાળતો થકો દાહ્યના આકારે પરિણમે છે; તેથી લોકોને એવી બુદ્ધિ ઊપજે છે કે કાષ્ઠનો અગ્નિ, છાણાંનો અગ્નિ, તૃણનો અગ્નિ; પરંતુ આ સમસ્ત વિકલ્પ જૂઠા છે, અગ્નિનું સ્વરૂપ વિચારતાં ઉષ્ણતામાત્ર અગ્નિ છે, એકરૂપ છે, કાષ્ઠ, છાણાં, તૃણ અગ્નિનું સ્વરૂપ નથી; તેવી રીતે જ્ઞાન ચેતનાપ્રકાશમાત્ર છે, સમસ્ત જ્ઞેયવસ્તુને જાણવાનો સ્વભાવ છે તેથી સમસ્ત જ્ઞેયવસ્તુને જાણે છે, જાણતું થકું જ્ઞેયાકાર પરિણમે છે; તેથી જ્ઞાની જીવને એવી બુદ્ધિ ઊપજે છે કે મતિજ્ઞાન,

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન, કેવળજ્ઞાન–એવા ભેદવિકલ્પ બધા જૂઠા છે; જ્ઞેયની ઉપાધિથી મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય, કેવળ–એવા વિકલ્પ ઊપજ્યા છે, કારણ કે જ્ઞેયવસ્તુ નાના પ્રકારે છે; જેવા જ્ઞેયનો જ્ઞાયક થાય છે તેવું જ નામ પામે છે, વસ્તુસ્વરૂપનો વિચાર કરતાં જ્ઞાનમાત્ર છે, નામ ધરવું બધું જૂઠું છે;— આવો અનુભવ શુદ્ધ સ્વરૂપનો અનુભવ છે; ''किल'' નિશ્ચયથી એમ જ છે. કેવો છે અનુભવશીલ આત્મા? ''एकज्ञायकभावनिर्भरमहास्वादं समासादयन्'' (एक) નિર્વિકલ્પ એવું જે (ज्ञायकभाव) ચેતનદ્રવ્ય, તેમાં (निर्भर) અત્યંત મગ્નપણું, તેનાથી થયું છે (महास्वादं) અનાકુળલક્ષણ સૌખ્ય, તેને (समासादयन्) આસ્વાદતો થકો. વળી કેવો છે? ''द्वन्द्वमयं स्वादं विधातुम् असहः'' (द्वन्द्वमयं) કર્મના સંયોગથી થયેલ છે વિકલ્પરૂપ, આકુળતારૂપ (स्वादं) સ્વાદ અર્થાત્ અજ્ઞાની જન સુખ કરીને માને છે પરંતુ દુઃખરૂપ છે એવું જે ઇન્દ્રિયવિષયજનિત સુખ, તેને (विधातुम्) અંગીકાર કરવાને (असहः) અસમર્થ છે. ભાવાર્થ આમ છે કે—વિષય-કષાયને દુઃખરૂપ જાણે છે. વળી કેવો છે? ''स्वां वस्तुवृत्तिं विदन्'' (स्वां) પોતાના દ્રવ્યસંબંધી (वस्तुवृत्तिं) આત્માનું શુદ્ધ સ્વરૂપ, તેની સાથે (विदन्) તદ્રૂપ પરિણમતો થકો. વળી કેવો છે? ''आत्मात्मानुभवानुभावविवशः'' (आत्मा) ચેતનદ્રવ્ય, તેના (आत्मानुभव) આસ્વાદના (अनुभाव) મહિમા વડે (विवशः) ગોચર છે. વળી કેવો છે? ''विशेषोदयं भ्रश्यत्'' (विशेष) જ્ઞાનપર્યાય દ્વારા (उदयं) નાના પ્રકારો, તેમને (भ्रश्यत्) મટાડતો થકો. વળી કેવો છે? ''सामान्यं कलयन्'' (सामान्यं) નિર્ભેદ સત્તામાત્ર વસ્તુનો (कलयन्) અનુભવ કરતો થકો. ૮–૧૪૦.

(શાર્દૂલવિક્રીડિત)

अच्छाच्छाः स्वयमुच्छलन्ति यदिमाः संवेदनव्यक्तयो
निष्पीताखिलभावमण्डलरसप्राग्भारमत्ता इव।
यस्याभिन्नरसः स एष भगवानेकोऽप्यनेकीभवन्
वल्गत्युत्कलिकाभिरद्भुतनिधिश्चैतन्यरत्नाकरः ।।९-१४१।।

**ખંડાન્વય સહિત અર્થ**:—''सः एषः चैतन्यरत्नाकरः'' (सः एषः) જેનું

સ્વરૂપ કહ્યું છે તથા કહેશે એવો (चैतन्यरत्नाकरः) જીવદ્રવ્યરૂપી મહાસમુદ્ર, [ભાવાર્થ આમ છે કે—જીવદ્રવ્ય સમુદ્રની ઉપમા દઈને કહેવામાં આવ્યું છે, ત્યાં એટલું કહેતાં દ્રવ્યાર્થિકનયથી એક છે, પર્યાયાર્થિકનયથી અનેક છે; જેમ સમુદ્ર એક છે, તરંગાવલિથી અનેક છે;] ''उत्कलिकाभिः'' સમુદ્રના પક્ષે તરંગાવલિ, જીવના પક્ષે એક જ્ઞાનગુણના મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, ઈત્યાદિ અનેક ભેદ, તેમના દ્વારા ''वल्गति'' પોતાના બળથી અનાદિ કાળથી પરિણમી રહ્યો છે. કેવો છે? ''अभिन्नरसः'' જેટલા પર્યાયો છે તેમનાથી ભિન્ન સત્તા નથી, એક જ સત્ત્વ છે. વળી કેવો છે? ''भगवान्'' જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય ઈત્યાદિ અનેક ગુણોએ બિરાજમાન છે. વળી કેવો છે? ''एकः अपि अनेकीभवन्'' (एकः अपि) સત્તાસ્વરૂપે એક છે તથાપિ (अनेकीभवन्) અંશભેદ કરતાં અનેક છે. વળી કેવો છે? ''अद्भुतनिधिः'' (अद्भुत) અનંત કાળ સુધી ચારે ગતિઓમાં ભમતાં જેવું સુખ ક્યાંય પામ્યો નહિ એવા સુખનું (निधिः) નિધાન છે. વળી કેવો છે? ''यस्य इमाः संवेदनव्यक्तयः स्वयं उच्छलन्ति'' (यस्य) જે દ્રવ્યને (इमाः) પ્રત્યક્ષપણે વિદ્યમાન (संवेदन) સંવેદન અર્થાત્ જ્ઞાન, તેની (व्यक्तयः) વ્યક્તિઓ અર્થાત્ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન, કેવળજ્ઞાન ઈત્યાદિ અનેક પર્યાયરૂપ અંશભેદ, (स्वयं) દ્રવ્યનું સહજ એવું જ છે તે કારણથી (उच्छलन्ति) અવશ્ય પ્રગટ થાય છે. ભાવાર્થ આમ છે કે—કોઈ આશંકા કરશે કે જ્ઞાન તો જ્ઞાનમાત્ર છે, આવા જે મતિજ્ઞાન આદિ પાંચ ભેદ તે શા કારણે છે? સમાધાન આ પ્રમાણે છે કે—જ્ઞાનના પર્યાય છે, વિરુદ્ધ તો કાંઈ નથી, વસ્તુનું એવું જ સહજ છે; પર્યાયમાત્ર વિચારતાં મતિ આદિ પાંચ ભેદ વિદ્યમાન છે, વસ્તુમાત્ર અનુભવતાં જ્ઞાનમાત્ર છે; વિકલ્પો જેટલા છે તેટલા બધા જૂઠા છે, કેમ કે વિકલ્પ કોઈ વસ્તુ નથી, વસ્તુ તો જ્ઞાનમાત્ર છે. કેવી છે સંવેદનવ્યક્તિઓ? (अच्छाच्छाः) નિર્મળથી પણ નિર્મળ છે. ભાવાર્થ આમ છે કે—કોઈ એમ માનશે કે જેટલા જ્ઞાનના પર્યાય છે તે સમસ્ત અશુદ્ધરૂપ છે, પરંતુ એમ તો નથી, કારણ કે જેમ જ્ઞાન શુદ્ધ છે તેમ જ્ઞાનના પર્યાય વસ્તુનું સ્વરૂપ છે તેથી શુદ્ધસ્વરૂપ છે. પરંતુ એક વિશેષ—પર્યાયમાત્રને અવધારતાં વિકલ્પ ઊપજે છે, અનુભવ નિર્વિકલ્પ છે, તેથી વસ્તુમાત્ર અનુભવતાં સમસ્ત પર્યાયો પણ જ્ઞાનમાત્ર છે, તેથી જ્ઞાનમાત્ર અનુભવયોગ્ય છે. વળી કેવી છે સંવેદનવ્યક્તિઓ? ''निःपीताखिलभावमण्डलरसप्राग्भारमत्ताः इव'' (निःपीत) ગળી

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



ગઈ છે (अखिल) સમસ્ત (भाव)—જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, કાળ, આકાશ એવાં સમસ્ત—દ્રવ્યના (मण्डल) અતીત-અનાગત-વર્તમાન અનંત પર્યાયરૂપી (रस) રસાયણભૂત દિવ્ય ઔષધિ તેના (प्राग्भार) સમૂહ વડે (मत्ताः इव) મગ્ન થઈ છે, એવી છે. ભાવાર્થ આમ છે કે—કોઈ પરમ રસાયણભૂત દિવ્ય ઔષધિ પીએ છે તો સર્વાંગ તરંગાવલિ જેવું ઊપજે છે, તેવી રીતે સમસ્ત દ્રવ્યોને જાણવામાં સમર્થ છે જ્ઞાન, તેથી સર્વાંગ આનંદતરંગાવલિથી ગર્ભિત છે. ૯–૧૪૧.

(શાર્દૂલવિક્રીડિત)

**क्लिश्यन्तां स्वयमेव दुष्करतरैर्मोक्षोन्मुखैः कर्मभिः**
**क्लिश्यन्तां च परे महाव्रततपोभारेण भग्नाश्चिरम्।**
**साक्षान्मोक्ष इदं निरामयपदं संवेद्यमानं स्वयं**
**ज्ञानं ज्ञानगुणं विना कथमपि प्राप्तुं क्षमन्ते न हि॥१०-१४२॥**

ખંડાન્વય સહિત અર્થ :—''परे इदं ज्ञानं ज्ञानगुणं विना प्राप्तुं कथम् अपि न हि क्षमन्ते'' (परे) શુદ્ધસ્વરૂપ-અનુભવથી ભ્રષ્ટ છે જે જીવ તે, (इदं ज्ञानं) પૂર્વે જ કહેલ છે સમસ્ત ભેદવિકલ્પથી રહિત જ્ઞાનમાત્ર વસ્તુ તેને (ज्ञानगुणं विना) શુદ્ધસ્વરૂપ-અનુભવશક્તિ વિના (प्राप्तुं) પ્રાપ્ત કરવાને, (कथम् अपि) હજાર ઉપાય કરવામાં આવે તોપણ, (न हि क्षमन्ते) નિશ્ચયથી સમર્થ થતા નથી. કેવું છે જ્ઞાનપદ? ''साक्षात् मोक्षः'' પ્રત્યક્ષપણે સર્વથા પ્રકારે મોક્ષસ્વરૂપ છે. વળી કેવું છે? ''निरामयपदं'' જેટલા ઉપદ્રવ-ક્લેશ છે તે સર્વથી રહિત છે. વળી કેવું છે? ''स्वयं संवेद्यमानं'' (स्वयं) પોતાથી (संवेद्यमानं) આસ્વાદ કરવાયોગ્ય છે. ભાવાર્થ આમ છે કે—જ્ઞાનગુણ જ્ઞાનગુણથી અનુભવયોગ્ય છે, કારણાન્તર દ્વારા જ્ઞાનગુણ ગ્રાહ્ય નથી. કેવો છે મિથ્યાદૃષ્ટિ જીવરાશિ? ''कर्मभिः क्लिश्यन्तां'' (कर्मभिः) વિશુદ્ધ શુભોપયોગરૂપ પરિણામ, જૈનોક્ત સૂત્રોનું અધ્યયન, જીવાદિ દ્રવ્યોના સ્વરૂપનું વારંવાર સ્મરણ, પંચપરમેષ્ઠીની ભક્તિ ઈત્યાદિ છે જે અનેક ક્રિયાભેદ તે વડે (क्लिश्यन्ता) બહુ આક્ષેપ (આડંબર) કરે છે તો કરો, તથાપિ શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ થશે તે તો શુદ્ધ જ્ઞાન વડે થશે. કેવાં છે કરતૂત અર્થાત્ ક્રિયાભેદ? ''स्वयम् एव

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

दुष्करतरैः'' (स्वयम् एव) સહજપણે (दुष्करतरैः) કષ્ટસાધ્ય છે. ભાવાર્થ આમ છે કે— જેટલી ક્રિયા છે તે બધી દુઃખાત્મક છે, શુદ્ધસ્વરૂપ-અનુભવની માફક સુખસ્વરૂપ નથી. વળી કેવાં છે? ''मोक्षोन्मुखैः'' (मोक्ष) સકળકર્મક્ષયથી (उन्मुखैः) ઉન્મુખ છે અર્થાત્ તેઓ પરંપરાએ આગળ મોક્ષનું કારણ થશે એવો ભ્રમ ઊપજે છે તે જૂઠો છે. ''च'' વળી કેવા છે મિથ્યાદ્રષ્ટિ જીવ? ''महाव्रततपोभारेण चिरं भग्नाः क्लिश्यन्तां'' (महाव्रत) હિંસા, અનૃત, સ્તેય, અબ્રહ્મ, પરિગ્રહથી રહિતપણું, (तपः) મહા પરીષહોનું સહવું, તેના (भार) ઘણા બોજા વડે (चिरं) ઘણા કાળ પર્યંત (भग्नाः) મરીને ચૂરો થતા થકા (क्लिश्यन्तां) ઘણું કષ્ટ કરે છે તો કરો, તથાપિ એવું કરતાં કર્મક્ષય તો થતો નથી. ૧૦–૧૪૨.

(દ્રુતવિલંબિત)

**पदमिदं ननु कर्मदुरासदं**
**सहजबोधकलासुलभं किल।**
**तत इदं निजबोधकलाबलात्**
**कलयितुं यततां सततं जगत्॥११-१४३॥**

**ખંડાન્વય સહિત અર્થઃ**—''ततः ननु इदं जगत् इदं पदम् कलयितुं सततं यततां'' (ततः) તે કારણથી (ननु) અહો (इदं जगत्) વિદ્યમાન છે જે ત્રૈલોક્યવર્તી જીવરાશિ તે (इदं पदम्) આ પદનો અર્થાત્ નિર્વિકલ્પ શુદ્ધ જ્ઞાનમાત્રવસ્તુનો (कलयितुं) નિરંતર અભ્યાસ કરવાને માટે (सततं) અખંડધારાપ્રવાહરૂપ (यततां) યત્ન કરો. શા કારણ વડે? ''निजबोधकलाबलात्'' (निजबोध) શુદ્ધ જ્ઞાન, તેનો (कला) પ્રત્યક્ષ અનુભવ, તેના (बलात्) સામર્થ્ય વડે; કેમ કે ''किल'' નિશ્ચયથી જ્ઞાનપદ ''कर्मदुरासदं'' (कर्म) જેટલી ક્રિયા છે તેના વડે (दुरासदं) અપ્રાપ્ય છે, અને ''सहजबोधकलासुलभं'' (सहजबोध) શુદ્ધ જ્ઞાનના (कला) નિરંતર અનુભવ વડે (सुलभं) સહજ જ પ્રાપ્ત થાય છે. ભાવાર્થ આમ છે કે—શુભ-અશુભરૂપ છે જેટલી ક્રિયા, તેનું મમત્વ છોડીને એક શુદ્ધસ્વરૂપ-અનુભવ કારણ છે. ૧૧–૧૪૩.

(ઉપજાતિ)

**अचिन्त्यशक्तिः स्वयमेव देव-**
**श्चिन्मात्रचिन्तामणिरेष यस्मात् ।**
**सर्वार्थसिद्धात्मतया विधत्ते**
**ज्ञानी किमन्यस्य परिग्रहेण ।।१२-१४४।।**

**ખંડાન્વય સહિત અર્થ :—**''ज्ञानी (ज्ञानं) विधत्ते'' (ज्ञानी) સમ્યગ્દૃષ્ટિ જીવ (ज्ञानं) જ્ઞાનને અર્થાત્ નિર્વિકલ્પ ચિદ્રૂપવસ્તુને (विधत्ते) નિરંતર અનુભવે છે. શું જાણીને? ''सर्वार्थसिद्धात्मतया'' (सर्वार्थसिद्ध) ચતુર્ગતિસંસારસંબંધી દુઃખનો વિનાશ અને અતીન્દ્રિય સુખની પ્રાપ્તિ (आत्मतया) એવું કાર્ય સિદ્ધ થાય છે જેનાથી, એવું છે શુદ્ધ જ્ઞાનપદ. ''अन्यस्य परिग्रहेण किम्'' (अन्यस्य) શુદ્ધસ્વરૂપ-અનુભવથી બાહ્ય છે જેટલા વિકલ્પો, [વિવરણ—શુભ-અશુભ ક્રિયારૂપ અથવા રાગાદિ વિકલ્પરૂપ અથવા દ્રવ્યોના ભેદવિચારરૂપ એવા છે જે અનેક વિકલ્પો,] તેમનાં (परिग्रहेण) સાવધાનપણે પ્રતિપાલન અથવા આચરણ અથવા સ્મરણથી (किम्) શી કાર્યસિદ્ધિ? અર્થાત્ કોઈ કાર્યસિદ્ધિ નથી. આમ શા કારણથી? ''यस्मात् एषः स्वयं चिन्मात्रचिन्तामणिः एव'' (यस्मात्) કારણ કે (एषः) શુદ્ધ જીવવસ્તુ (स्वयम्) પોતામાં (चिन्मात्रचिन्तामणिः) શુદ્ધ જ્ઞાનમાત્ર એવું અનુભવ-ચિન્તામણિરત્ન છે; (एव) આ વાતને નક્કી જાણવી, સંશય કાંઈ નથી. ભાવાર્થ આમ છે કે—જેવી રીતે કોઈ પુણ્યવાન જીવના હાથમાં ચિન્તામણિરત્ન હોય છે, તેનાથી સર્વ મનોરથ પૂરા થાય છે, તે જીવ લોઢું, તાંબું, રૂપું એવી ધાતુનો સંગ્રહ કરતો નથી; તેવી રીતે સમ્યગ્દૃષ્ટિ જીવની પાસે શુદ્ધસ્વરૂપ-અનુભવ એવું ચિન્તામણિરત્ન છે, તેનાથી સકળકર્મક્ષય થાય છે, પરમાત્મપદની પ્રાપ્તિ થાય છે, અતીન્દ્રિય સુખની પ્રાપ્તિ થાય છે; તે સમ્યગ્દૃષ્ટિ જીવ શુભ-અશુભરૂપ અનેક ક્રિયા-વિકલ્પનો સંગ્રહ કરતો નથી, કારણ કે એનાથી કાર્યસિદ્ધિ થતી નથી. વળી કેવો છે? ''अचिन्त्यशक्तिः'' વચનગોચર નથી મહિમા જેનો, એવો છે. વળી કેવો છે? ''देवः'' પરમ પૂજ્ય છે. ૧૨–૧૪૪.

(વસન્તતિલકા)

इत्थं परिग्रहमपास्य समस्तमेव
सामान्यतः स्वपरयोरविवेकहेतुम् ।
अज्ञानमुज्झितुमना अधुना विशेषाद्
भूयस्तमेव परिहर्त्तुमयं प्रवृत्तः ॥१३-१४५॥

**ખંડાન્વય સહિત અર્થ :—**''अधुना अयं भूयः प्रवृत्तः'' (अधुना) અહીંથી આરંભ કરીને (अयं) ગ્રંથના કર્તા (भूयः प्रवृत्तः) કાંઈક વિશેષ કહેવાનો ઉદ્યમ કરે છે. કેવા છે ગ્રંથના કર્તા? ''अज्ञानम् उज्झितुमना'' (अज्ञानम्) જીવની અને કર્મની એકત્વબુદ્ધિરૂપ મિથ્યાત્વભાવ (उज्झितुमना) કઈ રીતે છૂટે એવો છે અભિપ્રાય જેમનો, એવા છે. શું કહેવા ચાહે છે? ''तम् एव विशेषात् परिहर्तुम्'' (तम् एव) જેટલો પરદ્રવ્યરૂપ પરિગ્રહ છે તેને (विशेषात् परिहर्तुम्) ભિન્ન ભિન્ન નામોનાં વિવરણ સહિત છોડવાને માટે અથવા છોડાવવાને માટે. અહીં સુધી કહ્યું તે શું કહ્યું? ''इत्थं समस्तम् एव परिग्रहम् सामान्यतः अपास्य'' (इत्थं) અહીં સુધી જે કાંઈ કહ્યું તે એમ કહ્યું કે (समस्तम् एव परिग्रहम्) જેટલી પુદ્‌ગલકર્મની ઉપાધિરૂપ સામગ્રી, તેનો (सामान्यतः अपास्य) સામાન્યપણે ત્યાગ કહ્યો અર્થાત્ જે કાંઈ પરદ્રવ્ય સામગ્રી છે તે ત્યાજ્ય છે એમ કહીને પરદ્રવ્યનો ત્યાગ કહ્યો. હવે વિશેષરૂપ કહે છે. વિશેષાર્થ આમ છે કે—જેટલું પરદ્રવ્ય તેટલું ત્યાજ્ય છે એમ કહ્યું. હવે (કહે છે કે) ક્રોધ પરદ્રવ્ય છે તેથી ત્યાજ્ય છે, માન પરદ્રવ્ય છે તેથી ત્યાજ્ય છે, ઇત્યાદિ; ભોજન પરદ્રવ્ય છે તેથી ત્યાજ્ય છે, પાણી પીવું પરદ્રવ્ય છે તેથી ત્યાજ્ય છે. કેવો છે પરદ્રવ્યપરિગ્રહ? ''स्वपरयोः अविवेकहेतुम्'' (स्व) શુદ્ધ ચિદ્રૂપમાત્ર વસ્તુ અને (परयोः) દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મ, તેમના (अविवेक) એકત્વરૂપ સંસ્કારનું (हेतुम्) કારણ છે. ભાવાર્થ આમ છે કે—મિથ્યાદૃષ્ટિ જીવને જીવ-કર્મમાં એકત્વબુદ્ધિ છે તેથી મિથ્યાદૃષ્ટિને પરદ્રવ્યનો પરિગ્રહ ઘટે છે; સમ્યગ્દૃષ્ટિ જીવને ભેદબુદ્ધિ છે તેથી પરદ્રવ્યનો પરિગ્રહ ઘટતો નથી. આવો અર્થ અહીંથી શરૂ કરીને કહેવામાં આવશે. ૧૩–૧૪૫.

(સ્વાગતા)

पूर्वबद्धनिजकर्मविपाकात्
ज्ञानिनो यदि भवत्युपभोगः।
तद्भवत्वथ च रागवियोगात्
नूनमेति न परिग्रहभावम्॥१४-१४६॥

**ખંડાન્વય સહિત અર્થ :**—''यदि ज्ञानिनः उपभोगः भवति तत् भवतु'' (यदि) જો કદાચિત્ (ज्ञानिनः) સમ્યગ્દ્રષ્ટિ જીવને (उपभोगः) શરીર આદિ સંપૂર્ણ ભોગસામગ્રી (भवति) હોય છે, સમ્યગ્દ્રષ્ટિ જીવ ભોગવે છે, (तत्) તો (भवतु) સામગ્રી હો, સામગ્રીનો ભોગ પણ હો, ''नूनम् परिग्रहभावम् न एति'' (नूनम्) નિશ્ચયથી (परिग्रहभावम्) વિષયસામગ્રીના સ્વીકારરૂપ અભિપ્રાયને (न एति) પામતો નથી. શા કારણથી? ''अथ च रागवियोगात्'' (अथ च) જ્યારથી સમ્યગ્દ્રષ્ટિ થયો (रागवियोगात्) ત્યારથી માંડીને વિષયસામગ્રીમાં રાગ-દ્વેષ-મોહથી રહિત થયો, તે કારણથી. કોઈ પ્રશ્ન કરે છે કે આવા વિરાગીને—સમ્યગ્દ્રષ્ટિ જીવને વિષયસામગ્રી કેમ હોય છે? ઉત્તર આમ છે કે—''पूर्वबद्धनिजकर्मविपाकात्'' (पूर्वबद्ध) સમ્યક્ત્વ ઊપજતાં પહેલાં મિથ્યાદ્રષ્ટિ જીવ હતો, રાગી હતો; ત્યાં રાગભાવ દ્વારા બાંધી હતી જે (निजकर्म) પોતાના પ્રદેશોમાં જ્ઞાનાવરણાદિરૂપ કાર્મણવર્ગણા, તેના (विपाकात्) ઉદયને લીધે. ભાવાર્થ આમ છે કે—રાગ-દ્વેષ-મોહપરિણામ મટતાં દ્રવ્યરૂપ બાહ્ય સામગ્રીનો ભોગ બંધનું કારણ નથી, નિર્જરાનું કારણ છે; તેથી સમ્યગ્દ્રષ્ટિ જીવ અનેક પ્રકારની વિષયસામગ્રી ભોગવે છે, પરંતુ રંજિતપરિણામ નથી તેથી બંધ નથી, પૂર્વે બાંધ્યું હતું જે કર્મ તેની નિર્જરા છે. ૧૪–૧૪૬.

(સ્વાગતા)

वेद्यवेदकविभावचलत्वाद्
वेद्यते न खलु कांक्षितमेव।
तेन कांक्षति न किञ्चन विद्वान्
सर्वतोऽप्यतिविरक्तिमुपैति॥१५-१४७॥

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



**ખંડાન્વય સહિત અર્થ** :—''तेन विद्वान् किञ्चन न कांक्षति'' (तेन) તે કારણથી (विद्वान्) સમ્યગ્દૃષ્ટિ જીવ, (किञ्चन) કર્મના ઉદયથી છે નાના પ્રકારની સામગ્રી તેમાં કોઈ સામગ્રી (न कांक्षति)—કર્મની સામગ્રીમાં કોઈ સામગ્રી—જીવને સુખનું કારણ એમ માનતો નથી, સર્વ સામગ્રી દુ:ખનું કારણ એમ માને છે. વળી કેવો છે સમ્યગ્દૃષ્ટિ જીવ? ''सर्वतः अतिविरक्तिम् उपैति'' (सर्वतः) જેટલી કર્મજનિત સામગ્રી છે તેના પ્રત્યે મન, વચન, કાય—ત્રિશુદ્ધિ વડે (अतिविरक्तिम्) અતિ વિરક્તપણે અર્થાત્ સર્વથા ત્યાગરૂપ (उपैति) પરિણમે છે. શા કારણથી એવો છે? ''यतः खलु कांक्षितम् न वेद्यते एव'' (यतः) કારણ કે (खलु) નિશ્ચયથી (कांक्षितम्) જે કાંઈ ચિંતવ્યું છે તે (न वेद्यते) પ્રાપ્ત થતું નથી, (एव) એમ જ છે. શા કારણથી? ''वेद्यवेदकविभावचलत्वात्'' (वेद्य) વાંછવામાં આવે છે જે વસ્તુસામગ્રી અને (वेदक) વાંછારૂપ જીવનો અશુદ્ધ પરિણામ, તેઓ છે (विभाव) બંને અશુદ્ધ, વિનશ્વર, કર્મજનિત, તે કારણથી (चलत्वात्) ક્ષણે ક્ષણે અન્ય અન્ય થાય છે. કોઈ અન્ય ચિંતવાય છે, કોઈ અન્ય થાય છે. ભાવાર્થ આમ છે કે—અશુદ્ધ રાગાદિ પરિણામ તથા વિષયસામગ્રી બંને સમયે સમયે વિનશ્વર છે, માટે જીવનું સ્વરૂપ નથી. આ કારણથી સમ્યગ્દૃષ્ટિને એવા ભાવોનો સર્વથા ત્યાગ છે. તેથી સમ્યગ્દૃષ્ટિને બંધ નથી, નિર્જરા છે. ૧૫–૧૪૭.

(સ્વાગતા)

**ज्ञानिनो न हि परिग्रहभावं**
**कर्म रागरसरिक्ततयैति।**
**रङ्गयुक्तिरकषायितवस्त्रे**
**स्वीकृतैव हि बहिर्लुठतीह॥१६-१४८॥**

**ખંડાન્વય સહિત અર્થ** :—''कर्म ज्ञानिनः परिग्रहभावं न हि एति'' (कर्म) જેટલી વિષયસામગ્રી ભોગરૂપ ક્રિયા છે તે (ज्ञानिनः) સમ્યગ્દૃષ્ટિ જીવને (परिग्रहभावं) મમતારૂપ સ્વીકારપણાને (न हि एति) નિશ્ચયથી પ્રાપ્ત થતી નથી. શા કારણે? ''रागरसरिक्ततया'' (राग) કર્મની સામગ્રીને પોતારૂપ જાણીને રંજિતપરિણામરૂપ જે

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



(रस) વેગ, તેનાથી (रिक्ततया) ખાલી છે, એવો ભાવ હોવાથી. દ્રષ્ટાન્ત કહે છે— ''हि इह अकषायितवस्त्रे रङ्गयुक्तिः बहिः लुठति एव'' (हि) જેમ (इह) સર્વ લોકમાં પ્રગટ છે કે (अकषायित) હરડાં, ફટકડી, લોધર જેને લાગ્યાં નથી એવા (वस्त्रे) કપડામાં (रङ्गयुक्तिः) રંગયુક્તિ અર્થાત્ મજીઠના રંગનો સંયોગ કરવામાં આવે છે તોપણ (बहिः लुठति) કપડાને લાગતો નથી, બહાર ને બહાર ફરે છે, તેવી રીતે. ભાવાર્થ આમ છે કે—સમ્યગ્દ્રષ્ટિ જીવને પંચેન્દ્રિયવિષયસામગ્રી છે, ભોગવે પણ છે; પરંતુ અંતરંગ રાગ-દ્વેષ-મોહભાવ નથી, તેથી કર્મનો બંધ નથી, નિર્જરા છે; કેવી છે રંગયુક્તિ? ''स्वीकृता'' કપડું અને રંગ એકઠાં કરવામાં આવ્યાં છે એવી. ૧૬–૧૪૮.

(સ્વાગતા)

**ज्ञानवान् स्वरसतोऽपि यतः स्यात्**
**सर्वरागरसवर्जनशीलः।**
**लिप्यते सकलकर्मभिरेषः**
**कर्ममध्यपतितोऽपि ततो न॥१७-१४९॥**

**ખંડાન્વય સહિત અર્થ :**—''यतः ज्ञानवान् स्वरसतः अपि सर्वरागरस-वर्जनशीलः स्यात्'' (यतः) જે કારણથી (ज्ञानवान्) શુદ્ધસ્વરૂપ-અનુભવશીલ છે જે જીવ તે, (स्वरसतः) વિભાવપરિણમન મટ્યું હોવાથી શુદ્ધતારૂપે દ્રવ્ય પરિણમ્યું છે તેથી (सर्वराग) જેટલા રાગ-દ્વેષ-મોહપરિણામરૂપ (रस) અનાદિના સંસ્કાર તેનાથી (वर्जनशीलः स्यात्) રહિત છે સ્વભાવ જેનો, એવો છે; ''ततः एषः कर्ममध्यपतितः अपि सकलकर्मभिः न लिप्यते'' (ततः) તે કારણથી (एषः) સમ્યગ્દ્રષ્ટિ જીવ (कर्म) કર્મના ઉદયજનિત અનેક પ્રકારની ભોગસામગ્રીમાં (मध्यपतितः अपिः) પડ્યો છે અર્થાત્ પંચેન્દ્રિયભોગસામગ્રી ભોગવે છે, સુખ-દુઃખને પામે છે, તથાપિ (सकलकर्मभिः) આઠે પ્રકારનાં છે જે જ્ઞાનાવરણાદિ કર્મ, તેમના વડે (न लिप्यते) બંધાતો નથી. ભાવાર્થ આમ છે કે—અંતરંગ ચીકણાપણું નથી તેથી બંધ થતો નથી, નિર્જરા થાય છે. ૧૭–૧૪૯.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



(શાર્દૂલવિક્રીડિત)

यादृक् तादृगिहास्ति तस्य वशतो यस्य स्वभावो हि यः
कर्तुं नैष कथञ्चनापि हि परैरन्यादृशः शक्यते।
अज्ञानं न कदाचनापि हि भवेज्ज्ञानं भवत्सन्ततं
ज्ञानिन् भुंक्ष्व परापराधजनितो नास्तीह बन्धस्तव॥१८-१५०॥

**ખંડાન્વય સહિત અર્થ :—**અહીં કોઈ પ્રશ્ન કરે છે કે સમ્યગ્દૃષ્ટિ જીવ પરિણામથી શુદ્ધ છે તથાપિ પંચેન્દ્રિયવિષય ભોગવે છે, ત્યાં વિષયને ભોગવતાં કર્મનો બંધ છે કે નથી? સમાધાન આમ છે કે કર્મનો બંધ નથી. ''ज्ञानीन् भुंक्ष्व'' (ज्ञानिन्) હે સમ્યગ્દૃષ્ટિ જીવ! (भुंक्ष्व) કર્મના ઉદયથી મળી છે જે ભોગસામગ્રી તેને ભોગવે છે તો ભોગવ, ''तथापि तव बन्धः नास्ति'' (तथापि) તોપણ (तव) તને (बन्धः) બંધ અર્થાત્ જ્ઞાનાવરણાદિ કર્મનું આગમન (नास्ति) નથી. કેવો બંધ નથી? ''परापराधजनितः'' (पर) ભોગસામગ્રી, તેનું (अपराध) ભોગવવામાં આવવું, તેનાથી (जनितः) ઉત્પન્ન થતો. ભાવાર્થ આમ છે કે—સમ્યગ્દૃષ્ટિ જીવને વિષયસામગ્રી ભોગવતાં બંધ નથી, નિર્જરા છે, કારણ કે સમ્યગ્દૃષ્ટિ જીવ સર્વથા અવશ્ય પરિણામોથી શુદ્ધ છે; એવું જ વસ્તુનું સ્વરૂપ છે. પરિણામોની શુદ્ધતા હોતાં બાહ્ય ભોગસામગ્રી દ્વારા બંધ કરાતો નથી; એવું વસ્તુનું સ્વરૂપ છે. અહીં કોઈ આશંકા કરે છે કે—સમ્યગ્દૃષ્ટિ જીવ ભોગ ભોગવે છે, તો ભોગ ભોગવતાં રાગરૂપ અશુદ્ધ પરિણામ થતા હશે, ત્યાં તે રાગપરિણામ દ્વારા બંધ થતો હશે; પરંતુ એમ તો નથી, કારણ કે વસ્તુનું સ્વરૂપ એમ છે કે શુદ્ધ જ્ઞાન થતાં, ભોગસામગ્રીને ભોગવતાં, સામગ્રી દ્વારા અશુદ્ધરૂપ કરાતું નથી. કેટલીયે ભોગસામગ્રી ભોગવો તથાપિ શુદ્ધજ્ઞાન પોતાના સ્વરૂપે—શુદ્ધ જ્ઞાનસ્વરૂપે રહે છે; વસ્તુનું એવું સહજ છે. તે કહે છે—''ज्ञानं कदाचनापि अज्ञानं न भवेत्'' (ज्ञानं) જ્ઞાન અર્થાત્ શુદ્ધ સ્વભાવરૂપ પરિણમ્યું છે આત્મદ્રવ્ય તે, (कदाचन अपि) અનેક પ્રકારની ભોગસામગ્રીને ભોગવતાં અતીત-અનાગત-વર્તમાન કાળમાં (अज्ञानं) વિભાવ-અશુદ્ધ-રાગાદિરૂપ (न भवेत्) થતું નથી. કેવું છે જ્ઞાન? ''सन्ततं भवत्'' શાશ્વત શુદ્ધત્વરૂપ જીવદ્રવ્ય પરિણમ્યું છે, માયાજાળની માફક ક્ષણવિનશ્વર નથી. હવે દૃષ્ટાન્ત દ્વારા વસ્તુનું

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

સ્વરૂપ સાધે છે—''हि यस्य वशतः यः यादृक् स्वभावः तस्य तादृक् इह अस्ति'' (हि) કારણ કે (यस्य) જે કોઈ વસ્તુનો (यः यादृक् स्वभावः) જે સ્વભાવ, જેવો સ્વભાવ છે તે (वशतः) અનાદિનિધન છે, (तस्य) તે વસ્તુનો (तादृक् इह अस्ति) તેવો જ છે. જેવી રીતે શંખનો શ્વેત સ્વભાવ છે, શ્વેત પ્રગટ છે, તેવી રીતે સમ્યગ્દૃષ્ટિનો શુદ્ધ પરિણામ હોતો થકો શુદ્ધ છે. ''एषः परैः कथञ्चन अपि अन्यादृशः कर्तुं न शक्यते'' (एषः) વસ્તુનો સ્વભાવ (परैः) અન્ય વસ્તુનો કર્યો (कथञ्चन अपि) કોઈ પણ પ્રકારે (अन्यादृशः) બીજારૂપ (कर्तुं) કરાવાને (न शक्यते) સમર્થ નથી. ભાવાર્થ આમ છે કે—સ્વભાવથી શ્વેત શંખ છે, તે શંખ કાળી માટી ખાય છે, પીળી માટી ખાય છે, નાના વર્ણની માટી ખાય છે; એવી માટી ખાતો થકો શંખ તે માટીના રંગનો થતો નથી, પોતાના શ્વેત રૂપે રહે છે; વસ્તુનું એવું જ સહજ છે; તેવી રીતે સમ્યગ્દૃષ્ટિ જીવ સ્વભાવથી રાગ-દ્વેષ-મોહરહિત શુદ્ધપરિણામરૂપ છે, તે જીવ નાના પ્રકારની ભોગસામગ્રી ભોગવે છે તથાપિ પોતાના શુદ્ધપરિણામરૂપ પરિણમે છે, સામગ્રી હોતાં અશુદ્ધરૂપ પરિણમાવાતો નથી; એવો વસ્તુનો સ્વભાવ છે. તેથી સમ્યગ્દૃષ્ટિને કર્મનો બંધ નથી, નિર્જરા છે. ૧૮–૧૫૦.

(શાર્દૂલવિક્રીડિત)

**ज्ञानिन् कर्म न जातु कर्तुमुचितं किञ्चित्तथाप्युच्यते**
**भुंक्षे हन्त न जातु मे यदि परं दुर्भुक्त एवासि भोः।**
**बन्धः स्यादुपभोगतो यदि न तत्किं कामचारोऽस्ति ते**
**ज्ञानं सन्वस बन्धमेष्यपरथा स्वस्यापराधाद्ध्रुवम्॥१९-१५१॥**

ખંડાન્વય સહિત અર્થ :—''ज्ञानिन् जातु कर्म कर्तुम् न उचितं'' (ज्ञानिन्) હે સમ્યગ્દૃષ્ટિ જીવ! (जातु) કોઈ પણ પ્રકારે, ક્યારેય (कर्म) જ્ઞાનાવરણાદિ કર્મરૂપ પુદ્‌ગલપિંડ (कर्तुम्) બાંધવાને (न उचितं) યોગ્ય નથી. ભાવાર્થ આમ છે કે સમ્યગ્દૃષ્ટિ જીવને કર્મનો બંધ નથી. ''तथापि किञ्चित् उच्यते'' (तथापि) તોપણ (किञ्चित् उच्यते) કાંઈક વિશેષ છે તે કહે છે—''हन्त यदि मे परं न जातु भुंक्षे भोः दुर्भुक्तः एव असि'' (हन्त) આકરાં વચને કહે છે : (यदि) જો એવું જાણીને

ભોગસામગ્રી ભોગવે છે કે (मे) મને (परं न जातु) કર્મનો બંધ નથી, એમ જાણીને (भुंक्षे) પંચેન્દ્રિયવિષય ભોગવે છે તો (भोः) અહો જીવ! (दुर्भुक्तः एव असि) એવું જાણીને ભોગોને ભોગવવું ભલું નથી. કારણ કે વસ્તુસ્વરૂપ આ પ્રમાણે છે— ''यदि उपभोगतः बन्धः न स्यात् तत् ते किं कामचारः अस्ति'' (यदि) જો એમ છે કે (उपभोगतः) ભોગસામગ્રી ભોગવતાં (बन्धः न स्यात्) જ્ઞાનાવરણાદિ કર્મનો બંધ નથી (तत्) તો (ते) અહો સમ્યગ્દૃષ્ટિ જીવ! તારે (कामचारः) સ્વેચ્છા-આચરણ (किं अस्ति) શું છે? અર્થાત્ એમ તો નથી. ભાવાર્થ આમ છે કે—સમ્યગ્દૃષ્ટિ જીવને કર્મનો બંધ નથી, કારણ કે સમ્યગ્દૃષ્ટિ જીવ રાગ-દ્વેષ-મોહથી રહિત છે. તે જ સમ્યગ્દૃષ્ટિ જીવ, જો સમ્યક્ત્વ છૂટે, મિથ્યાત્વરૂપ પરિણમે તો, જ્ઞાનાવરણાદિ કર્મબંધને અવશ્ય કરે; કેમ કે મિથ્યાદૃષ્ટિ થતો થકો રાગ-દ્વેષ-મોહરૂપ પરિણમે છે; એમ કહે છે—''ज्ञानं सन् वस'' સમ્યગ્દૃષ્ટિ હોતો થકો જેટલો કાળ પ્રવર્તે તેટલો કાળ બંધ નથી; ''अपरथा स्वस्य अपराधात् बन्धम् ध्रुवम् एषि'' (अपरथा) મિથ્યાદૃષ્ટિ થતો થકો (स्वस्य अपराधात्) પોતાના જ દોષથી રાગાદિ અશુદ્ધરૂપ પરિણમનને લીધે (बन्धम् ध्रुवम् एषि) જ્ઞાનાવરણાદિ કર્મબંધને તું જ અવશ્ય કરે છે. ૧૯–૧૫૧.

(શાર્દૂલવિક્રીડિત)

**कर्तारं स्वफलेन यत्किल बलात्कर्मैव नो योजयेत्**
**कुर्वाणः फललिप्सुरेव हि फलं प्राप्नोति यत्कर्मणः।**
**ज्ञानं संस्तदपास्तरागरचनो नो बध्यते कर्मणा**
**कुर्वाणोऽपि हि कर्म तत्फलपरित्यागैकशीलो मुनिः॥२०-१५२॥**

ખંડાન્વય સહિત અર્થ :—''तत् मुनिः कर्मणा नो बध्यते'' (तत्) તે કારણથી (मुनिः) શુદ્ધસ્વરૂપ-અનુભવે બિરાજમાન સમ્યગ્દૃષ્ટિ જીવ (कर्मणा) જ્ઞાનાવરણાદિ કર્મથી (नो बध्यते) બંધાતો નથી. કેવો છે સમ્યગ્દૃષ્ટિ જીવ? ''हि कर्म कुर्वाणः अपि'' (हि) નિશ્ચયથી (कर्म) કર્મજનિત વિષયસામગ્રી ભોગરૂપ ક્રિયાને (कुर्वाणः अपि) જો કે કરે છે—ભોગવે છે તોપણ ''तत्फलपरित्यागैकशीलः'' (तत्फल)

કર્મજનિત સામગ્રીમાં આત્મબુદ્ધિ જાણીને રંજિતપરિણામનો (परित्याग) સર્વથા પ્રકારે સ્વીકાર છૂટી ગયો છે એવો છે (एक) સુખરૂપ (शीलः) સ્વભાવ જેનો, એવો છે. ભાવાર્થ આમ છે કે—સમ્યગ્દ્રષ્ટિ જીવને વિભાવરૂપ મિથ્યાત્વપરિણામ મટી ગયા છે, તે મટવાથી અનાકુલત્વલક્ષણ અતીન્દ્રિય સુખ અનુભવગોચર થયું છે. વળી કેવો છે? ''ज्ञानं सन् तदपास्तरागरचनः'' જ્ઞાનમય હોતાં દૂર કર્યો છે રાગભાવ જેમાંથી, એવો છે. તેથી કર્મજનિત છે જે ચાર ગતિના પર્યાય તથા પંચેન્દ્રિયના ભોગ તે બધા આકુલતાલક્ષણ દુઃખરૂપ છે—એવો જ, સમ્યગ્દ્રષ્ટિ જીવ અનુભવ કરે છે; એ કારણથી જેટલો કાંઈ સાતા-અસાતારૂપ કર્મનો ઉદય, તેનાથી જે કાંઈ ઇષ્ટ વિષયરૂપ અથવા અનિષ્ટ વિષયરૂપ સામગ્રી તે, સમ્યગ્દ્રષ્ટિને સર્વ અનિષ્ટરૂપ છે. તેથી જેમ કોઈ જીવને અશુભ કર્મના ઉદયે રોગ, શોક, દારિદ્ર આદિ હોય છે, તેને જીવ છોડવાને ઘણુંય કરે છે, પરંતુ અશુભ કર્મના ઉદયે છૂટતાં નથી, તેથી ભોગવવાં જ પડે; તેમ સમ્યગ્દ્રષ્ટિ જીવને, પૂર્વે અજ્ઞાન પરિણામથી બાંધ્યું છે જે સાતારૂપ-અસાતારૂપ કર્મ, તેના ઉદયે અનેક પ્રકારની વિષયસામગ્રી હોય છે, તેને સમ્યગ્દ્રષ્ટિ જીવ દુઃખરૂપ અનુભવે છે, છોડવાને ઘણુંય કરે છે, પરંતુ જ્યાં સુધીમાં ક્ષપકશ્રેણી ચડે ત્યાં સુધી છૂટવું અશક્ય છે, તેથી પરવશ થયો ભોગવે છે, હૃદયમાં અત્યંત વિરક્ત છે, તેથી અરંજિત છે. માટે ભોગસામગ્રી ભોગવતાં કર્મનો બંધ નથી, નિર્જરા છે. અહીં દ્રષ્ટાન્ત કહે છે—''यत् किल कर्म कर्तारं स्वफलेन बलात् योजयेत्'' (यत्) કારણ કે આમ છે, (किल) આમ જ છે, સંદેહ નથી કે (कर्म) રાજાની સેવા આદિથી માંડીને જેટલી કર્મભૂમિસંબંધી ક્રિયા, (कर्तारं) ક્રિયામાં રંજિત થઈને–તન્મય થઈને કરે છે જે કોઈ પુરુષ તેને, (स्वफलेन)—જેમ રાજાની સેવા કરતાં દ્રવ્યની પ્રાપ્તિ, ભૂમિની પ્રાપ્તિ, જેમ ખેતી કરતાં અન્નની પ્રાપ્તિ થાય છે તેમ—પોતાના ફળ સાથે (बलात् योजयेत्) અવશ્ય જોડે છે અર્થાત્ અવશ્ય કર્તાપુરુષનો ક્રિયાના ફળ સાથે સંયોગ થાય છે. ભાવાર્થ આમ છે કે—જે ક્રિયાને કરતો નથી તેને ક્રિયાના ફળની પ્રાપ્તિ થતી નથી. તેવી રીતે સમ્યગ્દ્રષ્ટિ જીવને બંધ થતો નથી, નિર્જરા થાય છે; કારણ કે સમ્યગ્દ્રષ્ટિ જીવ ભોગસામગ્રી-ક્રિયાનો કર્તા નથી, તેથી ક્રિયાનું ફળ કર્મબંધ, તે તો સમ્યગ્દ્રષ્ટિને નથી. દ્રષ્ટાન્તથી દ્રઢ કરે છે—''यत् कुर्वाणः फललिप्सुः ना एव हि कर्मणः फलं प्राप्नोति'' (यत्) કારણ કે પૂર્વોક્ત

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



નાના પ્રકારની ક્રિયા (कुर्वाणः) કરતો થકો (फललिप्सुः) ફળની અભિલાષા કરીને ક્રિયાને કરે છે એવો (ना) કોઈ પુરુષ (कर्मणः फलं) ક્રિયાના ફળને (प्राप्नोति) પામે છે. ભાવાર્થ આમ છે—જે કોઈ પુરુષ ક્રિયા કરે છે, નિરભિલાષ થઈને કરે છે, તેને તો ક્રિયાનું ફળ નથી. ૨૦-૧૫૨.

(શાર્દૂલવિક્રીડિત)

**त्यक्तं येन फलं स कर्म कुरुते नेति प्रतीमो वयं**
**किन्त्वस्यापि कुतोऽपि किञ्चिदपि तत्कर्मावशेनापतेत् ।**
**तस्मिन्नापतिते त्वकम्पपरमज्ञानस्वभावे स्थितो**
**ज्ञानी किं कुरुतेऽथ किं न कुरुते कर्मेति जानाति कः ॥२१-१५३॥**

**ખંડાન્વય સહિત અર્થ** :—"येन फलं त्यक्तं स कर्म कुरुते इति वयं न प्रतीमः" (येन) જે સમ્યગ્દૃષ્ટિ જીવે (फलं त्यक्तं) કર્મના ઉદયથી છે જે ભોગસામગ્રી તેનો (फलं) અભિલાષ (त्यक्तं) સર્વથા મમત્વ છોડેલ છે (सः) તે સમ્યગ્દૃષ્ટિ જીવ (कर्म कुरुते) જ્ઞાનાવરણાદિ કર્મને કરે છે (इति वयं न प्रतीमः) એવી તો અમે પ્રતીતિ કરતા નથી. ભાવાર્થ આમ છે કે—જે કર્મના ઉદય પ્રત્યે ઉદાસીન છે તેને કર્મનો બંધ નથી, નિર્જરા છે. "किन्तु" કાંઈક વિશેષ—"अस्य अपि" આ સમ્યગ્દૃષ્ટિને પણ "अवशेन कुतः अपि किञ्चित् अपि कर्म आपतेत्" (अवशेन) અભિલાષ કર્યા વિના જ, બલાત્કારે જ (कुतः अपि किञ्चित् अपि कर्म) પૂર્વે બાંધ્યું હતું જે જ્ઞાનાવરણાદિ કર્મ, તેના ઉદયથી થઈ છે જે પંચેન્દ્રિયવિષય ભોગક્રિયા, તે (आपतेत्) પ્રાપ્ત થાય છે. ભાવાર્થ આમ છે કે—જેમ કોઈને રોગ, શોક, દારિદ્ર વાંછા વિના જ હોય છે, તેમ સમ્યગ્દૃષ્ટિ જીવને જે કોઈ ક્રિયા હોય છે તે વાંછા વિના જ હોય છે. "तस्मिन् आपतिते" અનિચ્છક છે સમ્યગ્દૃષ્ટિ પુરુષ, તેને બલાત્કારે હોય છે ભોગક્રિયા, તે હોતાં "ज्ञानी किं कुरुते" (ज्ञानी) સમ્યગ્દૃષ્ટિ જીવ (किं कुरुते) અનિચ્છક થઈ કર્મના ઉદયે ક્રિયા કરે છે તો શું ક્રિયાનો કર્તા થયો? "अथ न कुरुते" સર્વથા ક્રિયાનો કર્તા સમ્યગ્દૃષ્ટિ જીવ નથી. કોનો કર્તા નથી? "कर्म इति" ભોગક્રિયાનો. કેવો છે સમ્યગ્દૃષ્ટિ જીવ? "जानाति कः" જ્ઞાયક-

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

સ્વરૂપમાત્ર છે. તથા કેવો છે સમ્યગ્દૃષ્ટિ જીવ? ''अकम्पपरमज्ञानस्वभावे स्थितः'' નિશ્ચળ પરમ જ્ઞાનસ્વભાવમાં સ્થિત છે. ૨૧-૧૫૩.

(શાર્દૂલવિક્રીડિત)

**सम्यग्दृष्टय एव साहसमिदं कर्तुं क्षमन्ते परं**
**यद्वज्रेऽपि पतत्यमी भयचलत्त्रैलोक्यमुक्ताध्वनि।**
**सर्वामेव निसर्गनिर्भयतया शङ्कां विहाय स्वयं**
**जानन्तः स्वमवध्यबोधवपुषं बोधाच्च्यवन्ते न हि ॥२२-१५४॥**

**ખંડાન્વય સહિત અર્થ** :—''सम्यग्दृष्टयः एव इदं साहसम् कर्तुं क्षमन्ते'' (सम्यग्दृष्टयः) સમ્યગ્દૃષ્ટિ અર્થાત્ સ્વભાવગુણરૂપ પરિણમ્યો છે જે જીવરાશિ તે (एव) નિશ્ચયથી (इदं साहसम्) આવું સાહસ અર્થાત્ ધીરપણું (कर्तुं) કરવાને (क्षमन्ते) સમર્થ હોય છે. કેવું છે સાહસ? ''परं'' સર્વથી ઉત્કૃષ્ટ છે. ક્યું સાહસ? ''यत् वज्रे पतति अपि अमी बोधात् न हि च्यवन्ते'' (यत्) જે સાહસ એવું છે કે (वज्रे पतति अपि) મહાન વજ્ર પડવા છતાં પણ (अमी) સમ્યગ્દૃષ્ટિ જીવરાશિ (बोधात्) શુદ્ધસ્વરૂપના અનુભવથી (न हि च्यवन्ते) સહજ ગુણથી સ્ખલિત થતો નથી. ભાવાર્થ આમ છે કે—કોઈ અજ્ઞાની એમ માનશે કે સમ્યગ્દૃષ્ટિ જીવને સાતાકર્મના ઉદયે અનેક પ્રકારની ઈષ્ટ ભોગસામગ્રી હોય છે, અસાતાકર્મના ઉદયે અનેક પ્રકારની રોગ, શોક, દારિદ્ર, પરીષહ, ઉપસર્ગ ઈત્યાદિ અનિષ્ટ સામગ્રી હોય છે, તેને ભોગવતાં શુદ્ધસ્વરૂપ-અનુભવથી ચૂકતો હશે. તેનું સમાધાન આમ છે કે અનુભવથી ચૂકતો નથી, જેવો અનુભવ છે તેવો જ રહે છે; વસ્તુનું એવું જ સ્વરૂપ છે. કેવું છે વજ્ર? ''भयचलत्त्रैलोक्यमुक्ताध्वनि'' (भय) વજ્ર પડતાં તેના ત્રાસથી (चलत्) ચલાયમાન એવો જે (त्रैलोक्य) સર્વ સંસારી જીવરાશિ, તેણે (मुक्त) છોડી દીધી છે (अध्वनि) પોતપોતાની ક્રિયા જેના પડવાથી, એવું છે વજ્ર. ભાવાર્થ આમ છે કે—એવા છે ઉપસર્ગ, પરીષહ કે જે હોતાં મિથ્યાદૃષ્ટિને જ્ઞાનની સૂધ રહેતી નથી. કેવા છે સમ્યગ્દૃષ્ટિ જીવ? ''स्वं जानन्तः'' (स्वं) સ્વને અર્થાત્ શુદ્ધ ચિદ્રૂપને (जानन्तः) પ્રત્યક્ષપણે અનુભવે છે. કેવો છે સ્વ? ''अवध्यबोधवपुषं'' (अवध्य) શાશ્વત

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



જે (बोध) જ્ઞાનગુણ, તે છે (वपुषं) શરીર જેનું, એવો છે. શું કરીને (અનુભવે છે)? ''सर्वाम् एव शङ्कां विहाय'' (सर्वाम् एव) સાત પ્રકારના (शङ्कां) ભયને (विहाय) છોડીને. જે રીતે ભય છૂટે છે તે કહે છે—''निसर्गनिर्भयतया'' (निसर्ग) સ્વભાવથી (निर्भयतया) ભયરહિતપણું હોવાને લીધે. ભાવાર્થ આમ છે કે—સમ્યગ્દ્રષ્ટિ જીવોનો નિર્ભય સ્વભાવ છે, તેથી સહજ જ અનેક પ્રકારના પરિષહ-ઉપસર્ગનો ભય નથી. તેથી સમ્યગ્દ્રષ્ટિ જીવને કર્મનો બંધ નથી, નિર્જરા છે. કઈ રીતે છે નિર્ભયપણું? ''स्वयं'' એવું સહજ છે. ૨૨-૧૫૪.

(શાર્દૂલવિક્રીડિત)

**लोकः शाश्वत एक एष सकलव्यक्तो विविक्तात्मन-**
**श्चिल्लोकं स्वयमेव केवलमयं यल्लोकयत्येककः।**
**लोकोऽयं न तवापरस्तदपरस्तस्यास्ति तद्भीः कुतो**
**निश्शंकः सततं स्वयं स सहजं ज्ञानं सदा विन्दति॥२३-१५५॥**

ખંડાન્વય સહિત અર્થ :—''सः सहजं ज्ञानं स्वयं सततं सदा विन्दति'' (सः) સમ્યગ્દ્રષ્ટિ જીવ (सहजं) સ્વભાવથી જ (ज्ञानं) શુદ્ધ ચૈતન્યવસ્તુને (विन्दति) અનુભવે છે–આસ્વાદે છે. કઈ રીતે અનુભવે છે? (स्वयं) પોતાથી પોતાને અનુભવે છે. ક્યા કાળે? (सततं) નિરંતરપણે (सदा) અતીત-અનાગત-વર્તમાનમાં અનુભવે છે. કેવો છે સમ્યગ્દ્રષ્ટિ જીવ? ''निःशङ्कः'' સાત ભયથી રહિત છે. શાથી? કારણ કે ''तस्य तद्भीः कुतः अस्ति'' (तस्य) તે સમ્યગ્દ્રષ્ટિને (तद्भीः) ઈહલોકભય, પરલોકભય (कुतः अस्ति) ક્યાંથી હોય? અર્થાત્ નથી હોતો. જેવો વિચાર કરતાં ભય હોતો નથી તે કહે છે—''तव अयं लोकः तदपरः अपरः न'' (तव) હે જીવ! તારો (अयं लोकः) વિદ્યમાન છે જે ચિદ્રૂપમાત્ર તે લોક છે, (तद्-अपरः) તેનાથી અન્ય જે કાંઈ છે ઈહલોક, પરલોક,—વિવરણઃ ઈહલોક અર્થાત્ વર્તમાન પર્યાય, તે વિષે એવી ચિન્તા કે પર્યાય પર્યંત સામગ્રી રહેશે કે નહિ રહે; પરલોક અર્થાત્ અહીંથી મરીને સારી ગતિમાં જઈશ કે નહિ જાઉં એવી ચિન્તા;—એવો જે (अपरः) ઈહલોક પરલોક પર્યાયરૂપ તે (न) જીવનું સ્વરૂપ નથી; ''यत् एषः अयं लोकः केवलं चिल्लोकं स्वयं एव लोकयति'' (यत्) કારણ કે (एषः अयं लोकः) અસ્તિરૂપ છે

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

જે ચૈતન્યલોક તે (केवलं) નિર્વિકલ્પ છે, (चिल्लोकं स्वयं एव लोकयति) જ્ઞાનસ્વરૂપ આત્માને સ્વયમેવ દેખે છે. ભાવાર્થ આમ છે કે—જે જીવનું સ્વરૂપ જ્ઞાનમાત્ર તે તો જ્ઞાનમાત્ર જ છે. કેવો છે ચૈતન્યલોક? ''शाश्वतः'' અવિનાશી છે. વળી કેવો છે? ''एककः'' એક વસ્તુ છે. વળી કેવો છે? ''सकलव्यक्तः'' (सकल) ત્રણે કાળે (व्यक्तः) પ્રગટ છે. કોને પ્રગટ છે? ''विविक्तात्मनः'' (विविक्त) ભિન્ન છે (आत्मनः) આત્મસ્વરૂપ જેને એવો છે જે ભેદજ્ઞાની પુરુષ, તેને. ૨૩–૧૫૫.

(શાર્દૂલવિક્રીડિત)

**एषैकैव हि वेदना यदचलं ज्ञानं स्वयं वेद्यते**
**निर्भेदोदितवेद्यवेदकबलादेकं सदानाकुलैः।**
**नैवान्यागतवेदनैव हि भवेत्तद्भीः कुतो ज्ञानिनो**
**निश्शंकः सततं स्वयं स सहजं ज्ञानं सदा विन्दति ॥२४-१५६॥**

**ખંડાન્વય સહિત અર્થ** :—''सः स्वयं सततं सदा ज्ञानं विन्दति'' (सः) સમ્યગ્દ્રષ્ટિ જીવ (स्वयं) પોતાની મેળે (सततं) નિરંતરપણે (सदा) ત્રણે કાળે (ज्ञानं) જ્ઞાનને અર્થાત્ જીવના શુદ્ધ સ્વરૂપને (विन्दति) અનુભવે છે–આસ્વાદે છે. કેવું છે જ્ઞાન? ''सहजं'' સ્વભાવથી જ ઉત્પન્ન છે. કેવો છે સમ્યગ્દ્રષ્ટિ જીવ? ''निःशंकः'' સાત ભયથી મુક્ત છે. ''ज्ञानिनः तद्भीः कुतः'' (ज्ञानिनः) સમ્યગ્દ્રષ્ટિ જીવને (तद्भीः) વેદનાનો ભય (कुतः) ક્યાંથી હોય? અર્થાત્ નથી હોતો; કારણ કે ''सदा अनाकुलैः''સર્વદા ભેદજ્ઞાને બિરાજમાન છે જે પુરુષો, તે પુરુષો ''स्वयं वेद्यते'' સ્વયં એવો અનુભવ કરે છે કે ''यत् अचलं ज्ञानं एषा एका एव वेदना'' (यत्) જે કારણથી (अचलं ज्ञानं) શાશ્વત છે જે જ્ઞાન (एषा) એ જ (एका वेदना) જીવને એક વેદના છે (एव) નિશ્ચયથી; ''अन्यागतवेदना एव न भवेत्'' (अन्या) આને છોડીને જે અન્ય (आगतवेदना एव) કર્મના ઉદયથી થઈ છે સુખરૂપ અથવા દુઃખરૂપ વેદના તે, (न भवेत्) જીવને છે જ નહિ. જ્ઞાન કેવું છે? ''एकं'' શાશ્વત છે—એકરૂપ છે. શા કારણે એકરૂપ છે? ''निर्भेदोदितवेद्यवेदकबलात्'' (निर्भेदोदित) અભેદપણાથી (वेद्यवेदक) જે વેદે છે તે જ વેદાય છે એવું જે (बलात्) સામર્થ્ય, તેના કારણે. ભાવાર્થ આમ છે કે—જીવનું

સ્વરૂપ જ્ઞાન છે, તે એકરૂપ છે. જે સાતા-અસાતા કર્મના ઉદયે સુખ-દુઃખરૂપ વેદના થાય છે તે જીવનું સ્વરૂપ નથી; તેથી સમ્યગ્દ્રષ્ટિ જીવને રોગ ઊપજવાનો ભય હોતો નથી. ૨૪–૧૫૬.

(શાર્દૂલવિક્રીડિત)

**यत्सन्नाशमुपैति तन्न नियतं व्यक्तेति वस्तुस्थिति-**
**र्ज्ञानं सत्स्वयमेव तत्किल ततस्त्रातं किमस्यापरैः।**
**अस्यात्राणमतो न किञ्चन भवेत्तद्भीः कुतो ज्ञानिनो**
**निश्शंकः सततं स्वयं स सहजं ज्ञानं सदा विन्दति॥२५-१५७॥**

**ખંડાન્વય સહિત અર્થ** :—"सः ज्ञानं सदा विन्दति" (सः) સમ્યગ્દ્રષ્ટિ જીવ (ज्ञानं) જ્ઞાનને અર્થાત્ શુદ્ધ સ્વરૂપને (सदा) ત્રણે કાળ (विन्दति) અનુભવે છે-આસ્વાદે છે. કેવું છે જ્ઞાન? "सततं" નિરંતર વર્તમાન છે. વળી કેવું છે જ્ઞાન? "स्वयं" અનાદિનિધન છે. વળી કેવું છે? "सहजं" કારણ વિના દ્રવ્યરૂપ છે. કેવો છે સમ્યગ્દ્રષ્ટિ જીવ? "निःशंकः" 'કોઈ મારો રક્ષક છે કે નહીં' એવા ભયથી રહિત છે. શા કારણથી? "ज्ञानिनः तद्भीः कुतः" (ज्ञानिनः) સમ્યગ્દ્રષ્ટિ જીવને (तद्भीः) 'મારો રક્ષક કોઈ છે કે નહીં' એવો ભય (कुतः) ક્યાંથી હોય? અર્થાત્ નથી હોતો. "अतः अस्य किञ्चन अत्राणं न भवेत्" (अतः) આ કારણથી (अस्य) જીવવસ્તુને (अत्राणं) અરક્ષકપણું (किञ्चन) પરમાણુમાત્ર પણ (न भवेत्) નથી. શા કારણથી નથી? "यत् सत् तत् नाशं न उपैति" (यत् सत्) જે કોઈ સત્તાસ્વરૂપ વસ્તુ છે (तत् नाशं न उपैति) તે તો વિનાશને પ્રાપ્ત થતી નથી. "इति नियतं वस्तुस्थितिः व्यक्ता" (इति) આ કારણથી (नियतं) અવશ્યમેવ (वस्तुस्थितिः) વસ્તુનું અવિનશ્વરપણું (व्यक्ता) પ્રગટ છે. "किल तत् ज्ञानं स्वयं एव सत्, ततः अस्य अपरैः किं त्रातं" (किल) નિશ્ચયથી (तत् ज्ञानं) આવું છે જીવનું શુદ્ધ સ્વરૂપ તે (स्वयं एव सत्) સહજ જ સત્તાસ્વરૂપ છે; (ततः) તે કારણથી (अस्य) જીવના સ્વરૂપની (अपरैः) કોઈ દ્રવ્યાન્તર દ્વારા (किं त्रातं) શી રક્ષા કરવામાં આવે? ભાવાર્થ આમ છે કે— બધા જીવોને એવો ભય ઉત્પન્ન થાય છે કે 'મારો રક્ષક કોઈ છે કે નહીં,' પરંતુ

એવો ભય સમ્યગ્દષ્ટિ જીવને હોતો નથી; કારણ કે તે એવો અનુભવ કરે છે કે શુદ્ધ જીવસ્વરૂપ સહજ જ શાશ્વત છે; એની કોઈ શી રક્ષા કરે? ૨૫-૧૫૭.

(શાર્દૂલવિક્રીડિત)

**स्वं रूपं किल वस्तुनोऽस्ति परमा गुप्तिः स्वरूपे न यत्**
**शक्तः कोऽपि परः प्रवेष्टुमकृतं ज्ञानं स्वरूपं च नुः।**
**अस्यागुप्तिरतो न काचन भवेत्तद्भीः कुतो ज्ञानिनो**
**निश्शंङ्कः सततं स्वयं स सहजं ज्ञानं सदा विन्दति॥२६-१५८॥**

**ખંડાન્વય સહિત અર્થ** :—"सः ज्ञानं सदा विन्दति" (सः) સમ્યગ્દષ્ટિ જીવ (ज्ञानं) જ્ઞાનને અર્થાત્ શુદ્ધ ચૈતન્યવસ્તુને (सदा विन्दति) નિરંતર અનુભવે છે-આસ્વાદે છે. કેવું છે જ્ઞાન? "स्वयं" અનાદિસિદ્ધ છે. વળી કેવું છે? "सहजं" શુદ્ધ વસ્તુસ્વરૂપ છે. વળી કેવું છે? "सततं" અખંડધારાપ્રવાહરૂપ છે. કેવો છે સમ્યગ્દષ્ટિ જીવ? "निःशंकः" 'વસ્તુને જતનથી રાખવી, નહીં તો કોઈ ચોરી જશે' એવો જે અગુપ્તિભય તેનાથી રહિત છે. "अतः अस्य काचन अगुप्तिः एव न भवेत् ज्ञानिनः तद्भीः कुतः" (अतः) આ કારણથી (अस्य) શુદ્ધ જીવને (काचन अगुप्तिः) કોઈ પ્રકારનું અગુપ્તિપણું (न भवेत्) નથી; (ज्ञानिनः) સમ્યગ્દષ્ટિ જીવને (तद्भीः) 'મારું કાંઈ કોઈ છીનવી ન લે' એવો અગુપ્તિભય (कुतः) ક્યાંથી હોય? અર્થાત્ હોતો નથી. શા કારણથી? "किल वस्तुनः स्वं रूपं परमा गुप्तिः अस्ति" (किल) નિશ્ચયથી (वस्तुनः) જે કોઈ દ્રવ્ય છે તેનું (स्वं रूपं) જે કાંઈ નિજ લક્ષણ છે તે (परमा गुप्तिः अस्ति) સર્વથા પ્રકારે ગુપ્ત છે. શા કારણથી? "यत् स्वरूपे कः अपि परः प्रवेष्टुम् न शक्तः" (यत्) કારણ કે (स्वरूपे) વસ્તુના સત્ત્વમાં (कः अपि परः) કોઈ અન્ય દ્રવ્ય અન્ય દ્રવ્યમાં (प्रवेष्टुम्) સંક્રમણ કરવાને (-સંચરવાને) (न शक्तः) સમર્થ નથી. "नुः ज्ञानं स्वरूपं च" (नुः) આત્મદ્રવ્યનું (ज्ञानं स्वरूपं) જ્ઞાન સ્વરૂપ છે અર્થાત્ ચૈતન્ય સ્વરૂપ છે. (च) તે જ જ્ઞાનસ્વરૂપ કેવું છે? "अकृतं" કોઈએ કર્યું નથી, કોઈ હરી શક્તું નથી. ભાવાર્થ આમ છે કે—બધા જીવોને એવો ભય હોય છે કે 'મારું કાંઈ કોઈ ચોરી જશે, છીનવી લેશે?' પરંતુ આવો ભય સમ્યગ્દષ્ટિને

હોતો નથી, કારણ કે સમ્યગ્દૃષ્ટિ એવું અનુભવે છે કે 'મારું તો શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે, તેને તો કોઈ ચોરી શકે નહીં, છીનવી શકે નહીં; વસ્તુનું સ્વરૂપ અનાદિનિધન છે.' ૨૬-૧૫૮.

(શાર્દૂલવિક્રીડિત)

**प्राणोच्छेदमुदाहरन्ति मरणं प्राणाः किलास्यात्मनो**
**ज्ञानं तत्स्वयमेव शाश्वततया नोच्छिद्यते जातुचित्।**
**तस्यातो मरणं न किञ्चन भवेत्तद्भीः कुतो ज्ञानिनो**
**निश्शङ्कः सततं स्वयं स सहजं ज्ञानं सदा विन्दति॥२७-१५६॥**

**ખંડાન્વય સહિત અર્થ** :—"सः ज्ञानं सदा विन्दति" (सः) સમ્યગ્દૃષ્ટિ જીવ (ज्ञानं) જ્ઞાનને અર્થાત્ શુદ્ધ ચૈતન્યવસ્તુને (सदा) નિરંતર (विन्दति) આસ્વાદે છે. કેવું છે જ્ઞાન? "स्वयं" અનાદિસિદ્ધ છે. વળી કેવું છે? "सततं" અખંડધારાપ્રવાહરૂપ છે. વળી કેવું છે? "सहजं' કારણ વિના સહજ જ નિષ્પન્ન છે. કેવો છે સમ્યગ્દૃષ્ટિ જીવ? "निःशंकः" મરણશંકાના દોષથી રહિત છે. શું વિચારતો થકો નિઃશંક છે? "अतः तस्य मरणं किञ्चन न भवेत्, ज्ञानिनः तद्भीः कुतः" (अतः) આ કારણથી (तस्य) આત્મદ્રવ્યને (मरणं) પ્રાણવિયોગ (किञ्चन) સૂક્ષ્મમાત્ર (न भवेत्) થતો નથી, તેથી (ज्ञानिनः) સમ્યગ્દૃષ્ટિને (तद्भीः) મરણનો ભય (कुतः) ક્યાંથી હોય? અર્થાત્ નથી હોતો; કારણ કે "प्राणोच्छेदम् मरणं उदाहरन्ति" (प्राणोच्छेदम्) ઇન્દ્રિય, બળ, ઉચ્છ્વાસ, આયુ-એવા છે જે પ્રાણ, તેમના વિનાશને (मरणं) મરણ કહેવામાં આવે છે, (उदाहरन्ति) અરિહંતદેવ એમ કહે છે; "किल आत्मनः ज्ञानं प्राणाः" (किल) નિશ્ચયથી (आत्मनः) જીવદ્રવ્યના (ज्ञानं प्राणाः) શુદ્ધજ્ઞાનમાત્ર અર્થાત્ શુદ્ધચૈતન્યમાત્ર પ્રાણ છે; "तत् जातुचित् न उच्छिद्यते" (तत्) શુદ્ધજ્ઞાન (जातुचित्) કોઈ કાળે (न उच्छिद्यते) વિનાશ પામતું નથી. શા કારણથી? "स्वयम् एव शाश्वततया" (स्वयम् एव) જતન વિના જ (शाश्वततया) અવિનશ્વર છે તે કારણથી. ભાવાર્થ આમ છે કે—બધાય મિથ્યાદૃષ્ટિ જીવોને મરણનો ભય હોય છે. સમ્યગ્દૃષ્ટિ જીવ એમ અનુભવે છે કે 'મારું શુદ્ધચૈતન્યમાત્ર સ્વરૂપ છે તે તો

વિનાશ પામતું નથી, પ્રાણ નષ્ટ થાય છે તે તો મારું સ્વરૂપ છે જ નહીં, પુદ્‌ગલનું સ્વરૂપ છે; તેથી મારું મરણ થતું હોય તો ડરું, હું શા માટે ડરું? મારું સ્વરૂપ શાશ્વત છે.' ૨૭–૧૫૯.

(શાર્દૂલવિક્રીડિત)

**एकं ज्ञानमनाद्यनन्तमचलं सिद्धं किलैतत्स्वतो**
**यावत्तावदिदं सदैव हि भवेन्नात्र द्वितीयोदयः।**
**तन्नाकस्मिकमत्र किञ्चन भवेत्तद्भीः कुतो ज्ञानिनो**
**निश्शङ्कः सततं स्वयं स सहजं ज्ञानं सदा विन्दति॥२८-१६०॥**

**ખંડાન્વય સહિત અર્થ** :—"सः ज्ञानं सदा विन्दति" (सः) સમ્યગ્દૃષ્ટિ જીવ (ज्ञानं) જ્ઞાનને અર્થાત્ શુદ્ધ ચૈતન્યવસ્તુને (सदा) ત્રિકાળ (विन्दति) આસ્વાદે છે. કેવું છે જ્ઞાન? "स्वयं" સહજથી જ ઊપજ્યું છે. વળી કેવું છે? "सततं" અખંડધારાપ્રવાહરૂપ છે. વળી કેવું છે? "सहजं" ઉપાય વિના એવી જ વસ્તુ છે. કેવો છે સમ્યગ્દૃષ્ટિ જીવ? "निःशंकः" આકસ્મિક ભયથી રહિત છે. આકસ્મિક એટલે અણચિંતવ્યું તત્કાળ જ અનિષ્ટનું ઊપજવું તે. શું વિચારે છે સમ્યગ્દૃષ્ટિ જીવ? "अत्र तत् आकस्मिकम् किञ्चन न भवेत्, ज्ञानिनः तद्भीः कुतः" (अत्र) શુદ્ધ ચૈતન્યવસ્તુમાં, (तत्) કહ્યું છે લક્ષણ જેનું એવું (आकस्मिकम्) આકસ્મિક અર્થાત્ ક્ષણમાત્રમાં અન્ય વસ્તુથી અન્ય વસ્તુપણું, એવું (किञ्चन न भवेत्) કાંઈ છે જ નહીં; તેથી (ज्ञानिनः) સમ્યગ્દૃષ્ટિ જીવને (तद्भीः) આકસ્મિકપણાનો ભય (कुतः) ક્યાંથી હોય? અર્થાત્ નથી હોતો. શા કારણથી? "एतत् ज्ञानं स्वतः यावत्" (एतत् ज्ञानं) શુદ્ધ જીવવસ્તુ (स्वतः यावत्) પોતે સહજ જેવી છે, જેવડી છે "इदं तावत् सदा एव भवेत्" (इदं) શુદ્ધ વસ્તુમાત્ર (तावत्) તેવી છે, તેવડી છે, (सदा) અતીત-અનાગત-વર્તમાન કાળમાં (एव भवेत्) નિશ્ચયથી એવી જ છે. "अत्र द्वितीयोदयः न" (अत्र) શુદ્ધ વસ્તુમાં (द्वितीयोदयः) અનેરું કોઈ સ્વરૂપ (न) થતું નથી. કેવું છે જ્ઞાન? "एकं" સમસ્ત વિકલ્પોથી રહિત છે. વળી કેવું છે? "अनाद्यनन्तम्" નથી આદિ, નથી અંત જેનો એવું છે. વળી કેવું છે? "अचलं" પોતાના સ્વરૂપથી વિચલિત થતું નથી. વળી કેવું છે? "सिद्धं" નિષ્પન્ન છે. ૨૮–૧૬૦.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



(મન્દાક્રાન્તા)

**टङ्कोत्कीर्णस्वरसनिचितज्ञानसर्वस्वभाजः**
**सम्यग्दृष्टेर्यदिह सकलं घ्नन्ति लक्ष्माणि कर्म।**
**तत्तस्यास्मिन्पुनरपि मनाक्कर्मणो नास्ति बन्धः**
**पूर्वोपात्तं तदनुभवतो निश्चितं निर्जरैव॥२९-१६१॥**

**ખંડાન્વય સહિત અર્થ** :—"यत् इह सम्यग्दृष्टेः लक्ष्माणि सकलं कर्म घ्नन्ति" (यत्) જે કારણથી (इह) વિદ્યમાન (सम्यग्दृष्टेः) સમ્યગ્દૃષ્ટિ અર્થાત્ શુદ્ધસ્વરૂપે પરિણમ્યો છે જે જીવ, તેના (लक्ष्माणि) નિઃશંકિત, નિઃકાંક્ષિત, નિર્વિચિકિત્સા, અમૂઢદૃષ્ટિ, ઉપગૂહન, સ્થિતિકરણ, વાત્સલ્ય, પ્રભાવના અંગરૂપ ગુણો (सकलं कर्म) જ્ઞાનાવરણાદિ આઠ પ્રકારનાં પુદ્ગલદ્રવ્યનાં પરિણમનને (घ्नन्ति) હણે છે;—ભાવાર્થ આમ છે કે સમ્યગ્દૃષ્ટિ જીવના જેટલા જે કોઈ ગુણો છે તે શુદ્ધપરિણમનરૂપ છે, તેનાથી કર્મની નિર્જરા છે;—"तत् तस्य अस्मिन् कर्मणः मनाक् बन्धः पुनः अपि नास्ति" (तत्) તે કારણથી (तस्य) સમ્યગ્દૃષ્ટિ જીવને (अस्मिन्) શુદ્ધ પરિણામ હોતાં (कर्मणः) જ્ઞાનાવરણાદિ કર્મોનો (मनाक् बन्धः) સૂક્ષ્મમાત્ર પણ બંધ (पुनः अपि नास्ति) કદી પણ નથી. "तत् पूर्वोपात्तं अनुभवतः निश्चितं निर्जरा एव" (तत्) જ્ઞાનાવરણાદિ કર્મ—(पूर्वोपात्तं) સમ્યક્ત્વ ઊપજ્યા પહેલાં અજ્ઞાન-રાગપરિણામથી બાંધ્યું હતું જે કર્મ—તેના ઉદયને (अनुभवत्ः) જે ભોગવે છે એવા સમ્યગ્દૃષ્ટિ જીવને (निश्चितं) નિશ્ચયથી (निर्जरा एव) જ્ઞાનાવરણાદિ કર્મનું ગળવું છે. કેવો છે સમ્યગ્દૃષ્ટિ જીવ? "टङ्कोत्कीर्णस्वरसनिचितज्ञानसर्वस्वभाजः" (टङ्कोत्कीर्ण) શાશ્વત જે (स्वरस) સ્વપરગ્રાહકશક્તિ, તેનાથી (निचित) પરિપૂર્ણ એવો (ज्ञान) પ્રકાશગુણ, તે જ છે (सर्वस्व) આદિ મૂળ જેનું એવું જે જીવદ્રવ્ય, તેનો (भाजः) અનુભવ કરવામાં સમર્થ છે. આવો છે સમ્યગ્દૃષ્ટિ જીવ, તેથી તેને નૂતન કર્મનો બંધ નથી, પૂર્વબદ્ધ કર્મની નિર્જરા છે. ૨૯–૧૬૧.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



(મન્દાક્રાન્તા)

**रुन्धन् बन्धं नवमिति निजैः सङ्गतोऽष्टाभिरङ्गैः**
**प्राग्बद्धं तु क्षयमुपनयन्निर्जरोज्जृम्भणेन।**
**सम्यग्दृष्टिः स्वयमतिरसादादिमध्यान्तमुक्तं**
**ज्ञानं भूत्वा नटति गगनाभोगरङ्गं विगाह्य॥३०-१६२॥**

**ખંડાન્વય સહિત અર્થ :**—"सम्यग्दृष्टिः ज्ञानं भूत्वा नटति" (सम्यग्दृष्टिः) સમ્યગ્દ્રષ્ટિ અર્થાત્ શુદ્ધ સ્વભાવરૂપ થઈને પરિણમેલો જીવ (ज्ञानं भूत्वा) શુદ્ધ જ્ઞાનસ્વરૂપ થઈને (नटति) પોતાના શુદ્ધ સ્વરૂપે પરિણમે છે. કેવું છે શુદ્ધ જ્ઞાન? "आदिमध्यान्तमुक्तं" અતીત-અનાગત-વર્તમાનકાળગોચર શાશ્વત છે. શું કરીને? "गगनाभोगरङ्गं विगाह्य" (गगन) જીવનું શુદ્ધ સ્વરૂપ છે (आभोगरङ्गं) અખાડાની નાચવાની ભૂમિ, તેને (विगाह्य) અનુભવગોચર કરીને, એવી છે જ્ઞાનમાત્ર વસ્તુ. શા કારણથી? "स्वयम् अतिरसात्" અનાકુલત્વલક્ષણ અતીન્દ્રિય જે સુખ તેને પામવાથી. કેવો છે સમ્યગ્દ્રષ્ટિ જીવ? "नवम् बन्धं रुन्धन्" (नवम्) ધારાપ્રવાહરૂપ પરિણમે છે જે જ્ઞાનાવરણાદિરૂપે પુદ્‌ગલપિંડ એવો જે (बन्धं) બંધ અર્થાત્ જીવના પ્રદેશો સાથે એકક્ષેત્રાવગાહ, તેને (रुन्धन्) મટાડતો થકો; કેમ કે "निजैः अष्टाभिः अङ्गैः सङ्गतः" (निजैः अष्टाभिः) પોતાના જ નિઃશંકિત, નિઃકાંક્ષિત ઇત્યાદિ કહ્યા જે આઠ (अङ्गैः) સમ્યક્ત્વના સહારાના ગુણ, તે-પણે (सङ्गतः) ભાવરૂપ પરિણમ્યો છે, એવો છે. વળી કેવો છે સમ્યગ્દ્રષ્ટિ જીવ? "तु प्राग्बद्धं कर्म क्षयं उपनयन्" (तु) બીજું કાર્ય એવું પણ થાય છે કે (प्राग्बद्धं) પૂર્વે બાંધેલ છે જે જ્ઞાનાવરણાદિ (कर्म) પુદ્‌ગલપિંડ, તેનો (क्षयं) મૂળથી સત્તાનાશ (उपनयन्) કરતો થકો. શા વડે? "निर्जरोज्जृम्भणेन" (निर्जरा) શુદ્ધ પરિણામના (उज्जृम्भणेन) પ્રગટપણા વડે. ૩૦–૧૬૨.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# -૮-
# બંધ અધિકાર

(શાર્દૂલવિક્રીડિત)

**रागोद्गारमहारसेन सकलं कृत्वा प्रमत्तं जगत्**
**क्रीडन्तं रसभावनिर्भरमहानाट्येन बन्धं धुनत्।**
**आनन्दामृतनित्यभोजि सहजावस्थां स्फुटन्नाटयद्-**
**धीरोदारमनाकुलं निरुपधि ज्ञानं समुन्मज्जति॥१-१६३॥**

**ખંડાન્વય સહિત અર્થ :—**''ज्ञानं समुन्मज्ञति'' (ज्ञानं) જ્ઞાન અર્થાત્ શુદ્ધ જીવ (समुन्मज्ञति) પ્રગટ થાય છે. ભાવાર્થ—અહીંથી શરૂ કરીને જીવનું શુદ્ધ સ્વરૂપ કહે છે. કેવું છે શુદ્ધ જ્ઞાન? ''आनन्दामृतनित्यभोजि'' (आनन्द) અતીન્દ્રિય સુખ, એવી છે (अमृत) અપૂર્વ લબ્ધિ, તેનું (नित्यभोजि) નિરંતર આસ્વાદનશીલ છે. વળી કેવું છે? ''स्फुटं सहजावस्थां नाटयत्'' (स्फुटं) પ્રગટપણે (सहजावस्थां) પોતાના શુદ્ધ સ્વરૂપને (नाटयत्) પ્રગટ કરે છે. વળી કેવું છે? ''धीरोदारम्'' (धीर) અવિનશ્વર સત્તારૂપ છે; (उदारम्) ધારાપ્રવાહરૂપ પરિણમનસ્વભાવ છે. વળી કેવું છે? ''अनाकुलं'' સર્વ દુઃખથી રહિત છે. વળી કેવું છે? ''निरुपधि'' સમસ્ત કર્મની ઉપાધિથી રહિત છે. શું કરતું થકું જ્ઞાન પ્રગટ થાય છે? ''बन्धं धुनत्'' (बन्धं) જ્ઞાનાવરણાદિ કર્મરૂપ પુદ્‌ગલપિંડનું પરિણમન, તેને (धुनत्) મટાડતું થકું. કેવો છે બંધ? ''क्रीडन्तं'' ક્રીડા કરે છે અર્થાત્ પ્રગટપણે ગર્જે છે. શા વડે ક્રીડા કરે છે? ''रसभावनिर्भरमहानाट्येन'' (रसभाव) સમસ્ત જીવરાશિને પોતાને વશ કરી ઊપજ્યો છે જે અહંકારલક્ષણ ગર્વ, તેનાથી (निर्भर) ભરેલો જે (महानाट्येन) અનંત કાળથી માંડીને અખાડાનો સંપ્રદાય,

તેના વડે. શું કરીને આવો છે બંધ? ‘‘सकलं जगत् प्रमत्तं कृत्वा’’ (सकलं जगत्) સર્વ સંસારી જીવરાશિને (प्रमत्तं कृत्वा) જીવના શુદ્ધ સ્વરૂપથી ભ્રષ્ટ કરીને. શા વડે? ‘‘रागोद्गारमहारसेन’’ (राग) રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ પરિણતિનું (उद्गार) ઘણું જ અધિકપણું, એવી જે (महारसेन) મોહરૂપ મદિરા, તે વડે. ભાવાર્થ આમ છે કે— જેવી રીતે કોઈ જીવને મદિરા પિવડાવીને વિકળ કરવામાં આવે છે, સર્વસ્વ છીનવી લેવામાં આવે છે, પદથી ભ્રષ્ટ કરવામાં આવે છે; તેવી રીતે અનાદિ કાળથી સર્વ જીવરાશિ રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ પરિણામથી મતવાલો થયો છે, તેથી જ્ઞાનાવરણાદિ કર્મનો બંધ થાય છે. આવા બંધને શુદ્ધ જ્ઞાનનો અનુભવ મેટનશીલ છે, તેથી શુદ્ધ જ્ઞાન ઉપાદેય છે. ૧-૧૬૩.

(પૃથ્વી)

न कर्मबहुलं जगन्न चलनात्मकं कर्म वा
न नैककरणानि वा न चिदचिद्वधो बन्धकृत् ।
यदैक्यमुपयोगभूः समुपयाति रागादिभिः
स एव किल केवलं भवति बन्धहेतुर्नृणाम् ।।२-१६४।।

**ખંડાન્વય સહિત અર્થ** :—પ્રથમ જ બંધનું સ્વરૂપ કહે છે : ‘‘यत् उपयोगभूः रागादिभिः ऐक्यम् समुपयाति सः एव केवलं किल नृणाम् बन्धहेतुः भवति’’ (यत्) જે (उपयोग) ચેતનાગુણરૂપ (भूः) મૂળ વસ્તુ (रागादिभिः) રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ પરિણામો સાથે (ऐक्यम्) મિશ્રિતપણારૂપે (समुपयाति) પરિણમે છે, (सः एव) એટલું માત્ર (केवलं) અન્ય સહાય વિના (किल) નિશ્ચયથી (नृणाम्) જેટલો સંસારી જીવરાશિ છે તેને (बन्धहेतुः भवति) જ્ઞાનાવરણાદિ કર્મબંધનું કારણ થાય છે. અહીં કોઈ પ્રશ્ન કરે છે કે બંધનું કારણ આટલું જ છે કે બીજું પણ કાંઈ બંધનું કારણ છે? સમાધાન આમ છે કે બંધનું કારણ આટલું જ છે, બીજું તો કાંઈ નથી; એમ કહે છે—‘‘कर्मबहुलं जगत् न बन्धकृत् वा चलनात्मकं कर्म न बन्धकृत् वा अनेककरणानि न बन्धकृत् वा चिदचिद्वधः न बन्धकृत्’’ (कर्म) જ્ઞાનાવરણાદિ કર્મરૂપે બંધાવાને યોગ્ય છે જે કાર્મણવર્ગણા, તેમનાથી (बहुलं) ઘૃતઘટની માફક

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



ભરેલો છે એવો જે (जगत्) ત્રણસો તેંતાલીસ રાજુપ્રમાણ લોકાકાશપ્રદેશ (न बन्धकृत्) તે પણ બંધનો કર્તા નથી. સમાધાન આમ છે કે જો રાગાદિ અશુદ્ધ પરિણામો વિના કાર્મણવર્ગણામાત્રથી બંધ થતો હોત તો જે મુક્ત જીવો છે તેમને પણ બંધ થાત. ભાવાર્થ આમ છે કે—જો રાગાદિ અશુદ્ધ પરિણામો છે તો જ્ઞાનાવરણાદિ કર્મનો બંધ છે, તો પછી કાર્મણવર્ગણાનો સહારો કાંઈ નથી; જો રાગાદિ અશુદ્ધ ભાવ નથી તો કર્મનો બંધ નથી, તો પછી કાર્મણવર્ગણાનો સહારો કાંઈ નથી. (चलनात्मकं कर्म) મન-વચન-કાયયોગ (न बन्धकृत्) તે પણ બંધનો કર્તા નથી. ભાવાર્થ આમ છે કે—જો મન-વચન-કાયયોગ બંધનો કર્તા થતો હોત તો તેરમા ગુણસ્થાને મન-વચન-કાયયોગ છે, તેનાથી પણ કર્મનો બંધ થાત; તેથી જો રાગાદિ અશુદ્ધ ભાવ છે તો કર્મનો બંધ છે, તો પછી મન-વચન-કાયયોગનો સહારો કાંઈ નથી; રાગાદિ અશુદ્ધ ભાવ નથી તો કર્મનો બંધ નથી, તો પછી મન-વચન-કાયયોગનો સહારો કાંઈ નથી. (अनेककरणानि) પાંચ ઇન્દ્રિયો—સ્પર્શન, રસના, ઘ્રાણ, ચક્ષુ, શ્રોત્ર, છઠ્ઠું મન (न बन्धकृत्) આ પણ બંધનાં કર્તા નથી. સમાધાન આમ છે કે સમ્યગ્દૃષ્ટિ જીવને પાંચ ઇન્દ્રિયો છે, મન પણ છે, તેમના દ્વારા પુદ્ગલદ્રવ્યના ગુણોનો જ્ઞાયક પણ છે. જો પાંચ ઇન્દ્રિયો અને મનમાત્રથી કર્મનો બંધ થતો હોત તો સમ્યગ્દૃષ્ટિ જીવને પણ બંધ સિદ્ધ થાત. ભાવાર્થ આમ છે કે—જો રાગાદિ અશુદ્ધ ભાવ છે તો કર્મનો બંધ છે, તો પછી પાંચ ઇન્દ્રિયો અને છટ્ઠા મનનો સહારો કાંઈ નથી; જો રાગાદિ અશુદ્ધ ભાવ નથી તો કર્મનો બંધ નથી, તો પછી પાંચ ઇન્દ્રિયો અને છટ્ઠા મનનો સહારો કાંઈ નથી. (चित्) જીવના સંબંધ સહિત એકેન્દ્રિયાદિ શરીર, (अचित्) જીવના સંબંધ રહિત પાષાણ, લોઢું, માટી તેમનો (वधः) મૂળથી વિનાશ અથવા બાધા-પીડા (न बन्धकृत्) તે પણ બંધનાં કર્તા નથી. સમાધાન આમ છે કે કોઈ મહામુનીશ્વર ભાવલિંગી માર્ગમાં ચાલે છે, દૈવસંયોગે સૂક્ષ્મ જીવોને બાધા થાય છે, ત્યાં જો જીવઘાતમાત્રથી બંધ થતો હોત તો મુનીશ્વરને કર્મબંધ થાત. ભાવાર્થ આમ છે કે—જો રાગાદિ અશુદ્ધ પરિણામ છે તો કર્મનો બંધ છે, તો પછી જીવઘાતનો સહારો કાંઈ નથી; જો રાગાદિ અશુદ્ધ ભાવ નથી તો કર્મનો બંધ નથી, તો પછી જીવઘાતનો સહારો કાંઈ નથી. ૨-૧૬૪.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

(શાર્દૂલવિક્રીડિત)

**लोकः कर्मततोऽस्तु सोऽस्तु च परिस्पन्दात्मकं कर्म तत्**
**तान्यस्मिन्करणानि सन्तु चिदचिद्व्यापादनं चास्तु तत्।**
**रागादिनुपयोगभूमिमनयन् ज्ञानं भवेत् केवलं**
**बन्धं नैव कुतोऽप्युपैत्ययमहो सम्यग्दृगात्मा ध्रुवम्॥३-१६५॥**

**ખંડાન્વય સહિત અર્થ :**—''अहो अयम् सम्यग्दृगात्मा कुतः अपि ध्रुवम् एव बन्धं न उपैति'' (अहो) હે ભવ્યજીવ! (अयम् सम्यग्दृगात्मा) આ શુદ્ધ સ્વરૂપનો અનુભવનશીલ સમ્યગ્દૃષ્ટિ જીવ (कुतः अपि) ભોગસામગ્રીને ભોગવતાં અથવા નહિ ભોગવતાં (ध्रुवम्) અવશ્ય (एव) નિશ્ચયથી (बन्धं न उपैति) જ્ઞાનાવરણાદિ કર્મબંધને કરતો નથી. કેવો છે સમ્યગ્દૃષ્ટિ જીવ? ''रागादीन् उपयोगभूमिम् अनयन्'' (रागादीन्) અશુદ્ધરૂપ વિભાવપરિણામોને (उपयोगभूमिम्) ચેતનામાત્ર ગુણ પ્રત્યે (अनयन्) નહિ પરિણામવતો થકો, ''केवलं ज्ञानं भवेत्'' માત્ર જ્ઞાનસ્વરૂપ રહે છે. ભાવાર્થ આમ છે કે—સમ્યગ્દૃષ્ટિ જીવને બાહ્ય-આભ્યંતર સામગ્રી જેવી હતી તેવી જ છે, પરંતુ રાગાદિ અશુદ્ધરૂપ વિભાવપરિણતિ નથી, તેથી જ્ઞાનાવરણાદિ કર્મનો બંધ નથી. ''कर्मततः लोकः सः अस्तु च तत् परिस्पंदात्मकं कर्म अस्तु अस्मिन् तानि करणानि सन्तु च तत् चिदचिद्व्यापादनं अस्तु'' તે કારણથી (कर्मततः लोकः सः अस्तु) કાર્મણવર્ગણાથી ભરેલું છે જે સમસ્ત લોકાકાશ તે તો જેવું છે તેવું જ રહો, (च) અને (तत् परिस्पन्दात्मकं कर्म अस्तु) એવા છે જે આત્મપ્રદેશકંપરૂપ મન-વચન-કાયરૂપ ત્રણ યોગ તે પણ જેવા છે તેવા જ રહો, તથાપિ કર્મનો બંધ નથી. શું થતાં? (अस्मिन्) રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ પરિણામો ચાલ્યા જતાં. (तानि करणानि सन्तु) તે પાંચ ઇન્દ્રિયો તથા મન પણ જેવાં છે તેવાં જ રહો (च) અને (तत् चिद्-अचिद्व्यापादनं अस्तु) પૂર્વોક્ત ચેતન-અચેતનનો ઘાત જેવો થતો હતો તેવો જ રહો, તથાપિ શુદ્ધ પરિણામ થતાં કર્મનો બંધ નથી. ૩-૧૬૫.

(પૃથ્વી)

तथापि न निरर्गलं चरितुमिष्यते ज्ञानिनां
तदायतनमेव सा किल निरर्गला व्यापृतिः।
अकामकृतकर्म तन्मतमकारणं ज्ञानिनां
द्वयं न हि विरुद्ध्यते किमु करोति जानाति च॥४–१६६॥

**ખંડાન્વય સહિત અર્થ :**—"तथापि ज्ञानिनां निरर्गलं चरितुम् न इष्यते" (तथापि) જોકે કાર્મણવર્ગણા, મન-વચન-કાયયોગ, પાંચ ઇન્દ્રિયો તથા મન, જીવોનો ઘાત ઇત્યાદિ બ્રાહ્ય સામગ્રી કર્મબંધનું કારણ નથી, કર્મબંધનું કારણ રાગાદિ અશુદ્ધપણું છે, વસ્તુનું સ્વરૂપ એવું જ છે, તોપણ (ज्ञानिनां) શુદ્ધસ્વરૂપના અનુભવશીલ છે જે સમ્યગ્દ્રષ્ટિ જીવ તેમને (निरर्गलं चरितुम्) 'પ્રમાદી થઈને વિષયભોગ સેવ્યા તો સેવ્યા જ, જીવોનો ઘાત થયો તો થયોજ, મન-વચન-કાય જેમ પ્રવર્તે તેમ પ્રવર્તો જ'—એવી નિરંકુશ વૃત્તિ (न इष्यते) જાણી કરીને કરતાં કર્મનો બંધ નથી એવું તો ગણધરદેવ માનતા નથી. શા કારણથી નથી માનતા? કારણ કે "सा निरर्गला व्यापृतिः किल तदायतनम् एव" (सा) પૂર્વોક્ત (निरर्गला व्यापृतिः) બુદ્ધિપૂર્વક-જાણી કરીને અંતરંગ રુચિથી વિષય-કષાયોમાં નિરંકુશપણે આચરણ (किल) નિશ્ચયથી (तद्-आयतनम् एव) અવશ્ય, મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ અશુદ્ધ ભાવો સહિત છે, તેથી કર્મબંધનું કારણ છે. ભાવાર્થ આમ છે કે—આવી યુક્તિનો ભાવ મિથ્યાદ્રષ્ટિ જીવને હોય છે, તેથી મિથ્યાદ્રષ્ટિ કર્મબંધનો કર્તા પ્રગટ જ છે; કારણ કે "ज्ञानिनां तत् अकामकृत् कर्म अकारणं मतम्" (ज्ञानिनां) સમ્યગ્દ્રષ્ટિ જીવોને (तत्) જે કાંઈ પૂર્વબદ્ધ કર્મના ઉદયે છે તે બધું (अकामकृत् कर्म) અવાંછિત ક્રિયારૂપ છે તેથી (अकारणं मतम्) કર્મબંધનું કારણ નથી—એમ ગણધરદેવે માન્યું છે, અને એમ જ છે. કોઈ કહેશે કે—"करोति जानाति च" (करोति) કર્મના ઉદયે હોય છે જે ભોગસામગ્રી તે હોતી થકી અન્તરંગ રુચિપૂર્વક ગમે છે એમ પણ છે (जानाति च) તથા શુદ્ધ સ્વરૂપને અનુભવે છે, સમસ્ત કર્મજનિત સામગ્રીને હેયરૂપ જાણે છે એમ પણ છે. આમ કોઈ કહે છે તે જૂઠો છે; કારણ કે "द्वयं

किमु न हि विरुध्यते'' (द्वयं) જ્ઞાતા પણ અને વાંછક પણ–એવી બે ક્રિયા (किमु न हि विरुध्यते) વિરુદ્ધ નથી શું? અર્થાત્ સર્વથા વિરુદ્ધ છે. ૪-૧૬૬.

(વસન્તતિલકા)

**जानाति यः स न करोति करोति यस्तु**
**जानात्ययं न खलु तत्किल कर्म रागः।**
**रागं त्वबोधमयमध्यवसायमाहु–**
**र्मिथ्यादृशः स नियतं स च बन्धहेतुः॥५-१६७॥**

**ખંડાન્વય સહિત અર્થ :—**''यः जानाति सः न करोति'' (यः) જે કોઈ સમ્યગ્દ્રષ્ટિ જીવ (जानाति) શુદ્ધ સ્વરૂપને અનુભવે છે (सः) તે સમ્યગ્દ્રષ્ટિ જીવ (न करोति) કર્મની ઉદયસામગ્રીમાં અભિલાષા કરતો નથી; ''तु यः करोति अयं न जानाति'' (तु) અને (यः) જે કોઈ મિથ્યાદ્રષ્ટિ જીવ (करोति) કર્મની વિચિત્ર સામગ્રીને પોતારૂપ જાણીને અભિલાષા કરે છે (अयं) તે મિથ્યાદ્રષ્ટિ જીવ (न जानाति) શુદ્ધસ્વરૂપ જીવને જાણતો નથી. ભાવાર્થ આમ છે કે—મિથ્યાદ્રષ્ટિ જીવને જીવના સ્વરૂપનું જાણપણું ઘટતું નથી. ''खलु'' આમ વસ્તુનો નિશ્ચય છે. એમ કહ્યું કે મિથ્યાદ્રષ્ટિ કર્તા છે, ત્યાં 'કરવું' તે શું? ''तत् कर्म किल रागः'' (तत् कर्म) કર્મની ઉદયસામગ્રીનું 'કરવું' તે (किल) વાસ્તવમાં (रागः) કર્મસામગ્રીમાં અભિલાષારૂપ ચીકણા પરિણામ છે. કોઈ માનશે કે કર્મસામગ્રીમાં અભિલાષા થઈ તો શું, ન થઈ તો શું? પરંતુ એમ તો નથી, અભિલાષામાત્ર પૂરો મિથ્યાત્વપરિણામ છે એમ કહે છે—''तु रागं अबोधमयम् अध्यवसायम् आहुः'' (तु) તે વસ્તુ એવી છે કે (रागं अबोधमयम् अध्यवसायम्) પરદ્રવ્યસામગ્રીમાં છે જે અભિલાષા તે કેવળ મિથ્યાત્વરૂપ પરિણામ છે એમ (आहुः) ગણધરદેવે કહ્યું છે. ''सः नियतं मिथ्यादृशः भवेत्'' (सः) કર્મની સામગ્રીમાં રાગ (नियतं) અવશ્ય (मिथ्यादृशः भवेत्) મિથ્યાદ્રષ્ટિ જીવને હોય છે, સમ્યગ્દ્રષ્ટિ જીવને નિશ્ચયથી હોતો નથી. ''सः च बन्धहेतुः'' તે રાગપરિણામ કર્મબંધનું કારણ છે. તેથી ભાવાર્થ આમ છે કે મિથ્યાદ્રષ્ટિ જીવ કર્મબંધ કરે છે, સમ્યગ્દ્રષ્ટિ જીવ કરતો નથી. ૫–૧૬૭.

(વસન્તતિલકા)

सर्वं सदैव नियतं भवति स्वकीय-
कर्मोदयान्मरणजीवितदुःखसौख्यम्।
अज्ञानमेतदिह यत्तु परः परस्य
कुर्यात्पुमान् मरणजीवितदुःखसौख्यम्।।६-१६८।।

**ખંડાન્વય સહિત અર્થ :—**''इह एतत् अज्ञानम्'' (इह) મિથ્યાત્વપરિણામનું એક અંગ દેખાડે છે : (एतत् अज्ञानम्) આવો ભાવ મિથ્યાત્વમય છે—''तु यत् परः पुमान् परस्य मरणजीवितदुःखसौख्यम् कुर्यात्'' (तु) તે કેવો ભાવ? (यत्) તે ભાવ એવો કે (परः पुमान्) કોઈ પુરુષ (परस्य) અન્ય પુરુષનાં (मरणजीवितदुःखसौख्यम्) મરણ-પ્રાણઘાત, જીવિત-પ્રાણરક્ષા, દુઃખ-અનિષ્ટસંયોગ, સૌખ્ય-ઈષ્ટપ્રાપ્તિ એવાં કાર્યને (कुर्यात्) કરે છે. ભાવાર્થ આમ છે કે અજ્ઞાની મનુષ્યોમાં એવી કહેણી છે કે 'આ જીવે આ જીવને માર્યો, આ જીવે આ જીવને જિવાડ્યો, આ જીવે આ જીવને સુખી કર્યો, આ જીવે આ જીવને દુઃખી કર્યો;'—આવી કહેણી છે. ત્યાં એવી જ પ્રતીતિ જે જીવને હોય તે જીવ મિથ્યાદ્રષ્ટિ છે એમ નિઃસંદેહ જાણજો, સંશય કાંઈ નથી. શા માટે જાણવું કે મિથ્યાદ્રષ્ટિ છે? કારણ કે ''मरणजीवितदुःखसौख्यम् सर्वं सदा एव नियतं स्वकीयकर्मोदयात् भवति'' (मरण) પ્રાણઘાત, (जीवित) પ્રાણરક્ષા, (दुःखसौख्यम्) ઈષ્ટ-અનિષ્ટસંયોગ—આ જે (सर्वं) સર્વ જીવરાશિને હોય છે તે બધું (सदा एव) સર્વ કાળ (नियतं) નિશ્ચયથી, (स्वकीयकर्मोदयात् भवति) જે જીવે પોતાના વિશુદ્ધ અથવા સંક્લેશરૂપ પરિણામ વડે પૂર્વે જ બાંધ્યું છે જે આયુકર્મ અથવા શાતાકર્મ અથવા અશાતાકર્મ, તે કર્મના ઉદયથી તે જીવને મરણ અથવા જીવન અથવા દુઃખ અથવા સુખ થાય છે એવો નિશ્ચય છે; આ વાતમાં સંદેહ કાંઈ નથી. ભાવાર્થ આમ છે કે કોઈ જીવ કોઈ જીવને મારવા સમર્થ નથી, જિવાડવા સમર્થ નથી, સુખી-દુઃખી કરવા સમર્થ નથી. ૬-૧૬૮.

(વસન્તતિલકા)

**अज्ञानमेतदधिगम्य परात्परस्य**
**पश्यन्ति ये मरणजीवितदुःखसौख्यम् ।**
**कर्माण्यहंकृतिरसेन चिकीर्षवस्ते**
**मिथ्यादृशो नियतमात्महनो भवन्ति ॥७-१६९॥**

**ખંડાન્વય સહિત અર્થ :**—"ये परात् परस्य मरणजीवितदुःखसौख्यम् पश्यन्ति" (ये) જે કોઈ અજ્ઞાની જીવરાશિ (परात्) અન્ય જીવથી (परस्य) અન્ય જીવનું (मरणजीवितदुःखसौख्यम्) મરવું, જીવવું, દુઃખ, સુખ (पश्यन्ति) માને છે; શું કરીને? "एतत् अज्ञानम् अधिगम्य" (एतत् अज्ञानम्) મિથ્યાત્વરૂપ અશુદ્ધ પરિણામને—આવા અશુદ્ધપણાને (अधिगम्य) પામીને; "ते नियतम् मिथ्यादृशः भवन्ति" (ते) જે જીવરાશિ એવું માને છે તે (नियतम्) નિશ્ચયથી (मिथ्यादृशः भवन्ति) સર્વ પ્રકારે મિથ્યાદૃષ્ટિરાશિ છે. કેવા છે તે મિથ્યાદૃષ્ટિ? "अहंकृतिरसेन कर्माणि चिकीर्षवः" (अहंकृति) 'હું દેવ, હું મનુષ્ય, હું તિર્યંચ, હું નારક, હું દુઃખી, હું સુખી' એવી કર્મજનિતપર્યાયમાં છે આત્મબુદ્ધિ, તે-રૂપ જે (रसेन) મગ્નપણું, તે વડે (कर्माणि) કર્મના ઉદયે જેટલી ક્રિયા થાય છે તેને (चिकीर्षवः) 'હું કરું છું, મેં કર્યું છે, આમ કરીશ' એમ અજ્ઞાનને લીધે માને છે. વળી કેવા છે? "आत्महनः" પોતાના ઘાતનશીલ છે. ૭-૧૬૯.

(અનુષ્ટુપ)

**मिथ्यादृष्टेः स एवास्य बन्धहेतुर्विपर्ययात् ।**
**य एवाध्यवसायोऽयमज्ञानात्माऽस्य दृश्यते ॥८-१७०॥**

**ખંડાન્વય સહિત અર્થ :**—"अस्य मिथ्यादृष्टेः सः एव बन्धहेतुः भवति" (अस्य मिथ्यादृष्टेः) આ મિથ્યાદૃષ્ટિ જીવને, (सः एव) મિથ્યાત્વરૂપ છે જે એવો પરિણામ કે 'આ જીવે આ જીવને માર્યો, આ જીવે આ જીવને જિવાડ્યો'—એવો ભાવ (बन्धहेतुः भवति) જ્ઞાનાવરણાદિ કર્મબંધનું કારણ થાય છે. શા કારણથી? "विपर्ययात्" કારણ કે એવો

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



પરિણામ મિથ્યાત્વરૂપ છે. ''यः एव अयम् अध्यवसायः'' 'આને મારું, આને જિવાડું' એવો જે મિથ્યાત્વરૂપ પરિણામ તે જેને હોય છે ''अस्य अज्ञानात्मा दृश्यते'' (अस्य) એવા જીવનું (अज्ञानात्मा) મિથ્યાત્વમય સ્વરૂપ (दृश्यते) જોવામાં આવે છે. ૮–૧૭૦.

(અનુષ્ટુપ)

**अनेनाध्यवसायेन निष्फलेन विमोहितः।**
**तत्किञ्चनापि नैवास्ति नात्मात्मानं करोति यत् ॥६-१७१॥**

**ખંડાન્વય સહિત અર્થ :—**''आत्मा आत्मानं यत् न करोति तत् किञ्चन अपि न एव अस्ति'' (आत्मा) મિથ્યાદૃષ્ટિ જીવ (आत्मानं) પોતાને (यत् न करोति) જે-રૂપે આસ્વાદતો ન હોય (तत् किञ्चन) એવો પર્યાય, એવો વિકલ્પ (न एव अस्ति) ત્રૈલોક્યમાં છે જ નહીં. ભાવાર્થ આમ છે કે મિથ્યાદૃષ્ટિ જીવ જેવો પર્યાય ધારણ કરે છે, જેવા ભાવે પરિણમે છે, તે બધાને પોતાસ્વરૂપ જાણી અનુભવે છે; તેથી કર્મના સ્વરૂપને જીવના સ્વરૂપથી ભિન્ન કરીને જાણતો નથી, એકરૂપ અનુભવ કરે છે. ''अनेन अध्यवसायेन'' 'આને મારું, આને જિવાડું, આને મેં માર્યો, આને મેં જિવાડ્યો, આને મેં સુખી કર્યો, આને મેં દુઃખી કર્યો'—એવા પરિણામથી ''विमोहितः'' ઘેલો થયો છે. કેવો છે પરિણામ? ''निःफलेन'' જૂઠો છે. ભાવાર્થ આમ છે કે યદ્યપિ મારવાનું કહે છે, જિવાડવાનું કહે છે, તથાપિ જીવોનું મરવું જીવવું પોતાનાં કર્મના ઉદયને હાથ છે, આના પરિણામોને આધીન નથી. આ પોતાના અજ્ઞાનપણાને લીધે અનેક જૂઠા વિકલ્પો કરે છે. ૯-૧૭૧.

(ઇન્દ્રવજ્રા)

**विश्वाद्विभक्तोऽपि हि यत्प्रभावा-**
**दात्मानमात्मा विदधाति विश्वम्।**
**मोहैककन्दोऽध्यवसाय एष**
**नास्तीह येषां यतयस्त एव॥१०-१७२॥**

**ખંડાન્વય સહિત અર્થ :—**''ते एव यतयः'' તેઓ જ યતીશ્વર છે ''येषां

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

इह एष अध्यवसायः नास्ति'' (येषां) જેમને (इह) સૂક્ષ્મરૂપ કે સ્થૂલરૂપ (एषः अध्यवसायः) 'આને મારું, આને જિવાડું' એવો મિથ્યાત્વરૂપ પરિણામ (नास्ति) નથી. કેવો છે પરિણામ? ''मोहैककन्दः'' (मोह) મિથ્યાત્વનું (एककन्दः) મૂળ કારણ છે. ''यत्प्रभावात्'' જે મિથ્યાત્વપરિણામના કારણે ''आत्मा आत्मानम् विश्वम् विदधाति'' (आत्मा) જીવદ્રવ્ય (आत्मानम्) પોતાને (विश्वम्) 'હું દેવ, હું મનુષ્ય, હું ક્રોધી, હું માની, હું સુખી, હું દુ:ખી' ઇત્યાદિ નાનારૂપ (विदधाति) અનુભવે છે. કેવો છે આત્મા? ''विश्वात् विभक्तः अपि'' જોકે કર્મના ઉદયથી થયેલા સમસ્ત પર્યાયોથી ભિન્ન છે. ભાવાર્થ આમ છે કે મિથ્યાદૃષ્ટિ જીવ પર્યાયમાં રત છે, તેથી પર્યાયને પોતારૂપ અનુભવે છે. આવો મિથ્યાત્વભાવ છૂટતાં જ્ઞાની પણ સાચો, આચરણ પણ સાચું. ૧૦–૧૭૨.

(શાર્દૂલવિક્રીડિત)

**सर्वत्राध्यवसानमेवमखिलं त्याज्यं यदुक्तं जिनै-**
**स्तन्मन्ये व्यवहार एव निखिलोऽप्यन्याश्रयस्त्याजितः।**
**सम्यङ्निश्चयमेकमेव तदमी निष्कंपमाक्रम्य किं**
**शुद्धज्ञानघने महिम्नि न निजे बध्नन्ति सन्तो धृतिम्॥११-१७३॥**

ખંડાન્વય સહિત અર્થ :—''अमी सन्तः निजे महिम्नि धृतिम् किं न बध्नन्ति'' (अमी सन्तः) સમ્યગ્દૃષ્ટિ જીવરાશિ (निजे महिम्नि) નિજ મહિમામાં અર્થાત્ પોતાના શુદ્ધ ચિદ્રૂપ સ્વરૂપમાં (धृतिम्) સ્થિરતારૂપ સુખને (किं न बध्नन्ति) કેમ ન કરે? અર્થાત્ સર્વથા કરે. કેવો છે નિજ મહિમા? ''शुद्धज्ञानघने'' (शुद्ध) રાગાદિ રહિત એવા (ज्ञान) ચેતનાગુણનો (घने) સમૂહ છે. શું કરીને? ''तत् सम्यक् निश्चयं आक्रम्य'' (तत्) તે કારણથી (सम्यक् निश्चयम्) સમ્યક્ નિશ્ચયને અર્થાત્ નિર્વિકલ્પ વસ્તુમાત્રને (आक्रम्य) જેવી છે તેવી અનુભવગોચર કરીને. કેવો છે નિશ્ચય? ''एकम् एव'' (एकम्) નિર્વિકલ્પ વસ્તુમાત્ર છે, (एव) નિશ્ચયથી. વળી કેવો છે? ''निष्कम्पम्'' સર્વ ઉપાધિથી રહિત છે. ''यत् सर्वत्र अध्यवसानम् अखिलं एव त्याज्यं'' (यत्) જે કારણથી (सर्वत्र अध्यवसानम्) 'હું મારું, હું જિવાડું, હું દુ:ખી કરું, હું સુખી કરું,

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



હું દેવ, હું મનુષ્ય' ઈત્યાદિ છે જે મિથ્યાત્વરૂપ અસંખ્યાત લોકમાત્ર પરિણામ (अखिलं एव त्याज्यं) તે સમસ્ત પરિણામ હેય છે. કેવા છે પરિણામ? "जिनैः उक्तं" પરમેશ્વર કેવળજ્ઞાને બિરાજમાન, તેમણે એવા કહ્યા છે. "तत्" મિથ્યાત્વભાવનો થયો છે ત્યાગ, તેને "मन्ये" હું એમ માનું છું કે "निखिलः अपि व्यवहारः त्याजितः एव" (निखिलः अपि) જેટલો છે સત્યરૂપ અથવા અસત્યરૂપ (व्यवहारः) વ્યવહાર અર્થાત્ શુદ્ધસ્વરૂપમાત્રથી વિપરિત જેટલા મન-વચન-કાયના વિકલ્પો તે બધા (त्याजितः) સર્વ પ્રકારે છૂટ્યા છે. ભાવાર્થ આમ છે કે પૂર્વોક્ત મિથ્યાભાવ જેને છૂટી ગયો તેને સમસ્ત વ્યવહાર છૂટી ગયો, કારણ કે મિથ્યાત્વના ભાવ તથા વ્યવહારના ભાવ એક વસ્તુ છે. કેવો છે વ્યવહાર? "अन्याश्रयः" (अन्य) વિપરીતપણું તે જ છે (आश्रयः) અવલંબન જેનું, એવો છે. ૧૧–૧૭૩.

(ઉપજાતિ)

**रागादयो बन्धनिदानमुक्ता-**
**स्ते शुद्धचिन्मात्रमहोऽतिरिक्ताः।**
**आत्मा परो वा किमु तन्निमित्त-**
**मिति प्रणुन्नाः पुनरेवमाहुः॥१२-१७४॥**

**ખંડાન્વય સહિત અર્થ :—**"पुनः एवम् आहुः" (पुनः) શુદ્ધ વસ્તુસ્વરૂપનું નિરૂપણ કર્યું તોપણ ફરીને (एवम् आहुः) એમ કહે છે ગ્રંથના કર્તા શ્રી કુંદકુંદાચાર્ય. કેવા છે? "इति प्रणुन्नाः" જેમને આવો પ્રશ્ન નમ્ર થઈને પૂછવામાં આવ્યો છે. કેવો પ્રશ્ન? "ते रागादयः बन्धनिदानम् उक्ताः" અહો સ્વામિન્! (ते रागादयः) અશુદ્ધ ચેતનારૂપ છે રાગ-દ્વેષ-મોહ ઈત્યાદિ અસંખ્યાત લોકમાત્ર વિભાવપરિણામ તે, (बन्धनिदानम् उक्ताः) જ્ઞાનાવરણાદિ કર્મબંધનાં કારણ છે એવું કહ્યું, સાંભળ્યું, જાણ્યું, માન્યું. કેવા છે તે ભાવ? "शुद्धचिन्मात्रमहोऽतिरिक्ताः" (शुद्धचिन्मात्र) શુદ્ધ જ્ઞાન-ચેતનામાત્ર છે જે (महः) જ્યોતિસ્વરૂપ જીવવસ્તુ, તેનાથી (अतिरिक्ताः) બહાર છે. હવે એક પ્રશ્ન હું કરું છું કે "तन्निमित्तम् आत्मा वा परः" (तन्निमित्तम्) તે રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ પરિણામોનું કારણ કોણ છે? (आत्मा) જીવદ્રવ્ય કારણ છે (वा) કે

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

(परः) મોહકર્મરૂપ પરિણમ્યો છે જે પુદ્ગલદ્રવ્યનો પિંડ તે કારણ છે? એવું પૂછવામાં આવતાં આચાર્ય ઉત્તર કહે છે. ૧૨-૧૭૪.

(ઉપજાતિ)

**न जातु रागादिनिमित्तभाव-**
**मात्मात्मनो याति यथार्ककान्तः।**
**तस्मिन्निमित्तं परसङ्ग एव**
**वस्तुस्वभावोऽयमुदेति तावत् ॥१३-१७५॥**

ખંડાન્વય સહિત અર્થ :—"तावत् अयम् वस्तुस्वभावः उदेति" (तावत्) પ્રશ્ન કર્યો હતો તેનો ઉત્તર આમ છે—(अयम् वस्तुस्वभावः) આ વસ્તુનું સ્વરૂપ (उदेति) સર્વ કાળે પ્રગટ છે. કેવો છે વસ્તુનો સ્વભાવ? "जातु आत्मा आत्मनः रागादिनिमित्त-भावम् न याति" (जातु) કોઈ પણ કાળે (आत्मा) જીવદ્રવ્ય (आत्मनः रागादिनिमित्तभावम्) પોતાસંબંધી છે જે રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ પરિણામ તેમના કારણપણારૂપ (न याति) પરિણમતું નથી. ભાવાર્થ આમ છે કે દ્રવ્યના પરિણામનું કારણ બે પ્રકારનું છે : એક ઉપાદાનકારણ છે, એક નિમિત્તકારણ છે. ઉપાદાનકારણ એટલે દ્રવ્યમાં અન્તર્ગર્ભિત છે પોતાના પરિણામ-પર્યાયરૂપ પરિણમનશક્તિ; તે તો જે દ્રવ્યની, તે જ દ્રવ્યમાં હોય છે એવો નિશ્ચય છે. નિમિત્તકારણ—જે દ્રવ્યનો સંયોગ પ્રાપ્ત થવાથી અન્ય દ્રવ્ય પોતાના પર્યાયરૂપ પરિણમે છે; તે તો જે દ્રવ્યનો, તે દ્રવ્યમાં હોય છે, અન્ય દ્રવ્યગોચર હોતો નથી એવો નિશ્ચય છે. જેવી રીતે મૃત્તિકા ઘટ પર્યાયરૂપે પરિણમે છે, તેનું ઉપાદાનકારણ છે મૃત્તિકામાં ઘટરૂપ પરિણમનશક્તિ; નિમિત્તકારણ છે બાહ્યરૂપ કુંભાર, ચક્ર, દંડ ઈત્યાદિ; તેવી જ રીતે જીવદ્રવ્ય અશુદ્ધ પરિણામે—મોહ-રાગ-દ્વેષરૂપે પરિણમે છે, તેનું ઉપાદાનકારણ છે જીવદ્રવ્યમાં અન્તર્ગર્ભિત વિભાવરૂપ અશુદ્ધ પરિણમનશક્તિ; "तस्मिन् निमित्तं" નિમિત્તકારણ છે "परसङ्गः एव" દર્શનમોહ-ચારિત્રમોહકર્મરૂપ બંધાયેલો જે જીવના પ્રદેશોમાં એકક્ષેત્રાવગાહરૂપ પુદ્ગલદ્રવ્યનો પિંડ, તેનો ઉદય. જોકે મોહકર્મરૂપ પુદ્ગલપિંડનો ઉદય પોતાના દ્રવ્ય સાથે વ્યાપ્ય-વ્યાપકરૂપ છે, જીવદ્રવ્ય સાથે વ્યાપ્ય-વ્યાપકરૂપ

નથી, તોપણ મોહકર્મનો ઉદય હોતાં જીવદ્રવ્ય પોતાના વિભાવપરિણામરૂપે પરિણમે છે—એવો જ વસ્તુનો સ્વભાવ છે, સહારો કોનો? અહીં દ્રષ્ટાંત છે—''यथा अर्ककान्तः'' જેમ સ્ફટિકમણિ રાતી, પીળી, કાળી ઈત્યાદિ અનેક પ્રભારૂપે પરિણમે છે, તેનું ઉપાદાનકારણ છે સ્ફટિકમણિમાં અન્તર્ગર્ભિત નાના વર્ણરૂપ પરિણમન-શક્તિ; નિમિત્તકારણ છે બાહ્ય નાના વર્ણરૂપ પૂરીનો (આશ્રયરૂપ વસ્તુનો) સંયોગ. ૧૩-૧૭૫.

(અનુષ્ટુપ)

**इति वस्तुस्वभावं स्वं ज्ञानी जानाति तेन सः।**
**रागादीन्नात्मनः कुर्यान्नातो भवति कारकः ।।१४-१७६।।**

**ખંડાન્વય સહિત અર્થ :**—''ज्ञानी इति वस्तुस्वभावं स्वं जानाति'' (ज्ञानी) સમ્યગ્દ્રષ્ટિ જીવ (इति) પૂર્વોક્ત પ્રકારે (वस्तुस्वभावं) દ્રવ્યનું સ્વરૂપ એવું જે (स्वं) પોતાનું શુદ્ધ ચૈતન્ય, તેને (जानाति) આસ્વાદરૂપ અનુભવે છે, ''तेन सः रागादीन् आत्मनः न कुर्यात्'' (तेन) તે કારણથી (सः) સમ્યગ્દ્રષ્ટિ જીવ (रागादीन्) રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ પરિણામો (आत्मनः) જીવદ્રવ્યનું સ્વરૂપ છે એમ (न कुर्यात्) અનુભવતો નથી, કર્મના ઉદયની ઉપાધિ છે એમ અનુભવે છે. ''अतः कारकः न भवति'' (अतः) આ કારણથી (कारकः) રાગાદિ અશુદ્ધ પરિણામોનો કર્તા (न भवति) થતો નથી. ભાવાર્થ આમ છે કે—સમ્યગ્દ્રષ્ટિ જીવને રાગાદિ અશુદ્ધ પરિણામોનું સ્વામિત્વપણું નથી, તેથી સમ્યગ્દ્રષ્ટિ જીવ કર્તા નથી. ૧૪-૧૭૬.

(અનુષ્ટુપ)

**इति वस्तुस्वभावं स्वं नाज्ञानी वेत्ति तेन सः।**
**रागादीनात्मनः कुर्यादतो भवति कारकः ।।१५-१७७।।***

**ખંડાન્વય સહિત અર્થ :**—''अज्ञानी इति वस्तुस्वभावं स्वं न वेत्ति'' (अज्ञानी)

---

* પંડિત શ્રી રાજમલજીની ટીકામાં આ શ્લોક તથા તેનો અર્થ નથી. શ્લોક નં. ૧૭૬ના આધારે આ શ્લોકનો 'ખંડાન્વય સહિત અર્થ' કરવામાં આવ્યો છે.

મિથ્યાદૃષ્ટિ જીવ (इति) પૂર્વોક્ત પ્રકારે (वस्तुस्वभावं) દ્રવ્યનું સ્વરૂપ એવું જે (स्वं) પોતાનું શુદ્ધ ચૈતન્ય, તેને (न वेत्ति) આસ્વાદરૂપ અનુભવતો નથી, "तेन सः रागादीन् आत्मनः कुर्यात्" (तेन) તે કારણથી (सः) મિથ્યાદૃષ્ટિ જીવ (रागादीन्) રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ પરિણામો (आत्मनः) જીવદ્રવ્યનું સ્વરૂપ છે એમ (कुर्यात्) અનુભવે છે, કર્મના ઉદયની ઉપાધિ છે એમ અનુભવતો નથી. "अतः कारकः भवति" (अतः) આ કારણથી (कारकः) રાગાદિ અશુદ્ધ પરિણામોનો કર્તા (भवति) થાય છે. ભાવાર્થ આમ છે કે—મિથ્યાદૃષ્ટિ જીવને રાગાદિ અશુદ્ધ પરિણામોનું સ્વામિત્વપણું છે, તેથી મિથ્યાદૃષ્ટિ જીવ કર્તા છે. ૧૫-૧૭૭.

(શાર્દૂલવિક્રીડિત)

**इत्यालोच्य विवेच्य तत्किल परद्रव्यं समग्रं बलात्**
**तन्मूलां बहुभावसन्ततिमिमामुद्धर्तुकामः समम्।**
**आत्मानं समुपैति निर्भरवहत्पूर्णैकसंविद्युतं**
**येनोन्मूलितबन्ध एष भगवानात्मात्मनि स्फूर्जति॥१६-१७८॥**

**ખંડાન્વય સહિત અર્થ :—**"एषः आत्मा आत्मानं समुपैति येन आत्मनि स्फूर्जति" (एषः आत्मा) આ આત્મા અર્થાત્ પ્રત્યક્ષ છે જે જીવદ્રવ્ય તે (आत्मानं समुपैति) અનાદિ કાળથી સ્વરૂપથી ભ્રષ્ટ થયો હતો તોપણ આ અનુક્રમથી પોતાના સ્વરૂપને પ્રાપ્ત થયો, (येन) જે સ્વરૂપની પ્રાપ્તિના કારણે (आत्मनि स्फूर्जति) પરદ્રવ્ય સાથે સંબંધ છૂટ્યો, પોતા સાથે સંબંધ રહ્યો. કેવો છે? "उन्मूलितबन्धः" (उन्मूलित) મૂળ સત્તાથી દૂર કર્યો છે (बन्धः) જ્ઞાનાવરણાદિ કર્મરૂપ પુદ્‍ગલદ્રવ્યનો પિંડ જેણે, એવો છે. વળી કેવો છે? "भगवान्" જ્ઞાનસ્વરૂપ છે. કેવી રીતે અનુભવે છે? "निर्भरवहत्पूर्णैकसंविद्युतं" (निर्भर) અનંત શક્તિના પુંજરૂપે (वहत्) નિરંતર પરિણમે છે એવું જે (पूर्ण) સ્વરસથી ભરેલું (एकसंवित्) વિશુદ્ધ જ્ઞાન, તેની સાથે (युतं) મળેલું છે એવા શુદ્ધ સ્વરૂપને અનુભવે છે. વળી કેવો છે આત્મા? "इमाम् बहुभावसन्ततिम् समम् उद्धर्तुकामः" (इमाम्) કહ્યું છે સ્વરૂપ જેમનું એવા છે (बहुभाव) બહુભાવ અર્થાત્ રાગ-દ્વેષ-મોહ આદિ અનેક પ્રકારના અશુદ્ધ પરિણામ, તેમની (सन्ततिम्) સંતતિને અર્થાત્ પરંપરાને (समम्) એક જ કાળે (उद्धर्तुकामः) ઉખાડીને દૂર

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



કરવાનો છે અભિપ્રાય જેનો, એવો છે. કેવી છે ભાવસંતતિ? ''तन्मूलां'' પરદ્રવ્યનું સ્વામિત્વપણું છે મૂળ કારણ જેનું એવી છે. શું કરીને? ''किल बलात् तत् समग्रं परद्रव्यं इति आलोच्य विवेच्य'' (किल) નિશ્ચયથી (बलात्) જ્ઞાનના બળથી (तत्) દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મરૂપ (समग्रं परद्रव्यं) એવી છે જેટલી પુદ્‌ગલદ્રવ્યની વિચિત્ર પરિણતિ તેને, (इति आलोच्य) પૂર્વોક્ત પ્રકારે વિચાર કરી, (विवेच्य) શુદ્ધ જ્ઞાનસ્વરૂપથી ભિન્ન કરી છે. ભાવાર્થ આમ છે કે—શુદ્ધ સ્વરૂપ ઉપાદેય છે, અન્ય સમસ્ત પરદ્રવ્ય હેય છે. ૧૬-૧૭૮.

(મન્દાક્રાન્તા)

रागादीनामुदयमदयं दारयत्कारणानां
कार्यं बन्धं विविधमधुना सद्य एव प्रणुद्य।
ज्ञानज्योतिः क्षपिततिमिरं साधु सन्नद्धमेतत्
तद्वद्यद्वत्प्रसरमपरः कोऽपि नास्यावृणोति॥१७-१७९॥

ખંડાન્વય સહિત અર્થ :—''एतत् ज्ञानज्योतिः तद्वत् सन्नद्धम्'' (एतत् ज्ञानज्योतिः) આ જ્ઞાનજ્યોતિ અર્થાત્ સ્વાનુભવગોચર શુદ્ધ ચૈતન્યવસ્તુ (तद्वत् सन्नद्धम्) પોતાના બળ-પરાક્રમ સાથે એવી પ્રગટ થઈ કે ''यद्वत् अस्य प्रसरम् अपरः कः अपि न आवृणोति'' (यद्वत्) જેથી (अस्य प्रसरम्) શુદ્ધ જ્ઞાનના લોક-અલોકસંબંધી સકળ જ્ઞેયને જાણવાના પ્રસારને (अपरः कः अपि) અન્ય કોઈ બીજું દ્રવ્ય (न आवृणोति) રોકી શકતું નથી. ભાવાર્થ આમ છે કે—જીવનો સ્વભાવ કેવળજ્ઞાન-કેવળદર્શન છે, તે જ્ઞાનાવરણાદિ કર્મબંધ દ્વારા આચ્છાદિત છે; એવું આવરણ શુદ્ધ પરિણામથી મટે છે, વસ્તુસ્વરૂપ પ્રગટ થાય છે. આવું શુદ્ધ સ્વરૂપ જીવને ઉપાદેય છે. કેવી છે જ્ઞાનજ્યોતિ? ''क्षपिततिमिरं'' (क्षपित) વિનાશ કર્યાં છે (तिमिरं) જ્ઞાનાવરણ-દર્શનાવરણકર્મ જેણે, એવી છે. વળી કેવી છે? ''साधु'' સર્વ ઉપદ્રવોથી રહિત છે. વળી કેવી છે? ''कारणानां रागादीनाम् उदयं दारयत्'' (कारणानां) કર્મબંધનાં કારણ એવા જે (रागादीनाम्) રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ પરિણામ, તેમના (उदयं) પ્રગટપણાને (दारयत्) મૂળથી જ ઉખાડતી થકી. કેવી રીતે ઉખાડે છે?

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

''अदयं'' નિર્દયપણાની માફક. વળી શું કરીને એવી થાય છે? ''कार्यं बन्धं अधुना सद्यः एव प्रणुद्य'' (कार्यं) રાગાદિ અશુદ્ધ પરિણામો હોતાં થાય છે એવા, (बन्धं) ધારાપ્રવાહરૂપ થનારા પુદ્‌ગલકર્મના બંધને (सद्यः एव) જે કાળે રાગાદિ મટ્યા તે જ કાળે (प्रणुद्य) મટાડીને. કેવો છે બંધ? ''विविधम्'' જ્ઞાનાવરણ, દર્શનાવરણ ઇત્યાદિ અસંખ્યાત લોકમાત્ર છે. કોઈ વિતર્ક કરશે કે આવું તો દ્રવ્યરૂપ વિદ્યમાન જ હતું. સમાધાન આમ છે કે (अधुना) દ્રવ્યરૂપ જોકે વિદ્યમાન જ હતું તોપણ પ્રગટરૂપ, બંધને દૂર કરતાં થયું. ૧૭-૧૭૯.

ૐ

સહજ ચિદાનંદ.

–૯–

# મોક્ષ અધિકાર

(શિખરિણી)

**द्विधाकृत्य प्रज्ञाक्रकचदलनाद्बन्धपुरुषौ**
**नयन्मोक्षं साक्षात्पुरुषमुपलम्भैकनियतम् ।**
**इदानीमुन्मज्जत्सहजपरमानन्दसरसं**
**परं पूर्णं ज्ञानं कृतसकलकृत्यं विजयते ॥१-१८०॥**

**ખંડાન્વય સહિત અર્થ :—**''इदानीं पूर्णं ज्ञानं विजयते'' (इदानीम्) અહીંથી શરૂ કરીને (पूर्णं ज्ञानं) શુદ્ધ જ્ઞાન અર્થાત્ સમસ્ત આવરણનો વિનાશ થતાં થાય છે જે શુદ્ધ વસ્તુનો પ્રકાશ તે (विजयते) આગામી અનંત કાળ પર્યંત તે જ રૂપે રહે છે, અન્યથા થતો નથી. કેવું છે શુદ્ધ જ્ઞાન? ''कृतसकलकृत्यं'' (कृत) કર્યો છે (सकलकृत्यं) કરવાયોગ્ય સમસ્ત કર્મનો વિનાશ જેણે, એવું છે. વળી કેવું છે? ''उन्मज्जत्सहजपरमानन्दसरसं'' (उन्मज्जत्) અનાદિ કાળથી ગયું હતું તે પ્રગટ થયું છે એવું જે (सहजपरमानन्द) દ્રવ્યના સ્વભાવરૂપે પરિણમતું અનાકુલત્વલક્ષણ અતીન્દ્રિય સુખ, તેનાથી (सरसं) સંયુક્ત છે. ભાવાર્થ આમ છે કે મોક્ષનું ફળ અતીન્દ્રિય સુખ છે. શું કરતું થકું જ્ઞાન પ્રગટ થાય છે? ''पुरुषम् साक्षात् मोक्षं नयत्'' (पुरुषम्) જીવદ્રવ્યને (साक्षात् मोक्षं) સકળ કર્મનો વિનાશ થતાં શુદ્ધત્વ-અવસ્થાના પ્રગટપણારૂપ (नयत्) પરિણમાવતું થકું. ભાવાર્થ આમ છે કે અહીંથી આરંભ કરીને સકળકર્મક્ષયલક્ષણ મોક્ષના સ્વરૂપનું નિરૂપણ કરવામાં આવે છે. વળી કેવું છે? ''परं'' ઉત્કૃષ્ટ છે. વળી કેવું છે? ''उपलम्भैकनियतम्'' એક નિશ્ચયસ્વભાવને પ્રાપ્ત છે. શું કરતો થકો આત્મા મુક્ત થાય છે? ''बन्धपुरुषौ द्विधाकृत्य'' (बन्ध) દ્રવ્યકર્મ-

ભાવકર્મ-નોકર્મરૂપ ઉપાધિ અને (पुरुषौ) શુદ્ધ જીવદ્રવ્ય તેમની, (द्विधाकृत्य) 'સર્વ બંધ હેય, શુદ્ધ જીવ ઉપાદેય' એવા ભેદજ્ઞાનરૂપ પ્રતીતિ ઉપજાવીને. આવી પ્રતીતિ જે રીતે ઊપજે છે તે કહે છે—"प्रज्ञाक्रकचदलनात्" (प्रज्ञा) શુદ્ધજ્ઞાનમાત્ર જીવદ્રવ્ય, અશુદ્ધ રાગાદિ ઉપાધિ બંધ—એવી ભેદજ્ઞાનરૂપી બુદ્ધિ, એવું જે (क्रकच) કરવત, તેના દ્વારા (दलनात्) નિરંતર અનુભવનો અભ્યાસ કરવાથી. ભાવાર્થ આમ છે કે જેમ કરવતને વારંવાર ચલાવતાં પુદ્ગલવસ્તુ કાષ્ઠ ઇત્યાદિના બે ખંડ થઈ જાય છે, તેમ ભેદજ્ઞાન વડે જીવ-પુદ્ગલને વારંવાર ભિન્ન ભિન્ન અનુભવતાં ભિન્ન ભિન્ન થઈ જાય છે; તેથી ભેદજ્ઞાન ઉપાદેય છે. ૧-૧૮૦.

(સ્રગ્ધરા)

**प्रज्ञाछेत्री शितेयं कथमपि निपुणैः पातिता सावधानैः**
**सूक्ष्मेऽन्तःसन्धिबन्धे निपतति रभसादात्मकर्मोभयस्य ।**
**आत्मानं मग्नमंतःस्थिरविशदलसद्धाम्नि चैतन्यपूरे**
**बन्धं चाज्ञानभावे नियमितमभितः कुर्वती भिन्नभिन्नौ ॥२-१८१॥**

**ખંડાન્વય સહિત અર્થ :**—ભાવાર્થ આમ છે કે—જીવદ્રવ્ય તથા કર્મપર્યાયરૂપ પરિણત પુદ્ગલદ્રવ્યનો પિંડ, તે બંનેનો એકબંધપર્યાયરૂપ સંબંધ અનાદિ કાળથી ચાલ્યો આવ્યો છે; ત્યાં એવો સંબંધ જ્યારે છૂટી જાય, જીવદ્રવ્ય પોતાના શુદ્ધ સ્વરૂપે પરિણમે—અનંત ચતુષ્ટયરૂપ પરિણમે, તથા પુદ્ગલદ્રવ્ય જ્ઞાનાવરણાદિ કર્મપર્યાયને છોડે—જીવના પ્રદેશોથી સર્વથા અબંધરૂપ થઈ સંબંધ છૂટી જાય, જીવ-પુદ્ગલ બંને ભિન્ન ભિન્ન થઈ જાય, તેનું નામ મોક્ષ કહેવાય છે. તે ભિન્ન ભિન્ન થવાનું કારણ આવું કે મોહ-રાગ-દ્વેષ ઇત્યાદિ વિભાવરૂપ અશુદ્ધ પરિણતિના મટવાથી જીવને શુદ્ધત્વરૂપ પરિણમન. તેનું વિવરણ આમ છે કે શુદ્ધત્વપરિણમન સર્વથા સકળ કર્મોનો ક્ષય કરવાનું કારણ છે. એવું શુદ્ધત્વપરિણમન સર્વથા દ્રવ્યના પરિણમનરૂપ છે, નિર્વિકલ્પરૂપ છે, તેથી વચન દ્વારા કહેવાનું સમર્થપણું નથી. તેથી એવા રૂપે કહેવાય છે કે જીવને શુદ્ધ સ્વરૂપના અનુભવરૂપ પરિણમાવે છે જ્ઞાનગુણ, તે મોક્ષનું કારણ છે. તેનું

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



સમાધાન આમ છે કે શુદ્ધ સ્વરૂપના અનુભવરૂપ છે જે જ્ઞાન તે, જીવના શુદ્ધત્વપરિણમનથી સર્વથા સહિત છે. જેને શુદ્ધત્વપરિણમન હોય છે તે જીવને શુદ્ધ સ્વરૂપનો અનુભવ અવશ્ય હોય છે, સંદેહ નથી, અન્યથા સર્વથા પ્રકારે અનુભવ હોતો નથી; તેથી શુદ્ધ સ્વરૂપનો અનુભવ મોક્ષનું કારણ છે. અહીં અનેક પ્રકારના મિથ્યાદ્રષ્ટિ જીવો નાના પ્રકારના વિકલ્પો કરે છે, તેથી તેમનું સમાધાન કરે છે. કોઈ કહે છે કે જીવનું સ્વરૂપ અને બંધનું સ્વરૂપ જાણી લેવું તે મોક્ષમાર્ગ છે. કોઈ કહે છે કે બંધનું સ્વરૂપ જાણીને એવું ચિન્તવન કરવું કે 'બંધ ક્યારે છૂટશે, કઈ રીતે છૂટશે' એવી ચિન્તા મોક્ષનું કારણ છે. આવું કહે છે જે જીવો તે જૂઠા છે—મિથ્યાદ્રષ્ટિ છે. મોક્ષનું કારણ જેવું છે તેવું કહે છે—''इयं प्रज्ञाच्छेत्री आत्मकर्मोभयस्य अन्तःसन्धिबन्धे निपतति'' (इयं) વસ્તુસ્વરૂપે પ્રગટ છે જે (प्रज्ञा) પ્રજ્ઞા અર્થાત્ આત્માના શુદ્ધસ્વરૂપ-અનુભવસમર્થપણે પરિણમેલો જીવનો જ્ઞાનગુણ, તે જ છે (छेत्री) છીણી. ભાવાર્થ આમ છે કે સામાન્યપણે જે કોઈ વસ્તુને છેદીને બે કરવામાં આવે છે તે છીણી વડે છેદવામાં આવે છે. અહીં પણ જીવ-કર્મને છેદીને બે કરવાનાં છે, તેમને બે-રૂપે છેદવાને માટે સ્વરૂપ-અનુભવસમર્થ જ્ઞાનરૂપ છીણી છે; અન્ય તો બીજું કારણ થયું નથી, થશે નહીં. આવી પ્રજ્ઞાછીણી જે રીતે છેદીને બે કરે છે તે રીત કહે છે—(आत्मकर्मोभयस्य) આત્મા-ચેતનામાત્ર દ્રવ્ય, કર્મ-પુદ્ગલનો પિંડ અથવા મોહ-રાગ-દ્વેષરૂપ અશુદ્ધ પરિણતિ,–એવી છે બે વસ્તુઓ, તેમનો (अन्तःसन्धि) અન્તઃસંધિવાળો—જોકે એકક્ષેત્રાવગાહરૂપ છે, બંધપર્યાયરૂપ છે, અશુદ્ધત્વ-વિકારરૂપ પરિણમેલ છે તોપણ પરસ્પર સંધિ છે, નિઃસન્ધિ થયેલ નથી, બે દ્રવ્યોનું એક દ્રવ્યરૂપ થયું નથી, એવો છે જે—(बन्धे) બંધ અર્થાત્ જ્ઞાનછીણી પેસવાનું સ્થાન, તેમાં (निपतति) જ્ઞાનછીણી પેસે છે, પેઠી થકી છેદીને ભિન્ન ભિન્ન કરે છે. કેવી છે પ્રજ્ઞાછીણી? ''शिता'' જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થતાં, મિથ્યાત્વકર્મનો નાશ થતાં, શુદ્ધ ચૈતન્યસ્વરૂપમાં પેસવાને અત્યંત સમર્થ છે. ભાવાર્થ આમ છે કે—જેવી રીતે જોકે ઊંચા લોઢાની છીણી અતિ તીક્ષ્ણ હોય છે તોપણ સંધિ વિચારીને દેવાથી (મારવાથી) છેદીને બે કરે છે; તેવી રીતે, જોકે સમ્યગ્દ્રષ્ટિ જીવનું જ્ઞાન અત્યંત તીક્ષ્ણ છે તોપણ જીવ-કર્મની છે જે અંદરમાં સંધિ, તેમાં પ્રવેશ કરતાં પ્રથમ તો બુદ્ધિગોચર છેદીને બે કરે છે, પછી સકળ

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

કર્મનો ક્ષય થવાથી સાક્ષાત્ છેદીને ભિન્ન ભિન્ન કરે છે. કેવો છે જીવ-કર્મનો અન્તઃસન્ધિબંધ? ''सूक्ष्मे'' ઘણી જ દુર્લક્ષ્ય સંધિરૂપ છે. તેનું વિવરણ આમ છે—જે દ્રવ્યકર્મ છે જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલનો પિંડ, તે જોકે એકક્ષેત્રાવગાહરૂપ છે તોપણ તેની તો જીવથી ભિન્નપણાની પ્રતીતિ, વિચાર કરતાં ઊપજે છે; કારણ કે દ્રવ્યકર્મ પુદ્‌ગલપિંડરૂપ છે; જોકે એકક્ષેત્રાવગાહરૂપ છે તોપણ ભિન્ન ભિન્ન પ્રદેશ છે, અચેતન છે, બંધાય છે, છૂટે છે—આમ વિચારતાં ભિન્નપણાની પ્રતીતિ ઊપજે છે. નોકર્મ છે જે શરીર-મન-વચન તેનાથી પણ તે પ્રકારે, વિચાર કરતાં ભેદ-પ્રતીતિ ઊપજે છે. ભાવકર્મ જે મોહ-રાગ-દ્વેષરૂપ—અશુદ્ધચેતનારૂપ—પરિણામ, તે અશુદ્ધ પરિણામ વર્તમાનમાં જીવની સાથે એકપરિણમનરૂપ છે, તથા અશુદ્ધ પરિણામની સાથે વર્તમાનમાં જીવ વ્યાપ્ય-વ્યાપકરૂપ પરિણમે છે, તેથી તે પરિણામોના જીવથી ભિન્નપણાનો અનુભવ કઠણ છે, તોપણ સૂક્ષ્મ સંધિનો ભેદ પાડતાં ભિન્ન પ્રતીતિ થાય છે. તેનો વિચાર આમ છે કે જેવી રીતે સ્ફટિકમણિ સ્વરૂપથી સ્વચ્છતામાત્ર વસ્તુ છે, રાતી-પીળી-કાળી પુરીનો (આશ્રયરૂપ વસ્તુનો) સંયોગ પામવાથી રાતો-પીળો-કાળો એ-રૂપે સ્ફટિકમણિ ઝળકે છે; વર્તમાનમાં સ્વરૂપનો વિચાર કરતાં સ્વચ્છતામાત્ર ભૂમિકા સ્ફટિકમણિ વસ્તુ છે; તેમાં રાતા-પીળા-કાળાપણું પરસંયોગની ઉપાધિ છે, સ્ફટિકમણિનો સ્વભાવગુણ નથી; તેવી જ રીતે જીવદ્રવ્યનો સ્વચ્છ ચેતનામાત્ર સ્વભાવ છે; અનાદિ સન્તાનરૂપ મોહકર્મના ઉદયથી મોહ-રાગ-દ્વેષરૂપ—રંજિત અશુદ્ધ ચેતનારૂપે—પરિણમે છે, તોપણ વર્તમાનમાં સ્વરૂપનો વિચાર કરતાં ચેતનાભૂમિમાત્ર તો જીવવસ્તુ છે; તેમાં મોહ-રાગ-દ્વેષરૂપ રંજિતપણું કર્મના ઉદયની ઉપાધિ છે, વસ્તુનો સ્વભાવગુણ નથી. —આ રીતે વિચારતાં ભેદભિન્ન પ્રતીતિ ઊપજે છે, જે અનુભવગોચર છે. કોઈ પ્રશ્ન કરે છે કે કેટલા કાળમાં પ્રજ્ઞાછીણી પડે છે—ભિન્ન ભિન્ન કરે છે? ઉત્તર આમ છે—''रभसात्'' અતિ સૂક્ષ્મ કાળમાં—એક સમયમાં પડે છે, તે જ કાળે ભિન્ન ભિન્ન કરે છે. કેવી છે પ્રજ્ઞાછીણી? ''निपुणैः कथमपि पातिता'' (निपुणैः) આત્માનુભવમાં પ્રવીણ છે જે સમ્યગ્દૃષ્ટિ જીવો તેમના વડે (कथम् अपि) સંસારમાં નિકટપણારૂપ કાળલબ્ધિ પ્રાપ્ત થવાથી (पातिता) સ્વરૂપમાં પેસાડવાથી પેસે છે. ભાવાર્થ આમ છે કે ભેદવિજ્ઞાન બુદ્ધિપૂર્વક વિકલ્પરૂપ છે, ગ્રાહ્ય-ગ્રાહકરૂપ છે,

શુદ્ધસ્વરૂપની જેમ નિર્વિકલ્પ નથી; તેથી ઉપાયરૂપ છે. કેવા છે સમ્યગ્દૃષ્ટિ જીવો? ''सावधानैः'' જીવનું સ્વરૂપ અને કર્મનું સ્વરૂપ, તેમના ભિન્ન ભિન્ન વિચારમાં જાગરૂક છે, પ્રમાદી નથી. કેવી છે પ્રજ્ઞાછીણી? ''अभितः भिन्नभिन्नौ कुर्वती'' (अभितः) સર્વથા પ્રકારે (भिन्नभिन्नौ कुर्वती) જીવને અને કર્મને જુદાં જુદાં કરે છે. જે રીતે ભિન્ન ભિન્ન કરે છે તે રીત કહે છે—''चैतन्यपूरे आत्मानं मग्नं कुर्वती अज्ञानभावे बन्धं नियमितं कुर्वती'' (चैतन्य) સ્વપરસ્વરૂપગ્રાહક એવો જે પ્રકાશગુણ તેના (पूरे) ત્રિકાળગોચર પ્રવાહમાં (आत्मानं) જીવદ્રવ્યને (मग्नं कुर्वती) એકવસ્તુરૂપ–એમ સાધે છે; ભાવાર્થ આમ છે કે શુદ્ધચેતનામાત્ર જીવનું સ્વરૂપ છે એમ અનુભવગોચર થાય છે; (अज्ञानभावे) રાગાદિપણામાં (नियमितं बन्धं कुर्वती) નિયમથી બંધનો સ્વભાવ છે–એમ સાધે છે. ભાવાર્થ આમ છે કે રાગાદિ અશુદ્ધપણું કર્મબંધની ઉપાધિ છે, જીવનું સ્વરૂપ નથી એવું અનુભવગોચર થાય છે. કેવું છે ચૈતન્યપૂર? ''अन्तःस्थिरविशदलसद्धाम्नि'' (अन्तः) સર્વ અસંખ્યાત પ્રદેશોમાં એકસ્વરૂપ, (स्थिर) સર્વ કાળે શાશ્વત, (विशद) સર્વ કાળે શુદ્ધત્વરૂપ અને (लसत्) સર્વ કાળે પ્રત્યક્ષ એવો છે (धाम्नि) કેવળજ્ઞાન-કેવળદર્શન-તેજઃપુંજ જેનો, એવું છે. ૨-૧૮૧.

(શાર્દૂલવિક્રીડિત)

भित्त्वा सर्वमपि स्वलक्षणबलाद्भेत्तुं हि यच्छक्यते
चिन्मुद्राङ्कितनिर्विभागमहिमा शुद्धश्चिदेवास्म्यहम् ।
भिद्यन्ते यदि कारकाणि यदि वा धर्मा गुणा वा यदि
भिद्यन्तां न भिदास्ति काचन विभौ भावे विशुद्धे चिति ॥३-१८२॥

ખંડાન્વય સહિત અર્થ :—ભાવાર્થ આમ છે કે જેને શુદ્ધસ્વરૂપનો અનુભવ હોય છે તે જીવ આવા પરિણામસંસ્કારવાળો હોય છે. ''अहम् शुद्धः चित् अस्मि एव'' (अहम्) હું (शुद्धः चित् अस्मि) શુદ્ધ ચૈતન્યમાત્ર છું, (एव) નિશ્ચયથી એવો જ છું. ''चिन्मुद्राङ्कितनिर्विभागमहिमा'' (चिन्मुद्रा) ચેતનાગુણ વડે (अङ्कित) ચિહ્નિત કરી દીધેલી એવી છે (निर्विभाग) ભેદથી રહિત (महिमा) મોટપ જેની, એવો છું.

આવો અનુભવ જે રીતે થાય છે તે રીત કહે છે—"सर्वम् अपि भित्त्वा" (सर्वम्) જેટલી કર્મના ઉદયની ઉપાધિ છે તે બધાનું—(भित्त्वा) અનાદિ કાળથી પોતારૂપ જાણીને અનુભવતો હતો તેને પરદ્રવ્ય જાણીને—સ્વામિત્વ છોડી દીધું. કેવું છે પરદ્રવ્ય? "यत् तु भेत्तुम् शक्यते" (यत् तु) જે કર્મરૂપ પરદ્રવ્ય-વસ્તુ (भेत्तुं शक्यते) જીવથી ભિન્ન કરાવાને શક્ય છે એટલે કે દૂર કરી શકાય છે. શાથી? "स्वलक्षणबलात्" (स्वलक्षण) જીવનું લક્ષણ ચેતન, કર્મનું લક્ષણ અચેતન–એવો જે ભેદ તેની (बलात्) સહાયથી. કેવો છું હું? "यदि कारकाणि वा धर्माः वा गुणाः भिद्यन्ते भिद्यन्तां चिति भावे काचन भिदा न" (यदि) જો (कारकाणि) આત્મા, આત્માને, આત્મા વડે, આત્મામાં–એવા ભેદ (वा) અથવા (धर्माः) ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ, દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ ભેદબુદ્ધિ અથવા (गुणाः) જ્ઞાનગુણ, દર્શનગુણ, સુખગુણ ઈત્યાદિ અનંત ગુણરૂપ ભેદબુદ્ધિ (भिद्यन्ते)—આવા ભેદ વચન દ્વારા ઉપજાવ્યા થકા ઊપજે છે (तदा भिद्यन्तां) તો વચનમાત્ર ભેદ હો; પરંતુ (चिति भावे) ચૈતન્યસત્તામાં તો (काचन भिदा न) કોઈ ભેદ નથી, નિર્વિકલ્પમાત્ર ચૈતન્ય વસ્તુનું સત્ત્વ છે. કેવો છે ચૈતન્યભાવ? "विभौ" પોતાના સ્વરૂપમાં વ્યાપનશીલ છે. વળી કેવો છે? "विशुद्धे" સર્વ કર્મની ઉપાધિથી રહિત છે. ૩-૧૮૨.

(શાર્દૂલવિક્રીડિત)

**अद्वैतापि हि चेतना जगति चेद् दृग्ज्ञप्तिरूपं त्यजेत्**
**तत्सामान्यविशेषरूपविरहात्साऽस्तित्वमेव त्यजेत् ।**
**तत्त्यागे जडता चितोऽपि भवति व्याप्यो विना व्यापका-**
**दात्मा चान्तमुपैति तेन नियतं दृग्ज्ञप्तिरूपास्तु चित् ।।४-१८३।।**

**ખંડાન્વય સહિત અર્થ :**—"तेन चित् नियतं दृग्ज्ञप्तिरूपा अस्तु" (तेन) તે કારણથી (चित्) ચેતનામાત્ર સત્તા (नियतं) અવશ્ય (दृग्ज्ञप्तिरूपा अस्तु) દર્શન એવું નામ, જ્ઞાન એવું નામ, એવાં બે નામ–સંજ્ઞા દ્વારા ઉપદિષ્ટ હો. ભાવાર્થ આમ છે કે એક સત્ત્વરૂપ ચેતના, તેનાં નામ બે : એક તો દર્શન એવું નામ, બીજું જ્ઞાન એવું નામ. એવા ભેદ હોય છે તો હો, વિરુદ્ધ તો કાંઈ નથી. એવા અર્થને

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



દ્રઢ કરે છે—"चेत् जगति चेतना अद्वैता अपि तत् दृग्ज्ञप्तिरूपं त्यजेत् सा अस्तित्वम् एव त्यजेत्" (चेत्) જો એમ છે કે (जगति) ત્રૈલોક્યવર્તી જીવોમાં પ્રગટ છે એવી (चेतना) સ્વપરગ્રાહક શક્તિ, [કેવી છે?] (अद्वैता अपि) એક-પ્રકાશરૂપ છે તથાપિ (दृग्ज्ञप्तिरूपं त्यजेत्) દર્શનરૂપ ચેતના, જ્ઞાનરૂપ ચેતના–એવાં બે નામોને છોડે, તો તેમાં ત્રણ દોષ ઊપજે. પ્રથમ દોષ આવો—"सा अस्तित्वम् एव त्यजेत्" (सा) તે ચેતના (अस्तित्वम् एव त्यजेत्) પોતાના સત્ત્વને અવશ્ય છોડે. ભાવાર્થ આમ છે કે ચેતના સત્ત્વ નથી એવો ભાવ પ્રાપ્ત થાય. શા કારણથી? "सामान्यविशेषरूपविरहात् (सामान्य) સત્તામાત્ર અને (विशेष) પર્યાયરૂપ, તેમના (विरहात्) રહિતપણાના કારણે. ભાવાર્થ આમ છે કે જેમ સમસ્ત જીવાદિ વસ્તુ સત્ત્વરૂપ છે, તે જ સત્ત્વ પર્યાયરૂપ છે, તેમ ચેતના અનાદિનિધન સત્તાસ્વરૂપ વસ્તુમાત્ર નિર્વિકલ્પ છે તેથી ચેતનાનું દર્શન એવું નામ કહેવાય છે; જેથી સમસ્ત જ્ઞેય વસ્તુને ગ્રહણ કરે છે, જે તે જ્ઞેયાકારરૂપે પરિણમે છે—જ્ઞેયાકારરૂપ પરિણમન ચેતનાનો પર્યાય છે તે-રૂપે પરિણમે છે—તેથી ચેતનાનું જ્ઞાન એવું નામ છે. આવી બે અવસ્થાઓને છોડે તો ચેતના વસ્તુ નથી એવી પ્રતીતિ ઊપજે. અહીં કોઈ આશંકા કરશે કે ચેતના ન રહે તો નહીં રહો, જીવદ્રવ્ય તો વિદ્યમાન છે? ઉત્તર આમ છે કે ચેતનામાત્ર દ્વારા જીવદ્રવ્ય સાધ્યું છે, તેથી તે ચેતના સિદ્ધ થયા વિના જીવદ્રવ્ય પણ સિદ્ધ થશે નહિ; અથવા જો સિદ્ધ થશે તો તે પુદ્‌ગલદ્રવ્યની માફક અચેતન સિદ્ધ થશે, ચેતન સિદ્ધ નહિ થાય. એ જ અર્થ કહે છે: બીજો દોષ આવો—"तत्त्यागे चितः अपि जडता भवति" (तत्त्यागे) ચેતનાનો અભાવ થતાં (चितः अपि) જીવદ્રવ્યને પણ (जडता भवति) પુદ્‌ગલદ્રવ્યની માફક જડપણું આવે અર્થાત્ જીવદ્રવ્ય પણ અચેતન છે એવી પ્રતીતિ ઊપજે. "च" ત્રીજો દોષ આવો કે—"व्यापकात् विना व्याप्यः आत्मा अन्तम् उपैति" (व्यापकात् विना) ચેતનાગુણનો અભાવ થતાં (व्याप्यः आत्मा) ચેતનાગુણમાત્ર છે જે જીવદ્રવ્ય તે (अन्तम् उपैति) નાશને પામે અર્થાત્ મૂળથી જીવદ્રવ્ય નથી એવી પ્રતીતિ પણ ઊપજે.—આવા ત્રણ દોષ મોટા દોષ છે. આવા દોષોથી જે કોઈ ભય પામે છે તેણે એમ માનવું જોઈએ કે ચેતના દર્શન-જ્ઞાન એવાં બે નામે–સંજ્ઞાએ બિરાજમાન છે. આવો અનુભવ સમ્યક્ત્વ છે. ૪-૧૮૩.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

(ઇન્દ્રવજ્રા)

एकश्चितश्चिन्मय एव भावो
भावाः परे ये किल ते परेषाम् ।
ग्राह्यस्ततश्चिन्मय एव भावो
भावाः परे सर्वत एव हेयाः ॥५-१८४॥

ખંડાન્વય સહિત અર્થ :—''चितः चिन्मयः भावः एव'' (चितः) જીવદ્રવ્યનો (चिन्मयः) ચેતનામાત્ર એવો (भावः) સ્વભાવ છે, (एव) નિશ્ચયથી એમ જ છે, અન્યથા નથી. કેવો છે ચેતનામાત્ર ભાવ? ''एकः'' નિર્વિકલ્પ છે, નિર્ભેદ છે, સર્વથા શુદ્ધ છે. ''किल ये परे भावाः ते परेषाम्'' (किल) નિશ્ચયથી (ये परे भावाः) શુદ્ધ ચૈતન્યસ્વરૂપ સાથે અણમળતા છે જે દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મસંબંધી પરિણામો (ते परेषाम्) સમસ્ત પુદ્‌ગલકર્મના છે, જીવના નથી. ''ततः चिन्मयः भावः ग्राह्यः एव, परे भावाः सर्वतः हेयाः एव'' (ततः) તે કારણથી (चिन्मयः भावः) શુદ્ધ ચેતનામાત્ર છે જે સ્વભાવ તે (ग्राह्यः एव) જીવનું સ્વરૂપ છે એવો અનુભવ કરવા યોગ્ય છે; (परे भावाः) આની સાથે અણમળતા છે જે દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મસ્વભાવ તે (सर्वतः हेयाः एव) સર્વથા પ્રકારે જીવનું સ્વરૂપ નથી એવો અનુભવ કરવા યોગ્ય છે. આવો અનુભવ સમ્યક્ત્વ છે; સમ્યક્ત્વગુણ મોક્ષનું કારણ છે. ૫-૧૮૪.

(શાર્દૂલવિક્રીડિત)

सिद्धान्तोऽयमुदात्तचित्तचरितैर्मोक्षार्थिभिः सेव्यतां
शुद्धं चिन्मयमेकमेव परमं ज्योतिः सदैवास्म्यहम् ।
एते ये तु समुल्लसन्ति विविधा भावाः पृथग्लक्षणा-
स्तेऽहं नास्मि यतोऽत्र ते मम परद्रव्यं समग्रा अपि ॥६-१८५॥

ખંડાન્વય સહિત અર્થ :—''मोक्षार्थिभिः अयं सिद्धान्तः सेव्यतां'' (मोक्षार्थिभिः) મોક્ષાર્થીઓ અર્થાત્ સકળ કર્મનો ક્ષય થતાં થાય છે અતીન્દ્રિય સુખ, તેને ઉપાદેયરૂપ અનુભવે છે એવા છે જે કોઈ જીવ તેઓ, (अयं सिद्धान्तः) આ

પરમાર્થનો અર્થાત્ જેવું કહીશું વસ્તુનું સ્વરૂપ તેનો (सेव्यतां) નિરંતર અનુભવ કરો. કેવા છે મોક્ષાર્થી જીવ? ''उदात्तचित्तचरितैः'' (उदात्त) સંસાર-શરીર-ભોગથી રહિત છે (चित्तचरितैः) મનનો અભિપ્રાય જેમનો, એવા છે. કેવો છે તે પરમાર્થ? ''अहम् शुद्धं चिन्मयम् ज्योतिः सदा एव अस्मि'' (अहम्) સ્વસંવેદનપ્રત્યક્ષ છું જે હું જીવદ્રવ્ય તે (शुद्धं चिन्मयम् ज्योतिः) શુદ્ધ જ્ઞાનસ્વરૂપ પ્રકાશ (सदा) સર્વ કાળ (एव) નિશ્ચયથી (अस्मि) છું ''तु ये एते विविधाः भावाः ते अहं न अस्मि'' (तु) એક વિશેષ છે—(ये एते विविधाः भावाः) શુદ્ધ ચૈતન્યસ્વરૂપ સાથે અણમળતા છે જે રાગાદિ અશુદ્ધ ભાવ, શરીર આદિ, સુખદુઃખ આદિ નાના પ્રકારના અશુદ્ધ પર્યાયો, (ते अहं न अस्मि) તે બધાં જીવદ્રવ્યસ્વરૂપ નથી. કેવા છે અશુદ્ધ ભાવ? ''पृथग्लक्षणाः'' મારા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ સાથે મળતા નથી. શા કારણથી? ''यतः अत्र ते समग्राः अपि मम परद्रव्यं'' (यतः) કારણ કે (अत्र) નિજસ્વરૂપને અનુભવતાં, (ते समग्राः अपि) જેટલા છે રાગાદિ અશુદ્ધ વિભાવપર્યાયો તે (मम परद्रव्यं) મને પરદ્રવ્યરૂપ છે, કેમ કે શુદ્ધ ચૈતન્યલક્ષણ સાથે મળતા નથી; તેથી સમસ્ત વિભાવપરિણામ હેય છે. ૬-૧૮૫.

(અનુષ્ટુપ)

परद्रव्यग्रहं कुर्वन् बध्येतैवापराधवान् ।
बध्येतानपराधो न स्वद्रव्ये संवृतो यतिः ।।७-१८६।।

ખંડાન્વય સહિત અર્થ :—''अपराधवान् बध्येत एव'' (अपराधवान्) શુદ્ધ ચિદ્રૂપ-અનુભવસ્વરૂપથી ભ્રષ્ટ છે જે જીવ તે (बध्येत) જ્ઞાનાવરણાદિ કર્મો વડે બંધાય છે. કેવો છે? ''परद्रव्यग्रहं कुर्वन्'' (परद्रव्य) શરીર, મન, વચન, રાગાદિ અશુદ્ધ પરિણામ, તેમના (ग्रहं) આત્મબુદ્ધિરૂપ સ્વામિત્વને (कुर्वन्) કરતો થકો. ''अनपराधः मुनिः न बध्येत'' (अनपराधः) કર્મના ઉદયના ભાવને આત્માનો જાણીને અનુભવતો નથી એવો છે જે (मुनिः) પરદ્રવ્યથી વિરક્ત સમ્યગ્દ્રષ્ટિ જીવ તે (न बध्येत) જ્ઞાનાવરણાદિ કર્મપિંડ વડે બંધાતો નથી. ભાવાર્થ આમ છે કે જેમ કોઈ ચોર પરદ્રવ્ય ચોરે છે, ગુનેગાર થાય છે, ગુનેગાર થવાથી બંધાય છે; તેમ મિથ્યાદ્રષ્ટિ જીવ પરદ્રવ્યરૂપ છે જે દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મ, તેમને પોતારૂપ જાણી અનુભવે છે, શુદ્ધસ્વરૂપથી ભ્રષ્ટ છે, પરમાર્થ બુદ્ધિએ વિચારતાં ગુનેગાર છે, જ્ઞાનાવરણાદિ કર્મનો બંધ કરે છે. સમ્યગ્દ્રષ્ટિ જીવ

એવા ભાવથી રહિત છે. કેવો છે સમ્યગ્દષ્ટિ જીવ? ''स्वद्रव्ये संवृतः'' પોતાના આત્મદ્રવ્યમાં સંવરરૂપ છે અર્થાત્ આત્મામાં મગ્ન છે. ૭-૧૮૬.

(માલિની)

अनवरतमनन्तैर्बध्यते सापराधः
स्पृशति निरपराधो बन्धनं नैव जातु ।
नियतमयमशुद्धं स्वं भजन्सापराधो
भवति निरपराधः साधु शुद्धात्मसेवी ॥८-१८७॥

**ખંડાન્વય સહિત અર્થ** :—''सापराधः अनवरतम् अनन्तैः बध्यते'' (सापराधः) પરદ્રવ્યરૂપ છે પુદ્ગલકર્મ, તેને પોતારૂપ જાણે છે એવો મિથ્યાદષ્ટિ જીવ (अनवरतम्) અખંડધારાપ્રવાહરૂપે (अनन्तैः) ગણનાથી અતીત જ્ઞાનાવરણાદિરૂપ બંધાય છે પુદ્ગલવર્ગણા, તેમના વડે (बध्यते) બંધાય છે. ''निरपराधः जातु बन्धनं न एव स्पृशति'' (निरपराधः) શુદ્ધસ્વરૂપને અનુભવે છે એવો સમ્યગ્દષ્ટિ જીવ (जातु) કોઈ પણ કાળે (बन्धनं) પૂર્વોક્ત કર્મબંધને (न स्पृशति) સ્પર્શતો નથી, (एव) નિશ્ચયથી. હવે સાપરાધ-નિરપરાધનું લક્ષણ કહે છે—''अयम् अशुद्धं स्वं नियतम् भजन् सापराधः भवति'' (अयम्) મિથ્યાદષ્ટિ જીવ, (अशुद्धं) રાગાદિ અશુદ્ધ પરિણામરૂપ પરિણમ્યું છે એવા (स्वं) પોતાના જીવદ્રવ્યને (नियतम् भजन्) એવું જ નિરંતર અનુભવતો થકો (सापराधः भवति) અપરાધ સહિત હોય છે. ''साधु शुद्धात्मसेवी निरपराधः भवति'' (साधु) જેમ છે તેમ (शुद्धात्म) સકળ રાગાદિ અશુદ્ધપણાથી ભિન્ન શુદ્ધ ચિદ્રૂપમાત્ર એવા જીવદ્રવ્યને (सेवी) સેવે છે અર્થાત્ તેના અનુભવથી બિરાજમાન છે જે સમ્યગ્દષ્ટિ જીવ તે (निरपराधः भवति) સમસ્ત અપરાધથી રહિત છે; તેથી કર્મનો બંધક થતો નથી. ૮-૧૮૭.

अतो हताः प्रमादिनो गताः सुखासीनतां
प्रलीनं चापलमुन्मूलितमालंबनम् ।
आत्मन्येवालानितं च चित्त-
मासंपूर्णविज्ञानघनोपलब्धेः ॥९-१८८॥

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



**ખંડાન્વય સહિત અર્થ :**—"अतः प्रमादिनः हताः" (अतः प्रमादिनः) શુદ્ધ-સ્વરૂપની પ્રાપ્તિથી ભ્રષ્ટ છે જે જીવ, તેઓ (हताः) મોક્ષમાર્ગના અધિકારી નથી; એવા મિથ્યાદૃષ્ટિ જીવોનો ધિક્કાર કર્યો છે. કેવા છે? "सुखासीनतां गताः" કર્મના ઉદયે પ્રાપ્ત જે ભોગસામગ્રી, તેમાં સુખની વાંછા કરે છે. "चापलम् प्रलीनं" (चापलम्) રાગાદિ અશુદ્ધ પરિણામોથી થાય છે સર્વ પ્રદેશોમાં આકુળતા (प्रलीनं) તે પણ હેય કરી. "आलम्बनम् उन्मूलितम्" (आलम्बनम्) બુદ્ધિપૂર્વક જ્ઞાન કરતાં થકાં જેટલું ભણવું, વિચારવું, ચિંતવવું, સ્મરણ કરવું ઇત્યાદિ છે તે (उन्मूलितम्) મોક્ષનું કારણ નથી એમ જાણીને હેય ઠરાવ્યું છે. "आत्मनि एव चित्तम् आलानितं" (आत्मनि एव) શુદ્ધસ્વરૂપમાં એકાગ્ર થઈને (चित्तम् आलानितं) મનને બાંધ્યું છે. આવું કાર્ય જે રીતે થયું તે રીત કહે છે—"आसम्पूर्णविज्ञानघनोपलब्धेः" (आसम्पूर्णविज्ञान) નિરાવરણ કેવળજ્ઞાનનો (घन) સમૂહ જે આત્મદ્રવ્ય, તેની (उपलब्धेः) પ્રત્યક્ષપણે પ્રાપ્તિ થવાથી. ૯-૧૮૮.

(વસન્તતિલકા)

**यत्र प्रतिक्रमणमेव विषं प्रणीतं**
**तत्राप्रतिक्रमणमेव सुधा कुतः स्यात् ।**
**तत्किं प्रमाद्यति जनः प्रपतन्नधोऽधः**
**किं नोर्ध्वमूर्ध्वमधिरोहति निष्प्रमादः ॥१०-१८६॥**

**ખંડાન્વય સહિત અર્થ :**—"तत् जनः किं प्रमाद्यति" (तत्) તે કારણથી (जनः) જન અર્થાત્ સમસ્ત સંસારી જીવરાશિ (किं प्रमाद्यति) કેમ પ્રમાદ કરે છે? ભાવાર્થ આમ છે કે—કૃપાસાગર છે સૂત્રના કર્તા આચાર્ય, તે એમ કહે છે કે નાના પ્રકારના વિકલ્પો કરવાથી સાધ્યસિદ્ધિ તો નથી. કેવો છે નાના પ્રકારના વિકલ્પો કરનારો જન? "अधः अधः प्रपतन्" જેમ જેમ અધિક ક્રિયા કરે છે, અધિક અધિક વિકલ્પ કરે છે, તેમ તેમ અનુભવથી ભ્રષ્ટથી ભ્રષ્ટ થાય છે. તે કારણથી "जनः ऊर्ध्वम् ऊर्ध्वम् किं न अधिरोहति" (जनः) જન અર્થાત્ સમસ્ત સંસારી જીવરાશિ (ऊर्ध्वम् ऊर्ध्वम्) નિર્વિકલ્પથી નિર્વિકલ્પ અનુભવરૂપ (किं न अधिरोहति) કેમ પરિણમતો નથી? કેવો છે જન? "निःप्रमादः" નિર્વિકલ્પ છે. કેવો છે નિર્વિકલ્પ અનુભવ? "यत्र

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

प्रतिक्रमणम् विषं एव प्रणीतं'' (यत्र) જેમાં (प्रतिक्रमणम्) પઠન-પાઠન, સ્મરણ, ચિંતન, સ્તુતિ, વંદના ઇત્યાદિ અનેક ક્રિયારૂપ વિકલ્પો (विषं एव प्रणीतं) વિષ સમાન કહ્યા છે, ''तत्र अप्रतिक्रमणम् सुधाकुटः एव स्यात्'' (तत्र) તે નિર્વિકલ્પ અનુભવમાં (अप्रतिक्रमणम्) ન ભણવું, ન ભણાવવું, ન વંદવું, ન નિંદવું એવો ભાવ (सुधाकुटः एव स्यात्) અમૃતના નિધાન સમાન છે. ભાવાર્થ આમ છે કે—નિર્વિકલ્પ અનુભવ સુખરૂપ છે, તેથી ઉપાદેય છે; નાના પ્રકારના વિકલ્પો આકુળતારૂપ છે, તેથી હેય છે. ૧૦-૧૮૯.

(પૃથ્વી)

प्रमादकलितः कथं भवति शुद्धभावोऽलसः
कषायभरगौरवादलसता प्रमादो यतः ।
अतः स्वरसनिर्भरे नियमितः स्वभावे भवन्
मुनिः परमशुद्धतां व्रजति मुच्यते वाऽचिरात् ॥११-१९०॥

ખંડાન્વય સહિત અર્થ :—''अलसः प्रमादकलितः शुद्धभावः कथं भवति'' (अलसः) અનુભવમાં શિથિલ છે એવો જીવ, [વળી કેવો છે?] (प्रमादकलितः) નાના પ્રકારના વિકલ્પોથી સંયુક્ત છે એવો જીવ, (शुद्धभावः कथं भवति) શુદ્ધોપયોગી ક્યાંથી હોય? અર્થાત્ નથી હોતો. ''यतः अलसता प्रमादः कषायभरगौरवात्'' (यतः) કારણ કે (अलसता) અનુભવમાં શિથિલતા (प्रमादः) નાના પ્રકારના વિકલ્પ છે. શા કારણથી થાય છે? (कषाय) રાગાદિ અશુદ્ધ પરિણતિના (भर) ઉદયના (गौरवात्) તીવ્રપણાથી થાય છે. ભાવાર્થ આમ છે કે—જે જીવ શિથિલ છે, વિકલ્પ કરે છે, તે જીવ શુદ્ધ નથી; કારણ કે શિથિલપણું, વિકલ્પપણું અશુદ્ધપણાનું મૂળ છે. ''अतः मुनिः परमशुद्धतां व्रजति च अचिरात् मुच्यते'' (अतः) આ કારણથી (मुनिः) મુનિ અર્થાત્ સમ્યગ્દૃષ્ટિ જીવ (परमशुद्धतां व्रजति) શુદ્ધોપયોગપરિણતિરૂપ પરિણમે છે (च) એવો થતો થકો (अचिरात् मुच्यते) તે જ કાળે કર્મબંધથી મુક્ત થાય છે. કેવો છે મુનિ? ''स्वभावे नियमितः भवन्'' (स्वभावे) સ્વભાવમાં અર્થાત્ શુદ્ધ સ્વરૂપમાં (नियमितः भवन्) એકાગ્રપણે મગ્ન થતો થકો. કેવો છે સ્વભાવ? ''स्वरसनिर्भरे'' (स्वरस) ચેતનાગુણથી (निर्भरे) પરિપૂર્ણ છે. ૧૧-૧૯૦.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



(શાર્દૂલવિક્રીડિત)

त्यक्त्वाऽशुद्धिविधायि तत्किल परद्रव्यं समग्रं स्वयं
स्वद्रव्ये रतिमेति यः स नियतं सर्वापराधच्युतः ।
बन्धध्वंसमुपेत्य नित्यमुदितः स्वज्योतिरच्छोच्छल-
च्चैतन्यामृतपूरपूर्णमहिमा शुद्धो भवन्मुच्यते ॥१२-१९१॥

**ખંડાન્વય સહિત અર્થ :—**''सः मुच्यते'' (सः) સમ્યગ્દૃષ્ટિ જીવ (मुच्यते) સકળ કર્મોનો ક્ષય કરી અતીન્દ્રિયસુખલક્ષણ મોક્ષને પ્રાપ્ત થાય છે. કેવો છે? ''शुद्धः भवन्'' રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ પરિણતિથી ભિન્ન થતો થકો. વળી કેવો છે? ''स्वज्योतिरच्छोच्छलच्चैतन्यामृतपूरपूर्णमहिमा'' (स्वज्योतिः) દ્રવ્યના સ્વભાવગુણરૂપ, (अच्छ) નિર્મળ, (उच्छलत्) ધારાપ્રવાહરૂપ પરિણમનશીલ એવો જે (चैतन्य) ચેતનાગુણ, તે-રૂપ જે (अमृत) અતીન્દ્રિય સુખ, તેના (पूर) પ્રવાહથી (पूर्ण) તન્મય છે (महिमा) માહાત્મ્ય જેનું, એવો છે. વળી કેવો છે? ''नित्यम् उदितः'' સર્વ કાળ અતીન્દ્રિય સુખસ્વરૂપ છે. વળી કેવો છે? ''नियतं सर्वापराधच्युतः'' (नियतं) અવશ્ય (सर्वापराध) જેટલા સૂક્ષ્મ-સ્થૂલરૂપ રાગ-દ્વેષ-મોહપરિણામો, તેમનાથી (च्युतः) સર્વ પ્રકારે રહિત છે. શું કરતો થકો આવો થાય છે? ''बन्धध्वंसम् उपेत्य'' (बन्ध) જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલકર્મના બંધરૂપ પર્યાયની (ध्वंसम्) સત્તાના નાશરૂપ (उपेत्य) અવસ્થાને પામીને. વળી શું કરતો થકો આવો થાય છે? ''तत् समग्रं परद्रव्यं स्वयं त्यक्त्वा'' દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મસામગ્રીનું મૂળથી મમત્વ સ્વયં છોડીને. કેવું છે પરદ્રવ્ય? ''अशुद्धिविधायि'' અશુદ્ધ પરિણતિને બાહ્યરૂપ નિમિત્તમાત્ર છે. ''किल'' નિશ્ચયથી. ''यः स्वद्रव्ये रतिम् एति'' (यः) જે સમ્યગ્દૃષ્ટિ જીવ (स्वद्रव्ये) શુદ્ધ ચૈતન્યમાં (रतिम् एति) રત થયો છે અર્થાત્ નિર્વિકલ્પ અનુભવથી ઊપજેલા સુખમાં મગ્નપણાને પ્રાપ્ત થયો છે. ભાવાર્થ આમ છે કે સર્વ અશુદ્ધપણું મટતાં થાય છે શુદ્ધપણું, તેના સહારાનો છે શુદ્ધ ચિદ્રૂપનો અનુભવ, એવો મોક્ષમાર્ગ છે. ૧૨-૧૯૧.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

(મન્દાક્રાન્તા)

**बन्धच्छेदात्कलयदतुलं मोक्षमक्षय्यमेत-**
**न्नित्योद्योतस्फुटितसहजावस्थमेकान्तशुद्धम् ।**
**एकाकारस्वरसभरतोऽत्यन्तगम्भीरधीरं**
**पूर्णं ज्ञानं ज्वलितमचले स्वस्य लीनं महिम्नि ॥१३-१९२॥**

**ખંડાન્વય સહિત અર્થ** :—"एतत् पूर्णं ज्ञानं ज्वलितम्" (एतत्) એ પ્રમાણે જે કહ્યું છે તે, (पूर्णं ज्ञानं) સમસ્ત કર્મમળકલંકનો વિનાશ થતાં, જીવદ્રવ્ય જેવું હતું અનંત ગુણે બિરાજમાન, તેવુ (ज्वलितम्) પ્રગટ થયું. કેવું પ્રગટ થયું? "मोक्षम् कलयत्" (मोक्षम्) જીવની જે નિઃકર્મરૂપ અવસ્થા, (कलयत्) તે અવસ્થારૂપ પરિણમતું થકું. કેવો છે મોક્ષ? "अक्षय्यम्" આગામી અનંત કાળ પર્યન્ત અવિનશ્વર છે, (अतुलं) ઉપમા રહિત છે. શા કારણથી પ્રગટ થયું? "बन्धच्छेदात्" (बन्ध) જ્ઞાનાવરણાદિ આઠ કર્મના (छेदात्) મૂળ સત્તાથી નાશ દ્વારા. કેવું છે શુદ્ધ જ્ઞાન (અર્થાત્ જીવદ્રવ્ય)? "नित्योद्योतस्फुटितसहजावस्थम्" (नित्योद्योत) શાશ્વત પ્રકાશથી (स्फुटित) પ્રગટ થયું છે (सहजावस्थम्) અનંત ગુણે બિરાજમાન શુદ્ધ જીવદ્રવ્ય જેને, એવું છે. વળી કેવું છે? "एकान्तशुद्धम्" સર્વથા પ્રકારે શુદ્ધ છે. વળી કેવું છે? "अत्यन्तगम्भीरधीरं" (अत्यन्तगम्भीर) અનંત ગુણે બિરાજમાન એવું છે, (धीरं) સર્વ કાળ શાશ્વત છે. શા કારણથી? "एकाकारस्वरसभरतः" (एकाकार) એકરૂપ થયેલાં (स्वरस) અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ અને અનંત વીર્યના (भरतः) અતિશયના કારણે. વળી કેવું છે? "स्वस्य अचले महिम्नि लीनं" (स्वस्य अचले महिम्नि) પોતાના નિષ્કમ્પ પ્રતાપમાં (लीनं) મગ્નરૂપ છે. ભાવાર્થ આમ છે કે— સકળકર્મક્ષયલક્ષણ મોક્ષમાં આત્મદ્રવ્ય સ્વાધીન છે, અન્યત્ર ચતુર્ગતિમાં જીવ પરાધીન છે. મોક્ષનું સ્વરૂપ કહ્યું. ૧૩-૧૯૨.

# –૧૦–

# સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર

(મંદાક્રાન્તા)

**नीत्वा सम्यक् प्रलयमखिलान् कर्तृभोक्त्रादिभावान्**
**दूरीभूतः प्रतिपदमयं बन्धमोक्षप्रक्लृप्तेः ।**
**शुद्धः शुद्धः स्वरसविसरापूर्णपुण्याचलार्चि-**
**ष्टंकोत्कीर्णप्रकटमहिमा स्फूर्जति ज्ञानपुञ्जः ॥१-१६३॥**

**ખંડાન્વય સહિત અર્થ :—**"अयं ज्ञानपुञ्जः स्फूर्जति" (अयं) આ વિદ્યમાન (ज्ञानपुञ्जः) જ્ઞાનપુંજ અર્થાત્ શુદ્ધ જીવદ્રવ્ય (स्फूर्जति) પ્રગટ થાય છે. ભાવાર્થ આમ છે કે અહીંથી શરૂ કરીને જીવનું જેવું શુદ્ધ સ્વરૂપ છે તેવું કહે છે. કેવો છે જ્ઞાનપુંજ? "टङ्कोत्कीर्णप्रकटमहिमा" (टङ्कोत्कीर्ण) સર્વ કાળ એકરૂપ એવો છે (प्रकट) સ્વાનુભવગોચર (महिमा) સ્વભાવ જેનો, એવો છે. વળી કેવો છે? "स्वरसविसरापूर्णपुण्याचलार्चिः" (स्वरस) શુદ્ધ જ્ઞાનચેતનાના (विसर) અનંત અંશભેદથી (आपूर्ण) સંપૂર્ણ એવું છે (पुण्य) નિરાવરણ જ્યોતિરૂપ (अचल) નિશ્ચળ (अर्चिः) પ્રકાશસ્વરૂપ જેનું, એવો છે. વળી કેવો છે? "शुद्धः शुद्धः" શુદ્ધ-શુદ્ધ છે, અર્થાત્ બે વાર શુદ્ધ કહેવાથી ઘણો જ વિશુદ્ધ છે. વળી કેવો છે? "बन्धमोक्षप्रक्लृप्तेः प्रतिपदम् दूरीभूतः" (बन्ध) બંધ અર્થાત્ જ્ઞાનાવરણાદિ કર્મપિંડ સાથે સંબંધરૂપ એકક્ષેત્રાવગાહ અને (मोक्ष) મોક્ષ અર્થાત્ સકળ કર્મનો નાશ થતાં જીવના સ્વરૂપનું પ્રગટપણું,–એવા (प्रक्लृप्तेः) જે બે વિકલ્પો, તેમનાથી (प्रतिपदम्) એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિયપર્યાયરૂપે જ્યાં છે ત્યાં (दूरीभूतः) ઘણો જ ભિન્ન છે. ભાવાર્થ આમ છે કે એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધી જીવદ્રવ્ય જ્યાં ત્યાં, દ્રવ્યસ્વરૂપના વિચારની અપેક્ષાએ, બંધ એવા

અને મુક્ત એવા વિકલ્પથી રહિત છે; દ્રવ્યનું સ્વરૂપ જેવું છે તેવું જ છે. શું કરતું થકું જીવદ્રવ્ય (અર્થાત્ જ્ઞાનપુંજ) એવું છે? ''अखिलान् कर्तृभोक्त्रादिभावान् सम्यक् प्रलयम् नीत्वा'' (अखिलान्) ગણના કરતાં અનંત છે એવા જે (कर्तृ) 'જીવ કર્તા છે' એવો વિકલ્પ, (भोक्तृ) 'જીવ ભોક્તા છે' એવો વિકલ્પ, (आदिभावान्) ઈત્યાદિ અનંત ભેદ તેમનો (सम्यक्) મૂળથી (प्रलयम् नीत्वा) વિનાશ કરીને. આમ કહે છે. ૧-૧૯૩.

(અનુષ્ટુપ)

**कर्तृत्वं न स्वभावोऽस्य चितो वेदयितृत्ववत् ।**
**अज्ञानादेव कर्तायं तदभावादकारकः ।।२-१९४।।**

**ખંડાન્વય સહિત અર્થ** :—''अस्य चितः कर्तृत्वं न स्वभावः'' (अस्य चितः) ચૈતન્યમાત્રસ્વરૂપ જીવનો, (कर्तृत्वं) જ્ઞાનાવરણાદિ કર્મને કરે અથવા રાગાદિ પરિણામને કરે એવો (न स्वभावः) સહજનો ગુણ નથી; [દૃષ્ટાન્ત કહે છે—] ''वेदयितृत्ववत्'' જેમ જીવ કર્મનો ભોક્તા પણ નથી. ભાવાર્થ આમ છે કે—જો જીવદ્રવ્ય કર્મનું ભોક્તા હોય તો કર્તા હોય; તે તો ભોક્તા પણ નથી, તેથી કર્તા પણ નથી. ''अयं कर्ता अज्ञानात् एव'' (अयं) આ જ જીવ (कर्ता) રાગાદિ અશુદ્ધ પરિણામને કરે છે એવું પણ છે તે શા કારણથી? (अज्ञानात् एव) કર્મજનિત ભાવમાં આત્મબુદ્ધિ એવો છે જે મિથ્યાત્વરૂપ વિભાવપરિણામ, તેના કારણે જીવ કર્તા છે. ભાવાર્થ આમ છે કે—જીવવસ્તુ રાગાદિ વિભાવપરિણામની કર્તા છે એવો જીવનો સ્વભાવગુણ નથી, પરંતુ અશુદ્ધરૂપ વિભાવપરિણતિ છે. ''तदभावात् अकारकः'' (तदभावात्) મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ વિભાવપરિણતિ મટે છે, તે મટતાં (अकारकः) જીવ સર્વથા અકર્તા થાય છે. ૨-૧૯૪.

(શિખરિણી)

**अकर्ता जीवोऽयं स्थित इति विशुद्धः स्वरसतः**
**स्फुरच्चिज्ज्योतिर्भिश्छुरितभुवनाभोगभवनः ।**
**तथाप्यस्यासौ स्याद्यदिह किल बन्धः प्रकृतिभिः**
**स खल्वज्ञानस्य स्फुरति महिमा कोऽपि गहनः ।।३-१९५।।**

ખંડાન્વય સહિત અર્થ :—"अयं जीवः अकर्ता इति स्वरसतः स्थितः" (अयं जीवः) વિદ્યમાન છે જે ચૈતન્યદ્રવ્ય તે (अकर्ता) જ્ઞાનાવરણાદિનું અથવા રાગાદિ અશુદ્ધ પરિણામનું કર્તા નથી (इति) એવું સહજ (स्वरसतः स्थितः) સ્વભાવથી અનાદિનિધન એમ જ છે. કેવું છે? "विशुद्धः" દ્રવ્યની અપેક્ષાએ દ્રવ્યકર્મ-ભાવ-કર્મ-નોકર્મથી ભિન્ન છે. "स्फुरच्चिज्ज्योतिर्भिश्छुरितभुवनाभोगभवनः" (स्फुरत्) પ્રકાશરૂપ એવા (चिज्ज्योतिर्भिः) ચેતનાગુણ દ્વારા (छुरित) પ્રતિબિંબિત છે (भुवनाभोगभवनः) અનંત દ્રવ્ય પોતાના અતીત-અનાગત-વર્તમાન સમસ્ત પર્યાયો સહિત જેમાં, એવું છે. "तथापि किल इह अस्य प्रकृतिभिः यत् असौ बन्धः स्यात्" (तथापि) શુદ્ધ છે જીવદ્રવ્ય તોપણ (किल) નિશ્ચયથી (इह) સંસાર-અવસ્થામાં (अस्य) જીવને (प्रकृतिभिः) જ્ઞાનાવરણાદિ કર્મરૂપ (यत् असौ बन्धः स्यात्) જે કાંઈ બંધ થાય છે "सः खलु अज्ञानस्य कः अपि महिमा स्फुरति" (सः) તે (खलु) નિશ્ચયથી (अज्ञानस्य कः अपि महिमा स्फुरति) મિથ્યાત્વરૂપ વિભાવપરિણમનશક્તિનો કોઈ એવો જ સ્વભાવ છે. કેવો છે? "गहनः" અસાધ્ય છે. ભાવાર્થ આમ છે કે—જીવદ્રવ્ય સંસાર-અવસ્થામાં વિભાવરૂપ મિથ્યાત્વ-રાગ-દ્વેષ-મોહપરિણામરૂપ પરિણમ્યું છે, તેથી જેવું પરિણમ્યું છે તેવા ભાવોનું કર્તા થાય છે—અશુદ્ધ ભાવોનું કર્તા થાય છે. અશુદ્ધ ભાવો મટતાં જીવનો સ્વભાવ અકર્તા છે. ૩-૧૯૫.

(અનુષ્ટુપ)

**भोक्तृत्वं न स्वभावोऽस्य स्मृतः कर्तृत्ववच्चितः ।**
**अज्ञानादेव भोक्ताऽयं तदभावादवेदकः ॥४-१९६॥**

ખંડાન્વય સહિત અર્થ :—"अस्य चितः भोक्तृत्वं स्वभावः न स्मृतः" (अस्य चितः) ચેતનદ્રવ્યનો (भोक्तृत्वं) ભોક્તાપણું—જ્ઞાનાવરણાદિ કર્મના ફળનો અથવા સુખદુઃખરૂપ કર્મફળચેતનાનો અથવા રાગાદિ અશુદ્ધ પરિણામરૂપ કર્મચેતનાનો ભોક્તા જીવ છે—એવો (स्वभावः) સ્વભાવ અર્થાત્ જીવદ્રવ્યનો સહજ ગુણ એવું તો (न स्मृतः) ગણધરદેવે કહ્યું નથી; જીવનો ભોક્તા સ્વભાવ નથી એમ કહ્યું છે; [દૃષ્ટાન્ત કહે છે—] "कर्तृत्ववत्" જેમ જીવદ્રવ્ય કર્મનું કર્તા પણ નથી તેમ. "अयं जीवः भोक्ता" આ જ જીવદ્રવ્ય પોતાના સુખદુઃખરૂપ પરિણામને ભોગવે છે એવું

પણ છે. તે શા કારણથી? ''अज्ञानात् एव'' અનાદિથી કર્મનો સંયોગ છે, તેથી મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ અશુદ્ધ વિભાવે પરિણમ્યું છે, તે કારણે ભોક્તા છે. ''तदभावात् अवेदकः'' મિથ્યાત્વરૂપ વિભાવપરિણામનો નાશ થતાં જીવદ્રવ્ય સાક્ષાત્ અભોક્તા છે. ભાવાર્થ આમ છે કે—જેમ જીવદ્રવ્યનું અનંતચતુષ્ટય સ્વરૂપ છે તેમ કર્મનું કર્તાપણું-ભોક્તાપણું સ્વરૂપ નથી, કર્મની ઉપાધિથી વિભાવરૂપ—અશુદ્ધ પરિણતિરૂપ વિકાર છે, તેથી વિનાશિક છે. તે વિભાવપરિણતિનો વિનાશ થતાં જીવ અકર્તા છે, અભોક્તા છે. હવે મિથ્યાદ્રષ્ટિ જીવ દ્રવ્યકર્મનો અથવા ભાવકર્મનો કર્તા છે, સમ્યગ્દ્રષ્ટિ કર્તા નથી એમ કહે છે. ૪-૧૯૬.

(શાર્દૂલવિક્રીડિત)

**अज्ञानी प्रकृतिस्वभावनिरतो नित्यं भवेद्वेदको**
**ज्ञानी तु प्रकृतिस्वभावविरतो नो जातुचिद्वेदकः ।**
**इत्येवं नियमं निरूप्य निपुणैरज्ञानिता त्यज्यतां**
**शुद्धैकात्ममये महस्यचलितैरासेव्यतां ज्ञानिता ।।५-१९७।।**

ખંડાન્વય સહિત અર્થઃ—''निपुणैः अज्ञानिता त्यज्यतां'' (निपुणैः) સમ્યગ્દ્રષ્ટિ જીવોએ (अज्ञानिता) પરદ્રવ્યમાં આત્મબુદ્ધિરૂપ મિથ્યાત્વપરિણતિ (त्यज्यतां) જે રીતે મટે તે રીતે સર્વથા મટાડવાયોગ્ય છે. કેવા છે સમ્યગ્દ્રષ્ટિ જીવો? ''महसि अचलितैः'' શુદ્ધ ચિદ્રૂપના અનુભવમાં અખંડ ધારારૂપ મગ્ન છે. કેવો છે શુદ્ધ ચિદ્રૂપનો અનુભવ? ''शुद्धैकात्ममये'' (शुद्ध) સમસ્ત ઉપાધિથી રહિત એવું જે (एकात्म) એકલું જીવદ્રવ્ય (मये) તે-સ્વરૂપ છે. બીજું શું કરવાનું છે? ''ज्ञानिता आसेव्यतां'' શુદ્ધ વસ્તુના અનુભવરૂપ—સમ્યક્ત્વપરિણતિરૂપ સર્વ કાળ રહેવું તે ઉપાદેય છે. શું જાણીને એવો થાય? ''इति एवं नियमं निरूप्य'' (इति) જે પ્રકારે કહે છે (एवं नियमं) એવા વસ્તુસ્વરૂપ પરિણમનના નિશ્ચયને (निरूप्य) અવધારીને. તે વસ્તુનું સ્વરૂપ કેવું? ''अज्ञानी नित्यं वेदकः भवेत्'' (अज्ञानी) મિથ્યાદ્રષ્ટિ જીવ (नित्यं) સર્વ કાળે (वेदकः भवेत्) દ્રવ્યકર્મનો, ભાવકર્મનો ભોક્તા થાય છે એવો નિશ્ચય છે; મિથ્યાત્વનું પરિણમન એવું જ છે. કેવો છે અજ્ઞાની? ''प्रकृतिस्वभावनिरतः'' (प्रकृति)

જ્ઞાનાવરણાદિ આઠ કર્મનો (स्वभाव) ઉદય થતાં નાના પ્રકારનાં ચતુર્ગતિશરીર, રાગાદિભાવ, સુખદુઃખપરિણતિ ઇત્યાદિમાં (निरतः) પોતાપણું જાણી એકત્વબુદ્ધિરૂપ પરિણમ્યો છે. ''तु ज्ञानी जातु वेदकः नो भवेत्'' (तु) મિથ્યાત્વ મટતાં એવું પણ છે કે (ज्ञानी) સમ્યગ્દ્રષ્ટિ જીવ (जातु) કદાચિત્ (वेदकः नो भवेत्) દ્રવ્યકર્મનો, ભાવકર્મનો ભોક્તા થતો નથી; આવું વસ્તુનું સ્વરૂપ છે. કેવો છે જ્ઞાની? ''प्रकृतिस्वभावविरतः'' (प्रकृति) કર્મના (स्वभाव) ઉદયના કાર્યમાં (विरतः) હેય જાણીને છૂટી ગયું છે સ્વામિત્વપણું જેને, એવો છે. ભાવાર્થ આમ છે કે જીવને સમ્યક્ત્વ થતાં અશુદ્ધપણું મટ્યું છે, તેથી ભોક્તા નથી. ૫-૧૯૭.

(વસન્તતિલકા)

**ज्ञानी करोति न न वेदयते च कर्म**
**जानाति केवलमयं किल तत्स्वभावम् ।**
**जानन्परं करणवेदनयोरभावा-**
**च्छुद्धस्वभावनियतः स हि मुक्त एव ॥६-१९८॥**

**ખંડાન્વય સહિત અર્થ :**—''ज्ञानी कर्म न करोति च न वेदयते'' (ज्ञानी) સમ્યગ્દ્રષ્ટિ જીવ (कर्म न करोति) રાગાદિ અશુદ્ધ પરિણામોનો કર્તા નથી (च) અને (न वेदयते) સુખદુઃખ ઇત્યાદિ અશુદ્ધ પરિણામોનો ભોક્તા નથી. કેવો છે સમ્યગ્દ્રષ્ટિ જીવ? ''किल अयं तत्स्वभावम् इति केवलम् जानाति'' (किल) નિશ્ચયથી (अयं) જે શરીર, ભોગ, રાગાદિ, સુખદુઃખ ઇત્યાદિ છે તે સમસ્ત (तत्स्वभावम्) કર્મનો ઉદય છે, જીવનું સ્વરૂપ નથી—(इति केवलम् जानाति) એવું સમ્યગ્દ્રષ્ટિ જીવ જાણે છે, પરંતુ સ્વામિત્વરૂપ પરિણમતો નથી. ''हि सः मुक्तः एव'' (हि) તે કારણથી (सः) સમ્યગ્દ્રષ્ટિ જીવ (मुक्तः एव) જેવા નિર્વિકાર સિદ્ધ છે તેવો છે. કેવો છે સમ્યગ્દ્રષ્ટિ જીવ? ''परं जानन्'' જેટલી છે પરદ્રવ્યની સામગ્રી તેનો જ્ઞાયકમાત્ર છે, મિથ્યાદ્રષ્ટિની જેમ સ્વામીરૂપ નથી. વળી કેવો છે? ''शुद्धस्वभावनियतः'' (शुद्धस्वभाव) શુદ્ધ ચૈતન્યવસ્તુમાં (नियतः) આસ્વાદરૂપ મગ્ન છે. શા કારણથી? ''करणवेदनयोः अभावात्'' (करण) કર્મનું કરવું, (वेदन) કર્મનો ભોગ,–એવા ભાવ (अभावात्)

સમ્યગ્દૃષ્ટિ જીવને મટ્યા છે તે કારણથી. ભાવાર્થ આમ છે કે મિથ્યાત્વ સંસાર છે; મિથ્યાત્વ મટતાં જીવ સિદ્ધસદૃશ છે. ૬-૧૯૮.

(અનુષ્ટુપ)

**ये तु कर्तारमात्मानं पश्यन्ति तमसा तताः ।**
**सामान्यजनवत्तेषां न मोक्षोऽपि मुमुक्षताम् ।।७-१९९।।**

**ખંડાન્વય સહિત અર્થ :**—''तेषां मोक्षः न'' (तेषां) એવા મિથ્યાદૃષ્ટિ જીવોને (न मोक्षः) કર્મનો વિનાશ, શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ નથી. કેવા છે તે જીવો? ''मुमुक्षताम् अपि'' જૈનમતાશ્રિત છે, ઘણું ભણ્યા છે, દ્રવ્યક્રિયારૂપ ચારિત્ર પાળે છે, મોક્ષના અભિલાષી છે તોપણ તેમને મોક્ષ નથી. કોની જેમ? ''सामान्यजनवत्'' જેમ તાપસ, યોગી, ભરડા ઇત્યાદિ જીવોને મોક્ષ નથી તેમ. ભાવાર્થ આમ છે—કોઈ જાણશે કે જૈનમતાશ્રિત છે, કાંઈક વિશેષ હશે; પરંતુ વિશેષ તો કાંઈ નથી. કેવા છે તે જીવો? ''तु ये आत्मानं कर्तारम् पश्यन्ति'' (तु) જેથી એમ છે કે (ये) જે કોઈ મિથ્યાદૃષ્ટિ જીવો (आत्मानं) જીવદ્રવ્યને (कर्तारम् पश्यन्ति) કર્તા માને છે અર્થાત્ તે જ્ઞાનાવરણાદિ કર્મને, રાગાદિ અશુદ્ધ પરિણામને કરે છે, એવો જીવદ્રવ્યનો સ્વભાવ છે—એવું માને છે, પ્રતીતિ કરે છે, આસ્વાદે છે. વળી કેવા છે? ''तमसा तताः'' મિથ્યાત્વભાવરૂપ અંધકારથી વ્યાપ્ત છે, અંધ થયા છે. ભાવાર્થ આમ છે કે—તેઓ મહામિથ્યાદૃષ્ટિ છે કે જેઓ જીવનો સ્વભાવ કર્તારૂપ માને છે; કારણ કે કર્તાપણું જીવનો સ્વભાવ નથી, વિભાવરૂપ અશુદ્ધ પરિણતિ છે; તે પણ પરના સંયોગથી છે, વિનાશિક છે. ૭-૧૯૯.

(અનુષ્ટુપ)

**नास्ति सर्वोऽपि सम्बन्धः परद्रव्यात्मतत्त्वयोः ।**
**कर्तृकर्मत्वसम्बन्धाभावे तत्कर्तृता कुतः ।।८-२००।।**

**ખંડાન્વય સહિત અર્થ :**—''तत् परद्रव्यात्मतत्त्वयोः कर्तृता कुतः'' (तत्) તે કારણથી (परद्रव्य) જ્ઞાનાવરણાદિ કર્મરૂપ પુદ્‌ગલનો પિંડ અને (आत्मतत्त्वयोः) શુદ્ધ

જીવદ્રવ્ય, તેમને (कर्तृता) 'જીવદ્રવ્ય પુદ્‌ગલકર્મનું કર્તા, પુદ્‌ગલદ્રવ્ય જીવભાવનું કર્તા' એવો સંબંધ (कुतः) કેમ હોય? અર્થાત્ કાંઈ પણ નથી હોતો. શા કારણથી? "कर्तृकर्मसम्बन्धाभावे" (कर्तृ) જીવ કર્તા, (कर्म) જ્ઞાનાવરણાદિ કર્મ—એવો છે જે (सम्बन्ध) બે દ્રવ્યનો એકસંબંધ, એવો (अभावे) દ્રવ્યનો સ્વભાવ નથી તે કારણથી. તે પણ શા કારણથી? "सर्वः अपि सम्बन्धः नास्ति" (सर्वः) જે કોઈ વસ્તુ છે તે (अपि) જોકે એકક્ષેત્રાવગાહરૂપ છે તોપણ (सम्बन्धः नास्ति) પોતપોતાના સ્વરૂપે છે, કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્ય સાથે તન્મયરૂપ મળતું નથી, એવું વસ્તુનું સ્વરૂપ છે. તેથી જીવ પુદ્‌ગલકર્મનો કર્તા નથી. ૮-૨૦૦.

(વસન્તતિલકા)

**ऐकस्य वस्तुन इहान्यतरेण सार्धं**
**सम्बन्ध एव सकलोऽपि यतो निषिद्धः ।**
**तत्कर्तृकर्मघटनास्ति न वस्तुभेदे**
**पश्यन्त्वकर्तृ मुनयश्च जनाश्च तत्त्वम् ॥६-२०१॥**

ખંડાન્વય સહિત અર્થઃ—"तत् वस्तुभेदे कर्तृकर्मघटना न अस्ति" (तत्) તે કારણથી (वस्तुभेदे) 'જીવદ્રવ્ય ચેતનસ્વરૂપ, પુદ્‌ગલદ્રવ્ય અચેતનસ્વરૂપ' એવો ભેદ અનુભવતાં, (कर्तृकर्मघटना) 'જીવદ્રવ્ય કર્તા, પુદ્‌ગલપિંડ કર્મ, એવો વ્યવહાર (न अस्ति) સર્વથા નથી. તો કેવો છે? "मुनयः जनाः तत्त्वम् अकर्तृ पश्यन्तु" (मुनयः जनाः) સમ્યગ્દષ્ટિ છે જે જીવો તે (तत्त्वम्) જીવસ્વરૂપને (अकर्तृ पश्यन्तु) 'કર્તા નથી' એવું અનુભવો–આસ્વાદો. શા કારણથી? "यतः एकस्य वस्तुनः अन्यतरेण सार्धं सकलोऽपि सम्बन्धः निषिद्धः एव" (यतः) કારણ કે (एकस्य वस्तुनः) શુદ્ધ જીવદ્રવ્યનું (अन्यतरेण सार्धं) પુદ્‌ગલદ્રવ્ય સાથે (सकलः अपि) દ્રવ્યરૂપ, ગુણરૂપ અથવા પર્યાયરૂપ (सम्बन्धः) એકત્વપણું (निषिद्धः एव) અતીત-અનાગત-વર્તમાન કાળમાં વર્જ્યું છે. ભાવાર્થ આમ છે કે અનાદિનિધન જે દ્રવ્ય જેવું છે તે તેવું જ છે, અન્ય દ્રવ્ય સાથે મળતું નથી; તેથી જીવદ્રવ્ય પુદ્‌ગલકર્મનું અકર્તા છે. ૯-૨૦૧.

(વસન્તતિલકા)

**ये तु स्वभावनियमं कलयन्ति नेम-**
**मज्ञानमग्नमहसो बत ते वराकाः ।**
**कुर्वन्ति कर्म तत एव हि भावकर्म-**
**कर्ता स्वयं भवति चेतन एव नान्यः ॥१०-२०२॥**

**ખંડાન્વય સહિત અર્થ** :—"बत ते वराकाः कर्म कुर्वन्ति" (बत) દુઃખની સાથે કહે છે કે, (ते वराकाः) એવો જે મિથ્યાદૃષ્ટિ જીવરાશિ તે (कर्म कुर्वन्ति) મોહ-રાગ-દ્વેષરૂપ અશુદ્ધ પરિણતિ કરે છે;—કેવો છે? "अज्ञानमग्नमहसः" (अज्ञान) મિથ્યાત્વરૂપ ભાવના કારણે (मग्न) આચ્છાદવામાં આવ્યો છે (महसः) શુદ્ધ ચૈતન્યપ્રકાશ જેનો, એવો છે;—"तु ये इमम् स्वभावनियमं न कलयन्ति" (तु) કારણ કે (ये) જે, (इमम् स्वभावनियमं) 'જીવદ્રવ્ય જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલપિંડનું કર્તા નથી' એવા વસ્તુસ્વભાવને (न कलयन्ति) સ્વાનુભવપ્રત્યક્ષપણે અનુભવતો નથી. ભાવાર્થ આમ છે કે—મિથ્યાદૃષ્ટિ જીવરાશિ શુદ્ધ સ્વરૂપના અનુભવથી ભ્રષ્ટ છે, તેથી પર્યાયરત છે, તેથી મિથ્યાત્વ-રાગ-દ્વેષ—અશુદ્ધ પરિણામરૂપ પરિણમે છે. "ततः भावकर्मकर्ता चेतनः एव स्वयं भवति, न अन्यः" (ततः) તે કારણથી (भावकर्म) મિથ્યાત્વ-રાગ-દ્વેષ—અશુદ્ધ ચેતનારૂપ પરિણામનું, (कर्ता चेतनः एव स्वयं भवति) વ્યાપ્ય-વ્યાપકરૂપ પરિણમે છે એવું જીવદ્રવ્ય પોતે કર્તા થાય છે, (न अन्यः) પુદ્‌ગલકર્મ કર્તા થતું નથી. ભાવાર્થ આમ છે કે—જીવ મિથ્યાદૃષ્ટિ હોતો થકો જેવા અશુદ્ધ ભાવોરૂપે પરિણમે છે તેવા ભાવોનો કર્તા થાય છે—એવો સિદ્ધાન્ત છે. ૧૦-૨૦૨.

(શાર્દૂલવિક્રીડિત)

**कार्यत्वादकृतं न कर्म न च तज्जीवप्रकृत्योर्द्वयो-**
**रज्ञायाः प्रकृतेः स्वकार्यफलभुग्भावानुषंगात्कृतिः ।**
**नैकस्याः प्रकृतेरचित्त्वलसनाज्जीवोऽस्य कर्ता ततो**
**जीवस्यैव च कर्म तच्चिदनुगं ज्ञाता न यत्पुद्गलः ॥११-२०३॥**

**ખંડાન્વય સહિત અર્થ :**—"ततः अस्य जीवः कर्ता च तत् चिदनुगं जीवस्य एव कर्म" (ततः) તે કારણથી (अस्य) રાગાદિ અશુદ્ધ ચેતનાપરિણામનું, (जीवः कर्ता) જીવદ્રવ્ય તે કાળે વ્યાપ્ય-વ્યાપકરૂપ પરિણમતું હોવાથી કર્તા છે (च) અને (तत्) રાગાદિ અશુદ્ધ પરિણમન, (चिद्–अनुगं) અશુદ્ધરૂપ છે, ચેતનારૂપ છે તેથી, (जीवस्य एव कर्म) તે કાળે વ્યાપ્ય-વ્યાપકરૂપ જીવદ્રવ્ય પોતે પરિણમતું હોવાથી જીવનું કરેલું છે. શા કારણથી? "यत् पुद्गलः ज्ञाता न" (यत्) કારણ કે (पुद्गलः ज्ञाता न) પુદ્ગલદ્રવ્ય ચેતનારૂપ નથી, રાગાદિ પરિણામ ચેતનારૂપ છે તેથી જીવનો કરેલો છે. કહ્યો છે જે ભાવ તેને ગાઢો–પાકો કરે છે—"कर्म अकृतं न" (कर्म) રાગાદિ અશુદ્ધ ચેતનારૂપ પરિણામ (अकृतं न) અનાદિનિધન આકાશદ્રવ્યની જેમ સ્વયંસિદ્ધ છે એમ પણ નથી, કોઈથી કરાયેલો હોય છે. એવો છે શા કારણથી? "कार्यत्वात्" કારણ કે ઘડાની જેમ ઊપજે છે, વિનશે છે તેથી પ્રતીતિ એવી કે કરતૂતરૂપ (-કાર્યરૂપ) છે. (च) તથા "तत् जीवप्रकृत्योः द्वयोः कृतिः न" (तत्) રાગાદિ અશુદ્ધ ચેતન પરિણમન (जीव) ચેતનદ્રવ્ય અને (प्रकृत्योः) પુદ્ગલદ્રવ્ય એવાં (द्वयोः) બે દ્રવ્યોનું (कृतिः न) કરતૂત નથી. ભાવાર્થ આમ છે કે—કોઈ એમ માનશે કે જીવ તથા કર્મ મળતાં રાગાદિ અશુદ્ધ ચેતન પરિણામ થાય છે, તેથી બંને દ્રવ્ય કર્તા છે. સમાધાન આમ છે કે બંને દ્રવ્ય કર્તા નથી, કારણ કે રાગાદિ અશુદ્ધ પરિણામોનું બાહ્ય કારણ—નિમિત્તમાત્ર પુદ્ગલકર્મનો ઉદય છે, અંતરંગ કારણ વ્યાપ્ય-વ્યાપકરૂપ જીવદ્રવ્ય વિભાવરૂપ પરિણમે છે; તેથી જીવને કર્તાપણું ઘટે છે, પુદ્ગલકર્મને કર્તાપણું ઘટતું નથી; કારણ કે "अज्ञायाः प्रकृतेः स्वकार्यफलभुग्भावानुषङ्गात्" (अज्ञायाः) અચેતનદ્રવ્યરૂપ છે જે (प्रकृतेः) જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ, તેને (स्वकार्य) પોતાના કરતૂતના (फल) ફળના અર્થાત્ સુખ-દુઃખના (भुग्भाव) ભોક્તાપણાનો (अनुषङ्गात्) પ્રસંગ આવી પડે. ભાવાર્થ આમ છે કે—જે દ્રવ્ય જે ભાવનું કર્તા હોય છે તે, તે દ્રવ્યનું ભોક્તા પણ હોય છે. આમ હોતાં રાગાદિ અશુદ્ધ ચેતન પરિણામ જો જીવ-કર્મ બંનેએ મળીને કર્યા હોય તો બંને ભોક્તા થશે; પરંતુ બંને ભોક્તા તો નથી. કારણ કે જીવદ્રવ્ય ચેતન છે તે કારણે સુખ-દુઃખનું ભોક્તા હોય એમ ઘટે છે, પુદ્ગલદ્રવ્ય અચેતન હોવાથી સુખ-દુઃખનું ભોક્તા ઘટતું નથી. તેથી રાગાદિ અશુદ્ધ ચેતનપરિણમનનો એકલો સંસારી જીવ કર્તા છે, ભોક્તા પણ છે. વળી આ અર્થને ગાઢો–પાકો કરે છે—"एकस्याः प्रकृतेः कृतिः न" (एकस्याः प्रकृतेः) એકલા

પુદ્‌ગલકર્મનું (कृतिः न) કરતૂત નથી. ભાવાર્થ આમ છે કે—કોઈ એમ માનશે કે રાગાદિ અશુદ્ધ ચેતનપરિણામ એકલા પુદ્‌ગલકર્મના કરેલા છે. ઉત્તર આમ છે કે એમ પણ નથી; કારણ કે, ''अचित्त्वलसनात्'' અનુભવ એવો આવે છે કે પુદ્‌ગલકર્મ અચેતનદ્રવ્ય છે, રાગાદિ પરિણામ અશુદ્ધ ચેતનારૂપ છે; તેથી અચેતનદ્રવ્યના પરિણામ અચેતનરૂપ હોય છે, ચેતનરૂપ હોતા નથી. તે કારણથી રાગાદિ અશુદ્ધ પરિણામનો કર્તા સંસારી જીવ છે, ભોક્તા પણ છે. ૧૧-૨૦૩.

(શાર્દૂલવિક્રીડિત)

कर्मैव प्रवितर्क्य कर्तृ हतकैः क्षिप्त्वात्मनः कर्तृतां
कर्तात्मैष कथञ्चिदित्यचलिता कैश्चिच्छ्रुतिः कोपिता ।
तेषामुद्धतमोहमुद्रितधियां बोधस्य संशुद्धये
स्याद्वादप्रतिबंधलब्धविजया वस्तुस्थितिः स्तूयते ।।१२-२०४।।

ખંડાન્વય સહિત અર્થ :—''वस्तुस्थितिः स्तूयते'' (वस्तु) જીવદ્રવ્યની (स्थितिः) સ્થિતિ અર્થાત્ સ્વભાવની મર્યાદા (स्तूयते) જેવી છે તેવી કહે છે. કેવી છે? ''स्याद्वादप्रतिबन्धलब्धविजया'' (स्याद्वाद) 'જીવ કર્તા છે, અકર્તા પણ છે' એવું અનેકાન્તપણું, તેની (प्रतिबन्ध) સાવધાનપણે કરવામાં આવેલી સ્થાપના વડે (लब्धं) પ્રાપ્ત કરી છે (विजया) જીત જેણે, એવી છે. શા માટે કહે છે? ''तेषां बोधस्य संशुद्धये'' (तेषाम्) જેઓ જીવને સર્વથા અકર્તા કહે છે એવા મિથ્યાદૃષ્ટિ જીવોની (बोधस्य संशुद्धये) વિપરીત બુદ્ધિને છોડાવવા માટે જીવનું સ્વરૂપ સાધે છે. કેવો છે તે મિથ્યાદૃષ્ટિ જીવરાશિ? ''उद्धतमोहमुद्रितधियां'' (उद्धत) તીવ્ર ઉદયરૂપ (मोह) મિથ્યાત્વભાવથી (मुद्रित) આચ્છાદિત છે (धियां) શુદ્ધસ્વરૂપ-અનુભવરૂપ સમ્યક્ત્વશક્તિ જેની, એવો છે. વળી કેવો છે? ''एषः आत्मा कथञ्चित् कर्ता इति कैश्चित् श्रुतिः कोपिता'' (एषः आत्मा) ચેતનાસ્વરૂપમાત્ર જીવદ્રવ્ય (कथञ्चित् कर्ता) કોઈ યુક્તિથી અશુદ્ધ ભાવનું કર્તા પણ છે—(इति) એ રીતે (कैश्चित् श्रुतिः) કેટલાક મિથ્યાદૃષ્ટિ જીવોને આવું સાંભળવામાત્રથી (कोपिता) અત્યંત ક્રોધ ઊપજે છે. કેવો ક્રોધ થાય છે? ''अचलिता'' જે અતિ ગાઢો છે, અમિટ (-અટળ) છે. જેથી આવું માને છે—

''आत्मनः कर्तृतां क्षिप्वा'' (आत्मनः) જીવને (कर्तृतां) પોતાના રાગાદિ અશુદ્ધ ભાવોનું કર્તાપણું (क्षिप्वा) સર્વથા મટાડીને (–નહીં માનીને) ક્રોધ કરે છે. વળી કેવું માને છે? ''कर्म एव कर्तृ इति प्रवितर्क्य'' (कर्म एव) એકલો જ્ઞાનાવરણાદિ કર્મપિંડ (कर्तृ) રાગાદિ અશુદ્ધ પરિણામોનો પોતામાં વ્યાપ્ય-વ્યાપકરૂપ થઈને કર્તા છે (इति प्रवितर्क्य) એવું ગાઢપણું કરે છે–પ્રતીતિ કરે છે. તે એવી પ્રતીતિ કરતા થકા કેવા છે? ''हतकैः'' પોતાના ઘાતક છે, કેમ કે મિથ્યાદ્રષ્ટિ છે. ૧૨-૨૦૪.

(શાર્દૂલવિક્રીડિત)

**माऽकर्तारममी स्पृशन्तु पुरुषं सांख्या इवाप्यार्हताः**
**कर्तारं कलयन्तु तं किल सदा भेदावबोधादधः ।**
**ऊर्ध्वं तूद्धतबोधधामनियतं प्रत्यक्षमेनं स्वयं**
**पश्यन्तु च्युतकर्तृभावमचलं ज्ञातारमेकं परम् ।।१३-२०५।।**

**ખંડાન્વય સહિત અર્થ :**—એમ કહ્યું હતું કે સ્યાદ્વાદસ્વરૂપ દ્વારા જીવનું સ્વરૂપ કહીશું. તેનો ઉત્તર છે—''अमी आर्हताः अपि पुरुषं अकर्तारम् मा स्पृशन्तु'' (अमी) વિદ્યમાન જે (आर्हताः अपि) જૈનોક્ત સ્યાદ્વાદસ્વરૂપને અંગીકાર કરે છે એવા સમ્યગ્દ્રષ્ટિ જીવો તે પણ (पुरुषं) જીવદ્રવ્યને (अकर्तारम्) અકર્તા અર્થાત્ રાગાદિ અશુદ્ધ પરિણામોનો તે સર્વથા કર્તા નથી એવું (मा स्पृशन्तु) ન અંગીકાર કરો. કોની જેમ? ''सांख्याः इव'' જેમ સાંખ્યમતવાળા જીવને સર્વથા અકર્તા માને છે તેમ જૈનો પણ સર્વથા અકર્તા ન માનો. કેવું માનવાયોગ્ય છે તે કહે છે—''सदा तं भेदावबोधात् अधः कर्तारं किल कलयन्तु तु ऊर्ध्वं एनं च्युतकर्तृभावम् पश्यन्तु'' (सदा) સર્વ કાળ દ્રવ્યનું સ્વરૂપ એવું છે કે (तं) જીવદ્રવ્યને, (भेदावबोधात् अधः) શુદ્ધસ્વરૂપ-પરિણમનરૂપ સમ્યક્ત્વથી ભ્રષ્ટ મિથ્યાદ્રષ્ટિ હોતું થકું મોહ-રાગ-દ્વેષરૂપ પરિણમે છે તેટલો કાળ, (कर्तारं किल कलयन्तु) કર્તા અવશ્ય માનો અર્થાત્ મોહ-રાગ-દ્વેષરૂપ અશુદ્ધ ચેતનપરિણામનો કર્તા જીવ છે એમ અવશ્ય માનો—પ્રતીતિ કરો. (तु) તે જ જીવ (ऊर्ध्वं) જ્યારે મિથ્યાત્વપરિણામ છૂટીને પોતાના શુદ્ધસ્વરૂપ સમ્યક્ત્વભાવરૂપે પરિણમે છે ત્યારે (एनं च्युतकर्तृभावम्) તેને કર્તાપણા વિનાનો

અર્થાત્ છોડ્યું છે રાગાદિ અશુદ્ધ ભાવોનું કર્તાપણું જેણે એવો (पश्यन्तु) શ્રદ્ધો–પ્રતીતિ કરો–એવો અનુભવો. ભાવાર્થ આમ છે કે—જેમ જીવનો જ્ઞાનગુણ સ્વભાવ છે, તે જ્ઞાનગુણ સંસાર-અવસ્થામાં અથવા મોક્ષ-અવસ્થામાં છૂટતો નથી; તેમ રાગાદિપણું જીવનો સ્વભાવ નથી, તોપણ સંસાર-અવસ્થામાં જ્યાં સુધી કર્મનો સંયોગ છે ત્યાં સુધી મોહ-રાગ-દ્વેષરૂપ અશુદ્ધપણાને લીધે વિભાવરૂપે જીવ પરિણમે છે અને ત્યાં સુધી કર્તા છે. જીવને સમ્યક્ત્વગુણ પરિણમ્યા પછી આવો જાણવો—''उद्धतबोधधामनियतं'' (उद्धत) સકળ જ્ઞેય પદાર્થ જાણવા માટે ઉતાવળા એવા (बोधधाम) જ્ઞાનનો પ્રતાપ છે (नियतं) સર્વસ્વ જેનું, એવો છે. વળી કેવો છે? ''स्वयं प्रत्यक्षम्'' પોતાને પોતાની મેળે પ્રગટ થયો છે. વળી કેવો છે? ''अचलं'' ચાર ગતિના ભ્રમણથી રહિત થયો છે. વળી કેવો છે? ''ज्ञातारम्'' જ્ઞાનમાત્રસ્વરૂપ છે. વળી કેવો છે? ''परम् एकं'' રાગાદિ અશુદ્ધ પરિણતિથી રહિત શુદ્ધ વસ્તુમાત્ર છે. ૧૩-૨૦૫.

(માલિની)

**क्षणिकमिदमिहैकः कल्पयित्वात्मतत्त्वं**
**निजमनसि विधत्ते कर्तृभोक्त्रोर्विभेदम् ।**
**अपहरति विमोहं तस्य नित्यामृतौघैः**
**स्वयमयमभिषिञ्चंश्चिच्चमत्कार एव ॥१४-२०६॥**

**ખંડાન્વય સહિત અર્થ** :—બૌદ્ધમતીને પ્રતિબોધવામાં આવે છે—''इह एकः निजमनसि कर्तृभोक्त्रोः विभेदम् विधत्ते'' (इह) સાંપ્રત વિદ્યમાન છે એવો (एकः) બૌદ્ધમતને માનવાવાળો કોઈ જીવ (निजमनसि) પોતાના જ્ઞાનમાં (कर्तृभोक्त्रोः) કર્તાપણા-ભોક્તાપણાનો (विभेदम् विधत्ते) ભેદ કરે છે. ભાવાર્થ આમ છે—તે એમ કહે છે કે ક્રિયાનો કર્તા કોઈ અન્ય છે, ભોક્તા કોઈ અન્ય છે. એવું કેમ માને છે? ''इदम् आत्मतत्त्वं क्षणिकम् कल्पयित्वा'' (इदम् आत्मतत्त्वं) અનાદિનિધન છે જે ચૈતન્યસ્વરૂપ જીવદ્રવ્ય, તેને (क्षणिकम् कल्पयित्वा) ક્ષણિક માને છે અર્થાત્ જેમ પોતાના નેત્રરોગના કારણે કોઈ શ્વેત શંખને પીળો જુએ છે, તેમ અનાદિનિધન

જીવદ્રવ્યને મિથ્યા ભ્રાન્તિના કારણે એમ માને છે કે એક સમયમાત્રમાં પૂર્વનો જીવ મૂળથી વિનશી જાય છે, અન્ય નવો જીવ મૂળથી ઊપજી આવે છે; આવું માનતો થકો માને છે કે ક્રિયાનો કર્તા અન્ય કોઈ જીવ છે, ભોક્તા અન્ય કોઈ જીવ છે. આવો અભિપ્રાય મિથ્યાત્વનું મૂળ છે. તેથી એવા જીવને સમજાવે છે— ''अयम् चिच्चमत्कारः तस्य विमोहं अपहरति'' (अयम् चिच्चमत्कारः) કોઈ જીવે બાલ્યાવસ્થામાં કોઈ નગર જોયું હતું, કેટલોક કાળ જતાં અને તરુણ-અવસ્થા આવતાં તે જ નગરને જુએ છે, જોતાં એવું જ્ઞાન ઊપજે છે કે તે જ આ નગર છે કે જે નગર મેં બાળકપણામાં જોયું હતું;—આવી છે જે અતીત-અનાગત-વર્તમાન શાશ્વત જ્ઞાનમાત્ર વસ્તુ તે (तस्य विमोहं अपहरति) ક્ષણિકવાદીના મિથ્યાત્વને દૂર કરે છે. ભાવાર્થ આમ છે કે—જો જીવતત્ત્વ ક્ષણવિનશ્વર હોય તો પહેલાંના જ્ઞાન સહિત જે વર્તમાન જ્ઞાન થાય છે તે કોને થાય? માટે 'જીવદ્રવ્ય સદા શાશ્વત છે' એવું કહેવાથી ક્ષણિકવાદી પ્રતિબુદ્ધ થાય છે. કેવી છે જીવવસ્તુ? ''नित्यामृतौघैः स्वयम् अभिषिञ्चन्'' (नित्य) સદાકાળ અવિનશ્વરપણારૂપ જે (अमृत) જીવદ્રવ્યનું જીવનમૂળ, તેના (ओघैः) સમૂહ વડે (स्वयम् अभिषिञ्चन्) પોતાની શક્તિથી પોતે પુષ્ટ થતી થકી. ''एव'' નિશ્ચયથી આમ જ જાણજો, અન્યથા નહીં. ૧૪-૨૦૬.

(અનુષ્ટુપ)

**वृत्त्यंशभेदतोऽत्यन्तं वृत्तिमन्नाशकल्पनात् ।**
**अन्यः करोति भुङ्क्तेऽन्य इत्येकान्तश्चकास्तु मा ॥१५-२०७॥**

**ખંડાન્વય સહિત અર્થ :**—ક્ષણિકવાદીને પ્રતિબોધવામાં આવે છે—''इति एकान्तः मा चकास्तु'' (इति) એ રીતે (एकान्तः) દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકના ભેદ કર્યા વિના 'સર્વથા આમ જ છે' એમ કહેવું તે (मा चकास्तु) ન પ્રકાશો અર્થાત્ કોઈ પણ જીવને સ્વપ્નમાત્રમાં પણ એવું શ્રદ્ધાન ન હો. એવું કેવું? ''अन्यः करोति अन्यः भुंक्ते'' (अन्यः करोति) અન્ય પ્રથમ સમયનો ઊપજેલો કોઈ જીવ કર્મને ઉપાર્જે છે, (अन्यः भुंक्ते) અન્ય બીજા સમયનો ઊપજેલો જીવ કર્મને ભોગવે છે,—એવું એકાન્તપણું મિથ્યાત્વ છે. ભાવાર્થ આમ છે કે—જીવવસ્તુ દ્રવ્યરૂપ છે, પર્યાયરૂપ છે. તેથી દ્રવ્યરૂપે વિચારતાં જે જીવ કર્મને ઉપાર્જે છે તે જ જીવ ઉદય

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



આવતાં ભોગવે છે; પર્યાયરૂપે વિચારતાં જે પરિણામ-અવસ્થામાં જ્ઞાનાવરણાદિ કર્મ ઉપાર્જે છે, ઉદય આવતાં તે પરિણામનું અવસ્થાન્તર થાય છે; તેથી અન્ય પર્યાય કરે છે, અન્ય પર્યાય ભોગવે છે—આવો ભાવ સ્યાદ્વાદ સાધી શકે છે. જેવું બૌદ્ધમતનો જીવ કહે છે તે તો મહાવિપરીત છે. તે ક્યું વિપરીતપણું? ''अत्यन्तं वृत्त्यंशभेदतः वृत्तिमन्नाशकल्पनात्'' (अत्यन्तं) દ્રવ્યનું આવું જ સ્વરૂપ છે, સહારો કોનો? (वृत्ति) અવસ્થા, તેના (अंश) અંશ અર્થાત્ એક દ્રવ્યની અનંત અવસ્થા, એવો (भेदतः) ભેદ છે અર્થાત્ કોઈ અવસ્થા વિનશે છે, અન્ય કોઈ અવસ્થા ઊપજે છે—એવો અવસ્થાભેદ વિદ્યમાન છે; આવા અવસ્થાભેદનો છળ પકડીને કોઈ બૌદ્ધમતનો મિથ્યાદૃષ્ટિ જીવ (वृत्तिमन्नाशकल्पनात्) વૃત્તિમાનનો અર્થાત્ જેનો અવસ્થાભેદ થાય છે એવી સત્તારૂપ શાશ્વત વસ્તુનો નાશ કલ્પે છે અર્થાત્ મૂળથી સત્તાનો નાશ માને છે; તેથી એવું કહેવું વિપરીતપણું છે. ભાવાર્થ આમ છે કે બૌદ્ધમતનો જીવ પર્યાયમાત્રને વસ્તુ માને છે, પર્યાય જેનો છે એવી સત્તામાત્ર વસ્તુને માનતો નથી. માટે આવું માને છે તે મહામિથ્યાત્વ છે. ૧૫-૨૦૭.

(શાર્દૂલવિક્રીડિત)

**आत्मानं परिशुद्धमीप्सुभिरतिव्याप्तिं प्रपद्यान्धकैः**
**कालोपाधिबलादशुद्धिमधिकां तत्रापि मत्वा परैः ।**
**चैतन्यं क्षणिकं प्रकल्प्य पृथुकैः शुद्धर्जुसूत्रे रतैः**
**आत्मा व्युज्झित एष हारवदहो निःसूत्रमुक्तेक्षिभिः ॥१६-२०८॥**

**ખંડાન્વય સહિત અર્થ :**—એકાન્તપણે જે માનવામાં આવે તે મિથ્યાત્વ છે. ''अहो पृथुकैः एषः आत्मा व्युज्झितः'' (अहो) હે જીવ! (पृथुकैः) નાના પ્રકારનો અભિપ્રાય છે જેમનો એવા જે મિથ્યાદૃષ્ટિ જીવો છે તેમનાથી (एषः आत्मा) વિદ્યમાન શુદ્ધ ચૈતન્યવસ્તુ (व्युज्झितः) સધાઈ નહિ. કેવા છે એકાન્તવાદી? ''शुद्धर्जुसूत्रे रतैः'' (शुद्ध) *દ્રવ્યાર્થિકનયથી રહિત (ऋजुसूत्रे) વર્તમાન પર્યાયમાત્રમાં

* અહીં 'દ્રવ્યાર્થિકનયથી રહિત' પાઠના સ્થાનમાં હસ્તલિખિત તથા પહેલી મુદ્રિત હિન્દી પ્રતમાં 'પર્યાયાર્થિકનયથી રહિત' એવો પાઠ છે જે ભૂલથી લખાઈ ગયો લાગે છે.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

વસ્તુરૂપ અંગીકાર કરવારૂપ એકાન્તપણામાં (रतैः) મગ્ન છે. ''चैतन्यं क्षणिकं प्रकल्प्य'' એક સમયમાત્રમાં એક જીવ મૂળથી વિનશે છે, અન્ય જીવ મૂળથી ઊપજે છે—એવું માનીને બૌદ્ધમતના જીવોને જીવસ્વરૂપની પ્રાપ્તિ નથી. તથા મતાન્તર કહે છે–''अपरैः तत्रापि कालोपाधिबलात् अधिकां अशुद्धिं मत्वा'' (अपरैः) કોઈ મિથ્યાદ્રષ્ટિ એકાંતવાદી એવા છે કે જેઓ જીવનું શુદ્ધપણું માનતા નથી, સર્વથા અશુદ્ધપણું માને છે. તેમને પણ વસ્તુની પ્રાપ્તિ નથી એમ કહે છે—(कालोपाधिबलात्) અનંત કાળથી જીવદ્રવ્ય કર્મો સાથે મળેલું જ ચાલ્યું આવ્યું છે, ભિન્ન તો થયું નથી–એમ માની (तत्र अपि) તે જીવમાં (अधिकां अशुद्धिं मत्वा) અધિક અશુદ્ધિ માને છે અર્થાત્ જીવદ્રવ્ય અશુદ્ધ છે, શુદ્ધ છે જ નહિ–એવી પ્રતીતિ કરે છે જે જીવો, તેમને પણ વસ્તુની પ્રાપ્તિ નથી. મતાન્તર કહે છે—''अन्धकैः अतिव्याप्तिं प्रपद्य'' (अन्धकैः) એકાન્ત મિથ્યાદ્રષ્ટિ જીવ કોઈ એવા છે કે જેઓ (अतिव्याप्तिं प्रपद्य) કર્મની ઉપાધિને માનતા નથી, ''आत्मानं परिशुद्धम् ईप्सुभिः'' જીવદ્રવ્યને સર્વ કાળ સર્વથા શુદ્ધ માને છે; તેમને પણ સ્વરૂપની પ્રાપ્તિ નથી. કેવા છે એકાન્તવાદી? ''निःसूत्रमुक्तेक्षिभिः'' (निःसूत्र) સ્યાદ્વાદસૂત્ર વિના (मुक्तेक्षिभिः) સકળ કર્મના ક્ષયલક્ષણ મોક્ષને ચાહે છે; તેમને પ્રાપ્તિ નથી. તેનું દ્રષ્ટાન્ત—''हारवत्'' હારની જેમ. ભાવાર્થ આમ છે કે જેમ સૂત્ર (દોરા) વિના મોતી સધાતા નથી—હાર થતો નથી, તેમ સ્યાદ્વાદસૂત્રના જ્ઞાન વિના એકાન્તવાદો દ્વારા આત્માનું સ્વરૂપ સધાતું નથી—આત્મસ્વરૂપની પ્રાપ્તિ થતી નથી; તેથી જે કોઈ પોતાને સુખ ચાહે છે, તેઓ સ્યાદ્વાદસૂત્ર વડે જેવું આત્માનું સ્વરૂપ સાધવામાં આવ્યું છે તેવું માનજો. ૧૬-૨૦૮.

(શાર્દૂલવિક્રીડિત)

**कर्तुर्वेदयितुश्च युक्तिवशतो भेदोऽस्त्वभेदोऽपि वा**
**कर्ता वेदयिता च मा भवतु वा वस्त्वेव सञ्चिन्त्यताम् ।**
**प्रोता सूत्र इवात्मनीह निपुणैर्भेत्तुं न शक्या क्वचि-**
**च्चिच्चिन्तामणिमालिकेयमभितोऽप्येका चकास्त्वेव नः ॥१७-२०९॥**

**ખંડાન્વય સહિત અર્થ :**—"निपुणैः वस्तु एव सञ्चिन्त्यताम्" (निपुणैः) શુદ્ધસ્વરૂપ-અનુભવમાં પ્રવીણ છે એવા જે સમ્યગ્દષ્ટિ જીવો, તેમણે (वस्तु एव) સમસ્ત વિકલ્પથી રહિત નિર્વિકલ્પ સત્તામાત્ર ચૈતન્યસ્વરૂપ (सञ्चिन्त्यताम्) સ્વસંવેદનપ્રત્યક્ષપણે અનુભવ કરવાયોગ્ય છે. "कर्तुः च वेदयितुः युक्तिवशतः भेदः अस्तु अथवा अभेदः अस्तु" (कर्तुः) કર્તામાં (च) અને (वेदयितुः) ભોક્તામાં (युक्तिवशतः) દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનયનો ભેદ કરતાં—(भेदः अस्तु) અન્ય પર્યાય કરે છે, અન્ય પર્યાય ભોગવે છે, પર્યાયાર્થિકનયથી એવો ભેદ છે તો હો,–એવું સાધતાં સાધ્યસિદ્ધિ તો કાંઈ નથી; (अथवा) દ્રવ્યાર્થિકનયથી (अभेदः) જે જીવદ્રવ્ય જ્ઞાનાવરણાદિ કર્મને કરે છે તે જ જીવદ્રવ્ય ભોગવે છે એવું પણ છે (अस्तु) તો એવું પણ હો,–એમાં પણ સાધ્યસિદ્ધિ તો કાંઈ નથી. "वा कर्ता च वेदयिता वा मा भवतु" (वा) કર્તૃત્વનયથી (कर्ता) જીવ પોતાના ભાવોનો કર્તા છે (च) તથા ભોક્તૃત્વનયથી (वेदयिता) જે-રૂપે પરિણમે છે તે પરિણામનો ભોક્તા છે એવું છે તો એવું જ હો,–એવું વિચારતાં શુદ્ધસ્વરૂપનો અનુભવ તો નથી, કારણ કે આવું વિચારવું અશુદ્ધરૂપ વિકલ્પ છે; (वा) અથવા અકર્તૃત્વનયથી જીવ અકર્તા છે (च) તથા અભોકતૃત્વનયથી જીવ (मा) ભોક્તા નથી, (भवतु) કર્તા-ભોક્તા નથી તો નહીં જ હો,–એવું વિચારતાં પણ શુદ્ધસ્વરૂપનો અનુભવ નથી, કારણ કે "प्रोता इह आत्मनि क्वचित् भर्तुं न शक्यः" (प्रोता) કોઈ નયવિકલ્પ, [તેનું વિવરણ—અન્ય કરે છે-અન્ય ભોગવે છે એવો વિકલ્પ, અથવા જીવ કર્તા છે–ભોક્તા છે એવો વિકલ્પ, અથવા જીવ કર્તા નથી–ભોક્તા નથી એવો વિકલ્પ, ઇત્યાદિ અનંત વિકલ્પો છે તોપણ તેમાંથી કોઈ વિકલ્પ,] (इह आत्मनि) શુદ્ધવસ્તુમાત્ર છે જીવદ્રવ્ય તેમાં (क्वचित्) કોઈ પણ કાળે (भर्तुं न शक्यः) શુદ્ધસ્વરૂપના અનુભવરૂપ સ્થાપવાને સમર્થ નથી. ભાવાર્થ આમ છે કે—કોઈ અજ્ઞાની એમ જાણશે કે આ સ્થળે ગ્રંથકર્તા આચાર્યે કર્તાપણું-અકર્તાપણું, ભોક્તાપણું-અભોક્તાપણું ઘણા પ્રકારે કહ્યું છે તો એમાં શું અનુભવની પ્રાપ્તિ ઘણી છે? સમાધાન આમ છે કે સમસ્ત નયવિકલ્પોથી શુદ્ધસ્વરૂપનો અનુભવ સર્વથા નથી. તેને (સ્વરૂપને) માત્ર જણાવવા માટે જ શાસ્ત્રમાં બહુ નય-યુક્તિથી બતાવ્યું છે. તે કારણે "नः इयम् एका अपि चिच्चिन्तामणिमालिका अभितः चकास्तु एव" (नः) અમને (इयं) સ્વસંવેદનપ્રત્યક્ષ, (एका अपि) સમસ્ત વિકલ્પોથી રહિત, (चित्) શુદ્ધ ચેતનારૂપ (चिन्तामणि) અનંત

શક્તિગર્ભિત (मालिका) ચેતનામાત્ર વસ્તુની (अभितः चकास्तु एव) સર્વથા પ્રકારે પ્રાપ્તિ હો. ભાવાર્થ આમ છે કે—નિર્વિકલ્પમાત્રનો અનુભવ ઉપાદેય છે, અન્ય વિકલ્પ સમસ્ત હેય છે. દૃષ્ટાન્ત આમ છે કે—‘‘सूत्रे प्रोता इव’’ જેમ કોઈ પુરુષ મોતીની માળા પરોવી જાણે છે, માળા ગૂંથતાં અનેક વિકલ્પો કરે છે, પરંતુ તે સમસ્ત વિકલ્પો જૂઠા છે, વિકલ્પોમાં શોભા કરવાની શક્તિ નથી, શોભા તો મોતીમાત્ર વસ્તુ છે તેમાં છે; તેથી પહેરનારો પુરુષ મોતીની માળા જાણીને પહેરે છે, ગૂંથવાના ઘણા વિકલ્પો જાણી પહેરતો નથી; જોનારો પણ મોતીની માળા જાણીને શોભા જુએ છે, ગૂંથવાના વિકલ્પોને જોતો નથી; તેમ શુદ્ધ ચેતનામાત્ર સત્તા અનુભવ કરવાયોગ્ય છે, તેમાં ઘટે છે જે અનેક વિકલ્પો તે બધાની સત્તા અનુભવ કરવાયોગ્ય નથી. ૧૭-૨૦૯.

(રથોદ્ધતા)

व्यावहारिकदृशैव केवलं
कर्तृ कर्म च विभिन्नमिष्यते ।
निश्चयेन यदि वस्तु चिन्त्यते
कर्तृ कर्म च सदैकमिष्यते ॥१८-२१०॥

**ખંડાન્વય સહિત અર્થ :**—અહીં કોઈ પ્રશ્ન કરે છે કે જ્ઞાનાવરણાદિ કર્મરૂપ પુદ્‌ગલપિંડનો કર્તા જીવ છે કે નથી? ઉત્તર આમ છે કે–કહેવા માટે તો છે, વસ્તુસ્વરૂપ વિચારતાં કર્તા નથી. તે કહે છે—‘‘व्यावहारिकदृशा एव केवलं’’ જૂઠી વ્યવહારદૃષ્ટિથી જ ‘‘कर्तृ’’ કર્તા ‘‘च’’ તથા ‘‘कर्म’’ કરાયેલું કાર્ય ‘‘विभिन्नम् इष्यते’’ ભિન્ન ભિન્ન છે. જીવ જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મનો કર્તા–એવું કહેવા માટે સત્ય છે; કારણ કે યુક્તિ એમ છે કે રાગાદિ અશુદ્ધ પરિણામોને જીવ કરે છે, રાગાદિ અશુદ્ધ પરિણામો હોતાં જ્ઞાનાવરણાદિરૂપે પુદ્‌ગલદ્રવ્ય પરિણમે છે, તેથી કહેવા માટે એમ છે કે જ્ઞાનાવરણાદિ કર્મ જીવે કર્યું. સ્વરૂપ વિચારતાં એવું કહેવું જૂઠું છે; કારણ કે ‘‘यदि निश्चयेन चिन्त्यते’’ (यदि) જો (निश्चयेन) સાચી વ્યવહારદૃષ્ટિથી (चिन्त्यते) જોવામાં આવે, શું જોવામાં આવે? ‘‘वस्तु’’ સ્વદ્રવ્ય-

પરિણામ-પરદ્રવ્યપરિણામરૂપ વસ્તુનું સ્વરૂપ, તો ''सदा एव कर्तृ कर्म एकम् इष्यते'' (सदा एव) સર્વ કાળે (कर्तृ) કર્તા અર્થાત્ પરિણમે છે જે દ્રવ્ય અને (कर्म) કર્મ અર્થાત્ દ્રવ્યનો પરિણામ (एकम् इष्यते) એક છે અર્થાત્ કોઈ જીવ અથવા પુદ્‌ગલ-દ્રવ્ય પોતાના પરિણામો સાથે વ્યાપ્ય-વ્યાપકરૂપ પરિણમે છે તેથી કર્તા છે; અને તે જ કર્મ છે, કેમ કે પરિણામ તે દ્રવ્ય સાથે વ્યાપ્ય-વ્યાપકરૂપ છે;—એમ (इष्यते) વિચારતાં ઘટે છે–અનુભવમાં આવે છે. અન્ય દ્રવ્યનું અન્ય દ્રવ્ય કર્તા, અન્ય દ્રવ્યનો પરિણામ અન્ય દ્રવ્યનું કર્મ–એવું તો અનુભવમાં ઘટતું નથી; કારણ કે બે દ્રવ્યોને વ્યાપ્ય-વ્યાપકપણું નથી. ૧૮-૨૧૦.

(નર્દટક)

ननु परिणाम एव किल कर्म विनिश्चयतः
स भवति नापरस्य परिणामिन एव भवेत् ।
न भवति कर्तृशून्यमिह कर्म न चैकतया
स्थितिरिह वस्तुनो भवतु कर्तृ तदेव ततः ।।१९-२११।।★

શ્લોકાર્થ :—''ननु किल'' ખરેખર ''परिणामः एव'' પરિણામ છે તે જ ''विनिश्चयतः'' નિશ્ચયથી ''कर्म'' કર્મ છે, અને ''सः परिणामिनः एव भवेत्, अपरस्य न भवति'' પરિણામ પોતાના આશ્રયભૂત પરિણામીનો જ હોય છે, અન્યનો નહિ (કારણ કે પરિણામો પોતપોતાના દ્રવ્યના આશ્રયે છે, અન્યના પરિણામનો અન્ય આશ્રય નથી હોતો); વળી ''कर्म कर्तृशून्यं इह न भवति'' કર્મ કર્તા વિના હોતું નથી, ''च'' તેમ જ ''वस्तुनः एकतया स्थितिः इह न'' વસ્તુની એકરૂપે સ્થિતિ (અર્થાત્ ફૂટસ્થ સ્થિતિ) હોતી નથી (કારણ કે વસ્તુ દ્રવ્યપર્યાયસ્વરૂપ હોવાથી સર્વથા નિત્યપણું બાધાસહિત છે); ''ततः'' માટે ''तत् एव कर्तृ भवतु'' વસ્તુ પોતે જ પોતાના પરિણામરૂપ કર્મની કર્તા છે (–એ નિશ્ચય-સિદ્ધાંત છે). ૧૯-૨૧૧.

---

★ પંડિત શ્રી રાજમલજીની ટીકામાં 'આત્મખ્યાતિ'ના આ શ્લોકનો 'ખંડાન્વય સહિત અર્થ' નથી, તેથી ગુજરાતી સમયસારના આધારે અર્થસહિત તે શ્લોક અહીં આપવામાં આવ્યો છે.

(પૃથ્વી)

बहिर्लुठति यद्यपि स्फुटदनन्तशक्तिः स्वयं
तथाऽप्यपरवस्तुनो विशति नान्यवस्त्वन्तरम् ।
स्वभावनियतं यतः सकलमेव वस्त्विष्यते
स्वभावचलनाकुलः किमिह मोहितः क्लिश्यते ।।२०-२१२।।

**ખંડાન્વય સહિત અર્થ :**—જીવનો સ્વભાવ એવો છે કે સકળ જ્ઞેયને જાણે છે. કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ એવું જાણશે કે જ્ઞેયવસ્તુને જાણતાં જીવને અશુદ્ધપણું ઘટે છે. તેનું સમાધાન એમ છે કે અશુદ્ધપણું ઘટતું નથી, જીવવસ્તુનો એવો જ સ્વભાવ છે કે સમસ્ત જ્ઞેયવસ્તુને જાણે છે. અહીંથી શરૂ કરીને એવો ભાવ કહે છે—''इह स्वभावचलनाकुलः मोहितः किं क्लिश्यते'' (इह) જીવ સમસ્ત જ્ઞેયને જાણે છે એમ દેખીને (स्वभाव) જીવના શુદ્ધ સ્વરૂપથી (चलन) સ્ખલિતપણું જાણી (आकुलः) ખેદખિન્ન થતો મિથ્યાદૃષ્ટિ જીવ (मोहितः) મિથ્યાત્વરૂપ અજ્ઞાનપણાને આધીન થઈ (किं क्लिश्यते) કેમ ખેદખિન્ન થાય છે? ''यतः स्वभावनियतं सकलम् एव वस्तु इष्यते'' (यतः) કારણ કે (सकलम् एव वस्तु) જે કોઈ જીવદ્રવ્ય અથવા પુદ્ગલદ્રવ્ય ઇત્યાદિ છે તે બધું (स्वभावनियतं) નિયમથી પોતાના સ્વરૂપે છે એવું (इष्यते) અનુભવગોચર થાય છે. આ જ અર્થ પ્રગટ કરીને કહે છે—''यद्यपि स्फुटदनन्तशक्तिः स्वयं बहिर्लुठति'' (यद्यपि) જોકે પ્રત્યક્ષપણે એવું છે કે (स्फुटत्) સદાકાળ પ્રગટ છે (अनन्तशक्तिः) અવિનશ્વર ચેતનાશક્તિ જેની એવું જીવદ્રવ્ય (स्वयं बहिः लुठति) સ્વયં સમસ્ત જ્ઞેયને જાણીને જ્ઞેયાકારરૂપે પરિણમે છે–એવો જીવનો સ્વભાવ છે, ''तथापि अन्यवस्त्वन्तरम्'' (तथापि) તોપણ (अन्यवस्त्वन्तरम्) એક કોઈ જીવદ્રવ્ય અથવા પુદ્ગલદ્રવ્ય ''अपरवस्तुनः न विशति'' કોઈ અન્ય દ્રવ્યમાં પ્રવેશ કરતું નથી; વસ્તુસ્વભાવ એવો છે. ભાવાર્થ આમ છે કે જીવદ્રવ્ય સમસ્ત જ્ઞેયવસ્તુને જાણે છે એવો તો સ્વભાવ છે, પરંતુ જ્ઞાન જ્ઞેયરૂપ થતું નથી, જ્ઞેય પણ જ્ઞાનદ્રવ્યરૂપ પરિણમતું નથી–એવી વસ્તુની મર્યાદા છે. ૨૦-૨૧૨.

(રથોદ્ધતા)

**वस्तु चैकमिह नान्यवस्तुनो**
**येन तेन खलु वस्तु वस्तु तत् ।**
**निश्चयोऽयमपरो परस्य कः**
**किं करोति हि बहिर्लुठन्नपि ।।२१-२१३।।**

**ખંડાન્વય સહિત અર્થ :**—અર્થ કહ્યો હતો તેને ગાઢો કરે છે—"येन इह एकम् वस्तु अन्यवस्तुनः न" (येन) જે કારણથી (इह) છ દ્રવ્યોમાં કોઈ (एकम् वस्तु) જીવદ્રવ્ય અથવા પુદ્‌ગલદ્રવ્ય સત્તારૂપ વિદ્યમાન છે તે (अन्यवस्तुनः न) અન્ય દ્રવ્ય સાથે સર્વથા મળતું નથી એવી દ્રવ્યોના સ્વભાવની મર્યાદા છે, "तेन खलु वस्तु तत् वस्तु" (तेन) તે કારણથી (खलु) નિશ્ચયથી (वस्तु) જે કોઈ દ્રવ્ય છે (तत् वस्तु) તે પોતાના સ્વરૂપે છે—જેમ છે તેમ જ છે; "अयम् निश्चयः" આવો તો નિશ્ચય છે, પરમેશ્વરે કહ્યો છે, અનુભવગોચર પણ થાય છે. "कः अपरः बहिः लुठन् अपि अपरस्य किं करोति" (कः अपरः) એવું ક્યું દ્રવ્ય છે કે જે (बहिः लुठन् अपि) યદ્યપિ જ્ઞેયવસ્તુને જાણે છે તોપણ (अपरस्य किं करोति) જ્ઞેયવસ્તુ સાથે સંબંધ કરી શકે? અર્થાત્ કોઈ દ્રવ્ય કરી શકે નહિ. ભાવાર્થ આમ છે કે—વસ્તુસ્વરૂપની મર્યાદા તો એવી છે કે કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્ય સાથે એકરૂપ થતું નથી. આ ઉપરાંત જીવનો સ્વભાવ છે કે જ્ઞેયવસ્તુને જાણે; એવો છે તો હો, તોપણ હાનિ તો કાંઈ નથી; જીવદ્રવ્ય જ્ઞેયને જાણતું થકું પોતાના સ્વરૂપે છે. ૨૧-૨૧૩.

(રથોદ્ધતા)

**यत्तु वस्तु कुरुतेऽन्यवस्तुनः**
**किञ्चनापि परिणामिनः स्वयम् ।**
**व्यावहारिकदृशैव तन्मतं**
**नान्यदस्ति किमपीह निश्चयात् ।।२२-२१४।।**

**ખંડાન્વય સહિત અર્થ :**—કોઈ આશંકા કરે છે કે જૈનસિદ્ધાન્તમાં પણ એમ કહ્યું છે કે જીવ જ્ઞાનાવરણાદિ પુદ્ગલકર્મને કરે છે, ભોગવે છે. તેનું સમાધાન આમ છે કે—જૂઠા વ્યવહારથી કહેવા માટે છે, દ્રવ્યનું સ્વરૂપ વિચારતાં પરદ્રવ્યનો કર્તા જીવ નથી. ''तु यत् वस्तु स्वयम् परिणामिनः अन्यवस्तुनः किञ्चन अपि कुरुते'' (तु) એવી પણ કહેણી છે કે (यत् वस्तु) જે કોઈ ચેતનાલક્ષણ જીવદ્રવ્ય, (स्वयम् परिणामिनः अन्यवस्तुनः) પોતાની પરિણામશક્તિથી જ્ઞાનાવરણાદિરૂપ પરિણમે છે એવા પુદ્ગલદ્રવ્યનું (किञ्चन अपि कुरुते) કાંઈ કરે છે એમ કહેવું, ''तत् व्यावहारिकदृशा'' (तत्) જે કાંઈ એવો અભિપ્રાય છે તે બધો (व्यावहारिकदृशा) જૂઠી વ્યવહારદૃષ્ટિથી છે. ''निश्चयात् किम् अपि नास्ति इह मतं'' (निश्चयात्) વસ્તુનું સ્વરૂપ વિચારતાં (किम् अपि नास्ति) એવો વિચાર–એવો અભિપ્રાય કાંઈ નથી;—ભાવાર્થ આમ છે કે કાંઈ જ વાત નથી, મૂળથી જૂઠું છે;—(इह मतं) એવો સિદ્ધાન્ત સિદ્ધ થયો. ૨૨-૨૧૪.

(શાર્દૂલવિક્રીડિત)

**शुद्धद्रव्यनिरूपणार्पितमतेस्तत्त्वं समुत्पश्यतो**
**नैकद्रव्यगतं चकास्ति किमपि द्रव्यान्तरं जातुचित् ।**
**ज्ञानं ज्ञेयमवैति यत्तु तदयं शुद्धस्वभावोदयः**
**किं द्रव्यान्तरचुम्बनाकुलधियस्तत्त्वाच्च्यवन्ते जनाः ॥२३-२१५॥**

**ખંડાન્વય સહિત અર્થ :**—''जनाः तत्त्वात् किं च्यवन्ते'' (जनाः) જનો અર્થાત્ સમસ્ત સંસારી જીવો (तत्त्वात्) 'જીવવસ્તુ સર્વ કાળ શુદ્ધસ્વરૂપ છે, સમસ્ત જ્ઞેયને જાણે છે' એવા અનુભવથી (किं च्यवन्ते) કેમ ભ્રષ્ટ થાય છે? ભાવાર્થ આમ છે કે—વસ્તુનું સ્વરૂપ તો પ્રગટ છે, ભ્રમ કેમ કરે છે? કેવા છે જનો? ''द्रव्यान्तरचुम्बनाकुलधियः'' (द्रव्यान्तर) 'સમસ્ત જ્ઞેયવસ્તુને જાણે છે જીવ તેથી (चुम्बन) અશુદ્ધ થયું છે જીવદ્રવ્ય' એવું જાણીને (आकुलधियः) 'જ્ઞેયવસ્તુનું જાણપણું કઈ રીતે છૂટે કે જેના છૂટવાથી જીવદ્રવ્ય શુદ્ધ થાય' એવી થઈ છે બુદ્ધિ જેમની, એવા છે. ''तु'' તેનું સમાધાન આમ છે કે—''यत् ज्ञानं ज्ञेयम् अवैति तत् अयं शुद्धस्वभावोदयः'' (यत्) જે એમ છે કે (ज्ञानं ज्ञेयम् अवैति) 'જ્ઞાન જ્ઞેયને જાણે છે' એવું

પ્રગટ છે (तत् अयं) તે આ (शुद्धस्वभावोदयः) શુદ્ધ જીવવસ્તુનું સ્વરૂપ છે. ભાવાર્થ આમ છે કે—જેમ અગ્નિનો દાહકસ્વભાવ છે, સમસ્ત દાહ્યવસ્તુને બાળે છે, બાળતો થકો અગ્નિ પોતાના શુદ્ધસ્વરૂપે છે–અગ્નિનો એવો જ સ્વભાવ છે; તેમ જીવ જ્ઞાનસ્વરૂપ છે, સમસ્ત જ્ઞેયને જાણે છે, જાણતો થકો પોતાના સ્વરૂપે છે–એવો વસ્તુનો સ્વભાવ છે. જ્ઞેયના જાણપણાથી જીવને અશુદ્ધપણું માને છે તે ન માનો, જીવ શુદ્ધ છે; [વિશેષ સમાધાન કરે છે—] કારણ કે "किम् अपि द्रव्यान्तरं एकद्रव्यगतं न चकास्ति" (किम् अपि द्रव्यान्तरं) કોઈ જ્ઞેયરૂપ પુદ્‌ગલદ્રવ્ય અથવા ધર્મ, અધર્મ, આકાશ, કાળદ્રવ્ય (एकद्रव्य) શુદ્ધ જીવવસ્તુમાં (गतं) એકદ્રવ્યરૂપે પરિણમે છે એમ (न चकास्ति) શોભતું નથી. ભાવાર્થ આમ છે કે—જીવ સમસ્ત જ્ઞેયને જાણે છે, જ્ઞાન જ્ઞાનરૂપ છે, જ્ઞેયવસ્તુ જ્ઞેયરૂપ છે; કોઈ દ્રવ્ય પોતાનું દ્રવ્યત્વ છોડીને અન્ય દ્રવ્યરૂપ તો નથી થયું. એવો અનુભવ કોને છે તે કહે છે—"शुद्धद्रव्यनिरूपणार्पितमतेः" (शुद्धद्रव्य) સમસ્ત વિકલ્પથી રહિત શુદ્ધ ચેતનામાત્ર જીવવસ્તુના (निरूपण) પ્રત્યક્ષ અનુભવમાં (अर्पितमतेः) સ્થાપ્યું છે બુદ્ધિનું સર્વસ્વ જેણે એવા જીવને. વળી કેવા જીવને? "तत्त्वं समुत्पश्यतः" સત્તામાત્ર શુદ્ધ જીવવસ્તુને પ્રત્યક્ષ આસ્વાદે છે એવા જીવને. ભાવાર્થ આમ છે—'જીવ સમસ્ત જ્ઞેયને જાણે છે, સમસ્ત જ્ઞેયથી ભિન્ન છે,' એવો સ્વભાવ સમ્યગ્દૃષ્ટિ જીવ જાણે છે. ૨૩-૨૧૫.

(મન્દાક્રાન્તા)

**शुद्धद्रव्यस्वरसभवनात्किं स्वभावस्य शेष-**
**मन्यद्द्रव्यं भवति यदि वा तस्य किं स्यात्स्वभावः ।**
**ज्योत्स्नारूपं स्नपयति भुवं नैव तस्यास्ति भूमि-**
**र्ज्ञानं ज्ञेयं कलयति सदा ज्ञेयमस्यास्ति नैव ॥२४-२१६॥**

ખંડાન્વય સહિત અર્થ :—"सदा ज्ञानं ज्ञेयं कलयति अस्य ज्ञेयं न अस्ति एव" (सदा) સર્વ કાળ (ज्ञानं) જ્ઞાન અર્થાત્ અર્થગ્રહણશક્તિ (ज्ञेयं) સ્વપરસંબંધી સમસ્ત જ્ઞેયવસ્તુને (कलयति) એક સમયમાં દ્રવ્ય-ગુણ-પર્યાયભેદ સહિત જેવી છે તેવી જાણે છે. એક વિશેષ—(अस्य) જ્ઞાનના સંબંધથી (ज्ञेयं न अस्ति) જ્ઞેયવસ્તુ જ્ઞાન

સાથે સંબંધરૂપ નથી, (एव) નિશ્ચયથી એમ જ છે. દ્રષ્ટાંત કહે છે—''ज्योत्स्नारूपं भुवं स्नपयति तस्य भूमिः न अस्ति एव'' (ज्योत्स्नारूपं) ચાંદનીનો પ્રસાર (भुवं स्नपयति) ભૂમિને શ્વેત કરે છે. એક વિશેષ—(तस्य) ચાંદનીના પ્રસારના સંબંધથી (भूमिः न अस्ति) ભૂમિ ચાંદનીરૂપ થતી નથી. ભાવાર્થ આમ છે કે—જેમ ચાંદની પ્રસરે છે, સમસ્ત ભૂમિ શ્વેત થાય છે, તોપણ ચાંદનીનો અને ભૂમિનો સંબંધ નથી; તેમ જ્ઞાન સમસ્ત જ્ઞેયને જાણે છે તોપણ જ્ઞાનનો અને જ્ઞેયનો સંબંધ નથી; એવો વસ્તુનો સ્વભાવ છે. આવું કોઈ ન માને તેના પ્રતિ યુક્તિ દ્વારા ઘટાવે છે—''शुद्धद्रव्यस्वरसभवनात्'' શુદ્ધ દ્રવ્ય પોતપોતાના સ્વભાવમાં રહે છે તો ''स्वभावस्य शेषं किं'' (स्वभावस्य) સત્તામાત્ર વસ્તુનું (शेषं किं) શું બચ્યું? ભાવાર્થ આમ છે કે સત્તામાત્ર વસ્તુ નિર્વિભાગ એકરૂપ છે, જેના બે ભાગ થતા નથી. ''यदि वा'' જો કદી ''अन्यद्रव्यं भवति'' અનાદિનિધન સત્તારૂપ વસ્તુ અન્ય સત્તારૂપ થાય તો ''तस्य स्वभावः किं स्यात्'' (तस्य) પહેલાં સાધેલી સત્તારૂપ વસ્તુનો (स्वभावः किं स्यात्) સ્વભાવ શું રહ્યો અર્થાત્ જો પહેલાંનું સત્ત્વ અન્ય સત્ત્વરૂપ થાય તો પહેલાંની સત્તામાંનું શું બચ્યું? અર્થાત્ પહેલાંની સત્તાનો વિનાશ સિદ્ધ થાય છે. ભાવાર્થ આમ છે કે—જેમ જીવદ્રવ્ય ચેતનાસત્તારૂપ છે, નિર્વિભાગ છે, તે ચેતનાસત્તા જો કદી પુદ્ગલદ્રવ્ય–અચેતનારૂપ થઈ જાય તો ચેતનાસત્તાનો વિનાશ થતો કોણ મટાડી શકે? પરંતુ વસ્તુનું સ્વરૂપ એવું તો નથી, તેથી જે દ્રવ્ય જેવું છે, જે રીતે છે, તે તેવું જ છે, અન્યથા થતું નથી. માટે જીવનું જ્ઞાન સમસ્ત જ્ઞેયને જાણે છે તો જાણો, તથાપિ જીવ પોતાના સ્વરૂપે છે. ૨૪-૨૧૬.

(મન્દાક્રાન્તા)

रागद्वेषद्वयमुदयते तावदेतन्न यावत्
ज्ञानं ज्ञानं भवति न पुनर्बोध्यतां याति बोध्यम् ।
ज्ञानं ज्ञानं भवतु तदिदं न्यक्कृताज्ञानभावं
भावाभावौ भवति तिरयन् येन पूर्णस्वभावः ॥२५-२१७॥

**ખંડાન્વય સહિત અર્થ** :—''एतत् रागद्वेषद्वयं तावत् उदयते'' (एतत्)

વિદ્યમાન, (राग) ઈષ્ટમાં અભિલાષ અને (द्वेष) અનિષ્ટમાં ઉદ્વેગ એવા (द्वयम्) બે જાતિના અશુદ્ધ પરિણામ (तावत् उदयते) ત્યાં સુધી થાય છે ''यावत् ज्ञानं ज्ञानं न भवति'' (यावत्) જ્યાં સુધી (ज्ञानं) જ્ઞાન અર્થાત્ જીવદ્રવ્ય (ज्ञानं न भवति) પોતાના શુદ્ધસ્વરૂપના અનુભવરૂપ પરિણમતું નથી; [ભાવાર્થ આમ છે કે જેટલા કાળ સુધી જીવ મિથ્યાદ્રષ્ટિ છે તેટલા કાળ સુધી રાગ-દ્વેષરૂપ અશુદ્ધ પરિણમન મટતું નથી.] ''पुनः बोध्यं बोध्यतां यावत् न याति'' (पुनः) તથા (बोध्यं) જ્ઞાનાવરણાદિ કર્મ અથવા રાગાદિ અશુદ્ધ પરિણામ (बोध्यतां यावत् न याति) જ્ઞેયમાત્ર બુદ્ધિને પ્રાપ્ત થતાં નથી. ભાવાર્થ આમ છે કે—જ્ઞાનાવરણાદિ કર્મ સમ્યગ્દ્રષ્ટિ જીવને જાણવા માટે છે, કોઈ પોતાના કર્મનો ઉદય કાર્ય જે તે પ્રકારે કરવાને સમર્થ નથી. ''तत् ज्ञानं ज्ञानं भवतु'' (तत्) તે કારણથી (ज्ञानं) જ્ઞાન અર્થાત્ જીવવસ્તુ (ज्ञानं भवतु) શુદ્ધ પરિણતિરૂપ થઈને શુદ્ધસ્વરૂપના અનુભવસમર્થ હો. કેવું છે શુદ્ધ જ્ઞાન? ''न्यक्कृताज्ञानभावं'' (न्यक्कृत) દૂર કરી છે (अज्ञानभावं) મિથ્યાત્વભાવરૂપ પરિણતિ જેણે એવું છે. આવું થતાં કાર્યની પ્રાપ્તિ કહે છે—''येन पूर्णस्वभावः भवति'' (येन) જે શુદ્ધ જ્ઞાન વડે (पूर्णस्वभावः भवति) પૂર્ણ સ્વભાવ અર્થાત્ જેવું દ્રવ્યનું અનંતચતુષ્ટયસ્વરૂપ છે તેવું પ્રગટ થાય છે. ભાવાર્થ આમ છે કે મુક્તિપદની પ્રાપ્તિ થાય છે. કેવો છે પૂર્ણ સ્વભાવ અર્થાત્ સ્વરૂપ? ''भावाभावौ तिरयन्'' ચતુર્ગતિસંબંધી ઉત્પાદ-વ્યયને સર્વથા દૂર કરતું થકું જીવનું સ્વરૂપ પ્રગટ થાય છે. ૨૫-૨૧૭.

(મંદાક્રાન્તા)

रागद्वेषाविह हि भवति ज्ञानमज्ञानभावात्<br>
तौ वस्तुत्वप्रणिहितदृशा दृश्यमानौ न किञ्चित् ।<br>
सम्यग्दृष्टिः क्षपयतु ततस्तत्त्वदृष्ट्या स्फुटन्तौ<br>
ज्ञानज्योतिर्ज्वलति सहजं येन पूर्णाचलार्चिः ।।२६-२१८।।

ખંડાન્વય સહિત અર્થ :—''ततः सम्यग्दृष्टिः स्फुटं तत्त्वदृष्ट्या तौ क्षपयतु'' (ततः) તે કારણથી (सम्यग्दृष्टिः) શુદ્ધચૈતન્ય-અનુભવશીલ જીવ, (स्फुटं तत्त्वदृष्ट्या) પ્રત્યક્ષરૂપ છે જે શુદ્ધ જીવસ્વરૂપનો અનુભવ તેના વડે (तौ) રાગ-દ્વેષ બંનેને (क्षपयतु)

મૂળથી મટાડીને દૂર કરો. "येन ज्ञानज्योतिः सहजं ज्वलति" (येन) જે રાગ-દ્વેષને મટાડવાથી (ज्ञानज्योतिः सहजं ज्वलति) જ્ઞાનજ્યોતિ અર્થાત્ શુદ્ધ જીવનું સ્વરૂપ જેવું છે તેવું સહજ પ્રગટ થાય છે. કેવી છે જ્ઞાનજ્યોતિ? "पूर्णाचलार्चिः" (पूर्ण) જેવો સ્વભાવ છે એવો અને (अचल) સર્વ કાળ પોતાના સ્વરૂપે છે એવો (अर्चिः) પ્રકાશ છે જેનો, એવી છે. રાગ-દ્વેષનું સ્વરૂપ કહે છે—"हि ज्ञानम् अज्ञानभावात् इह रागद्वेषौ भवति" (हि) જે કારણથી (ज्ञानम्) જીવદ્રવ્ય (अज्ञानभावात्) અનાદિ કર્મસંયોગથી પરિણમ્યું છે વિભાવપરિણતિ–મિથ્યાત્વરૂપ, તેને લીધે (इह) વર્તમાન સંસાર-અવસ્થામાં (रागद्वेषौ भवति) રાગ-દ્વેષરૂપ અશુદ્ધ પરિણતિએ વ્યાપ્ય-વ્યાપકરૂપ પોતે પરિણમે છે. તેથી "तौ वस्तुत्वप्रणिहितदृशा दृश्यमानौ न किञ्चित्" (तौ) રાગ-દ્વેષ બંને જાતિના અશુદ્ધ પરિણામ (वस्तुत्वप्रणिहितदृशा दृश्यमानौ) સત્તાસ્વરૂપ દ્રષ્ટિથી વિચારતાં (न किञ्चित्) કાંઈ વસ્તુ નથી. ભાવાર્થ આમ છે કે જેમ સત્તાસ્વરૂપ એક જીવદ્રવ્ય વિદ્યમાન છે તેમ રાગ-દ્વેષ કોઈ દ્રવ્ય નથી, જીવની વિભાવપરિણતિ છે. તે જ જીવ જો પોતાના સ્વભાવરૂપે પરિણમે તો રાગ-દ્વેષ સર્વથા મટે. આમ થવું સુગમ છે, કાંઈ મુશ્કેલ નથી; અશુદ્ધ પરિણતિ મટે છે, શુદ્ધ પરિણતિ થાય છે. ૨૬-૨૧૮.

(શાલિની)

रागद्वेषोत्पादकं तत्त्वदृष्ट्या
नान्यद्द्रव्यं वीक्ष्यते किञ्चनापि ।
सर्वद्रव्योत्पत्तिरन्तश्चकास्ति
व्यक्तात्यन्तं स्वस्वभावेन यस्मात् ॥२७-२१९॥

**ખંડાન્વય સહિત અર્થ :**—ભાવાર્થ આમ છે કે, કોઈ એમ માને છે કે જીવનો સ્વભાવ રાગ-દ્વેષરૂપે પરિણમવાનો નથી, પરદ્રવ્ય—જ્ઞાનાવરણાદિ કર્મ તથા શરીર-સંસાર-ભોગસામગ્રી—બલાત્કારે જીવને રાગ-દ્વેષરૂપ પરિણમાવે છે. પરંતુ એમ તો નથી, જીવની વિભાવપરિણામશક્તિ જીવમાં છે, તેથી મિથ્યાત્વના ભ્રમરૂપે પરિણમતું થકું રાગ-દ્વેષરૂપે જીવદ્રવ્ય પોતે પરિણમે છે, પરદ્રવ્યનો કાંઈ સહારો નથી. તે કહે છે—"किञ्चन अपि अन्यद्द्रव्यं तत्त्वदृष्ट्या रागद्वेषोत्पादकं न वीक्ष्यते"

(किञ्चन अपि अन्यद्रव्य) આઠ કર્મરૂપ અથવા શરીર, મન, વચન-નોકર્મરૂપ અથવા બાહ્ય ભોગસામગ્રી ઈત્યાદિરૂપ છે જેટલું પરદ્રવ્ય તે, (तत्त्वदृष्ट्या) દ્રવ્યનું સ્વરૂપ જોતાં સાચી દૃષ્ટિથી (रागद्वेषोत्पादकं) અશુદ્ધ ચેતનારૂપ છે જે રાગ-દ્વેષપરિણામ તેમને ઉપજાવવા સમર્થ (न वीक्ष्यते) જોવામાં આવતું નથી; [કહેલો અર્થ ગાઢો–દૃઢ કરે છે—] ''यस्मात् सर्वद्रव्योत्पत्तिः स्वस्वभावेन अन्तश्चकास्ति'' (यस्मात्) કારણ કે (सर्वद्रव्य) જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, કાળ અને આકાશના (उत्पत्तिः) અખંડધારારૂપ પરિણામ (स्वस्वभावेन) પોતપોતાના સ્વરૂપે છે, (अन्तः चकास्ति) એવું જ અનુભવમાં નિશ્ચિત થાય છે અને એમ જ વસ્તુ સધાય છે, અન્યથા વિપરીત છે. કેવી છે પરિણતિ? ''अत्यन्तं व्यक्ता'' અતિશય પ્રગટ છે. ૨૭-૨૧૯.

(માલિની)

**यदिह भवति रागद्वेषदोषप्रसूतिः**
**कतरदपि परेषां दूषणं नास्ति तत्र ।**
**स्वयमयमपराधी तत्र सर्पत्यबोधो**
**भवतु विदितमस्तं यात्वबोधोऽस्मि बोधः ॥२८-२२०॥**

**ખંડાન્વય સહિત અર્થ** :—ભાવાર્થ આમ છે કે જીવદ્રવ્ય સંસારઅવસ્થામાં રાગ-દ્વેષ-મોહ—અશુદ્ધ ચેતનારૂપ પરિણમે છે તે, વસ્તુનું સ્વરૂપ વિચારતાં, જીવનો દોષ છે, પુદ્‌ગલદ્રવ્યનો દોષ કાંઈ નથી; કારણ કે જીવદ્રવ્ય પોતાના વિભાવ–મિથ્યાત્વરૂપ પરિણમતું થકું પોતાના અજ્ઞાનપણાને લીધે રાગ-દ્વેષ-મોહરૂપ પોતે પરિણમે છે. જો કદી શુદ્ધ પરિણતિરૂપ થઈને શુદ્ધસ્વરૂપના અનુભવરૂપ પરિણમે, રાગ-દ્વેષ-મોહરૂપ ન પરિણમે, તો પુદ્‌ગલદ્રવ્યનો શો ઈલાજ ચાલે? તે જ કહે છે—''इह यत् रागद्वेषदोषप्रसूतिः भवति तत्र कतरत् अपि परेषां दूषणं नास्ति'' (इह) અશુદ્ધ અવસ્થામાં (यत्) જે કાંઈ (रागद्वेषदोषप्रसूतिः भवति) રાગાદિ અશુદ્ધ પરિણતિ થાય છે (तत्र) તે અશુદ્ધ પરિણતિ થવામાં (कतरत् अपि) અત્યંત થોડું પણ, (परेषां दूषणं नास्ति) જેટલી સામગ્રી છે—જ્ઞાનાવરણાદિ કર્મનો ઉદય અથવા શરીર-મન-વચન અથવા પંચેન્દ્રિય ભોગસામગ્રી ઈત્યાદિ ઘણી સામગ્રી છે—તેમાં કોઈનું દૂષણ

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



તો નથી. તો શું છે? ''अयम् स्वयम् अपराधी तत्र अबोधः सर्पति'' (अयम्) સંસારી જીવ (स्वयम् अपराधी) પોતે મિથ્યાત્વરૂપે પરિણમતો થકો શુદ્ધ સ્વરૂપના અનુભવથી ભ્રષ્ટ છે; કર્મના ઉદયથી થયો છે અશુદ્ધ ભાવ, તેને પોતારૂપ જાણે છે; (तत्र) એ રીતે અજ્ઞાનનો અધિકાર હોતાં (अबोधः सर्पति) રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ પરિણતિ થાય છે. ભાવાર્થ આમ છે કે જીવ પોતે મિથ્યાદ્રષ્ટિ થતો થકો પરદ્રવ્યને પોતારૂપ જાણીને અનુભવે ત્યાં રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ પરિણતિનું થવું કોણ રોકે? તેથી પુદ્ગલકર્મનો શો દોષ? ''विदितं भवतु'' એમ જ વિદિત હો કે રાગાદિ અશુદ્ધ પરિણતિરૂપે જીવ પરિણમે છે તે જીવનો દોષ છે, પુદ્ગલદ્રવ્યનો દોષ નથી. હવે આગળનો વિચાર કંઈ છે કે નથી? ઉત્તર આમ છે—આગળનો આ વિચાર છે કે ''अबोधः अस्तं यातु'' (अबोधः) મોહ-રાગ-દ્વેષરૂપ છે જે અશુદ્ધ પરિણતિ તેનો (अस्तं यातु) વિનાશ હો. તેનો વિનાશ થવાથી ''बोधः अस्मि'' હું શુદ્ધ, ચિદ્રૂપ, અવિનશ્વર, અનાદિનિધન, જેવો છું તેવો વિદ્યમાન જ છું. ભાવાર્થ આમ છે કે—જીવદ્રવ્ય શુદ્ધસ્વરૂપ છે; તેમાં મોહ-રાગ-દ્વેષરૂપ અશુદ્ધ પરિણતિ થાય છે; તે અશુદ્ધ પરિણતિને મટાડવાનો ઉપાય આ છે કે સહજ જ દ્રવ્ય શુદ્ધત્વરૂપ પરિણમે તો અશુદ્ધ પરિણતિ મટે; બીજું તો કોઈ કરતૂત–ઉપાય નથી. તે અશુદ્ધ પરિણતિ મટતાં જીવદ્રવ્ય જેવું છે તેવું છે, કાંઈ ઘટવધ તો નથી. ૨૮-૨૨૦.

સહજ ચિદાનંદ.

(રથોદ્ધતા)

**रागजन्मनि निमित्ततां पर-**
**द्रव्यमेव कलयन्ति ये तु ते ।**
**उत्तरन्ति न हि मोहवाहिनीं**
**शुद्धबोधविधुरान्धबुद्धयः ।।२९-२२१।।**

**ખંડાન્વય સહિત અર્થ** :—કહેલા અર્થને ગાઢો–દ્રઢ કરે છે—''ते मोहवाहिनीं न हि उत्तरन्ति'' (ते) એવો મિથ્યાદ્રષ્ટિ જીવરાશિ (मोहवाहिनीं) મોહ-રાગ-દ્વેષરૂપ અશુદ્ધ પરિણતિ એવી જે શત્રુની સેના તેને (न हि उत्तरन्ति) મટાડી શકતો નથી. કેવા છે તે મિથ્યાદ્રષ્ટિ જીવો? ''शुद्धबोधविधुरान्धबुद्धयः'' (शुद्ध) સકળ

ઉપાધિથી રહિત જીવવસ્તુના (बोध) પ્રત્યક્ષ અનુભવથી (विधुर) રહિત હોવાથી (अन्ध) સમ્યક્ત્વથી શૂન્ય છે (बुद्धयः) જ્ઞાનસર્વસ્વ જેમનું, એવા છે. તેમનો અપરાધ શો? ઉત્તર—અપરાધ આવો છે; તે જ કહે છે : ''ये रागजन्मनि परद्रव्यं निमित्ततां एव कलयन्ति'' (ये) જે કોઈ મિથ્યાદ્રષ્ટિ જીવ એવા છે—'(रागजन्मनि) રાગ-દ્વેષ-મોહ અશુદ્ધ પરિણતિરૂપ પરિણમતા જીવદ્રવ્યના વિષયમાં (परद्रव्यं) આઠ કર્મ, શરીર આદિ નોકર્મ તથા બાહ્ય ભોગસામગ્રીરૂપ (निमित्ततां कलयन्ति) પુદ્ગલદ્રવ્યનું નિમિત્ત પામીને જીવ રાગાદિ અશુદ્ધરૂપ પરિણમે છે' એવી શ્રદ્ધા કરે છે જે કોઈ જીવરાશિ તે મિથ્યાદ્રષ્ટિ છે, અનંત સંસારી છે, જેથી એવો વિચાર છે કે સંસારી જીવને રાગાદિ અશુદ્ધ પરિણમનશક્તિ નથી, પુદ્‌ગલકર્મ બલાત્કારે જ પરિણમાવે છે. જો એમ છે તો પુદ્‌ગલકર્મ તો સર્વ કાળ વિદ્યમાન જ છે, જીવને શુદ્ધ પરિણામનો અવસર ક્યો? અર્થાત્ કોઈ અવસર નહિ. ૨૯-૨૨૧.

(શાર્દૂલવિક્રીડિત)

पूर्णैकाच्युतशुद्धबोधमहिमा बोधा न बोध्यादयं
यायात्कामपि विक्रियां तत इतो दीपः प्रकाश्यादिव ।
तद्वस्तुस्थितिबोधवन्ध्यधिषणा एते किमज्ञानिनो
रागद्वेषमयीभवन्ति सहजां मुञ्चन्त्युदासीनताम् ।।३०-२२२।।

**ખંડાન્વય સહિત અર્થ :**—ભાવાર્થ આમ છે કે, કોઈ મિથ્યાદ્રષ્ટિ જીવ એવી આશંકા કરશે કે જીવદ્રવ્ય જ્ઞાયક છે, સમસ્ત જ્ઞેયને જાણે છે, તેથી પરદ્રવ્યને જાણતાં કાંઈક થોડો ઘણો રાગાદિ અશુદ્ધ પરિણતિનો વિકાર થતો હશે? ઉત્તર આમ છે કે પરદ્રવ્યને જાણતાં તો એક નિરંશમાત્ર પણ નથી, પોતાની વિભાવપરિણતિ કરતાં વિકાર છે, પોતાની શુદ્ધ પરિણતિ હોતાં નિર્વિકાર છે. એમ કહે છે—''एते अज्ञानिनः किं रागद्वेषमयीभवन्ति, सहजां उदासीनतां किं मुञ्चंति'' (एते अज्ञानिनः) વિદ્યમાન છે જે મિથ્યાદ્રષ્ટિ જીવો તે (किं रागद्वेषमयीभवन्ति) રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ પરિણતિમાં મગ્ન કેમ થાય છે? તથા (सहजां उदासीनतां किं मुञ्चंति) સહજ જ છે સકળ પરદ્રવ્યથી ભિન્નપણું—એવી પ્રતીતિને કેમ છોડે છે? ભાવાર્થ

આમ છે કે—વસ્તુનું સ્વરૂપ તો પ્રગટ છે, તેઓ વિચલિત થાય છે તે પૂરો અચંબો છે. કેવા છે અજ્ઞાની જીવો? ''तद्वस्तुस्थितिबोधवन्ध्यधिषणाः'' (तद्वस्तु) શુદ્ધ જીવદ્રવ્યની (स्थिति) સ્થિતિ અર્થાત્ સ્વભાવની મર્યાદા, તેના (बोध) અનુભવથી (वन्ध्य) શૂન્ય છે (धिषणाः) બુદ્ધિ જેમની, એવા છે. ''अयं बोधा'' વિદ્યમાન છે જે ચેતનામાત્ર જીવદ્રવ્ય તે ''बोध्यात्'' સમસ્ત જ્ઞેયને જાણે છે તેના દ્વારા ''कामपि विक्रियां न यायात्'' રાગ-દ્વેષ-મોહરૂપ કોઈ પણ વિક્રિયારૂપે પરિણમતું નથી. કેવું છે જીવદ્રવ્ય? ''पूर्णैकाच्युतशुद्धबोधमहिमा'' (पूर्ण) જેનો ખંડ નથી એવો, (एक) સમસ્ત વિકલ્પથી રહિત, (अच्युत) અનંત કાળ પર્યન્ત સ્વરૂપથી ચળતો નથી એવો, (शुद्ध) દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મથી રહિત એવો જે (बोध) જ્ઞાનગુણ તે જ છે (महिमा) સર્વસ્વ જેનું, એવું છે. દૃષ્ટાન્ત કહે છે—''ततः इतः प्रकाश्यात् दीपः इव'' (ततः इतः) ડાબે-જમણે, ઉપર-નીચે, આગળ-પાછળ (प्रकाश्यात्) દીવાના પ્રકાશથી જોવામાં આવે છે ઘડો, કપડું ઈત્યાદિ, તેના દ્વારા (दीपः इव) જેમ દીવામાં કોઈ વિકાર ઊપજતો નથી. ભાવાર્થ આમ છે કે—જેવી રીતે દીપક પ્રકાશસ્વરૂપ છે, ઘટ-પટાદિ અનેક વસ્તુઓને પ્રકાશે છે, પ્રકાશતો થકો જે પોતાનું પ્રકાશમાત્ર સ્વરૂપ હતું તેવું જ છે, વિકાર તો કાંઈ જોવામાં આવતો નથી; તેવી જ રીતે જીવદ્રવ્ય જ્ઞાનસ્વરૂપ છે, સમસ્ત જ્ઞેયને જાણે છે, જાણતું થકું જે પોતાનું જ્ઞાનમાત્ર સ્વરૂપ હતું તેવું જ છે, જ્ઞેયને જાણતાં વિકાર કાંઈ નથી. આવું વસ્તુનું સ્વરૂપ જેમને ભાસતું નથી તેઓ મિથ્યાદૃષ્ટિ છે. ૩૦-૨૨૨.

(શાર્દૂલવિક્રીડિત)

**रागद्वेषविभावमुक्तमहसो नित्यं स्वभावस्पृशः**
**पूर्वागामिसमस्तकर્मविकला भिन्नास्तदात्वोदयात् ।**
**दूरारूढचरित्रवैभवबलाच्चञ्चच्चिदर्चिर्मयीं**
**विन्दन्ति स्वरसाभिषिक्तभुवनां ज्ञानस्य सञ्चेतनाम् ॥३१-२२३॥**

**ખંડાન્વય સહિત અર્થ :**—''नित्यं स्वभावस्पृशः ज्ञानस्य सञ्चेतनां विन्दन्ति'' (नित्यं स्वभावस्पृशः) નિરંતર શુદ્ધ સ્વરૂપનો અનુભવ છે જેમને એવા છે જે સમ્યગ્દૃષ્ટિ

જીવો તે (ज्ञानस्य सञ्चेतनां) જ્ઞાનચેતનાને અર્થાત્ રાગ-દ્વેષ-મોહથી રહિત શુદ્ધ જ્ઞાનમાત્ર વસ્તુને (विन्दन्ति) પામે છે–આસ્વાદે છે. કેવી છે જ્ઞાનચેતના? "स्वरसाभिषिक्तभुवनां" પોતાના આત્મિક રસથી જગતને જાણે કે સિંચન કરે છે. વળી કેવી છે? "चञ्चच्चिदर्चिर्मयीं" (चञ्चत्) સકળ જ્ઞેયને જાણવામાં સમર્થ એવો જે (चिदर्चिः) ચૈતન્યપ્રકાશ, તે છે (मयीं) સર્વસ્વ જેનું, એવી છે. આવી ચેતના ક્યા કારણથી છે તે કહે છે—"दूरारूढचरित्रवैभवबलात्" (दूर) અતિ ગાઢ-દ્રઢ (आरूढ) પ્રગટ થયેલો, (चरित्र) રાગદ્વેષ અશુદ્ધ પરિણતિથી રહિત જીવનો જે ચારિત્રગુણ, તેના (वैभव) પ્રતાપના (बलात्) સામર્થ્યથી. ભાવાર્થ આમ છે કે—શુદ્ધ ચારિત્ર તથા શુદ્ધ જ્ઞાનચેતનાને એકવસ્તુપણું છે. કેવા છે સમ્યગ્દષ્ટિ જીવ? "रागद्वेषविभावमुक्तमहसः" (रागद्वेष) જેટલી અશુદ્ધ પરિણતિ છે તે-રૂપ જે (विभाव) જીવનો વિકારભાવ, તેનાથી (मुक्त) રહિત થયું છે (महसः) શુદ્ધ જ્ઞાન જેમનું, એવા છે. વળી કેવા છે? "पूर्वागामिसमस्तकर्मविकलाः" (पूर्व) જેટલો અતીત કાળ, (आगामि) જેટલો અનાગત કાળ, તે-સંબંધી (समस्त) નાના પ્રકારના અસંખ્યાત લોકમાત્ર (कर्म) રાગાદિરૂપ અથવા સુખ-દુઃખરૂપ અશુદ્ધચેતના-વિકલ્પ, તેનાથી (विकलाः) સર્વથા રહિત છે. વળી કેવા છે? "तदात्वोदयात् भिन्नाः" (तदात्वोदयात्) વર્તમાન કાળમાં આવેલા ઉદયથી થયેલ છે જે શરીર, સુખ-દુઃખ, વિષયભોગસામગ્રી ઈત્યાદિ, તેનાથી (भिन्नाः) પરમ ઉદાસીન છે. ભાવાર્થ આમ છે કે—કોઈ સમ્યગ્દષ્ટિ જીવો ત્રિકાળસંબંધી કર્મની ઉદયસામગ્રીથી વિરક્ત થઈને શુદ્ધ ચેતનાને પામે છે–આસ્વાદે છે. ૩૧-૨૨૩.

(ઉપજાતિ)

**ज्ञानस्य सञ्चेतनयैव नित्यं**
**प्रकाशते ज्ञानमतीव शुद्धम् ।**
**अज्ञानसञ्चेतनया तु धावन्**
**बोधस्य शुद्धिं निरुणद्धि बन्धः ॥३२-२२४॥**

**ખંડાન્વય સહિત અર્થ** :—જ્ઞાનચેતનાનું ફળ તથા અજ્ઞાનચેતનાનું ફળ કહે છે: "नित्यं" નિરંતર "ज्ञानस्य सञ्चेतनया" રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ પરિણતિ

વિના શુદ્ધ જીવસ્વરૂપના અનુભવરૂપ જે જ્ઞાનપરિણતિ, તેના વડે ''अतीव शुद्धम् ज्ञानम् प्रकाशते एव'' (अतीव शुद्धम् ज्ञानम्) સર્વથા નિરાવરણ કેવળજ્ઞાન (प्रकाशते) પ્રગટ થાય છે; [ભાવાર્થ આમ છે કે—કારણ સદૃશ કાર્ય થાય છે, તેથી શુદ્ધ જ્ઞાનને અનુભવતાં શુદ્ધ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે–એમ ઘટે છે.] (एव) એમ જ છે નિશ્ચયથી. ''तु'' તથા ''अज्ञानसञ्चेतनया बन्धः धावन् बोधस्य शुद्धिं निरुणद्धि'' (अज्ञानसञ्चेतनया) રાગ-દ્વેષ-મોહરૂપ તથા સુખ-દુઃખાદિરૂપ જીવની અશુદ્ધ પરિણતિ વડે (बन्धः धावन् ) જ્ઞાનાવરણાદિ કર્મબંધ અવશ્ય થતો થકો (बोधस्य शुद्धिं निरुणद्धि) કેવળજ્ઞાનની શુદ્ધતાને રોકે છે. ભાવાર્થ આમ છે કે—જ્ઞાનચેતના મોક્ષનો માર્ગ, અજ્ઞાનચેતના સંસારનો માર્ગ. ૩૨-૨૨૪.

(આર્યા)

**कृतकारितानुमननैस्त्रिकालविषयं मनोवचनकायैः ।**
**परिहृत्य कर्म सर्वं परमं नैष्कर्म्यमवलम्बे ॥३३-२२५॥**

**ખંડાન્વય સહિત અર્થ** :—કર્મચેતનારૂપ તથા કર્મફળચેતનારૂપ છે જે અશુદ્ધ પરિણતિ તેને મટાડવાનો અભ્યાસ કરે છે : ''परमं नैष्कर्म्यम् अवलम्बे'' હું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ જીવ છું, સકળ કર્મની ઉપાધિથી રહિત એવું મારું સ્વરૂપ મને સ્વાનુભવ-પ્રત્યક્ષપણે આસ્વાદમાં આવે છે. શું વિચારીને? ''सर्वं कर्म परिहृत्य'' જેટલું દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ છે તે સમસ્તનું સ્વામિત્વ છોડીને. અશુદ્ધ પરિણતિનું વિવરણ—''त्रिकालविषयं'' એક અશુદ્ધ પરિણતિ અતીત કાળના વિકલ્પરૂપ છે જે 'મેં આમ કર્યું, આમ ભોગવ્યું' ઇત્યાદિરૂપ છે; એક અશુદ્ધ પરિણતિ આગામી કાળના વિષયરૂપ છે જે 'આમ કરીશ, આમ કરવાથી આમ થશે' ઇત્યાદિરૂપ છે; એક અશુદ્ધ પરિણતિ વર્તમાન વિષયરૂપ છે જે 'હું દેવ, હું રાજા, મારે આવી સામગ્રી, મને આવું સુખ અથવા દુઃખ' ઇત્યાદિરૂપ છે. એક આવો પણ વિકલ્પ છે કે : ''कृतिकारितानुमननैः'' (कृत) જે કંઈ પોતે હિંસાદિ ક્રિયા કરી હોય; (कारित) જે, અન્ય જીવને ઉપદેશ દઈને, કરાવી હોય; (अनुमननैः) જે, કોઈએ સહજ જ કરેલી ક્રિયાથી સુખ માનવું હોય. તથા એક આવો પણ વિકલ્પ છે કે : ''मनोवचनकायैः'' મનથી ચિંતવવું, વચનથી બોલવું, કાયાથી

પ્રત્યક્ષપણે કરવું. આવા વિકલ્પોને પરસ્પર ફેલાવતાં ઓગણપચાસ ભેદ થાય છે, તે સમસ્ત જીવનું સ્વરૂપ નથી, પુદ્ગલકર્મના ઉદયથી થાય છે. ૩૩-૨૨૫.

ભૂતકાળનો વિચાર આ પ્રમાણે કરે છે—

**यदहमकार्षं यदचीकरं यत्कुर्वन्तमप्यन्यं समन्वज्ञासिषं मनसा च वाचा च कायेन च तन्मिथ्या मे दुष्कृतमिति।★**

**ખંડાન્વય સહિત અર્થ :**—''तत् दुष्कृतं मे मिथ्या भवतु'' (तत् दुष्कृतम्) રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ પરિણતિ અથવા જ્ઞાનાવરણાદિ કર્મપિંડ, (मे मिथ्या भवतु) સ્વરૂપથી ભ્રષ્ટ હોવાથી મેં પોતારૂપ અનુભવ્યાં તે અજ્ઞાનપણું થયું; સાંપ્રત (હવે) એવું અજ્ઞાનપણું જાઓ, 'હું શુદ્ધસ્વરૂપ' એવો અનુભવ હો. પાપના ઘણા ભેદ છે. તે કહે છે—''यत् अहम् अकार्षं'' (यत्) જે પાપ (अहम् अकार्षं) મેં પોતે કર્યું હોય, ''यत् अहम् अचीकरं'' જે પાપ અન્યને ઉપદેશ દઈને કરાવ્યું હોય, તથા ''यत् अन्यं कुर्वन्तम् अपि समन्वज्ञासिषं'' જે સહજ જ કર્યું છે અન્ય કોઈએ તેમાં મેં સુખ માન્યું હોય, ''मनसा'' મનથી, ''वाचा'' વચનથી, ''कायेन'' શરીરથી. આ બધું જીવનું સ્વરૂપ નથી, તેથી હું તો સ્વામી નથી; એનો સ્વામી તો પુદ્ગલકર્મ છે.—આવું સમ્યગ્દૃષ્ટિ જીવ અનુભવે છે.

(આર્યા)

**मोहाद्यदहमकार्षं समस्तमपि कर्म तत्प्रतिक्रम्य।**
**आत्मनि चैतन्यात्मनि निष्कर्मणि नित्यमात्मना वर्ते ॥३४-२२६॥**

**ખંડાન્વય સહિત અર્થ :**—''अहम् आत्मना आत्मनि वर्ते'' (अहम्) ચેતનામાત્ર સ્વરૂપ છું જે 'હું' વસ્તુ, તે હું (आत्मना) પોતાથી (आत्मनि वर्ते) રાગાદિ અશુદ્ધ પરિણતિ ત્યાગીને પોતાના શુદ્ધ સ્વરૂપમાં અનુભવરૂપ પ્રવર્તું છું. કેવો છે આત્મા અર્થાત્ પોતે? ''नित्यम् चैतन्यात्मनि'' (नित्यम्) સર્વ કાળ (चैतन्यात्मनि) જ્ઞાનમાત્રસ્વરૂપ છે. વળી કેવો છે? ''निष्कर्मणि'' સમસ્ત કર્મની ઉપાધિથી રહિત

★ શ્રી સમયસારની આત્મખ્યાતિ-ટીકાનો આ ભાગ ગદ્યરૂપ છે, પદ્યરૂપ અર્થાત્ કળશરૂપ નથી, તેથી તેને પદ્યાંક આપવામાં આવ્યો નથી.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



છે. શું કરતો થકો આમ પ્રવર્તું છું? “तत् समस्तं कर्म प्रतिक्रम्य” પહેલાં કર્યું હોય જે કાંઈ અશુદ્ધપણારૂપ કર્મ તેને પ્રતિક્રમીને–ત્યાગીને. કયું કર્મ? “यत् अहम् अकार्षं” જે પોતે કર્યું હોય. શા કારણથી? “मोहात्” શુદ્ધ સ્વરૂપથી ભ્રષ્ટ હોઈને કર્મના ઉદયે આત્મબુદ્ધિ હોવાથી. ૩૪-૨૨૬.

વર્તમાન કાળની આલોચના આ પ્રમાણે છે—

**न करोमि न कारयामि न कुर्वन्तमप्यन्यं समनुजानामि मनसा च वाचा च कायेन चेति ।★**

**ખંડાન્વય સહિત અર્થ :—**“न करोमि” વર્તમાન કાળમાં થાય છે જે રાગ-દ્વેષરૂપ અશુદ્ધ પરિણતિ અથવા જ્ઞાનાવરણાદિ પુદ્ગલકર્મબંધ, તેને હું કરતો નથી, [ભાવાર્થ આમ છે કે—મારું સ્વામિત્વપણું નથી એમ સમ્યગ્દૃષ્ટિ જીવ અનુભવે છે.] “न कारयामि” અન્યને ઉપદેશ દઈને કરાવતો નથી, “अन्यं कुर्वन्तम् अपि न समनुजानामि” પોતાથી સહજ અશુદ્ધપણારૂપ પરિણમે છે જે કોઈ જીવ તેમાં હું સુખ માનતો નથી, (मनसा) મનથી, (वाचा) વચનથી, (कायेन) શરીરથી. સર્વથા વર્તમાન કર્મનો મારે ત્યાગ છે.

(આર્યા)

**मोहविलासविजृम्भितमिदमुदयत्कर्म सकलमालोच्य ।**
**आत्मनि चैतन्यात्मनि निष्कर्मणि नित्यमात्मना वर्ते ॥३५-२२७॥**

**ખંડાન્વય સહિત અર્થ :—**“अहं आत्मना आत्मनि नित्यम् वर्ते” (अहं) હું (आत्मना) પરદ્રવ્યની સહાય વિના પોતાની સહાયથી (आत्मनि) પોતામાં (वर्ते) સર્વથા ઉપાદેય બુદ્ધિથી પ્રવર્તું છું. શું કરીને? “इदम् सकलम् कर्म उदयत् आलोच्य” (इदम्) વર્તમાનમાં ઉપસ્થિત (सकलम् कर्म) જેટલું અશુદ્ધપણું અથવા જ્ઞાનાવરણાદિ કર્મપિંડરૂપ પુદ્ગલ કે જે (उदयत्) વર્તમાન કાળમાં ઉદયરૂપ છે, તેને (आलोच्य) આલોચીને અર્થાત્ ‘શુદ્ધ જીવનું સ્વરૂપ નથી’ એમ વિચાર કરતાં તેનું સ્વામિત્વપણું છોડીને. કેવું છે

★ જુઓ પદટિપ્પણ પૃ. ૨૧૪.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



કર્મ? ''मोहविलासविजृम्भितम्'' (मोह) મિથ્યાત્વના (विलास) પ્રભુત્વપણા વડે (विजृम्भितम्) પ્રસર્યું છે. કેવો છું હું આત્મા? ''चैतन्यात्मनि'' શુદ્ધ ચેતનામાત્રસ્વરૂપ છું. વળી કેવો છું? ''निष्कर्मणि'' સમસ્ત કર્મની ઉપાધિથી રહિત છું. ૩૫-૨૨૭.

ભવિષ્યના કર્મનું પ્રત્યાખ્યાન કરે છે—

**न करिष्यामि न कारयिष्यामि न कुर्वन्तमप्यन्यं समनुज्ञास्यामि मनसा च वाचा च कायेन चेति ।★**

**ખંડાન્વય સહિત અર્થ** :—''न करिष्यामि'' હું આગામી કાળમાં રાગાદિ અશુદ્ધ પરિણામો કરીશ નહિ, ''न कारयिष्यामि'' કરાવીશ નહિ, ''अन्यं कुर्वन्तम् न समनुज्ञास्यामि'' (अन्यं कुर्वन्तम्) સહજ જ અશુદ્ધ પરિણતિને કરે છે જે કોઈ જીવ તેને (न समनुज्ञास्यामि) અનુમોદન કરીશ નહિ, ''मनसा'' મનથી, ''वाचा'' વચનથી, ''कायेन'' શરીરથી.

(આર્યા)

**प्रत्याख्याय भविष्यत्कर्म समस्तं निरस्तसम्मोहः ।**
**आत्मनि चैतन्यात्मनि निष्कर्मणि नित्यमात्मना वर्ते ॥३६-२२८॥**

**ખંડાન્વય સહિત અર્થ** :—''निरस्तसम्मोहः आत्मना आत्मनि नित्यम् वर्ते'' (निरस्त) ગઈ છે (सम्मोहः) મિથ્યાત્વરૂપ અશુદ્ધ પરિણતિ જેની એવો છું જે હું તે (आत्मना) પોતાના જ્ઞાનના બળથી (आत्मनि) પોતાના સ્વરૂપમાં (नित्यम् वर्ते) નિરંતર અનુભવરૂપ પ્રવર્તું છું. કેવો છે આત્મા અર્થાત્ પોતે? ''चैतन्यात्मनि'' શુદ્ધ ચેતનામાત્ર છે. વળી કેવો છે? ''निष्कर्मणि'' સમસ્ત કર્મની ઉપાધિથી રહિત છે. શું કરીને આત્મામાં પ્રવર્તું છું? ''भविष्यत् समस्तं कर्म प्रत्याख्याय'' (भविष्यत्) આગામી કાળ સંબંધી (समस्तं कर्म) જેટલા રાગાદિ અશુદ્ધ વિકલ્પો છે તે (प्रत्याख्याय) શુદ્ધ સ્વરૂપથી અન્ય છે એમ જાણી અંગીકારરૂપ સ્વામિત્વને છોડીને. ૩૬-૨૨૮.

---

★ જુઓ પદટિપ્પણ પૃ. ૨૧૪.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

(ઉપજાતિ)

**समस्तमित्येवमपास्य कर्म**
**त्रैकालिकं शुद्धनयावलम्बी ।**
**विलीनमोहो रहितं विकारै-**
**श्चिन्मात्रमात्मानमथावलम्बे ।।३७-२२६।।**

**ખંડાન્વય સહિત અર્થ** :—"अथ विलीनमोहः चिन्मात्रम् आत्मनम् अवलम्बे" (अथ) અશુદ્ધ પરિણતિના મટવા ઉપરાન્ત (विलीनमोहः) મૂળથી મટ્યો છે મિથ્યાત્વપરિણામ જેનો એવો હું (चिन्मात्रम् आत्मानम् अवलम्बे) જ્ઞાનસ્વરૂપ જીવવસ્તુને નિરંતર આસ્વાદું છું. કેવી આસ્વાદું છું? "विकारैः रहितं" જે રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ પરિણતિથી રહિત છે એવી. કેવો છું હું? "शुद्धनयावलम्बी" (शुद्धनय) શુદ્ધ જીવવસ્તુને (अवलम्बी) અવલંબું છું–એવો છું. શું કરતો થકો એવો છું? "इत्येवम् समस्तम् कर्म अपास्य" (इति एवम्) પૂર્વોક્ત પ્રકારે (समस्तम् कर्म) જેટલાં છે જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ, રાગાદિ ભાવકર્મ, તેમને (अपास्य) જીવથી ભિન્ન જાણીને—સ્વીકારનો ત્યાગ કરીને. કેવું છે રાગાદિ કર્મ? "त्रैकालिकं" અતીત-અનાગત-વર્તમાન કાળ સંબંધી છે. ૩૭-૨૨૯.

(આર્યા)

**विगलन्तु कर्मविषतरुफलानि मम भुक्तिमन्तरेणैव ।**
**सञ्चेतयेऽहमचलं चैतन्यात्मानमात्मानम् ।।३८-२३०।।**

**ખંડાન્વય સહિત અર્થ** :—"अहम् आत्मानं सञ्चेतये" હું શુદ્ધ ચિદ્રૂપને–પોતાને આસ્વાદું છું. કેવો છે આત્મા અર્થાત્ પોતે? "चैतन्यात्मानम्" જ્ઞાનસ્વરૂપમાત્ર છે. વળી કેવો છે? "अचलं" પોતાના સ્વરૂપથી સ્ખલિત નથી. અનુભવનું ફળ કહે છે—"कर्मविषतरुफलानि मम भुक्तिम् अन्तरेण एव विगलन्तु" (कर्म) જ્ઞાનાવરણાદિ પુદ્ગલપિંડરૂપ છે જે (विषतरु) વિષનું વૃક્ષ—કેમ કે ચૈતન્ય પ્રાણનું ઘાતક છે—તેનાં (फलानि) ફળ અર્થાત્ ઉદયની સામગ્રી (मम भुक्तिम् अन्तरेण एव) મારા ભોગવ્યા વિના જ (विगलन्तु) મૂળથી સત્તા સહિત નષ્ટ હો. ભાવાર્થ આમ છે કે

કર્મના ઉદયે છે જે સુખ અથવા દુઃખ, તેનું નામ છે કર્મફળચેતના, તેનાથી ભિન્ન-સ્વરૂપ આત્મા—એમ જાણીને સમ્યગ્દૃષ્ટિ જીવ અનુભવ કરે છે. ૩૮-૨૩૦.

(વસન્તતિલકા)

**निःशेषकर्मफलसंन्यसनान्ममैवं**
**सर्वक्रियान्तरविहारनिवृत्तवृत्तेः ।**
**चैतन्यलक्ष्म भजतो भृशमात्मतत्त्वं**
**कालावलीयमचलस्य वहत्वनन्ता ॥३६-२३१॥**

**ખંડાન્વય સહિત અર્થ :**—"मम एवं अनन्ता कालावली वहतु" (मम) મને (एवं) કર્મચેતના-કર્મફળચેતનાથી રહિતપણે, શુદ્ધ જ્ઞાનચેતના સહિત બિરાજમાનપણે (अनन्ता कालावली वहतु) અનંત કાળ એમ જ પૂરો હો. ભાવાર્થ આમ છે કે કર્મચેતના-કર્મફળચેતના હેય, જ્ઞાનચેતના ઉપાદેય. કેવો છું હું? "सर्वक्रियान्तरविहारनिवृत्तवृत्तेः" (सर्व) અનંત એવી (क्रियान्तर)—શુદ્ધ જ્ઞાનચેતનાથી અન્ય—કર્મના ઉદયે અશુદ્ધ પરિણતિ, તેમાં (विहार) વિભાવરૂપ પરિણમે છે જીવ, તેનાથી (निवृत्त) રહિત એવી છે (वृत्तेः) જ્ઞાનચેતનામાત્ર પ્રવૃત્તિ જેની, એવો છું. શા કારણથી એવો છું? "निःशेषकर्मफलसंन्यसनात्" (निःशेष) સમસ્ત (कर्म) જ્ઞાનાવરણાદિનાં (फल) ફળના અર્થાત્ સંસાર સંબંધી સુખ-દુઃખના (संन्यसनात्) સ્વામિત્વપણાના ત્યાગના કારણે. વળી કેવો છું? "भृशम् आत्मतत्त्वं भजतः" (भृशम्) નિરંતર (आत्मतत्त्वं) આત્મતત્ત્વનો અર્થાત્ શુદ્ધ ચૈતન્યવસ્તુનો (भजतः) અનુભવ છે જેને, એવો છું. કેવું છે આત્મતત્ત્વ? "चैतन्यलक्ष्म" શુદ્ધ જ્ઞાનસ્વરૂપ છે. વળી કેવો છું? "अचलस्य" આગામી અનંત કાળ સ્વરૂપથી અમિટ (–અટળ) છું. ૩૯-૨૩૧.

(વસન્તતિલકા)

**यः पूर्वभावकृतकर्मविषद्रुमाणां**
**भुङ्क्ते फलानि न खलु स्वत एव तृप्तः ।**
**आपातकालरमणीयमुदर्करम्यं**
**निष्कर्मशर्ममयमेति दशान्तरं सः ॥४०-२३२॥**

ખંડાન્વય સહિત અર્થ :—''यः खलु पूर्वभावकृतकर्मविषद्रुमाणां फलानि न भुङ्क्ते'' (यः) જે કોઈ સમ્યગ્દ્રષ્ટિ જીવ (खलु) સમ્યક્ત્વ ઊપજ્યા વિના (पूर्वभाव) મિથ્યાત્વભાવ વડે (कृत) ઉપાર્જિત (कर्म) જ્ઞાનાવરણાદિ પુદ્ગલપિંડરૂપી (विषद्रुम) ચૈતન્યપ્રાણઘાતક વિષવૃક્ષનાં (फलानि) ફળને અર્થાત્ સંસાર સંબંધી સુખ-દુઃખને (न भुङ्क्ते) ભોગવતો નથી; [ભાવાર્થ આમ છે કે સુખ-દુઃખનો જ્ઞાયકમાત્ર છે, પરંતુ પરદ્રવ્યરૂપ જાણીને રંજિત નથી.] કેવો છે સમ્યગ્દ્રષ્ટિ જીવ? ''स्वतः एव तृप्तः'' શુદ્ધ સ્વરૂપને અનુભવતાં થાય છે જે અતીન્દ્રિય સુખ, તેનાથી તૃપ્ત અર્થાત્ સમાધાનરૂપ છે; ''सः दशान्तरं एति'' (सः) તે સમ્યગ્દ્રષ્ટિ જીવ (दशान्तरं) નિષ્કર્મ-અવસ્થારૂપ નિર્વાણપદને (एति) પામે છે. કેવી છે દશાંતર? ''आपातकालरमणीयम्'' વર્તમાન કાળમાં અનંત સુખરૂપ બિરાજમાન છે, ''उदर्करम्यं'' આગામી અનંત કાળ સુધી સુખરૂપ છે. વળી કેવી છે અવસ્થાન્તર? ''निष्कर्मशर्ममयम्'' સકળ કર્મનો વિનાશ થતાં પ્રગટ થાય છે જે દ્રવ્યના સહજભૂત અતીન્દ્રિય અનંત સુખ, તે-મય છે—તેની સાથે એક સત્તારૂપ છે. ૪૦-૨૩૨.

(સ્રગ્ધરા)

अत्यन्तं भावयित्वा विरतिमविरतं कर्मणस्तत्फलाच्च
प्रस्पष्टं नाटयित्वा प्रलयनमखिलाज्ञानसञ्चेतनायाः ।
पूर्णं कृत्वा स्वभावं स्वरसपरिगतं ज्ञानसञ्चेतनां स्वां
सानन्दं नाटयन्तः प्रशमरसमितः सर्वकालं पिबन्तु ।।४१-२३३।।

ખંડાન્વય સહિત અર્થ :—''इतः प्रशमरसम् सर्वकालं पिबन्तु'' (इतः) અહીંથી શરૂ કરીને (सर्वकालं) આગામી અનંત કાળ પર્યન્ત (प्रशमरसम् पिबन्तु) અતીન્દ્રિય સુખને આસ્વાદો. તે કોણ? ''स्वां ज्ञानसञ्चेतनां सानन्दं नाटयन्तः'' (स्वां) પોતાસંબંધી છે જે (ज्ञानसञ्चेतनां) શુદ્ધ જ્ઞાનમાત્ર પરિણતિ, તેને (सानन्दं नाटयन्तः) આનંદ સહિત નચાવે છે અર્થાત્ અતીન્દ્રિય સુખ સહિત જ્ઞાનચેતનારૂપે પરિણમે છે, એવા છે જે જીવ તે. શું કરીને? ''स्वभावं पूर्णं कृत्वा'' (स्वभावं) સ્વભાવ અર્થાત્ કેવળજ્ઞાન તેને, (पूर्णं कृत्वा) આવરણ સહિત હતું તે નિરાવરણ કર્યું. કેવો

છે સ્વભાવ? ''स्वरसपरिगतं'' ચેતનારસનું નિધાન છે. વળી શું કરીને? ''कर्मणः च तत्फलात् अत्यन्तं विरतिम् भावयित्वा'' (कर्मणः) જ્ઞાનાવરણાદિ કર્મથી (च) અને (तत्फलात्) કર્મનાં ફળ સુખ-દુઃખથી (अत्यन्तं) અતિશયપણે (विरतिम्) વિરતિને અર્થાત્ શુદ્ધ સ્વરૂપથી ભિન્ન છે એવો અનુભવ થતાં સ્વામિત્વપણાના ત્યાગને (भावयित्वा) ભાવીને અર્થાત્ એવો સર્વથા નિશ્ચય કરીને; ''अविरतं'' જે પ્રકારે એક સમયમાત્ર ખંડ ન પડે તે પ્રકારે સર્વ કાળ. વળી શું કરીને? ''अखिलाज्ञानसञ्चेतनायाः प्रलयनम् प्रस्पष्टं नाटयित्वा'' સર્વ મોહ-રાગ-દ્વેષરૂપ અશુદ્ધ પરિણતિનો ભલા પ્રકારે વિનાશ કરીને. ભાવાર્થ આમ છે કે—મોહ-રાગ-દ્વેષપરિણતિ વિનશે છે, શુદ્ધ જ્ઞાનચેતના પ્રગટ થાય છે, અતીન્દ્રિય સુખરૂપે જીવ પરિણમે છે;–આટલું કાર્ય જ્યારે થાય છે ત્યારે એકીસાથે જ થાય છે. ૪૧-૨૩૩.

(વંશસ્થ)

इतः पदार्थप्रथनावगुण्ठनाद्-<br>
विना कृतेरेकमनाकुलं ज्वलत् ।<br>
समस्तवस्तुव्यतिरेकनिश्चयाद्-<br>
विवेचितं ज्ञानमिहावतिष्ठते ।।४२-२३४।।

**ખંડાન્વય સહિત અર્થ :**—''इतः इह ज्ञानम् अवतिष्ठते'' (इतः) અજ્ઞાન-ચેતનાનો વિનાશ થવા ઉપરાન્ત (इह) આગામી સર્વ કાળ (ज्ञानम्) શુદ્ધ જ્ઞાનમાત્ર જીવવસ્તુ (अवतिष्ठते) બિરાજમાન પ્રવર્તે છે. કેવું છે જ્ઞાન (–જ્ઞાનમાત્ર જીવવસ્તુ)? ''विवेचितं'' સર્વ કાળ સમસ્ત પરદ્રવ્યથી ભિન્ન છે. શા કારણથી આવું જાણ્યું? ''समस्तवस्तुव्यतिरेकनिश्चयात्'' (समस्तवस्तु) જેટલી પરદ્રવ્યની ઉપાધિ છે તેનાથી (व्यतिरेक) સર્વથા ભિન્નરૂપ એવી છે (निश्चयात्) અવશ્ય દ્રવ્યની શક્તિ, તેના કારણે. કેવું છે જ્ઞાન? ''एकम्'' સમસ્ત ભેદ-વિકલ્પથી રહિત છે. વળી કેવું છે? ''अनाकुलं'' અનાકુલત્વલક્ષણ છે અતીન્દ્રિય સુખ, તેના સહિત બિરાજમાન છે. વળી કેવું છે? ''ज्वलत्'' સર્વ કાળ પ્રકાશમાન છે. આવું કેમ છે? ''पदार्थप्रथनावगुण्ठनात् विना'' (पदार्थ) જેટલા વિષય, તેમનો (प्रथना)

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



વિસ્તાર—પાંચ વર્ણ, પાંચરસ, બે ગંધ, આઠ સ્પર્શ, શરીર-મન-વચન, સુખ-દુઃખ ઈત્યાદિ—તેની (अवगुण्ठनात्) માળારૂપ ગુંથણી, તેનાથી (विना) રહિત છે અર્થાત્ સર્વ માળાથી ભિન્ન છે જીવવસ્તુ. કેવી છે વિષયમાળા? ''कृतेः'' પુદ્ગલદ્રવ્યના પર્યાયરૂપ છે. ૪૨-૨૩૪.

(શાર્દૂલવિક્રીડિત)

**अन्येभ्यो व्यतिरिक्तमात्मनियतं बिभ्रत्पृथग्वस्तुता-**
**मादानोज्झनशून्यमेतदमलं ज्ञानं तथावस्थितम् ।**
**मध्याद्यन्तविभागमुक्तसहजस्फारप्रभाभासुरः**
**शुद्धज्ञानघनो यथाऽस्य महिमा नित्योदितस्तिष्ठति ॥४३-२३५॥**

**ખંડાન્વય સહિત અર્થ** :—''एतत् ज्ञानं तथा अवस्थितं यथा अस्य महिमा नित्योदितः तिष्ठति'' (एतत् ज्ञानम्) શુદ્ધ જ્ઞાન (तथा अवस्थितम्) તે પ્રકારે પ્રગટ થયું કે (यथा अस्य महिमा) જે પ્રકારે શુદ્ધ જ્ઞાનનો પ્રકાશ (नित्योदितः तिष्ठति) આગામી અનંત કાળ પર્યન્ત અવિનશ્વર જેવો છે તેવો જ રહેશે. કેવું છે જ્ઞાન? ''अमलं'' જ્ઞાનાવરણકર્મમળથી રહિત છે. વળી કેવું છે જ્ઞાન? ''आदानोज्झन-शून्यम्'' (आदान) પરદ્રવ્યનું ગ્રહણ, (उज्झन) સ્વસ્વરૂપનો ત્યાગ, તેમનાથી (शून्यम्) રહિત છે. વળી કેવું છે જ્ઞાન? ''पृथक् वस्तुताम् बिभ्रत्'' સકળ પરદ્રવ્યથી ભિન્ન સત્તારૂપ છે. વળી કેવું છે? ''अन्येभ्यः व्यतिरिक्तम्'' કર્મના ઉદયથી છે જેટલા ભાવ, તેમનાથી ભિન્ન છે. વળી કેવું છે? ''आत्मनियतं'' પોતાના સ્વરૂપથી અમિટ (-અટળ) છે. કેવો છે જ્ઞાનનો મહિમા? ''मध्याद्यन्तविभागमुक्त-सहजस्फारप्रभाभासुरः'' (मध्य) વર્તમાન, (आदि) પહેલો, (अन्त) આગામી—એવા (विभाग) વિભાગથી અર્થાત્ ભેદથી (मुक्त) રહિત (सहज) સ્વભાવરૂપ (स्फारप्रभा) અનંત જ્ઞાનશક્તિથી (भासुरः) સાક્ષાત્ પ્રકાશમાન છે. વળી કેવો છે? ''शुद्धज्ञानघनः'' ચેતનાનો સમૂહ છે. ૪૩-૨૩૫.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

(ઉપજાતિ)

**उन्मुक्तमुन्मोच्यमशेषतस्तत्**
**तथात्तमादेयमशेषतस्तत् ।**
**यदात्मनः संहृतसर्वशक्तेः**
**पूर्णस्य संधारणमात्मनीह ।।४४-२३६।।**

**ખંડાન્વય સહિત અર્થ :—**''यत् आत्मनः इह आत्मनि सन्धारणम्'' (यत्) જે (आत्मनः) પોતાના જીવનું (इह आत्मनि) પોતાના સ્વરૂપમાં (सन्धारणम्) સ્થિર થવું છે ''तत्'' તે જ માત્ર, ''उन्मोच्यम् उन्मुक्तम्'' જેટલું હેયપણે છોડવાનું હતું તે બધું છૂટ્યું, ''अशेषतः'' કાંઈ છોડવાને માટે બાકી રહ્યું નહિ; ''तथा तत् आदेयम् अशेषतः आत्तम्'' (तथा) તે જ પ્રકારે (तत् आदेयम्) જે કાંઈ ગ્રહવાનું હતું (अशेषतः आत्तम्) તે સમસ્ત ગ્રહ્યું. ભાવાર્થ આમ છે કે શુદ્ધ સ્વરૂપનો અનુભવ સર્વ કાર્યસિદ્ધિ. કેવો છે આત્મા? ''संहृतसर्वशक्तेः'' (संहृत) વિભાવરૂપ પરિણમ્યા હતા તે જ થયા છે સ્વભાવરૂપ—એવા છે (सर्वशक्तेः) અનંત ગુણ જેના, એવો છે. વળી કેવો છે? ''पूर्णस्य'' જેવો હતો તેવો પ્રગટ થયો. ૪૪-૨૩૬.

(અનુષ્ટુપ)

**व्यतिरिक्तं परद्रव्यादेवं ज्ञानमवस्थितम् ।**
**कथमाहारकं तत्स्याद्येन देहोऽस्य शङ्कयते ।।४५-२३७।।★**

**શ્લોકાર્થ :—**''एवं'' આમ (પૂર્વોક્ત રીતે) ''ज्ञानम् परद्रव्यात् व्यतिरिक्तं अवस्थितम्'' જ્ઞાન પરદ્રવ્યથી જુદું અવસ્થિત (–નિશ્ચળ રહેલું) છે; ''तत्'' તે (જ્ઞાન) ''आहारकं'' આહારક (અર્થાત્ કર્મ-નોકર્મરૂપ આહાર કરનારું) ''कथम् स्यात्'' કેમ હોય ''येन'' કે જેથી ''अस्य देहः शङ्कयते'' તેને દેહની શંકા

★ પં. શ્રી રાજમલજી કૃત ટીકામાં આ શ્લોક નથી. તેથી ગુજરાતી સમયસારમાંથી આ શ્લોક અર્થ સહિત લઈને અહીં આપવામાં આવ્યો છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



કરાય? (જ્ઞાનને દેહ હોઈ શકે જ નહિ, કારણ કે તેને કર્મ-નોકર્મરૂપ આહાર જ નથી.) ૪૫-૨૩૭.

(અનુષ્ટુપ)

**एवं ज्ञानस्य शुद्धस्य देह एव न विद्यते।**
**ततो देहमयं ज्ञातुर्न लिङ्गं मोक्षकारणम् ॥४६-२३८॥**

**ખંડાન્વય સહિત અર્થ :**—"ततः देहमयं लिङ्गं ज्ञातुः मोक्षकारणम् न" (ततः) તે કારણથી (देहमयं लिङ्गं) દ્રવ્યક્રિયારૂપ યતિપણું અથવા ગૃહસ્થપણું (ज्ञातुः) જીવને (मोक्षकारणम् न) સકળકર્મક્ષયલક્ષણ મોક્ષનું કારણ તો નથી. શા કારણથી? કારણ કે "एवं शुद्धस्य ज्ञानस्य" પૂર્વોક્ત પ્રકારે સાધ્યો છે જે શુદ્ધસ્વરૂપ જીવ તેને "देहः एव न विद्यते" શરીર જ નથી અર્થાત્ શરીર છે તે પણ જીવનું સ્વરૂપ નથી. ભાવાર્થ આમ છે કે કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ દ્રવ્યક્રિયાને મોક્ષનું કારણ માને છે તેને સમજાવ્યો છે. ૪૬-૨૩૮.

(અનુષ્ટુપ)

**दर्शनज्ञानचारित्रत्रयात्मा तत्त्वमात्मनः।**
**एक एव सदा सेव्यो मोक्षमार्गो मुमुक्षुणा ॥४७-२३९॥**

**ખંડાન્વય સહિત અર્થ :**—"मुमुक्षुणा एकः एव मोक्षमार्गः सदा सेव्यः" (मुमुक्षुणा) મોક્ષને ઉપાદેય અનુભવે છે એવો જે પુરુષ, તેણે (एकः एव) શુદ્ધસ્વરૂપનો અનુભવ (मोक्षमार्गः) મોક્ષમાર્ગ છે અર્થાત્ સકળ કર્મોના વિનાશનું કારણ છે એમ જાણીને (सदा सेव्यः) નિરંતર અનુભવ કરવા યોગ્ય છે. તે મોક્ષમાર્ગ શું છે? "आत्मनः तत्त्वम्" આત્માનું તત્ત્વ અર્થાત્ શુદ્ધ જીવનું સ્વરૂપ છે. વળી કેવું છે આત્મતત્ત્વ? "दर्शनज्ञानचारित्रत्रयात्मा" સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર, તે ત્રણ સ્વરૂપની એક સત્તા છે આત્મા (-સર્વસ્વ) જેનો, એવું છે. ૪૭-૨૩૯.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

(શાર્દૂલવિક્રીડિત)

**एको मोक्षपथो य एष नियतो दृग्ज्ञप्तिवृत्त्यात्मक-**
**स्तत्रैव स्थितिमेति यस्तमनिशं ध्यायेच्च तं चेतति ।**
**तस्मिन्नेव निरन्तरं विहरति द्रव्यान्तराण्यस्पृशन्**
**सोऽवश्यं समयस्य सारमचिरान्नित्योदयं विन्दति ॥४८-२४०॥**

**ખંડાન્વય સહિત અર્થ :**—"सः नित्योदयं समयस्य सारम् अचिरात् अवश्यं विन्दति" (सः) એવો છે જે સમ્યગ્દ્રષ્ટિ જીવ તે, (नित्योदयं) નિત્ય ઉદયરૂપ (समयस्य सारम्) સમયના સારને અર્થાત્ સકળ કર્મનો વિનાશ કરીને પ્રગટ થયું છે જે શુદ્ધ ચૈતન્યમાત્ર તેને (अचिरात्) ઘણા જ થોડા કાળમાં (अवश्यं विन्दति) સર્વથા આસ્વાદે છે. ભાવાર્થ આમ છે કે નિર્વાણપદને પ્રાપ્ત થાય છે. કેવો છે? "यः तत्र एव स्थितिम् एति" (यः) જે સમ્યગ્દ્રષ્ટિ જીવ (तत्र) શુદ્ધ ચૈતન્યમાત્ર વસ્તુમાં (एव) એકાગ્ર થઈને (स्थितिम् एति) સ્થિરતા કરે છે, "च तं अनिशं ध्यायेत्" (च) તથા (तं) શુદ્ધ ચિદ્રૂપને (अनिशं ध्यायेत्) નિરંતર અનુભવે છે, "च तं चेतति" (तं चेतति) વારંવાર તે શુદ્ધસ્વરૂપનું સ્મરણ કરે છે (च) અને "तस्मिन् एव निरन्तरं विहरति" (तस्मिन्) શુદ્ધ ચિદ્રૂપમાં (एव) એકાગ્ર થઈને (निरन्तरं विहरति) અખંડધારાપ્રવાહરૂપ પ્રવર્તે છે. કેવો હોતો થકો? "द्रव्यान्तराणि अस्पृशन्" જેટલી કર્મના ઉદયથી નાના પ્રકારની અશુદ્ધ પરિણતિ તેને સર્વથા છોડતો થકો. તે ચિદ્રૂપ કોણ છે? "यः एषः दृग्ज्ञप्तिवृत्तात्मकः" (यः एषः) જે આ જ્ઞાનને પ્રત્યક્ષ છે, (दृग्) દર્શન-(ज्ञप्ति) જ્ઞાન-(वृत्त) ચારિત્ર તે જ છે (आत्मकः) સર્વસ્વ જેનું, એવો છે. વળી (તે ચિદ્રૂપ) કેવો છે? "मोक्षपथः" જેને શુદ્ધસ્વરૂપ પરિણમતાં સકળ કર્મોનો ક્ષય થાય છે. વળી કેવો છે? "एकः" સમસ્ત વિકલ્પથી રહિત છે. વળી કેવો છે? "नियतः" દ્રવ્યાર્થિકદ્રષ્ટિથી જોતાં જેવો છે તેવો જ છે, તેનાથી હીનરૂપ નથી, અધિક નથી. ૪૮-૨૪૦.

(શાર્દૂલવિક્રીડિત)

**ये त्वेनं परिहृत्य संवृतिपथप्रस्थापितेनात्मना**
**लिङ्गे द्रव्यमये वहन्ति ममतां तत्त्वावबोधच्युताः।**
**नित्योद्योतमखण्डमेकमतुलालोकं स्वभावप्रभा-**
**प्राग्भारं समयस्य सारममलं नाद्यापि पश्यन्ति ते ॥४६-२४१॥**

**ખંડાન્વય સહિત અર્થ :**—"ते समयस्य सारम् अद्यापि न पश्यन्ति" (ते) આવો છે મિથ્યાદૃષ્ટિ જીવરાશિ તે (समयस्य सारम्) સમયસારને અર્થાત્ સકળ કર્મથી વિમુક્ત છે જે પરમાત્મા તેને, (अद्यापि) દ્રવ્યવ્રત ધારણ કર્યાં છે, ઘણાંય શાસ્ત્રો ભણ્યો છે તોપણ, (न पश्यन्ति) પામતો નથી. ભાવાર્થ આમ છે કે નિર્વાણપદને પામતો નથી. કેવો છે સમયસાર? "नित्योद्योतम्" સર્વ કાળ પ્રકાશમાન છે. વળી કેવો છે? "अखण्डम्" જેવો હતો તેવો છે. વળી કેવો છે? "एकम्" નિર્વિકલ્પ સત્તારૂપ છે. વળી કેવો છે? "अतुलालोकं" જેની ઉપમાનું દૃષ્ટાન્ત ત્રણ લોકમાં કોઈ નથી. વળી કેવો છે? "स्वभावप्रभाप्राग्भारं" (स्वभाव) ચેતનાસ્વરૂપ, તેના (प्रभा) પ્રકાશનો (प्राग्भारं) એક પુંજ છે. વળી કેવો છે? "अमलं" કર્મમળથી રહિત છે. કેવો છે તે મિથ્યાદૃષ્ટિ જીવરાશિ? "ये लिङ्गे ममतां वहन्ति" (ये) જે કોઈ મિથ્યાદૃષ્ટિ જીવરાશિ (लिङ्गे) લિંગમાં અર્થાત્ દ્રવ્યક્રિયામાત્ર છે જે યતિપણું તેમાં (ममतां वहन्ति) 'હું યતિ છું, મારી ક્રિયા મોક્ષમાર્ગ છે' એવી પ્રતીતિ કરે છે. કેવું છે લિંગ? "द्रव्यमये" શરીરસંબંધી છે—બાહ્ય ક્રિયામાત્રનું અવલંબન કરે છે. કેવા છે તે જીવ? "तत्त्वावबोधच्युताः" (तत्त्व) જીવનું શુદ્ધ સ્વરૂપ, તેનો (अवबोध) પ્રત્યક્ષપણે અનુભવ, તેનાથી (च्युताः) અનાદિ કાળથી ભ્રષ્ટ છે. દ્રવ્યક્રિયા કરતા થકા પોતાને કેવા માને છે? "संवृतिपथप्रस्थापितेन आत्मना" (संवृतिपथ) મોક્ષમાર્ગમાં (प्रस्थापितेन आत्मना) પોતાને સ્થાપિત કર્યો છે અર્થાત્ 'હું મોક્ષમાર્ગમાં ચડ્યો છું' એવું માને છે, એવો અભિપ્રાય રાખીને ક્રિયા કરે છે. શું કરીને? "एनं परिहृत्य" શુદ્ધ ચૈતન્યસ્વરૂપનો અનુભવ છોડીને. ભાવાર્થ આમ છે કે શુદ્ધ સ્વરૂપનો અનુભવ મોક્ષમાર્ગ છે એવી પ્રતીતિ કરતા નથી. ૪૯-૨૪૧.

(વિયોગિની)

**व्यवहारविमूढद्दष्टयः परमार्थं कलयन्ति नो जनाः ।**
**तुषबोधविमुग्धबुद्धयः कलयन्तीह तुषं न तण्डुलम् ।।५०-२४२।।**

**ખંડાન્વય સહિત અર્થ** :—"जनाः" કોઈ એવા છે મિથ્યાદૃષ્ટિ જીવો કે જે "परमार्थं" 'શુદ્ધ જ્ઞાન મોક્ષમાર્ગ છે' એવી પ્રતીતિને "नो कलयन्ति" અનુભવતા નથી. કેવા છે? "व्यवहारविमूढद्दष्टयः" (व्यवहार) દ્રવ્યક્રિયામાત્રમાં (विमूढ) 'ક્રિયા મોક્ષનો માર્ગ છે' એવા મૂર્ખપણારૂપ જૂઠી છે (द्दष्टयः) પ્રતીતિ જેમની, એવા છે. દૃષ્ટાન્ત કહે છે : જેમ લોકમાં—વર્તમાન કર્મભૂમિમાં "तुषबोधविमुग्धबुद्धयः जनाः" (तुष) ધાનની ઉપરના તુષમાત્રના (बोध) જ્ઞાનથી—એવા જ મિથ્યાજ્ઞાનથી (विमुग्ध) વિકળ થઈ છે (बुद्धयः) મતિ જેમની, એવા છે (जनाः) કેટલાક મૂર્ખ લોક તેઓ, "इह" વસ્તુ જેવી છે તેવી જ છે તોપણ, અજ્ઞાનપણાને લીધે "तुषं कलयन्ति" તુષને અંગીકાર કરે છે, "तन्दुलम् न कलयन्ति" ચાવલના મર્મને પામતા નથી; તેમ જે કોઈ ક્રિયામાત્રને મોક્ષમાર્ગ જાણે છે, આત્માના અનુભવથી શૂન્ય છે, તે પણ એવા જ જાણવા. ૫૦-૨૪૨.

(સ્વાગતા)

**द्रव्यलिङ्गममकारमीलितै-**
**र्दृश्यते समयसार एव न ।**
**द्रव्यलिङ्गमिह यत्किलान्यतो**
**ज्ञानमेकमिदमेव हि स्वतो ।।५१-२४३।।**

**ખંડાન્વય સહિત અર્થ** :—"द्रव्यलिङ्गममकारमीलितैः समयसारः न द्दश्यते एव" (द्रव्यलिंङ्ग) ક્રિયારૂપ યતિપણું, તેમાં (ममकार) 'હું યતિ, મારું યતિપણું મોક્ષનો માર્ગ' એવો જે અભિપ્રાય, તેના વડે (मीलितैः) અંધ થયા છે અર્થાત્ પરમાર્થદૃષ્ટિથી શૂન્ય થયા છે જે પુરુષો, તેમને (समयसारः) શુદ્ધ જીવવસ્તુ (न द्दश्यते) પ્રાપ્તિગોચર નથી. ભાવાર્થ આમ છે કે મોક્ષની પ્રાપ્તિ તેમને દુર્લભ છે. શા કારણથી? "यत् द्रव्यलिङ्गम्

इह अन्यतः, हि इदम् एकम् ज्ञानम् स्वतः'' (यत्) કારણ કે (द्रव्यलिङ्गम्) ક્રિયારૂપ યતિપણું, (इह) શુદ્ધ જ્ઞાનનો વિચાર કરતાં, (अन्यतः) જીવથી ભિન્ન છે, પુદ્ગલ-કર્મસંબંધી છે; તેથી દ્રવ્યલિંગ હેય છે; અને (हि) કારણ કે (इदं) અનુભવગોચર (एकं ज्ञानं) શુદ્ધ જ્ઞાનમાત્ર વસ્તુ (स्वतः) એકલા જીવનું સર્વસ્વ છે; તેથી ઉપાદેય છે, મોક્ષનો માર્ગ છે. ભાવાર્થ આમ છે કે શુદ્ધ જીવના સ્વરૂપનો અનુભવ અવશ્ય કરવા યોગ્ય છે. ૫૧-૨૪૩.

(માલિની)

**अलमलमतिजल्पैर्दुर्विकल्पैरनल्पै-**
**रयमिह परमार्थश्चेत्यतां नित्यमेकः ।**
**स्वरसविसरपूर्णज्ञानविस्फूर्तिमात्रा-**
**न्न खलु समयसारादुत्तरं किञ्चिदस्ति ।।५२-२४४।।**

**ખંડાન્વય સહિત અર્થ :**—''इह अयम् एकः परमार्थः नित्यम् चेत्यतां'' (इह) સર્વ તાત્પર્ય એવું છે કે (अयम् एकः परमार्थः) ઘણા પ્રકારે કહ્યો છે તથાપિ કહીશું આ એક પરમાર્થ અર્થાત્ શુદ્ધ જીવના અનુભવરૂપ એકલું મોક્ષનું કારણ તેને (नित्यम् चेत्यतां)—અન્ય જે નાના પ્રકારના અભિપ્રાય તે સમસ્તને મટાડીને આ એકને—નિત્ય અનુભવો. તે શો પરમાર્થ? ''खलु समयसारात् उत्तरं किञ्चित् न अस्ति'' (खलु) નિશ્ચયથી (समयसारात्) સમયસાર સમાન અર્થાત્ શુદ્ધ જીવના સ્વરૂપના અનુભવ સમાન (उत्तरं) દ્રવ્યક્રિયા અથવા સિદ્ધાન્તનું ભણવું-લખવું ઇત્યાદિ (किञ्चित् न अस्ति) કાંઈ નથી અર્થાત્ શુદ્ધ જીવસ્વરૂપનો અનુભવ મોક્ષમાર્ગ સર્વથા છે, અન્ય સમસ્ત મોક્ષમાર્ગ સર્વથા નથી. કેવો છે સમયસાર? ''स्वरसविसरपूर्णज्ञानविस्फूर्तिमात्रात्'' (स्वरस) ચેતનાના (विसर) પ્રવાહથી (पूर्ण) સંપૂર્ણ એવા (ज्ञानविस्फूर्ति) કેવળજ્ઞાનનું પ્રગટપણું, (मात्रात्) એવડું છે સ્વરૂપ જેનું, એવો છે. હવે, આવો મોક્ષમાર્ગ છે, આનાથી અધિક કોઈ મોક્ષમાર્ગ કહે છે તે બહિરાત્મા છે, તે વર્જવામાં આવે છે—''अतिजल्पैः अलम् अलम्'' (अतिजल्पैः) અતિ જલ્પથી અર્થાત્ બહુ બોલવાથી (अलम् अलम्) બસ કરો, બસ કરો; અહીં બે વાર કહેવાથી અત્યંત વર્જવામાં આવે છે કે ચુપ રહો, ચુપ રહો. કેવા છે અતિ જલ્પ? ''दुर्विकल्पैः'' જૂઠીથી પણ જૂઠી

ઊઠે છે ચિત્તકલ્લોલમાળા જેમાં, એવા છે. વળી કેવા છે? ‘‘अनल्पैः’’ શક્તિભેદથી અનન્ત છે. ૫૨-૨૪૪.

(અનુષ્ટુપ)

**इदमेकं जगच्चक्षुरक्षयं याति पूर्णताम् ।**
**विज्ञानघनमानन्दमयमध्यक्षतां नयत् ।।५३-२४५।।**

**ખંડાન્વય સહિત અર્થ :—**‘‘इदम् पूर्णताम् याति’’ શુદ્ધ જ્ઞાનપ્રકાશ પૂર્ણ થાય છે. ભાવાર્થ આમ છે કે જે સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારનો આરંભ કર્યો હતો તે પૂર્ણ થયો. કેવું છે શુદ્ધ જ્ઞાન? ‘‘एकं’’ નિર્વિકલ્પ છે. વળી કેવું છે? ‘‘जगच्चक्षुः’’ જેટલી જ્ઞેયવસ્તુ તે બધાંનું જ્ઞાતા છે. વળી કેવું છે? ‘‘अक्षयं’’ શાશ્વત છે. વળી કેવું છે?★ ‘‘विज्ञानघनम् अध्यक्षतां नयत्’’ (विज्ञान) જ્ઞાનમાત્રના (घनम्) સમૂહરૂપ આત્મદ્રવ્યને (अध्यक्षतां नयत्) પ્રત્યક્ષપણે અનુભવતું થકું. ૫૩-૨૪૫.

(અનુષ્ટુપ)

**इतीदमात्मनस्तत्त्वं ज्ञानमात्रमवस्थितम् ।**
**अखण्डमेकमचलं स्वसम्वेद्यमबाधितम् ।।५४-२४६।।**

**ખંડાન્વય સહિત અર્થ :—**‘‘इदम् आत्मनः तत्त्वं ज्ञानमात्रम् अवस्थितम् इति’’ (इदम्) પ્રત્યક્ષ છે જે (आत्मनः तत्त्वम्) આત્માનું તત્ત્વ અર્થાત્ શુદ્ધ જીવનું સ્વરૂપ તે (ज्ञानमात्रम् अवस्थितम्) શુદ્ધ ચેતનામાત્ર છે એમ નક્કી થયું;—(इति) પૂર્ણ નાટક સમયસાર શાસ્ત્ર કહેતાં આટલો સિદ્ધાન્ત સિદ્ધ થયો. ભાવાર્થ આમ છે કે ‘શુદ્ધ જ્ઞાનમાત્ર જીવદ્રવ્ય’ એમ કહેતો થકો ગ્રંથ સંપૂર્ણ થયો. કેવું છે આત્મતત્ત્વ? ‘‘अखण्डम्’’ અબાધિત છે. વળી કેવું છે? ‘‘एकम्’’ નિર્વિકલ્પ છે. વળી કેવું છે? ‘‘अचलं’’ પોતાના સ્વરૂપથી અમિટ (-અટળ) છે. વળી કેવું છે? ‘‘स्वसंवेद्यम्’’ જ્ઞાનગુણથી સ્વાનુભવ-ગોચર થાય છે, અન્યથા કોટિ યત્નો કરતાં ગ્રાહ્ય નથી. વળી કેવું છે? ‘‘अबाधितम्’’ સકળ કર્મથી ભિન્ન હોતાં કોઈ બાધા કરવાને સમર્થ નથી. ૫૪-૨૪૬.

❖ ❖ ❖

★ અહીં મૂળ પ્રતમાં, ‘**आनन्दमयम्**’ શબ્દ તથા તેનો અર્થ કરવો રહી ગયો છે.

# –૧૧–
# સ્યાદ્વાદ અધિકાર

(અનુષ્ટુપ)

**अत्र स्याद्वादशुद्ध्यर्थं वस्तुतत्त्वव्यवस्थितिः ।**
**उपायोपेयभावश्च मनाग्भूयोऽपि चिन्त्यते ।।१-२४७।।**

**ખંડાન્વય સહિત અર્થ** :—"भूयः अपि मनाक् चिन्त्यते" (भूयः अपि) 'જ્ઞાનમાત્ર જીવદ્રવ્ય' એમ કહેતું થકું સમયસાર નામનું શાસ્ત્ર સમાપ્ત થયું; તદુપરાન્ત (मनाक् चिन्त्यते) કાંઈક થોડોક અર્થ બીજો કહે છે. ભાવાર્થ આમ છે કે ગાથાસૂત્રના કર્તા છે કુંદકુંદાચાર્યદેવ, તેમના દ્વારા કથિત ગાથાસૂત્રનો અર્થ સંપૂર્ણ થયો. સાંપ્રત, ટીકાકર્તા છે અમૃતચંદ્રસૂરિ, તેમણે ટીકા પણ કહી; તદુપરાન્ત અમૃતચંદ્રસૂરિ કાંઈક કહે છે. શું કહે છે? "वस्तुतत्त्वव्यवस्थितिः" (वस्तु) જીવદ્રવ્યનું (तत्त्व) જ્ઞાનમાત્ર સ્વરૂપ (व्यवस्थितिः) જે પ્રકારે છે તે પ્રકારે કહે છે. "च" વળી શું કહે છે? "उपायोपेयभावः" (उपाय) મોક્ષનું કારણ જે પ્રકારે છે તે પ્રકાર, (उपेयभावः) સકળ કર્મનો વિનાશ થતાં જે વસ્તુ નિષ્પન્ન થાય છે તે પ્રકાર કહે છે. કહેવાનું પ્રયોજન શું તે કહે છે—"अत्र स्याद्वादशुद्ध्यर्थं" (अत्र) જ્ઞાનમાત્ર જીવદ્રવ્યમાં (स्याद्वाद) સ્યાદ્વાદ—એક સત્તામાં અસ્તિ-નાસ્તિ, એક-અનેક, નિત્ય-અનિત્ય ઇત્યાદિ અનેકાન્તપણું (शुद्धि) જ્ઞાનમાત્ર જીવદ્રવ્યમાં જેવી રીતે ઘટે તેવી રીતે (अर्थं) કહેવાનો છે અભિપ્રાય જેમાં, એવા પ્રયોજનસ્વરૂપ કહે છે. ભાવાર્થ આમ છે કે—કોઈ આશંકા કરે છે કે જૈનમત સ્યાદ્વાદમૂલક છે, અહીં તો 'જ્ઞાનમાત્ર જીવદ્રવ્ય' એમ કહ્યું, ત્યાં એમ કહેતાં એકાન્તપણું થયું, સ્યાદ્વાદ તો પ્રગટ થયો નહિ. ઉત્તર આમ છે કે 'જ્ઞાનમાત્ર જીવદ્રવ્ય' એમ કહેતાં અનેકાન્તપણું ઘટે છે. જે રીતે ઘટે છે તે રીતે અહીંથી શરૂ કરીને કહે છે, સાવધાન થઈને સાંભળો. ૧-૨૪૭.

(શાર્દૂલવિક્રીડિત)

**बाह्यार्थैः परिपीतमुज्झितनिजप्रव्यक्तिरिक्तीभवद्**
**विश्रान्तं पररूप एव परितो ज्ञानं पशोः सीदति।**
**यत्तत्तत्तदिह स्वरूपत इति स्याद्वादिनस्तत्पुन-**
**र्दूरोन्मग्नघनस्वभावभरतः पूर्णं समुन्मज्जति ।।२-२४८।।**

**ખંડાન્વય સહિત અર્થ :**—ભાવાર્થ આમ છે કે જે જ્ઞાનમાત્ર જીવનું સ્વરૂપ છે તેમાં પણ ચાર પ્રશ્ન વિચારણીય છે. તે પ્રશ્ન ક્યા? એક તો પ્રશ્ન એવો કે જ્ઞાન જ્ઞેયના સહારાનું છે કે પોતાના સહારાનું છે? બીજો પ્રશ્ન એવો કે જ્ઞાન એક છે કે અનેક છે? ત્રીજો પ્રશ્ન એવો કે જ્ઞાન અસ્તિરૂપ છે કે નાસ્તિરૂપ છે? ચોથો પ્રશ્ન એવો કે જ્ઞાન નિત્ય છે કે અનિત્ય છે? તેનો ઉત્તર આમ છે કે જેટલી વસ્તુ છે તે બધી દ્રવ્યરૂપ છે, પર્યાયરૂપ છે; તેથી જ્ઞાન પણ દ્રવ્યરૂપ છે, પર્યાયરૂપ છે. તેનું વિવરણ—દ્રવ્યરૂપ કહેતાં નિર્વિકલ્પ જ્ઞાનમાત્ર વસ્તુ; પર્યાયરૂપ કહેતાં સ્વજ્ઞેય અથવા પરજ્ઞેયને જાણતું થકું જ્ઞેયની આકૃતિ-પ્રતિબિંબરૂપ પરિણમે છે જે જ્ઞાન. ભાવાર્થ આમ છે કે જ્ઞેયને જાણવારૂપ પરિણતિ જ્ઞાનનો પર્યાય, તેથી જ્ઞાનને પર્યાયરૂપથી કહેતાં જ્ઞાન જ્ઞેયના સહારાનું છે; (જ્ઞાનને) વસ્તુમાત્રથી કહેતાં પોતાના સહારાનું છે.—એક પ્રશ્નનું સમાધાન તો આ પ્રમાણે છે. બીજા પ્રશ્નનું સમાધાન આમ છે કે જ્ઞાનને પર્યાયમાત્રથી કહેતાં જ્ઞાન અનેક છે; વસ્તુમાત્રથી કહેતાં એક છે. ત્રીજા પ્રશ્નનો ઉત્તર આમ છે કે જ્ઞાનને પર્યાયરૂપથી કહેતાં જ્ઞાન નાસ્તિરૂપ છે; જ્ઞાનને વસ્તુરૂપથી વિચારતાં જ્ઞાન અસ્તિરૂપ છે. ચોથા પ્રશ્નનો ઉત્તર આમ છે કે જ્ઞાનને પર્યાયમાત્રથી કહેતાં જ્ઞાન અનિત્ય છે; વસ્તુમાત્રથી કહેતાં જ્ઞાન નિત્ય છે. આવા પ્રશ્ન કરવામાં આવતાં આ પ્રમાણે સમાધાન કરવું, સ્યાદ્વાદ આનું નામ છે. વસ્તુનું સ્વરૂપ આવું જ છે, તથા આ પ્રમાણે સાધતાં વસ્તુમાત્ર સધાય છે. જે કોઈ મિથ્યાદ્રષ્ટિ જીવો વસ્તુને તે વસ્તુરૂપ છે તથા તે જ વસ્તુ પર્યાયરૂપ છે એમ માનતા નથી, સર્વથા વસ્તુરૂપ માને છે અથવા સર્વથા પર્યાયમાત્ર માને છે, તે જીવો એકાન્તવાદી મિથ્યાદ્રષ્ટિ કહેવાય છે; કારણ કે વસ્તુમાત્ર માન્યા વિના

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



પર્યાયમાત્ર માનતાં પર્યાયમાત્ર પણ સધાતી નથી; ત્યાં અનેક પ્રકારે સાધન-બાધન છે, અવસર પ્રાપ્ત થયે કહીશું; અથવા પર્યાયરૂપ માન્યા વિના વસ્તુમાત્ર માનતાં વસ્તુમાત્ર પણ સધાતી નથી; ત્યાં પણ અનેક યુક્તિઓ છે, અવસર પ્રાપ્ત થયે કહીશું. તે બાબતમાં કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ જ્ઞાનને પર્યાયરૂપ માને છે, વસ્તુરૂપ માનતો નથી; એવું માનતો થકો જ્ઞાનને જ્ઞેયના સહારાનું માને છે. તેના પ્રતિ સમાધાન આમ છે કે આ પ્રમાણે તો એકાન્તરૂપે જ્ઞાન સધાતું નથી, તેથી જ્ઞાન પોતાના સહારાનું છે; એમ કહે છે :—"पशोः ज्ञानं सीदति" (पशोः) એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ જેવું માને છે કે જ્ઞાન પર જ્ઞેયના સહારાનું છે, ત્યાં એવું માનતાં (ज्ञानं) જ્ઞાન અર્થાત્ શુદ્ધ જીવની સત્તા (सीदति) નષ્ટ થાય છે અર્થાત્ અસ્તિત્વપણું વસ્તુરૂપતાને પામતું નથી. ભાવાર્થ આમ છે કે એકાન્તવાદીના કથનાનુસાર વસ્તુનો અભાવ સધાય છે, વસ્તુપણું સધાતું નથી; કારણ કે મિથ્યાદૃષ્ટિ જીવ આવું માને છે—કેવું છે જ્ઞાન? "बाह्यार्थैः परिपीतम्" (बाह्यार्थैः) જ્ઞેય વસ્તુઓ દ્વારા (परिपीतम्) સર્વ પ્રકારે ગળી જવામાં આવ્યું છે. ભાવાર્થ આમ છે કે—મિથ્યાદૃષ્ટિ જીવ એમ માને છે કે જ્ઞાન વસ્તુ નથી, જ્ઞેયથી છે; તે પણ તે જ ક્ષણે ઊપજે છે, તે જ ક્ષણે વિનશે છે. જેમ કે—ઘટજ્ઞાન ઘટના સદ્ભાવમાં છે; પ્રતીતિ એમ થાય છે કે જો ઘટ છે તો ઘટજ્ઞાન છે, જ્યારે ઘટ નહોતો ત્યારે ઘટજ્ઞાન નહોતું, જ્યારે ઘટ હશે નહિ ત્યારે ઘટજ્ઞાન હશે નહિ;—કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ જ્ઞાનવસ્તુને નહિ માનતાં, જ્ઞાનને પર્યાયમાત્ર માનતાં આવું માને છે. વળી જ્ઞાનને કેવું માને છે? "उज्झितनिजप्रव्यक्तिरिक्तीभवत्" (उज्झित) મૂળથી નષ્ટ થઈ ગયું છે (निजप्रव्यक्ति) જ્ઞેયના જાણપણામાત્રથી 'જ્ઞાન' એવું પ્રાપ્ત થયેલું નામમાત્ર, તે કારણથી (रिक्तीभवत्) 'જ્ઞાન' એવા નામથી પણ વિનષ્ટ થઈ ગયું છે—એમ માને છે મિથ્યાદૃષ્ટિ એકાન્તવાદી જીવ. વળી જ્ઞાનને કેવું માને છે? "परितः पररूपे एव विश्रान्तं" (परितः) મૂળથી માંડીને (पररूपे) જ્ઞેયવસ્તુરૂપ નિમિત્તમાં (एव) એકાન્તથી (विश्रान्तं) વિશ્રાન્ત થઈ ગયું—જ્ઞેયથી ઉત્પન્ન થયું, જ્ઞેયથી નષ્ટ થઈ ગયું. ભાવાર્થ આમ છે કે—જેવી રીતે ભીંતમાં ચિતરામણ જ્યારે ભીંત નહોતી ત્યારે નહોતું, જ્યારે ભીંત છે ત્યારે છે, જ્યારે ભીંત હશે નહિ ત્યારે હશે નહિ; આથી પ્રતીતિ એવી ઊપજે છે કે ચિત્રના સર્વસ્વની કર્તા ભીંત છે; તેવી રીતે જ્યારે ઘટ છે ત્યારે ઘટજ્ઞાન છે,

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

જ્યારે ઘટ નહોતો ત્યારે ઘટજ્ઞાન નહોતું, જ્યારે ઘટ હશે નહિ ત્યારે ઘટજ્ઞાન હશે નહિ; આથી એવી પ્રતીતિ ઊપજે છે કે જ્ઞાનના સર્વસ્વનું કર્તા જ્ઞેય છે. કોઈ અજ્ઞાની એકાન્તવાદી આવું માને છે, તેથી એવા અજ્ઞાનીના મતમાં 'જ્ઞાન વસ્તુ' એવું પ્રાપ્ત થતું નથી. સ્યાદ્વાદીના મતમાં 'જ્ઞાન વસ્તુ' એવું પ્રાપ્ત થાય છે. "पुनः स्याद्वादिनः तत् पूर्णं समुन्मज्ञति" (पुनः) એકાન્તવાદી કહે છે એ રીતે નથી, સ્યાદ્વાદી કહે છે એ રીતે છે; (स्याद्वादिनः) એક સત્તાને દ્રવ્યરૂપ તથા પર્યાયરૂપ માને છે એવા જે સમ્યગ્દ્રષ્ટિ જીવો તેમના મતમાં (तत्) જ્ઞાનવસ્તુ (पूर्णं) જેવી જ્ઞેયથી થતી કહી, વિનશતી કહી તેવી નથી, જેવી છે તેવી જ છે, જ્ઞેયથી ભિન્ન સ્વયંસિદ્ધ પોતાથી છે; (समुन्मज्जति) એકાન્તવાદીના મતમાં મૂળથી લોપ થઈ ગયું હતું તે જ જ્ઞાન સ્યાદ્વાદીના મતમાં જ્ઞાનવસ્તુરૂપે પ્રગટ થયું. ક્યા કારણથી પ્રગટ થયું? "दूरोन्मग्नघनस्वभावभरतः" (दूर) અનાદિથી (उन्मग्न) સ્વયંસિદ્ધ વસ્તુરૂપ પ્રગટ છે એવું (घन) અમિટ (–અટળ) (स्वभाव) જ્ઞાનવસ્તુનું સહજ તેના (भरतः)—ન્યાય કરતાં, અનુભવ કરતાં 'આમ જ છે' એવા—સત્ત્વપણાના કારણથી. કેવો ન્યાય, કેવો અનુભવ,–એ બંને જે પ્રકારે હોય છે તે કહે છે—"यत् तत् स्वरूपतः तत् इति" (यत्) જે વસ્તુ (तत्) તે વસ્તુ (स्वरूपतः तत्) પોતાના સ્વભાવથી વસ્તુ છે (इति) એમ અનુભવતાં અનુભવ પણ ઉત્પન્ન થાય છે, યુક્તિ પણ પ્રગટ થાય છે. અનુભવ નિર્વિકલ્પ છે. યુક્તિ એવી કે જ્ઞાનવસ્તુ દ્રવ્યરૂપે વિચારતાં પોતાના સ્વરૂપે છે, પર્યાયરૂપે વિચારતાં જ્ઞેયથી છે. જેમ કે—જ્ઞાનવસ્તુ દ્રવ્યરૂપે જ્ઞાનમાત્ર છે, પર્યાયરૂપે ઘટજ્ઞાનમાત્ર છે, તેથી પર્યાયરૂપે જોતાં ઘટજ્ઞાન જે પ્રકારે કહ્યું છે કે 'ઘટના સદ્ભાવમાં છે, ઘટ નહિ હોતાં નથી' એમ જ છે. દ્રવ્યરૂપે અનુભવતાં 'ઘટજ્ઞાન' એમ ન જોવામાં આવે, 'જ્ઞાન' એમ જોવામાં આવે તો ઘટથી ભિન્ન પોતાના સ્વરૂપમાત્ર સ્વયંસિદ્ધ વસ્તુ છે. આ પ્રકારે અનેકાન્તને સાધતાં વસ્તુસ્વરૂપ સધાય છે. એકાન્તથી જો ઘટ ઘટજ્ઞાનનો કર્તા છે, જ્ઞાન 'વસ્તુ' નથી, તો એમ હોવું જોઈએ કે જે રીતે ઘટની પાસે બેઠેલા પુરુષને ઘટજ્ઞાન થાય છે તેવી જ રીતે જે કોઈ વસ્તુ ઘટની પાસે રાખવામાં આવે તેને ઘટજ્ઞાન થવું જોઈએ; એમ થતાં થાંભલાની પાસે ઘટ હોતાં થાંભલાને ઘટજ્ઞાન થવું જોઈએ; પરંતુ એવું તો જોવામાં આવતું નથી. તે કારણે એવો ભાવ પ્રતીતિમાં આવે છે કે જેમાં જ્ઞાનશક્તિ વિદ્યમાન છે તેને, ઘટની પાસે બેસીને ઘટને જોતાં, વિચારતાં,

ઘટજ્ઞાનરૂપ આ જ્ઞાનનો પર્યાય પરિણમે છે. તેથી સ્યાદ્વાદ વસ્તુનો સાધક છે, એકાન્તપણું વસ્તુનું નાશકર્તા છે. ૨-૨૪૮.

(શાર્દૂલવિક્રીડિત)

**विश्वं ज्ञानमिति प्रतर्क्य सकलं दृष्ट्वा स्वतत्त्वाशया**
**भूत्वा विश्वमयः पशुः पशुरिव स्वच्छन्दमाचेष्टते ।**
**यत्तत्तत्पररूपतो न तदिति स्याद्वाददर्शी पुन-**
**र्विश्वाद्भिन्नमविश्वविश्वघटितं तस्य स्वतत्त्वं स्पृशेत् ॥३-२४६॥**

**ખંડાન્વય સહિત અર્થ :**—ભાવાર્થ આમ છે કે કોઈ મિથ્યાદૃષ્ટિ એવો છે કે જ્ઞાનને દ્રવ્યરૂપ માને છે, પર્યાયરૂપ માનતો નથી; તેથી જેમ જીવદ્રવ્યને જ્ઞાનવસ્તુરૂપે માને છે તેમ જ્ઞેય જે પુદ્‌ગલ-ધર્મ-અધર્મ-આકાશ-કાળદ્રવ્ય તેમને પણ જ્ઞેયવસ્તુ માનતો નથી, જ્ઞાનવસ્તુ માને છે. તેના પ્રતિ સમાધાન આમ છે કે જ્ઞાન જ્ઞેયને જાણે છે એવો જ્ઞાનનો સ્વભાવ છે તોપણ જ્ઞેયવસ્તુ જ્ઞેયરૂપ છે, જ્ઞાનરૂપ નથી. ‘‘पशुः स्वच्छन्दम् आचेष्टते’’ (पशुः) એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ જીવ, (स्वच्छन्दम्) સ્વેચ્છાચારપણે ‘કાંઈક હેયરૂપ, કાંઈક ઉપાદેયરૂપ’ એવો ભેદ નહિ કરતો થકો, ‘સમસ્ત ત્રૈલોક્ય ઉપાદેય’ એવી બુદ્ધિ કરતો થકો (आचेष्टते)—એવી પ્રતીતિ કરતો થકો—નિઃશંકપણે પ્રવર્તે છે. કોની માફક? ‘‘पशुः इव’’ તિર્યંચની માફક. કેવો થઈને પ્રવર્તે છે? ‘‘विश्वमयः भूत्वा’’ ‘अहं विश्वम् અર્થાત્ હું વિશ્વ’ એમ જાણી પોતે વિશ્વરૂપ થઈને પ્રવર્તે છે. એવો કેમ છે? કારણ કે ‘‘सकलं स्वतत्त्वाशया दृष्ट्वा’’ (सकलं) સમસ્ત જ્ઞેયવસ્તુને (स्वतत्त्वाशया) જ્ઞાનવસ્તુની બુદ્ધિએ (दृष्ट्वा) પ્રગાઢ પ્રતીત કરીને. એવી પ્રગાઢ પ્રતીતિ કેમ થાય છે? કારણ કે ‘‘विश्वं ज्ञानम् इति प्रतर्क्य’’ ‘ત્રૈલોક્યરૂપ જે કાંઈ છે તે જ્ઞાનવસ્તુરૂપ છે’ એમ જાણીને. ભાવાર્થ આમ છે કે જ્ઞાનવસ્તુ પર્યાયરૂપે જ્ઞેયાકાર થાય છે; ત્યાં મિથ્યાદૃષ્ટિ પર્યાયરૂપ ભેદ માનતો નથી, સમસ્ત જ્ઞેયને જ્ઞાનવસ્તુરૂપ માને છે. તેના પ્રતિ ઉત્તર આમ છે કે જ્ઞેયવસ્તુ જ્ઞેયરૂપ છે, જ્ઞાનરૂપ નથી. એ જ કહે છે—‘‘पुनः स्याद्वाददर्शी स्वतत्त्वं स्पृशेत्’’ (पुनः) એકાન્તવાદી જે રીતે કહે છે તે રીતે જ્ઞાનને વસ્તુપણું સિદ્ધ થતું નથી, સ્યાદ્વાદી જે રીતે કહે છે તે રીતે

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



વસ્તુપણું જ્ઞાનને સધાય છે; કારણ કે એકાન્તવાદી એવું માને છે કે સમસ્ત જ્ઞાનવસ્તુ છે, પરંતુ એવું માનતાં લક્ષ્ય-લક્ષણનો અભાવ થાય છે, તેથી લક્ષ્ય-લક્ષણનો અભાવ થતાં વસ્તુની સત્તા સધાતી નથી. સ્યાદ્વાદી એવું માને છે કે 'જ્ઞાનવસ્તુ છે, તેનું લક્ષણ છે સમસ્ત જ્ઞેયનું જાણપણું,' તેથી એમ કહેતાં સ્વભાવ સધાય છે, સ્વ-સ્વભાવ સધાતાં વસ્તુ સધાય છે. આથી જ એમ કહ્યું કે (स्याद्वाददर्शी स्वतत्त्वं स्पृशेत्) વસ્તુને દ્રવ્ય-પર્યાયરૂપ માને છે એવો સ્યાદ્વાદદર્શી અર્થાત્ અનેકાન્તવાદી જીવ જ્ઞાનવસ્તુ છે એમ સાધવાને સમર્થ હોય છે. સ્યાદ્વાદી જ્ઞાનવસ્તુને કેવી માને છે? "विश्वात् भिन्नम्" (विश्वात्) સમસ્ત જ્ઞેયથી (भिन्नम्) નિરાળી છે. વળી કેવી માને છે? "अविश्वविश्वघटितं" (अविश्व) સમસ્ત જ્ઞેયથી ભિન્નરૂપ, (विश्व) પોતાનાં દ્રવ્ય-ગુણ-પર્યાયથી (घटितं) જેવી છે તેવી અનાદિથી સ્વયંસિદ્ધ નિષ્પન્ન છે—એવી છે જ્ઞાનવસ્તુ. એવું કેમ માને છે? "यत् तत्" જે જે વસ્તુ છે "तत् पररूपतः न तत्" તે વસ્તુ પરવસ્તુની અપેક્ષાએ વસ્તુરૂપ નથી. ભાવાર્થ આમ છે કે જેવી રીતે જ્ઞાનવસ્તુ જ્ઞેયરૂપથી નથી, જ્ઞાનરૂપથી છે, તેવી જ રીતે જ્ઞેયવસ્તુ પણ જ્ઞાનવસ્તુથી નથી, જ્ઞેયવસ્તુરૂપ છે. તેથી આવો અર્થ પ્રગટ થયો કે પર્યાય દ્વારા જ્ઞાન વિશ્વરૂપ છે, દ્રવ્ય દ્વારા પોતારૂપ છે.—આવો ભેદ સ્યાદ્વાદી અનુભવે છે. તેથી સ્યાદ્વાદ વસ્તુસ્વરૂપનો સાધક છે, એકાન્તપણું વસ્તુનું ઘાતક છે. ૩-૨૪૯.

સહજ ચિદાનંદ.

(શાર્દૂલવિક્રીડિત)

**बाह्यार्थग्रहणस्वभावभरतो विष्वग्विचित्रोल्लसद्-**
**ज्ञेयाकारविशीर्णशक्तिरभितस्त्रुट्यन्पशुर्नश्यति ।**
**एकद्रव्यतया सदा व्युदितया भेदभ्रमं ध्वंसय-**
**न्नेकं ज्ञानमबाधितानुभवनं पश्यत्यनेकान्तवित् ।।४-२५०।।**

**ખંડાન્વય સહિત અર્થ** :—ભાવાર્થ આમ છે કે કોઈ એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ જીવ પર્યાયમાત્રને વસ્તુ માને છે, વસ્તુને માનતો નથી; તેથી જ્ઞાનવસ્તુ અનેક જ્ઞેયને જાણે છે, તેને જાણતી થકી જ્ઞેયાકારે પરિણમે છે—એમ જાણીને જ્ઞાનને અનેક માને છે, એક માનતો નથી. તેના પ્રતિ ઉત્તર આમ છે કે 'એક'

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

જ્ઞાનને માન્યા વિના 'અનેક' જ્ઞાન એમ સધાતું નથી; તેથી જ્ઞાનને 'એક' માનીને 'અનેક' માનવું વસ્તુનું સાધક છે.—એમ કહે છે : ''पशुः नश्यति'' એકાન્તવાદી વસ્તુને સાધી શકતો નથી. કેવો છે? ''अभितः त्रुट्यन्'' જેવું માને છે તે રીતે તે જૂઠો ઠરે છે. વળી કેવો છે? ''विष्वग्विचित्रोल्लसद्ज्ञेयाकारविशीर्णशक्तिः'' (विष्वक्) જે અનંત છે, (विचित्र) અનંત પ્રકારનો છે, (उल्लसत्) પ્રગટ વિદ્યમાન છે—એવો જે (ज्ञेय) છ દ્રવ્યોનો સમૂહ તેના (आकार) પ્રતિબિમ્બરૂપ પરિણમ્યો છે જે જ્ઞાનપર્યાય (विशीर्णशक्तिः) એટલું જ માત્ર જ્ઞાન છે એવી શ્રદ્ધા કરતાં ગળી ગયું છે વસ્તુ સાધવાનું સામર્થ્ય જેનું, એવો છે મિથ્યાદ્રષ્ટિ જીવ. એવો કેમ છે? ''बाह्यार्थग्रहणस्वभावभरतः'' (बाह्यार्थ) જેટલી જ્ઞેયવસ્તુ તેમનું (ग्रहण) જાણપણું—તેમની આકૃતિરૂપ જ્ઞાનનો પરિણામ—એવું જે છે (स्वभाव) વસ્તુનું સહજ, કે જે (भरतः) કોઈના કહેવાથી વર્જ્યું ન જાય (છૂટે નહિ) એવા તેના અમિટપણાના (-અટળપણાના) કારણથી. ભાવાર્થ આમ છે કે—જ્ઞાનનો સ્વભાવ છે કે સમસ્ત જ્ઞેયને જાણતાં જ્ઞેયના આકારરૂપે પરિણમવું. કોઈ એકાન્તવાદી વસ્તુને એટલી જ માત્ર જાણતો થકો જ્ઞાનને અનેક માને છે. તેના પ્રતિ સ્યાદ્વાદી જ્ઞાનનું એકપણું સાધે છે—''अनेकान्तविद् ज्ञानम् एकं पश्यति'' (अनेकान्तविद्) સ્યાદ્વાદી અર્થાત્ એક સત્તાને દ્રવ્ય-પર્યાયરૂપ માને છે એવો સમ્યગ્દ્રષ્ટિ જીવ, (ज्ञानम् एकं पश्यति) જ્ઞાનવસ્તુ જોકે પર્યાયરૂપથી અનેક છે તોપણ દ્રવ્યરૂપથી એકરૂપ અનુભવે છે. કેવો છે સ્યાદ્વાદી? ''भेदभ्रमं ध्वंसयन्'' જ્ઞાન અનેક છે એવા એકાન્તપક્ષને માનતો નથી. શા કારણથી? ''एकद्रव्यतया'' જ્ઞાન એક વસ્તુ છે એવા અભિપ્રાયના કારણે. કેવો છે અભિપ્રાય? ''सदा व्युदितया'' સર્વ કાળ ઉદયમાન છે. કેવું છે જ્ઞાન? ''अबाधितानुभवनं'' અખંડિત છે અનુભવ જેમાં, એવી છે જ્ઞાનવસ્તુ. ૪-૨૫૦.

(શાર્દૂલવિક્રીડિત)

**ज्ञेयाकारकलङ्कमेचकचिति प्रक्षालनं कल्पय-**
**न्नेकाकारचिकीर्षया स्फुटमपि ज्ञानं पशुर्नेच्छति ।**
**वैचित्र्येऽप्यविचित्रतामुपगतं ज्ञानं स्वतः क्षालितं**
**पर्यायैस्तदनेकतां परिमृशन्पश्यत्यनेकान्तवित् ।।५-२५१।।**

**ખંડાન્વય સહિત અર્થ :**—ભાવાર્થ આમ છે કે, કોઈ મિથ્યાદૃષ્ટિ એકાન્તવાદી એવો છે કે વસ્તુને દ્રવ્યરૂપ માત્ર માને છે, પર્યાયરૂપ માનતો નથી; તેથી જ્ઞાનને નિર્વિકલ્પ વસ્તુમાત્ર માને છે, જ્ઞેયાકાર પરિણતિરૂપ જ્ઞાનનો પર્યાય માનતો નથી; તેથી જ્ઞેયવસ્તુને જાણતાં જ્ઞાનનું અશુદ્ધપણું માને છે. તેના પ્રતિ સ્યાદ્વાદી જ્ઞાનનો દ્રવ્યરૂપે 'એક' અને પર્યાયરૂપે 'અનેક' એવો સ્વભાવ સાધે છે.—એમ કહે છે : ''पशुः ज्ञानं न इच्छति'' (पशुः) એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ જીવ (ज्ञानं) જ્ઞાનને અર્થાત્ જ્ઞાનમાત્ર જીવવસ્તુને (न इच्छति) સાધી શકતો નથી—અનુભવગોચર કરી શકતો નથી. કેવું છે જ્ઞાન? ''स्फुटम् अपि'' પ્રકાશરૂપે જોકે પ્રગટ છે. કેવો છે એકાન્તવાદી? ''प्रक्षालनं कल्पयन्'' કલંક ધોઈ નાખવાનો અભિપ્રાય કરે છે. શેમાં? ''ज्ञेयाकारकलङ्कमेचकचिति'' (ज्ञेय) જેટલી જ્ઞેયવસ્તુ છે, તે (आकार) જ્ઞેયને જાણતાં થયું છે તેની આકૃતિરૂપ જ્ઞાન, એવું જે (कलङ्क) કલંક, તેના કારણે (मेचक) અશુદ્ધ થઈ છે–એવી છે (चिति) જીવવસ્તુ, તેમાં. ભાવાર્થ આમ છે કે—જ્ઞેયને જાણે છે જ્ઞાન, તેને એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ જીવ સ્વભાવ માનતો નથી, અશુદ્ધપણારૂપે માને છે. એકાન્તવાદીનો અભિપ્રાય આવો કેમ છે? ''एकाकारचिकीर्षया'' કેમકે (एकाकार) સમસ્ત જ્ઞેયના જાણપણાથી રહિત થતો થકો નિર્વિકલ્પરૂપ જ્ઞાનનો પરિણામ (चिकीर्षया) જ્યારે થાય ત્યારે જ્ઞાન શુદ્ધ છે, એવો છે અભિપ્રાય એકાન્તવાદીનો. તેના પ્રતિ 'એક-અનેકરૂપ' જ્ઞાનનો સ્વભાવ સાધે છે સ્યાદ્વાદી સમ્યગ્દૃષ્ટિ જીવ—''अनेकान्तविद् ज्ञानं पश्यति'' (अनेकान्तविद्) સ્યાદ્વાદી જીવ (ज्ञानं) જ્ઞાન અર્થાત્ જ્ઞાનમાત્ર જીવવસ્તુને (पश्यति) સાધી શકે છે—અનુભવ કરી શકે છે. કેવું છે જ્ઞાન? ''स्वतः क्षालितं'' સહજ જ શુદ્ધસ્વરૂપ છે. સ્યાદ્વાદી જ્ઞાનને કેવું જાણીને અનુભવે છે? ''तत् वैचित्र्ये अपि अविचित्रताम् पर्यायैः अनेकतां उपगतं परिमृशन्'' (तत्) જ્ઞાનમાત્ર જીવવસ્તુ (वैचित्र्ये अपि अविचित्रताम्) અનેક જ્ઞેયાકારની અપેક્ષાએ પર્યાયરૂપે અનેક છે તોપણ દ્રવ્યરૂપે એક છે, (पर्यायैः अनेकतां उपगतं) જોકે દ્રવ્યરૂપે એક છે તોપણ અનેક જ્ઞેયાકારરૂપ પર્યાયની અપેક્ષાએ અનેકપણાને પામે છે;–આવા સ્વરૂપને અનેકાન્તવાદી સાધી શકે છે—અનુભવ-ગોચર કરી શકે છે; (परिमृशन्) આવી દ્રવ્યરૂપ પર્યાયરૂપ વસ્તુને અનુભવતો થકો 'સ્યાદ્વાદી' એવું નામ પામે છે. ૫-૨૫૧.

(શાર્દૂલવિક્રીડિત)

**प्रत्यक्षालिखितस्फुटस्थिरपरद्रव्यास्तितावञ्चितः**
**स्वद्रव्यानवलोकनेन परितः शून्यः पशुर्नश्यति ।**
**स्वद्रव्यास्तितया निरूप्य निपुणं सद्यः समुन्मज्जता**
**स्याद्वादी तु विशुद्धबोधमहसा पूर्णो भवन् जीवति ॥६-२५२॥**

**ખંડાન્વય સહિત અર્થ :**—ભાવાર્થ આમ છે કે કોઈ એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ એવો છે કે જે પર્યાયમાત્રને વસ્તુરૂપ માને છે, તેથી જ્ઞેયને જાણતાં જ્ઞેયાકાર પરિણમ્યો છે જે જ્ઞાનનો પર્યાય, તેનું જ્ઞેયના અસ્તિત્વપણાથી અસ્તિત્વપણું માને છે, જ્ઞેયથી ભિન્ન નિર્વિકલ્પ જ્ઞાનમાત્ર વસ્તુને માનતો નથી. આથી એવો ભાવ પ્રાપ્ત થાય છે કે પરદ્રવ્યના અસ્તિત્વથી જ્ઞાનનું અસ્તિત્વ છે, જ્ઞાનના અસ્તિત્વથી જ્ઞાનનું અસ્તિત્વ નથી. તેના પ્રતિ ઉત્તર આમ છે કે જ્ઞાનવસ્તુનું પોતાના અસ્તિત્વથી અસ્તિત્વ છે. તેના ભેદ ચાર છે : જ્ઞાનમાત્ર જીવવસ્તુ સ્વદ્રવ્યપણે અસ્તિ, સ્વક્ષેત્રપણે અસ્તિ, સ્વકાળપણે અસ્તિ, સ્વભાવપણે અસ્તિ; પરદ્રવ્યપણે નાસ્તિ, પરક્ષેત્રપણે નાસ્તિ, પરકાળપણે નાસ્તિ, પરભાવપણે નાસ્તિ. તેમનું લક્ષણ : સ્વદ્રવ્ય એટલે નિર્વિકલ્પમાત્ર વસ્તુ, સ્વક્ષેત્ર એટલે આધારમાત્ર વસ્તુનો પ્રદેશ, સ્વકાળ એટલે વસ્તુમાત્રની મૂળ અવસ્થા, સ્વભાવ એટલે વસ્તુની મૂળની સહજ શક્તિ; પરદ્રવ્ય એટલે સવિકલ્પ ભેદકલ્પના, પરક્ષેત્ર એટલે જે વસ્તુનો આધારભૂત પ્રદેશ નિર્વિકલ્પ વસ્તુમાત્રરૂપે કહ્યો હતો તે જ પ્રદેશ સવિકલ્પ ભેદકલ્પનાથી પરપ્રદેશ બુદ્ધિગોચરરૂપે કહેવાય છે, પરકાળ એટલે દ્રવ્યની મૂળની નિર્વિકલ્પ અવસ્થા તે જ અવસ્થાન્તર-ભેદરૂપ કલ્પનાથી પરકાળ કહેવાય છે, પરભાવ એટલે દ્રવ્યની સહજ શક્તિના પર્યાયરૂપ અનેક અંશ દ્વારા ભેદકલ્પના, તેને પરભાવ કહેવાય છે. ''पशुः नश्यति'' એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ જીવ જીવસ્વરૂપને સાધી શકતો નથી. કેવો છે? ''परितः शून्यः'' સર્વ પ્રકારે તત્ત્વજ્ઞાનથી શૂન્ય છે. શા કારણથી? ''स्वद्रव्यानवलोकनेन'' (स्वद्रव्य) નિર્વિકલ્પ વસ્તુમાત્રની (अनवलोकनेन) પ્રતીતિ કરતો નથી તે કારણથી. વળી કેવો છે? ''प्रत्यक्षालिखितस्फुटस्थिरपरद्रव्यास्तितावञ्चितः'' (प्रत्यक्ष)

અસહાયરૂપે (आलिखित) લખાયેલાની માફક (स्फुट) જેવો ને તેવો (स्थिर) અમિટ (-અટળ) જે (परद्रव्य) જ્ઞેયાકાર જ્ઞાનનો પરિણામ તેનાથી માનેલું જે (अस्तिता) અસ્તિત્વ, તેનાથી (वञ्चितः) ઠગાયો છે—એવો છે એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ જીવ. "तु स्याद्वादी पूर्णो भवन् जीवति" (तु) એકાન્તવાદી કહે છે તે પ્રમાણે નથી. (स्याद्वादी) સમ્યગ્દૃષ્ટિ જીવ (पूर्णो भवन) પૂર્ણ હોતો થકો (जीवति) જ્ઞાનમાત્ર જીવવસ્તુ છે એમ સાધી શકે છે—અનુભવ કરી શકે છે. શાના વડે? "स्वद्रव्यास्तितया" (स्वद्रव्य) નિર્વિકલ્પ જ્ઞાનશક્તિમાત્ર વસ્તુ, તેના (अस्तितया) અસ્તિત્વપણા વડે. શું કરીને? "निपुणं निरूप्य" જ્ઞાનમાત્ર જીવવસ્તુનો પોતાના અસ્તિત્વથી કર્યો છે અનુભવ જેણે એવો થઈને. શાના વડે? "विशुद्धबोधमहसा" (विशुद्ध) નિર્મળ જે (बोध) ભેદજ્ઞાન તેના (महसा) પ્રતાપ વડે. કેવો છે (ભેદજ્ઞાનનો પ્રતાપ)? "सद्यः समुन्मज्जता" તે જ કાળે પ્રગટ થાય છે. ૬-૨૫૨.

(શાર્દૂલવિક્રીડિત)

**सर्वद्रव्यमयं प्रपद्य पुरुषं दुर्वासनावासितः**
**स्वद्रव्यभ्रमतः पशुः किल परद्रव्येषु विश्राम्यति ।**
**स्याद्वादी तु समस्तवस्तुषु परद्रव्यात्मना नास्तितां**
**जानन्निर्मलशुद्धबोधमहिमा स्वद्रव्यमेवाश्रयेत् ॥७-२५३॥**

**ખંડાન્વય સહિત અર્થ :**—ભાવાર્થ આમ છે કે કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ એવો છે કે જે વસ્તુને દ્રવ્યરૂપ માને છે, પર્યાયરૂપ નથી માનતો, તેથી સમસ્ત જ્ઞેયવસ્તુ જ્ઞાનમાં ગર્ભિત માને છે. તે એવું કહે છે—ઉષ્ણને જાણતું જ્ઞાન ઉષ્ણ છે, શીતળને જાણતું જ્ઞાન શીતળ છે. તેના પ્રતિ ઉત્તર આમ છે કે જ્ઞાન જ્ઞેયનું જ્ઞાયકમાત્ર તો છે, પરંતુ જ્ઞેયનો ગુણ જ્ઞેયમાં છે, જ્ઞાનમાં જ્ઞેયનો ગુણ નથી. તે જ કહે છે—"किल पशुः विश्राम्यति" (किल) અવશ્ય (पशुः) એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ જીવ (विश्राम्यति) વસ્તુસ્વરૂપને સાધવાને અસમર્થ હોતો થકો અત્યંત ખેદખિન્ન થાય છે. શા કારણથી? "परद्रव्येषु स्वद्रव्यभ्रमतः" (परद्रव्येषु) જ્ઞેયને જાણતાં જ્ઞેયની આકૃતિરૂપે પરિણમે છે જ્ઞાન–એવો જે જ્ઞાનનો પર્યાય, તેમાં (स्वद्रव्य) નિર્વિકલ્પ

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



સત્તામાત્ર જ્ઞાનવસ્તુ હોવાની (भ्रमतः) થાય છે ભ્રાન્તિ, તે કારણથી. ભાવાર્થ આમ છે કે જેમ ઉષ્ણને જાણતાં ઉષ્ણની આકૃતિરૂપે જ્ઞાન પરિણમે છે એમ દેખીને જ્ઞાનને ઉષ્ણસ્વભાવ માને છે મિથ્યાદ્રષ્ટિ જીવ તેમ. કેવો થતો થકો? ''दुर्वासनावासितः'' (दुर्वासना) અનાદિના મિથ્યાત્વ સંસ્કાર તે વડે (वासितः) થયો છે સ્વભાવથી ભ્રષ્ટ એવો. એવો કેમ છે? ''सर्वद्रव्यमयं पुरुषं प्रपद्य'' (सर्वद्रव्य) જેટલાં સમસ્ત દ્રવ્ય છે તેમનું જે દ્રવ્યપણું (मयं) તે-મય જીવ છે અર્થાત્ તેટલા સમસ્ત સ્વભાવ જીવમાં છે એવી (पुरुषं) જીવવસ્તુને (प्रपद्य) પ્રતીતિરૂપ માનીને.—આમ મિથ્યાદ્રષ્ટિ જીવ માને છે. ''तु स्याद्वादी स्वद्रव्यम् आश्रयेत् एव'' (तु) એકાન્તવાદી માને છે તે પ્રમાણે નથી, સ્યાદ્વાદી માને છે તે પ્રમાણે છે. તે આ પ્રમાણેઃ (स्याद्वादी) સ્યાદ્વાદી અર્થાત્ અનેકાન્તવાદી (स्वद्रव्यम् आश्रयेत्) જ્ઞાનમાત્ર જીવવસ્તુ એમ સાધી શકે છે—અનુભવ કરી શકે છે. સમ્યગ્દ્રષ્ટિ જીવ (एव) એવો જ છે. કેવો છે સ્યાદ્વાદી? ''समस्तवस्तुषु परद्रव्यात्मना नास्तितां जानन्'' (समस्तवस्तुषु) જ્ઞાનમાં પ્રતિબિંબિત થયું છે સમસ્ત જ્ઞેયનું સ્વરૂપ, તેમાં (परद्रव्यात्मना) અનુભવે છે જ્ઞાનવસ્તુથી ભિન્નપણું, તેના કારણે (नास्तितां जानन्) નાસ્તિપણું અનુભવતો થકો. ભાવાર્થ આમ છે કે સમસ્ત જ્ઞેય જ્ઞાનમાં ઉદ્દીપિત થાય છે પરંતુ જ્ઞેયરૂપ છે, જ્ઞાનરૂપ થયું નથી. કેવો છે સ્યાદ્વાદી? ''निर्मलशुद्धबोधमहिमा'' (निर्मल) મિથ્યાદોષથી રહિત તથા (शुद्ध) રાગાદિ અશુદ્ધ પરિણતિથી રહિત એવું જે (बोध) અનુભવજ્ઞાન તેનાથી છે (महिमा) પ્રતાપ જેનો, એવો છે. ૭–૨૫૩.

(શાર્દૂલવિક્રીડિત)

**भिन्नक्षेत्रनिषण्णबोध्यनियतव्यापारनिष्ठः सदा**
**सीदत्येव बहिः पतन्तमभितः पश्यन्पुमांसं पशुः ।**
**स्वक्षेत्रास्तितया निरुद्धरभसः स्याद्वादवेदी पुन-**
**स्तिष्ठत्यात्मनिखातबोध्यनियतव्यापारशक्तिर्भवन् ।।८-२५४।।**

**ખંડાન્વય સહિત અર્થ** :—ભાવાર્થ આમ છે કે કોઈ મિથ્યાદ્રષ્ટિ જીવ એવો છે કે જે વસ્તુને પર્યાયરૂપ માને છે, દ્રવ્યરૂપ માનતો નથી; તેથી જેટલો

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

સમસ્ત વસ્તુનો છે આધારભૂત પ્રદેશપુંજ તેને જાણે છે જ્ઞાન, જાણતુ થકું તેની આકૃતિરૂપે પરિણમે છે જ્ઞાન, એનું નામ પરક્ષેત્ર છે, તે ક્ષેત્રને જ્ઞાનનું ક્ષેત્ર માને છે. એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ જીવ, તે ક્ષેત્રથી સર્વથા ભિન્ન છે ચૈતન્યપ્રદેશમાત્ર જ્ઞાનનું ક્ષેત્ર, તેને માનતો નથી. તેના પ્રતિ સમાધાન આમ છે કે જ્ઞાનવસ્તુ પરક્ષેત્રને જાણે છે પરંતુ પોતાના ક્ષેત્રરૂપ છે, પરનું ક્ષેત્ર જ્ઞાનનું ક્ષેત્ર નથી. તે જ કહે છે—"पशुः सीदति एव" (पशुः) એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ જીવ (सीदति) ઓલાંની (–કરાની) માફક ગળે છે, જ્ઞાનમાત્ર જીવવસ્તુ છે એમ સાધી શકતો નથી, (एव) નિશ્ચયથી એમ જ છે. કેવો છે એકાન્તવાદી? "भिन्नक्षेत्रनिषण्ण-बोध्यनियतव्यापारनिष्ठः" (भिन्नक्षेत्र) પોતાના ચૈતન્યપ્રદેશથી અન્ય છે જે સમસ્ત દ્રવ્યોનો પ્રદેશપુંજ (निषण्ण) તેની આકૃતિરૂપ પરિણમ્યો છે એવો છે જે (बोध्यनियतव्यापार) જ્ઞેય-જ્ઞાયકનો અવશ્ય સંબંધ, તેમાં (निष्ठः) નિષ્ઠ છે અર્થાત્ એતાવન્માત્રને (-એટલામાત્રને) જાણે છે જ્ઞાનનું ક્ષેત્ર, એવો છે એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ જીવ. "सदा" અનાદિ કાળથી એવો જ છે. વળી કેવો છે મિથ્યાદૃષ્ટિ જીવ? "अभितः बहिः पतन्तम् पुमांसं पश्यन्" (अभितः) મૂળથી માંડીને (बहिः पतन्तम्) પરક્ષેત્રરૂપ પરિણમી છે એમ (पुमांसं) જીવવસ્તુને (पश्यन्) માને છે—અનુભવે છે, એવો છે મિથ્યાદૃષ્ટિ જીવ. "पुनः स्याद्वादवेदी तिष्ठति" (पुनः) એકાન્તવાદી જે પ્રમાણે કહે છે તે પ્રમાણે નથી પરંતુ (स्याद्वादवेदी) સ્યાદ્વાદવેદી અર્થાત્ અનેકાન્તવાદી (तिष्ठति) જે પ્રમાણે માને છે તેવી વસ્તુ છે. ભાવાર્થ આમ છે કે તે વસ્તુને સાધી શકે છે. કેવો છે સ્યાદ્વાદી? "स्वक्षेत्रास्तितया निरुद्धरभसः" (स्वक्षेत्र) સમસ્ત પરદ્રવ્યથી ભિન્ન નિજસ્વરૂપ ચૈતન્યપ્રદેશ, તેની (अस्तितया) સત્તારૂપે (निरुद्धरभसः) પરિણમ્યું છે જ્ઞાનનું સર્વસ્વ જેનું, એવો છે સ્યાદ્વાદી. વળી કેવો છે? "आत्म-निखातबोध्यनियतव्यापारशक्तिः भवन्" (आत्म) જ્ઞાનવસ્તુમાં (निखात) જ્ઞેય પ્રતિબિંબરૂપ છે—એવો છે (बोध्यनियतव्यापार) જ્ઞેય-જ્ઞાયકરૂપ અવશ્ય સંબંધ, આવું (शक्तिः) જાણ્યું છે જ્ઞાનવસ્તુનું સહજ જેણે, એવો (भवन्) હોતો થકો. ભાવાર્થ આમ છે કે જ્ઞાનમાત્ર જીવવસ્તુ પરક્ષેત્રને જાણે છે એવું સહજ છે, પરંતુ પોતાના પ્રદેશોમાં છે, પરાયા પ્રદેશોમાં નથી—એમ માને છે સ્યાદ્વાદી જીવ, તેથી વસ્તુને સાધી શકે છે—અનુભવ કરી શકે છે. ૮-૨૫૪.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



(શાર્દૂલવિક્રીડિત)

स्वक्षेत्रस्थितये पृथग्विधपरक्षेत्रस्थितार्थोज्झनात्
तुच्छीभूय पशुः प्रणश्यति चिदाकारान् सहार्थैर्वमन् ।
स्याद्वादी तु वसन् स्वधामनि परक्षेत्रे विदन्नास्तितां
त्यक्तार्थोऽपि न तुच्छतामनुभवत्याकारकर्षी परान् ॥६-२५५॥

**ખંડાન્વય સહિત અર્થ :**—ભાવાર્થ આમ છે કે કોઈ એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ જીવ એવો છે કે જે વસ્તુને દ્રવ્યરૂપ માને છે, પર્યાયરૂપ નથી માનતો, તેથી જ્ઞેયવસ્તુના પ્રદેશોને જાણતાં જ્ઞાનને અશુદ્ધપણું માને છે; 'જ્ઞાનનો એવો જ સ્વભાવ છે, તે જ્ઞાનનો પર્યાય છે'–એમ માનતો નથી. તેના પ્રતિ ઉત્તર આમ છે કે જ્ઞાનવસ્તુ પોતાના પ્રદેશોમાં છે, જ્ઞેયના પ્રદેશોને જાણે છે એવો સ્વભાવ છે, અશુદ્ધપણું નથી;–એવું માને છે સ્યાદ્વાદી. એ જ કહે છે—"पशुः प्रणश्यति" (पशुः) એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ જીવ (प्रणश्यति) વસ્તુમાત્ર સાધવાથી ભ્રષ્ટ છે—અનુભવ કરવાને ભ્રષ્ટ છે. કેવો થઈને ભ્રષ્ટ છે? "तुच्छीभूय" તત્ત્વજ્ઞાનથી શૂન્ય થઈને. વળી કેવો છે? "अर्थैः सह चिदाकारान् वमन्" (अर्थैः सह) જ્ઞાનગોચર છે જે જ્ઞેયના પ્રદેશો તેમની સાથે (चिदाकारान्) જ્ઞાનની શક્તિનું અથવા જ્ઞાનના પ્રદેશોનું (वमन्) મૂળથી વમન કર્યું છે અર્થાત્ તેમનું નાસ્તિપણું જાણ્યું છે જેણે, એવો છે. વળી કેવો છે? "पृथग्विधपरक्षेत्रस्थितार्थोज्झनात्" (पृथग्विध) પર્યાયરૂપ જે (परक्षेत्र) જ્ઞેયવસ્તુના પ્રદેશોને જાણતાં થાય છે તેમની આકૃતિરૂપે જ્ઞાનની પરિણતિ, તે-રૂપ (स्थित) પરિણમતી જે (अर्थ) જ્ઞાનવસ્તુ તેને, (उज्झनात्) 'આવું જ્ઞાન અશુદ્ધ છે' એવી બુદ્ધિ વડે ત્યાગ કરતો થકો; એવો છે એકાન્તવાદી. શા માટે જ્ઞેયપરિણત જ્ઞાનને હેય કરે છે? "स्वक्षेत्रस्थितये" (स्वक्षेत्र) જ્ઞાનના ચૈતન્યપ્રદેશની (स्थितये) સ્થિરતા માટે. ભાવાર્થ આમ છે કે જ્ઞાનવસ્તુ જ્ઞેયના પ્રદેશોના જાણપણાથી રહિત થાય તો શુદ્ધ થાય, એમ માને છે એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ જીવ. તેના પ્રતિ સ્યાદ્વાદી કહે છે—"तु स्याद्वादी तुच्छतां न अनुभवति" (तु) એકાન્તવાદી માને છે તે પ્રમાણે નથી, સ્યાદ્વાદી માને છે તે પ્રમાણે છે. (स्याद्वादी) સ્યાદ્વાદી અર્થાત્ અનેકાન્તદૃષ્ટિ જીવ (तुच्छताम्) જ્ઞાનવસ્તુ જ્ઞેયના

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

ક્ષેત્રને જાણે છે, પોતાના પ્રદેશોથી સર્વથા શૂન્ય છે એવું (न अनुभवति) માનતો નથી; જ્ઞાનવસ્તુ જ્ઞેયના ક્ષેત્રને જાણે છે, જ્ઞેયક્ષેત્રરૂપ નથી એમ માને છે. કેવો છે સ્યાદ્વાદી? "त्यक्तार्थः अपि" જ્ઞેયક્ષેત્રની આકૃતિરૂપે પરિણમે છે જ્ઞાન, એમ માને છે તોપણ જ્ઞાન પોતાના ક્ષેત્રરૂપ છે—એમ માને છે. વળી કેવો છે સ્યાદ્વાદી? "स्वधामनि वसन्" જ્ઞાનવસ્તુ પોતાના પ્રદેશોમાં છે એમ અનુભવે છે. વળી કેવો છે? "परक्षेत्रे नास्तितां विदन्" (परक्षेत्रे) જ્ઞેયપ્રદેશની આકૃતિરૂપે પરિણમ્યું છે જ્ઞાન, તેમાં (नास्तितां विदन्) નાસ્તિપણું માને છે અર્થાત્ જાણે છે તો જાણો તોપણ એતાવન્માત્ર (એટલું માત્ર) જ્ઞાનનું ક્ષેત્ર નથી–એમ માને છે સ્યાદ્વાદી. વળી કેવો છે? "परात् आकारकर्षी" પરક્ષેત્રની આકૃતિરૂપે પરિણમ્યો છે જ્ઞાનનો પર્યાય, તેનાથી ભિન્નપણે જ્ઞાનવસ્તુના પ્રદેશોનો અનુભવ કરવાને સમર્થ છે. તેથી સ્યાદ્વાદ વસ્તુસ્વરૂપનો સાધક, એકાન્તપણું વસ્તુસ્વરૂપનું ઘાતક; તેથી સ્યાદ્વાદ ઉપાદેય છે. ૯-૨૫૫.

(શાર્દૂલવિક્રીડિત)

**पूर्वालम्बितबोध्यनाशसमये ज्ञानस्य नाशं विदन्**
**सीदत्येव न किञ्चनापि कलयन्नत्यन्ततुच्छः पशुः ।**
**अस्तित्वं निजकालतोऽस्य कलयन् स्याद्वादवेदी पुनः**
**पूर्णस्तिष्ठति बाह्यवस्तुषु मुहुर्भूत्वा विनश्यत्स्वपि ॥१०-२५६॥**

**ખંડાન્વય સહિત અર્થ :**—ભાવાર્થ આમ છે કે કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ એવો છે કે જે વસ્તુને પર્યાયમાત્ર માને છે, દ્રવ્યરૂપ નથી માનતો; તેથી જ્ઞેયવસ્તુના અતીત-અનાગત-વર્તમાનકાળ સંબંધી અનેક અવસ્થાભેદ છે, તેમને જાણતાં જ્ઞાનના પર્યાયરૂપ અનેક અવસ્થાભેદ થાય છે, તેમાં જ્ઞેયસંબંધી પહેલો અવસ્થાભેદ વિનશે છે, તે અવસ્થાભેદ વિનશતાં તેની આકૃતિરૂપે પરિણમેલા જ્ઞાનપર્યાયનો અવસ્થાભેદ પણ વિનશે છે, તેનો—અવસ્થાભેદનો—વિનાશ થતાં એકાન્તવાદી મૂળથી જ્ઞાન-વસ્તુનો વિનાશ માને છે. તેના પ્રતિ સમાધાન આમ છે કે જ્ઞાનવસ્તુ અવસ્થાભેદથી વિનશે છે, દ્રવ્યરૂપે વિચારતાં પોતાની જાણપણારૂપ અવસ્થાથી શાશ્વત છે, ન ઊપજે છે, ન વિનશે છે—આવું સમાધાન સ્યાદ્વાદી કરે છે. એ જ કહે છે—"पशुः सीदति

एव'' (पशुः) એકાન્તવાદી (सीदति) વસ્તુના સ્વરૂપને સાધવાને ભ્રષ્ટ છે, (एव) અવશ્ય એમ છે. કેવો છે એકાન્તવાદી? ''अत्यन्ततुच्छः'' વસ્તુના અસ્તિત્વના જ્ઞાનથી અત્યંત શૂન્ય છે. વળી કેવો છે? ''न किञ्चन अपि कलयन्'' (न किञ्चन) જ્ઞેય-અવસ્થાના જાણપણામાત્ર જ્ઞાન છે, તેનાથી ભિન્ન કોઈ વસ્તુરૂપ જ્ઞાનવસ્તુ નથી, (अपि) અંશમાત્ર પણ નથી—(कलयन्) એવી અનુભવરૂપ પ્રતીતિ કરે છે. વળી કેવો છે? ''पूर्वालम्बितबोध्यनाशसमये ज्ञानस्य नाशं विदन्'' (पूर्व) કોઈ પહેલા અવસરમાં (आलम्बित) જાણીને તેની આકૃતિરૂપ થયેલા જે (बोध्य) જ્ઞેયાકાર જ્ઞાનપર્યાય, તેના (नाशसमये) વિનાશસંબંધી કોઈ અન્ય અવસરમાં (ज्ञानस्य) જ્ઞાનમાત્ર જીવવસ્તુનો (नाशं विदन्) નાશ માને છે,—એવો છે એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ જીવ. તેને સ્યાદ્વાદી સંબોધે છે—''पुनः स्याद्वादवेदी पूर्णः तिष्ठति'' (पुनः) એકાન્તદૃષ્ટિ જે પ્રમાણે કહે છે તે પ્રમાણે નથી, સ્યાદ્વાદી જે પ્રમાણે માને છે તે પ્રમાણે છે. (स्याद्वादवेदी) અનેકાન્ત-અનુભવશીલ જીવ (पूर्णः तिष्ठति) 'ત્રિકાળગોચર જ્ઞાનમાત્ર જીવવસ્તુ' એવો અનુભવ કરતો થકો તેના પર દૃઢ છે. કેવો દૃઢ છે? ''बाह्यवस्तुषु मुहुः भूत्वा विनश्यत्सु अपि'' (बाह्यवस्तुषु) સમસ્ત જ્ઞેય અથવા જ્ઞેયાકાર પરિણમેલા જ્ઞાનપર્યાયના અનેક ભેદ, તેઓ (मुहुः भूत्वा) અનેક પર્યાયરૂપ થાય છે, (विनश्यत्सु अपि) અનેક વાર વિનશે છે, તોપણ દૃઢ રહે છે. વળી કેવો છે? ''अस्य निजकालतः अस्तित्वं कलयन्'' (अस्य) જ્ઞાનમાત્ર જીવવસ્તુનું (निजकालतः) ત્રિકાળ શાશ્વત જ્ઞાનમાત્ર અવસ્થાથી (अस्तित्वं कलयन्) વસ્તુપણું અથવા અસ્તિપણું અનુભવે છે સ્યાદ્વાદી જીવ. ૧૦-૨૫૬.

(શાર્દૂલવિક્રીડિત)

**अर्थालम्बनकाल एव कलयन् ज्ञानस्य सत्त्वं बहि-**
**र्ज्ञेयालम्बनलालसेन मनसा भ्राम्यन् पशुर्नश्यति ।**
**नास्तित्वं परकालतोऽस्य कलयन् स्याद्वादवेदी पुन-**
**स्तिष्ठत्यात्मनिखातनित्यसहजज्ञानैकपुञ्जीभवन् ।।११-२५७।।**

**ખંડાન્વય સહિત અર્થ :**—ભાવાર્થ આમ છે કે કોઈ મિથ્યાદૃષ્ટિ એકાન્તવાદી એવો છે કે જે વસ્તુને દ્રવ્યમાત્ર માને છે, પર્યાયરૂપ માનતો નથી;

તેથી જ્ઞેયની અનેક અવસ્થાને જાણે છે જ્ઞાન, તેને જાણતું થકું તે આકૃતિરૂપ પરિણમે છે જ્ઞાન; તે સમસ્ત છે જ્ઞાનના પર્યાય, તે પર્યાયોને જ્ઞાનનું અસ્તિત્વ માને છે મિથ્યાદૃષ્ટિ જીવ. તેના પ્રતિ સમાધાન આમ છે કે જ્ઞેયની આકૃતિરૂપ પરિણમતા જેટલા જ્ઞાનના પર્યાય છે તેમના વડે જ્ઞાનનું અસ્તિત્વ નથી. એમ કહે છે—“पशुः नश्यति”(पशुः) એકાન્તવાદી (नश्यति) વસ્તુસ્વરૂપ સાધવાથી ભ્રષ્ટ છે. કેવો છે એકાન્તવાદી? “ज्ञेयालम्बनलालसेन मनसा बहिः भ्राम्यन्” ‘(ज्ञेय) સમસ્ત દ્રવ્યરૂપ (आलम्बन) જ્ઞેયના અવસરે જ્ઞાનની સત્તા’ એવા નિશ્ચયરૂપ (लालसेन) છે અભિપ્રાય જેનો, એવા (मनसा) મન વડે (बहिः भ्राम्यन्) સ્વરૂપથી બહાર ઊપજ્યો છે ભ્રમ જેને, એવો છે. વળી કેવો છે? “अर्थालम्बनकाले ज्ञानस्य सत्त्वं कलयन् एव” (अर्थ) જીવાદિ સમસ્ત જ્ઞેયવસ્તુને (आलम्बन) જાણતી (काले) વખતે જ (ज्ञानस्य) જ્ઞાનમાત્ર વસ્તુની (सत्त्वं) સત્તા છે (कलयन्) એવો અનુભવ કરે છે, (एव) એવો જ છે. તેના પ્રતિ સ્યાદ્વાદી વસ્તુની સિદ્ધિ કરે છે—“पुनः स्याद्वादवेदी तिष्ठति” (पुनः) એકાન્તવાદી જે પ્રમાણે માને છે તે પ્રમાણે નથી, સ્યાદ્વાદી જે પ્રમાણે માને છે તે પ્રમાણે છે. (स्याद्वादवेदी) સ્યાદ્વાદવેદી અર્થાત્ અનેકાન્તવાદી (तिष्ठति) વસ્તુસ્વરૂપ સાધવાને સમર્થ છે. કેવો છે સ્યાદ્વાદી? “अस्य परकालतः नास्तित्वं कलयन्” (अस्य) જ્ઞાનમાત્ર જીવવસ્તુનું (परकालतः) જ્ઞેયાવસ્થાના જાણપણાથી (नास्तित्वं) નાસ્તિપણું છે એવી (कलयन्) પ્રતીતિ કરે છે સ્યાદ્વાદી. વળી કેવો છે “आत्मनिखातनित्यसहज-ज्ञानैकपुञ्जीभवन्” (आत्म) જ્ઞાનમાત્ર જીવવસ્તુમાં (निखात) અનાદિથી એક વસ્તુરૂપ, (नित्य) અવિનશ્વર, (सहज) ઉપાય વિના દ્રવ્યના સ્વભાવરૂપ-એવી જે (ज्ञान) જાણપણારૂપ શક્તિ તે-રૂપ (एकपुञ्जीभवन्) હું જીવવસ્તુ છું, અવિનશ્વર જ્ઞાનસ્વરૂપ છું–એવો અનુભવ કરતો થકો.—આવો છે સ્યાદ્વાદી. ૧૧–૨૫૭.

(શાર્દૂલવિક્રીડિત)

विश्रान्तः परभावभावकलनान्नित्यं बहिर्वस्तुषु
नश्यत्येव पशुः स्वभावमहिमन्येकान्तनिश्चेतनः ।
सर्वस्मान्नियतस्वभावभवनज्ञानाद्विभक्तो भवन्
स्याद्वादी तु न नाशमेति सहजस्पष्टीकृतप्रत्ययः ।।१२-२५८।।

**ખંડાન્વય સહિત અર્થ :**—ભાવાર્થ આમ છે કે કોઈ એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ જીવ એવો છે કે જે વસ્તુને પર્યાયમાત્ર માને છે, દ્રવ્યરૂપ નથી માનતો; તેથી જેટલી-સમસ્ત-જ્ઞેયવસ્તુઓના જેટલા છે શક્તિરૂપ સ્વભાવ તેમને જાણે છે જ્ઞાન, જાણતું થકું તેમની આકૃતિરૂપે પરિણમે છે, તેથી જ્ઞેયની શક્તિની આકૃતિરૂપ છે જ્ઞાનના પર્યાય, તેમનાથી જ્ઞાનવસ્તુની સત્તા માને છે; તેમનાથી ભિન્ન છે પોતાની શક્તિની સત્તામાત્ર, તેને નથી માનતો;–એવો છે એકાન્તવાદી. તેના પ્રતિ સ્યાદ્વાદી સમાધાન કરે છે કે જ્ઞાનમાત્ર જીવવસ્તુ સમસ્ત જ્ઞેયશક્તિને જાણે છે એવું સહજ છે; પરંતુ પોતાની જ્ઞાનશક્તિથી અસ્તિરૂપ છે. એમ કહે છે—"पशुः नश्यति एव" (पशुः) એકાન્તવાદી (नश्यति) વસ્તુની સત્તાને સાધવાથી ભ્રષ્ટ છે, (एव) નિશ્ચયથી. કેવો છે એકાન્તવાદી? "बहिः वस्तुषु नित्यं विश्रान्तः" (बहिः वस्तुषु) સમસ્ત જ્ઞેયવસ્તુની અનેક શક્તિની આકૃતિરૂપે પરિણમ્યા છે જ્ઞાનના પર્યાય, તેમાં (नित्यं विश्रान्तः) સદા વિશ્રાન્ત છે અર્થાત્ પર્યાયમાત્રને જાણે છે જ્ઞાનવસ્તુ,–એવો છે નિશ્ચય જેનો, એવો છે. શા કારણથી એવો છે? "परभावभावकलनात्" (परभाव) જ્ઞેયની શક્તિની આકૃતિરૂપે છે જ્ઞાનનો પર્યાય, તેમાં (भावकलनात्) અવધાર્યું છે જ્ઞાનવસ્તુનું અસ્તિપણું,–એવા જૂઠા અભિપ્રાયના કારણથી. વળી કેવો છે એકાન્તવાદી? "स्वभावमहिमनि एकान्तनिश्चेतनः" (स्वभाव) જીવની જ્ઞાનમાત્ર નિજ શક્તિના (महिमनि) અનાદિનિધન શાશ્વત પ્રતાપમાં (एकान्तनिश्चेतनः) એકાન્ત નિશ્ચેતન છે અર્થાત્ તેનાથી સર્વથા શૂન્ય છે. ભાવાર્થ આમ છે કે સ્વરૂપસત્તાને નથી માનતો–એવો છે એકાન્તવાદી. તેના પ્રતિ સ્યાદ્વાદી સમાધાન કરે છે—"तु स्याद्वादी नाशम् न एति" (तु) એકાન્તવાદી માને છે તે પ્રમાણે નથી, સ્યાદ્વાદી માને છે તે પ્રમાણે છે. (स्याद्वादी) અનેકાન્તવાદી (नाशम्) વિનાશ (न एति) પામતો નથી. ભાવાર્થ આમ છે કે જ્ઞાનમાત્ર વસ્તુની સત્તાને સાધી શકે છે. કેવો છે અનેકાન્તવાદી જીવ? "सहजस्पष्टीकृतप्रत्ययः" (सहज) સ્વભાવશક્તિમાત્ર એવું જે અસ્તિત્વ તે સંબંધી (स्पष्टीकृत) દૃઢ કર્યો છે (प्रत्ययः) અનુભવ જેણે, એવો છે. વળી કેવો છે? "सर्वस्मात् नियतस्वभावभवनज्ञानात् विभक्तः भवन्" (सर्वस्मात्) જેટલા છે (नियतस्वभाव) પોતપોતાની શક્તિએ બિરાજમાન એવા જે જ્ઞેયરૂપ જીવાદિ પદાર્થો તેમની (भवन) સત્તાની આકૃતિરૂપે પરિણમ્યા છે એવા (ज्ञानात्) જીવના જ્ઞાનગુણના

પર્યાય, તેમનાથી (विभक्तः भवन्) ભિન્ન છે જ્ઞાનમાત્ર સત્તા—એવો અનુભવ કરતો થકો. ૧૨-૨૫૮.

(શાર્દૂલવિક્રીડિત)

**अध्यास्यात्मनि सर्वभावभवनं शुद्धस्वभावच्युतः**
**सर्वत्राप्यनिवारितो गतभयः स्वैरं पशुः क्रीडति ।**
**स्याद्वादी तु विशुद्ध एव लसति स्वस्य स्वभावं भरा-**
**दारूढः परभावभावविरहव्यालोकनिष्कम्पितः ।।१३-२५९।।**

**ખંડાન્વય સહિત અર્થ** :—ભાવાર્થ આમ છે કે કોઈ એકાન્તવાદી મિથ્યાદ્રષ્ટિ જીવ એવો છે કે જે વસ્તુને દ્રવ્યમાત્ર માને છે, પર્યાયરૂપ નથી માનતો; તેથી જેટલી છે જ્ઞેયવસ્તુ, તેમની અનંત છે શક્તિઓ, તેમને જાણે છે જ્ઞાન; જાણતું થકું જ્ઞેયની શક્તિની આકૃતિરૂપે પરિણમે છે, એવું દેખીને 'જેટલી જ્ઞેયની શક્તિ તેટલી જ્ઞાનવસ્તુ' એમ માને છે મિથ્યાદ્રષ્ટિ એકાન્તવાદી. તેના પ્રતિ આમ સમાધાન કરે છે સ્યાદ્વાદી કે—જ્ઞાનમાત્ર જીવવસ્તુનો એવો સ્વભાવ છે કે સમસ્ત જ્ઞેયની શક્તિને જાણે, જાણતી થકી તેની આકૃતિરૂપે પરિણમે છે, પરંતુ જ્ઞેયની શક્તિ જ્ઞેયમાં છે, જ્ઞાનવસ્તુમાં નથી; જ્ઞાનનો જાણવારૂપ પર્યાય છે, તેથી જ્ઞાનવસ્તુની સત્તા ભિન્ન છે. એમ કહે છે—"पशुः स्वैरं क्रीडति" (पशुः) મિથ્યાદ્રષ્ટિ એકાન્તવાદી (स्वैरं क्रीडति) હેય-ઉપાદેય જ્ઞાનથી રહિત થઈને સ્વેચ્છાચારરૂપ પ્રવર્તે છે. ભાવાર્થ આમ છે કે જ્ઞેયની શક્તિને જ્ઞાનથી ભિન્ન નથી માનતો, જેટલી જ્ઞેયની શક્તિ છે તેને જ્ઞાનમાં માનીને 'નાના શક્તિરૂપ જ્ઞાન છે, જ્ઞેય છે જ નહીં' એવી બુદ્ધિરૂપ પ્રવર્તે છે. કેવો છે એકાન્તવાદી? "शुद्धस्वभावच्युतः" (शुद्धस्वभाव) જ્ઞાનમાત્ર જીવવસ્તુથી (च्युतः) ચ્યુત છે અર્થાત્ તેને વિપરિતરૂપે અનુભવે છે. વિપરીતપણું કેમ છે? "सर्वभावभवनं आत्मनि अध्यास्य" (सर्व) જેટલી જીવાદિ પદાર્થરૂપ જ્ઞેયવસ્તુ તેમના (भाव) શક્તિરૂપ ગુણપર્યાય-અંશભેદ, તેમની (भवनं) સત્તાને (आत्मनि) જ્ઞાનમાત્ર જીવવસ્તુમાં (अध्यास्य) પ્રતીતિ કરીને. ભાવાર્થ આમ છે કે જ્ઞાનગોચર છે સમસ્ત દ્રવ્યની શક્તિ, તેમની આકૃતિરૂપે પરિણમ્યું છે જ્ઞાન, તેથી સર્વ શક્તિ જ્ઞાનની છે

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



એમ માને છે, જ્ઞેયની તથા જ્ઞાનની ભિન્ન સત્તા નથી માનતો. વળી કેવો છે? ''सर्वत्र अपि अनिवारितः गतभयः'' (सर्वत्र) સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, શબ્દ એવા ઇન્દ્રિયવિષય તથા મન-વચન-કાય તથા નાના પ્રકારની જ્ઞેયની શક્તિ, તેમનામાં (अपि) અવશ્ય (अनिवारितः) 'હું શરીર, હું મન, હું વચન, હું કાય, હું સ્પર્શ-રસ-ગંધ-વર્ણ-શબ્દ' ઇત્યાદિ પરભાવને પોતાના જાણીને પ્રવર્તે છે; (गतभयः) મિથ્યાદૃષ્ટિને કોઈ ભાવ પરભાવ નથી કે જેનાથી ડર હોય;–એવો છે એકાન્તવાદી. તેના પ્રતિ સમાધાન કરે છે સ્યાદ્વાદી—''तु स्याद्वादी विशुद्ध एव लसति'' (तु) જે પ્રમાણે મિથ્યાદૃષ્ટિ એકાન્તવાદી માને છે તે પ્રમાણે નથી, જે પ્રમાણે સ્યાદ્વાદી માને છે તે પ્રમાણે છે—(स्याद्वादी) સ્યાદ્વાદી અર્થાત્ અનેકાન્તવાદી જીવ (विशुद्धः एव लसति) મિથ્યાત્વથી રહિત થઈને પ્રવર્તે છે. કેવો છે સ્યાદ્વાદી? ''स्वस्य स्वभावं भरात् आरूढः'' (स्वस्य स्वभावं) જ્ઞાનવસ્તુની જાણપણામાત્ર શક્તિ, તેની (भरात् आरूढः) બહુ જ પ્રગાઢરૂપે પ્રતીતિ કરે છે. વળી કેવો છે? ''परभावभावविरहव्यालोकनिष्कम्पितः'' (परभाव) સમસ્ત જ્ઞેયની અનેક શક્તિની આકૃતિરૂપ પરિણમ્યું છે જ્ઞાન, એ રૂપે (भाव) માને છે જે જ્ઞાનવસ્તુનું અસ્તિત્વ, (विरह) એવી વિપરીત બુદ્ધિના ત્યાગથી થઈ છે (व्यालोक) સાચી દૃષ્ટિ, તેનાથી થયો છે (निष्कम्पितः) સાક્ષાત્ અમિટ (–અટળ) અનુભવ જેને, એવો છે સ્યાદ્વાદી. ૧૩–૨૫૯.

(શાર્દૂલવિક્રીડિત)

प्रादुर्भावविराममुद्रितवहज्ज्ञानांशनानात्मना
निर्ज्ञानात्क्षणभङ्गसङ्गपतितः प्रायः पशुर्नश्यति ।
स्याद्वादी तु चिदात्मना परिमृशंश्चिद्वस्तु नित्योदितं
टङ्कोत्कीर्णघनस्वभावमहिमज्ञानं भवन् जीवति ॥१४-२६०॥

**ખંડાન્વય સહિત અર્થ** :—ભાવાર્થ આમ છે કે કોઈ એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ એવો છે કે જે વસ્તુને પર્યાયમાત્ર માને છે, દ્રવ્યરૂપ નથી માનતો; તેથી અખંડ ધારાપ્રવાહરૂપ પરિણમે છે જ્ઞાન, તેનો થાય છે પ્રતિસમય ઉત્પાદ-વ્યય, તેથી પર્યાય વિનશતાં જીવદ્રવ્યનો વિનાશ માને છે. તેના પ્રતિ સ્યાદ્વાદી આમ સમાધાન

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

કરે છે કે પર્યાયરૂપે જોતાં જીવવસ્તુ ઊપજે છે, વિનશે છે; દ્રવ્યરૂપે જોતાં જીવ સદા શાશ્વત છે. તે કહે છે—"पशुः नश्यति" (पशुः) એકાન્તવાદી જીવ (नश्यति) શુદ્ધ જીવવસ્તુને સાધવાથી ભ્રષ્ટ છે. કેવો છે એકાન્તવાદી? "प्रायः क्षणभङ्गसङ्गपतितः" (प्रायः) એકાન્તપણે (क्षणभङ्ग) પ્રતિસમય થતા પર્યાયના વિનાશથી (संङ्गपतितः) તે પર્યાયની સાથે સાથે વસ્તુનો વિનાશ માને છે. શા કારણથી? "प्रादुर्भावविराममुद्रित-वहज्ज्ञानांशनानात्मना निर्ज्ञानात्" (प्रादुर्भाव) ઉત્પાદ-(विराम) વિનાશથી (मुद्रित) સંયુક્ત (वहत्) પ્રવાહરૂપ જે (ज्ञानांश) જ્ઞાનગુણના અવિભાગપ્રતિચ્છેદ તેમના કારણે થતા (नानात्मना) અનેક અવસ્થાભેદના (निर्ज्ञानात्) જાણપણાના કારણે;—એવો છે એકાન્તવાદી. તેના પ્રતિ સ્યાદ્વાદી પ્રતિબોધે છે—"तु स्याद्वादी जीवति" (तु) જેમ એકાન્તવાદી કહે છે તેવું એકાન્તપણું નથી. (स्याद्वादी) સ્યાદ્વાદી અર્થાત્ અનેકાન્તવાદી (जीवति) વસ્તુને સાધવા સમર્થ છે. કેવો છે સ્યાદ્વાદી? "चिद्वस्तु नित्योदितं परिमृशन्" (चिद्वस्तु) જ્ઞાનમાત્ર જીવવસ્તુને (नित्योदितं) સર્વકાળ શાશ્વત એવી, (परिमृशन्) પ્રત્યક્ષપણે આસ્વાદરૂપ અનુભવતો થકો. કેવા રૂપે? "चिदात्मना" જ્ઞાનસ્વરૂપ છે જીવવસ્તુ તે-રૂપે. વળી કેવો છે સ્યાદ્વાદી "टङ्कोत्कीर्णघनस्वभावमहिमज्ञानं भवन्" (टङ्कोत्कीर्ण) સર્વ કાળ એકરૂપ એવા (घनस्वभाव) અમિટ (-અટળ) લક્ષણ વડે છે (महिम) પ્રસિદ્ધિ જેની, એવી (ज्ञानं) જીવવસ્તુને (भवन्) પોતે અનુભવતો થકો. ૧૪-૨૬૦.

(શાર્દૂલવિક્રીડિત)

**टङ्कोत्कीर्णविशुद्धबोधविसराकारात्मतत्त्वाशया**
**वाञ्छत्युच्छलदच्छचित्परिणतेर्भिन्नं पशुः किञ्चन ।**
**ज्ञानं नित्यमनित्यतापरिगमेऽप्यासादयत्युज्ज्वलं**
**स्याद्वादी तदनित्यतां परिमृशंश्चिद्वस्तुवृत्तिक्रमात् ॥१५-२६१॥**

ખંડાન્વય સહિત અર્થ :—ભાવાર્થ આમ છે કે કોઈ મિથ્યાદૃષ્ટિ એકાન્તવાદી એવો છે કે જે વસ્તુને દ્રવ્યરૂપ માને છે, પર્યાયરૂપ નથી માનતો; તેથી સમસ્ત જ્ઞેયને જાણતું થકું જ્ઞેયાકાર પરિણમે છે જ્ઞાન, તેને અશુદ્ધપણું માને છે એકાન્તવાદી, જ્ઞાનને પર્યાયપણું માનતો નથી. તેનું સમાધાન સ્યાદ્વાદી કરે છે કે

જ્ઞાનવસ્તુ દ્રવ્યરૂપે જોતાં નિત્ય છે, પર્યાયરૂપે જોતાં અનિત્ય છે, તેથી સમસ્ત જ્ઞેયને જાણે છે જ્ઞાન, જાણતાં જ્ઞેયની આકૃતિરૂપે જ્ઞાનનો પર્યાય પરિણમે છે—એવો જ્ઞાનનો સ્વભાવ છે, અશુદ્ધપણું નથી. એમ કહે છે—''पशुः उच्छलदच्छचित्परिणतेः भिन्नं किञ्चन वाञ्छति'' (पशुः) એકાન્તવાદી, (उच्छलत्) જ્ઞેયનો જ્ઞાતા થઈને પર્યાયરૂપે પરિણમે છે ઉત્પાદરૂપ તથા વ્યયરૂપ એવો (अच्छ) અશુદ્ધપણાથી રહિત એવો જે (चित्परिणतेः) જ્ઞાનગુણનો પર્યાય તેનાથી (भिन्नं) ભિન્ન અર્થાત્ જ્ઞેયને જાણવારૂપ પરિણતિ વિના વસ્તુમાત્ર કૂટસ્થ થઈને રહે એવું (किञ्चन वाञ्छति) કંઈક વિપરીતપણું માને છે. એકાન્તવાદી જ્ઞાનને આવું કરવા ચાહે છે—''टङ्कोत्कीर्णविशुद्धबोधविसराकारात्मतत्त्वाशया'' (टङ्कोत्कीर्ण) સર્વ કાળ એકસરખી, (विशुद्ध) સમસ્ત વિકલ્પથી રહિત (बोध) જ્ઞાનવસ્તુના (विसराकार) પ્રવાહરૂપ (आत्मतत्त्व) જીવવસ્તુ હો (आशया) એમ કરવાની અભિલાષા કરે છે. તેનું સમાધાન કરે છે સ્યાદ્વાદી—''स्याद्वादी ज्ञानं नित्यं उज्ज्वलं आसादयति'' (स्याद्वादी) સ્યાદ્વાદી અર્થાત્ અનેકાન્તવાદી (ज्ञानं) જ્ઞાનમાત્ર જીવવસ્તુને (नित्यं) સર્વ કાળ એકસરખી, (उज्ज्वलं) સમસ્ત વિકલ્પથી રહિત (आसादयति) સ્વાદરૂપ અનુભવે છે; ''अनित्यतापरिगमे अपि'' જોકે તેમાં પર્યાય દ્વારા અનિત્યપણું ઘટે છે. કેવો છે સ્યાદ્વાદી? ''तत् चिद्वस्तु अनित्यतां परिमृशन्'' (तत्) પૂર્વોક્ત (चिद्वस्तु) જ્ઞાનમાત્ર જીવદ્રવ્યને (अनित्यतां परिमृशन्) વિનશ્વરરૂપ અનુભવતો થકો. શા કારણથી? ''वृत्तिक्रमात्'' (वृत्ति) પર્યાયના (क्रमात्) ક્રમના કારણે અર્થાત્ 'કોઈ પર્યાય થાય છે, કોઈ પર્યાય વિનશે છે' એવા ભાવના કારણે. ભાવાર્થ આમ છે કે પર્યાય દ્વારા જીવવસ્તુ અનિત્ય છે એમ અનુભવે છે સ્યાદ્વાદી. ૧૫-૨૬૧.

(અનુષ્ટુપ)

**इत्यज्ञानविमूढानां ज्ञानमात्रं प्रसाधयन् ।**
**आत्मतत्त्वमनेकान्तः स्वयमेवानुभूयते ॥१६-२६२॥**

**ખંડાન્વય સહિત અર્થ** :—''इति अनेकान्तः स्वयम् अनुभूयते एव'' (इति) પૂર્વોક્ત પ્રકારે (अनेकान्तः) સ્યાદ્વાદ (स्वयम्) પોતાના પ્રતાપથી બલાત્કારે જ (अनुभूयते) અંગીકારરૂપ થાય છે, (एव) અવશ્ય. કોને અંગીકાર થાય છે? ''अज्ञानविमूढानां''

(अज्ञान) પૂર્વોક્ત એકાન્તવાદમાં (विमूढानां) મગ્ન થયા છે જે મિથ્યાદ્રષ્ટિ જીવો તેમને. ભાવાર્થ આમ છે કે સ્યાદ્વાદ એવો પ્રમાણભૂત છે કે જેને સાંભળતાં માત્ર જ એકાન્તવાદી પણ અંગીકાર કરે છે. કેવો છે સ્યાદ્વાદ? ''आत्मतत्त्वम् ज्ञानमात्रं प्रसाधयन्'' (आत्मतत्त्वम्) જીવદ્રવ્યને (ज्ञानमात्रं) ચેતના-સર્વસ્વ (प्रसाधयन्) એમ પ્રમાણ કરતો થકો. ભાવાર્થ આમ છે કે જ્ઞાનમાત્ર જીવવસ્તુ છે એમ સ્યાદ્વાદ સાધી શકે છે, એકાન્તવાદી સાધી શકતો નથી. ૧૬-૨૬૨.

(અનુષ્ટુપ)

**एवं तत्त्वव्यवस्थित्या स्वं व्यवस्थापयन् स्वयम् ।**
**अलंघ्यशासनं जैनमनेकान्तो व्यवस्थितः ।।१७-२६३।।**

**ખંડાન્વય સહિત અર્થઃ**—''एवं अनेकान्तः व्यवस्थितः'' (एवं) આટલું કહેવાથી (अनेकान्तः) અનેકાન્તને અર્થાત્ સ્યાદ્વાદને (व्यवस्थितः) કહેવાનું આરંભ્યું હતું તે પૂર્ણ થયું. કેવો છે અનેકાન્ત? ''स्वं स्वयम् व्यवस्थापयन्'' (स्वं) અનેકાન્તપણાને (स्वयम्) અનેકાન્તપણા વડે (व्यवस्थापयन्) બળજોરીથી પ્રમાણ કરતો થકો. શાના સહિત? ''तत्त्वव्यवस्थित्या'' જીવના સ્વરૂપને સાધવા સહિત. કેવો છે અનેકાન્ત? ''जैनम्'' સર્વજ્ઞવીતરાગપ્રણીત છે. વળી કેવો છે? ''अलंघ्यशासनं'' અમિટ (–અટળ) છે ઉપદેશ જેનો, એવો છે. ૧૭–૨૬૩.

# –૧૨–

# સાધ્ય-સાધક અધિકાર

(વસન્તતિલકા)

इत्याद्यनेकनिजशक्तिसुनिर्भरोऽपि
यो ज्ञानमात्रमयतां न जहाति भावः ।
एवं क्रमाक्रमविवर्तिविवर्तचित्रं
तद्द्रव्यपर्ययमयं चिदिहास्ति वस्तु ॥१-२६४॥

**ખંડાન્વય સહિત અર્થ :—** "इह तत् चिद् वस्तु द्रव्यपर्ययमयं अस्ति" (इह) વિદ્યમાન (तत्) પૂર્વોક્ત (चिद् वस्तु) જ્ઞાનમાત્ર જીવદ્રવ્ય (द्रव्यपर्ययमयं अस्ति) દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ છે. ભાવાર્થ આમ છે કે જીવદ્રવ્યનું દ્રવ્યપણું કહ્યું. કેવું છે જીવદ્રવ્ય? "एवं क्रमाक्रमविवर्तिविवर्तचित्रं" (एवं) પૂર્વોક્ત પ્રકારે (क्रम) પહેલો વિનશે તો આગળનો ઊપજે અને (अक्रम) વિશેષણરૂપ છે પરન્તુ ન ઊપજે, ન વિનશે,–એ રૂપે છે (विवर्ति) અંશરૂપ ભેદપદ્ધતિ તેનાથી (विवर्त) પ્રવર્તી રહ્યો છે (चित्रं) પરમ અચંબો જેમાં, એવું છે. ભાવાર્થ આમ છે કે ક્રમવર્તી પર્યાય, અક્રમવર્તી ગુણ;–એ રીતે ગુણ-પર્યાયમય છે જીવવસ્તુ. વળી કેવું છે તે અર્થાત્ કેવી છે જીવવસ્તુ? "यः भावः इत्याद्यनेकनिजशक्तिसुनिर्भरः अपि ज्ञानमात्रमयतां न जहाति" (यः भावः) જ્ઞાનમાત્ર જીવવસ્તુ (इत्यादि) દ્રવ્ય-ગુણ-પર્યાય ઇત્યાદિથી માંડીને (अनेकनिजशक्ति) અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ, અગુરુલઘુત્વ, સૂક્ષ્મત્વ, કર્તૃત્વ, ભોક્તૃત્વ, સપ્રદેશત્વ, અમૂર્તત્વ–એવું છે અનંત ગણનારૂપ દ્રવ્યનું સામર્થ્ય તેના વડે (सुनिर्भरः) સર્વ કાળ ભરિતાવસ્થ છે; (अपि) એવી છે તોપણ (ज्ञानमात्रमयतां न जहाति) જ્ઞાનમાત્ર ભાવને ત્યાગતી નથી. ભાવાર્થ આમ છે કે જે ગુણ છે અથવા પર્યાય છે તે સર્વ ચેતનારૂપ છે, તેથી ચેતનામાત્ર જીવવસ્તુ છે, પ્રમાણ છે. ભાવાર્થ આમ છે કે પૂર્વે

હૂંડી લખી હતી કે ઉપાય તથા ઉપેય કહીશું; ઉપાય એટલે જીવવસ્તુની પ્રાપ્તિનું સાધન, ઉપેય એટલે સાધ્યવસ્તુ; તેમાં પ્રથમ જ સાધ્યરૂપ વસ્તુનું સ્વરૂપ કહ્યું, સાધન કહે છે. ૧-૨૬૪.

(વસન્તતિલકા)

**नैकान्तसंगतदृशा स्वयमेव वस्तु-**
**तत्त्वव्यवस्थितिमिति प्रविलोकयन्तः ।**
**स्याद्वादशुद्धिमधिकामधिगम्य सन्तो**
**ज्ञानीभवन्ति जिननीतिमलंघयन्तः ॥२-२६५॥**

**ખંડાન્વય સહિત અર્થ :**—"सन्तः इति ज्ञानीभवन्ति" (सन्तः) સંતો અર્થાત્ સમ્યગ્દૃષ્ટિ જીવો (इति) આ રીતે (ज्ञानीभवन्ति)—અનાદિ કાળથી કર્મબંધ સંયુક્ત હતા—સામ્પ્રત (હવે) સકળ કર્મોનો વિનાશ કરીને મોક્ષપદને પ્રાપ્ત થાય છે. કેવા છે સન્તો? "जिननीतिमलंघयन्तः" (जिन) કેવળીનો (नीतिम्) કહેલો જે માર્ગ (अलंघयन्तः) તે જ માર્ગ પર ચાલે છે, તે માર્ગને ઉલ્લંઘીને અન્ય માર્ગ પર ચાલતા નથી. શું કરીને? "अधिकाम् स्याद्वादशुद्धिम् अधिगम्य" (अधिकाम्) પ્રમાણ છે એવો જે (स्याद्वादशुद्धिम्) અનેકાન્તરૂપ વસ્તુનો ઉપદેશ, તેનાથી થયું છે જ્ઞાનનું નિર્મળપણું, તેની (अधिगम्य) સહાયતા પામીને. કેવા છે સન્તો? "वस्तुतत्त्वव्यवस्थितिम् स्वयम् एव प्रविलोकयन्तः" (वस्तु) જીવદ્રવ્યનું (तत्त्व) જેવું છે સ્વરૂપ, તેનાં (व्यवस्थितिम्) દ્રવ્યરૂપ તથા પર્યાયરૂપને (स्वयम् एव प्रविलोकयन्तः) સાક્ષાત્ પ્રત્યક્ષપણે દેખે છે. કેવા નેત્ર વડે દેખે છે? "नैकान्तसङ्गतदृशा" (नैकान्त) સ્યાદ્વાદ સાથે (सङ्गत) મળેલા (दृशा) લોચન વડે. ૨-૨૬૫.

(વસન્તતિલકા)

**ये ज्ञानमात्रनिजभावमयीमकम्पां**
**भूमिं श्रयन्ति कथमप्यपनीतमोहाः ।**
**ते साधकत्वमधिगम्य भवन्ति सिद्धा**
**मूढास्त्वमूमनुपलभ्य परिभ्रमन्ति ॥३-२६६॥**

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



**ખંડાન્વય સહિત અર્થ :**—"ते सिद्धाः भवन्ति" (ते) એવા છે જે જીવો તે (सिद्धाः भवन्ति) સકળ કર્મકલંકથી રહિત મોક્ષપદને પામે છે. કેવા થઈને "साधकत्वम् अधिगम्य" શુદ્ધ જીવના અનુભવગર્ભિત છે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ કારણ-રત્નત્રય, તે-રૂપ પરિણમ્યો છે આત્મા, એવા થઈને. વળી કેવા છે તે? "ये ज्ञानमात्रनिजभावमयीम् भूमिं श्रयन्ति" (ये) જે કોઈ (ज्ञानमात्र) ચેતના છે સર્વસ્વ જેનું એવો (निजभाव) જીવદ્રવ્યનો અનુભવ (मयीम्) તે-મય અર્થાત્ જેમાં કોઈ વિકલ્પ નથી એવી (भूमिं) મોક્ષના કારણભૂત અવસ્થાને (श्रयन्ति) પ્રાપ્ત થાય છે—એકાગ્રપણે તે ભૂમિરૂપ પરિણમે છે. કેવી છે ભૂમિ? "अकम्पां" નિર્દ્વન્દ્વરૂપ સુખગર્ભિત છે. કેવા છે તે જીવો? "कथमपि अपनीतमोहाः" (कथम् अपि) અનંત કાળ ભમતાં કાળલબ્ધિ પામીને (अपनीत) મટ્યો છે (मोहाः) મિથ્યાત્વરૂપ વિભાવપરિણામ જેમનો, એવા છે. ભાવાર્થ આમ છે કે આવા જીવો મોક્ષના સાધક થાય છે. "तु मूढाः अमूम् अनुपलभ्य परिभ्रमन्ति" (तु) કહેલા અર્થને દ્રઢ કરે છે—(मूढाः) જીવવસ્તુનો અનુભવ જેમને નથી એવા જે કોઈ મિથ્યાદ્રષ્ટિ જીવો છે તે (अमूम्) શુદ્ધ જીવસ્વરૂપના અનુભવરૂપ અવસ્થાને (अनुपलभ्य) પામ્યા વિના (परिभ्रमन्ति) ચતુર્ગતિસંસારમાં ભટકે છે. ભાવાર્થ આમ છે કે શુદ્ધ જીવસ્વરૂપનો અનુભવ મોક્ષનો માર્ગ છે, બીજો માર્ગ નથી. ૩-૨૬૬.

(વસન્તતિલકા)

स्याद्वादकौशलसुनिश्चलसंयमाभ्यां
यो भावयत्यहरहः स्वमिहोपयुक्तः ।
ज्ञानक्रियानयपरस्परतीव्रमैत्री-
पात्रीकृतः श्रयति भूमिमिमां स एकः ॥४-२६७॥

**ખંડાન્વય સહિત અર્થ :**—આવી અનુભવ ભૂમિકાને કેવો જીવ યોગ્ય છે તે કહે છે—"सः एकः इमां भूमिम् श्रयति" (सः) આવો (एकः) આ જ એક જાતિનો જીવ (इमां भूमिम्) પ્રત્યક્ષ શુદ્ધ સ્વરૂપના અનુભવરૂપ અવસ્થાના (श्रयति) અવલંબનને યોગ્ય છે અર્થાત્ એવી અવસ્થારૂપ પરિણમવાનો પાત્ર છે. કેવો છે તે જીવ? "यः

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

स्वम् अहरहः भावयति'' (यः) જે કોઈ સમ્યગ્દૃષ્ટિ જીવ (स्वम्) જીવના શુદ્ધ સ્વરૂપને (अहरहः भावयति) નિરંતર અખંડ ધારાપ્રવાહરૂપ અનુભવે છે. શાનાથી અનુભવે છે? ''स्याद्वादकौशलसुनिश्चलसंयमाभ्यां'' (स्याद्वाद) દ્રવ્યરૂપ તથા પર્યાયરૂપ વસ્તુના અનુભવનું (कौशल) કૌશલ્ય અર્થાત્ વિપરીતપણાથી રહિત—વસ્તુ જે પ્રમાણે છે તે પ્રમાણે—અંગીકાર, તથા (सुनिश्चलसंयमाभ्यां) સમસ્ત રાગાદિ અશુદ્ધ પરિણતિનો ત્યાગ,–એ બંનેની સહાયતાથી. વળી કેવો છે? ''इह उपयुक्तः'' (इह) પોતાના શુદ્ધ સ્વરૂપના અનુભવમાં (उपयुक्तः) સર્વ કાળ એકાગ્રપણે તલ્લીન છે. વળી કેવો છે? ''ज्ञानक्रियानयपरस्परतीव्रमैत्रीपात्रीकृतः'' (ज्ञाननय) શુદ્ધ જીવના સ્વરૂપનો અનુભવ મોક્ષમાર્ગ છે, શુદ્ધ સ્વરૂપના અનુભવ વિના જે કોઈ ક્રિયા છે તે સર્વ મોક્ષમાર્ગથી શૂન્ય છે, (क्रियानय) રાગાદિ અશુદ્ધ પરિણામનો ત્યાગ પ્રાપ્ત થયા વિના જે કોઈ શુદ્ધ સ્વરૂપનો અનુભવ કહે છે તે સમસ્ત જૂઠો છે, અનુભવ નથી, કોઈ એવો જ અનુભવનો ભ્રમ છે, કારણ કે શુદ્ધ સ્વરૂપનો અનુભવ અશુદ્ધ રાગાદિ પરિણામને મટાડીને થાય છે;—આવા છે જે જ્ઞાનનય તથા ક્રિયાનય, તેમનું છે જે (परस्परतीव्रमैत्री) પરસ્પર અત્યંત મિત્રપણું—શુદ્ધ સ્વરૂપનો અનુભવ છે તે રાગાદિ અશુદ્ધ પરિણતિને મટાડીને છે, રાગાદિ અશુદ્ધ પરિણતિનો વિનાશ શુદ્ધ સ્વરૂપના અનુભવ સહિત છે, એવું અત્યંત મિત્રપણું—તેનો (पात्रीकृतः) પાત્ર થયો છે અર્થાત્ જ્ઞાનનયક્રિયાનયનું એક સ્થાનક છે. ભાવાર્થ આમ છે કે બંને નયોના અર્થ સહિત બિરાજમાન છે. ૪-૨૬૭.

(વસંતતિલકા)

चित्पिण्डचण्डिमविलासिविकासहासः
शुद्धप्रकाशभरनिर्भरसुप्रभातः ।
आनन्दसुस्थितसदास्खलितैकरूप-
स्तस्यैव चायमुदयत्यचलार्चिरात्मा ।।५-२६८।।

**ખંડાન્વય સહિત અર્થ** :—''तस्य एव आत्मा उदयति'' (तस्य) પૂર્વોક્ત જીવને (एव) અવશ્ય (आत्मा) જીવપદાર્થ (उदयति) સકળ કર્મનો વિનાશ કરીને પ્રગટ થાય છે, અનંતચતુષ્ટયરૂપ થાય છે. વળી કેવો પ્રગટ થાય છે? ''अचलार्चिः'' સર્વ કાળ

એકરૂપ છે કેવળજ્ઞાન-કેવળદર્શન તેજપુંજ જેનો એવો છે. વળી કેવો છે? ''चित्पिण्डचण्डिमविलासिविकासहासः'' (चित्पिण्ड) જ્ઞાનપુંજના (चण्डिम) પ્રતાપની (विलासि) એકરૂપ પરિણતિ એવું જે (विकास) પ્રકાશસ્વરૂપ તેનું (हासः) નિધાન છે. વળી કેવો છે? ''शुद्धप्रकाशभरनिर्भरसुप्रभातः'' (शुद्धप्रकाश) રાગાદિ અશુદ્ધ પરિણતિ મટાડીને થયેલો જે શુદ્ધત્વરૂપ પરિણામ તેની (भर) વારંવાર જે શુદ્ધત્વરૂપ પરિણતિ, તેનાથી (निर्भर) થયો છે (सुप्रभातः) સાક્ષાત્ ઉદ્યોત જેમાં, એવો છે. ભાવાર્થ આમ છે કે જેમ રાત્રિસંબંધી અંધકાર મટતાં દિવસ ઉદ્યોતસ્વરૂપ પ્રગટ થાય છે, તેમ મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ અશુદ્ધ પરિણતિ મટાડીને શુદ્ધત્વપરિણામે બિરાજમાન જીવદ્રવ્ય પ્રગટ થાય છે. વળી કેવો છે? ''आनन्दसुस्थितसदास्खलितैकरूपः'' (आनन्द) દ્રવ્યના પરિણામરૂપ અતીન્દ્રિય સુખના કારણે (सुस्थित) જે આકુળતાથી રહિતપણું, તેનાથી (सदा) સર્વ કાળ (अस्खलित) અમિટ (-અટળ) છે (एकरूपः) તદ્રૂપ સર્વસ્વ જેનું, એવો છે. ૫-૨૬૮.

(વસંતતિલકા)

**स्याद्वाददीपितलसन्महसि प्रकाशे**
**शुद्धस्वभावमहिमन्युदिते मयीति ।**
**किं बन्धमोक्षपथपातिभिरन्यभावै-**
**र्नित्योदयः परमयं स्फुरतु स्वभावः ।।६-२६९।।**

**ખંડાન્વય સહિત અર્થ :**—''अयं स्वभावः परम् स्फुरतु'' (अयं स्वभावः) વિદ્યમાન છે જે જીવપદાર્થ (परम् स्फुरतु) તે જ એક અનુભવરૂપ પ્રગટ હો. કેવો છે? ''नित्योदयः'' સર્વ કાળ એકરૂપ પ્રગટ છે. વળી કેવો છે? ''इति मयि उदिते अन्यभावैः किम्'' (इति) પૂર્વોક્ત વિધિથી (मयि उदिते) હું 'શુદ્ધ જીવસ્વરૂપ છું' એવા અનુભવરૂપ પ્રત્યક્ષ થતાં (अन्यभावैः) અન્ય ભાવોથી અર્થાત્ અનેક છે જે વિકલ્પો તેમનાથી (किम्) શું પ્રયોજન છે? કેવા છે અન્ય ભાવ? ''बन्धमोक्षपथपातिभिः'' (बन्धपथ) મોહ-રાગ-દ્વેષ બંધનું કારણ છે, (मोक्षपथ) સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ છે,—એવા જે પક્ષ તેમાં (पातिभिः) પડનારા છે અર્થાત્ પોતપોતાના પક્ષને કહે છે,

એવા છે અનેક વિકલ્પરૂપ. ભાવાર્થ આમ છે કે એવા વિકલ્પો જેટલા કાળ સુધી હોય છે તેટલા કાળ સુધી શુદ્ધ સ્વરૂપનો અનુભવ હોતો નથી; શુદ્ધ સ્વરૂપનો અનુભવ થતાં એવા વિકલ્પો વિદ્યમાન જ નથી હોતા, વિચાર કોનો કરવામાં આવે? કેવો છું હું? ''स्याद्वाददीपितलसन्महसि'' (स्याद्वाद) દ્રવ્યરૂપે તથા પર્યાયરૂપે (दीपित) પ્રગટ થયું છે (लसत्) પ્રત્યક્ષ (महसि) જ્ઞાનમાત્ર સ્વરૂપ જેનું. વળી કેવો છું? ''प्रकाशे'' સર્વ કાળ ઉદ્યોતસ્વરૂપ છું. વળી કેવો છું? ''शुद्धस्वभावमहिमनि'' (शुद्धस्वभाव) શુદ્ધપણાના કારણે (महिमनि) પ્રગટપણું છે જેનું. ૬-૨૬૯.

(વસંતતિલકા)

**चित्रात्मशक्तिसमुदायमयोऽयमात्मा**
**सद्यः प्रणश्यति नयेक्षणखण्ड्यमानः ।**
**तस्मादखण्डमनिराकृतखण्डमेक-**
**मेकान्तशान्तमचलं चिदहं महोऽस्मि ।।७-२७०।।**

**ખંડાન્વય સહિત અર્થ** :—''तस्मात् अहं चित् महः अस्मि'' (तस्मात्) તે કારણથી (अहं) હું (चित् महः अस्मि) જ્ઞાનમાત્ર પ્રકાશપુંજ છું; વળી કેવો છું? ''अखण्डम्'' અખંડિતપ્રદેશ છું; વળી કેવો છું? ''अनिराकृतखंडम्'' કોઈના કારણે અખંડ નથી થયો, સહજ જ અખંડરૂપ છું; વળી કેવો છું? ''एकम्'' સમસ્ત વિકલ્પોથી રહિત છું; વળી કેવો છું? ''एकान्तशान्तम्'' (एकान्त) સર્વથા પ્રકારે (शान्तम्) સમસ્ત પરદ્રવ્યોથી રહિત છું; વળી કેવો છું? ''अचलं'' પોતાના સ્વરૂપથી સર્વ કાળે અન્યથા નથી;–આવો ચૈતન્યસ્વરૂપ હું છું; કારણ કે ''अयम् आत्मा नयेक्षणखण्ड्यमानः सद्यः प्रणश्यति'' (अयम् आत्मा) આ જીવવસ્તુ (नय) દ્રવ્યાર્થિક તથા પર્યાયાર્થિક એવા અનેક વિકલ્પરૂપ (ईक्षण) અનેક લોચન તેમના દ્વારા (खण्ड्यमानः) અનેકરૂપ જોવામાં આવતી થકી (सद्यः प्रणश्यति) ખંડખંડરૂપ થઈને મૂળથી શોધી જડતી નથી—નાશ પામે છે. આટલા નયો એકમાં કઈ રીતે ઘટે છે? ઉત્તર આમ છે : કેમ કે આવું છે જીવદ્રવ્ય—''चित्रात्मशक्तिसमुदायमयः'' (चित्र) અનેક પ્રકારે—અસ્તિપણું, નાસ્તિપણું, એકપણું, અનેકપણું, ધ્રુવપણું, અધ્રુવપણું ઈત્યાદિ અનેક છે

એવા—જે (आत्मशक्ति) જીવદ્રવ્યના ગુણો તેમનું જે (समुदाय) દ્રવ્યથી અભિન્નપણું (मयः) તે-મય અર્થાત્ એવું છે જીવદ્રવ્ય; તેથી એક શક્તિને કહે છે એક નય, પરંતુ અનંત શક્તિઓ છે તેથી એક એક નય કરતાં અનંત નય થાય છે. એ પ્રમાણે કરતાં ઘણા વિકલ્પો ઊપજે છે, જીવનો અનુભવ ખોવાઈ જાય છે. તેથી નિર્વિકલ્પ જ્ઞાનવસ્તુમાત્ર અનુભવ કરવાયોગ્ય છે. ૭-૨૭૦.

**न द्रव्येण खण्डयामि, न क्षेत्रेण खण्डयामि, न कालेन खण्डयामि, न भावेन खण्डयामि; सुविशुद्ध एको ज्ञानमात्रभावोऽस्मि ।★**

**ખંડાન્વય સહિત અર્થ :**—"भावः अस्मि" હું વસ્તુસ્વરૂપ છું. વળી કેવો છું? "ज्ञानमात्र" ચેતનામાત્ર છે સર્વસ્વ જેનું એવો છું. "एकः" સમસ્ત ભેદ-વિકલ્પોથી રહિત છું. વળી કેવો છું? "सुविशुद्धः" દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મરૂપ ઉપાધિથી રહિત છું. વળી કેવો છું? "द्रव्येण न खण्डयामि" જીવ સ્વદ્રવ્યરૂપ છે એમ અનુભવતાં પણ હું અખંડિત છું; "क्षेत्रेण न खण्डयामि" જીવ સ્વક્ષેત્રરૂપ છે એમ અનુભવતાં પણ હું અખંડિત છું; "कालेन न खण्डयामि" જીવ સ્વકાળરૂપ છે એમ અનુભવતાં પણ હું અખંડિત છું; "भावेन न खण्डयामि" જીવ સ્વભાવરૂપ છે એમ અનુભવતાં પણ હું અખંડિત છું. ભાવાર્થ આમ છે કે—એક જીવવસ્તુ સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ, સ્વભાવરૂપ ચાર પ્રકારના ભેદો દ્વારા કહેવાય છે તોપણ ચાર સત્તા નથી, એક સત્તા છે. તેનું દ્રષ્ટાન્ત—જેમ એક આમ્રફળ ચાર પ્રકારે છે એમ તો ચાર સત્તા નથી. તેનું વિવરણ—કોઈ અંશ રસ છે, કોઈ અંશ છોતરું છે, કોઈ અંશ ગોટલી છે, કોઈ અંશ મીઠાશ છે; તેમ એક જીવવસ્તુ (વિષે) કોઈ અંશ જીવદ્રવ્ય છે, કોઈ અંશ જીવક્ષેત્ર છે, કોઈ અંશ જીવકાળ છે, કોઈ અંશ જીવભાવ છે,–એ પ્રમાણે તો નથી, એવું માનતાં સર્વ વિપરીત થાય છે. તેથી આ પ્રમાણે છે કે જેમ એક આમ્રફળ સ્પર્શ-રસ-ગંધ-વર્ણે બિરાજમાન પુદ્ગલનો પિંડ છે, તેથી સ્પર્શમાત્રથી વિચારતાં સ્પર્શમાત્ર છે, રસમાત્રથી વિચારતાં રસમાત્ર છે, ગંધમાત્રથી વિચારતાં ગંધમાત્ર છે,

★ શ્રી સમયસારની આત્મખ્યાતિ ટીકામાં આ ભાગ કળશરૂપ પદ્ય નથી, પરંતુ ગદ્ય છે; તેથી તેને કળશ તરીકે ક્રમાંક આપવામાં આવ્યો નથી.

વર્ણમાત્રથી વિચારતાં વર્ણમાત્ર છે; તેમ એક જીવવસ્તુ સ્વદ્રવ્ય-સ્વક્ષેત્ર-સ્વકાળ-સ્વભાવે બિરાજમાન છે, તેથી સ્વદ્રવ્યરૂપે વિચારતાં સ્વદ્રવ્યમાત્ર છે, સ્વક્ષેત્રરૂપે વિચારતાં સ્વક્ષેત્રમાત્ર છે, સ્વકાળરૂપે વિચારતાં સ્વકાળમાત્ર છે. સ્વભાવરૂપે વિચારતાં સ્વભાવમાત્ર છે. તેથી એમ કહ્યું કે જે વસ્તુ છે તે 'અખંડિત' છે. 'અખંડિત' શબ્દનો આવો અર્થ છે.

(શાલિની)

**योऽयं भावो ज्ञानमात्रोऽहमस्मि**
**ज्ञेयो ज्ञेयज्ञानमात्रः स नैव।**
**ज्ञेयो ज्ञेयज्ञानकल्लोलवल्गन्**
**ज्ञानज्ञेयज्ञातृमद्वस्तुमात्रः ।।૮-૨૭૧।।**

**ખંડાન્વય સહિત અર્થ :**—ભાવાર્થ આમ છે કે જ્ઞેય-જ્ઞાયકસંબંધ વિષે ઘણી ભ્રાંતિ ચાલે છે, તેથી કોઈ એમ સમજશે કે જીવવસ્તુ જ્ઞાયક, પુદ્‌ગલથી માંડીને ભિન્નરૂપ છ દ્રવ્યો જ્ઞેય છે; પરંતુ એમ તો નથી, જેમ હમણાં કહેવામાં આવે છે તેમ છે—"अहम् अयं यः ज्ञानमात्रः भावः अस्मि" (अहम्) હું (अयं यः) જે કોઈ (ज्ञानमात्रः भावः अस्मि) ચેતનાસર્વસ્વ એવી વસ્તુસ્વરૂપ છું "सः ज्ञेयः न एव" તે હું જ્ઞેયરૂપ છું, પરંતુ એવા જ્ઞેયરૂપ નથી; કેવા જ્ઞેયરૂપ નથી? "ज्ञेयज्ञानमात्रः" (ज्ञेय) પોતાના જીવથી ભિન્ન છ દ્રવ્યોના સમૂહના (ज्ञानमात्रः) જાણપણામાત્ર. ભાવાર્થ આમ છે કે—હું જ્ઞાયક અને સમસ્ત છ દ્રવ્યો મારાં જ્ઞેય–એમ તો નથી. તો કેમ છે? આમ છે—"ज्ञानज्ञेयज्ञातृमद्वस्तुमात्रः ज्ञेयः" (ज्ञान) જ્ઞાન અર્થાત્ જાણપણારૂપ શક્તિ, (ज्ञेय) જ્ઞેય અર્થાત્ જણાવાયોગ્ય શક્તિ, (ज्ञातृ) જ્ઞાતા અર્થાત્ અનેક શક્તિએ બિરાજમાન વસ્તુમાત્ર,—એવા ત્રણ ભેદ (मद्वस्तुमात्रः) મારું સ્વરૂપમાત્ર છે (ज्ञेयः) એવા જ્ઞેયરૂપ છું. ભાવાર્થ આમ છે કે—હું પોતાના સ્વરૂપને વેદ્યવેદકરૂપે જાણું છું તેથી મારું નામ જ્ઞાન, હું પોતા વડે જણાવાયોગ્ય છું તેથી મારું નામ જ્ઞેય, એવી બે શક્તિઓથી માંડીને અનંત શક્તિરૂપ છું તેથી મારું નામ જ્ઞાતા;–એવા નામભેદ છે, વસ્તુભેદ નથી. કેવો છું? "ज्ञानज्ञेयकल्लोलवल्गन्" (ज्ञान) જીવ જ્ઞાયક

છે, (ज्ञेय) જીવ જ્ઞેયરૂપ છે, એવો જે (कल्लोल) વચનભેદ તેનાથી (वल्गन्) ભેદને પામું છું. ભાવાર્થ આમ છે કે—વચનનો ભેદ છે, વસ્તુનો ભેદ નથી. ૮-૨૭૧.

(પૃથ્વી)

**क्वचिल्लसति मेचकं क्वचिन्मेचकामेचकं**
**क्वचित्पुनरमेचकं सहजमेव तत्त्वं मम ।**
**तथापि न विमोहयत्यमलमेधसां तन्मनः**
**परस्परसुसंहतप्रकटशक्तिचक्रं स्फुरत् ।।६-२७२।।**

**ખંડાન્વય સહિત અર્થ :**—ભાવાર્થ આમ છે કે આ શાસ્ત્રનું નામ નાટક સમયસાર છે, તેથી જેમ નાટકમાં એક ભાવ અનેકરૂપે દેખાડવામાં આવે છે તેમ એક જીવદ્રવ્ય અનેક ભાવો દ્વારા સાધવામાં આવે છે. ''मम तत्त्वं'' મારો જ્ઞાનમાત્ર જીવપદાર્થ આવો છે. કેવો છે? ''क्वचित् मेचकं लसति'' કર્મસંયોગ વડે રાગાદિ વિભાવરૂપ પરિણતિથી જોતાં અશુદ્ધ છે એવો આસ્વાદ આવે છે. ''पुनः'' એકાન્તથી આવો જ છે એમ નથી; આવો પણ છે—''क्वचित् अमेचकं'' એક વસ્તુમાત્રરૂપ જોતાં શુદ્ધ છે. એકાન્તથી આવો પણ નથી. તો કેવો છે? ''क्वचित् मेचकामेचकं'' અશુદ્ધ પરિણતિરૂપ તથા વસ્તુમાત્રરૂપ એમ એકીવખતે જોતાં અશુદ્ધ પણ છે, શુદ્ધ પણ છે;—એ પ્રમાણે બંને વિકલ્પો ઘટે છે. એવું કેમ છે? (सहजं) સ્વભાવથી એવું જ છે. ''तथापि'' તોપણ ''अमलमेधसां तत् मनः न विमोहयति'' (अमलमेधसां) સમ્યગ્દૃષ્ટિ જીવોની (तत् मनः) તત્ત્વજ્ઞાનરૂપ છે જે બુદ્ધિ તે (न विमोहयति) સંશયરૂપ થતી નથી—ભ્રમને પ્રાપ્ત થતી નથી. ભાવાર્થ આમ છે કે—જીવનું સ્વરૂપ શુદ્ધ પણ છે, અશુદ્ધ પણ છે, શુદ્ધ-અશુદ્ધ પણ છે–એમ કહેતાં અવધારવામાં ભ્રમને સ્થાન છે, તોપણ જેઓ સ્યાદ્વાદરૂપ વસ્તુ અવધારે છે તેમને સુગમ છે, ભ્રમ ઊપજતો નથી. કેવી છે વસ્તુ? ''परस्परसुसंहतप्रकटशक्तिचक्रं'' (परस्परसुसंहत) પરસ્પર મળેલી છે (प्रकटशक्ति) સ્વાનુભવગોચર જીવની જે અનેક શક્તિઓ તેમનો (चक्रं) સમૂહ છે જીવવસ્તુ. વળી કેવી છે? ''स्फुरत्'' સર્વ કાળ ઉદ્યોતમાન છે. ૯-૨૭૨.

(પૃથ્વી)

**इतो गतमनेकतां दधदितः सदाप्येकता-**
**मितः क्षणविभङ्गुरं ध्रुवमितः सदैवोदयात् ।**
**इतः परमविस्तृतं धृतमितः प्रदेशैर्निजै-**
**रहो सहजमात्मनस्तदिदमद्भुतं वैभवम् ।।१०-२७३।।**

**ખંડાન્વય સહિત અર્થ :—**''अहो आत्मनः तत् इदम् सहजम् वैभवम् अद्भुतं'' (अहो) 'અહો' સંબોધન વચન છે. (आत्मनः) જીવવસ્તુની (तत् इदम् सहजम्) અનેકાન્તસ્વરૂપ એવી (वैभवम्) આત્માના ગુણસ્વરૂપ લક્ષ્મી (अद्भुतं) અચંબો ઉપજાવે છે. શા કારણથી એવી છે? ''इतः अनेकतां गतम्'' (इतः) પર્યાયરૂપ દૃષ્ટિથી જોતાં (अनेकतां) 'અનેક છે', એવા ભાવને (गतम्) પ્રાપ્ત થયેલી છે; ''इतः सदा अपि एकताम् दधत्'' (इतः) તે જ વસ્તુને દ્રવ્યરૂપે જોતાં (सदा अपि एकताम् दधत्) સદાય એક છે એવી પ્રતીતિને ઉપજાવે છે. વળી કેવી છે? ''इतः क्षणविभङ्गुरं'' (इतः) સમય સમય પ્રતિ અખંડ ધારાપ્રવાહરૂપ પરિણમે છે એવી દૃષ્ટિથી જોતાં (क्षणविभङ्गुरं) વિનશે છે, ઊપજે છે; ''इतः सदा एव उदयात् ध्रुवम्'' (इतः) સર્વ કાળ એકરૂપ છે એવી દૃષ્ટિથી જોતાં, (सदा एव उदयात्) સર્વ કાળ અવિનશ્વર છે એમ વિચારતાં, (ध्रुवम्) શાશ્વત છે. ''इतः परमविस्तृतं'' (इतः) વસ્તુને પ્રમાણદૃષ્ટિથી જોતાં (परमविस्तृतं) પ્રદેશોથી લોકપ્રમાણ છે, જ્ઞાનથી જ્ઞેયપ્રમાણ છે; ''इतः निजैः प्रदेशैः धृतम्'' (इतः) નિજ પ્રમાણની દૃષ્ટિથી જોતાં (निजैः प्रदेशैः) પોતાના પ્રદેશમાત્ર (धृतम्) પ્રમાણ છે. ૧૦-૨૭૩.

(પૃથ્વી)

**कषायकलिरेकतः स्खलति शान्तिरस्त्येकतो**
**भवोपहतिरेकतः स्पृशति मुक्तिरप्येकतः ।**
**जगत्त्रितयमेकतः स्फुरति चिच्चकास्त्येकतः**
**स्वभावमहिमात्मनो विजयतेऽद्भुतादद्भुतः ।।११-२७४।।**

**ખંડાન્વય સહિત અર્થ :—**''आत्मनः स्वभावमहिमा विजयते'' (आत्मनः)

જીવદ્રવ્યનો (स्वभावमहिमा) સ્વભાવમહિમા અર્થાત્ સ્વરૂપની મોટપ (विजयते) સર્વથી ઉત્કૃષ્ટ છે. કેવો છે મહિમા? ''अद्‌भुतात् अद्‌भुतः'' આશ્ચર્યથી આશ્ચર્યરૂપ છે. તે શું છે આશ્ચર્ય? ''एकतः कषायकलिः स्खलति'' (एकतः) વિભાવપરિણામશક્તિરૂપ વિચારતાં (कषाय) મોહ-રાગ-દ્વેષનો (कलिः) ઉપદ્રવ થઈને (स्खलति) સ્વરૂપથી ભ્રષ્ટ થઈ પરિણમે છે, એવું પ્રગટ જ છે; ''एकतः शान्तिः अस्ति'' (एकतः) જીવનું શુદ્ધ સ્વરૂપ વિચારતાં (शान्तिः अस्ति) ચેતનામાત્ર સ્વરૂપ છે, રાગાદિ અશુદ્ધપણું વિદ્યમાન જ નથી. વળી કેવું છે? ''एकतः भवोपहतिः अस्ति'' (एकतः) અનાદિ કર્મસંયોગરૂપ પરિણમેલ છે તેથી (भव) સંસાર—ચતુર્ગતિમાં (उपहतिः) અનેક વાર પરિભ્રમણ (अस्ति) છે; ''एकतः मुक्तिः स्पृशति'' (एकतः) જીવનું શુદ્ધ સ્વરૂપ વિચારતાં (मुक्तिः स्पृशति) જીવવસ્તુ સર્વ કાળ મુક્ત છે એવું અનુભવમાં આવે છે. વળી કેવું છે? ''एकतः जगत्त्रितयम् स्फुरति'' (एकतः) જીવનો સ્વભાવ સ્વ-પરજ્ઞાયક છે એમ વિચારતાં (जगत्) સમસ્ત જ્ઞેયવસ્તુના (त्रितयं) અતીત-અનાગત-વર્તમાનકાળગોચર પર્યાય (स्फुरति) એક સમયમાત્ર કાળમાં જ્ઞાનમાં પ્રતિબિંબરૂપ છે; ''एकतः चित् चकास्ति'' (एकतः) વસ્તુને સ્વરૂપસત્તામાત્ર વિચારતાં (चित्) 'શુદ્ધ જ્ઞાનમાત્ર' (चकास्ति) એમ શોભે છે. ભાવાર્થ આમ છે કે—વ્યવહારમાત્રથી જ્ઞાન સમસ્ત જ્ઞેયને જાણે છે, નિશ્ચયથી જાણતું નથી, પોતાના સ્વરૂપમાત્ર છે, કેમ કે જ્ઞેય સાથે વ્યાપ્ય-વ્યાપકરૂપ નથી. ૧૧–૨૭૪.

(માલિની)

**जयति सहजतेजःपुञ्जमज्ञत्त्रिलोकी-**
**स्खलदखिलविकल्पोऽप्येक एव स्वरूपः।**
**स्वरसविसरपूर्णाच्छिन्नतत्त्वोपलम्भः**
**प्रसभनियमितार्चिश्चिच्चमत्कार एषः ॥१२-२७५॥**

**ખંડાન્વય સહિત અર્થ** :—''एषः चिच्चमत्कारः जयति'' અનુભવપ્રત્યક્ષ જ્ઞાનમાત્ર જીવવસ્તુ સર્વ કાળ જયવંત પ્રવર્તો. ભાવાર્થ આમ છે કે સાક્ષાત્ ઉપાદેય છે. કેવી છે? ''सहजतेजःपुञ्जमज्जत्त्रिलोकीस्खलदखिलविकल्पः'' (सहज) દ્રવ્યના સ્વરૂપભૂત (तेजःपुञ्ज) કેવળજ્ઞાનમાં (मज्जत्) જ્ઞેયરૂપે મગ્ન જે (त्रिलोकी) સમસ્ત જ્ઞેયવસ્તુ, તેના કારણે (स्खलत्) ઊપજ્યા છે (अखिलविकल्पः) અનેક પ્રકારના પર્યાયભેદ જેમાં, એવી

છે જ્ઞાનમાત્ર જીવવસ્તુ; ''अपि'' તોપણ ''एकः एव स्वरूपः'' એક જ્ઞાનમાત્ર જીવવસ્તુ છે. વળી કેવી છે? ''स्वरसविसरपूर्णाच्छिन्नतत्त्वोपलम्भः'' (स्वरस) ચેતનાસ્વરૂપની (विसर) અનંત શક્તિથી (पूर्ण) સમગ્ર છે, (अच्छिन्न) અનંત કાળ પર્યન્ત શાશ્વત છે,–એવા (तत्त्व) જીવવસ્તુસ્વરૂપની (उपलम्भः) થઈ છે પ્રાપ્તિ જેને, એવી છે. વળી કેવી છે? ''प्रसभनियमितार्चिः'' (प्रसभ) જ્ઞાનાવરણકર્મનો વિનાશ થતાં પ્રગટ થયું છે (नियमित) જેટલું હતું તેટલું (अर्चिः) કેવળજ્ઞાનસ્વરૂપ જેનું, એવી છે. ભાવાર્થ આમ છે કે પરમાત્મા સાક્ષાત્ નિરાવરણ છે. ૧૨–૨૭૫.

(માલિની)

**अविचलितचिदात्मन्यात्मनात्मानमात्म-**
**न्यनवरतनिमग्नं धारयद् ध्वस्तमोहम् ।**
**उदितममृतचन्द्रज्योतिरेतत्समन्ता-**
**ज्ज्वलतु विमलपूर्णं निःसपत्नस्वभावम् ।।१३-२७६।।**

**ખંડાન્વય સહિત અર્થ :**—''एतत् अमृतचन्द्रज्योतिः उदितम्'' (एतत्) પ્રત્યક્ષપણે વિદ્યમાન (अमृतचन्द्रज्योतिः) 'અમૃતચંદ્રજ્યોતિ';—આ પદના બે અર્થ છે. પહેલો અર્થ— (अमृत) મોક્ષરૂપી (चन्द्र) ચંદ્રમાનો (ज्योतिः) પ્રકાશ (उदितम्) પ્રગટ થયો. ભાવાર્થ આમ છે કે શુદ્ધ જીવસ્વરૂપ મોક્ષમાર્ગ એવા અર્થનો પ્રકાશ થયો. બીજો અર્થ આમ છે કે (अमृतचन्द्र) અમૃતચંદ્ર નામ છે ટીકાના કર્તા આચાર્યનું, તેમની (ज्योतिः) બુદ્ધિના પ્રકાશરૂપ (उदितम्) શાસ્ત્ર સંપૂર્ણ થયું. શાસ્ત્રને આશીર્વાદ દેતા થકા કહે છે—''निःसपत्नस्वभावम् समन्तात् ज्वलतु'' (निःसपत्न) નથી કોઈ શત્રુ જેનો એવા (स्वभावम्) અબાધિત સ્વરૂપે (समन्तात्) સર્વ કાળ સર્વ પ્રકારે (ज्वलतु) પરિપૂર્ણ પ્રતાપસંયુક્ત પ્રકાશમાન હો. કેવું છે? ''विमलपूर्णं'' (विमल) પૂર્વાપર વિરોધરૂપ મળથી રહિત છે તથા (पूर्णं) અર્થથી ગંભીર છે. ''ध्वस्तमोहम्'' (ध्वस्त) મૂળથી ઉખાડી નાખી છે (मोहम्) ભ્રાન્તિ જેણે, એવું છે. ભાવાર્થ આમ છે કે આ શાસ્ત્રમાં શુદ્ધ જીવનું સ્વરૂપ નિઃસંદેહપણે કહ્યું છે. વળી કેવું છે? ''आत्मना आत्मनि आत्मानम् अनवरतनिमग्नं धारयत्'' (आत्मना) જ્ઞાનમાત્ર શુદ્ધ જીવ વડે (आत्मनि) શુદ્ધ જીવમાં (आत्मानम्) શુદ્ધ જીવને (अनवरतनिमग्नं धारयत्) નિરંતર

અનુભવગોચર કરતું થકું. કેવો છે આત્મા? ''अविचलितचिदात्मनि'' (अविचलित) સર્વ કાળ એકરૂપ જે (चित्) ચેતના તે જ છે (आत्मनि) સ્વરૂપ જેનું, એવો છે. નાટક સમયસારમાં અમૃતચંદ્રસૂરિએ કહેલો જે સાધ્ય-સાધક ભાવ તે સંપૂર્ણ થયો. નાટક સમયસાર શાસ્ત્ર પૂર્ણ થયું.—આ આશીર્વાદ વચન છે. ૧૩-૨૭૬.

(શાર્દૂલવિક્રીડિત)

**यस्माद्द्वैतमभूत्पुरा स्वपरयोर्भूतं यतोऽत्रान्तरं**
**रागद्वेषपरिग्रहे सति यतो जातं क्रियाकारकैः ।**
**भुञ्जाना च यतोऽनुभूतिरखिलं खिन्ना क्रियायाः फलं**
**तद्विज्ञानघनौघमग्नमधुना किञ्चिन्न किञ्चित्किल ।।१४-२७७।।**

**ખંડાન્વય સહિત અર્થ :**—''किल तत् किञ्चित् अखिलं क्रियायाः फलं अधुना तत् विज्ञानघनौघमग्नम् खिन्ना न किञ्चित्'' (किल) નિશ્ચયથી (तत्) જેનો અવગુણ કહીશું એવો જે, (किञ्चित् अखिलं क्रियायाः फलं) કોઈ એક પર્યાયાર્થિક નયથી મિથ્યાદ્રષ્ટિ જીવને અનાદિ કાળથી નાના પ્રકારની ભોગ સામગ્રીને ભોગવતાં મોહ-રાગ-દ્વેષરૂપ અશુદ્ધ પરિણતિના કારણે, કર્મનો બંધ અનાદિ કાળથી થતો હતો તે (अधुना) સમ્યક્ત્વની ઉત્પત્તિથી માંડીને (तत् विज्ञानघनौघमग्नम्) શુદ્ધ જીવસ્વરૂપના અનુભવમાં સમાયો થકો (खिन्ना) મટી ગયો; તે (न किञ्चित्) મટતાં કાંઈ છે જ નહિ; જે હતું તે રહ્યું. કેવું હતું ક્રિયાનું ફળ? ''यस्मात् स्वपरयोः पूरा द्वैतम् अभूत्'' (यस्मात्) જે ક્રિયાના ફળના કારણે (स्वपरयोः) 'આ આત્મસ્વરૂપ, આ પરસ્વરૂપ' એવું (पुरा) અનાદિ કાળથી (द्वैतम् अभूत्) દ્વિવિધાપણું થયું. ભાવાર્થ આમ છે કે મોહ-રાગ-દ્વેષ સ્વચેતનાપરિણતિ જીવની–એમ માન્યું. વળી ક્રિયાફળથી શું થયું? ''यतः अत्र अन्तरं भूतं'' (यतः) જે ક્રિયાફળના કારણે (अत्र) શુદ્ધ જીવવસ્તુના સ્વરૂપમાં (अन्तरं भूतं) અંતરાય થયો. ભાવાર્થ આમ છે કે જીવનું સ્વરૂપ તો અનંતચતુષ્ટયરૂપ છે; અનાદિથી માંડીને અનંત કાળ ગયો, જીવ પોતાના સ્વરૂપને ન પામ્યો, ચતુર્ગતિસંસારનું દુઃખ પામ્યો; તે પણ ક્રિયાના ફળના કારણે. વળી ક્રિયાફળથી શું થયું? ''यतः रागद्वेषपरिग्रहे सति क्रियाकारकैः जातं'' (यतः) જે ક્રિયાના ફળથી (रागद्वेष) અશુદ્ધ પરિણતિરૂપ (परिग्रहे)

પરિણામ થયા, એમ (सति) થતાં (क्रियाकारकैः जातं) 'જીવ રાગાદિ પરિણામોનો કર્તા છે તથા ભોક્તા છે' ઈત્યાદિ જેટલા વિકલ્પો ઊપજ્યા તેટલા ક્રિયાના ફળથી ઊપજ્યા. વળી ક્રિયાના ફળના કારણે શું થયું? "यतः अनुभूतिः भुञ्जाना" (यतः) જે ક્રિયાના ફળના કારણે (अनुभूतिः) આઠ કર્મોના ઉદયનો સ્વાદ (भुञ्जाना) ભોગવ્યો. ભાવાર્થ આમ છે કે આઠેય કર્મોના ઉદયથી જીવ અત્યંત દુઃખી છે, તે પણ ક્રિયાના ફળના કારણે. ૧૪-૨૭૭.

(ઉપજાતિ)

स्वशक्तिसंसूचितवस्तुतत्त्वै-
र्व्याख्या कृतेयं समयस्य शब्दैः ।
स्वरूपगुप्तस्य न किञ्चिदस्ति
कर्तव्यमेवामृतचन्द्रसूरेः ॥१५-२७८॥

ખંડાન્વય સહિત અર્થ :—"अमृतचन्द्रसूरेः किञ्चित् कर्तव्यम् न अस्ति एव" (अमृतचन्द्रसूरेः) ગ્રંથકર્તાનું નામ અમૃતચંદ્રસૂરિ છે, તેમનું (किञ्चित्) નાટક સમયસારનું (कर्तव्यम्) કરવાપણું (न अस्ति एव) નથી. ભાવાર્થ આમ છે કે નાટક સમયસાર ગ્રંથની ટીકાના કર્તા અમૃતચંદ્ર નામના આચાર્ય પ્રગટ છે, તોપણ મહાન છે, મોટા છે, સંસારથી વિરક્ત છે, તેથી ગ્રંથ કરવાનું અભિમાન કરતા નથી. કેવા છે અમૃતચંદ્રસૂરિ? "स्वरूपगुप्तस्य" દ્વાદશાંગરૂપ સૂત્ર અનાદિનિધન છે, કોઈએ કરેલ નથી—એમ જાણીને પોતાને ગ્રંથનું કર્તાપણું નથી માન્યું જેમણે, એવા છે. એમ કેમ છે? કારણ કે "समयस्य इयं व्याख्या शब्दैः कृता" (समयस्य) શુદ્ધ જીવ સ્વરૂપની (इयं व्याख्या) નાટક સમયસાર નામક ગ્રંથરૂપ વ્યાખ્યા (शब्दैः कृता) વચનાત્મક એવા શબ્દરાશિ વડે કરવામાં આવી છે. કેવો છે શબ્દરાશિ? "स्वशक्तिसंसूचितवस्तुतत्त्वैः" (स्वशक्ति) શબ્દોમાં છે અર્થ સૂચવવાની શક્તિ, તેથી (संसूचित) પ્રકાશમાન થયો છે (वस्तु) જીવાદિ પદાર્થોનો (तत्त्वैः) દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ અથવા હેય-ઉપાદેયરૂપ નિશ્ચય જેના વડે, એવો છે શબ્દરાશિ. ૧૫-૨૭૮.

* * * *

## સમયસાર-કલશની વર્ણાનુક્રમ સૂચી


| | કલશ | પૃષ્ઠ |
|---|---|---|
| **अ** | | |
| अकर्ता जीवोऽयं | १६५ | १८४ |
| अखंडितमनाकुलं | १४ | १७ |
| अचिंत्यशक्तिः स्वयमेव | १४४ | १३४ |
| अच्छाच्छाः स्वयमुच्छलन्ति | १४१ | १३० |
| अज्ञानतस्तु सतृणाभ्यव- | ५७ | ५६ |
| अज्ञानमयभावानामज्ञानी | ६८ | ६६ |
| अज्ञानमेतदधिगम्य | १६६ | १६० |
| अज्ञानात् मृगतृष्णिकां जलधिया | ५८ | ५६ |
| अज्ञानी प्रकृतिस्वभाव- | १६७ | १८६ |
| अज्ञानं ज्ञानमप्येवं | ६१ | ६२ |
| अतो हताः प्रमादिनो | १८८ | १७८ |
| अतः शुद्धनयायत्तं | ७ | ८ |
| अत्यन्तं भावयित्वा विरति- | २३३ | २१६ |
| अत्र स्याद्वादशुद्ध्यर्थं | २४७ | २२६ |
| अथ महामदनिर्भरमंथरं | ११३ | १०१ |
| अद्वैतापि हि चेतना | १८३ | १७४ |
| अध्यास्य शुद्धनय- | १२० | १०६ |
| अध्यास्यात्मनि सर्वभावभवनं | २५६ | २४६ |
| अनन्तधर्मणस्तत्त्वं | २ | २ |
| अनवरतमनन्तै- | १८७ | १७८ |
| अनाद्यनंतमचलं | ४१ | ४३ |
| अनेनाध्यवसायेन | १७१ | १६१ |
| अन्येभ्यो व्यतिरिक्तमात्मनियतं | २३५ | २२१ |
| अयि कथमपि मृत्वा | २३ | २३ |
| अर्थालम्बनकाल एव कलयन् | २५७ | २४३ |
| अलमलमतिजल्पै- | २४४ | २२७ |
| अवतरति न यावद् | २६ | ३१ |
| अविचलितचिदात्म- | २७६ | २६२ |
| अस्मिन्ननादिनि | ४४ | ४६ |
| **आ** | | |
| आक्रामन्नविकल्पभावमचलं | ६३ | ७८ |
| आत्मनश्चिन्तयैवालं | १६ | २० |
| आत्मभावान्करोत्यात्मा | ५६ | ५८ |
| आत्मस्वभावं परभावभिन्न- | १० | १२ |
| आत्मा ज्ञानं स्वयं ज्ञानं | ६२ | ६३ |
| आत्मानुभूतिरिति | १३ | १६ |
| आत्मानं परिशुद्धमीप्सुभि- | २०८ | १६६ |
| आसंसारत एव धावति | ५५ | ५७ |
| आसंसारविरोधिसंवर- | १२५ | ११५ |
| आसंसारात्प्रतिपदममी | १३८ | १२७ |
| **इ** | | |
| इति परिचिततत्त्वै- | २८ | ३० |
| इति वस्तुस्वभावं स्वं ज्ञानी | १७६ | १६५ |
| इति वस्तुस्वभावं स्वं नाज्ञानी | १७७ | १६५ |
| इति सति सह सर्वै- | ३१ | ३४ |
| इतीदमात्मनस्तत्त्वं | २४६ | २२८ |
| इतो गतमनेकतां | २७३ | २६० |
| इतः पदार्थप्रथनावगुण्ठना- | २३४ | २२० |
| इत्थं ज्ञानक्रकचकलना- | ४५ | ४७ |
| इत्थं परिग्रहमपास्य समस्तमेव | १४५ | १३५ |
| इत्थज्ञानविमूढानां | २६२ | २४६ |
| इत्याद्यनेकनिजशक्ति- | २६४ | २५१ |
| इत्यालोच्य विवेच्य | १७८ | १६६ |
| इत्येवं विरचय्य संप्रति | ४८ | ५१ |

| | કલશ | પૃષ્ઠ |
|---|---|---|
| इदमेकं जगच्चक्षु- | २४५ | २२८ |
| इदमेवात्र तात्पर्यं | १२२ | १११ |
| इन्द्रजालमिदमेवमुच्छलत् | ९१ | ७७ |
| **उ** | | |
| उदयति न नयश्री-- | ९ | ११ |
| उन्मुक्तमुन्मोच्यमशेषतस्तत् | २३६ | २२२ |
| उभयनयविरोध- | ४ | ४ |
| **ए** | | |
| एकज्ञायकभावनिर्भर- | १४० | १२९ |
| एकत्वे नियतस्य शुद्धनयतो | ६ | ७ |
| एकत्वं व्यवहारतो न तु | २७ | २८ |
| एकमेव हि तत्स्वाद्यं | १३९ | १२८ |
| एकश्चितश्चिन्मय एव भावो | १८४ | १७६ |
| एकस्य कर्ता | ७४ | ७० |
| एकस्य कार्यं | ७९ | ७२ |
| एकस्य चेत्यो | ८६ | ७५ |
| एकस्य चैको | ८१ | ७३ |
| एकस्य जीवो | ७६ | ७१ |
| एकस्य दुष्टो | ७३ | ७० |
| एकस्य दृश्यो | ८७ | ७५ |
| एकस्य नाना | ८५ | ७४ |
| एकस्य नित्यो | ८३ | ७४ |
| एकस्य बद्धो न तथा परस्य | ७० | ६८ |
| एकस्य भातो | ८९ | ७६ |
| एकस्य भावो | ८० | ७२ |
| एकस्य भोक्ता | ७५ | ७१ |
| एकस्य मूढो | ७१ | ६९ |
| एकस्य रक्तो | ७२ | ७० |
| एकस्य वस्तुन इहान्यतरेण | २०१ | १८९ |
| एकस्य वाच्यो | ८४ | ७४ |
| एकस्य वेद्यो | ८८ | ७५ |
| एकस्य सांतो | ८२ | ७३ |
| एकस्य सूक्ष्मो | ७७ | ७१ |
| एकस्य हेतु- | ७८ | ७२ |
| एको दूरात्त्यजति मदिरां | १०१ | ८६ |
| एको मोक्षपथो य एष | २४० | २२४ |
| एकं ज्ञानमनाद्यनन्तमचलं | १६० | १५० |
| एकः परिणमति सदा | ५२ | ५५ |
| एकः कर्ता चिदहमिह | ४६ | ४९ |
| एवं ज्ञानस्य शुद्धस्य | २३८ | २२३ |
| एवं तत्त्वव्यवस्थित्या | २६३ | २५० |
| एष ज्ञानधनो नित्यमात्मा | १५ | १८ |
| एषैकैव हि वेदना | १५६ | १४६ |
| **क** | | |
| कथमपि समुपात्त- | २० | २० |
| कथमपि हि लभंते | २१ | २१ |
| कर्ता कर्ता भवति न यथा | ९९ | ८४ |
| कर्ता कर्मणि नास्ति | ९८ | ८३ |
| कर्तारं स्वफलेन यत्किल | १५२ | १४१ |
| कर्तुर्वेदयितुश्च युक्तिवशतो | २०९ | १९७ |
| कर्तृत्वं न स्वभावोऽस्य | १९४ | १८४ |
| कर्म सर्वमपि सर्वविदो | १०३ | ८९ |
| कर्मैव प्रवितर्क्य कर्तृ हतकैः | २०४ | १९२ |
| कषायकलिरेकतः | २७४ | २६० |
| कांत्यैव स्नपयंति ये | २४ | २५ |
| कार्यत्वादकृतं न कर्म | २०३ | १९० |
| कृतकारितानुमननै- | २२५ | २१३ |
| क्लिश्यन्तां स्वयमेव | १४२ | १३२ |
| क्वचिल्लसति मेचकं | २७२ | २५९ |

| | કલશ | પૃષ્ઠ |
|---|---|---|
| **क्ष** | | |
| क्षणिकमिदामिहैकः | २०६ | १९४ |
| **ध** | | |
| धृतकुंभामिधानेऽपि | ४० | ४३ |
| **च** | | |
| चिच्छक्तिव्याप्तसर्वस्व- | ३४ | ३६ |
| चित्पिंडचंडिमविलासिविकास- | २६८ | २५४ |
| चित्रात्मशक्तिसमुदायमयो | २७० | २५६ |
| चित्स्वभावभरभावितभावा- | ९२ | ७८ |
| चिरमिति नवत्त्व- | ८ | ९ |
| चैद्रूप्यं जडरूपतां च | १२६ | ११६ |
| **ज** | | |
| जयति सहजतेजः | २७५ | २६१ |
| जानाति यः स न करोति | १६७ | १५८ |
| जीवाजीवविवेकपुष्कलदृशा | ३३ | ३७ |
| जीवादजीवमिति | ४३ | ४५ |
| जीवः करोति यदि पुद्गलकर्म | ६३ | ६३ |
| **ज्ञ** | | |
| ज्ञप्तिः करोतौ न हि | ९७ | ८२ |
| ज्ञानमय एव भावः | ६६ | ६५ |
| ज्ञानवान् स्वरसतोऽपि | १४९ | १३८ |
| ज्ञानस्य संचेतनयैव नित्यं | २२४ | २१२ |
| ज्ञानादेव ज्वलनपयसो- | ६० | ६१ |
| ज्ञानाद्विवेचकतया तु | ५९ | ६० |
| ज्ञानिन् कर्म न जातु | १५१ | १४० |
| ज्ञानिनो न हि परिग्रहभावं | १४८ | १३७ |
| ज्ञानीनो ज्ञाननिर्वृत्ताः | ६७ | ६५ |
| ज्ञानी करोति न | १९८ | १८७ |
| ज्ञानी जानन्नपीमां | ५० | ५३ |
| ज्ञेयाकारकलङ्कमेचकचिति | २५१ | २३५ |
| **ट** | | |
| टङ्कोत्कीर्णविशुद्धबोधविसरा- | २६१ | २४८ |
| टङ्कोत्कीर्णस्वररसनिचित- | १६१ | १५१ |
| **त** | | |
| तज्ज्ञानस्यैव सामर्थ्यं | १३४ | १२३ |
| तथापि न निरर्गलं | १६६ | १५७ |
| तदथ कर्म शुभाशुभभेदतो | १०० | ८५ |
| त्यक्त्वाऽशुद्धिविधायि | १९१ | १८१ |
| त्यक्तं येन फलं स कर्म | १५३ | १४३ |
| त्यजतु जगदिदानीं | २२ | २२ |
| **द** | | |
| दर्शनज्ञानचारित्रत्रयात्मा | २३९ | २२३ |
| दर्शनज्ञानचारित्रैस्त्रित्वा- | १६ | १८ |
| दर्शनज्ञानचारित्रैस्त्रिभिः | १७ | १९ |
| दूरं भूरिविकल्पजालगहने | ९४ | ७९ |
| द्रव्यलिङ्गममकारमीलितै- | २४३ | २२६ |
| द्विधाकृत्य प्रज्ञाक्रकच- | १८० | १६९ |
| **ध** | | |
| धीरोदारमहिम्न्यनादिनिधने | १२३ | ११२ |
| **न** | | |
| न कर्मबहुलं जगन्न | १६४ | १५४ |
| न जातु रागादि- | १७५ | १६४ |
| ननु परिणाम एव किल | २११ | २०० |
| नमः समयसाराय | १ | १ |
| न हि विदधति बद्ध- | ११ | १३ |
| नाश्नुते विषयसेवनेऽपि | १३५ | १२४ |
| नास्ति सर्वोऽपि सम्बन्धः | २०० | १८८ |

| | કલશ | પૃષ્ઠ |
|---|---|---|
| निजमहिमरतानां | १२८ | ११८ |
| नित्यमविकारसुस्थित- | २६ | २७ |
| निर्वर्त्यते येन यदत्र किंचित् | ३८ | ४१ |
| निःशेषकर्मफल- | २३१ | २१८ |
| निषिद्धे सर्वस्मिन् | १०४ | ९० |
| नीत्वा सम्यक् प्रलय- | १९३ | १८३ |
| नैकस्य हि कर्तारौ द्वौ | ५४ | ५६ |
| नैकांतसंगतदृशा स्वयमेव | २६५ | २५२ |
| नोभौ परिणमतः खलु | ५३ | ५५ |
| **प** | | |
| पदमिदं ननु कर्मदुरासदं | १४३ | १३३ |
| परद्रव्यग्रहं कुर्वन् | १८६ | १७७ |
| परपरिणतिहेतो- | ३ | ३ |
| परपरिणतिमुज्झत् | ४७ | ५० |
| परमार्थेन तु व्यक्त- | १८ | १६ |
| पूर्णैकाच्युतशुद्धबोधमहिमा | २२२ | २१० |
| पूर्वबद्धनिजकर्म- | १४६ | १३६ |
| पूर्वालंबितबोध्यनाशसमये | २५६ | २४२ |
| प्रच्युत्य शुद्धनयतः | १२१ | ११० |
| प्रज्ञाछेत्री शितेयं | १८१ | १७० |
| प्रत्यक्षालिखितस्फुटस्थिर- | २५२ | २३७ |
| प्रत्याख्याय भविष्यत्कर्म | २२८ | २१६ |
| प्रमादकलितः कथं भवति | १९० | १८० |
| प्राकारकवलिताम्बर- | २५ | २७ |
| प्राणोच्छेदमुदाहरन्ति मरणं | १५६ | १४६ |
| प्रादुर्भावविराममुद्रित- | २६० | २४७ |
| **ब** | | |
| बंधच्छेदात्कलयदतुलं | १९२ | १८२ |
| बहिर्लुठति यद्यपि | २१२ | २०१ |

| | કલશ | પૃષ્ઠ |
|---|---|---|
| बाह्यार्थग्रहणस्वभावभरतो | २५० | २३४ |
| बाह्यार्थैः परिपीतमुज्झित- | २४८ | २३० |
| **भ** | | |
| भावयेद्भेदविज्ञान- | १३० | ११६ |
| भावास्रवाभावमयं प्रपन्नो | ११५ | १०३ |
| भावो रागद्वेषमोहैर्विना यो | ११४ | १०२ |
| भित्त्वा सर्वमपि स्वलक्षण- | १८२ | १७३ |
| भिन्नक्षेत्रनिषण्णबोध्य- | २५४ | २३६ |
| भूतं भान्तमभूतमेव | १२ | १४ |
| भेदज्ञानोच्छलन- | १३२ | १२० |
| भेदविज्ञानतः सिद्धाः | १३१ | ११६ |
| भेदोन्मादं भ्रमरसभरा- | ११२ | ९९ |
| भोक्तृत्वं न स्वभावोऽस्य | १९६ | १८५ |
| **म** | | |
| मग्नाः कर्मनयाव- | १११ | ९८ |
| मज्जन्तु निर्भरममी | ३२ | ३५ |
| माऽकर्तारममी स्पृशन्तु | २०५ | १९३ |
| मिथ्यादृष्टेः स एवास्य | १७० | १६० |
| मोक्षहेतुतिरोधानात् | १०८ | ९३ |
| मोहविलासविजृंभित- | २२७ | २१५ |
| मोहाद्यदहमकार्षं | २२६ | २१४ |
| **य** | | |
| य एव मुक्त्वा नयपक्षपातं | ६६ | ६८ |
| यत्तु वस्तु कुरुते | २१४ | २०२ |
| वर्णाद्यैः सहितस्तथा | ४२ | ४४ |
| वस्तु चैकमिह नान्यवस्तुनो | २१३ | २०२ |
| विकल्पकः परं कर्ता | ९५ | ८० |
| विगलन्तु कर्मविषतरु- | २३० | २१७ |
| विजहति न हि सत्तां | ११८ | १०७ |

| | કલશ | પૃષ્ઠ |
|---|---|---|
| विरम किमपरेणाकार्य- | ३४ | ३८ |
| विश्वं ज्ञानमिति प्रतर्क्य- | २४६ | २३३ |
| विश्रान्तः परभावभावकलना | २५८ | २४४ |
| विश्वाद्विभक्तोऽपि हि | १७२ | १६१ |
| वृत्तं कर्मस्वभावेन | १०७ | ६२ |
| वृत्तं ज्ञानस्वभावेन | १०६ | ६१ |
| वृत्त्यंशभेदतोऽत्यन्तं | २०७ | १९५ |
| वेद्यवेदकविभावचलत्वाद् | १४७ | १३६ |
| व्यतिरिक्तं परद्रव्यादेवं | २३७ | २२२ |
| व्यवहरणनयः स्याद्यद्यपि | ५ | ६ |
| व्यवहारविमूढदृष्टयः | २४२ | २२६ |
| व्याप्यव्यापकता तदात्मनि | ४९ | ५२ |
| व्यावहारिकदृशैव केवलं | २१० | १९९ |
| **श** | | |
| शुद्धद्रव्यनिरुपणार्पित- | २१५ | २०३ |
| शुद्धद्रव्यस्वरसभवनात्किं | २१६ | २०४ |
| **स** | | |
| सकलमपि विहायाह्नाय | ३६ | ४० |
| समस्तमित्येवमपास्य कर्म | २२९ | २१७ |
| सम्यग्दृष्टय एव साहसमिदं | १५४ | १४४ |
| सम्यगदृष्टिः स्वयमयमहं | १३७ | १२६ |
| सम्यगदृष्टेर्भवति नियतं | १३६ | १२५ |
| सर्वतः स्वरसनिर्भरभावं | ३० | ३३ |
| सर्वत्राध्यवसानमेवमखिलं | १७३ | १६२ |
| सर्वद्रव्यमयं प्रपद्य | २५३ | २३८ |
| सर्वस्यामेव जीवन्त्यां | ११७ | १०६ |
| सर्वं सदैव नियतं | १६८ | १५६ |
| सिद्धांतोऽयमुदात्तचित्त- | १८५ | १७६ |
| सन्न्यस्यन्निजबुद्धिपूर्वमनिशं | ११६ | १०४ |
| संन्यस्तव्यमिदं समस्तमपि | १०९ | ९४ |
| संपद्यते संवर एष | १२९ | ११८ |
| स्थितेति जीवस्य निरंतराया | ६५ | ६४ |
| स्थितेत्यविघ्ना खलु पुद्गलस्य | ६४ | ६४ |
| स्याद्वादकौशलसुनिश्चल- | २६७ | २५३ |
| स्याद्वाददीपितलसन्महसि | २६९ | २५५ |
| स्वक्षेत्रस्थितये पृथग्विध- | २५५ | २४१ |
| स्वशक्तिसंसूचितवस्तुत्त्वै- | २७८ | २६४ |
| स्वेच्छासमुच्छलदनल्प- | ९० | ७६ |
| स्वं रुपं किल वस्तुनो- | १५८ | १४८ |
| **ह** | | |
| हेतुस्वभावानुभवाश्रयाणां | १०२ | ८७ |


*